

નમો અરિહંતાણં
નમો સિધ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજઝાયાણં
નમો લેએ સવ્વ સાહુણં
એસો પંચ નમુકકારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

# જિનાગમ પ્રકાશન યોજના

પ. પૂ. આચાર્યશ્રી ઘાંસીલાલજી મહારાજ સાહેબ
કૃત વ્યાખ્યા સહિત

## DVD No. 2
(Gujarati Edition)

## :: યોજનાના આયોજક ::

શ્રી ચંદ્ર પી. દોશી - પીએચ.ડી.

website : www.jainagam.com

# SHRI STHANANG SUTRA



PART : 02

# શ્રી સ્થાનાંગ સૂત્ર : ભાગ– ૦૨

जैनाचार्य-जैनधर्मदिवाकर-पूज्यश्री-घासीलालजी-महाराज-
विरचितया सुधाख्यया व्याख्यया समलङ्कृतं
हिन्दी-गुर्जर-भाषाऽनुवादसहितम्-

# श्री-स्थानाङ्गसूत्रम् ॥

# STHANANG SUTRAM

(द्वितीयो भागः)

नियोजकः

संस्कृत-प्राकृतज्ञ-जैनागमनिष्णात-प्रियव्याख्यानि-
पण्डितमुनि-श्रीकन्हैयालालजी-महाराजः

प्रकाशकः

राजकोटनिवासी-श्रेष्ठिश्री-व्रजलाल दुर्लभजी पारेख
तत्प्रदत्त - द्रव्यसाहाय्येन
अ० भा० श्वे० स्था० जैनशास्त्रोद्धारसमितिप्रमुखः
श्रेष्ठि-श्रीशान्तिलाल-मङ्गलदासभाई-महोदयः
मु० राजकोट

| प्रथमा-आवृत्तिः | वीर-संवत् | विक्रम-संवत् | ईसवीसन् |
|---|---|---|---|
| प्रति १२०० | २४९१ | २०२१ | १९६४ |

मूल्यम्-रू० २५-०-०

મળવાનું ઠેકાણું :
શ્રી અ. ભા. શ્વે. સ્થાનકવાસી
જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ,
ઠે. ગરેડિયાકૂવા રોડ,
રાજકોટ, ( સૌરાષ્ટ્ર ).

Published by :
Shri Akhil Bharat S. S.
Jain Shastroddhara Samiti,
Garedia Kuva Road, RAJKOT,
( Saurashtra ), W. Ry, India.

卐

ये नाम केचिदिह नः प्रथयन्त्यवज्ञां,
जानन्ति ते किमपि तान् प्रति नैष यत्नः ।
उत्पत्स्यतेऽस्ति मम कोऽपि समानधर्मा,
कालो ह्ययं निरवधिर्विपुला च पृथ्वी ॥ १ ॥

卐

हरिगीतच्छन्दः

卐

करते अवज्ञा जो हमारी यत्न ना उनके लिये ।
जो जानते हैं तत्त्व कुछ फिर यत्न ना उनके लिये ॥
जनमेगा मुझसा व्यक्ति कोई तत्त्व इससे पायगा ।
है काल निरवधि विपुल पृथ्वी ध्यान में यह लायगा ॥ १ ॥

મૂલ્યઃ રૂ. ૨૫=૦૦

પ્રથમ આવૃત્તિ : પ્રત ૧૨૦૦
વીર સંવત્ : ૨૪૯૧
વિક્રમ સંવત્ ૨૦૨૧
ઇસવીસન ૧૯૬૪

: મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ,
ઘી કાંટા રોડ, અમદાવાદ.

# સ્વાધ્યાય માટે ખાસ સૂચના

(૧) આ સૂત્રના મૂલપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પ્રથમ પ્રહરે તથા ચોથા પ્રહરે કરાય છે.

(૨) પ્રાત:ઉષાકાળ, સન્ધ્યાકાળ, મધ્યાહ્ન, અને મધ્યરાત્રિમાં બે-બે ઘડી (૪૮ મિનિટ) વંચાય નહીં, સૂર્યોદયથી પહેલાં ૨૪ મિનિટ અને સૂર્યોદયથી પછી ૨૪ મિનિટ એમ બે ઘડી સર્વત્ર સમજવું.

(૩) માસિક ધર્મવાળાં સ્ત્રીથી વંચાય નહીં તેમજ તેની સામે પણ વંચાય નહીં. જ્યાં આ સ્ત્રીઓ ન હોય તે ઓરડામાં બેસીને વાંચી શકાય.

(૪) નીચે લખેલા ૩૨ અસ્વાધ્યાય પ્રસંગે વંચાય નહીં.

(૧) આકાશ સંબંધી ૧૦ અસ્વાધ્યાય કાલ.

(૧) **ઉલ્કાપાત**—મોટા તારા ખરે ત્યારે ૧ પ્રહર (ત્રણ કલાક સ્વાધ્યાય ન થાય.)

(૨) **દિગ્દાહ**—કોઈ દિશામાં અતિશય લાલવર્ણ હોય અથવા કોઈ દિશામાં મોટી આગ લગી હોય તો સ્વાધ્યાય ન થાય.

(૩) **ગર્જારવ**—વાદળાંનો ભયંકર ગર્જારવ સંભળાય. ગાજવીજ ઘણી જણાય તો ૨ પ્રહર ( છ કલાક) સ્વાધ્યાય ન થાય.

(૪) **નિર્ઘાત**—આકાશમાં કોઈ વ્યંતરાદિ દેવકૃત ઘોરગર્જના થઈ હોય, અથવા વાદળો સાથે વીજળીના કડાકા બોલે ત્યારે આઠ પ્રહર સુધી સ્વાધ્યાય ન થાય.

(૫) **વિદ્યુત**—વિજળી ચમકવા પર એક પ્રહર સ્વાધ્યાય ન થા.

(૬) **યૂપક**—શુક્લપક્ષની એકમ, બીજ અને ત્રીજના દિવસે સંધ્યાની પ્રભા અને ચંદ્રપ્રભા મળે તો તેને યૂપક કહેવાય. આ પ્રમાણે યૂપક હોય ત્યારે રાત્રિમાં પ્રથમા ૧ પ્રહર સ્વાધ્યાય ન કરવો.

(૭) **યક્ષાદીપ્ત**—કોઈ દિશામાં વીજળી ચમકવા જેવો જે પ્રકાશ થાય તેને યક્ષાદીપ્ત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૮) **ધુમિક કૃષ્ણ**—કારતકથી મહા માસ સુધી ધૂમાડાના રંગની જે સૂક્ષ્મ જલ જેવી ધૂમ્મસ પડે છે તેને ધૂમિકાકૃષ્ણ કહેવાય છે. તેવી ધૂમ્મસ હોય ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૯) **મહિકાશ્વેત**—શીતકાળમાં શ્વેતવર્ણવાળી સૂક્ષ્મ જલરૂપી જે ધુમ્મસ પડે છે. તે મહિકાશ્વેત છે ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૧૦) **રજઉદ્ઘાત**—ચારે દિશામાં પવનથી બહુ ધૂળ ઉડે. અને સૂર્ય ઢંકાઈ જાય. તે રજઉદ્ઘાત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૨) ઔદારિક શરીર સંબંધી ૧૦ અસ્વાધ્યાય

(૧૧-૧૨-૧૩) હાડકાં-માંસ અને રૂધિર આ ત્રણ વસ્તુ અગ્નિથી સર્વથા બળી ન જાય, પાણીથી ધોવાઈ ન જાય અને સામે દેખાય તો ત્યારે સ્વાધ્યાય ન કરવો. ફૂટેલું ઇંડુ હોય તો અસ્વાધ્યાય.

(૧૪) **મળ-મૂત્ર**—સામે દેખાય, તેની દુર્ગન્ધ આવે ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૧૫) **સ્મશાન**—આ ભૂમિની ચારે બાજુ ૧૦૦/૧૦૦ હાથ અસ્વાધ્યાય.

(૧૬) **ચંદ્રગ્રહણ**—જ્યારે ચંદ્રગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૮ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૭) **સૂર્યગ્રહણ**—જ્યારે સૂર્યગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૧૨ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૬ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૮) **રાજવ્યુદ્‌ગત**—નજીકની ભૂમિમાં રાજાઓની પરસ્પર લડાઈ થતી હોય ત્યારે, તથા લડાઈ શાન્ત થયા પછી ૧ દિવસ-રાત સુધી સ્વાધ્યાય ન કરવો.

(૧૯) **પતન**—કોઈ મોટા રાજાનું અથવા રાષ્ટ્રપુરુષનું મૃત્યુ થાય તો તેનો અગ્નિસંસ્કાર ન થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહીં તથા નવાની નિમણુંક ન થાય ત્યાં સુધી ઊંચા અવાજે સ્વાધ્યાય ન કરવો.

(૨૦) **ઔદારિક શરીર**—ઉપાશ્રયની અંદર અથવા ૧૦૦-૧૦૦ હાથ સુધી ભૂમિ ઉપર બહાર પંચેન્દ્રિયજીવનું મૃતશરીર પડ્યું હોય તો તે નિર્જીવ શરીર હોય ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો.

(૨૧થી ૨૮) **ચારે મહોત્સવ અને ચાર પ્રતિપદા**—આષાઢ પૂર્ણિમા, (ભૂતમહોત્સવ), આસો પૂર્ણિમા (ઇન્દ્ર મહોત્સવ), કાર્તિક પૂર્ણિમા (સ્કંધ મહોત્સવ), ચૈત્ર પૂર્ણિમા (યક્ષમહોત્સવ, આ ચાર મહોત્સવની પૂર્ણિમાઓ તથા તે ચાર પછીની કૃષ્ણપક્ષની ચાર પ્રતિપદા (એકમ) એમ આઠ દિવસ સ્વાધ્યાય ન કરવો.

(૨૯થી ૩૦) પ્રાતઃકાલે અને સન્ધ્યાકાળે દિશાઓ લાલકલરની રહે ત્યાં સુધી અર્થાત્ સૂર્યોદય અને સૂર્યાસ્તની પૂર્વે અને પછી એક-એક ઘડી સ્વાધ્યાય ન કરવો.

(૩૧થી ૩૨) મધ્ય દિવસ અને મધ્ય રાત્રિએ આગળ-પાછળ એક-એક ઘડી એમ બે ઘડી સ્વાધ્યાય ન કરવો.

ઉપરોક્ત અસ્વાધ્યાય માટેના નિયમો મૂલપાઠના અસ્વાધ્યાય માટે છે. ગુજરાતી આદિ ભાષાંતર માટે આ નિયમો નથી. વિનય એ જ ધર્મનું મૂલ છે. તેથી આવા આવા વિકટ પ્રસંગોમાં ગુરુની અથવા વડીલની ઇચ્છાને આજ્ઞાને જ વધારે અનુસરવાનો ભાવ રાખવો.

# स्वाध्याय के प्रमुख नियम

(१) इस सूत्र के मूल पाठ का स्वाध्याय दिन और रात्री के प्रथम प्रहर तथा चौथे प्रहर में किया जाता है ।

(२) प्रातः ऊषा-काल, सन्ध्याकाल, मध्याह्न और मध्य रात्री में दो-दो घडी (४८ मिनिट) स्वाध्याय नहीं करना चाहिए, सूर्योदय से पहले २४ मिनिट और सूर्योदय के बाद २४ मिनिट, इस प्रकार दो घड़ी सभी जगह समझना चाहिए।

(३) मासिक धर्मवाली स्त्रियों को स्वाध्याय नहीं करना चाहिए, इसी प्रकार उनके सामने बैठकर भी स्वाध्याय नहीं करना चाहिए, जहाँ ये स्त्रियाँ न हों उस स्थान या कक्ष में बैठकर स्वाध्याय किया जा सकता है ।

(४) नीचे लिखे हुए ३२ अस्वाध्याय-प्रसंगो में वाँचना नहीं चाहिए—

(१) आकाश सम्बन्धी १० अस्वाध्यायकाल

(१) **उल्कापात**—बड़ा तारा टूटे उस समय १ प्रहर (तीन घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२) **दिग्दाह**—किसी दिशा में अधिक लाल रंग हो अथवा किसी दिशा में आग लगी हो तो स्वाध्याय नहीं करना चाहिए ।

(३) **गर्जारव**—बादलों की भयंकर गडगडाहट की आवाज सुनाई देती हो, बिजली अधिक होती हो तो २ प्रहर (छ घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(४) **निर्घात**—आकाश में कोई व्यन्तरादि देवकृत घोर गर्जना हुई हो अथवा बादलों के साथ बिजली के कडाके की आवाज हो तब आठ प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(५) **विद्युत**—बिजली चमकने पर एक प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(६) **यूपक**—शुक्ल-पक्ष की प्रथमा, द्वितीया और तृतीया के दिनो में सन्ध्या की प्रभा और चन्द्रप्रभा का मिलान हो तो उसे यूपक कहा जाता है। इस प्रकार यूपक हो उस समय रात्री में प्रथमा १ प्रहर स्वाध्याय नहीं करना चाहिए ।

(७) **यक्षादीप्त**—यदि किसी दिशा में बिजली चमकने जैसा प्रकाश हो तो उसे यक्षादीप्त कहते हैं, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(८) **धूमिका कृष्ण**—कार्तिक से माघ मास तक धूँए के रंग की तरह सूक्ष्म जल के जैसी धूमस (कोहरा) पड़ता है उसे धूमिका कृष्ण कहा जाता है इस प्रकार की धूमस हो उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(९) **महिकाश्वेत**—शीतकाल में श्वेत वर्णवाली सूक्ष्म जलरूपी जो धूमस पड़ती है वह महिकाश्वेत कहलाती है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(१०) **रजोद्घात**—चारों दिशाओं में तेज हवा के साथ बहुत धूल उडती हो और सूर्य ढँक गया हो तो रजोद्घात कहलाता है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(२) ऐतिहासिक शरीर सम्बन्धी १० अस्वाध्याय—

(११,१२,१३) हाड-मांस और रुधिर ये तीन वस्तुएँ जब-तक अग्नि से सर्वथा जल न जाएँ, पानी से धुल न जाएँ और यदि सामने दिखाई दें तो स्वाध्याय नहीं करना चाहिए । फूटा हुआ अण्डा भी हो तो भी अस्वाध्याय होता है ।

(१४) **मल-मूत्र**—सामने दिखाई हेता हो, उसकी दुर्गन्ध आती हो तब-तक अस्वाध्याय होता है ।

(१५) **श्मशान**—इस भूमि के चारों तरफ १००-१०० हाथ तक अस्वाध्याय होता है ।

(१६) **चन्द्रग्रहण**—जब चन्द्रग्रहण होता है तब जघन्य से ८ मुहूर्त और उत्कृष्ट से १२ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१७) **सूर्यग्रहण**—जब सूर्यग्रहण हो तब जघन्य से १२ मुहूर्त और उत्कृष्ट से १६ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१८) **राजव्युद्गत**—नजदीक की भूमि पर राजाओं की परस्पर लड़ाई चलती हो, उस समय तथा लड़ाई शान्त होने के बाद एक दिन-रात तक स्वाध्याय नहीं करना चाहिए ।

(१९) **पतन**—कोई बड़े राजा का अथवा राष्ट्रपुरुष का देहान्त हुआ हो तो अग्निसंस्कार न हो तब तक स्वाध्याय नहीं करना चाहिए तथा उसके स्थान पर जब तक दूसरे व्यक्ति की नई नियुक्ति न हो तब तक ऊंची आवाज में स्वाध्याय नहीं करना चाहिए ।

(२०) **औदारिक शरीर**—उपाश्रय के अन्दर अथवा १००-१०० हाथ तक भूमि पर उपाश्रय के बाहर भी पञ्चेन्द्रिय जीव का मृत शरीर पड़ा हो तो जब तक वह निर्जीव शरी वहाँ पड़ा रहे तब तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२१ से २८) **चार महोत्सव और चार प्रतिपदा**—आषाढ़ी पूर्णिमा (भूत महोत्सव), आसो पूर्णिमा (इन्द्रिय महोत्सव), कार्तिक पूर्णिमा (स्कन्ध महोत्सव), चैत्र पूर्णिमा (यक्ष महोत्सव) इन चार महोत्सवों की पूर्णिमाओं तथा उससे पीछे की चार, कृष्ण पक्ष की चार प्रतिपदा (ऐकम) इस प्रकार आठ दिनों तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२९ से ३०) प्रातःकाल और सन्ध्याकाल में दिशाएँ लाल रंग की दिखाई दें तब तक अर्थात् सूर्योदय और सूर्यास्त के पहले और बाद में एक-एक घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

(३१ से ३२) मध्य दिवस और मध्य रात्री के आगे-पीछे एक-एक घड़ी इस प्रकार दो घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

उपरोक्त अस्वाध्याय सम्बन्धी नियम मूल पाठ के अस्वाध्याय हेतु हैं, गुजराती आदि भाषान्तर हेतु ये नियम नहीं है । विनय ही धर्म का मूल है तथा ऐसे विकट प्रसंगों में गुरू की अथवा बड़ों की इच्छा एवं आज्ञाओं का अधिक पालन करने का भाव रखना चाहिए ।

સ્થાનાંગ સૂત્ર ભાગ ૨ કી

# વિષયાનુક્રમણિકા


| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| | **તીસરે સ્થાનકા દૂસરા ઉદ્દેશા** | |
| ૧ | દૂસરે ઉદ્દેશેકા વિષય વિવરણ | ૧ |
| ૨ | લોક કે સ્વરૂપ કા નિરૂપણ | ૨ |
| ૩ | ચમરાદિકોં કી પરિષદ્ કા નિરૂપણ | ૩ |
| ૪ | ધર્મ વિશેષકી પ્રતિપત્તિકા નિરૂપણ | ૪ |
| ૫ | વોધિશબ્દસે અભિધેય ધર્માદિકા નિરૂપણ | ૬ |
| ૬ | ભેદસહિત પ્રવ્રજ્યાકા નિરૂપણ | ૭ |
| ૭ | વ્રતારોપણકે કાલકા નિરૂપણ | ૧૦ |
| ૮ | પુરૂષકે ભેદોંકા નિરૂપણ | ૧૨ |
| ૯ | સંસારી જીવોંકી પ્રરૂપણા પૂર્વક સર્વજીવકા નિરૂપણ | ૧૭ |
| ૧૦ | દિશાઓંકા ઔર દિશાઓંકે આશ્રિત હોનેસે ગત્યાગતિકા નિરૂપણ | ૧૮ |
| ૧૧ | ત્રસજીવોંકા ઔર ઉનસે વિપરીત સ્થાવર જીવોં કે સ્વરૂપ કા નિરૂપણ | ૨૨ |
| ૧૨ | જીવપદાર્થકા નિરૂપણ | ૨૩ |
| ૧૩ | દુઃખકે સ્વરૂપકા નિરૂપણ | ૨૪ |
| ૧૪ | પરમતકા નિરાકરણ પૂર્વક સ્વમતકા નિરૂપણ | ૨૬ |
| | **તીસરા ઉદ્દેશા** | |
| ૧૫ | કષાયવાલે જીવોંકી માયાકા નિરૂપણ | ૩૦ |
| ૧૬ | આલોચના આદિ કરનેવાલેકા નિરૂપણ | ૩૨ |
| ૧૭ | શુદ્ધિકરનેવાલોંકી આભ્યન્તર ઔર વાહ્ય સંપત્તિકા નિરૂપણ | ૩૩ |
| ૧૮ | વસ્ત્રગ્રહણ કે કારણોં કા નિરૂપણ | ૩૪ |
| ૧૯ | નિગ્રન્થોંકા નિરૂપણ | ૩૫ |
| ૨૦ | વચન, મન ઔર ઉનકે નિષેધ કા નિરૂપણ | ૪૧ |
| ૨૧ | વૃષ્ટિકાયકા નિરૂપણ | ૪૩ |

| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૨ | અધુનોપપન્નદેવોંકા નિરૂપણ | ૪૫ |
| ૨૩ | દેવોંકે વ્યાપારોંકા નિરૂપણ | ૫૦ |
| ૨૪ | દેવોંકે વિમાનકા નિરૂપણ | ૫૨ |
| ૨૫ | જીવકી ગતિકા નિરૂપણ | ૫૩ |
| ૨૬ | નિર્ગ્રન્થ અનગારોંકે આચારકા નિરૂપણ | ૫૪ |
| ૨૭ | કર્મભૂમિકા નિરૂપણ | ૬૨ |
| ૨૮ | કર્મભૂમિમેં રહે હુવે મનુષ્યોં કે ધર્મકા નિરૂપણ | ૬૨ |
| ૨૯ | નરકાવાસકા નિરૂપણ | ૬૫ |
| ૩૦ | મિથ્યાત્વકા નિરૂપણ | ૬૯ |
| ૩૧ | ધર્મકે સ્વરૂપકા નિરૂપણ | ૭૨ |
| ૩૨ | અર્થાદિ વિનિશ્ચયકે કારણોંકી પરમ્પરાકા નિરૂપણ | ૭૬ |

**ચૌથા ઉદ્દેશા**

| | | |
|---|---|---|
| ૩૩ | અનગારકી કલ્પવિધિકા નિરૂપણ | ૭૮ |
| ૩૪ | કાલ ઔર વચનકી પ્રરૂપણા | ૮૧ |
| ૩૫ | પર્યાયાનતરકા નિરૂપણ | ૮૩ |
| ૩૬ | મનુષ્યક્ષેત્ર સ્વરૂપ નિરૂપણમ્ | ૮૬ |
| ૩૭ | સામાન્ય પૃથિવી દેશકા નિરૂપણ | ૮૭ |
| ૩૮ | કિલ્બિષિક દેવકા નિરૂપણ | ૯૦ |
| ૩૯ | ઈન્દ્રકી પરિષંદ્કા નિરૂપણ | ૯૧ |
| ૪૦ | પ્રાયશ્ચિતવાલોંકા નિરૂપણ | ૯૧ |
| ૪૧ | યોગ્ય વ્યક્તિયોંકો પ્રવ્રજ્યાદાનકા નિરૂપણ | ૯૫ |
| ૪૨ | વાચનાદિ વિષયમેં યોગ્યાયોગ્યકા નિરૂપણ | ૧૦૦ |
| ૪૩ | પ્રજ્ઞાપનીય વસ્તુકા નિરૂપણ | ૧૦૩ |
| ૪૪ | કલ્પસ્થિતિકા નિરૂપણ | ૧૦૫ |
| ૪૫ | નારકાદિકોંકે શરીર કા નિરૂપણ | ૧૦૮ |
| ૪૬ | પ્રત્યનીક સ્વરૂપકા નિરૂપણ | ૧૦૯ |
| ૪૭ | માતાપિતાકે અંગકે વિભાગકા નિરૂપણ | ૧૧૨ |
| ૪૮ | શ્રામણ્યપર્યાય કો પ્રાપ્ત હુવા જીવ જિનજિન કારણોં સે વિશિષ્ટ નિર્જરા કરતા હૈ ઉન ઉન કારણોં કા નિરૂપણ | ૧૧૨ |
| ૪૯ | પુદ્ગલોંકે પરિણામ વિશેષ કા નિરૂપણ | ૧૧૫ |

| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|

| ૫૦ | ભેદ સહિત ઋદ્ધિ કે સ્વરૂપ કા નિરૂપણ | ૧૧૮ |
| ૫૧ | ગૌરવાદિ ભેદોંકા નિરૂપણ | ૧૨૨ |
| ૫૨ | નિવૃતિકે ભેદોં કા નિરૂપણ | ૧૨૪ |
| ૫૩ | લેશ્યાઓં કા નિરૂપણ | ૧૨૮ |
| ૫૪ | મરણકા નિરૂપણ | ૧૩૧ |
| ૫૫ | મરણકે અનન્તર હિતાહિતકે સ્વરૂપકા નિરૂપણ | ૧૩૩ |
| ૫૬ | પૃથિવીકે સ્વરૂપકા નિરૂપણ | ૧૩૭ |
| ૫૭ | નારકોંકી ઉત્પત્તિકા નિરૂપણ | ૧૩૮ |
| ૫૮ | તીર્થંકરકે વિમાનોંકા વર્ણન | ૧૪૦ |
| ૫૯ | કર્મકે તીન સ્થાનોંકા નિરૂપણ | ૧૪૧ |
| ૬૦ | પુદ્ગલ સ્કંધ કા નિરૂપણ | ૧૪૩ |


**ચૌથે સ્થાનક કે પહલા ઉદ્દેશક**


| | | |
|---|---|---|
| ૬૧ | મંગલાચરણ | ૧૪૩ |
| ૬૨ | અન્તક્રિયાકા નિરૂપણ | ૧૪૪ |
| ૬૩ | વૃક્ષદ્રષ્ટાંતસે પુરૂષોંકા નિરૂપણ | ૧૪૮ |
| ૬૪ | પ્રતિમાપ્રતિપન્ન પુરૂષકે કલ્પનીય ભાષાદિકા નિરૂપણ | ૧૫૯ |
| ૬૫ | વસ્ત્રદ્રષ્ટાંતસે પુરૂષાદિકા નિરૂપણ | ૧૬૦ |
| ૬૬ | સુતાદિ દ્રષ્ટાંતસે પુરૂષાદિકા નિરૂપણ | ૧૬૩ |
| ૬૭ | ઘુણ દ્રષ્ટાંતસે પુરૂષાદિકા નિરૂપણ | ૧૬૮ |
| ૬૮ | વનસ્પતિકા નિરૂપણ | ૧૭૧ |
| ૬૯ | ધ્યાનકે સ્વરૂપકા નિરૂપણ | ૧૭૪ |
| ૭૦ | ભેદ સહિત દેવોંકી સ્થિતીકા નિરૂપણ | ૧૮૫ |
| ૭૧ | મોહકે વિષયભૂત કષાયોંકા ભેદ સહિત નિરૂપણ | ૧૮૭ |
| ૭૨ | કાલત્રયવર્તી કષાયોંકા નિરૂપણ | ૧૯૩ |
| ૭૩ | પ્રતિમાકે સ્વરૂપકા નિરૂપણ | ૧૯૭ |
| ૭૪ | જીવાસ્તિકાયકે વિપરીત અજીવાસ્તિકાયકા ભેદ સહિત નિરૂપણ | ૧૯૮ |
| ૭૫ | ફલકે દ્રષ્ટાંતસે પુરૂષાદિકા નિરૂપણ | ૧૯૯ |
| ૭૬ | સત્યાસત્ય નિમિતક પ્રણિધાનકે સ્વરૂપકા નિરૂપણ | ૨૦૧ |
| ૭૭ | પુરૂષકે સ્વરૂપકા નિરૂપણ | ૨૦૪ |

| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૭૮ | લોકપાલાદિકોંકે સ્વરૂપકા નિરૂપણ | ૨૧૦ |
| ૭૯ | પ્રમાણકે સ્વરૂપકા નિરૂપણ | ૨૧૫ |
| ૮૦ | દિક્કુમારિ મહત્તરિકાઓંકા નિરૂપણ | ૨૧૭ |
| ૮૧ | ભેદસહિત દ્રષ્ટિવાદકા નિરૂપણ | ૨૧૮ |
| ૮૨ | પ્રાયશ્ચિતકા નિરૂપણ | ૨૧૯ |
| ૮૩ | કાલકે સ્વરૂપકા નિરૂપણ | ૨૨૧ |
| ૮૪ | પુદ્ગલોંકે પરિણામકા નિરૂપણ | ૨૨૩ |
| ૮૫ | જીવદ્રવ્યકે પરિણામોં કા નિરૂપણ | ૨૨૩ |
| ૮૬ | દુર્ગતિ-સુગતિરૂપ પરિણામોં કે એવં દુર્ગત-સુગતોં કે ભેદોં કા નિરૂપણ | ૨૨૫ |
| ૮૭ | ક્ષયકે પરિણામોં કે ક્રમકા નિરૂપણ | ૨૨૬ |
| ૮૮ | હાસ્યકે કારણોંકા નિરૂપણ | ૨૨૭ |
| ૮૯ | દ્રષ્ટાંત દાર્ષ્ટાન્તિક પૂર્વક અન્તરસૂત્રકા નિરૂપણ | ૨૨૮ |
| ૯૦ | ભેદસહિત મૃતકકા નિરૂપણ | ૨૨૯ |
| ૯૧ | દેવત્વકા નિરૂપણ | ૨૩૧ |
| ૯૨ | વિકૃતિકે સ્વરૂપકા નિરૂપણ | ૨૩૩ |
| ૯૩ | દ્રષ્ટાંત ઔર દાર્ષ્ટાન્તિક સહિત કૂટાગાર આદિકા નિરૂપણ | ૨૩૪ |
| ૯૪ | દાર્ષ્ટાન્તિક સ્ત્રી સૂત્રકા નિરૂપણ | ૨૩૫ |
| ૯૫ | પ્રજ્ઞપ્તિકા નિરૂપણ | ૨૩૬ |

**ચૌથે સ્થાનકા દૂસરા ઉદ્દેશા**

| | | |
|---|---|---|
| ૯૬ | પ્રતિસંલીન ઔર અમતિસંલીનકા નિરૂપણ | ૨૩૭ |
| ૯૭ | દીનકે સ્વરૂપકા નિરૂપણ | ૨૩૮ |
| ૯૮ | આર્યાદિ પુરૂષકે સ્વરૂપકા નિરૂપણ | ૨૪૧ |
| ૯૯ | વૃષભકે દ્રષ્ટાંત સે પુરૂષકે સ્વરૂપકા નિરૂપણ | ૨૪૨ |
| ૧૦૦ | હાથીકે દ્રષ્ટાંતસે પુરૂષકે પ્રકાર કા નિરૂપણ | ૨૪૪ |
| ૧૦૧ | વિકથાકે સ્વરૂપકા નિરૂપણ | ૨૪૭ |
| ૧૦૨ | કાયવિશેષકા નિરૂપણ | ૨૫૩ |
| ૧૦૩ | વ્યાધાતકે સ્વરૂપ કા નિરૂપણ | ૨૫૫ |
| ૧૦૪ | સ્વધ્યાયમેં કર્તવ્યતા-અકર્તવ્યતાકા નિરૂપણ | ૨૫૭ |
| ૧૦૫ | સ્વાધ્યાયમેં પ્રવૃત હુવેકો લોકસ્થિતિકા નિરૂપણ | ૨૫૯ |

| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૦૬ | ત્રસપ્રાણ વિશેષકે સ્વરૂપ કા નિરૂપણ | ૨૬૦ |
| ૧૦૭ | ગર્હાકે સ્વરૂપ કા નિરૂપણ | ૨૬૨ |
| ૧૦૮ | દોષત્યાગી જીવકે સ્વરૂપકા નિરૂપણ | ૨૬૫ |
| ૧૦૯ | કારણ ઉપસ્થિત હોને પર સાધુકો અથવા સાધ્વીજીકો પરસ્પરમેં આલાપકાદિમેં આરાધકત્વકા નિરૂપણ | ૨૬૯ |
| ૧૧૦ | તમસ્કાયકે સ્વરૂપકા નિરૂપણ | ૨૭૦ |
| ૧૧૧ | સેનાકે દૃષ્ટાંત દ્વારા પુરૂષોંકે પ્રકારકા નિરૂપણ | ૨૭૨ |
| ૧૧૨ | પર્વત-રાજ્ય આદિકે દૃષ્ટાંતસે કષાયકે સ્વરૂપ કા ઔર ઉનકો જીતનેકે પ્રકાર કા નિરૂપણ | ૨૭૪ |
| ૧૧૩ | સંસારકે સ્વરૂપકા નિરૂપણ | ૨૮૧ |
| ૧૧૪ | આહારકે સ્વરૂપકા નિરૂપણ | ૨૮૨ |
| ૧૧૫ | કર્મબન્ધકે સ્વરૂપકા નિરૂપણ | ૨૮૩ |
| ૧૧૬ | એક-કતિ ઔર સર્વ શબ્દકી પ્રરૂપણા | ૨૯૨ |
| ૧૧૭ | માનુષોત્તર પર્વત કે કૂટોંકા નિરૂપણ | ૨૯૬ |
| ૧૧૮ | જમ્બૂદ્વીપગત ભરત ઔર એરવત પર્વતકે કાલકા નિરૂપણ | ૨૯૬ |
| ૧૧૯ | જમ્બૂદ્વીપકે દ્વારોં કા નિરૂપણ | ૩૦૦ |
| ૧૨૦ | જમ્બૂદ્વીપસ્થ અન્તરદ્વીપોકા નિરૂપણ | ૩૦૧ |
| ૧૨૧ | જમ્બૂદ્વીપસ્થ લવણસમુદ્રકી અવગાહના આદિ કા નિરૂપણ | ૩૦૪ |
| ૧૨૨ | ઘાતકીખંડ દ્વીપકે વલયપ્રમાણ આદિકા નિરૂપણ | ૩૦૭ |
| ૧૨૩ | નન્દીશ્વરદ્વીપ કા વર્ણન | ૩૦૭ |
| ૧૨૪ | અઞ્જનક પર્વતકા વર્ણન | ૩૧૦ |
| ૧૨૫ | રતિકર પર્વતકા વર્ણન | ૩૧૨ |
| ૧૨૬ | સત્યકે સ્વરૂપકા નિરૂપણ | ૩૧૩ |
| ૧૨૭ | સંયમકે સ્વરૂપકા નિરૂપણ | ૩૧૩ |
| ૧૨૮ | અકિંચનકે સ્વરૂપકા નિરૂપણ | ૩૧૩ |


**॥ સમાપ્ત ॥**

## દૂસરે ઉદ્દેશેકા વિષય વિવરણ

# ત્રીજા સ્થાનકનો બીજો ઉદ્દેશો

પહેલા ઉદ્દેશાની પ્રરૂપણા હવે પૂરી થઇ. હવે સૂત્રકાર ત્રીજા ઉદ્દેશાની પ્રરૂપણાનો પ્રારંભ કરે છે. પહેલા ઉદ્દેશા સાથે બીજા ઉદ્દેશાનો આ પ્રમાણે સંબંધ છે–પહેલા ઉદ્દેશામાં મુખ્યત્વે જીવધર્મથી પ્રરૂપણા કરવામાં આવી છે, આ ઉદ્દેશામાં પણ એજ જીવધર્મોનું મુખ્યત્વે કથન કરવામાં આવશે. પહેલા ઉદ્દેશા સાથે આ પ્રકારનો સંબંધ ધરાવતા આ બીજા ઉદ્દેશાનું પ્રથમ સૂત્ર આ પ્રમાણે છે–" तिविहे लोगे " ઇત્યાદિ. આ પ્રથમ સૂત્રનો આગલા ઉદ્દેશાના છેલ્લા સૂત્ર સાથે આ પ્રકારનો સંબંધ છે–તે છેલ્લા સૂત્રમાં ચન્દ્રપ્રજ્ઞપ્તિ આદિ સૂત્રનું સ્વરૂપ કહ્યું છે. તે ચન્દ્રાદિક ભાવોના આધારરૂપ જે લોક છે, તેના સ્વરૂપનું અહીં પ્રતિપાદન કરવામાં આવ્યું છે, કારણ કે લોક એ ચન્દ્રાદિક ભાવોનું આધારભૂત ક્ષેત્ર છે–" तिविहे लोगे पण्णत्ते " ઇત્યાદિ–

## લોક કે સ્વરૂપ કા નિરૂપણ

સૂત્રાર્થ–લોકના ત્રણ પ્રકાર કહ્યા છે–(૧) નામલોક, (૨) સ્થાપનાલોક અને (૩) દ્રવ્યલોક. અથવા લોકના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર પણ કહ્યા છે–(૧) જ્ઞાનલોક, (૨) દર્શનલોક અને (૩) ચારિત્રલોક. અથવા લોકના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર પણ પડે છે–(૧) ઉર્ધ્વલોક, (૨) અધોલોક અને (૩) તિર્યગ્લોક.

ટીકાર્થ–કેવળજ્ઞાન રૂપ આલોક ( પ્રકાશ ) વડે જેને જોઈ શકાય છે, તે લોક છે. તે લોક નામલોક, સ્થાપનાલોક અને દ્રવ્યલોકના ભેદથી ત્રણ પ્રકારનો છે. તેમાંથી નામલોક અને સ્થાપનાલોકનું કથન નામેન્દ્ર અને સ્થાપનેન્દ્રના પૂર્વોકત કથન પ્રમાણે જ સમજવું. એટલે કે કોઇ પણ ચેતન કે અચેતન પદાર્થનું 'લોક' એવું નામ રાખવું તે નામલોક છે, અને કોઇ પણ પદાર્થમાં 'આ લોક છે,' એવી સ્થાપના કરી લેવું તેનું નામ સ્થાપનાલોક છે. જ્ઞશરીર અને ભવ્યશરીર સિવાયનો જે દ્રવ્યલોક છે તે ધર્માસ્તિકાય આદિ દ્રવ્યરૂપ, જીવાજીવ દ્રવ્યરૂપ, રૂપી અરૂપી દ્રવ્યરૂપ અને સપ્રદેશ અપ્રદેશ દ્રવ્યરૂપ છે, કારણ કે દ્રવ્યરૂપ જે લોક છે, તે દ્રવ્યલોક છે. ભાવલોક બે પ્રકારનો છે–(૧) આગમ ભાવલોક અને (૨) નોઆગમ ભાવલોક. લોકની પર્યાલોચના કરનારો જે ઉપયોગ છે તે આગમ ભાવલોક છે. અથવા તે ઉપયોગથી અનન્ય હોવાને કારણે પુરુષ ભાવલોક છે. તથા નોઆગમની અપેક્ષાએ ભાવલોક પ્રસ્તુત સૂત્રોક્ત જ્ઞાનદર્શન ચારિત્રરૂપ છે. નોઆગમની અપેક્ષાએ ભાવલોક જ્ઞાન છે એવું જ્યારે વિવક્ષિત ( પ્રતિપાદિત ) થશે, ત્યારે દર્શન અને ચારિત્ર તેનાથી અલગ નહીં પડે, કારણ કે " જ્ઞાન દ્વારા " પદનો પ્રયોગ કરવાથી તે બંનેને

પણ ગ્રહણ કરી લેવાશે. એજ પ્રમાણે નો આગમની અપેક્ષાએ ભાવલોક દર્શન છે એવું જ્યારે વિવક્ષિત થશે, ત્યારે પણ જ્ઞાન અને ચારિત્ર તેનાથી જુદાં નહીં પડે, કારણ કે "દર્શન દ્વારા" પદના પ્રયોગથી તે બન્નેને પણ ગ્રહણ કરી લેવાશે. એજ પ્રમાણે નો આગમની અપેક્ષાએ ભાવલોક ચારિત્ર છે એવું જ્યારે કહેવામાં આવશે ત્યારે પણ જ્ઞાન અને દર્શન તેનાથી જુદા નહીં પડે, કારણ કે "ચારિત્ર" કહેવાથી તે બન્નેને પણ ગ્રહણ કરી લેવાશે. તેથી ઇતરેતર સાપેક્ષ જ્ઞાનદર્શન ચારિત્ર, એ પ્રત્યેક નો આગમની અપેક્ષાએ ભાવલોકરૂપ થઇ જાય છે.

અહીં નોઆગમના "નો" શબ્દ દેશનિષેધક છે, તેથી જે પૂર્ણરૂપે આગમ નથી, પરન્તુ આગમના એક દેશ (અંશ) રૂપ છે, તેમને જ નો-આગમ કહે છે. એવાં નોઆગમ ભાવલોક જ્ઞાનદર્શન ચારિત્ર જ છે. તે જ્ઞાનચારિત્ર ક્ષાયિક અને ક્ષાયોપશમિક આદિ ભાવરૂપ હોય છે, તેથી તેમનામાં ભાવલોકતા કહી છે, કારણ કે ક્ષાયિક આદિ ભાવોને ભાવલોક રૂપે શાસ્ત્રમાં પ્રતિપાદિત કરેલ છે. તેમનું વિશેષ વર્ણન અનુયોગ દ્વારસૂત્રની અનુયોગ ચન્દ્રિકા નામની ટીકામાં આવશ્યક શબ્દની વ્યાખ્યા કરતી વખતે લખવામાં આવેલ છે, તો તે વિષય ત્યાંથી વાંચી લેવો.

બહુસમ ભૂમિવાળા રત્નપ્રભાના ભાગમાં મેરુની મધ્યમાં આઠ રુચક પ્રદેશ છે. તેમના ઉપરીતન પ્રદેશથી ઊંચે ૯૦૦ યોજન સુધી જ્યોતિશ્ચક્ર છે. તે જ્યોતિશ્ચક્રના ઉપરિતલ સુધી તિર્યગ્લોક છે. ત્યાંથી આગળ જતાં ઉર્ધ્વ-લોક આવે છે. ઉર્ધ્વભાગમાં રહેલો હોવાથી તેને ઉર્ધ્વલોક કહે છે. તેનો વિસ્તાર સાત રાજૂ કરતાં થોડો ન્યૂન છે. રુચકના અધાસ્તન પ્રતરની નીચે ૯૦૦ યોજન પર્યન્તમાં પણ તિર્યગ્લોક છે, તેનાથી નીચે અધોલોક છે. અધો ભાગમાં તે આવેલો હોવાથી તેને અધોલોક કહે છે. તેનો વિસ્તાર સાત રાજૂ પ્રમાણથી થોડો અધિક છે. અધોલોક અને ઉર્ધ્વલોકની મધ્યમાં ૧૮૦૦ યોજન પ્રમાણ–તિર્યગ્ભાગમાં રહેલો–તિર્યગ્લોક છે. ॥ સૂ. ૩૦ ॥

લોકના સ્વરૂપનું નિરૂપણ કરીને હવે લોકમાં રહેલા ચમરાદિકોની પરિષદનું સૂત્રકાર કથન કરે છે—" चमरस्सणं असुरिंदस्स असुरकुमाररन्नो " ઈત્યાદિ—

સૂત્રાર્થ–અસુરેન્દ્ર, અસુરકુમારરાય ચમરની ત્રણ પરિષદો કહી છે–(૧) સમિતા, (૨) ચંડા અને (૩) જાતા. આભ્યન્તર પરિષદને શમિતા કહે છે, મધ્યમિકા પરિષદને ચંડા કહે છે અને બાહ્ય પરિષદને જાતા કહે છે. એ જ પ્રમાણે અસુરેન્દ્ર, અસુરકુમારરાય ચમરના સામાનિક દેવોની પણ ત્રણ પરિષદો કહી તેમના નામ પણ ચમરની પરિષદો જેવાં જ છે. એ જ પ્રમાણે ચમરના ત્રાયસ્ત્રિંશક દેવોની પણ એ જ નામવાળી ત્રણ પરિષદો કહી છે.

લોકપાલોની ત્રણ પરિષદોનાં નામ તુમ્બા, ત્રુટિતા અને પર્વા છે. અગ્રમહિષીઓની ત્રણ પરિષદોનાં નામ પણ લોકપાલોની ત્રણ પરિષદો જેવાં જ છે. બલીની પરિષદાના પણ એ જ ત્રણ નામો છે. ધરણના જે સામાનિક અને ત્રાયસ્ત્રિંશક દેવો છે તેમની પરિષદોનાં નામ પણ સમિતા, ચંડા અને જાતા જ છે, તથા તેમના લોકપાલો અને તેમની અગ્રમહિષીઓની પરિષદોનાં નામ ઈશા, ત્રુટિતા અને દ્રઢરથા છે. ધરણના વિષયમાં જેવું કથન કરવામાં આવ્યું છે એવું જ કથન બાકીના ભવનપતિઓ વિષે પણ સમજી લેવું.

પિશાચેન્દ્ર, પિશાચરાજ કાળની ત્રણ પરિષદોનાં નામ આ પ્રમાણે છે, ઇશા, ત્રુટિતા અને દ્રઢરથા. એ જ પ્રમાણે તેના સામાનિક દેવો અને અગ્રમહિષીઓની પરિષદો વિષે પણ સમજવું. તેમની પરિષદોનાં પણ એજ નામો સમજવાં. ગાંધર્વના ભેદરૂપ જે ગીતરતિ અને ગીતયશ છે, તેમની પરિષદો પણ એ જ નામવાળી છે. જ્યોતિષ્કેન્દ્ર, અને જ્યોતિષ્કરાજ. ચન્દ્રની ત્રણ પરિષદોનાં નામ નીચે પ્રમાણે કહ્યાં છે–(૧) તુમ્બા, (૨) ત્રુટિતા અને પર્વા. એજ પ્રમાણે તેમના સામાનિક દેવો અને તેમની અગ્રમહિષીઓની પરિષદો વિષે પણ સમજવું, અને સૂર્યની પરિષદો વિષે પણ એવું જ કથન સમજી

લેવું. દેવેન્દ્ર, દેવરાજ શક્રની પણ ત્રણ પરિષદો છે, તેમનાં નામ નીચે પ્રમાણે છે-(૧) સમિતા, (૨) ચંડા અને જાતા. ચમરના સામાનિક દેવો અને અગ્રમહિષીઓની સભાઓના વિષયમાં જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ કથન શક્રના સામાનિક દેવોની અને અગ્રમહિષીઓની પરિષદો વિષે પણ સમજી લેવું, અને એજ પ્રકારનું કથન અચ્યુતના લોકપાલો પર્યન્તની પરિષદો વિષે પણ સમજવું. ચમર આદિને ઐશ્વર્યના યોગથી ઇન્દ્ર અને દીપ્તિના યોગથી રાજા કહેવામાં આવેલ છે. પરિષદ એટલે પરિવાર આ પરિવાર રૂપ પરિષદ પ્રત્યાસત્તિના ભેદથી ત્રણ પ્રકારની કહી છે. જે પરિવાર રૂપ દેવો અને દેવીઓ કોઈ ખાસ પ્રયોજનોમાં અતિગૌરવપૂર્વક બોલાવવામાં આવે તો જ આવે છે, તે સભાને અભ્યન્તરા પરિષદ કહે છે. જે સભામાં દેવો અને દેવીઓને બોલાવવામાં આવે ત્યારે પણ આવે છે અને બોલાવ્યા વિના પણ આવે છે, તે સભાને મધ્યમ પરિષદ કહે છે. જે સભામાં વિના બોલાવ્યે દેવો અને દેવીઓ આવે છે તે સભાને બાહ્ય પરિષદ કહે છે. જે પરિષદની સાથે પ્રયોજનનો વિચાર કરવામાં આવે છે, તે પરિષદને આદ્યપરિષદ કહે છે. વિચારેલા કાર્યપર જે સભામાં વિસ્તૃત વિચારણા થાય છે, તે પરિષદને બીજી મધ્યમા પરિષદ કહે છે. પર્યાલોચિત (વિચારવામાં આવેલ) કાર્યનું વિતરણ જેની સમક્ષ પ્રસ્તુત કરાય છે, તે પરિષદને તૃતીય અન્ત્ય પરિષદ કહે છે. ॥ સૂ. ૩૧ ॥

## ધર્મ વિશેષકી પ્રતિપત્તિકા નિરૂપણ

આ પ્રમાણે ચમર આદિની પરિષદોની પ્રરૂપણા પૂરી થઈ. દેવત્વ ધર્મથી જ પ્રાપ્ત થાય છે. જીવને ધર્મની પ્રતિપત્તિ (પ્રાપ્તિ) કાળવિશેષમાં જ થાય છે. તેથી હવે સૂત્રકાર કાળવિશેષની નિરૂપણાપૂર્વક એ જ ધર્મવિશેષોની જીવને પ્રતિપત્તિ થાય છે, એ વાતનું પ્રતિપાદન કરે છે.

" तओ जामा पण्णत्ता " ઈત્યાદિ—

સૂત્રાર્થ–ત્રણ યામ કહ્યાં છે-(૧) પ્રથમ યામ, (૨) મધ્યમ યામ અને (૩) પશ્ચિમ યામ. આ ત્રણ યામોમાં આત્મા કેવલિપ્રજ્ઞપ્ત ધર્મને શ્રવણ દ્વારા પ્રાપ્ત કરે છે, એજ પ્રમાણે આત્મા આ ત્રણ યામોમાં કેવળજ્ઞાન પર્યન્તની વસ્તુઓ પ્રાપ્ત કરી શકે છે. જીવની અવસ્થાઓ પણ ત્રણ હોય છે-(૧) પ્રથમ અવસ્થા, (૨) મધ્યમ અવસ્થા અને (૩) પશ્ચિમ અવસ્થા. "આત્મા આ ત્રણ અવસ્થાઓમાં કેવલિપ્રજ્ઞપ્ત ધર્મને શ્રવણ દ્વારા પ્રાપ્ત કરી શકે છે," આ કથનથી લઈને "આ ત્રણ અવસ્થાઓમાં આત્મા કેવળજ્ઞાન ઉત્પન્ન કરી શકે છે," આ કથન પર્યન્તનું સમસ્ત કથન ગ્રહણ કરવું જોઈએ.

દિવસના ચોથા ભાગને યામ (પ્રહર–પહોર) કહે છે. તે યામ રાત્રિ કે દિવસના ચોથા ભાગરૂપ હોય છે, કારણ કે દિવસના ચાર અને રાત્રિના ચાર પહોર હોય છે. પરન્તુ આ સૂત્રમાં યામ ( પહોર ) પદથી રાત્રિ કે દિવસનો ત્રીજો ભાગ વર્ણવવામાં આવ્યો છે. એ જ કારણે પૂર્વરાત્ર, મધ્યરાત્ર અને અપરરાત્ર રૂપ ત્રણ પહોરને લીધે રાત્રિનું બીજું નામ ત્રિયામા પણ છે. એજ પ્રમાણે દિવસના પણ પૂર્વાહ્ન મધ્યાહ્ન અને અપરાહ્ન રૂપ ત્રણ પહોર ( યામ ) સમજવા જોઈએ. અહીં ત્રણ સ્થાનોનું પ્રકરણ હોવાથી ચોથા પહોરની વાત કરી નથી તે ત્રણ યામને અહીં પ્રથમ યામ, મધ્યમ યામ અને પશ્ચિમ યામના નામથી પ્રકટ કરવામાં આવેલ છે. એટલે કે અહીં આ પદોનો એવો અર્થ સમજવાનો છે કે આ ત્રણ યામોમાં જીવ કેવલિપ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ કરે છે. અહીં "યાવત્ ( પર્યન્ત )" પદ દ્વારા નીચેનો સૂત્રપાઠ ગ્રહણ કરવાનો છે–"तीहिं जामेहिं आया केवलं बोहिं बुज्झेज्जा, तीहिं जामेहिं आया मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वएज्जा, तीहिं जामेहिं आया बंभचेरवासमावसेज्जा, एवं तीहिं जामेहिं आया संजमेणं संजमेज्जा, तीहिं जामेहिं आया संवरेणं संवरेज्जा, तीहिं जामेहिं आया आभिणिबोहियनाणं उप्पाडेज्जा, एवं तीहिं जामेहिं आया सुयनाणं, ओहिनाणं, मणपज्जवनाणं उप्पाडेज्जा, तीहिं जामेहिं आया" આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–આત્મા ત્રણ યામોમાં શુદ્ધબોધિને પામી શકે છે, આગારાવસ્થાના ત્યાગપૂર્વક અણગારાવસ્થા અંગીકાર કરે છે, બ્રહ્મચર્યવ્રત, સંયમ, સંવર, આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનને ઉત્પન્ન કરી શકે છે. જેમ કાળવિશેષમાં જીવને ધર્મની પ્રતિપત્તિ થાય છે, એજ પ્રમાણે તેને અવસ્થાવિશેષમાં પણ ધર્મની પ્રતિપત્તિ થાય છે. એજ વાતને સૂત્રકારે "तओ वया" ઈત્યાદિ સૂત્ર દ્વારા પ્રકટ કરી છે. જીવોમાં જે કાળકૃત અવસ્થા હોય છે તેને વય કહે છે. બાલ્યાવસ્થારૂપ પ્રથમ વય,

યૌવનાવસ્થારૂપ મધ્યમ વય, અને વૃદ્ધાવસ્થારૂપ પશ્ચિમ વય ગણાય છે. કહ્યું પણ છે કે " आषोडशाद् " ઈત્યાદિ.

" एसो चेव गमो " એજ પ્રકારની વાકયરચના દ્વારા એમ કહેવું જોઈએ કે " तीहिं वएहिं आया केवलनाणं केवलिपन्नत्तं धम्मं लभेज्ज सवणयाए " ત્રણ અવસ્થાઓમાં આત્મા કેવળજ્ઞાન અને કેવલિપ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ કરે છે, તથા " तीहिं वएहिं केवलनाणं उप्पाडेज्जा " ત્રણ અવસ્થાઓમાં આત્મા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરે છે. ॥ સૂ. ૩૨ ॥

## વોધિશબ્દસે અભિધેય ધર્માદિકા નિરૂપણ

કથિત ધર્મવિશેષ ત્રણ પ્રકારનો છે-બોધિ શબ્દ દ્વારા અભિધેય રૂપ જે ધર્મ છે તે, તથા બોધિસંપન્ન જીવરૂપે અભિધેય જે ધર્મ છે તે, તથા બોધિના પ્રતિપક્ષભૂત જે મોહરૂપ અભિધેય છે તે અને મોહવાળા જીવરૂપ જે અભિધેય છે તે, આ પ્રકારે કથિત ધર્મવિશેષ ત્રણ પ્રકારનો છે. એજ વાત હવે સૂત્રકાર સૂત્ર ચતુષ્ક દ્વારા કહે છે-" तिविहा बोही पण्णत्ता " ઈત્યાદિ—

બોધિના ત્રણ પ્રકાર કહ્યા છે-(૧) જ્ઞાનબોધિ, (૨) દર્શનબોધિ અને (૩) ચારિત્રબોધિ. બુદ્ધના પણ નીચે પ્રમાણે ત્રણ પ્રકાર કહ્યા છે-(૧) જ્ઞાનબુદ્ધ, (૨) દર્શનબુદ્ધ અને (૩) ચારિત્રબુદ્ધ. એજ પ્રમાણે મોહ પણ ત્રણ પ્રકારનો છે અને મૂઢ પણ ત્રણ પ્રકારનો છે.

સમ્યગ્ બોધને બોધિ કહે છે. આ સમ્યગ્ બોધ જીવનો ઉપયોગરૂપ ધર્મ છે. તે જ્ઞાન, દર્શન અને ચારિત્રના ભેદથી ત્રણ પ્રકારનો છે. જ્ઞાનવિષયક સમ્યગ્ બોધને જ્ઞાનબોધિ કહે છે, દર્શનવિષયક સમ્યગ્ બોધને દર્શનબોધિ કહે છે, અને ચારિત્રવિષયક સમ્યગ્ બોધને ચારિત્રબોધિ કહે છે. બોધિથી યુક્ત જીવોને

બુદ્ધ કહે છે. તે બુદ્ધના પણ ત્રણ પ્રકાર કહ્યા છે-(૧) જ્ઞાનબુદ્ધ, (૨) દર્શન-બુદ્ધ અને ચારિત્રબુદ્ધ. જ્ઞાનવિષયક બોધિથી યુક્ત જીવોને જ્ઞાનબુદ્ધ કહે છે, દર્શનવિષયક બોધિથી યુક્ત જીવોને દર્શનબુદ્ધ કહે છે અને ચારિત્રવિષયક બોધિથી યુક્ત જીવોને ચારિત્રબુદ્ધ કહે છે.

એ જ પ્રમાણે મોહ પણ ત્રણ પ્રકારનો કહ્યો છે-(૧) જ્ઞાનમોહ, (૨) દર્શનમોહ અને ચારિત્રમોહ. આ ત્રણે પ્રકારના મોહથી યુક્ત જીવોને ત્રિવિધ મૂઢ કહે છે. જ્ઞાનને જે આચ્છાદિત કરે છે-મોહિત કરે છે-તેનું નામ જ્ઞાન મોહ છે. તે જ્ઞાનમોહ (જ્ઞાનવિષયક મોહ) જ્ઞાનાવરણીય આદિ રૂપ હોય છે. યથાવસ્થિત વસ્તુનો જે પરિચ્છેદ છે તેનું નામ દર્શન છે. આ દર્શનને જે મોહિત કરે છે, તેને દર્શનમોહ કહે છે. તે સમ્યગ્દર્શન મોહના ઉદયરૂપ છે. ચારિત્રમાં જે મલિનતામાં કારણભૂત બને છે તે મોહને ચારિત્રમોહ કહે છે. જે જીવોના જ્ઞાનાવરણીય કર્મોનો ઉદય હોય છે તે જીવો જ્ઞાનમૂઢ હોય છે, મિથ્યાદૃષ્ટિ જીવો દર્શનમૂઢ હોય છે, જેમનું ચારિત્ર આચ્છાદિત છે-જે અવ્રતી છે તેમને ચારિત્રમૂઢ કહે છે. ॥ સૂ. ૩૩ ॥

પ્રવજ્યા અંગીકાર કરીને જ જીવો ચારિત્રબુદ્ધ બની શકે છે. તેથી હવે સૂત્રકાર તે પ્રવ્રજ્યાનું ભેદસહિત નિરૂપણ કરે છે—

## ભેદસહિત પ્રવ્રજ્યાકા નિરૂપણ

" तिविहा पव्वज्जा पण्णत्ता " ઈત્યાદિ—

સૂત્રાર્થ-પ્રવ્રજ્યાના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર કહ્યા છે-(૧) ઇહ પ્રતિબદ્ધા, (૨) પરલોક પ્રતિબદ્ધા, અને (૩) ઉભયલોક પ્રતિબદ્ધા. પ્રવ્રજ્યાના નીચે પ્રમાણે પણ ત્રણ પ્રકાર કહ્યા છે-(૧) પુરતઃ પ્રતિબદ્ધા, (૨) માર્ગતઃ પ્રતિબદ્ધ અને (૩) દ્વિધાતઃ પ્રતિબદ્ધ. પ્રવ્રજ્યાના આ પ્રમાણે ત્રણ પ્રકાર કહ્યા છે-(૧) તોદયિત્વા

(૨) પ્લાવયિત્વા અને (૩) ઉકત્વા. પ્રવ્રજ્યાના આ પ્રમાણે પણ ત્રણ પ્રકાર કહ્યા છે–(૧) અવપાત પ્રવ્રજ્યા, (૨) આખ્યાત પ્રવ્રજ્યા અને (૩) સંગાર પ્રવ્રજ્યા.

ટીકાર્થ–જે પ્રવ્રજ્યા આ લોકસંબંધી ભોજનાદિ કાર્ય નિમિત્તે ગ્રહણ કરવામાં આવી હોય છે, તે પ્રવ્રજ્યાને ઇહલોક પ્રતિબદ્ધા કહે છે. પ્રવ્રજ્યા લેનારો જીવ કદાચ એવી માન્યતાથી પ્રેરાઇને દીક્ષા લેતો હોય કે પ્રવ્રજ્યા લેવાથી મારી ખાવા પીવા આદિની મુશ્કેલીઓ દૂર થઈ જશે અને કોઈ પણ પ્રકારના પરિશ્રમ વિના હું ખૂબ આનંદપૂર્વક મારૂં જીવન વ્યતીત કરી શકીશ, તો તે પ્રકારની પ્રવ્રજ્યાને આ લોક પ્રતિબદ્ધ પ્રવ્રજ્યા કહે છે. પરભવમાં દેવાદિકોની ઋદ્ધિ પ્રાપ્ત કરવાની ભાવનાથી પ્રેરાઇને જે પ્રવ્રજ્યા ગ્રહણ કરવામાં આવે છે, તે પ્રવ્રજ્યાને પરલોક પ્રતિબદ્ધા પ્રવ્રજ્યા કહે છે. જે પ્રવ્રજ્યા આલોક અને પરલોક સંબંધી ઋદ્ધિ આદિની પ્રાપ્તિ નિમિત્તે ગ્રહણ કરવામાં આવે છે, તે પ્રવ્રજ્યાને દ્વિધાતઃ પ્રતિબદ્ધ પ્રવ્રજ્યા કહે છે. જે પ્રવ્રજ્યા અનેક શિષ્યોનો સંગ્રહ કરવાની ઇચ્છાથી ગ્રહણ કરવામાં આવે છે, એટલે કે " પ્રવ્રજ્યા ગ્રહણ કરવાથી મને અનેક શિષ્યો મળી જશે અને હું તેમનો ગુરુ બની જઈશ, " આ પ્રકારની ભાવનાથી પ્રેરાઇને જે પ્રવ્રજ્યા ગ્રહણ કરવામાં આવે છે તે પ્રવ્રજ્યાને " પુરતઃ પ્રતિબદ્ધ પ્રવ્રજ્યા કહે છે. " દીક્ષા અંગીકાર કરીને હું મારા સ્વજનોનું પોષણ કરીશ, " આ પ્રકારની ભાવનાથી પ્રેરાઇને અંગીકાર કરેલી પ્રવ્રજ્યાને " માર્ગતઃ પ્રતિબદ્ધ પ્રવ્રજ્યા " કહે છે. ઉપર કહેલી બંને હેતુઓ સાધવાના આશયથી જે પ્રવ્રજ્યા ગ્રહણ કરાય છે તેને " દ્વિધાતઃ પ્રતિબદ્ધ પ્રવ્રજ્યા " કહે છે. દેવમાયાથી શરીરમાં વ્યથા ઉત્પન્ન કરાવીને જે પ્રવ્રજ્યા અપાય છે તે પ્રવ્રજ્યાને ' તોદયિત્વા પ્રવ્રજ્યા " કહે છે. જે પ્રવ્રજ્યામાં દીક્ષા લેનારને બીજે લઇ જઇને દીક્ષા અપાય છે, તે પ્રવ્રજ્યાને ' પ્લાવયિત્વા પ્રવ્રજ્યા ' કહે છે. કહીને જે પ્રવ્રજ્યા અપાય છે તેને " ઉકત્વા પ્રવ્રજ્યા " કહે છે. ગુરુની સેવા કરવાથી અથવા કરવા નિમિત્તે જે દીક્ષા

લેવાય છે તેને અવપાત પ્રવ્રજ્યા કહે છે. ધર્મની દેશના દઇને જે દીક્ષા અપાય છે તેને અથવા ગુરુના કહેવાથી જેને દીક્ષા આપવામાં આવે છે, તે દીક્ષાને "આખ્યાત પ્રવ્રજ્યા" કહે છે. સંગાર એટલે સંકેત. સંકેત કરીને મેતાર્ય આદિની જેમ જે દીક્ષા આપવામાં આવે છે અથવા ગ્રહણ કરવામાં આવે છે તે દીક્ષાને 'સંગાર પ્રવ્રજ્યા' કહે છે. અથવા "જો તમે દીક્ષા લો તો હું પણ દીક્ષા લઉં," આ પ્રકારના સંકેતપૂર્વક જે પ્રવ્રજ્યા ગ્રહણ કરાય છે, તે પ્રવ્રજ્યાને "સંગાર પ્રવ્રજ્યા" કહે છે. ॥ સૂ. ૩૪ ॥

પૂર્વોક્ત પ્રવ્રજ્યાવાળા નિર્ગ્રંથો હોય છે, તેથી હવે સૂત્રકાર નીચેનાં બે સૂત્રો દ્વારા નિર્ગ્રંથનું કથન કરે છે-" तओ नियंठा " ઈત્યાદિ—

સૂત્રાર્થ–જે નિર્ગ્રંથો આહારાદિની અભિલાષા રૂપ સંજ્ઞામાં ઉપયુક્ત હોતા નથી, એવાં તે નિર્ગ્રંથોના પુલાક નિર્ગ્રંથ અને સ્નાતક આદિના ભેદથી ત્રણ પ્રકાર છે. તથા જે નિર્ગ્રંથ આહારાદિની અભિલાષારૂપ સંજ્ઞામાં ઉપયુક્ત હોય છે અને તે પ્રકારની સંજ્ઞાના અભાવરૂપ અસંજ્ઞામાં ઉપયુક્ત હોય છે, એટલે કે સંજ્ઞા અને અસંજ્ઞા એ બન્નેમાં સંકીર્ણ સ્વરૂપવાળા હોય છે એવાં નિગ્રંથો પણ ત્રણ પ્રકારના હોય છે-(૧) બકુશ, (૨) પ્રતિસેવનાકુશીલ અને (૩) કષાયકુશીલ

ટીકાર્થ–બાહ્ય અને આભ્યન્તર પરિગ્રહનો જેમણે તદ્દન પરિત્યાગ કર્યો હોય છે તેમને નિર્ગ્રંથ કહે છે. તે નિર્ગ્રંથોમાંના કેટલાક નિર્ગ્રંથો એવાં હોય છે કે જેઓ આહારાદિની સંજ્ઞામાં ઉપયુક્ત હોતા નથી. એટલે કે તેઓ પૂર્વોપભુક્ત આહારાદિના વિચારમાં અથવા અનાગત (ભવિષ્યના) આહારની ચિન્તામાં ઉપયુક્ત હોતા નથી. એવાં આહારાદિ સંજ્ઞામાં અનુપયુકત નિર્ગ્રંથના પુલાક આદિ ત્રણ પ્રકાર પડે છે. જે નિગ્રંથો વિશિષ્ટ લબ્ધિસંપન્ન હોય છે તથા સંયમ પ્રત્યે જેમને વિશેષ અનુરાગ નથી, તે નિર્ગ્રન્થોને પુલાક કહે છે.

આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–પુલાક નિર્ગ્રંથો ઉત્તરગુણોનું ઉત્તમ રીતે પાલન કરતા નથી એટલું જ નહી પણ તેઓ મૂલગુણોમાં પણ પૂર્ણતા-

યુક્ત હોતા નથી. આ પ્રકારની પરિસ્થિતિમાં પણ તેઓ વીતરાગપ્રણીત આગમથી કદી ચલિત થતા નથી. પુલાક એટલે ઘાસના પુળા જેમ પુળા સારભાગથી રહિત હોય છે, તેમ તે પુલાક નિર્ગ્રંથો પણ સારભાગથી રહિત હોય છે. જેમણે રાગદ્વેષનો અભાવ કરી નાખ્યો છે અને જેઓ અન્તર્મુહૂર્ત બાદ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરવાના છે, તેમને નિર્ગ્રંથ કહે છે. એવાં તે જીવો ઉપશાન્ત મોહ અથવા ક્ષીણમોહ નામના ગુણસ્થાને પહોંચેલા હોય છે. જેમનામાં સર્વજ્ઞતા પ્રકટ થઈ ચુકી છે, એટલે કે જેમણે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અન્તરાય, આ ચાર ઘાતીકર્મોનો નાશ કરીને સર્વજ્ઞતા પ્રાપ્ત કરી લીધી હોય છે, તેમને સ્નાતક કહે છે. તથા સંજ્ઞા નોસંજ્ઞોપયુકત જે નિર્ગ્રંથો છે તેમના બકુશ આદિ ત્રણ ભેદ કહ્યા છે. જે નિર્ગ્રંથો શરીર અને ઉપકરણોને સંસ્કારિત કરતા રહે છે, ઋદ્ધિ અને યશની અભિલાષા રાખે છે, પરિવારથી વીંટળાયેલા રહે છે અને મોહજન્ય દોષથી યુક્ત હોય છે તેમને બકુશ કહે છે. તે બકુશ નિર્ગ્રંથો વ્રતોનું બરાબર પાલન કરે છે પણ તેમનું ચારિત્ર અતિચાર દોષોથી યુક્ત હોય છે. પરિગ્રહ પ્રત્યેની જેમની આસકિત ઘટી નથી, તથા મૂલગુણો અને ઉત્તરગુણોને પાળવા છતાં પણ જેઓ કયારેક ઉત્તરગુણોની વિરાધના કરી નાખે છે, તેમને પ્રતિસેવનાકુશીલ કહે છે. જે નિર્ગ્રંથો અન્ય કષાયોપર કાબૂ રાખવા છતાં પણ સંજ્વલન કષાયને અધીન છે તેમને કષાયકુશીલ નિર્ગ્રંથો કહે છે. ॥ સૂ. ૩૫ ॥

## વ્રતારોપણકે કાલકા નિરૂપણ

નિર્ગ્રંથ થયેલા કેટલાક જીવો આરોપિત વ્રતવાળા પણ હોય છે, તેથી હવે સૂત્રકાર વ્રતારોપણ કાળવિશેષોની પ્રરૂપણા કરવા નિમિત્તે શૈક્ષભૂમિ અને સ્થવિરભૂમિનું કથન કરે છે–" तओ सेहभूमिओ पण्णत्ताओ " ઈત્યાદિ—

શૈક્ષભૂમિઓ ત્રણ પ્રકારની કહી છે-(૧) ઉત્કૃષ્ટ શૈક્ષભૂમિ, (૨) મધ્યમ શૈક્ષભૂમિ અને (૩) જઘન્ય શૈક્ષભૂમિ. ઉત્કૃષ્ટ શૈક્ષભૂમિનો કાળ છ માસનો, મધ્યમ શૈક્ષભૂમિનો કાળ ચાર માસનો અને જઘન્ય શૈક્ષભૂમિનો કાળ સાત રાત્રિદિવસનો હોય છે.

સૂત્રાર્થ-સ્થવિર ભૂમિઓ પણ ત્રણ પ્રકારની કહી છે-(૧) જાતિ સ્થવિરની ભૂમિ, (૨) શ્રુત સ્થવિરની ભૂમિ અને (૩) પર્યાય સ્થવિરની ભૂમિ. ૬૦ વર્ષની ઉમરના નિર્ગ્રંથને જાતિસ્થવિર કહે છે, સ્થાનાંગ અને સમવાયાંગસૂત્રના ધારક નિર્ગ્રંથને શ્રુતસ્થવિર કહે છે અને જેણે પ્રવ્રજ્યા ગ્રહણ કર્યાને ૨૦ વર્ષ થઇ ગયાં છે એવા સ્થવિરને પર્યાય સ્થવિર કહે છે.

ટીકાર્થ-શૈક્ષભૂમિઓ અથવા સેધભૂમિઓ જે ત્રણ પ્રકારની કહી છે તેમાં ગ્રહણ અથવા આસેવનરૂપ શિક્ષાનું જે અધ્યયન કરે છે તેને શૈક્ષ કહે છે. અથવા "षिधूसंराद्धौ" ના અનુસાર જે તૈયાર કરાય છે તેને સેધ કહે છે. તેની જે ભૂમિઓ છે-મહાવ્રતારોપણ કાળરૂપ જે અવસ્થાઓ છે, તેમને શૈક્ષભૂમિઓ કહે છે. તેના ઉત્કૃષ્ટ આદિ ત્રણ પ્રકાર કહ્યા છે. છ માસમાં જ ( તેનાથી અધિક સમયમાં નહીં ) જેને આરોપિત ( આરાધિત ) કરાય છે, તેનું નામ છમાસિક ઉત્કૃષ્ટ શૈક્ષભૂમિ છે. ચાર માસમાં જ જેને આરોપિત કરાય છે, તેનું નામ મધ્યમા શૈક્ષભૂમિ છે. સાત દિનરાતમાં જ જેને આરોપિત કરવામાં આવે છે, તેનું નામ જઘન્ય શૈક્ષભૂમિ છે. સ્થવિર ભૂમિઓ ( વૃદ્ધની ભૂમિઓ ) ના પણ ત્રણ પ્રકાર છે-(૧) જાતિસ્થવિરની ભૂમિ અને (૨) શ્રુતસ્થવિરની ભૂમિ અને (૩) પર્યાય સ્થવિરની ભૂમિ. જાતિથી ( જન્મથી ) જે સ્થવિર હોય છે-૬૦ વર્ષની જેમની ઉમર હોય છે-એવા સ્થવિરને જાતિસ્થવિર કહે છે. શ્રુત એટલે આગમ. તે આગમના જ્ઞાનની અપેક્ષાએ જેવો સ્થવિર હોય છે, તેમને શ્રુત-સ્થવિર કહે છે. પ્રવ્રજ્યાના અમુક (૨૦ વર્ષના) કાળને કારણે જેઓ સ્થવિર ગણાય છે, તેમને પર્યાયસ્થવિર કહે છે. અહીં ભૂમિ અને ભૂમિવાન્ વચ્ચે અભેદોપચારની અપેક્ષાએ આ પ્રકારનું કથન કરવામાં આવ્યું છે. ૬૦ વર્ષની ઉમર-વાળા શ્રમણનિર્ગ્રંથને જાતિસ્થવિર કહે છે. સ્થાનાંગ અને સમવાયાંગના ધારક શ્રમણનિર્ગ્રંથને શ્રુતસ્થવિર કહે છે. ૨૦ વર્ષથી જે પ્રવ્રજ્યાનું પાલન કરી રહ્યા હોય છે તેમને પર્યાયસ્થવિર કહે છે. ॥ સૂ. ૩૬ ॥

પુરુષો જ સ્થવિર હોય છે, તેથી હવે સૂત્રકાર પુરુષના ભેદોનું ૧૨૭ સૂત્રો દ્વારા નિરૂપણ કરે છે-" तओ पुरिसजाया पण्णत्ता " ઇત્યાદિ—

ટીકાર્થ—પુરુષના ત્રણ પ્રકાર કહ્યા છે-(૧) સુમન, (૨) દુર્મન અને (૩) નો-સુમન નોદુર્મન. જેનુ મન (ચિત્ત) શોભન હોય છે એવા તે હર્ષવાળા પુરુષને સુમના પુરુષ કહે છે. જેનું ચિત્ત અશોભન (દુષ્ટ) હોય છે, એવા દુષ્ટ પુરુષને દુર્મના પુરુષ કહે છે. જે સુમના પણ નથી અને દુર્મના પણ નથી, પરન્તુ મધ્યસ્થ ભાવવાળો છે તેને નોસુમના નોદુર્મના પુરુષ કહે છે. આ રીતે આ પહેલા સૂત્રમાં સામાન્યરૂપે આ પુરુષ પ્રકારોનું કથન થયું છે.

હવે સૂત્રકાર એજ પુરુષ પ્રકારોનું ગતિ આદિ ક્રિયાની અપેક્ષારૂપ વિશેષતાની અપેક્ષાએ ૧૨૭ સૂત્રો દ્વારા કથન કરે છે, (૧) જે ભૂતકાળમાં કોઇ મગધ, વિદેહ આદિ ક્ષેત્રમાં જઇને હર્ષિત થાય છે, (૨) કોઈ હર્ષિત થતાં નથી—દુઃખી થાય છે, અને (૩) કોઇક પુરુષ એવો પણ હોય છે કે જે હર્ષિત પણ થતો નથી અને દુઃખિત પણ થતો નથી, પરન્તુ સમભાવવાળો રહે છે. આ ભૂતકાળ વિષયક સૂત્રનાં જેવાં, વર્તમાન અને ભવિષ્યકાળ વિષયક બે સૂત્રો પણ સમજી લેવાં. વર્તમાનકાળના સૂત્રમાં " यामि " અને ભવિષ્યકાળના સૂત્રમાં " यास्यामि " ક્રિયાપદ વાપરીને તે બન્ને સૂત્રો બનાવી શકાશે. આ કથનનો ભાવાર્થ એવો છે કે " મગધાદિ ભૂમિમાં હું જાઉં છું, " આ પ્રકારના વિચારથી કોઇક માણસ હર્ષિત થાય છે, તો કોઇક માણસ આ પ્રકારના વિચારથી દુઃખિત થાય છે, અને કોઇક માણસ આ પ્રકારના વિચારથી દુઃખી પણ થતો નથી અને સુખી પણ થતો નથી, પણ બન્ને અવસ્થામાં

સમભાવવાળો જ રહે છે. એ જ પ્રમાણે " यास्यामि " ક્રિયાપદ વાપરીને સુમના ( હર્ષિત ) આદિ કોનું કથન થવું જોઇએ.

" तओ पुरिसजाया पण्णत्ता " નીચે પ્રમાણે ત્રણ પ્રકારના પુરુષો પણ કહ્યા છે-જેમકે " अगंता " કોઈક પુરુષ ત્યાં વિહાર આદિ ક્ષેત્રમાં નહીં આવવા છતાં પણ હર્ષિત થાય છે, કોઈ નહીં જવાથી દુઃખીત થાય છે અને કોઈ ત્યાં નહીં જવા છતાં પણ હર્ષશોકથી રહિત ( સમભાવયુક્ત ) જ રહ્યા છે. આ " न यामि, न यास्यामि " ત્રણ સૂત્ર પ્રતિષેધસૂત્ર છે. તથા " आगंता " ઈત્યાદિ ત્રણ સૂત્ર આગમન સૂત્ર છે. તે પણ સુમન, દુર્મન અને તે બન્નેના નિષેધરૂપ છે, તથા ભૂત, ભવિષ્ય અને વર્તમાનની સાથે સંબંધ રાખનારાં છે. એટલે કે કોઈ જીવ મગધ, વિદેહ આદિ ભૂમિમાંથી ભૂતકાળમાં પાછો ફરીને હર્ષિત થયો છે, કોઇક ત્યાંથી પાછો ફરીને દુઃખી થયો છે, અને કોઈ ત્યાંથી પાછો ફરીને મધ્યસ્થ ભાવમાં રહ્યો છે. એ જ પ્રમાણે " ત્યાંથી પાછો ફરીશ " એવા ખ્યાલથી કોઈ હર્ષિત થશે, કોઈ દુઃખી થશે અને કોઈ મધ્યસ્થ ભાવમાં જ રહેશે, આ ઉક્ત અનુક્ત સૂત્રોનો સંગ્રહ કરવાને માટે સૂત્રકારે આ ગાથાપંચકનું કથન કર્યું છે.

" गंताय, आगंताय " ઈત્યાદિ—

આ પ્રકારે गत्वा ( જઇને ) ના ૩, अगत्वा ( ગયા વિના ) ના ૩, અને आगम्य ( આવીને ) ના ૩ મળીને કુલ નવ સૂત્રોનું તો સૂત્રકારે અહીં કથન કરી દીધું છે, જે " गंता य अगंता य आगंता " આ ગાથાના ત્રણ પદો દ્વારા પ્રકટ કરવામાં આવેલ છે. તથા જેમનું અહીં કથન કરવામાં આવ્યું નથી, તે પદોનું ગાથા દ્વારા સૂચન કરવામાં આવ્યું છે—

" अणागंता–अनागत्य, चिट्ठित्ता–स्थित्वा, अचिट्ठित्ता–अस्थित्वा, णिसिइत्ता निषद्य, अणिसिइत्ता–अनिषिद्य, हंता–हत्वा, अहंता–अहत्वा, छिंदित्ता–छित्वा, अछिंदित्ता–अच्छित्वा, बूइत्ता–उक्त्वा, अबूइत्ता–अनुक्त्वा, भासित्ता–भाषित्वा, अभासित्ता–अभाषित्वा, दत्ता–दत्वा, अदत्ता–अदत्वा, भुंजित्ता–भुक्त्वा, अभुंजित्ता अभुक्त्वा, लंभित्ता–लब्ध्वा, अलंभित्ता–अलब्ध्वा, पिइत्ता–पीत्वा, अपिइत्ता–अपीत्वा, सुइत्ता–सुप्त्वा असुइत्ता–असुप्त्वा, जुज्झित्ता–युद्ध्वा, अजुज्झित्ता–अयुद्ध्वा, जइत्ता–जित्वा अजइत्ता–अजित्वा, पराजिणित्ता–पराजित्य, अपराजित्य, शब्द, रूप, गंध, रस,

સ્પર્શ" આ કુલ ૨૧ પદ છે. તે ૨૧ પદોને અનુલક્ષીને કુલ ૧૨૭ સૂત્ર થાય છે. જેમનું વિવરણ નીચે પ્રમાણે છે—

ગત્વાના ત્રણ અને અગત્વાના ત્રણ, આગંતાના ત્રણ અને અણાગંતાના ત્રણ ઇત્યાદિ રૂપે એક એક પદના ૬-૬ આલાપક થાય છે. "आगंता" પર્યન્તના ત્રણ આલાપક ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળમાં સુમના (હર્ષિત), દુર્મના (દુઃખિત) અને મધ્યસ્થ ભાવયુકત હોવા વિષે, સૂત્રકારે આગળ પ્રકટ કરી દીધાં છે. હવે "अणागंता" પદના જે આલાપકો બને છે તે નીચે પ્રકટ કરવામાં આવ્યા છે-" अणागंता नामेगे सुमणे भवइ१, अणागंता नामेगे दुम्मणे भवइ२, अणागंता नामेगे नोसुमणे णोदुम्मणे भवइ" એ જ પ્રમાણે "न आगच्छामि" આ ક્રિયાપદ લઈને આ પ્રમાણે કહેવું જોઇએ-"હું આવતો નથી," આ પ્રકારના વિચારથી કોઈક જીવ સુમના (હર્ષિત) થાય છે, કોઈક જીવ દુર્મના (દુઃખિત) થાય છે અને કોઈક જીવ મધ્યસ્થ ભાવમાં જ રહે છે. "न आगमिष्यामि" આ ક્રિયાપદ વાપરીને આ પ્રમાણે આલાપક બનાવવા જોઇએ-"હું નહીં આવું" એવો ખ્યાલ કરીને કોઈક જીવ સુમના થાય છે, કોઈક જીવ દુર્મના થાય છે અને કોઈક જીવ મધ્યસ્થભાવમાં જ રહે છે.

આ રીતે સુમના દુર્મના આદિ થવા વિષેના ત્રણે કાળવિષયક ત્રણ સૂત્રોને પૂર્વોક્ત સૂત્રોમાં ઉમેરવાથી ૧૨ સૂત્રનું કથન પૂરૂં થાય છે. એ જ પ્રમાણે કોઇ મનુષ્ય ઊભો રહીને સુમના થાય છે, કોઇ મનુષ્ય ઊભો રહીને દુર્મના થાય છે અને કોઈ મનુષ્ય ઊભો રહીને સુમના કે દુર્મના થવાને બદલે મધ્યસ્થ ભાવમાં જ રહે છે. એ જ પ્રમાણે સુમના, દુર્મના અને મધ્યસ્થ ભાવયુક્ત થવાના વિકલ્પો "चिट्ठामि चिट्ठिस्सामि" અહીં પણ થાય છે. આ રીતે ૧૮ સૂત્રોનું કથન પૂરૂં થાય છે. એ જ પ્રમાણે બધાં ક્રિયાપદો સાથે પણ સમજવું. એટલે કે निषद्य अनिषद्य, हत्वा अहत्वा, छित्वा, अच्छित्वा, उक्त्वा, अनुक्त्वा, भाषित्वा, अभाषित्वा, दत्वा, अदत्वा, भुक्त्वा, अभुक्त्वा, लब्ध्वा, अलब्ध्वा पीत्वा, अपीत्वा, सुप्त्वा, असुप्त्वा, युद्ध्वा, अयुद्ध्वा, जित्वा, अजित्वा,

पराजित्य અને अपराजित्य આ પદોની સાથે પણ સુમના, દુર્મના અને મધ્યસ્થ હોવાનું કથન ત્રણે કાળને અનુલક્ષીને કરવું જોઇએ. હવે આ પદોનો અર્થ સ્પષ્ટ કરવામાં આવે છે—

निषिद्य=બેસીને, अनिषिद्य=બેઠાં વિના, हत्त्वा=હણીને, अहत्त्वा=હણ્યા વિના, छित्त्वा=છેદીને, अछित्त्वा=છેદ્યા વિના, उकृत्त्वा=પદ, વાક્ય આદિ બોલીને, अनुककृत्त्वा=નહીં બોલીને, भाषित्वा=ભાષણ કરવા યોગ્ય કોઈની સાથે ભાષણ કરીને, अभाषित्वा=નહીં ભાષણ કરવા યોગ્ય એવી કોઇ વ્યક્તિ સાથે ભાષણ નહીં કરીને, दत्वा=આપીને, अदत्वा=નહીં આપીને, मुक्त्वा=ખાઇને, अमुक्त्वा= નહીં ખાઇને, लब्ध्वा=પ્રાપ્ત કરીને, अलब्ध्वा=પ્રાપ્ત નહીં કરીને, पीत्वा=પીને, अपीत्वा=પીધા વિના, सुप्त्वा=સૂઈને, असुप्त्वा=શયન નહીં કરીને, युद्ध्वा= યુદ્ધ કરીને, अयुद्ध्वा=યુદ્ધ નહીં કરીને, जित्वा=જીતીને, अजित्वा=નહીં જીતીને, पराजित्य=હાર પ્રાપ્ત કરીને, अपराजित्य=પરાજય પ્રાપ્ત નહીં કરીને, આ બધી ક્રિયાઓ કરીને કોઈ મનુષ્ય હર્ષિત થાય છે, કોઈ મનુષ્ય દુઃખિત થાય છે અને કોઇ મનુષ્ય મધ્યસ્થભાવમાં રહે છે, આ પ્રકારનું કથન ત્રણે કાળને અનુલક્ષીને કરવાથી પ્રત્યેક પદના ત્રણ ત્રણ સૂત્ર બને છે. “ निषिद्य ” થી લઇને “ अपराजित्य” પર્યન્તના ૧૩ પદોનાં કુલ ૧૩×૬=૭૮ અઠયોતેરસૂત્ર બને છે. આ ૭૮ સૂત્રોને પૂર્વોકત ૧૮ સૂત્રોમાં ઉમેરવાથી કુલ ૯૬ સૂત્ર બને છે. એ જ પ્રમાણે “ શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ ” ની અપેક્ષાએ પ્રત્યેક વિષયમાં વિધિ પ્રતિષેધની અપેક્ષાએ ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળ સંબંધી ૬-૬ સૂત્ર બને છે. જેમકે....

કોઈ મનુષ્ય શબ્દને સાંભળીને ભૂતકાળમાં સુમના (હર્ષિત) થયો હોય છે, કોઇ દુર્મના થયો હોય છે અને કોઈ મધ્યસ્થભાવમાં રહ્યો હોય છે. શબ્દને સાંભળીને વર્તમાન કાળે કોઈ સુમના થાય છે, કોઈ દુર્મના થાય છે અને કોઈ મધ્યસ્થભાવમાં રહે છે. શબ્દને સાંભળીને કોઈ ભવિષ્યમાં સુમના થશે, કોઇ દુર્મના થશે અને કોઈ મધ્યસ્થભાવમાં રહેશે. આ પ્રમાણે વિધિ· વિષયક ત્રણ સૂત્ર છે, એ જ પ્રમાણે પ્રતિષેધની અપેક્ષાએ પણ ત્રણ સૂત્ર બને છે. આ રીતે શબ્દમાં વિધિપ્રતિષેધને અનુલક્ષીને કુલ ૬ સૂત્ર બને છે. આ

પદ્ધતિથી રૂપ, ગંધ, રસ અને સ્પર્શ વિષયક પણ ૬-૬ આલાપક સમજવા. આ રીતે બીજા ૩૦ આલાપક બને છે. આગલા ૯૬ સૂત્રોમાં આ ૩૦ સૂત્ર ઉમેરવાથી કુલ ૧૨૬ સૂત્ર બને છે, તેમાં એક સામાન્ય સૂત્ર ઉમેરવાથી કુલ ૧૨૭ સૂત્રો થઈ જાય છે.

પાંચમી સંગ્રહગાથામાં જે " तहेव ठाणा य " આ પ્રકારનો પાઠ કહ્યો છે તેનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-નીચે કહેલાં ત્રણ સ્થાન શીલરહિત-સામાન્ય રીતે શુભ ભાવવર્જિત, નિર્વ્રત-ખાસ કરીને પ્રાણાતિપાત આદિની નિવૃત્તિથી રહિત, નિર્ગુણ-ઉત્તરગુણની અપેક્ષાએ ગુણરહિત, નિર્મર્યાદ-ધર્મમર્યાદા રહિત તથા પૌરુષી (પોરસી) આદિના પ્રત્યાખ્યાનથી રહિત અને પર્વદિનના પોષધ ઉપવાસથી રહિત જીવમાં ગર્હિત હોય છે. તે ત્રણે સ્થાન નીચે પ્રમાણે છે—(૧) ઇહલોક, (૨) ઉપપાત અને (૩) આયાતિ. જે પર્યાયમાં એવા જીવે જન્મ લીધો હોય છે, તે પર્યાય ગર્હિત હોય છે, કારણ કે વ્રતનિયમ આદિથી રહિત હોવાને લીધે તેની તે પર્યાય પાપવૃત્તિથી યુક્ત હોય છે, તેથી તે વિશિષ્ટજનો દ્વારા નિન્દાને પાત્ર બને છે. અહીં ઉપપાત શબ્દ દ્વારા આગામી ભવગ્રહણ કરાયો છે. મૃત્યુ બાદ પાપાત્માઓને નરકાદિ ગતિની પ્રાપ્તિ થાય છે. તેથી તેનો આગામી ભવ પણ ગર્હા ( નિન્દા ) ને પાત્ર બને છે. એ જ પ્રમાણે એવો જીવ જ્યારે નરકાદિ ગતિમાંથી નીકળે છે, ત્યારે કુમાનુષત્વ અથવા તિર્યંચગતિ પ્રાપ્ત કરે છે. તેથી તેની આયતિ પણ ગર્હિત ( નિન્દાને પાત્ર ) હોય છે. પરન્તુ જે જીવો શીલાદિથી યુક્ત હોય છે તેમના ઇહલોક, ઉપપાત અને આયતિ પ્રશસ્ત્ય હોય છે, કારણ કે તે વ્રતનિયમ આદિથી યુકત રહે છે. આ રીતે પવિત્ર પ્રવૃત્તિવાળા તે જીવનો આ જન્મ પણ પ્રશંસાને પાત્ર બને છે, મરણ થયા પછી વૈમાનિક આદિમાં તેનો ઉપપાત થાય છે, તેથી તેનો ઉપપાત પણ પ્રશંસનીય બને છે. વળી ત્યાંથી ચ્યવીને તે સુમાનુષત્વની પ્રાપ્તિ કરે છે, તેથી તેની આયતિ પણ પ્રશંસનીય બને છે. ॥ સૂ. ૩૭ ॥

ઉપર્યુકત સ્થાનોનો સદ્ભાવ ગર્હિત અને પ્રશસ્ત સંસારી જીવોમાં જ હોય છે, તેથી સૂત્રકાર સંસારી જીવોની પ્રરૂપણાપૂર્વક સર્વ જીવોની પ્રરૂપણા સાત સૂત્રો દ્વારા કરે છે-" तिविहा संसारसमावन्नगा जीवा " ઇત્યાદિ—

સૂત્રાર્થ-સંસાર સમાપન્નક જીવોના (સંસારી જીવોના) નીચે પ્રમાણે ત્રણ પ્રકાર કહ્યા છે-(૧) સ્ત્રી, (૨) પુરુષ અને (૩) નપુંસક. સમસ્ત જીવોના ત્રણ પ્રકાર કહ્યા છે-(૧) સમ્યગ્દૃષ્ટિ, (૨) મિથ્યાદૃષ્ટિ, અને (૩) સમ્યગ્મિથ્યાદૃષ્ટિ. અથવા સમસ્ત જીવોના આ પ્રમાણે પણ ત્રણ પ્રકાર પડે છે-૧) પર્યાપ્તક, (૨) અપર્યાપ્તક અને (૩) નોપર્યાપ્તક નોઅપર્યાપ્તક. સમસ્ત સંસારી જીવોના (૧) પરિત્ત, (૨) અપરિત્ત અને (૩) નોપરિત્ત નોઅપરિત્ત, એવા ત્રણ પ્રકાર પડે છે. તથા (૧) સૂક્ષ્મ, (૨) બાદર અને (૩) નોસૂક્ષ્મ નોબાદર, એવા ત્રણ પ્રકાર પડે છે. અથવા (૧) સંજ્ઞી, (૨) અસંજ્ઞી અને (૩) નોસંજ્ઞી નોઅસંજ્ઞી, એવા ત્રણ પ્રકાર પણ પડે છે અથવા (૧) ભવ્ય, (૨) અભવ્ય અને (૩) નોભવ્ય નોઅભવ્ય, એવા ત્રણ પ્રકાર પણ પડે છે.

ટીકાર્થ-પરિભ્રમણ કર્યા કરવું તેનું નામ જ સંસાર છે. જીવ નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિમાં પરિભ્રમણ કર્યા કરે છે તેથી આ ચાર ગતિઓ રૂપ જ સંસાર છે. જે જીવોએ એકીભાવ રૂપે આ સંસારને પ્રાપ્ત કરેલો છે તે જીવોને સંસારસમાપન્નક જીવો અથવા સંસારી જીવો કહે છે. તે સંસારી જીવોના સ્ત્રી, પુરુષ અને નપુંસક, આ ત્રણ પ્રકાર પડે છે, કારણ કે સમસ્ત સંસારી જીવોનો આ ત્રણેમાં સમાવેશ થઈ જાય છે. એકે સંસારી જીવ એવો નથી કે જે આ પ્રકારોમાં આવી જતો ન હોય. જીવાધિકારની અપેક્ષાએ હવે સૂત્રકાર સમસ્ત સંસારી જીવોનું ત્રણ સ્થાનોને અનુલક્ષીને કથન કરે છે-સમસ્ત સંસારી જીવોના સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિના ભેદથી ત્રણ પ્રકાર પડે છે. આ કથનને આધારે સિદ્ધજીવોને સમ્યગ્દૃષ્ટિ જીવો તરીકે ગ્રહણ કરવામાં આવ્યા છે. આગળ જે ભેદો કહ્યા છે તે સંસારી જીવોના ભેદો કહ્યા છે.

અહીં સામાન્ય રીતે એ ભેદોનું કથન કરવામાં આવ્યું છે. આ સામાન્ય કથનમાં સંસારી અને અસંસારી, આ બન્નેનો સમાવેશ થઇ જાય છે. એજ પ્રકારનું કથન હવે જેમનું કથન કરવામાં આવે છે તે જીવો વિષે પણ સમજવું.

જે જીવો પર્યાપ્તિથી યુકત હોય છે તેમને પર્યાપ્ત કહે છે અને જે જીવો પર્યાપ્તિ વિનાના હોય છે તેમને અપર્યાપ્ત કહે છે. જે જીવો પર્યાપ્ત પણ નથી અને અપર્યાપ્ત પણ નથી તેમને નોપર્યાપ્ત નોઅપર્યાપ્ત કહે છે. આ ત્રીજા વિભાગમાં સિદ્ધ જીવોનો સમાવેશ થાય છે. આ પ્રકારના આ બે સૂત્રો અને સંસારી

જીવોનું એક સૂત્ર મળીને ત્રણ સૂત્ર થાય છે, તે સિવાયના ચાર સૂત્રો નીચે પ્રમાણે છે-" सम्मद्दिट्ठी " ઇત્યાદિ.

તેનો આલાપક આ પ્રમાણે છે-"तिविहा सव्वजीवा पण्णत्ता-तंजहा परित्ता, अपरित्ता, नोपरित्ता नोअपरित्ता । तिविहा सव्व जीवा पण्णत्ता-तंजहा सुहुमा, बायरा, नोसुहुमा नोबायरा । तिविहा सव्व जीवा पण्णत्ता-तंजहा संण्णिणो, असंण्णिणो णोसण्णिणो णोअसण्णिणो । तिविहा सव्व जीवा पण्णत्ता तंजहा-भव्वा अभव्वा, नो भव्वा नो अभव्वा " આ સૂત્રોનો અર્થ સરળ છે. પ્રત્યેક શરીર જેમને હોય છે, તે જીવોને પરિત્ત જીવો કહે છે. સાધારણ શરીર જેમને હોય છે તેમને અપરિત્ત કહે છે. આ બન્ને પ્રકારના શરીરથી જેઓ રહિત છે, તેમને નોપરિત્ત નોઅપરિત્ત જીવો કહે છે. એવાં જીવો સિદ્ધ જીવો છે. સૂક્ષ્મ શરીર જેમનું છે તેમને સૂક્ષ્મ જીવો કહે છે, બાદર શરીરવાળા જીવોને બાદર જીવો કહે છે અને જે જીવો સૂક્ષ્મ શરીરવાળા પણ નથી અને બાદર શરીરવાળા પણ નથી તેમને નો સૂક્ષ્મ નો બાદર કહે છે. સિદ્ધ જીવોને નોસૂક્ષ્મ નોબાદર જીવો કહે છે. આહાર આદિ સંજ્ઞા જેમને હોય છે તે જીવોને સંજ્ઞી કહે છે. મનથી રહિત જીવોને અસંજ્ઞી કહે છે, તથા જે જીવો સંજ્ઞી પણ નથી અને અસંજ્ઞી પણ નથી તેમને નોસંજ્ઞી નોઅસંજ્ઞી કહે છે. એવાં સિદ્ધ જીવો જ હોય છે જેમને આગામી કાળમાં અવશ્ય મુકિત મળવાની જ છે એવાં જીવોને ભવ્ય જીવો કહે છે. તેમના કરતાં વિપરીત અભવ્ય જીવો છે. જે ભવ્ય નથી અને અભવ્ય પણ નથી એવાં સિદ્ધ જીવોને નો ભવ્ય નો અભવ્ય કહે છે. ॥ સૂ. ૩૮ ॥

## દિશાઓંકા ઔર દિશાઓંકે આશ્રિત હોનેસે ગત્યાગતિકા નિરૂપણ

આ બધાં જીવો લોકમાં વ્યવસ્થિત ( વિદ્યમાન ) છે. જીવોનું પરલોકમાં ગમનાગમન દિશા અનુસાર થાય છે, તેથી હવે સૂત્રકાર લોકસ્થિતિના નિરૂપણ પૂર્વક દિશાઓનું નિરૂપણ કરે છે અને દિશાઓને આશ્રિત હોવાને કારણે ગત્યાગતિ આદિનું પણ નિરૂપણ કરે છે-" तिविहा लोगट्ठिई पण्णत्ता " ઇત્યાદિ.

સૂત્રાર્થ-લોકની સ્થિતિ ત્રણ પ્રકારની કહી છે-(૧) આકાશ પ્રતિષ્ઠિત વાયુ, વાયુ-પ્રતિષ્ઠિત ઘનોદધિ અને (૩) ઘનોદધિ પ્રતિષ્ઠિત પૃથ્વી. દિશાઓ ત્રણ કહી છે (૧) ઉર્ધ્વદિશા અને (૨) અધોદિશા અને (૩) તિર્યગ્દિશા. આ ત્રણ દિશા-

ઓમાંથી જ જીવોની ગતિ થાય છે. (૧) ઉર્ધ્વદિશામાંથી, (૨) અધોદિશામાંથી અને (૩) તિર્યગ્દિશામાંથી. એ જ પ્રમાણે આગતિ, વ્યુત્ક્રાન્તિ, આહાર, વૃદ્ધિ, નિર્વૃદ્ધિ, ગતિપર્યાય, સમુદ્ઘાત, કાલસંયોગ, દર્શનાભિયોગ, જ્ઞાનાભિગમ અને જીવાભિગમ, આ બધું પણ દિશાઓને અનુસાર જ થાય છે.

આ ત્રણ દિશાઓમાંથી જ જીવોના અજીવાભિગમ કહ્યા છે. એ જ પ્રમાણે મનુષ્યો અને તિર્યંચોની ગતિ, આગતિ આદિના વિષયમાં પણ સમજવું. ટીકાર્થ–સમસ્ત દ્રવ્ય આકાશમાં પ્રતિષ્ઠિત (વિદ્યમાન) છે, તેથી અહીં વાયુને આકાશ પ્રતિષ્ઠિત કહ્યો છે. વાત પદ દ્વારા અહીં તનુવાત અને ઘનવાતને ગ્રહણ કરવામાં આવેલ છે. આકાશ કોઇ અન્ય દ્રવ્યને આધારે રહેલું નથી, કારણ કે તે સૌથી મોટું છે, તે પોતાને આધારે જ રહેલું છે. તેથી સૂત્રકારે તેના આધાર વિષે અહીં કંઇ પણ કહ્યું નથી. પહેલા તનુવાત છે અને તેની ઉપર ઘનવાત છે. તે ઘનવાત તમસ્તમા આદિ જે સાત નારકો છે તેમના આધારરૂપ છે, તેથી તે તેમની નીચે રહેલો છે અને અત્યન્ત ઘનરૂપ–પિંડીભૂત છે. આ ઘનવાતને આશ્રિત જે ઉદધિ છે તેનું નામ ઘનોદધિ છે. તે ઘનોદધિ હિમશિલાની જેમ પાણીના નિચય (ભંડાર) રૂપ છે. આ ઘનોદધિને આશ્રિત તમસ્તમા આદિ નરકો છે. જો કે " આકાશ પ્રતિષ્ઠિત ઇષત્પ્રાગ્ભારા પૃથ્વી " ઇત્યાદિ ક્રમથી પણ લોકસ્થિતિનું કથન કરી શકાય છે, છતાં પણ " આકાશ પ્રતિષ્ઠિત વાયુ " ઈત્યાદિ ક્રમથી જે લોકસ્થિતિ કહેવામાં આવી છે તે એ અભિપ્રાયથી જ કહી છે કે અધોભાગથી લઇને (શરૂ કરીને) જ લોકસ્થિતિ હોય છે.

હવે સૂત્રકાર દિશાઓને અનુલક્ષીને ગતિ, આગતિનું નિરૂપણ કરવા નિમિત્તે ૧૪ સૂત્રોનું કથન કરે છે. તે સૂત્રો આ પ્રમાણે છે—

" तओ दिसाओ " ઇત્યાદિ.

અમુક વસ્તુ પૂર્વ આદિમાં છે એવું જેને કારણે કહેવાય છે, તેનું નામ દિશા છે. તેના ત્રણ ભેદ નીચે પ્રમાણે છે–(૧) ઉર્ધ્વદિશા, (૨) અધોદિશા

અને તિર્યગ્દિશા. આ ત્રણ દિશાઓમાંથી જ જીવોનું ગમન થાય છે. નામાદિકના ભેદથી દિશાના સાત પ્રકાર પણ પડે છે-(૧) નામદિશા, (૨) સ્થાપના દિશા, (૩) દ્રવ્યદિશા, (૪) ક્ષેત્રદિશા, (૫) તાપક્ષેત્ર, (૬) પ્રજ્ઞાપના અને (૭) ભાવદિશા. તેમાંની ભાવદિશાના ૧૮ પ્રકાર છે. નામદિશા અને સ્થાપના દિશા, આ બન્ને દિશાઓ પ્રસિદ્ધ છે. પુદ્ગલ સ્કન્ધ આદિની જે દિશા છે તેને દ્રવ્યદિશા કહે છે. આકાશની જે દિશા છે તેને ક્ષેત્રદિશા કહે છે. આ ક્ષેત્રદિશાની પ્રવૃત્તિ તિર્યગ્લોકના મધ્યમાર્ગમાં સ્થિત (રહેલા) જે આઠ રુચક પ્રદેશ છે ત્યાંથી થાય છે. કહ્યું પણ છે કે-" अट्ठपएसो रुयगो " ઇત્યાદિ.

આ કથનનો ભાવાર્થ એ છે કે-તિર્યગ્લોકની મધ્યમાં આઠ રુચક પ્રદેશ છે. તે રુચક પ્રદેશો જ દિશાઓ અને અનુદિશાઓના કારણરૂપ છે.

દસ દિશાઓનાં નામ નીચે પ્રમાણે છે-" इंदग्गेयी जम्माय " ઇત્યાદિ. (૧) ઐન્દ્રી અથવા પૂર્વદિશા, (૨) આગ્નેયી અથવા અગ્નિકોણ, (૩) યામ્યા અથવા દક્ષિણ દિશા, (૪) નૈઋતિ અથવા નૈઋત્યકોણ, (૫) વારુણિ અથવા પશ્ચિમ દિશા, (૬) વાયવ્યકોણ, (૭) સૌમ્યા અથવા ઉત્તર દિશા, (૮) ઐશાની અથવા ઈશાન કોણ, (૯) વિમલા અથવા ઉર્ધ્વદિશા અને (૧૦) તમા અથવા અધો દિશા. સૂર્ય વડે ઉપલક્ષિત જે ક્ષેત્રદિશા છે, તેને તાપક્ષેત્રદિશા કહે છે તે નિયત હોય છે. કહ્યું પણ છે કે-" जेसिं जत्तो " ઇત્યાદિ—

અહીં પ્રદક્ષિણા શબ્દ દ્વારા દક્ષિણાવર્ત ભ્રમણ ગૃહીત કરાયું છે. પ્રજ્ઞાપક-આચાર્ય આદિની જે દિશા છે, તેનું નામ પ્રજ્ઞાપકદિક્ છે. તે આ પ્રમાણે છે "पन्नवओ"ઇત્યાદિ. (૧) પૃથ્વી, (૨) જલ, (૩) જ્વલન, (૪) વાયુ, (૫) મૂલબીજ, (૬) સ્કન્ધબીજ, (૭) અગ્રબીજ, (૮) પર્વબીજ, (૯) દ્વીન્દ્રિય, (૧૦) ત્રીન્દ્રિય, (૧૧) ચતુરિન્દ્રિય, (૧૨) પંચેન્દ્રિય તિર્યંચ, (૧૩) નારક, (૧૪) દેવ, (૧૫) સંમૂર્ચ્છિમ, (૧૬) કર્મભૂમિજ, (૧૭) અકર્મભૂમિજ અને (૧૮) અન્તરદ્વીપજ. આ પ્રકારના ભેદોથી ભાવદિશા ૧૮ પ્રકારની છે. અહીં ક્ષેત્રદિશા, તાપદિશા અને પ્રજ્ઞાપક દિશાનો જ અધિકાર છે. અહીં તિર્યગ્ ગ્રહણ દ્વારા પૂર્વાદિ ચાર દિશાઓને જ ગ્રહણ કરવામાં આવી છે, વિદિશાઓને ગ્રહણ કરવામાં આવેલ નથી, કારણ કે જીવોની ગતિ આકાશના પ્રદેશોની પંક્તિ અનુસાર જ થાય છે. તે કારણે તેમની ગતિ, આગતિ અને વ્યુત્ક્રાન્તિ (ઉત્પત્તિ) આ બધું વિદિશાઓને અનુસાર થતું નથી. એજ કારણે બાકીનાં પદોમાં વિદિશાઓનો ઉલ્લેખ થયો નથી.

" छहिं दिसाहिं जीवाणं गई पवत्तइ " આ પ્રકારનું કથન સૂત્રકાર આગળ કરવાના છે. " तीहिं दिसाहिं " ઇત્યાદિ—

અહીં સાત દિશાઓમાંની જે સાતમી ભાવદિશા છે તેનું, અથવા ત્રીજી જે દ્રવ્યદિશા છે તેનું અથવા પાંચમી જે તાપક્ષેત્રદિશા છે તેનું યથાયોગ્ય રીતે વર્ણન થઇ શકે છે. ઉર્ધ્વદિશા, અધોદિશા અને તિર્યગ્દિશા, આ દિશાઓમાંથી જીવની ગતિ થાય છે. (૨) પ્રજ્ઞાપકના સ્થાનની અપેક્ષાએ, મરીને અન્યત્ર જવું તેનું નામ ગતિ છે. (૩) એજ પ્રમાણે–પૂર્વોક્ત અભિલાપની જેમ જ ત્રણ દિશાઓમાંથી જીવોની આગતિ થાય છે. પ્રજ્ઞાપકની સમીપના સ્થાનમાં આવવું તેનું નામ આગતિ છે. (૪) વ્યુત્ક્રાન્તિનું નામ ઉત્પત્તિ છે. (૫) 'આહાર' પદ સમજી શકાય એવું છે. (૬) શરીર વધવું તેનું નામ વૃદ્ધિ છે. (૭) શરીરના હ્રાસ ( હાનિ ) થવો તેનું નામ નિવૃદ્ધિ છે. (૮) મરીને અન્ય ગતિમાં જવું તેનું નામ ગતિપર્યાય છે. અથવા વૈક્રિય લબ્ધિવાળા જીવનું સંગ્રામને માટે પ્રદેશમાંથી ગર્ભમાંથી નીકળવું તેનું નામ ગતિપર્યાય છે. (૯) વેદનારૂપ સમુદ્ઘાત હોય છે. (૧૦) વર્ત્તનાદિ રૂપ કાલલક્ષણની અનુભૂતિનું નામ કાળ-સંયોગ છે અથવા મરણયોગનું નામ કાળસંયોગ છે (૧૧) પ્રત્યક્ષ પ્રમાણભૂત અવધિ દ્વારા જે બોધ થાય છે તેનું નામ દર્શનાભિગમ છે. એજ પ્રકારનો જ્ઞાનાભિગમ છે. (૧૨) જીવોને જ્ઞેય પદાર્થોના જે અવધિ આદિ દ્વારા અભિગમ ( બોધ ) થાય છે, તેને જીવાભિગમ કહે છે. " तीहिं " ઇત્યાદિ—

(૧૩) ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલ આ અસ્તિકાયોના તથા અદ્ધાસમય રૂપ કાળના બોધ થવો તેનું નામ અજીવાભિગમ છે. "एवं" ઇત્યાદિ.

જે રીતે પૂર્વોક્ત અભિલાપ દ્વારા સામાન્ય સૂત્રોમાં ગતિ આગતિથી લઇને અજીવાભિગમ સુધીના ૧૩ પદોનું ત્રણ દિશાઓને અનુલક્ષીને કથન થયું છે, એજ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોમાં પણ ગતિ આદિ પદનું કથન સમજવું જોઇએ, અને એ જ પ્રમાણે મનુષ્યોમાં પણ સમજવું. તેમનો અભિલાપ આ પ્રમાણે છે-" तीहिं दिसाहिं पंचिंदियतिरिक्खजोणियाणं गई पवत्तइ " એજ પ્રકારનો અભિલાપ આગતિ આદિ પદોમાં પણ સમજી લેવો. મનુષ્યોનો ગતિવિષયક અભિલાપ આ પ્રમાણે છે–" तीहिं दिसाहिं मणुस्साणं गई पवत्तइ " એજ પ્રકારનો અભિલાપ આગતિ આદિ પદોમાં પણ સમજવો જોઇએ. આ રીતે ગતિ, આગતિ પદોને અનુલક્ષીને કુલ ૨૬ સૂત્ર થાય છે. ગતિ આદિથી લઇને અજીવાભિગમ સુધીનાં સૂત્રો સામાન્ય જીવ સૂત્રો છે. ચોવીસ દંડકના જીવોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો નારકાદિ પદોમાં ત્રણ દિશામાં ગતિ આદિ ૧૩ પદોનો સંપૂર્ણરૂપે સંભવ નથી. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોમાં તેમનો સંભવ હોવાથી અહીં પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોનાં સૂત્રો કહેવામાં આવ્યાં છે. આ પદોનો નારકાદિમાં સંપૂર્ણરૂપે

કેમ સંભવ નથી ? તો તેનો ઉત્તર એ છે કે પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય સિવાયના બાવીશ દંડકના જીવવિશેષોનો નારકો અને દેવોમાં ઉત્પાદ સંભવી શકતો નથી, તેથી ઉર્ધ્વ અને અધો, આ બે દિશાઓની અપેક્ષાએ તે જીવોમાં ગતિ, આગતિનો અભાવ છે. તથા દર્શન, જ્ઞાન, જીવાભિગમ, અજીવાભિગમ, ગુણપ્રત્યય અવધિ આદિ પ્રત્યક્ષરૂપ અભિગમનો સદ્ભાવ એ ત્રણે દિશાઓમાં હોતો જ નથી. ભવપ્રત્યયા અવધિની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો નારક અને જ્યોતિષ્ક તિર્યંગવધિવાળાં હોય છે, ભવનપતિ અને વ્યન્તર ઉર્ધ્વ અવધિવાળા હોય છે અને વૈમાનિક અધો અવધિવાળા હોય છે. એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયોમાં અવધિજ્ઞાન હોતું જ નથી. ॥ સૂ. ૩૯ ॥

## ત્રસજીવોંકા ઔર ઉનસે વિપરીત સ્થાવર જીવોં કે સ્વરૂપ કા નિરૂપણ

પૂર્વોક્ત ગતિ આદિ પદોનો સદ્ભાવ ત્રસજીવોમાં જ સંભવી શકે છે. તેથી હવે સૂત્રકાર ત્રસ જીવોનું નિરૂપણ કરે છે અને ત્યારબાદ તેમનાથી વિપરીત એવાં સ્થાવરોનું નિરૂપણ કરે છે–" तिविहा तसा पण्णत्ता " ઈત્યાદિ.

સૂત્રાર્થ–ત્રસ જીવનાં ત્રણ પ્રકાર કહ્યાં છે–(૧) તેજસ્કાયિક, (૨) વાયુકાયિક અને (૩) ઉદાર દ્વીન્દ્રિયાદિક જીવો. સ્થાવર જીવના પણ ત્રણ પ્રકાર કહ્યા છે–(૧) પૃથ્વીકાયિક, (૨) અપ્કાયિક અને (૩) વનસ્પતિકાયિક.

ટીકાર્થ–"त्रसन्तीति त्रसाः" આ વ્યુત્પત્તિ અનુસાર જે જીવો ચલન ધર્મવાળા હોય છે, તેમને ત્રસ કહે છે. તેજસ્કાયિક, વાયુકાયિક અને ઉદાર ત્રસના ભેદથી તેમના ત્રણ પ્રકાર છે. તેજસ્કાયિક અને વાયુકાયિક, એ ગતિત્રસ છે, કારણ કે તેઓ ચલન ધર્મવાળા છે. ઉદાર એટલે સ્થૂલ–જે સ્થૂલત્રસ છે, તેમને ઉદારત્રસ કહે છે.

તે ઉદાર ત્રસોના ત્રસ નામકર્મનો ઉદય હોય છે. તેમના ઉચ્છ્વાસ આદિ પ્રાણ વ્યક્ત હોય છે. ત્રસજીવના ગતિત્રસ અને લબ્ધિત્રસ નામના બે પ્રકાર પડે છે. વાયુકાયિક અને તેજસ્કાયિક જીવોને ત્રસ કહેવાનું કારણ એ છે કે તેઓ ગતિવાળા છે–આમ તો તેઓ સ્થાવર જીવો જ છે. દ્વીન્દ્રિયાદિ જીવો લબ્ધિત્રસ છે. સ્થાવર જીવો સ્થિતિશીલ હોય છે. પૃથ્વીકાયિક, અપ્કાયિક અને વનસ્પતિકાયિક જીવો સ્થિતિશીલ હોવાથી તેમને સ્થાવર જીવો કહે છે. સૂ.૪૦

પૃથ્વીકાયિક આદિ જીવપદાર્થોનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર અજીવ પદાર્થોનું નિરૂપણ કરે છે–" तओ अच्छेज्जा पण्णत्ता " ઇત્યાદિ–

સૂત્રાર્થ–આ ત્રણ પદાર્થોને અછેદ્ય કહ્યાં છે–(૧) સમય,(૨) પ્રદેશ અને (૩) પરમાણુ એ જ પ્રમાણે આ ત્રણે પદાર્થો અભેદ્ય ૧, અદાહ્ય ૨, અગ્રાહ્ય ૩, અનર્દ્ધ, ૪ અમધ્ય ૫,અને અપ્રદેશ ૬ રૂપ પણ છે આ ત્રણ પદાર્થોને અવિભાજ્ય કહ્યાં છે. સમય, પ્રદેશ અને પરમાણુ

ટીકાર્થ–જે પદાર્થોનું છેદન કરી શકાતું નથી તે પદાર્થોને અછેદ્ય કહે છે. અથવા પોતાની બુદ્ધિથી જેનું છરી આદિ વડે છેદન થઇ શકતું નથી, તે અચ્છેદ્ય ગણાય છે. એવાં અચ્છેદ્ય પદાર્થો સમય, પ્રદેશ અને પરમાણુ છે. સમય કાળવિશેષરૂપ હોય છે. પ્રદેશ, ધર્મ, અધર્મ, આકાશ, જીવ અને પુદ્ગલોના નિરવયવ અંશરૂપ હોય છે, તથા પરમાણુ અતિ સૂક્ષ્મરૂપ હોય છે, તથા તે બે આદિ અણુવાળા સ્કન્ધોના કારણરૂપ હોય છે અને પ્રદેશોથી રહિત હોય છે. પરમાણુનું લક્ષણ આ પ્રમાણે કહ્યું છે–" सत्थेण सुतिक्खेण वि " ઇત્યાદિ.

અચ્છેદ્ય સૂત્રનું જેવું કથન કરવામાં આવ્યું છે એવું જ કથન અભેદ્ય, આદિ વિષયક સૂત્રોમાં પણ સમજી લેવું. તેમને વિષે આ પ્રકારનો અભિલાપ બનશે–" तओ अभेज्जा पण्णत्ता–ઇત્યાદિ.

એ જ પ્રમાણે અગ્રાહ્ય આદિ વિષયક અભિલાપ પણ સમજી લેવા. સોય આદિથી જેને ભેદી શકાતું નથી તેને અભેદ્ય કહે છે. અગ્નિ, ક્ષાર આદિ દ્વારા જેને બાળી શકાતું નથી તેને અદાહ્ય કહે છે. હાથ, સાણસી આદિ વડે જેને પકડી શકાતું નથી તેને અગ્રાહ્ય કહે છે. અર્ધભાગથી જે રહિત હોય છે તેને અનર્દ્ધ કહે છે. સમયાદિકોના બે ભાગ થઇ શકતા નથી, તેથી તેમને અનર્દ્ધ કહ્યા છે. તેમને મધ્ય ભાગ પણ હોતો નથી માટે તેમને અમધ્ય કહ્યા છે. તેમના બે ભાગ થતા નથી, તે કારણે તેમને (સમયાદિકોને) અપ્રદેશરૂપ (નિરવયવ) કહ્યા છે. જેનો ભાગ ન પડી શકે તેને અવિભાજ્ય કહે છે. તેઓ નિરવયવ હોવાથી જ અવિભાજ્ય અથવા અવિભાગિમ છે. વિભાગમાંથી જે બને છે તેને વિભાગિમ કહે છે. સમયાદિક એવાં વિભાગિમ નહીં હોવાથી તેમને અવિભાગિમ કહેલ છે. સમયાદિ પૂર્વોકત ત્રણ પદાર્થો પૂર્વોક્ત વિશેષણોથી સંપન્ન છે. ॥ સૂ. ૪૧ ॥

પહેલાના સૂત્રમાં જેનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે ત્રસજીવો અને સ્થાવર જીવો દુઃખભીરુ (દુઃખથી ડરનારા) હોય છે. તેથી સૂત્રકાર હવે જીવોના દુઃખના સ્વરૂપનું વર્ણન કરે છે " अज्जो ! त्ति समणे भगवं महावीरे" ઈત્યાદિ

સૂત્રાર્થ–" હે આર્યો ! " આ પ્રમાણે સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીર ગૌતમાદિક શ્રમણ નિર્ગ્રંથોને આ પ્રમાણે પ્રશ્ન પૂછયો–" હે આયુષ્મન્ત શ્રમણો ! પ્રાણીઓને (જીવોને) કયો ભય હોય છે ? "

ત્યારે ગૌતમાદિક શ્રમણ નિર્ગ્રંથો મહાવીર પ્રભુની પાસે આવ્યા. ત્યાં આવીને તેમણે તેમને વંદણા કરી અને નમસ્કાર કર્યાં વંદણા નમસ્કાર કરીને તેમણે તેમને આ પ્રમાણે કહ્યું–" હે દેવાનુપ્રિય ! આ અર્થને (વાતને) અમે જાણતા નથી અને અમે એવું દેખ્યું પણ નથી. તો હે દેવાનુપ્રિય ! આપ કૃપા કરીને આ વિષય અમને સમજાવો. "

ત્યારે " હે આર્યો ! " એવું સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીરે તેમને આ પ્રમાણે કહ્યું–" હે આયુષ્મન્ત શ્રમણો ! સમસ્ત પ્રાણીઓને મરણાદિનો ભય લાગે છે. " ત્યારે ગૌતમાદિ શ્રમણોએ તેમને આ પ્રમાણે પ્રશ્ન પૂછયો–" હે પ્રભો ! તે દુઃખ કોના દ્વારા કરાયું છે ? શું જીવના દ્વારા કરાયું છે કે પ્રમાદ દ્વારા કરાયું છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર—" હે ગૌતમ ! દુઃખના કારણભૂત તે કર્મ અજ્ઞાનાદિ બન્ધના હેતુભૂત પ્રમાદથી યુક્ત થયેલા જીવ દ્વારા કરાયું હોય છે.

એટલે કે પ્રમાદને અધીન થયેલા જીવ દ્વારા તે કર્મ કરાયું છે. અને તે કર્મ-જનિત દુઃખથી જીવો ડરતાં હોય છે.

પ્રશ્ન—હે ભગવન્ ! તે દુઃખનો નાશ કયા ઉપાયોથી કરી શકાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર—હે ગૌતમ ! બન્ધહેતુના પ્રતિપક્ષભૂત જ્ઞાનાદિકથી તે દુઃખનો નાશ કરી શકાય છે.

ટીકાર્થ–સમસ્ત હેય (ત્યાજ્ય) ધર્મોનો ત્યાગ કરનારને આર્ય કહે છે. "હે આર્યો !" આ પ્રકારના સંબોધનથી શ્રમણ ભગવાન મહાવીરે ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રંથોને સંબોધિત કર્યાં છે. તેમને ધર્મતત્વ સમજાવવાના આશયથી આ પ્રકારનું સંબોધન કરીને તેમણે તેમને આ પ્રમાણે પ્રશ્ન પૂછયો છે—

"હે શ્રમણો ! કહો, પ્રાણીઓને કોનો ભય હોય છે ?" મહાવીર પ્રભુના આ પ્રકારના પ્રશ્નનો એવો નિષ્કર્ષ નીકળે છે કે શિષ્યો પૂછે કે ન પૂછે તોપણ ગુરુજનોએ તેમના હિતનો વિચાર કરીને તેમને ધર્મતત્વ સમજાવવું જ જોઇએ. કહ્યું પણ છે કે–"कत्थइ पुच्छइ" ઇત્યાદિ.

"उपसंक्रामन्ति" આ વર્તમાનકાલિક ક્રિયાનો અહીં જે નિર્દેષ થયો છે તે તત્કાલની અપેક્ષાએ જ કર્યો છે. કર્મનો કર્તા જીવ જ છે, પરન્તુ પ્રમાદને અધીન થયેલો જીવ જ એવું કર્મ કરે છે. આ કથન દ્વારા સૂત્રકારે એ વાત પ્રકટ કરી છે કે મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગથી રહિત હોય એવો જીવ કર્મ કરતો નથી. પ્રમાદના આઠ પ્રકારના છે કહ્યું પણ છે "पमाओ य" ઇત્યાદિ (૧) અજ્ઞાન, (૨) સંશય, (૩) મિથ્યાજ્ઞાન, (૪) રાગ, (૫) દ્વેષ, (૬) મતિભ્રંશ, (૭) ધર્માનાદર, અને (૮) યોગોનું દુષ્પ્રણિધાન. કહ્યું પણ છે કે—"पमाओय" ઇત્યાદિ.

ત્રિસ્થાનકના પ્રકરણમાં આ સૂત્રનો સમાવેશ કરવાનું કારણ એ છે કે અહીં નીચેના ત્રણ પ્રશ્નોત્તરોનું નિરૂપણ કરાયું છે–"दुक्खभयावाणा१, जीवेणं कडे दुक्खे पमाएणं२, अप्पमाएणं वेइज्जइ३" આ રીતે ત્રિસ્થાનકોના અધિકારમાં આ સૂત્રનો સમાવેશ કરવામાં કોઈ બાધ નથી. ॥ સૂ. ૪૨ ॥

પ્રમાદને વશ થયેલા જીવ દ્વારા દુઃખ કરાય છે, આ પ્રકારનું પ્રતિપાદન કરીને હવે સૂત્રકાર પરમતનું ખંડન કરવાને માટે અને જૈનસિદ્ધાંતનું સમર્થન કરવા નિમિત્તે આ સૂત્રનું કથન કરે છે–" अन्न उत्थियाणं भंते ! " ઇત્યાદિ—

ટીકાર્થ–હે ભગવન્ ! અન્યયૂથિકો (અન્ય મતવાદીઓ) એવું કહે છે, એવું ભાષણ કરે છે, એવી પ્રજ્ઞાપના કરે છે અને એવી પ્રરૂપણા કરે છે કે શ્રમણ નિર્ગ્રં-થોને ત્યાં ક્રિયા કેવી કરાય છે ? જૈન સિવાયના અન્ય ધર્મ સંઘોને અન્યયૂથ કહે છે. આ અન્યયૂથને માનનારા લોકોને અન્યયૂથિકો કહે છે એવાં અન્ય-યૂથિકોમાં ચરક, પરિવ્રાજક, શાકય આદિ પરતિર્થિકોનો સમાવેશ થાય છે. અહીં અન્યયૂથિક શબ્દ દ્વારા વિભંગ જ્ઞાનવાળા તાપસજન ગૃહીત થયા છે. તેઓ સામાન્ય રૂપે અને વિશિષ્ટ રૂપે એવું કહે છે, એવું સમજાવે છે, અને ભેદાનુભેદપૂર્વક એવું સમર્થન કરે છે કે જે જૈનનમતાનુયાયી શ્રમણ નિર્ગ્રંથો છે તેમની એવી જે માન્યતા છે કે " કૃતકર્મ જીવને માટે દુઃખના કારણરૂપ બને છે. " તે માન્યતાનો સ્વીકાર કેવી રીતે કરી શકાય ? અહીં ' ક્રિયા ' શબ્દ દ્વારા ' કર્મ ' ગૃહીત થયું છે. એટલે કે કૃતકર્મ જીવને દુઃખ કેવી રીતે દે છે ? આ પ્રશ્નના ચાર ભાંગા છે–" (૧) कृता क्रियते, (૨) कृता नो क्रियते, (૩) अकृता नो क्रियते, (૪) अकृता क्रियते " આ ચાર ભાંગામાંથી પહેલો, બીજો, અને ત્રીજો ભાંગો તેમણે પૂછયો નથી, કારણ કે ત્રણ રુચિના બિલકુલ અવિષયભૂત છે; તેથી તે વિષેના પ્રશ્નોમાં તેમની પ્રવૃત્તિ થઇ નથી. " कृता क्रियते " " જે કર્મ કૃત હોય છે તે દુઃખના નિમિત્ત રૂપ બને છે " આ પ્રકારનો પ્રશ્ન તેઓ પૂછતા નથી કારણ કે જે પૂર્વકાળમાં કૃત હોય છે તે અપ્રત્યક્ષ હોય છે, તેથી તેની સત્તા સિદ્ધ થતી નથી. જો કે જૈનદર્શન તેમની આ વાતને માનતું નથી, પરન્તુ તેઓ તો એવું માને છે, તેથી તેમણે એવો પ્રશ્ન કર્યો નથી.

" या सा कृता नो क्रियते " આ પ્રકારનો પ્રશ્ન પણ તેમણે પૂછયો નથી કારણ કે " कृतं " હોય છે તે " न भवति " એવું હોતું નથી કારણ કે " कृतं " અને " भवति " આ બન્ને વચ્ચે પરસ્પરમાં અત્યન્ત વિરોધ છે, તેથી આ વાત અસંભવિત છે. વિરોધ આ પ્રમાણે છે–જો તે કર્મ કૃત હોય

તો " न भवति " એવું કેવી રીતે કહી શકાય છે ? તથા " न भवति " જો તે નથી તો ' કૃતં ' કેવી રીતે હોઈ શકે છે ? કારણ કે કૃતકર્મમાં અભવનને અભાવ હોય છે. એટલે કે જે કૃત હોય છે તે સત્વયુક્ત હોય છે-અસત્વયુક્ત હોતું નથી. તથા " अकृता नो क्रियते " એવું જે પૂછયું નથી તેનું કારણ એ નથી કે " જે અકૃત " હોય છે તે સસલા અથવા ગધેડાના શિંગડાં જેવું અસત્ ( અવિદ્યમાન, અસંભવિત ) હોય છે. આ પ્રકારે આ ત્રણ ભંગના નિષેધને કારણે આ સૂત્રમાં ત્રિસ્થાનકતા સંભવી શકે છે. ચોથા ભંગ સાથે તેઓ સંમત થાય છે, તેથી જ તેમણે ચોથા ભંગ વિષયક પ્રશ્ન પૂછયો છે. એ જ વાત સૂત્રકારે " तत्थ जा सा अकडा " ઇત્યાદિ સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરી છે. તેમાં એવું કહેવામાં આવ્યું છે કે જે કર્મ પૂર્વે અવિહિત હોય છે, તે દુઃખને માટે હોય છે. આ કથનને ભાવાર્થ એવો છે કે-પૂર્વ કાળકૃત કર્મ અપ્રત્યક્ષ હોય છે, તેથી તે અસત્વરૂપ હોય છે, પરન્તુ દુઃખાનુભૂતિ પ્રત્યક્ષ હોય છે તેથી તેના સત્વથી અકૃત કર્મભવન પક્ષ સંમત થયો છે. પ્રશ્નકર્તાએ અહીં પોતાના એવો અભિપ્રાય પ્રકટ કર્યો છે કે-" જો શ્રમણ નિર્ગ્રંથો પણ એ વાતને સ્વીકાર કરતા હોય કે અકૃત કર્મ જ દેહધારીઓના દુઃખનું કારણ બને છે, તો અમારી અને તેમની માન્યતા વચ્ચે સમાનતા આવી જાય છે. " તે કારણે શરૂઆતના ત્રણ ભાંગાઓ ( વિકલ્પો ) તેમણે પૂછયા નથી પણ ચોથો વિકલ્પ જ પૂછયો છે. તેથી જ અકૃત કર્મને સ્વીકાર કરનારા એવા તેમને આ પ્રકારને સમુલ્લાપ ( મત-માન્યતા ) છે. એજ પ્રકારનું તેઓ અન્યની સમીપે પ્રતિપાદન કરે છે. તેઓ કહે છે કે-" अकृत्यं दुःखं, अस्पृश्यं दुःखम्, अक्रियमाणकृतं दुःखं, अकृत्वा२, प्राणा भूता जीवा सत्वा वेदनां वेदयन्ति " કર્મ અકૃત્ય છે-કર્મ કૃત નહીં હોવાથી દુઃખના સદ્ભાવથી તે અકૃત્ય-અકરણીય છે-અબન્ધનીય છે-અનાગત ( ભવિષ્ય ) કાળમાં તે જીવો દ્વારા અપ્રાપ્તવ્ય છે.

અકૃત હોવાથી જ તે જીવની સાથે અસ્પૃષ્ટ (અશ્લિષ્ટ) છે. અક્રિયમાણકૃત છે—વર્તમાનકાળમાં બદ્ધ્યમાનનું નામ ક્રિયમાણ છે, અને ભૂતકાળમાં જે બદ્ધ છે તેનું નામ કૃત છે, જે એવું નથી તે અક્રિયમાણકૃત છે. એટલે કે કર્મ બધ્યમાન પણ નથી અને બદ્ધ પણ નથી. તેથી તે કર્મ નહીં કરીને (નહીં કરવાને કારણે) દ્વીન્દ્રિય આદિ રૂપ પ્રાણ, વનસ્પતિરૂપ ભૂત, પંચેન્દ્રિયરૂપ જીવ અને પૃથ્વીકાય આદિ રૂપ સત્વ પીડા ભોગવ્યા કરે છે, એવો તેમનો ઉલ્લાપ (મત) છે. એટલે કે અજ્ઞાનોપહત બુદ્ધિવાળા તે વિભંગજ્ઞાની લોકોની પાસે ઉપર્યુક્ત મતનું પ્રતિપાદન કરે છે. અહીં સુધીમાં અન્ય તીર્થિકોનો મત પ્રકટ કરવામાં આવ્યો છે. હવે તેમના તે મતનું ખંડન કરવામાં આવે છે— " जे तं " ઇત્યાદિ.

તે અન્યતીર્થિકો આ પ્રમાણે જે કહે છે, તે તેમનું કથન બિલકુલ અસત્ય છે, કારણ કે જે અકૃત હોય છે તેને ક્રિયા જ કહી શકાતી નથી. એટલે કે અકૃત ક્રિયામાં ક્રિયાપણું (ક્રિયત્વ) જ સંભવી શકતું નથી. જે કરાય છે તેનું નામ જ ક્રિયા છે. જે કોઈ પણ રીતે કરવામાં જ ન આવે તેને ક્રિયા કેવી રીતે કહી શકાય ? " અકૃતકર્મનું અનુભવન થાય છે, " આ વાતને જો માનવામાં આવે, તો આ બદ્ધ છે, આ મુક્ત છે, આ સુખિત (સુખી) છે, આ દુઃખિત છે, એવો જે નિયત વ્યવહાર થાય છે તે પણ થઇ શકે નહીં. એજ વાતને પોતાના મત અનુસાર પ્રકટ કરતાં મહાવીર પ્રભુ કહે છે કે–" अहं पुण " ઇત્યાદિ—

અહીં ' पुनः ' શબ્દનો પ્રયોગ કરવાનું કારણ એ છે કે અન્યયૂથિકોની માન્યતા કરતા જૈન ધર્મની માન્યતામાં રહેલો તફાવત મહાવીર પ્રભુના નીચેના કથન દ્વારા પ્રકટ કરવામાં આવ્યો છે—

મહાવીર પ્રભુ ગૌતમાદિ નિર્ગ્રંથોને કહે છે કે....હું તો એવું કહું છું, એવું ભાષણ (વિશેષ કથન–પ્રતિપાદન) કરૂં છું, એવી પ્રજ્ઞાપના કરૂં છું અને એવી પ્રરૂપણા કરૂં છું કે અનાગત (ભવિષ્ય) કાળમાં દુઃખના હેતુ

(કારણ) રૂપ હોવાથી જીવના દ્વારા કર્મને કરણીય કહ્યું છે. એટલે કે જીવ આગામી કાળમાં દુઃખ ભોગવે છે, તેથી તે કર્મ જીવના દ્વારા કરણીય થયું છે, એવું માનવું જોઇએ. જો તે કરણીય ન હોત તો જીવ તેને કરત નહીં અને ભવિષ્યકાળમાં તેના ઉદય કાળે તે જીવના દુઃખનું કારણ પણ બનત નહીં. જો તે ભવિષ્યકાળમાં તેના દુઃખનું કારણ બને છે, તો એ માનવું જ જોઇએ કે દુઃખના હેતુભૂત તે કર્મ જીવના દ્વારા કરણીય છે. કરણીય હોવા છતાં પણ જો તે સ્પૃશ્ય નથી-બન્ધાવસ્થાને યોગ્ય નથી-તો તે તેના દુઃખનું કારણ પણ બનતું નથી. પરન્તુ જો તે તેના દુઃખના કારણરૂપ બનતું હોય તો એ વાત પણ માનવી જ જોઈએ કે કરણીય હોવા છતાં પણ તે બન્ધાવસ્થાયોગ્ય છે. આ બન્ધાવસ્થાની યોગ્યતા પણ તેમાં જીવના પરિણામાનુસાર કૃતક થઈ છે. એજ પ્રમાણે વર્તમાનકાળમાં પણ જો તે કર્મ બધ્યમાન છે અને અતીત (ભૂત) કાળમાં તે બદ્ધ થયેલું છે, તો એ વાત કેવી રીતે માની શકાય કે કર્મ અકરણરૂપ છે ? આ કથન તો "माता मे वन्ध्या पुरुषसंयोगे ऽप्यगर्भवत्त्वात्" મારી મા વન્ધ્યા છે કારણ કે તે પુરુષ સંયોગ થવા છતાં પણ અગર્ભવતી હોવાથી આ કથનના જેવું અસંભવિત છે.

તેથી કર્મમાં કોઇ પણ રીતે કોઈ પણ કાળે અકરણતા સંભવતી નથી. તેથી સમસ્ત પ્રાણ, ભૂત, જીવ અને સત્વ તે કર્મને બાંધતા રહે છે અને તે કર્મકૃત વેદનાનું-તે કર્મકૃત શુભ અશુભ અનુભૂતિનું-વેદન કરતાં રહે છે, એવું આ જે કથન છે તે સમ્યગ્વાદીઓનું કથન છે. ॥ સૂ. ૪૩ ॥

શ્રી જૈનાચાર્ય-જૈનધર્મદિવાકર-પૂજ્ય શ્રી ઘાસીલાલ મુનિવિરચિત સ્થાનાંગસૂત્રની સુધા નામની ટીકાર્થના ત્રીજા સ્થાનકનો બીજો ઉદ્દેશક સમાપ્ત ॥ ૩-૨ ॥

## ત્રીજા સ્થાનનો ત્રીજો ઉદ્દેશક ૩

બીજો ઉદ્દેશક પૂરો થયો. હવે ત્રીજા ઉદ્દેશકનો પ્રારંભ થાય છે. બીજા ઉદ્દેશક સાથે આ ઉદ્દેશકનો આ પ્રકારનો સંબંધ છે. બીજા ઉદ્દેશકમાં વિવિધ જીવધર્મોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, આ ઉદ્દેશકમાં પણ તેમનું જ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આ ઉદ્દેષકના પ્રથમ સૂત્રનો પૂર્વઉદ્દેશકના છેલ્લા સૂત્ર સાથે એવો સંબંધ છે કે ત્યાં મિથ્યાદર્શનવાળા અન્યયૂથિકો (અન્ય ધર્મને માનનારાઓ) ની વિપરીત પ્રરૂપણા કરવામાં આવી છે, ત્યારે અહીં કષાયયુક્ત જીવોની માયાની પ્રરૂપણા કરવામાં આવી છે. તો આ પ્રકારનો સંબંધ ધરાવતા આ ત્રણ સૂત્રોની અહીં પ્રરૂપણા કરવામાં આવે છે.

"तीहिं ठाणेहिं मायी मायं कट्टु णो आलोएज्जा" ઈત્યાદિ—

ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળ જેનો વિષય છે એવાં ત્રણ સ્થાનો (કારણો) ની અપેક્ષાએ માયી (ભારે કર્મી માયી જીવ) કપટને કારણે સેવાયેલા ગોપનીય અકાર્યને (દુષ્કૃત્યને પાપ) ગુપ્ત રીતે કરીને તેની આલોચના કરતો નથી, પ્રાયશ્ચિત લેવા માટે પોતાની તે માયાને ગુરુ સમક્ષ જાહેર કરતો નથી, તેનું પ્રતિક્રમણ કરતો નથી–મિથ્યાદુષ્કૃત દાનાદિપૂર્વક પાપમાર્ગથી પાછો વળતો નથી, તેની નિન્દા કરતો નથી–આત્મસાક્ષીપૂર્વક પોતાના પાપની નિન્દા કરતો નથી, તેની ગર્હા કરતો નથી, ગુરુસાક્ષીપૂર્વક પોતાના દોષની ગર્હા કરતો નથી, તેની વિકુટ્ટના કરતો નથી એટલે કે એ કાર્ય કરવાનો અધ્યવસાય છોડતો નથી, તેની વિશોધના કરતો નથી એટલે કે પ્રાયશ્ચિત્ત કરીને, પોતાના ચારિત્રને લાગેલા અતિચારરૂપ મળની સફાઇ કરીને આત્મશુદ્ધિ કરતો નથી, ભવિષ્યમાં એવું નહિ કરૂં એવી અકરણ પ્રતિજ્ઞાથી તે પોતાની જાતને તૈયાર કરતો નથી, અને પાપને અનુરૂપ પ્રાયશ્ચિત્તનો તે સ્વીકાર કરતો નથી એટલે કે પાપનાશક તપઃકર્મનો–અનશનાદિરૂપ કે નિર્વિકૃતિકાદિરૂપ તપનો સ્વીકાર કરતો નથી. તે ત્રણ સ્થાન (કારણો) નીચે પ્રમાણે છે–"अकार्षं वाऽहम्"

"करोमि वाऽहम्" करिष्यामि वाऽहम्" (१) ते એવો વિચાર કરે છે કે ભૂતકાળમાં મેં અમુક કાર્ય કર્યું છે, તે નિંદ્ય કેવી રીતે હોઇ શકે! એટલે કે નિંદ્ય હોઈ શકે જ નહીં. તો પછી મારે શા માટે તેની આલોચના કરવી જોઇએ? જો હું આલોચના કરૂં તો મારા માહાત્મ્યની હાનિ થાય. આ પ્રકારના પોતાના અભિપ્રાયને કારણે તે ભૂતકાળમાં કરેલા દુષ્કૃત્યની આલોચના કરતો નથી, અને પ્રતિક્રમણ, નિંદા, ગર્હા આદિ પણ કરતો નથી.

તે એવો વિચાર કરે છે કે વર્તમાનકાળમાં પણ હું આ કાર્ય કરૂં છું. તે કાર્ય અપ્રશસ્ત હોવાનું મારાથી કેવી રીતે કહી શકાય! આ પ્રકારના વિચારથી પ્રેરાયેલો તે તેની આલોચના આદિ કરતો નથીં. (૩) ભવિષ્યકાળમાં પણ હું આ કાર્ય કરવાનો જ છું, તો મારે શા માટે તેની આલોચના, પ્રતિક્રમણ, નિંદા, ગર્હા વગેરે કરવા જોઇએ! આ પ્રકારની વિચારધારાથી ગેર રસ્તે દોરવાયેલો તે પોતાના પાપકૃત્યોની આલોચના આદિ કરતો નથી. અહીં "આદિ" પદથી પાપને અનુરૂપ પ્રાયશ્ચિત્તરૂપ તપઃકર્મનો સ્વીકાર કરતો નથી," ત્યાં સુધીનો પૂર્વોક્ત સૂત્રપાઠ ગ્રહણ કરવો જોઇએ. "तीहिं" ઇત્યાદિ.

નીચે દર્શાવેલા ત્રણ સ્થાનો (કારણો) ને લીધે પણ માયી જીવ માયા કરીને તેની આલોચના આદિ કરતો નથી-(૧) જો માયા કરીને હું તેની આલોચના કરીશ, તેનું પ્રતિક્રમણ કરીશ, નિંદા, ગર્હા, પ્રાયશ્ચિત આદિ કરીશ તો મારી અકીર્તિ થશે. એટલે કે "આ માણસ માયાવાન્ છે," એવી મારી અપકીર્તિ ચારે દિશામાં ફેલાઈ જશે. આ પ્રકારનો વિચાર કરીને તે પોતાના પાપકૃત્યની આલોચના આદિ કરતો નથી. (ચારે દિશામાં અપશયનો ફેલાવો થવો તેનું નામ અકીર્તિ છે) (૨) તેને એવો વિચાર આવે છે કે મારા પાપકર્મોની આલોચના આદિ કરવાથી મારો અવર્ણ (અપશય) થશે. (એક દેશની અપેક્ષાએ અપશયનો ફેલાવો થવો તેનું નામ અવર્ણ છે.) લોકો મારી નિંદા કરશે, એવા ખ્યાલથી તે આલોચના કરતો નથી (૧) તેને એવો વિચાર આવે છે કે પાપકર્મોની આલોચના કરવાથી મારો અવિનય થશે-અન્ય મુનિજન તથા લોકો મારો વિનય નહીં કરે. આ પ્રકારના વિચારથી પ્રેરિત થઇને

પણ તે આલોચના આદિ કરતો નથી. આ સૂત્ર અપ્રાપ્ત પ્રસિદ્ધિવાળી વ્યક્તિની અપેક્ષાએ કહેવામાં આવ્યું છે, કારણ કે સામાન્ય માણસની જ અપકીર્તિનો સદ્ભાવ સંભવી શકે છે.

નીચેના ત્રણ સ્થાનો ( કારણો ) ને લીધે માયીજીવ માયા કરીને તેની આલોચના, તેનું પ્રતિક્રમણ, નિંદા, ગર્હા, પ્રાયશ્ચિત આદિ કરતો નથી, कीर्तिर्वा मे परिहास्यति " જો હું આલોચના આદિ કરીશ તો પૂર્વકાલોપાર્જિત મારી કીર્તિનો લોપ થશે. (૨) અથવા મારો યશ ઓછો થશે. અહીં "યશ" પદ દ્વારા લોકોમાં વ્યાપેલી કીર્તિ અથવા પ્રશંસાની ભાવના ગ્રહણ કરવી જોઇએ. (૩) "पूजासत्कार" લોકોમાં જે મારો પૂજાસત્કાર થાય છે તે પણ બંધ પડી જશે. વસ્ત્રાદિ પ્રાપ્તિ થવી તેનું નામ પૂજા છે, ઊભા થઇને માન આપવું વગેરેને સત્કાર કહે છે. આ પ્રકારના વિચારથી પ્રેરાઇને તે દુષ્કૃત્યની આલોચના આદિ કરતો નથી. આ સૂત્ર પ્રાપ્તપ્રસિદ્ધિવાળા પુરુષને અનુલક્ષીને કહેવામાં આવ્યું છે, કારણ કે જેણે પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી લીધી હોય એવા માણસની કીર્તિ આદિની હાની થવાની વાત સંભવી શકે છે. ॥ સૂ. ૪૪ ॥

## આલોચના આદિ કરનેવાલેકા નિરૂપણ

હવે સૂત્રકાર પૂર્વસૂત્રમાં જેનું પ્રતિપાદન કરાયું એવા પુરુષ કરતા વિપરીત પુરુષનું એટલે કે આલોચના આદિ કરનારનું ત્રણ સૂત્રો દ્વારા કથન કરે છે—' तीहिं ठाणेहिं मायी मायं कट्टु " ઈત્યાદિ—

સૂત્રાર્થ-ત્રણ સ્થાનો (કારણો) ને લીધે માયી માયા કરીને તેની આલોચના કરે છે, પ્રતિક્રમણ કરે છે, પાપને અનુરૂપ પ્રાયશ્ચિત્ત પર્યન્તની પૂર્વોક્ત વિધિઓ કરે છે. તે ત્રણ સ્થાનો નીચે પ્રમાણે છે-(૧) તે એ વાત સમજે છે કે માયી જીવનો આલોક ગર્હિત બને છે, (૨) ઉપપાત પણ ગર્હિત હોય છે અને આયતિ પણ ગર્હિત હોય છે. નીચેના ત્રણ કારણોને લીધે પણ માયી જીવ માયા કરીને તેની આલોચના આદિ કરે છે-(૧) તે એ વાત સમજે છે કે અમાયીનો આલોક પ્રશસ્ત હોય છે, (૨) અમાયીનો ઉપપાત પ્રશસ્ત હોય છે અને તેની આયતિ પ્રશસ્ત હોય છે. નીચેના ત્રણ કારણોને લીધે પણ માયી જીવ માયા કરીને તેની આલોચના, પ્રતિક્રમણ, ગર્હા, નિંદા, પ્રાયશ્ચિત્ત આદિ કરે છે-(૧) જ્ઞાનની પ્રાપ્તિ કરવાના હેતુથી, (૨) દર્શનની પ્રાપ્તિ કરવાના હેતુથી અને (૩) ચારિત્રની પ્રાપ્તિ કરવાના હેતુથી.

અહીં માયી પદથી લઘુકર્મા આદિ જીવ ગ્રહણ કરવામાં આવેલ છે. હલુકર્મી જીવ જ આલોચના આદિ કરે છે, માયાવાન્ દીર્ઘકર્મા જીવ આલોચના આદિ કરતો નથી. તે માયી જીવ અકૃત્યકરણકાળમાં જ માયાવાન્ રહે

છે-આલોચના આદિ કરવાને કાળે માયાવાન્ હોતો નથી, તે સમયે તો તે અમાયી જ રહે છે. જો તે સમયે અમાયી ન હોય તો તેના દ્વારા આલોચના આદિ કરવાનું સંભવી શકે જ નહીં. માયાવાન્ બનીને માયાચારીથી આલોચના કરનારની આલોચનાને સાચી આલોચના કહેવાતી નથી, તે તો માત્ર ઢોંગ-રૂપ જ હોય છે અને એવી આલોચનાથી તો કર્મનો બંધ ગાઢતર બને છે. તે એવું સમજીને આલોચના કરે છે કે માયાવી જીવનો આલોક ગર્હિત બને છે, કારણ કે માયાનો પ્રાદુર્ભાવ થાય ત્યારે માયાવીની નિન્દા આદિ થવાનો સદ્ભાવ રહે છે તેનો ઉપપાત ગર્હિત બનવાનું કારણ એ છે કે તેનો ઉપપાત કિલ્વિષિક આદિ દેવોમાં તથા નારકાદિ જીવોમાં થાય છે. તેની આયતિ (ભાવજન્મ) ગર્હિત બનવાનું કારણ એ છે કે દેવ અને નારકોમાંથી આયુકાળ પૂરો કરીને તેઓ કુમાનુષમાં અથવા તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે. આ કથનનો ભાવાર્થ એ છે કે લઘુકર્મા માયી જીવ માયા કરીને પણ આલોક અને પરલોક આદિના ભયથી આલોચના આદિ કરે છે, અને તેથી જ તેના આલોક અને પરલોક પ્રશસ્ત હોય છે, કારણ કે તે એટલું સમજી શકે છે કે આલોચના આદિ કરવાથી નિરતિચાર બનેલાં મારા જ્ઞાન, દર્શન અને ચારિત્ર પોતાના મૂળ સ્વભાવને પ્રાપ્ત કરી લેશે એટલે કે નિર્મળ બની જશે, તેથી જ તે આલોચના આદિ કરે છે. આ રીતે આલોચના આદિ કરવાથી તેનો આલોક પ્રશસ્ત બનેછે, ઉપપાત પ્રશસ્ત બને છે અને આયતિ (ભાવીજન્મ) પણ પ્રશસ્ત બને છે. ।।સૂ.૪૫।।

## શુદ્ધિકરનેવાલોંકી આભ્યન્તર ઔર વાહ્ય સંપત્તિકા નિરૂપણ

હવે સૂત્રકાર પૂર્વોક્ત શુદ્ધિ કરનારા જીવોની આભ્યન્તર અને બાહ્ય સમ્પદાની પ્રરૂપણા કરે છે—" तओ पुरिसजाया पणत्ता " ઈત્યાદિ—

સૂત્રાર્થ–ત્રણ પ્રકારના પુરુષો કહ્યા છે–(૧) સૂત્રધર, (૨) અર્થધર અને (૩) તદુભય-ધર. નિર્ગ્રંથો ( સાધુઓ ) અને નિર્ગ્રંથીઓને ( સાધ્વીઓને ) ત્રણ પ્રકારનાં વસ્રો લેવાનું અને તેમનો ઉપભોગ કરવાનું કલ્પે છે–(૧) જાંગમિક, (૨) ભાંગિક અને (૩) ક્ષૌમિક. નિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓને ત્રણ પ્રકારનાં પાત્ર કલ્પે છે એટલે કે ત્રણ પ્રકારનાં પાત્ર તેમણે ધારણ કરવા યોગ્ય ગણાય છે–(૧) તૂંબી પાત્ર, (૨) કાષ્ઠ નિર્મિત પાત્ર અને (૩) માટીનાં પાત્ર. એ સીવાયના પ્લાસ્ટીક આદીના પાત્રો કલ્પતા નથી સૂત્રધર કરતાં અર્થ-ધરમાં અને અર્થધર કરતાં તદુભયધરમાં ( સૂત્ર અને અર્થ બન્નેને ધારણ કરનાર ) ઉત્તરોત્તર પ્રધાનતા સમજવી. બાહ્ય સમ્પદાનું પ્રતિપાદન કરવા નિમિત્તે સૂત્રકારે “ कप्पइ ” ઈત્યાદિ સૂત્ર કહ્યાં છે. ઘેટા આદિ જંગમ જીવોના વાળમાંથી જે વસ્રો બને છે તેને જાંગમિક વસ્રો કહે છે, જેમકે ઉનની કામળ વગેરે. શણ, અળસી આદિને કૂટીને તેના રેસામાંથી બનાવેલાં વસ્રોને ભાંગિક વસ્રો કહે છે. કપાસમાંથી જે વસ્રો બને છે તેમને ક્ષૌમિક વસ્રો કહે છે જેમકે સૂતરાઉ ચાદર વગેરે. એ જ પ્રમાણે ત્રણે પ્રકારનાં પાત્રોનાં નામો સૂત્રકારે પ્રકટ કરેલા જ છે ॥ સૂ. ૪૬ ॥

## વસ્ત્રગ્રહણ કે કારણોં કા નિરૂપણ

વસ્ર વિષે વાત કરીને હવે સૂત્રકાર વસ્રગ્રહણ કરવાના કારણોનું નિરૂપણ કરે છે–“ तीहिं ठाणेहिं वत्थं धरेज्जा ” ઈત્યાદિ—

નિર્ગ્રંથ અને નિર્ગ્રંથી નીચે દર્શાવેલાં ત્રણ કારણોને લીધે વસ્રો ધારણ કરે છે–(૧) લજ્જા કે સંયમની રક્ષા કરવાને માટે, (૨) પ્રવચન જુગુપ્સાનું વારણ કરવા માટે અને (૩) શીત આદિ પરીષહોનું નિવારણ કરવા માટે. સૂત્રમાં જે “ ह्री प्रत्ययिकं, जुगुप्साप्रत्ययिकं, परीषहप्रत्ययिकं ” આ પ્રમાણે કહ્યું છે તેનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-હ્રી પ્રત્યયિક એટલે લજ્જા મર્યાદાના રક્ષણ નિમિત્તે જુગુપ્સા પ્રત્યયિક એટલે લોકોમાં જુગુપ્સા–ઘૃણા ન થાય તે કારણે વિકૃતાંગ અથવા નગ્નતા લોકોમાં જુગુપ્સા પેદા કરે છે, અને નિન્દા થાય છે તેના નિવારણ નિમિત્તે સાધુઓ વસ્ર ધારણ કરે છે. શીત, ઉષ્ણ, દંશમશક આદિ જન્ય પરીષહોના નિવારણ નિમિત્તે પણ નિર્ગ્રંથો વસ્ર ધારણ કરે છે. ॥ સૂ. ૪૭ ॥

નિર્ગ્રંથોનો અધિકાર ચાલી રહ્યો છે, તેથી હવે સૂત્રકાર તેમના અનુ- ષ્ઠાનનું વર્ણન કરતાં સાત સૂત્રો કહે છે–" तओ आयरक्खा पण्णत्ता " ઇત્યાદિ. ત્રણ આત્મરક્ષક કહ્યાં છે–(૧) ધાર્મિક ઉપદેશથી પ્રેરણા દેનાર, (૨) તૂષ્ણીક (મૌન રાખનાર) ઉપેક્ષક અને (૩) તે સ્થાનેથી ઉઠીને જાતે જ એકાન્ત સ્થળે ચાલ્યા જનાર. પ્રતિકૂળ ઉપસર્ગકારી પુરુષથી અથવા રાગદ્વેષરૂપી અકૃત્યથી અથવા ભવકૂપથી પોતાની રક્ષા કરનાર જીવને આત્મરક્ષક કહે છે. તે આત્મરક્ષકના ત્રણ પ્રકાર છે–જે નિર્ગ્રંથ ધર્મોપદેશથી અન્યને પ્રેરણા આપે છે એવા ઉપદેષ્ટાને પહેલા પ્રકારનો આત્મરક્ષક કહે છે. આ પ્રકારનો આત્મરક્ષક પ્રતિકૂળ ઉપસર્ગ કર- નારને ઉપદેશ આપીને ઉપસર્ગ કરતો વારે છે. પોતાને પ્રતિકૂળ થઇ પડે એવું આચરણ કરનારની સાથે તે પ્રતિકૂલ આચરણ કરતો નથી, પરન્તુ તેને ધાર્મિક ઉપદેશ દે છે. આ રીતે પ્રતિકૂળ પ્રત્યે પણ તે ક્ષમાભાવ રાખે છે–પોતાના અંતઃકરણમાં તેનું અહિત ઇચ્છતો નથી. પ્રતિકૂળ પુરુષનું પણ અશુભ ચિન્તવન નહીં કરીને તે પોતાના આત્માની રક્ષા કરે છે, કારણ કે આ અવસ્થામાં તે તેને અનુકૂળ થઇ જાય છે, તેથી તેના દ્વારા તેના પ્રત્યે અનાચરણીય આચરણ થઇ જતું નથી. જો તે આમ કરવાને અસમર્થ હોય, તો મૌન ધારણ કરે છે. મૌન ધારણ કરવાથી વાતચીતમાં ઉત્તર પ્રત્યુત્તર થતાં નથી, આ રીતે ભાષાસમિતિનું પાલન થઈ જવાથી તે આત્મરક્ષક થઈ જાય છે. જો તે એમ કરવાને પણ અસમર્થ હોય તો તેણે તે સ્થાન છોડી કોઈ એકાન્ત સ્થાને ચાલ્યા જવું જોઇએ આ પ્રમાણે કરવાથી અશુભ સંકલ્પ વિકલ્પોની ધારા, તેમના નિમિત્ત રૂપ પ્રતિકૂળ વ્યક્તિ આદિથી દૂર જવાથી, અટકી જાય છે. તેથી આ રીતે પણ તે આત્મરક્ષક બની શકે છે.

જે નિર્ગ્રંથ–( બાહ્ય અને આભ્યન્તર ગ્રન્થિથી રહિત મુનિ ) તૂષ્ણા આદિ

વેદનાનો અનુભવ કરી રહ્યો હોય, તેણે આ ત્રણ વિકૃત દત્તિયો ગ્રહણ કરવા યોગ્ય કહી છે. પ્રાસુક પાનને ( પીણાને ) વિકૃત કહે છે. તે વિકૃતનો ( પ્રાસુક પાનનો ) દાતા દ્વારા એકવાર પાત્રમાં નિક્ષેપ થવો અને પોતાની વેદનાનું શમન કરવા માટે સાધુ દ્વારા તેને ગ્રહણ કરાવવું તેને વિકૃત દત્તિયોનું ગ્રહણ કહે છે. તે વિકૃત દત્તિયોના ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્યરૂપ ત્રણ પ્રકાર કહ્યા છે. ઉત્કૃષ્ટ વિકૃતદત્તિ કરતાં હીન વિકૃતદત્તિને મધ્યમ વિકૃતદત્તિ કહે છે, તથા અલ્પ પ્રમાણવાળી જે વિકૃતદત્તિ છે તેને જઘન્ય વિકૃતદત્તિ કહે છે. આ પ્રકારની વિકૃત દત્તિયોથી તેનો નિર્વાહ થઈ જાય છે. અથવા પાનક વિશેષ ( વિશિષ્ટ પીણા ) ની અપેક્ષાએ પણ તેમાં ઉત્કૃષ્ટતા, મધ્યમતા અને જઘન્યતા સંભવી શકે છે. જેમકે ચોખાની કાંજી, ઓસામણ આદિ રૂપ પાનકની અથવા દ્રાક્ષ, ખજૂર આદિના પાનકની દત્તિને ઉત્કૃષ્ટ દત્તિ કહે છે, ષષ્ઠિક તન્દુક આદિને પાનકની મધ્યમ દત્તિ કહે છે. તૃણધાન્યની ( જારની ) કાંજી આદિ પાનકને તથા ગરમ પાણીની દત્તિને જઘન્ય દત્તિ કહે છે. એ જ પ્રમાણે પાનકમાં ઉત્કૃષ્ટતા આદિ દેશકાળ અને પોતાની રુચિવિશેષની અપેક્ષાએ પણ સંભવી શકે છે, એમ સમજવું જોઇએ ૨

આ ત્રણ કારણોથી શ્રમણ નિર્ગ્રંથ સાધર્મિક સાંભોગિકને વિસાંભોગિક કરતો હોય તો ભગવદાજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી–તે ત્રણ કારણો નીચે પ્રમાણે છે-(૧) જાતે જ જોવું, (૨) કોઈ મુનિ પાસે સાંભળવું, અને (૩) મૃષાવાદ આદિની ત્રણવાર આલોચના કરાવ્યા બાદ ચોથીવારના મૃષાવાદ આદિની આલોચના નહીં દેવાથી. જેઓ સમાન ધર્મવાળા હોય છે તેમને સાધર્મિક કહે છે. તથા સમાન સમાચારીવાળા હોવાને કારણે સાધુઓમાં પરસ્પરને જે આહાર, ઉપધિ આદિનું આદાન પ્રદાન થાય છે તે આદાન પ્રદાનરૂપ વ્યવહારને સંભોગ કહે છે. આ સંભોગ જેમની વચ્ચે ચાલે છે તેને સાંભોગિક કહે છે. તથા એવા આદાનપ્રદાનરૂપ વ્યવહારનો અભાવ હોવો તેનું નામ વિસંભોગ છે. આ વિસંભોગ જેની સાથે હોય છે તેને વિસાંભોગિક કહે છે.

હવે સૂત્રકાર એ વાતનું પ્રતિપાદન કરે છે કે સાધર્મિક સાંભોગિકને

વિસાંભોગિક કરનાર શ્રમણ નિર્ગ્રંથને કયા કયા સંજોગોમાં ભગવદાજ્ઞાનનું ઉલ્લંઘન કરનારો મનાતો નથી—

(૧) જો તે પોતે સાધર્મિક સાંભોગિક સાધુને કોઈ અન્ય સાંભોગિક સાથે સંભોગરૂપ સમાચારી કરતો જોઇ જાય છે, અથવા અન્ય કોઇ દોષ કરતો જોઇ જાય છે, તો એવી પરિસ્થિતિમાં તેને અસાંભોગિક કરી શકે છે. આમ કરવામાં તે ભગવદાજ્ઞાનો ઉલ્લંઘનકર્તા બનતો નથી. (૨) જેના ઉપર તેને વિશ્વાસ છે, જેનાં વચનને તે શ્રદ્ધા મૂકવાપાત્ર ગણે છે, એવા કોઇ મુનિજન તેને એવી વાત કરે કે અમુક મુનિ અમુક દોષનું સેવન કરતો હતો, તો તે શ્રમણ નિર્ગ્રંથ તે દોષિત સાધર્મિક સાંભોગિક સાધુને અસાંભોગિક જાહેર કરી શકે છે. (૩) એજ પ્રમાણે જો તે સાધર્મિક સાંભોગિક સાધુ મૃષાવાદનું સેવન કરે–તેને કલ્પે નહીં એવી વસ્તુને ગ્રહણ કરે, અથવા પાર્શ્વસ્થના દાન આદિને સ્વીકારીને સાવદ્ય વિષયક પ્રતિજ્ઞાનો ભંગ કરે, અને આ પ્રકારનું મૃષાવાદી આચરણ તે ત્રણવાર કરે અને પ્રાયશ્ચિત આદિ દ્વારા તેની વિશુદ્ધિ પણ કરી લે. ત્યારબાદ જો તે સાધર્મિક સાંભોગિક સાધુ ચોથીવાર પણ મૃષાવાદનું સેવન કરે, તો તેને તે દુષ્કૃત્યની આલોચના દઈ શકાતી નથી, કારણ કે ચોથીવાર જે મૃષાવાદનું સેવન કર્યું હોય તે દર્પ (અહંકાર) ને અધીન થઇને કર્યું હોય છે, તેથી ચોથીવાર જો તે તેની આલોચના કરે તો પણ તે પ્રાયશ્ચિત્ત આદિનો અધિકારી રહેતો નથી. આ રીતે પ્રાયશ્ચિત્ત કરવાને પાત્ર નહીં હોવાથી તેને વિસંભોગિક જાહેર કરવામાં આવે છે. આમ કરવાનું કારણ એ છે કે તેને આસંભોગિક જાહેર કરી શકાય એવા પાપાચારનું તેણે ચોથીવાર સેવન કર્યું હોય છે. આ પ્રકારના દોષને કારણે સાધર્મિક સાંભોગિકને વિસાંભોગિક જાહેર કરનાર શ્રમણ નિર્ગ્રંથ પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કર્તા ગણાતો નથી, કારણ કે એમ કરીને તે ભગવદાજ્ઞાનું જ પાલન

કરતો હોય છે. કહ્યું પણ છે કે—" एगं व दोव तिन्नि व " ઇત્યાદિ—

આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-કોઈ સાંભોગિક સાધુ જ્યારે અશુદ્ધ આહારાદિકનું સેવન કરે છે અને અન્ય મુનિજન તેને તેમ ન કરવાની સલાહ આપે છે, ત્યારે તે તેમને એમ કહે છે કે આપની વાત સાચી છે. હું " મિચ્છામિ દુક્કડં " કરૂં છું, હવે ફરીથી હું આ પ્રકારનો દોષ નહીં કરૂં. આ પ્રકારે તે પોતાના દોષની આલોચના કરી લે છે. આવા સંજોગોમાં તેને પ્રાયશ્ચિત્ત આપીને સાંભોગિક સાધુ તરીકે ચાલુ રાખી શકાય છે. બીજીવાર અને ત્રીજીવાર પણ જો તે દોષ કરે તો તેને પ્રાયશ્ચિત્ત દઇને સાંભોગિક સાધુ તરીકે ચાલુ રાખી શકાય છે. પરન્તુ ચોથીવાર પણ જો તે સાધુ એ જ અતિચારનું (દોષનું) સેવન કરે, તો તેને આલોચના કરાવી શકાતી નથી. એવા સાધુને તો વિસંભોગિક જ જાહેર કરવાની ભગવાનની આજ્ઞા છે. દૃષ્ટ (દેખેલાં) અને શ્રુત (સાંભળેલા), આ બે સ્થાન ગુરુત્તર દોષાશ્રયવાળા સાંભોગિક સાધુમાં વિસંભોગ કરે છે, તથા તૃતીય સ્થાન સ્વલ્પતર દોષવાળા સાંભોગિક સાધુમાં વિસંભોગ કરે છે, પરન્તુ ચોથીવારના દોષાચરણમાં તો તેને વિસંભોગિક જાહેર કરવાનું વિધાન જ કરવામાં આવ્યું છે. " तिविहा अणुन्ना " ઇત્યાદિ—

અનુજ્ઞાનને અનુજ્ઞા કહે છે. અથવા અધિકાર દેવો તેનું નામ અનુજ્ઞા છે. તે અધિકારરૂપ અનુજ્ઞા આચાર્યરૂપે, ઉપાધ્યાયરૂપે અને ગણિરૂપે અપાતી હોવાને કારણે ત્રણ પ્રકારની કહી છે. જેના દ્વારા આ અનુજ્ઞા મર્યાદાવૃત્તિ રૂપે સેવાય છે તે આચાર્ય કહેવાય છે. અથવા જે પાંચ પ્રકારના આચારમાં સાધુ છે તેને આચાર્ય કહે છે. કહ્યું પણ છે—" पंचविहं आयारं " ઇત્યાદિ.

કહેવાનું તાત્પર્ય એ છે કે જે પાંચ પ્રકારના આચારનું પાલન કરે છે, તથા પાંચ પ્રકારના આચારને પ્રકાશિત (પ્રકટ) કરે છે અને તેનો ઉપદેશ આપે છે તેને આચાર્ય કહે છે ।।૧।। તથા જે સૂત્ર અને અર્થને જાણનારા હોય, શાસ્ત્રોક્ત લક્ષણોથી યુક્ત હોય, ગચ્છના આધારરૂપ હોય, ગણની ચિન્તાથી રહિત હોય, તથા સૂત્રોના અર્થની વાચના કરતા હોય, તેમને આચાર્ય કહે છે. ।।૨।। આ આચાર્યનો જે ભાવ તેનું નામ આચાર્યતા છે. આગળ ગણાચાર્ય ગ્રહણ કરવામાં આવેલ છે, તેથી અહીં આચાર્યતાથી અનુયોગાચાર્યતા ગૃહીત થઇ છે. અનુયોગાચાર્યના સ્વાભાવિક ગુણ આ પ્રમાણે છે—

" तम्हा वय संपन्ना " ઇત્યાદિ—

એટલે કે વ્રતસંપન્નતા, કાલોચિત સમસ્ત સૂત્રાર્થને ગ્રહણ કરવો તે અનુયોગની અનુજ્ઞા (આજ્ઞા) ના યોગ જિનેન્દ્ર ભગવાને કહ્યા છે. એવું ન થાય તો મૃષાવાદનો દોષ લાગે છે, લોકમાં પ્રવચનની હીલના (નિન્દા) થાય

છે, અન્ય સાધુઓમાં ગુણોનો હ્રાસ થાય છે, અને ભાવની અપેક્ષાએ તીર્થનો ઉચ્છેદ થવાની પરિસ્થિતિ પણ સર્જાય છે. ॥ ૧ ॥ ૨ ॥

જેની પાસે જઇને મુનિઓ અધ્યયન કરે છે તે વ્યક્તિને ઉપાધ્યાય કહે છે. કહ્યું પણ છે કે–" सम्मत्त नाणदंसणजुत्तो " ઈત્યાદિ. એટલે કે જે સમ્યકત્વ જ્ઞાનદર્શનથી યુક્ત હોય, સૂત્ર, અર્થ અને તદુભય ( તે બન્ને ) ની વિધિને જાણનારા હોય, ભવિષ્યમાં આચાર્યપદને માટે યોગ્ય હોય, સૂત્રની વાચના દેનારા હોય તેમને ઉપાધ્યાય કહે છે.

ઉપાધ્યાયનો જે ભાવ તેનું નામ ઉપાધ્યાયતા છે. સાધુસમુદાયને ગણ કહે છે. તે ગણ જેને અધીન હોય છે તેને ગણી કે ગણાચાર્ય કહે છે. ગણીના સ્વાભાવિક ગુણો નીચે પ્રમાણે છે–" सुत्तत्थे निम्माओ " ઈત્યાદિ— જેઓ સૂત્રના અર્થનો નિર્ણય કરનારા હોય, ધર્મપ્રેમી, અને ધર્મના વિષયમાં દૃઢતાવાળા હોય છે, તથા જેઓ અનુવર્તનામાં ( શાસ્ત્રાનુકૂળ પ્રવૃત્તિમાં ) કુશળ હોય, તથા જાતિ ( માતૃવંશ ) અને કુળ ( પિતૃવંશ ) થી સંપન્ન હોય, સ્વભાવે ગંભીર અને લબ્ધિધારી હોય, તથા સંગ્રહોપગ્રહ–એટલે કે ગણને યોગ્ય વસ્ત્રપાત્રાદિની વ્યવસ્થા કરનારા હોય તથા યથાયોગ્ય ગણના સાધુઓને અવસર પ્રમાણે વસ્ત્રાપાત્રાદિ દેવામાં કુશળ હોય, કૃતકરણ એટલે કે હેયોપાદેયના યથાયોગ્ય અભ્યાસી તથા પ્રવચનાનુરાગી હોય, આ પ્રકારના મુનિને ગણિ ( ગણના અધીશ ) કહી શકાય છે, એવું જિનેશ્વર ભગવાનનું ફરમાન છે. ॥ ૧ ॥ ૨ ॥

આ ગણાચાર્યનો જે ભાવ છે તેને ગણિતા કહે છે. તે ગણી સ્વસ્વામિ સંબંધથી પોતાના ગણના નાયક હોય છે. સમનુજ્ઞા ત્રણ પ્રકારની કહી છે. ઔત્સર્ગિક ગુણોથી યુક્ત હોવાને કારણે આચાર્યાદિ રૂપે જે ઉચિત વિશેષ અધિકાર આપવામાં આવે છે, તેનું નામ જ સમનુજ્ઞા છે. તે સમનુજ્ઞા આચાર્ય આદિના ભેદથી ત્રણ પ્રકારની કહી છે.

શંકા—આચાર્યમાં જો આ પ્રકારના ગુણોનો અભાવ હોય, તો અનુજ્ઞાનો પણ અભાવ હોઇ શકે છે. તો એવી પરિસ્થિતિમાં સમનુજ્ઞાનો સદ્‌ભાવ કેવી રીતે માની શકાય ?

ઉત્તર—ઉપર્યુક્ત ગુણોમાંથી અન્યતમ ગુણોના અભાવમાં પણ કારણ વિશેષને લીધે ક્યારેક આચાર્યતા તો સંભવી શકે છે. જો આ વાતને સ્વીકારવામાં ન આવે તો દશવૈકાલિક સૂત્રનું "जे यावि मंदत्ति गुरूं विइत्ता ઈત્યાદિ.

આ કથન વ્યર્થ બની જાય છે. તેથી કેટલાક ગુણોના અભાવમાં પણ અનુજ્ઞા સંભવિત હોય છે અને જ્યાં સમગ્ર ગુણોનો સદ્‌ભાવ હોય ત્યાં સમનુજ્ઞા સંભવી શકે છે. અથવા " समणुण्णा " આ પદની સંસ્કૃત છાયા

"સ્વમનોજ્ઞા" અથવા "समनोज्ञा" પણ થાય છે. સમાન સમાચારી રૂપે પોતાને અભિરુચિત હોય તેમને સ્વમનોજ્ઞ કહે છે અથવા જેઓ મનોજ્ઞ કહે છે અથવા જેઓ મનોજ્ઞ જ્ઞાનાદિથી યુક્ત હોય છે, તેઓ સમનોજ્ઞ ગણાય છે, આ પ્રકારનો તે સંસ્કૃત છાયાનો અર્થ થાય છે. એવાં સમનોજ્ઞ માત્ર સાંભોગિક સાધુ જ હોય છે. તે સાંભોગિક સાધુ ત્રણ પ્રકારનાં હોય છે-(૧) આચાર્ય રૂપ, (૨) ઉપાધ્યાય રૂપ અને (૩) ગણિરૂપ. જો કે તેમના પ્રવર્ત્તક, ગણાવચ્છેદક આદિ બીજાં પણ અનેક ભેદ છે, પરન્તુ અહીં ત્રણ સ્થાનકોનો અધિકાર ચાલતો હોવાથી તેમનો ઉલ્લેખ કરાયો નથી. "एवं उपसंपया" ઇત્યાદિ.

જેમ આચાર્યત્વ આદિના ભેદથી સમનુજ્ઞા ત્રણ પ્રકારની કહી છે, એજ પ્રમાણે ઉપસંપદા પણ ત્રણ પ્રકારની કહી છે. ઉપસંપત્તિને ઉપસંપત્ કહે છે. જ્ઞાનાદિકની પ્રાપ્તિ નિમિત્તે "भवदीयोऽहं" "હું આપનો જ છું" એ રીતે પોતાને પ્રકટ કરવો કે માનવું તેનું નામ ઉપસંપદા છે. જેમકે કોઇ મુનિ પોતાના આચાર્ય દ્વારા સમનુજ્ઞાત થયેલા સમ્યક્ શ્રુતશાસ્ત્રોના અથવા જિન પ્રવચન પ્રભાવક શાસ્ત્રોના સૂત્ર અને અર્થને ગ્રહણ કરવાને માટે, ભૂલી જવાયેલાને ફરી યાદ કરવા માટે તથા ચારિત્ર વિશેષરૂપ વૈયાવૃત્યને માટે અથવા ક્ષપણને માટે, સમદિષ્ટ થયેલા અન્ય આચાર્યની પાસે જે જાય છે, તે ઉપસંપત્ છે. કહ્યું પણ છે કે-"उवसंपया य" ઇત્યાદિ—

એટલે કે ઉપસંપદા ત્રણ પ્રકારની છે-(૧) જ્ઞાનને માટે, (૨) દર્શનને માટે અને (૩) ચારિત્રને માટે. જ્ઞાન અને દર્શનની ઉપસંપદા ત્રણ ત્રણ પ્રકારની છે. જ્ઞાનોપસંપદાના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર છે-(૧) સૂત્રાર્થને ગ્રહણ કરવો, (૨) ગ્રહણ કરાયેલને સ્થિર કરવું, અને (૩) વિસ્મૃતનું અનુસંધાન. દર્શનના બે પ્રકાર નીચે પ્રમાણે છે-(૧) વૈયાવૃત્ય અને ક્ષપણ-માસક્ષપણાદિ તપસ્યા. ॥ ૧ ॥ આ પ્રકારની આ આચાર્ય ઉપસંપત્ છે. એ જ પ્રકારની ઉપાધ્યાયસંપત્ અને ગણિસંપત્ પણ હોય છે.

" एवंविजहणा " એજ પ્રમાણે વિહાનિ ( પરિત્યાગ ) ના વિષયમાં પણ કથન ગ્રહણ કરવું જોઇએ. આ પરિત્યાગરૂપ વિહાનિ શિષ્ય દ્વારા આચાર્યનો પરિત્યાગ કરવારૂપ હોય છે. એટલે કે પોતાના આચાર્યના પ્રમાદ રૂપ દોષને લીધે વૈયાવૃત્ય અને ક્ષપણા ( તપસ્યા ) ને માટે શિષ્યનું અન્ય આચાર્ય પાસે ચાલ્યા જવું તેનું નામ વિહાનિ છે. કહ્યું પણ છે કે—

" नियगच्छादन्नम्मि उ सीयणदोसाइणा होइ "

એટલે કે પોતાના ગચ્છમાંથી બીજા ગચ્છમાં જવારૂપ વિહાનિ સંયમ સીદન ( દોષ ) આદિને લીધે થાય છે. અથવા આચાર્ય દ્વારા શિષ્યોનો પરિત્યાગ કરાવારૂપ પણ તે વિહાનિ હોઈ શકે છે. જેમકે–પોતાની પાસે જ્ઞાનાદિની પ્રાપ્તિ અર્થે આવેલા મુનિને નીચેના બે કારણોથી આચાર્ય પોતાની પાસેથી રજા આપી દે છે, તેનું નામ વિહાનિ છે. જે નિમિત્તે તે મુનિ તેમની પાસે આવ્યો છે તે અર્થનું અનુષ્ઠાન ( આચરણ ) ન કરનાર મુનિનો આચાર્ય પરિત્યાગ કરે છે. (૨) જે નિમિત્તે તે મુનિ તેમની પાસે આવેલ છે, તે જ્ઞાનાદિ પ્રાપ્તિરૂપ કાર્ય સિદ્ધ થઇ જાય ત્યારે પણ આચાર્ય તેને પોતાની પાસેથી જવા દે છે, તેનું નામ પણ વિહાનિ જ છે. કહ્યું પણ છે કે—उवसंपन्नो जं कारणं इत्यादि

" જે કારણે મુનિ તેમની પાસે આવેલ છે, તે કારણ પૂરૂં નહીં કરવાથી અથવા તેને અનુરૂપ આચરણ નહીં કરવાથી, અથવા સારણા દ્વારા તે કારણને પૂર્ણ કરનારનો જે ત્યાગ કરવો. તેને પાછા જવાની રજા આપવી, તેનું નામ આચાર્ય વિહાની છે. ઉપાધ્યાય વિહાનિ અને ગણિવિહાની વિષે પણ આ પ્રકારનું જ કથન સમજવું. ॥ સૂ. ૪૮ ॥

## વચન, મન ઔર ઉનકે નિષેધ કા નિરૂપણ

વિશિષ્ટ સાધુની કાયચેષ્ટાનું ત્રિસ્થાનકને આધારે પ્રતિપાદન થઈ ગયું. હવે સૂત્રકાર વચન, મન અને તેમના નિષેધનું ત્રણ ભેદની અપેક્ષાએ પ્રતિ-

પાદન કરતાં ચાર સૂત્રોનું કથન કરે છે-" तिविहे वयणे पण्णत्ते " ઇત્યાદિ—

વચન ત્રણ પ્રકારનાં કહ્યાં છે-(૧) તદ્વચન, (૨) તદન્યવચન અને (૩) નોઅવચન, અવચનના પણ નીચે પ્રમાણે ત્રણ પ્રકાર છે-(૧) નોતદ્વચન, (૨) નોતદન્યવચન, અને (૩) અવચન. મન પણ ત્રણ પ્રકારનું કહ્યું છે-(૧) તન્મન, (૨) તદન્યમન, અને (૩) નોઅમન. અમન પણ ત્રણ પ્રકારનું કહ્યું છે-(૧) નો તન્મન, (૨) નો તદન્યમન અને (૩) અમન.

આ સૂત્રનું સંક્ષિપ્ત વિવેચન આ પ્રમાણે છે-(૧) ઘટાદિરૂપ અમુક અર્થને કહેનારા વચનને તદ્વચન કહે છે. જેમકે ઘટાદિ અર્થની અપેક્ષાએ ઘટરૂપ વચનને તદ્વચન કહેવાય છે. વિવક્ષિત ( અમુક ) ઘટાદિ સિવાયના જે પટાદિ છે, તે અન્ય પદાર્થરૂપ હોવાથી તેમનું કથન કરનાર વચનને તદન્ય વચન કહે છે. જેમકે ઘટની અપેક્ષાએ પટરૂપ વચન તદન્ય વચન ગણાય છે. વચનમાત્રનું નામ નોઅવચન છે, તેનો વચન અભણની નિવૃત્તિરૂપ હોય છે. અથવા सोऽर्थोनेन उच्यते इति तद्वचनम् " આ વ્યુત્પત્તિ અનુસાર શબ્દની વ્યુત્પત્તિના નિમિત્તભૂત ધર્મથી વિશિષ્ટ અર્થ જેના દ્વારા કહેવામાં આવે છે, તે તદ્વચન છે. આ કથનનો ભાવાર્થ આ પ્રમાણે છે-જેવો અર્થ ( પદાર્થ ) છે, એવાં જ રૂપે તેને કહેનારા વચનને તદ્વચન કહે છે. આ તદ્વચન, જ્વલન, તપન આદિની જેમ યથાર્થ નામરૂપ હોય છે. જ્વલનમાં જ્વલન ( અગ્નિ ) આ શબ્દની વ્યુત્પત્તિના નિમિત્તરૂપ બાળવા રૂપધર્મ છે. તેથી આ ધર્મથી યુક્ત તે જ્વલન પદાર્થ છે અને જ્વલન પદાર્થને કહેનારો જ્વલન શબ્દ તદ્વચન છે. એ જ પ્રમાણે તપન આદિ વિષે પણ સમજવું. " तस्मात् अन्यः अर्थः उच्यतेऽनेन इति तदन्यवचनम् " આ વ્યુત્પત્તિ અનુસાર શબ્દની વ્યુત્પત્તિના નિમિત્તભૂત જે ધર્મ છે, તે ધર્મથી યુક્ત જે પદાર્થ છે, તે પદાર્થને તે શબ્દ દ્વારા કહેવાને બદલે અન્ય શબ્દ દ્વારા તેનું કથન કરનાર વચનને તદન્ય વચન કહે છે. જે વચન " डित्थ " આદિ વચનની જેમ નિરર્થક હોય છે તેને નોઅવચન કહે છે.

અથવા તદ્વચન આદિ શબ્દોનો આ પ્રકારનો અર્થ પણ થાય છે-" तस्य वचनम् तद्वचनम् " આચાર્ય આદિનું જે વચન તે તદ્વચન કહેવાય છે. તેમનાથી ભિન્ન વ્યક્તિના વચનને તદન્યવચન કહે છે, અને વચનમાત્રનું નામ નો અવચન છે. " तिविहे अवयणे " ઇત્યાદિ—

પૂર્વોક્ત ત્રણ પ્રકારના વચનના પ્રતિષેધરૂપ અવચન હોય છે. આ અવચનના પણ ત્રણ પ્રકાર કહ્યા છે-(૧) નોતદ્વચન આ નોતદ્વચન ઘટાદિની અપેક્ષાએ પટવચનરૂપ હોય છે. એટલે કે ઘટવચનની અપેક્ષાએ પટવચન નોતદ્વચન છે. ઘટમાં ઘટવચનની જેમ જે વચન છે તે તદન્યવચન છે, તથા વચનમાત્રની નિવૃત્તિનું નામ અવચન છે. એ જ પ્રમાણે અહીં અન્ય વ્યાખ્યાની અપેક્ષાએ પણ કથન સમજી લેવું જોઇએ. " तिविहे मणे " ઇત્યાદિ—

જિનદત્ત આદિનું જે મન છે તેને, અથવા ઘટપટાદિમાં લાગેલું જે મન છે તેને તન્મન કહે છે. જિનદત્ત સિવાયના જે ઋષભાદિનું મન છે તેને અથવા ઘટાદિ સિવાયના પટાદિમાં લીન થયેલું જે મન છે તેને તદન્યમન કહે છે મનોમાત્રનું નામ નો અમન છે. ત્રિવિધ અમનની વ્યાખ્યા પણ અવચનના જેવી જ સમજવી. ા સૂ. ૪૯ ા

## વૃષ્ટિકાયકા નિરૂપણ

સંયત મનુષ્ય આદિની પ્રવૃત્તિનું કથન આગળ કરવામાં આવ્યું છે. હવે સૂત્રકાર સામાન્ય રીતે દેવવ્યાપારોની પ્રરૂપણા કરવા નિમિત્તે પહેલાં તો વૃષ્ટિકાયની પ્રરૂપણા એ સૂત્રો દ્વારા કરે છે-" तीहिं ठाणेहिं अप्पवुट्ठिकाए " ઇત્યાદિ.

ટીકાર્થ-ત્રણ કારણોને લીધે લોકમાં અલ્પવૃષ્ટિકાય થાય છે. અહીં 'અલ્પ' એટલે 'સ્તોક' (ઓછા) અથવા "બિલકુલ નહીં" અર્થ થાય છે. વૃષ્ટિ એટલે વરસાદ અથવા ઉપરથી પાણી નીચે પડવું તે. અને 'કાય' શબ્દનો અર્થ જીવનિકાય અથવા રાશિ થાય છે. લોકમાં જે અપ્કાયિક જીવો અલ્પ પ્રમાણમાં નીચે પડવાનુ-એટલે કે અલ્પવૃષ્ટિ અથવા અનાવૃષ્ટિ થાય છે, તેના

ત્રણ કારણો નીચે પ્રમાણે છે-(૧) તે દેશમાં-મગધાદિ દેશમાં કે તેના એક ભાગમાં ઉદક (પાણી) ના પરિણામ કારણભૂત-ઉદક ઉત્પાદન સ્વભાવરૂપ અનેક અપ્કાયિક જીવો તથા અપ્કાયોત્પાદક પુદ્ગલ સ્કન્ધ ઉદક રૂપે ઉત્પન્ન થતા નથી, અન્ય યોનિમાંથી ઉદક રૂપમાં આવવાને માટે નીકળ્યા હોતા નથી, અથવા ક્ષેત્રસ્વભાવથી ત્યાં ઉત્પન્ન થયા નથી. (૧) વૈમાનિકો, જ્યોતિષ્કો, નાગકુમારાદિ ભવનપતિઓ, યક્ષરૂપ વ્યન્તર વિશેષ વગેરેની ત્યાં સારી રીતે આરાધના હોતી નથી. વરસાદ વરસાવવામાં આ દેવોની પ્રવૃત્તિનો સદ્ભાવ જરૂરી ગણાય છે. જો મગધાદિ દેશમાં તેમની આરાધના સારી રીતે ન થતી હોય તો આ દેવો મગધાદિ દેશમાં વરસવાને પ્રવૃત્ત થયેલા ઉદકપ્રધાન પુદ્ગલ સમૂહને-મેઘને ત્યાંથી બંગાળા, અંગદેશ આદિ દેશોમાં લઇ જાય છે. મેઘોને, ચમકતી વિજળીને અને મેઘોની ગર્જનાને સાંભળીને લોકો એવા ભ્રમમાં પડે છે કે હમણાં જ વરસાદ વરસવા માંડશે, પણ ઉપર્યુક્ત કારણે તેમની તે માન્યતા ઠગારી નિવડે છે. કેટલીકવાર પ્રચંડ પ્રવચનને લીધે વરસાદ વરસાવનારાં વાદળાઓ આમ તેમ વિખરાઇ જવાને લીધે પણ વરસાદ પડતો નથી. આ પ્રકારના ત્રણ કારણોને લીધે અલ્પવૃષ્ટિકાય (ઓછો વરસાદ અથવા અનાવૃષ્ટિ) થાય છે. મહાવૃષ્ટિકાયસૂત્ર "तोहिं" ઇત્યાદિ રૂપ છે. અલ્પવૃષ્ટિકાયના સૂત્ર કરતાં આ સૂત્ર બિલકુલ વિપરીત અર્થવાળું છે. ત્યાં અલ્પવૃષ્ટિના જે ત્રણ કારણો કહ્યાં છે, તેમના કરતાં મહાવૃષ્ટિનાં વિપરીત કારણો કહ્યા છે. પુષ્કળ માત્રામાં વરસતા વૃષ્ટિકાયને મહાવૃષ્ટિકાય કહે છે. મહાવૃષ્ટિકાયમાં પુષ્કળ અપ્જીવનિકાય રહે છે. મહાવૃષ્ટિ ક્યારે થાય છે? ઉપર્યુક્ત દેવોની જ્યારે સમ્યક્ આરાધના કરવામાં આવે છે, ત્યારે અન્ય દેશમાં જવાને પ્રવૃત્ત થયેલા મેઘને તેઓ પોતાની જ્યાં સમ્યક્ આરાધના થતી હોય એવા દેશમાં લઇ જઇને વરસાવે છે. વળી વાયુકાયરૂપ પ્રચંડ પવન તે વાદળાઓને બીજે સ્થાને લઈ જવાને બદલે ત્યાં જ રહેવા દઇને પુષ્કળ વરસાદ વરસાવવામાં મદદરૂપ બને છે. ॥ સૂ. ૫૦ ॥

દેવવ્યાપારોની પ્રરૂપણા ચાલી રહી છે, તેથી હવે સૂત્રકાર અધુનોપપન્ન દેવની (તત્કાલ દેવલોકમાં ઉત્પન્ન થયેલા દેવની) બે સૂત્રો દ્વારા પ્રરૂપણા કરે છે-" तीहिं ठाणेहिं अहुणोववन्ने देवे " ઇત્યાદિ—

ટીકાર્થ—દેવલોકોમાંના કોઇપણ એક દેવલોકમાં અધુનોપપન્નક દેવ-હમણાંજ ઉત્પન્ન થયેલો દેવ-આ ક્ષણે જ જેણે દેવભવ પ્રાપ્ત કર્યો છે એવો દેવ-મનુષ્ય લોકમાં તુરત જ આવવાની ઇચ્છા કરે છે, એટલે કે દેવલોકમાં દેવની પર્યાયે ઉત્પન્ન થયેલો નવીન દેવ એવું ચાહે છે કે હું અત્યારે જ મારી વૈક્રિયલબ્ધિ વડે મનુષ્યલોકમાં ચાલ્યો જઉં. પરન્તુ નીચે દર્શાવેલા ત્રણ કારણોને લીધે તે મનુષ્યલોકમાં આવવાને સમર્થ થતો નથી-" देवलोकेषु " આ પદ દ્વારા અહીં જે બહુવચનનો પ્રયોગ થયો છે તેના દ્વારા એ સૂચિત થાય છે કે જે દેવ-લોકો છે તેમાંના કોઇ પણ એક દેવલોકમાં " अधुनोपपन्नदेव " આ ક્ષણે જ દેવની પર્યાયે ઉત્પન્ન થયેલા દેવની અહીં વાત કરવામાં આવી છે, આ રીતે અહીં બહુવચન એકાર્થવાચક છે, કારણ કે એક દેવની એક જ કાળે અનેક દેવલોકોમાં ઉત્પત્તિ થઇ શકતી નથી. અથવા દેવલોક અનેક છે એ વાતને પ્રકટ કરવા માટે અહીં બહુવચન વપરાયું છે. તે મનુષ્યલોકમાં આવવાની ઇચ્છા એ કારણે ઇચ્છા કરે છે કે પૂર્વભવનો આયુકાળ તેણે ત્યાં પસાર કરેલો છે, પૂર્વપ-રિચિત સ્નેહીઓને દેખવાની તેને કામના રહે છે, આ વાતને પ્રકટ કરવા માટે સૂત્રકારે અહીં આ પ્રમાણે કહ્યું છે—

તે અધુનોપપન્નક દેવ, અહીં આવવા ચાહે છે તે વૈક્રિયલબ્ધિથી જ આવવા ચાહે છે, તે વાતને અયુક્ત માનવા જેવી નથી, કારણ કે પોતાના મૂળ શરીરે અહીં આવતો નથી. આ મનુષ્યલોકમાં આવવાની કામનાવાળો દેવ પણ અહીં જે આવી શકતો નથી તેના ત્રણ કારણો નીચે પ્રમાણે છે—

(૧) અધુનોપપન્નક દેવ (આ ક્ષણે જ દેવની પર્યાયે ઉત્પન્ન થયેલો દેવ) દેવલોકના દિવ્ય કામભોગોમાં એવો મૂર્છિત, ગૃદ્ધ (લુબ્ધ), ગ્રથિત (જકડા-યેલો) અને અધ્યુપપન્ન (તલ્લીન) થઇ જાય છે કે મનુષ્યસંબંધી કામભોગો પ્રત્યે તેને આદરભાવ રહેતો નથી-તેની નજરે મનુષ્યના કામભોગો તો તુચ્છ

લાગે છે. તે કામભોગોને તે સારા ગણતો નથી, તેમને તે પોતાના કામના માનતો નથી, તે કામભોગોમાં તે નિદાનથી બંધાતો નથી એટલે કે તે કામભોગોની પોતાને પ્રાપ્તિ થાય એવો સંકલ્પ કરતો નથી. અહીં 'કામ' પદથી શબ્દ અને રૂપ ગ્રહણ કરવા જોઇએ અને 'ભોગ' પદથી ગંધ, રસ અને સ્પર્શ ગ્રહણ કરવા જોઇએ. અથવા "काम्यन्ते इति कामाः" આ વ્યુત્પત્તિ અનુસાર જે અભિલષિત (ઇચ્છિત) હોય છે તેનું નામ કામ છે. "भुज्यन्ते इति भोगाः" જે ભોગવવામાં આવે છે તેને ભોગ કહે છે, એવાં ભોગ શબ્દાદિ રૂપ હોય છે. આ રીતે મનોજ્ઞ શબ્દાદિકને કામભોગ કહે છે, એમ સમજવું.

તે નવીન દેવ આ કામભોગોમા મૂર્ચ્છિત થઈ જાય છે. જેમ મૂર્ચ્છિત વ્યક્તિને આજુબાજુનું ભાન રહેતું નથી, તેમ તે નવા ઉત્પન્ન થયેલા દેવને પણ તે કામભોગોમાં લીન થઈ જવાને લીધે બીજું કોઇ ભાન રહેતું નથી. તે કામભોગોમાં તે ગૃદ્ધ (લોલુપ) થઇ જાય છે કારણ કે તે એ વાતને સમજવાને અસમર્થ બને છે કે તેનું સ્વરૂપ અનિત્ય આદિ લક્ષણોવાળું છે. તે આ કામભોગોની અધિકમાં અધિક આકાંક્ષાવાળો બની જાય છે અને તેનાથી તૃપ્ત થતો જ નથી. આ કામભોગો પ્રત્યે તેને એટલો બધો સ્નેહ બંધાય છે કે દોરીથી જકડાયેલા માણસની જેમ તે આ સ્નેહના બંધનથી જકડાયેલો માણસની જેમ તે આ સ્નેહના બંધનથી જકડાયેલો રહે છે, અને તે કારણે તે તેમાં તન્મય થઇ જાય છે. આ પ્રકારની પરિસ્થિતિમાં મૂકાયેલો તે દેવ મનુષ્યભવ સંબંધી કામભોગોને તુચ્છ ગણતો થઈ જાય છે, તેમને તે યથાર્થ રૂપે માનતો નથી, તે કામભોગોથી પોતાનું પ્રયોજન સાધી શકાશે, એવું તેને લાગતું નથી, ભવિષ્યકાળમાં પણ તેમને પ્રાપ્ત કરવાની ભાવના રાખતો નથી. અપ્રાપ્ત વસ્તુને પ્રાપ્ત કરવાની અભિલાષા કરવી તેનું નામ નિદાન (નિયાણું) છે, એવું નિયાણું તે બાંધતો નથી. વળી તે એવી પણ ભાવના રાખતો નથી કે તે (કામભોગો) મારી સાથે રહે અને હું તેમની સાથે રહું. આ રીતે દિવ્ય વિષયોમાં પ્રસક્તિ (આસક્તિ) હોવા રૂપ પહેલા કારણને લીધે, તે અધુનોપપન્ન દેવ મનુષ્યલોકમાં આવવાની કામનાવાળો હોવા છતાં પણ આવી શકતો નથી હવે બીજું કારણ પ્રકટ કરવામાં આવે છે–તે અધુનોપપન્ન દેવ જ્યારે દિવ્ય કામભોગોમાં મૂર્ચ્છિત, લુબ્ધ આદિ વિશેષણોવાળો થાય છે, ત્યારે તેનો

મનુષ્યભવ સંબંધી સ્નેહ-(જે સ્નેહને લીધે તે મનુષ્યલોકમાં આવવાની અભિલાષા કરતો હતો,) જ નષ્ટ થઈ જાય છે, અને તેની જગ્યા દેવલોક સંબંધી પ્રેમ લઈ લે છે. આ રીતે દિવ્ય પ્રેમ સંક્રાન્તિરૂપ આ બીજું કારણ સમજવું. હવે ત્રીજું કારણ પ્રકટ કરવામાં આવે છે-દિવ્ય કામભોગોમાં મૂર્છાભાવ આદિથી થયેલો દેવ તે દિવ્ય કામભોગોમાં એવો તો જકડાઇ જાય છે કે તેના મનમાં એવો વિચાર આવે છે કે હમણાં થોડીવાર તો આ ભોગો ભોગવી લઉં, ત્યારબાદ થોડીવારમાં જ મનુષ્યલોકમાં જ ચાલ્યો જઇશ. આ પ્રમાણે તે વિચાર કરતો જ રહે છે અને વિચારમાં ને વિચારમાં સમય પસાર થતો જ રહે છે. આ રીતે એટલો દીર્ઘકાળ વ્યતીત થઈ જાય છે કે જ્યારે તે મનુષ્યલોકમાં આવવાને પ્રવૃત્ત થાય છે ત્યારે તેને ખબર પડે છે કે જેમને હું મળવા માગું છું તે માતા, પિતા આદિ તો ક્યારના ય મૃત્યુ પામી ચુકયાં છે. હવે કોને મળવાને માટે ત્યાં જવાનું રહે છે! આ રીતે અસમાપ્ત કર્તવ્યતારૂપ આ ત્રીજા કારણને લીધે તે અધુનોપપન્ન દેવ મનુષ્યલોકમાં આવવાની કામનાવાળો હોવા છતાં પણ આવવાને અસમર્થ બને છે.

વૃદ્ધસંપ્રદાય એવો છે કે દેવતાઓના એક મુહૂર્તના નાટકમાં આ મનુષ્યલોકનો બે હજાર વર્ષનો કાળ વ્યતીત થઈ જાય છે. તે બે હજાર વર્ષમાં તો અલ્પાયુસંપન્ન તેના માતાપિતા આદિ સગાંસંબંધીઓ પરલોક સિધાવી ગયાં હોય છે. આ પ્રકારની પરિસ્થિતિમાં અહીં તે કોને મળવા માટે આવે? આ કારણે તે મનુષ્યલોકમાં આવતો નથી.

હવે સૂત્રકાર એ સમજાવે છે કે જે અધુનોપપન્ન દેવ દિવ્યકામભોગોમાં અમૂર્ચ્છિત, અલુબ્ધ આદિ વિશેષણોવાળો હોય છે તે નીચેનાં ત્રણ કારણોને લીધે આ મનુષ્યલોકમાં આવવાનું ઇચ્છે છે અને જલ્દી આવી પણ શકે છે. (૧) તેને એવો વિચાર આવે છે કે મને પ્રતિબોધ કરનારા અને પ્રવ્રજ્યા આદિ દેનારા આચાર્યપરમેષ્ઠિ છે, અથવા અનુયોગાચાર્ય છે, સૂત્રપાઠક ઉપાધ્યાય છે, અને સાધુઓને આચાર્યોપદિષ્ટ વિનય, વૈયાવૃત્ય આદિ કાર્યોમાં પ્રવૃત્ત કરનારા પ્રવર્ત્તકો છે. કહ્યું પણ છે કે-"तवसंजमजोगेसुं" ઇત્યાદિ.

તથા પ્રવર્ત્તકોને પ્રવર્તિત કરનારા-સંયમયોગોમાં શિથિલ થયેલા મુનિઓને સંયમમાં સ્થિર કરનારા સ્થવિરો છે. કહ્યું પણ છે-"थिर करणा पुण थेरो" ઇત્યાદિ.

વળી ત્યાં ગણાચાર્ય છે, ગણધર છે, અને ગણાવચ્છેદક છે. જેમનું જે ગણ હોય છે તે ગણના આચાર્યને તે ગણના ગણાચાર્ય કહે છે. ગુરુનો આદેશ થતાં જે સાધુ કેટલાક સાધુસમૂહને પોતાની સાથે રાખે છે તેને ગણધર કહે છે કહ્યું પણ છે–" पियधम्मे दढधम्मे " ઈત્યાદિ–

જેમને આધીન ગણુનો અવચ્છેદ (વિભાગ, અંશ) હોય છે તેમને ગણાવચ્છેદક કહે છે. તેઓ ગણાંશને લઇને ગચ્છના ઉપષ્ટંભને–આધાર માટે પાત્ર આદિ ઉપધિની માર્ગણાને નિમિત્તે વિહાર કરે છે. કહ્યું પણ છે કે–

" उब्भावणप्पभावण " ઈત્યાદિ–

ઉપર્યુક્ત આચાર્ય આદિના પ્રભાવથી જ મેં આ પ્રકારની દિવ્ય દેવર્ધિ, દિવ્ય દેવદ્યુતિ, અને દિવ્ય દેવાનુભાવ લબ્ધ કર્યો છે, પ્રાપ્ત કર્યો છે, અભિસમન્વાગત કર્યો છે-(તેનાપર મારો અધિકાર જમાવ્યો છે.) તો મારે તેમની પાસે જવું જોઇએ, તે ભગવન્તોને વંદણા કરવી જોઇએ, તેમને નમસ્કાર કરવા જોઇએ, તેમનો મારે સત્કાર કરવો જોઇએ, સન્માન કરવું જોઇએ, કારણ કે તેઓ મારે માટે કલ્યાણરૂપ છે, મંગળરૂપ છે, દૈવતરૂપ છે, અને ચૈત્યરૂપ–જ્ઞાન સ્વરૂપ છે. તેથી મારે તેમની વિધિસહિત પર્યુપાસના કરવી જોઇએ. આ પ્રકારની વિચારધારાને કારણે તે અધુનોપપન્ન–તત્કાલ ઉત્પન્ન થયેલો દેવ આ મનુષ્યલોકમાં જલ્દી આવવાને સમર્થ થાય છે.

એ જ વાત સૂત્રકારે અહીં " इमत्ति " આદિ પદોથી પ્રકટ કરી છે. તે દેવ એવું માને છે કે આ જે મહાઋદ્ધિ આદિની મને પ્રાપ્તિ થઈ છે તે તેમના પ્રભાવથી પ્રાપ્ત થયેલી છે. આ મહાઋદ્ધિ આદિ સ્વલ્પકાળમાં રૂપાન્તર પામે એવી નથી–બદલાઇ જાય એવી નથી. એવી આ દેવલોકની વિમાન, રત્ન આદિરૂપ સંપત્તિ છે અને શરીરાભરણ આદિની દ્યુતિ છે. અથવા " दिव्या देवयुतिः " આ પ્રકારની તેની સંસ્કૃત છાયા લેવામાં આવે, " તો દિવ્ય ઇષ્ટ પરિવાર આદિના સંયોગરૂપ દેવયુતિ " એવો પણ તેનો અર્થ થાય છે. વળી

વૈક્રિય આદિ કરવારૂપ જે અચિન્ત્ય સામર્થ્યની મને પ્રાપ્તિ થઈ છે તે તેમના જ ઉપદેશને લીધે પૂર્વભવમાં કરેલાં શુભ કર્મોના પ્રભાવથી ઉપાર્જિત કરેલું છે, અને આ ભવમાં મને તેની પ્રાપ્તિ થયેલી છે, તથા ભોગ્યરૂપે તે સઘળી સામગ્રી મારી સામે ઉપસ્થિત પણ થઇ ચુકેલી છે. તો અત્યારે જ હું મનુષ્યલોકમાં જઉં, તે ઉપકારી પુરુષોને વંદણા કરૂં-વચનથી તેમની સ્તુતિ કરૂં, શરીર નમાવીને વિનમ્રતાપૂર્વક તેમને નમસ્કાર કરૂં, ઉચિત વિનયાદિની પ્રતિપત્તિથી તેમનું સન્માન કરૂં, તથા કલ્યાણસ્વરૂપ, મંગળસ્વરૂપ, ધર્મદેવસ્વરૂપ, અને જ્ઞાનસ્વરૂપ તે ભગવન્તોની વિધિસહિત પર્યુપાસના કરૂં. આ પદોનું વિશેષ વિવરણ આવશ્યકસૂત્રની મુનિતોષિણી ટીકામાં આપ્યું છે, તો ત્યાંથી વાંચી લેવું. આ પ્રકારનું ધર્માચાર્ય વગેરેની વન્દનાવિષયક પ્રથમ કારણ છે. બીજું કારણ આ પ્રમાણે છે-" अहुणोववन्ने " ઇત્યાદિ—

દેવલોકના દિવ્ય કામભોગોમાં મુર્ચ્છાભાવ આદિથી રહિત હોય એવા અધુનોપપન્ન દેવના મનમાં એવો વિચાર આવે છે કે " આ મનુષ્યલોકમાં મારા અવધિજ્ઞાનના વિષયભૂત મનુષ્યભવમાં અવધિ આદિ જ્ઞાનસંપન્ન જીવો છે, અનશનાદિ ૧૨ પ્રકારના તપનું આચરણ કરનારા તપસ્વી જીવો છે, જે છટ્ઠ છટ્ઠના તપરૂપ દુષ્કર તપસ્યાઓ કરતા રહે છે અને પારણાને દિવસે પણ આયંબિલની તપસ્યા કરે છે તથા તે પારણાને નિમિત્તે પણ જે સંસૃષ્ટહસ્તાદિ (ભરેલા હાથે) પ્રદત્ત અને ઉંઝિતધાર્મિક (નાખવાના સ્વભાવવાલો) આહારને ગ્રહણ કરે છે, જેઓ ધન્ય નામના અણગારની જેમ દુષ્કરમાં દુષ્કર તપસ્યા કરનારા છે, એવાં તપસંયમરૂપ ઐશ્વર્યાદિથી સંપન્ન એવા તપસ્વી ભગવન્તોને વંદણા આદિ કરવાને માટે મારે જવું જોઇએ. આ પ્રકારનું જ્ઞાની તપસ્વી મુનિઓની પર્યુપાસના કરવાની અભિલાષારૂપ બીજું કારણ છે. હવે ત્રીજું કારણ પ્રકટ કરવામાં આવે છે.

" अहुणोववन्ने " ઇત્યાદિ—

દિવ્ય કામભોગોમાં અમૂર્ચ્છાભાવ આદિ વિશેષણોવાળો તે અધુનોપપન્ન દેવ એવો વિચાર કરે છે કે મારા પૂર્વભવના માતા, પિતા, પત્ની, ભાઇ, બહેન, પુત્રો, પુત્રીઓ, પુત્રવધૂ આદિ સૌ સગાંસંબંધી મનુષ્યલોકમાં રહે છે. તો હું તેમની પાસે જઇને પ્રકટ થઉં અને મારી આ પ્રકારની દિવ્ય દેવર્દ્ધિ આદિને તેઓ પ્રત્યક્ષ જોઈ લે. આ પ્રકારનું માતાપિતા આદિની સમક્ષના પ્રાદુર્ભવનરૂપ ત્રીજું કારણ છે. ॥ સૂ. ૫૧ ॥

**હવે સૂત્રકાર નીચેના ચાર સૂત્રો દ્વારા દેવવ્યાપારોનું કથન કરે છે—**

**"તઓ ઠાણાઇં દેવે પીહેજ્જા"** ઇત્યાદિ—

**ટીકાર્થ—નીચે** દર્શાવેલાં ત્રણ સ્થાનોની દેવો ચાહના કરે છે-(૧) મનુષ્યભવની, **(૨) આર્યક્ષેત્રમાં** જન્મ લેવાની, અને (૩) દેવલોકમાંથી ચ્યવીને સુકુલમાં ઉત્પન્ન **થવાની. આ ત્રણ** કારણોને લીધે દેવ પશ્ચાત્તાપ કરે છે-(૧) શારીરિક બળ **આત્મોલ્લાસ રૂપ વીર્ય**, પુરુષકાર પરાક્રમ આત્મબળ-પુરુષાર્થ અને ઉત્સાહ, **ઉપદ્રવના અભાવરૂપ ક્ષેમ સુકાલ થાય ત્યારે આચાર્ય** ને ઉપાધ્યાયનો સદ્ભાવ થતા નીરોગી શરીર આટલી આટલી સામગ્રીનો સદ્ભાવ હોવા છતાં પણ મેં બહુતશ્રુતનું અધ્યયન જ ન કર્યું. અર્થાત્ શાસ્ત્ર ભણ્યો નથી. આ પ્રકારનું આ શ્રુત ન જાણવા રૂપ વિષયક પશ્ચાત્તાપ કરવાનું પ્રથમ સ્થાન છે.

બીજું સ્થાન (કારણ) આ પ્રમાણે છે-"**અહો खलु मया इहलोक प्रतिबद्धेन**" ઇત્યાદિ-હું ભોજન, વસ્ત્ર, આદિની પ્રાપ્તિ દ્વારા જ મારો નિર્વાહ ચલાવવામાં રચ્યોપચ્યો રહ્યો, પરલોક સુધારવાની મેં બિલકુલ પરવા ન કરી, હું વિષયોમાં જ લોલુપ રહ્યો, અને તે કારણે દીર્ઘ સમય (ઘણા કાલ) સુધી હું શ્રામણ્ય પર્યાયનું પાલન કરી શકયો નહીં, આ પ્રકારનું દીર્ઘકાળ શ્રામણ્યપર્યાય નહીં પાળવા રૂપ પરિવર્જન રૂપ, પશ્ચાત્તાપનું આ બીજું કારણ છે.

હવે તેના પશ્ચાત્તાપનું ત્રીજું કારણ પ્રકટ કરવામાં આવે છે-ઋદ્ધિ, આચાર્યપદ પ્રાપ્તિ આદિ અવસ્થામાં નરેન્દ્રાદિકો દ્વારા મારી પૂજા થતી રહે એવી મનોકામનાથી યુક્ત અને મનોજ્ઞ રસોની કામનાથી યુક્ત રહ્યો તથા શારીરિક સુખપ્રાપ્તિ તરફ જ મારું અધિક ધ્યાન રહ્યું. તે કારણે હું બહુ જ ગુરુકર્મી ભારે કર્મવાળો થતો ગયો. તે વસ્તુઓની પ્રાપ્તિના અભિયાનને (કર્મના યોગથી) આધીન થઇને અને તેમની અપ્રાપ્તિમાં તેમની ચાહનાને કારણે ઉપાર્જિત અશુભ ભાવોના સંબંધથી ઉત્પન્ન થયેલા કર્મોના ભારથી હું ભારે બન્યો, ભોગરૂપ-મનોજ્ઞ શબ્દાદિરૂપ આમિષમાં અત્યન્ત આસક્ત રહ્યો, અને તે કારણે મેં વિશુદ્ધ (અતિચાર રહિત) ચારિત્રનું પાલન કર્યું નહીં. આ પ્રકારે વિશુદ્ધ ચારિત્રના અનાચરણ (આચરણ ન કરવા રૂપ) રૂપ, આ ત્રીજું કારણ સમજવું. ઉપર્યુક્ત ત્રણ કારણોને લીધે દેવ પશ્ચાત્તાપ કરે છે.

ત્રણ કારણોને લીધે દેવ એ વાત જાણી લે છે કે અહીંથી (દેવલોકમાંથી) મારું ચ્યવન થવાનો સમય આવી પહોંચ્યો છે-(૧) પોતાના વિમાનો તથા

આભરણોને જ્યારે તે કાન્તિરહિત થયેલા ભાળે છે, ત્યારે તેને સમજણ પડી જાય છે કે હવે અહીંથી મારૂં ચ્યવન થશે. તેમાં નિષ્પ્રભતા ઔત્પાતિક હોય છે અથવા ચક્ષુમાં વિભ્રમ થવાને કારણે દેખાય છે. તે વિમાનો વગેરેમાં તે નિષ્પ્રભતા સ્વાભાવિક હોતી નથી. (૨) કલ્પવૃક્ષો મ્લાન થતાં દેખાય છે અને (૩) પોતાની શરીર–દીપ્તિરૂપ તેજોલેશ્યા તેને નષ્ટ પામતી દેખાય છે. આ ત્રણે પ્રકારનાં ચિહ્નોનો દેવોના ચ્યવનકાળે સદ્ભાવ રહે છે. તે કારણે પોતાનું જે ચ્યવન થવાનું છે તેને દેવ જાણી જાય છે કહ્યું પણ છે કે–' माल्यम्लानि" ઈત્યાદિ. એ જ ત્રણ કારણોને લીધે દેવો પરિતપ્ત (સંતાપયુક્ત) થાય છે.

નીચે દર્શાવેલાં ત્રણ કારણોને લીધે દેવ ઉદ્વિગ્ન–મનોમાલિન્ય યુક્ત થાય થાય છે. તેને એવો વિચાર આવે છે કે "આ કેવા આશ્ચર્યની વાત છે કે આ પ્રત્યક્ષ રહેલી તથા મારી સમીપે વર્તમાન (વિદ્યમાન) એવી જે દિવ્ય દેવર્દ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવપ્રભાવ આદિને મેં લબ્ધ કર્યાં છે, પ્રાપ્ત કર્યા છે અને અભિસમન્વાગત (સ્વાધીન) કર્યા છે. તેમને છોડીને મારે આ દેવલોકમાંથી અને આ દેવપર્યાયમાંથી ચ્યુત થવું પડશે."

દેવના ઉદ્વેગનું બીજું કારણ આ પ્રમાણે છે–તેને એવો વિચાર આવે છે કે "અરે ! આ કેવા દુઃખની વાત છે કે અહીંથી તિર્યંગ્લોકમાં જઇને મારે કોઈ તિર્યંગ્માતાના ગર્ભમાં રહેવું પડશે. ત્યાં મારે ગર્ભમાં માતાના આર્તવ (રજ) અને પિતાના શુક્રનો તથા એ બન્નેની સાથે સંસૃષ્ટ–સંશ્લિષ્ટ (એક રૂપ થયેલા) અશુચીરૂપ આહારને સર્વ પ્રથમ (પ્રથમ સમયમાં જ) શરીરનિર્માણ નિમિત્તે ગ્રહણ કરવો પડશે."

તે દેવના ઉદ્વેગનું ત્રીજું કારણ નીચે પ્રમાણેઃછે–" अहो णं " ઈત્યાદિ—

તેને એવો વિચાર આવે છે કે "મારે જનનીના ઉદરગત શોણિત આદિ અશુચિ દ્રવ્યના સમૂહરૂપ કલમલ રૂપકાદવથી ભરેલી એવી ગર્ભસ્થાનરૂપ જગ્યામાં, કે જે બિલકુલ અપવિત્ર થયેલી છે અને જ્યાં એક સમય પણ રહેવાનું ન ગમે એવી છે, ત્યાં રહેવું પડશે. આ વિષયને અનુલક્ષીને બે ગાથાઓ આપી છે–" देवा वि देवलोए " ઇત્યાદિ. આ પ્રકારનાં ત્રણ કારણોને લીધે દેવને ઉદ્વેગ થાય છે. ॥ સૂ. ૫૨॥

આ પ્રમાણે દેવસંબંધી પ્રરૂપણા કરીને હવે સૂત્રકાર તેમના આશ્રયસ્થાન રૂપ વિમાનોનું વર્ણન કરે છે-" तिसंठिया विमाणा पण्णत्ता " ઇત્યાદિ—

ટીકાર્થ-ત્રણ પ્રકારના આકારવાળાં દેવવિમાનો કહ્યાં છે. અથવા ત્રણ પ્રકારે સંસ્થિત વિમાનો કહ્યાં છે-(૧) વૃત્ત-વલયાકારવાળાં, (૨) ત્ર્યસ્ર-ત્રણ ખૂણાવાળાં, અને (૩) ચતુષ્કોણ-ચાર ખૂણાવાળા. " तत्थ णं " ઇત્યાદિ—

તેમાંથી વૃત્ત અથવા ગોળાકારના જે વિમાનો છે, તેઓ કમળની કર્ણિકા (મધ્યભાગ) ના જેવા આકારવાળા હોય છે, અને બધી તરફ-ચારે દિશાઓમાં પ્રાકાર (કોટ) થી ઘેરાયેલાં છે, તેમને એક એક દ્વાર હોય છે. જે જે ત્ર્યસ્ર વિમાનો છે તેઓ શૃંગાટકના સંસ્થાનવાળા એટલે કે શિંગોડા જેવા આકારવાળા હોય છે. તે વિમાનો પોતાના બે પાર્શ્વભાગમાં-પ્રત્યેક દિશામાં જ્યાં વૃત્ત (ગોળ) વિમાન છે-તે દિશામાં તો તેઓ બન્ને તરફ પ્રાકારથી પરિક્ષિપ્ત (ઘેરાયેલાં) છે, અને એક દિશામાં વેદિકાથી પરિક્ષિપ્ત છે, તથા તેમને ત્રણ ત્રણ દરવાજા છે. શુંડાદંડના જેવો જે પ્રાકાર હોય છે, તેનું નામ અહીં વેદિકા કહ્યું છે. જે ચતુરસ્ર (ચાર ખૂણાવાળાં) વિમાનો છે, તેઓ અક્ષાટક (અખાડા) ના જેવાં આકારવાળાં હોય છે. અક્ષાટક (અખાડો) ચાર ખૂણાવાળો અથવા ચોકોર હોય છે, અખાડાના જેવો જ તેમનો આકાર છે. તેમની ચારે દિશામાં વેદિકાઓ આવેલી છે, તે વિમાનોને ચાર ચાર દરવાજા હોય છે. તથા જે પુષ્પાવકીર્ણ વિમાનો છે, તેઓ અન્ય પ્રકારનાં પણ છે, કારણ કે તેમના આકાર વિવિધ પ્રકારના હોય છે, તેથી પુષ્પાવકીર્ણક વિમાન આવલિકા પ્રવિષ્ટ હોતાં નથી, વૃત્ત (ગોળ) આદિ આકારવાળાં વિમાનો જ આવલિકા પ્રવિષ્ટ હોય છે. આ વિષયને અનુલક્ષીને નીચે પ્રમાણે ગાથાઓ છે-" सव्वेसु पत्थडेसुं " ઇત્યાદિ—

" ति पइट्ठिया " ઇત્યાદિ-તે વિમાનો ઘનોદધિ, ઘનવાત અને અવકાશાન્તર, આ ત્રણપર અવસ્થિત (રહેલાં) છે. શરૂઆતના દેવલોકના વિમાનો ઘનોદધિના ઉપર અવસ્થિત છે. ત્રીજા, ચોથા અને પાંચમાં દેવલોકનાં વિમાનો ઘનવાતને આધારે રહેલાં છે. છઠ્ઠા, સાતમા અને આઠમા દેવલોકના વિમાનો

ઘનોદધિ અને ઘનવાત, એ બન્નેને આધારે રહેલા છે, પરન્તુ ત્રિસ્થાનકનો અહીં અધિકાર ચાલતો હોવાથી અહીં તેમને ગ્રહણ કરવામાં આવેલ નથી. માત્ર અવકાશાન્તરને સહારે સ્થિત વિમાનો આઠમા દેવલોકથી ઉપરના દેવલોકોમાં જ છે. કહ્યું પણ છે કે—" घणउदहि पइट्ठाणा " ઈત્યાદિ.

## જીવકી ગતિકા નિરૂપણ

" तिविहा " ઇત્યાદિ—વિમાનોના ત્રણ પ્રકાર કહ્યાં છે-(૧) અવસ્થિત, (૨) વૈક્રિય, અને (૩) પારિયાનિક. જે વિમાનો શાશ્વત છે-અનાદિકાળથી સ્થિત છે તેમને અવસ્થિત વિમાનો કહે છે. ભોગાદિ નિમિત્તે દેવો દ્વારા પોતાની વૈક્રિયલબ્ધિથી નિર્મિત વિમાનોને વૈક્રિય વિમાનો કહે છે. તિર્થ કરના જન્મના અવસરે જે વિમાનોમાં બેસીને દેવો તિર્યગ્લોકમાં આવે છે, તે પાલક, પુષ્પક આદિ વિમાનોને પારિયાનિક વિમાનો કહે છે. શાસ્ત્રકાર પોતે જ તેમનું નિરૂપણ આગળ કરવાના છે. ॥ સૂ. ૫૩ ॥

દેવોનું વર્ણન કરીને હવે સૂત્રકાર વૈક્રિય આદિના સાધર્મ્યને લીધે નારકાદિ જીવોની દૃષ્ટિના નિરૂપણપૂર્વક ગતિવક્તવ્યતાની પ્રરૂપણા કરવા નિમિત્તે પાંચ સૂત્રનું કથન કરે છે-" तिविहा नेरइया पण्णत्ता " ઈત્યાદિ—

ટીકાર્થ-દૃષ્ટિની અપેક્ષાએ નારકો ત્રણ પ્રકારના કહ્યા છે-(૧) સમ્યગ્દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ અને (૩) સમ્યગ્ મિથ્યાદષ્ટિ ( મિશ્રદષ્ટિ ). કેટલાક નારકો મિથ્યાદૃષ્ટિવાળા હોય છે, તેથી તેમને મિથ્યાદૃષ્ટિ કહે છે. કેટલાક નારકો સમ્યક્ દૃષ્ટિવાળા હોય છે, તેથી તેમને સમ્યગ્દષ્ટિ કહે છે. કેટલાક નારકો બન્ને પ્રકારની દૃષ્ટિથી યુક્ત હોય છે, તેથી તેમને મિશ્રદષ્ટિ કહે છે. એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો સિવાયના વૈમાનિક પર્યન્તના સમસ્ત જીવો પણ આ ત્રણે પ્રકારની દૃષ્ટિઓવાળા હોય છે. એકેન્દ્રિયોમાં માત્ર મિથ્યાત્વ-મિથ્યા દૃષ્ટિનો જ સદ્ભાવ હોય છે. વિકલેન્દ્રિયોમાં ( દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવોમાં ) મિશ્રદષ્ટિનો ભાવ હોય છે. આ રીતે એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયોમાં ત્રણે ત્રણ દૃષ્ટિઓનો સદ્ભાવ નહીં હોવાને કારણે ઉપરના કથનમાં તેમનું પરિ-

વર્જન કરવાનું કહ્યું છે. ત્રિવિધ દર્શનવાળા જીવો દુર્ગતિ અને સુગતિના યોગથી દુર્ગત અને સુગત થાય છે, તે કારણે સૂત્રકાર હવે દુર્ગતિ અને સુગતિની પ્રરૂપણા કરે છે-" तओ " ઇત્યાદિ—

દુર્ગતિ-દુઃખરૂપ ગતિ-ત્રણ કહી છે-(૧) નૈરયિક દુર્ગતિ, (૨) તિર્યંચ દુર્ગતિ અને (૩) મનુષ્ય દુર્ગતિ. નૈરયિક દુર્ગતિમાં માત્ર દુઃખનો જ સદ્‌ભાવ હોય છે. તિર્યંચ દુર્ગતિમાં વધ, બંધન, શરીરચ્છેદન, અતિભારારોપણ આદિ દુઃખ ભોગવવું પડે છે. મનુષ્ય દુર્ગતિમાં સામાન્ય રીતે શારીરિક, માનસિક આદિ અનેક પ્રકારના દુઃખોનો સદ્‌ભાવ હોય છે. " तओ सुगइओ " ઇત્યાદિ.

સુગતિ પણ ત્રણ જ કહી છે-(૧) સિદ્ધિ સુગતિ-તેમાં અનંત જ્ઞાન, દર્શન આદિનો સદ્‌ભાવ રહે છે. (૨) દેવ સુગતિ-તેમાં દિવ્ય દેવર્દ્ધિ આદિનો સદ્‌ભાવ રહે છે. મનુષ્ય સુગતિ-તેમાં પૂર્વ પુણ્યના ઉદયથી સામાન્ય રીતે શારીરિક, માનસિક, કૌટુંબિક આદિ સુખાનુભવનો સદ્‌ભાવ રહે છે. તથા દેવાદિ મોક્ષ પર્યન્તના સુખની પ્રાપ્તિના કારણરૂપ આ ગતિ હોય છે.

" तओ दुग्गया पण्णत्ता " તથા तओ सुगया पण्णत्ता " આ બે સૂત્રનો અર્થ સ્પષ્ટ છે. અહીં દુર્ગતિ પદ દ્વારા એવાં સ્થાનોની વાત કરવામાં આવી કે જ્યાં જીવની અવસ્થા દુઃખમય હોય છે, અને સુગતિથી એવાં સ્થાનોને ગ્રહણ કરવામાં આવ્યાં છે કે જ્યાં જીવની અવસ્થા સુખમય હોય છે. ॥ સૂ. ૫૪ ॥

## નિર્ગ્રન્થ અનગારોંકે આચારકા નિરૂપણ

તપસ્યા કરવાને કારણે જ જીવ સિદ્ધાદિ અવસ્થાવાળો તથા સુખમય અવસ્થાવાળો થાય છે. તેથી હવે સૂત્રકાર તે તપસ્યાવાન્ જીવોના કર્તવ્ય-વિશેષોની, અને પરિહર્તવ્ય વિશેષોની (ત્યાગ કરવા યોગ્ય વસ્તુઓની) પ્રરૂપણા કરવા નિમિત્તે નિર્ગ્રંથ અણગારના આચારનું પ્રતિપાદન કરતાં ૧૪ સૂત્રોનું કથન કરે છે—" चउत्थ भत्तियस्स णं भिक्खुस्स कप्पंति " ઇત્યાદિ—

ટીકાર્થ-જેણે ચતુર્થભક્ત (એક ઉપવાસ) કરેલો છે એવાં ભિક્ષુને ત્રણ પાનક (ત્રણ જાતના પાણી) નો સ્વીકાર કરવાનું કલ્પે છે. ચતુર્થભક્તમાં ઉપવાસના

આગલા દિવસના એક ટંકના ભોજનનો, ઉપવાસના દિનના બન્ને વારના ભોજનનો અને પારણાંના દિવસના એકવારના ભોજનનો ત્યાગ કરવામાં આવે છે, એટલે કે એક ઉપવાસનું નામ જ ચતુર્થભક્ત છે. આ ઉપવાસ જેણે કર્યો હોય છે તેને ચતુર્થભક્તિક કહે છે. આઠ પ્રકારનાં કર્મોનું નામ જ " ક્ષુધા " છે, કારણ કે તેના પ્રભાવથી જ જીવ ચાર ગતિવાળા સંસારને ભોગવવાની ઇચ્છા કરે છે-" संपदादित्वात् सिद्धिः " આ ' ક્ષુધા ' પદની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે-" क्षुध्यति बुभुक्षते-भोक्तुं इच्छति-चतुर्गतिकमपि संसारं यस्मात् इति क्षुत् " આ ક્ષુધાને-આઠ પ્રકારનાં કર્મોને જે તપ આદિ દ્વારા નષ્ટ કરી નાખે છે, તેનું નામ ભિક્ષુ તપસ્વી છે. એવા ભિક્ષુને આ ત્રણ પ્રકારના પાનક ( પાણી ) કલ્પે છે-(૧) ઉત્સેદિમ, (૨) સંસેકિમ અને (૩) તંદુલધાવન ઉત્સ્વેદથી જે પાનક નિષ્પાદિત થાય છે તે પાનકને ઉત્સેદિમ પાનક કહે છે. એટલે કે બાફેલાં ઘઉં, તલ આદિને જે પાણીથી ધોયા હોય તે પાણી, અથવા ઘઉં આદિના લોટની કણેક જે કથરોટ આદિ પાત્રમાં બાંધી હોય, તે કથરોટ આદિના ધોવણના પાણીને ઉત્સેદિમ પાનક કહે તથા છે. જે પાણી સંસેક દ્વારા નિવૃંત થાય છે તે પાણીને સંસેકિમ પાનક કહે છે. જેમકે બાફેલા તંદુલીયક ( તાંજળજો ), મેથીદાણા વગેરે પાંદડાંવાળા શાકને જે પાણીથી ધોવામાં આવે છે, તે પાણી તથા ચોખાના ધોવણજળને તંદુલધાવન પાનક કહેવાય છે. " छट्ठे " ઇત્યાદિ.

જેણે બે ઉપવાસ કર્યા છે એવા ભિક્ષુને આ ત્રણ પ્રકારના પાનક (પાણી) લેવાનું કલ્પે છે-(૧) તિલોદક, (૨) તુષોદક અને (૩) યવોદક. તલના ધોવણ જળને તિલોદક કહે છે. વ્રીહિ ( એક પ્રકારના ચોખા ) ના ધોવણજળને તુષોદક કહે છે અને જવના ધોવણજળને યવોદક કહે છે. " अट्ठमभत्तियस्स " ઇત્યાદિ

જે ભિક્ષુએ ત્રણ ઉપવાસ કર્યા છે તેને નીચેના ત્રણ પાનક લેવા કલ્પે છે-(૧) આયામક, (૨) સૌવીરક અને (૩) શુદ્ધવિકટ. મગ આદિના ઓસા-

મણુને આયામક કહે છે. કાંજિક ( કાંજી ) ને સૌવીરક કહે છે અને ગરમ પાણીને શુદ્ધવિકટ કહે છે. " तिविहे उवहणे पण्णत्ते "

ત્રણ પ્રકારના ઉપહૃત અથવા ઉપહિત કહ્યા છે. ભોજન સ્થાનમાં આનીત ( લાવવામાં આવેલા ) ભક્તનું ( આહારનું ) નામ ઉપહિત અથવા ઉપહૃત છે. તેના ત્રણ પ્રકાર નીચે પ્રમાણે છે-(૧) ફલિકોપહૃત, (૨) શુદ્ધોપહૃત, અને સંસૃષ્ટોપહૃત. ઉત્સવ આદિને નિમિત્તે સમ્પાદિત ભોજ્ય પદાર્થોને અન્ય ગૃહ આદિમાં જે મોકલવામાં આવે છે તેને ફલિકોપહૃત કહે છે. ગુજરાતી ભાષામાં તેને લહાણી અથવા પિરસણું કહે છે. આ ફલિકોપહૃત અવગૃહીતા નામની જે પંચમપિંડૈષણા છે તેના વિષયભૂત હોય છે. કહ્યું પણ છે કે—

" फलियं पहेणगाई " ઈત્યાદિ.

તે વ્યંજનાદિકોથી યુક્ત હોય છે. અલેપકૃત અથવા શુદ્ધ ઓદનનું નામ શુદ્ધોપહૃત છે. આ શુદ્ધોપહૃત અલ્પલેપા નામની ચોથી એષણાના વિષયભૂત છે. ખાનારો જ્યાં સુધી ગૃહીત ભક્તમાં ( અન્નમાં ) હાથ નાખતો નથી, ત્યાં સુધી તેને મુખમાં મૂકી શકાતું નથી, તેથી તે સંસૃષ્ટોપહૃત હોય છે. આ ચોથી એષણામાં ભજના ( વૈકલ્પિક સ્વીકાર ) કહી છે, કારણ કે તે લેપ અલેપ કૃતાદિરૂપ હોય છે. કહ્યું પણ છે કે-" सुद्धं च अलेवकडं " ઈત્યાદિ—

અહીં ત્રિકસંયોગની અપેક્ષાએ એક, બે અને ત્રણના સંયોગથી સાત અવગ્રહવાળા સાધુ હોય છે. । ૧ । " तिविहे उग्गहिए " ઇત્યાદિ—

અવગૃહીત ત્રણ પ્રકારનું હોય છે કોઈપણ પ્રકારે દાતા દ્વારા ગૃહીત ભક્તાદિ વસ્તુનું નામ અવગૃહીત છે. તેના ત્રણ પ્રકાર નીચે પ્રમાણે છે— (૧) દાતા જે ભક્તાદિનું દાન દેવાને માટે હાથ વડે લે છે તે આ છઠ્ઠી પિંડૈષણા છે. તેને અનુલક્ષીને વૃદ્ધ વ્યાખ્યા આ પ્રમાણે છે-પિરસનાર ( દાતા ) પિરસવાના પાત્રમાંથી–ઓદનાદિ–ભાત વિગેરે જે પાત્રમાં રાખેલ છે તે થાળી આદિ પાત્રમાંથી ઓદનાદિ લઇને જેને અર્પણ કરવા ઇચ્છે છે ( પિરસવા માગે છે ) તેના પાત્રમાં તે ઓદનાદિ આપવાને માટે ઉપસ્થિત થઇ ગયો છે, પરન્તુ લેનાર " मा देहि " ' મને તે આપશો મા ' એવું કહે છે, અને એજ વખતે ભિક્ષા પ્રાપ્તિ નિમિત્તે નીકળેલા કોઇ મુનિજન ત્યાં આવી જાય છે. હવે ત્યાં પધારેલા તે મુનિને જોઈને પરિવેષક ( દાતા ) તે મુનિને કહે છે " હે મુને ! આપ આપનું પાત્ર અહીં મૂકો, દાતાના આવા વચનો સાંભળીને મુનિ પોતાનું પાત્ર તેની સમક્ષ મૂકી દે છે, દાતા તેમાં ઓદનાદિક ભોજ્ય વસ્તુ દઇ દે છે. આ અવસ્થામાં સંયતનું પ્રયોજન પૂર્ણ કરવામાં ગૃહસ્થે પોતાના હાથને એક તરફથી બીજી તરફ જ કર્યો છે, ત્યાંથી તેણે ગમનાદિ

કર્યું નથી, આનું નામ જઘન્યોપહૃત છે. કહ્યું પણ છે "भुंजमाणस्स उक्खित्तं" ઈત્યાદિ

" यच्च संहरति " પરિવેષક (દાતા) ભક્તાદિને (ભોજ્ય પદાર્થોને) પોતાને સ્થાનેથી ચલાયમાન થયા વિના (પોતાને સ્થાને જ રહીને) ભક્ત ભાજનમાંથી (ભોજ્ય પદાર્થ જેમાં રાંધેલો છે તે પાત્રમાંથી) ભોજનપાત્રમાં મૂકી દે છે, તેનું નામ દ્વિતીય અવગૃહીત છે. કહ્યું પણ છે કે—

" अह साहीरमाणं तु " ઈત્યાદિ—

" यच्चास्यके क्षिपति " જે ભક્તાદિકને થાલી આદિમાં નાખવામાં આવે છે, તેને તૃતીય અવગૃહીત કહે છે. તેને વિષે નીચે પ્રમાણે વૃદ્ધવ્યાખ્યા છે. ભાતમાંથી પાણીને અલગ કરવાને માટે–ઓસામણને જુદુ પાડવા માટે, અથવા તેને ઠંડા પાડવા માટે કોઈ એક તાસ આદિમાં રાખીને તેમાંથી લઈને ખાનારને પિરસ્યા બાદ જે ભાત વધ્યા હોય તેને પાંજરા આદિમાં રાખનારી ગૃહસ્થ સ્ત્રી જો કોઈને આપી દે છે, તો તેનું નામ તૃતીય અવગૃહીત છે.

" तिविहा ओमोयरिया " ઈત્યાદિ—

અવમોદરિકા ત્રણ પ્રકારની હોય છે. ઊણોદરી (એટલે કે ભૂખ કરતાં પણ ઓછું ખાવું તે) નું નામ અવમોદરિકા અથવા અવમૌદર્ય છે. તેના ત્રણ પ્રકાર છે–(૧) ઉપકરણ અવમોદરિકા, (૨) ભક્તપાનાવ મોદરિકા, (૩) ભાવાવ મોદરિકા. ઓછા પ્રમાણમાં ઉપકરણો રાખવા તેનું નામ ઉપકરણાવમોદરિકા છે. જેટલી ભૂખ લાગી હોય તેના કરતાં ન્યૂન આહારપાણી લેવા તેનું નામ ભક્તપાનાવમોદરિકા છે. ક્રોધાદિ કષાયોનો પ્રતિદિન ત્યાગ કરવો તેનું નામ ભાવાવમોદરિકા છે. કહ્યું પણ છે કે–" कोहाईणमणुदिणं " ઇત્યાદિ—

" उवगरणोमोयरिया " ઈત્યાદિ-ઉપકરણ અવમોદરિકાના ત્રણ પ્રકાર છે. (૧) એક વસ્ત્ર, (૨) એક પાત્ર, અને (૩) ત્યક્તોપધિ સ્વાદનતા. અન્ય મુનિજનો દ્વારા ઉપયોગમાં લેવાયેલા વસ્ત્ર, પાત્ર આદિનો જ ઉપયોગ કરવો તેનુ નામ ત્યકતોપધિ સ્વાદનતા છે. આ પ્રકારના વસ્ત્ર આદિને ધારણ કરવું તે સંયમ પાલનમાં ધારણ કરવા જોઈએ, એ આ કથનથી ફલિત થાય છે. હવે સૂત્રકાર અહિત હિતની અપેક્ષાએ નિર્ગ્રંથના સંબંધમાં વક્તવ્યતાનું કથન કરે છે–" तओ " ઈત્યાદિ—

જેમણે મર્યાદાથી અધિક વસ્ત્રપાત્રાદિ રૂપ દ્રવ્યગ્રંથિનો તથા રાગદ્વેષાદિ રૂપ ભાવગ્રંથિનો ત્યાગ કરી નાખ્યો હોય છે, તેમને નિર્ગ્રંથ કહે છે. એવા નિર્ગ્રંથ મુનિજનો અને સાધ્વીઓને માટે ત્રણ સ્થાનો અહિતકર્તા, અનિષ્ટકર્તા, અસુખ (દુઃખ) કર્તા, અક્ષમ (અયુક્ત), અનિઃશ્રેયસ (અકલ્યાણ) કારક, અનનુગામિકતા (અશુભાનુબન્ધ) ના કર્તા ગણાય છે. ઉપકારી રૂપે જે કાલાન્તરે સાથે જાય છે તેને આનુગામિક કહે છે, અને તેનાથી વિપરીત

અનનુગામિક અશુભાનુબંધ હોય છે.) હવે તે અહિતકારી સ્થાનોના ત્રણ પ્રકાર પ્રકટ કરવામાં આવે છે-(૧) કૂજનતા (આર્ત્તનાદ કરવો તે), (૨) કર્કરણુતા-વસવાટનું સ્થાન, ઉપધિ આદિના દોષોને પ્રકટ કરતો બકવાદ કરવો તેનું નામ કર્કરણુતા છે. અને (૩) અપધ્યાનતા-આર્ત્તરૌદ્રધ્યાન કરવું તેનું નામ અપધ્યાનતા છે. પરન્તુ આ ત્રણ સ્થાનો કરતાં વિપરીત વૃત્તિ રાખવાથી નિર્ગ્રંથોનું હિત થાય છે, તેમને સુખની પ્રાપ્તિ થાય છે, તેમના ક્ષમાગુણની વૃદ્ધિ થાય છે, તેમનું શ્રેય (કલ્યાણ) થાય છે, અને અનુગામિકતા (શુભાનુબન્ધ) રૂપે કાલાન્તરે તે તેમની સાથે જાય છે. " तओ सल्ला " ઈત્યાદિ—

નિર્ગ્રંથોએ આ ત્રણ શલ્યનો પરિત્યાગ કરવો જોઈએ-જેના દ્વારા જીવને હાનિ (તકલીફ) પહોંચે છે તેનું નામ શલ્ય છે. આ શલ્યના દ્રવ્ય અને ભાવની અપેક્ષાએ બે ભેદ કહ્યા છે. બાણ આદિને દ્રવ્ય-શલ્ય કહે છે, અને ભાવની અપેક્ષાએ માયા, નિદાન અને મિથ્યાત્વના ભેદથી ત્રણ પ્રકારના શલ્ય છે. શલ્યની જેમ (છોડવામાં આવેલા બાણના અગ્રભાગની જેમ) બાધક (પીડાકારક) હોવાને કારણે મિથ્યાદર્શનને શલ્યરૂપ કહેવામાં આવ્યું છે. અનિંદ્ય, અનશન, બ્રહ્મચર્ય આદિ તપનું સેવન કરતાં કરતાં દેવર્દ્ધિ આદિની પ્રાપ્તિની કામના કરવી તેનું નામ નિદાન છે. આ નિદાન પણ જીવને શલ્યની જેમ દુઃખદાયક નિવડે છે. મિથ્યાદર્શન પણ જીવની પરિણુતિને સુધરવા દેતું નથી-આત્મસ્થ થવા દેતું નથી-યથાર્થ શ્રદ્ધાને રોકે છે, તેથી તે પણ શલ્યની જેમ જીવને માટે સદા દુઃખદાયક જ હોવાથી તેને મિથ્યાદર્શન શલ્ય કહેવામાં આવ્યું છે. નિર્ગ્રંથોને જે કારણોને લીધે લબ્ધિની પ્રાપ્તિ થાય છે, તે ત્રણ કારણોનું હવે સૂત્રકાર કથન કરે છે-" तीहिं ठाणेहिं " ઇત્યાદિ—

શબ્દાદિક વિષયોમાંથી જે વિશ્રામ (વિરામ) પ્રાપ્ત કરે છે એટલે કે શબ્દાદિક વિષયોનો જે પરિત્યાગ કરે છે, અથવા તપસ્યા કરે છે તેને મુનિ કહે છે. શ્રમણ નિર્ગ્રંથ આ ત્રણ ક્રિયાવિશેષાચરણરૂપ કારણોને લીધે સંક્ષિપ્ત-વિપુલ તેજોલેશ્યાવાળો હોય છે. અહીં શ્રમણની સાથે જે નિર્ગ્રંથપદનો પ્રયોગ કરાયો છે તે એ વાતને પ્રકટ કરે છે કે જે શ્રમણ દ્રવ્યગ્રંથિ અને ભાવ-ગ્રંથિથી રહિત હોય છે, તેને જ સાચો શ્રમણ કહેવાય છે. એવો શ્રમણ

વિશિષ્ટ તપસ્યાના પ્રભાવથી એવી તેજોલેશ્યાને પ્રાપ્ત કરી લે છે કે જે અનેક યોજન પરિમિત ક્ષેત્રમાં રહેલી વસ્તુઓને બાળીને ભસ્મ કરી નાખવાને સમર્થ હોય છે. તે તેજોલેશ્યા વિશિષ્ટ તપસ્યાના પ્રભાવથી આવિર્ભૂત, લબ્ધિવિશેષ દ્વારા પેદા થઇ હોય છે. જે મહર્ષિ શ્રમણ નિર્ગ્રંથને આ તેજોલેશ્યાની પ્રાપ્તિ થઇ હોય છે તે તેના પ્રભાવથી સૂર્યબિંબની જેમ દુર્દશ (જેની સામે જોવામાં પણ તકલીફ પડે એવો) હોય છે, અને અનેક જીવોમાં સંતાપનો ઉત્પાદક થાય છે. પરન્તુ આ વિશિષ્ટ પ્રભાવશાલિની તેજોલેશ્યાને પ્રાપ્ત કરનાર શ્રમણ નિર્ગ્રંથની બાબતમાં એવું બનતું નથી, કારણ કે પોતે પ્રાપ્ત કરેલી તેજોલેશ્યાને તે પોતાની અંદર જ સંક્ષિપ્ત કરીને રાખે છે, કારણ કે શાન્તિનો ઉદ્રેગ તેની અંદર એટલો અધિક હોય છે કે જેના કારણે તે તેજોલેશ્યા તેના શરીરની અંદર કાંતો લીન થઇ જાય છે, અથવા તો હ્રસ્વતા પ્રાપ્ત કરે છે. જો એવું થતું ન હોત તો તે સૂર્યના બિંબની જેમ દુર્દર્શનીય અને અનેક પ્રાણીગણો માટે સંતાપકારક થઈ પડત. જે કારણોને લીધે પ્રાપ્ત થયેલી તેજોલેશ્યાને સંક્ષિપ્ત કરી લેવામાં આવે છે.

તે ત્રણ કારણો હવે પ્રકટ કરવામાં આવે છે–(૧) આતાપના–જ્યારે ગ્રીષ્મ ઋતુ ચાલતી હોય ત્યારે સૂર્યની તરફ મુખ રાખીને અને બન્ને ભુજાઓ ઊંચી રાખીને આતાપનાનું સેવન કરવું, હેમન્ત ઋતુમાં પ્રાવરણ રહિત થવું એટલે કે મુહપત્તિ અને ચોલપટ્ટક સિવાયના બધાં કપડાં ઉતારી નાખવા, અને વર્ષાકાળમાં ઇન્દ્રિય, કષાય અને યોગોને રોકીને વિવિક્ત સ્થાનમાં શય્યાસનનું સેવન કરવું તેનું નામ આતાપના છે. (૨) ક્રોધાદિનો નિગ્રહ કરીને–નહીં કે અશક્ત હોવાને લીધે–અંધ વ્યક્તિઓ દ્વારા કરાયેલા અપરાધને સહન કરવો તેનું નામ ક્ષાન્તિક્ષમા છે. (૩) પારણાના સમય સિવાયના અન્ય સમય દરમિયાન પાણીના વર્જન (ત્યાગ) વાળી છટ્ઠ છટ્ઠાદિ રૂપ તપસ્યા નિરન્તર છ માસ પર્યન્ત કરવી તેનું નામ અપાનક તપઃકર્મ છે. આ પ્રકારના આતાપના, ક્ષાન્તિક્ષમા અને અપાનક તપઃકર્મરૂપ ત્રણ કારણોને લીધે તેજોલેશ્યાની

લબ્ધિ ઉત્પન્ન થાય છે, અને શ્રમણ નિર્ગ્રંથ તેને સંક્ષિપ્ત કરીને શરીરની અંદર જ રાખે છે.

ત્રણ માસની અવધિ (સમય મર્યાદા) વાળી ભિક્ષુપ્રતિમાને ધારણ કરનાર અણગારને ભોજન અને પાનની ત્રણ દત્તિયો લેવી કલ્પે છે, જો કે ભિક્ષુપ્રતિમાઓ તો ૧૨ પ્રકારની હોય છે. કહ્યું પણ છે કે "मासाई सत्तंता" ઈત્યાદિ.

તેનો ભાવ આ પ્રમાણે છે–પહેલી ભિક્ષુપ્રતિમા એક માસની છે, બીજી ભિક્ષુપ્રતિમા બે માસની છે, ત્રીજી ભિક્ષુપ્રતિમા ત્રણ માસની છે, ચોથી ભિક્ષુ-પ્રતિમા ચાર માસની છે, પાંચમી ભિક્ષુપ્રતિમા પાંચ માસની છે, છઠ્ઠી ભિક્ષુ-પ્રતિમા છ માસની છે અને સાતમી ભિક્ષુપ્રતિમા સાત માસની છે. આ રીતે એકથી લઇને સાત સુધીની ભિક્ષુપ્રતિમાઓ ઉત્તરોત્તર એક એક માસની વૃદ્ધિવાળી છે. ત્રણ પ્રતિમાઓ એટલે કે આઠમી, નવમી અને દસમી ભિક્ષુ-પ્રતિમાઓ સાત સાત દિનરાતના પ્રમાણવાળી છે. અગિયારમી ભિક્ષુપ્રતિમા એક અહોરાતની (દિવસરાતની અવધિવાળી) છે અને બારમી ભિક્ષુપ્રતિમા માત્ર એક રાતની જ અવધિવાળી છે. પરન્તુ અહીં ત્રિસ્થાનકનો અધિકાર ચાલતો હોવાથી ત્રણ દત્તિયો ગ્રહણ કરવારૂપ ત્રૈમાસિકી ભિક્ષુપ્રતિમાનું જ વર્ણન કરવામાં આવ્યું છે. આ પ્રતિમાને અંગીકાર કરનાર અણગારને ગૃહ-ત્યાગી ભિક્ષુને–એક વારમાં પડેલી આહારાદિ દ્રવ્યરૂપ ત્રણ ભોજન દત્તિયો અને ત્રણ પાનક દત્તિયો જ લેવી કલ્પે છે.

હવે સૂત્રકાર એ પ્રકટ કરે છે કે એક રાત્રિની પ્રતિમાને સમ્યક્ રીતે નહીં પાળવાથી શું થાય છે અને શું નથી થતું, તથા સમ્યક્ રીતે પાળવાથી શું થાય છે અને શું નથી થતું–" एगराइयं " ઈત્યાદિ—

બારમી ભિક્ષુપ્રતિમાની શાસ્ત્રોક્ત વિધિ અનુસાર આરાધના નહીં કરનાર અણગારના ત્રણ સ્થાન અહિતથી લઇને અનનુગામિકતા પર્યન્તના હેતુરૂપ બને છે. તે ત્રણ સ્થાન નીચે પ્રમાણે છે-(૧) ઉન્માદની પ્રાપ્તિ થાય છે, (૨) દીર્ઘ-

કાલિક રોગાંતકની પ્રાપ્તિ થાય છે અને (૩) કેવલિપ્રજ્ઞપ્ત ધર્મમાંથી ચ્યુત (પતિત) થઈ જાય છે. ચિત્તમાં વિભ્રમ થવો તેનું નામ ઉન્માદ છે. જો તેને તે ઉન્માદની પ્રાપ્તિ થાય છે તો તેને કારણે તેનું અહિત આદિ થાય છે. કષ્ટસાધ્ય અથવા અસાધ્ય રોગનો પણ તે ભોગ બને છે. કોઢ આદિ અસાધ્ય રોગો છે અને તુરત જ પ્રાણ હરી લેનાર હૃદયશૂલ (હાર્ટ ફેલ), વિસૂચિકા (કોલેરા) આદિ આતંક પણ તેને માટે અહિત આદિનું કારણ બને છે. એ જ પ્રમાણે જો તે જિનપ્રણીત ધર્મથી (શ્રુતચારિત્રરૂપ ધર્મથી) ભ્રષ્ટ થઈ જાય છે, તો સમ્યક્ત્વની પણ હાનિ થાય છે અને તે પણ તેનું અહિત આદિ કરવામાં કારણભૂત બને છે. જો તે એક રાત્રિની ભિક્ષુપ્રતિમાનું સમ્યક્ રીતે પાલન કરવામાં લીન રહે છે, તો તેને માટે ત્રણ સ્થાન હિતકારક, સુખકારક, ક્ષમાકારક, મંગલકારક અને અનુગામિતાકારક (શુભ બંધ કરનારા) થઇ પડે છે તે ત્રણ સ્થાન નીચે પ્રમાણે સમજવા-(૧) અવધિજ્ઞાન, (૨) મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન. આ કથનનો ભાવાર્થ એ છે કે એક રાત્રિની અવધિવાળી બારમી ભિક્ષુપ્રતિમાની શાસ્ત્રોક્ત વિધિ અનુસાર આરાધના કરનાર અણગારને કાં તો અવધિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, અને કાં તો કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ૧૩ માં સૂત્રમાં સમ્યક્ રીતે આ પ્રતિમાની આરાધના નહીં કરનારના શા હાલ થાય છે તે પ્રકટ કરવામાં આવ્યું છે. તેમાં એવું કહ્યું છે કે એક રાત્રિની બારમી ભિક્ષુપ્રતિમાની સમ્યક્ રૂપે આરાધના ન કરનાર અણગારને ઉન્માદ, રોગાતંક અને ધર્મભ્રષ્ટ થવા રૂપ અહિતાદિ વિધાયક અર્થ પ્રાપ્ત થાય છે. ૧૪ માં સૂત્રમાં એ વાત પ્રકટ કરવામાં આવી છે કે બારમી ભિક્ષુપ્રતિમાનું સમ્યક્ રૂપે પાલન કરનાર અણગારને અવધિજ્ઞાન અથવા મનઃપર્યવજ્ઞાન અથવા કેવલજ્ઞાન પ્રાપ્ત થઇજાય છે, જે તેનું હિતકારક, સુખકારક આદિ થઇ પડે છે. ॥ સૂ. ૫૫ ॥

## કર્મભૂમિકા નિરૂપણ

મુનિઓનાં પૂર્વોક્ત અનુષ્ઠાન કર્મભૂમિઓમાં જ થાય છે. તેથી હવે સૂત્રકાર કર્મભૂમિઓનું નિરૂપણ પાંચ સૂત્રો દ્વારા કરે છે—

" जंबूदीवे दीवे तओ कम्मभूमिओ " ઈત્યાદિ—

ટીકાર્થ–જંબૂદ્વીપ નામના દ્વીપમાં નીચે પ્રમાણે ત્રણ કર્મભૂમિઓ કહી છે (૧) ભરતક્ષેત્ર, (૨) ઐરવતક્ષેત્ર, અને (૩) મહાવિદેહક્ષેત્ર. આ પ્રકારનું ધાતકી-ખંડ દ્વીપમાં પણ સમજી લેવું. એ જ પ્રકારનું કથન પશ્ચિમાર્ધ પુષ્કરવર દ્વીપાર્ધ પર્યન્તના વિષયમાં પણ સમજવું.

જે ભૂમિઓ અસિ, મષી, કૃષિ અને તપઃસંયમાનુષ્ઠાન આદિ રૂપ કર્મ-પ્રધાન હોય છે, તે ભૂમિઓને કર્મભૂમિઓ કહે છે. એવી તે કર્મભૂમિઓ ભરતક્ષેત્ર, ઐરવતક્ષેત્ર અને મહાવિદેહક્ષેત્ર રૂપ છે. અઢી દ્વીપમાં કુલ ૧૫ કર્મભૂમિઓ છે–જંબૂદ્વીપમાં ૩, ધાતકીખંડના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં મળીને કુલ ૬, અને પુષ્કરવર દ્વીપાર્ધના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં મળીને કુલ ૬. આ રીતે એકંદરે ૩+૬+૬=૧૫ કર્મભૂમિઓ છે. ॥ સૂ. ૫૬ ॥

## કર્મભૂમિમેં રહે હુવે મનુષ્યોં કે ધર્મકા નિરૂપણ

કર્મભૂમિઓનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર તેમાં રહેલા મનુષ્યોના ધર્મોનું નિરૂપણ કરે છે–" तिविहे दंसणे पण्णत्ते " ઈત્યાદિ—

સૂત્રાર્થ–દર્શનના ત્રણ પ્રકાર કહ્યા છે–(૧) સમ્યગ્ દર્શન, (૨) મિથ્યાદર્શન અને (૩) સમ્યગ્ મિથ્યાદર્શન. રુચિ ત્રણ પ્રકારની કહી છે–(૧) સમ્યગ્ રુચિ, (૨) મિથ્યારુચિ અને (૩) સમ્યક્ મિથ્યારુચિ. પ્રયોગ ત્રણ પ્રકારના કહ્યા છે (૧) સમ્યક્ પ્રયોગ, (૨) મિથ્યાપ્રયોગ અને (૩) સમ્યક્ મિથ્યાપ્રયોગ. વ્યવ-સાય ત્રણ પ્રકારના કહ્યા છે–(૧) ધાર્મિક વ્યવસાય, (૨) અધાર્મિક વ્યવસાય અને (૩) ધાર્મિકાધાર્મિક વ્યવસાય. અથવા વ્યવસાયના આ પ્રમાણે ત્રણ ભેદ પણ પડે છે–(૧) પ્રત્યક્ષ, પ્રાત્યયિક અને (૩) આનુગામિક. અથવા (૧) ઐહલૌકિક (૨) પારલૌકિક અને (૩) ઐહલૌકિક પારલૌકિક. તેમાંના ઐહલૌકિક વ્યવસા-યના ત્રણ પ્રકાર કહ્યા છે–(૧) લૌકિક, (૨) વૈદિક અને (૩) સામયિક. વળી લૌકિક વ્યવસાયના પણ નીચે પ્રમાણે ત્રણ પ્રકાર કહ્યા છે–(૧) અર્થ, (૨) ધર્મ અને (૩) કામ. વૈદિક વ્યવસાયના પણ આ ત્રણ પ્રકાર કહ્યા છે–(૧) ઋગ્વેદ, (૨) સામવેદ અને (૩) યજુર્વેદ. સામયિક વ્યવસાયના પણ નીચે

મુજબ ત્રણ પ્રકાર કહ્યા છે-(૧) જ્ઞાન, (૨) દર્શન અને (૩) ચારિત્ર. અર્થયોનિ ત્રણ પ્રકારની કહી છે-(૧) સામ, (૨) દંડ અને (૩) ભેદ.

ટીકાર્થ-અહીં દર્શન શબ્દથી દર્શનમોહનીય ગ્રહણ કરવામાં આવ્યું છે, કારણ કે તે તથાવિધ દર્શનના હેતુ (કારણ) રૂપ હોય છે. આ દર્શનમોહનીય કર્મના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર છે-સમ્યક્ પ્રકૃતિ, મિથ્યાત્વ પ્રકૃતિ અને મિશ્ર પ્રકૃતિ. તત્ત્વો પ્રત્યે શ્રદ્ધા રાખવી તેનું નામ રુચિ છે. તે રુચિ પણ દર્શનત્રયસંપાદ્ય હોય છે, તેથી તેના પણ પૂર્વોક્ત ત્રણ ભેદ જ પડે છે. મન આદિના વ્યાપારનું (પ્રવૃત્તિનું) નામ પ્રયોગ છે, અથવા ઔષધાદિ વ્યાપારનું નામ પ્રયોગ છે. આ પ્રયોગ પણ સમ્યક્, મિથ્યા અને મિશ્ર પ્રયોગના ભેદથી ત્રણ પ્રકારનો કહ્યો છે. અથવા ઉચિત, અનુચિત, અને ઉચિતાનુચિતના ભેદથી પણ પ્રયોગ ત્રણ પ્રકારનો કહ્યો છે. વસ્તુના નિર્ણયનું નામ વ્યવસાય છે, અથવા પુરુષાર્થસિદ્ધિને નિમિત્તે કરાયેલા અનુષ્ઠાનને પણ વ્યવસાય કહે છે. તે ધાર્મિકાદિના ભેદથી ત્રણ પ્રકારનો પ્રકટ કર્યો છે.

આ ત્રણ પ્રકારના વ્યવસાયોનો સદ્‌ભાવ અનુક્રમે સંયત, અસંયત અને દેશવિરતોમાં હોય છે. અથવા સંયમરૂપ વ્યવસાયને ધાર્મિક વ્યવસાય કહે છે, અસંયમરૂપ વ્યવસાયને અધાર્મિક વ્યવસાય કહે છે અને દેશસંયમરૂપ વ્યવસાયને ધાર્મિકાધાર્મિક વ્યવસાય કહે છે અથવા વ્યવસાયનો અર્થ નિશ્ચય પણ થાય છે. આ નિશ્ચયરૂપ વ્યવસાય જ્યારે અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અથવા કેવળજ્ઞાનથી જનિત હોય છે, ત્યારે તેને પ્રત્યક્ષ વ્યવસાય કહે છે. ઇન્દ્રિય અને નોઇન્દ્રિયરૂપ નિમિત્ત દ્વારા જન્ય જે નિશ્ચય હોય છે, તેને પ્રાત્યયિક વ્યવસાય કહે છે. અનુમાનરૂપ જે વ્યવસાય હોય છે, તેને આનુગામિક વ્યવસાય કહે છે. જે પોતાના સાધ્યના અભાવમાં ઉદ્‌ભવતું નથી એવાં ધૂમાદિક હેતુને અનુગામી કહે છે. આ અનુગામિ દ્વારા જે વ્યવસાય (નિશ્ચય) ઉત્પન્ન થાય છે, તેને આનુગામિક વ્યવસાય કહે છે. દા. ત. ધુમાડાને જોઇને અગ્નિના અસ્તિત્વનો જે નિશ્ચય થાય છે તેને આનુગામિક વ્યવસાય કહે છે. એવો આનુગામિક વ્યવસાય અનુમાનરૂપ હોય છે, અથવા જાતે જ જોવું તેનું નામ

પ્રત્યક્ષ વ્યવસાયછે. આપ્તનાં વચનોદ્વારા ઉત્પન્ન થયેલા જ્ઞાનને પ્રાત્યયિક વ્યવસાય કહે છે, તથા અનુમાન રૂપ જે વ્યવસાય છે તેને આનુગામિક વ્યવસાય કહે છે.

તથા ઐહલૌકિક, પારલૌકિક અને ઐહલૌકિકપારલૌકિકના વ્યવસાયના ત્રણ પ્રકાર પડે છે–ઈહ લોક (આ લોક) સંબંધી જે વ્યવસાય છે, તેને ઐહલૌકિક વ્યવસાય કહે છે, પરલોક સંબંધી જે વ્યવસાય છે તેને પારલૌકિક વ્યવસાય કહે છે, તથા આલોક અને પરલોક સંબંધી જે વ્યવસાય છે તેને ઐહલૌકિકપારલૌકિક વ્યવસાય કહે છે. ઐહલૌકિક વ્યવસાયના પણ ત્રણ ભેદ પડે છે–લૌકિક, વૈદિક અને સામયિક. સામાન્ય લોકને આશ્રિત જે વ્યવહાર છે તેને લૌકિક વ્યવસાય કહે છે, ઋગ્વેદ આદિ વેદોને આશ્રિત જે વ્યવસાય છે તેને વૈદિક વ્યવસાય કહે છે, અને સાંખ્ય સિદ્ધાંત આદિને આશ્રિત જે વ્યવસાય છે તેને સામયિક વ્યવસાય કહે છે. ઐહલૌકિક વ્યવસાયના જે ત્રણ ભેદ કહ્યા છે, તે પ્રત્યેક ભેદના પણ ત્રણ ત્રણ પ્રકાર પડે છે લૌકિક વ્યવસાયના અર્થ, ધર્મ અને કામ, આ ત્રણ ભેદો છે. અર્થવિષયક, ધર્મવિષયક અને અને કામવિષક જે નિર્ણય છે તેને અનુક્રમે અર્થરૂપ અને કામરૂપ લૌકિક વ્યવસાય કહે છે. જેમકે–" अर्थस्य मूलं " ઇત્યાદિ—

અર્થનું મૂળ નિકૃતિ—છળકપટપૂર્ણ વ્યવહારરૂપ પરવંચના, ધર્મનું મૂળ ક્ષમા, દયા, દાન અને દમ, કામનું મૂળ ધન શરીર, યૌવનાવસ્થા અને મોક્ષનું મૂળ સમસ્ત શુભાશુભ ક્રિયાઓમાંથી વિરક્તિ છે. અર્થાદિ ત્રણે વ્યવસાયોનું સ્વરૂપ આ ગાથા દ્વારા સ્પષ્ટ થઇ જાય છે. વૈદિક વ્યવસાય પણ ઋગ્વેદ આદિને આધારે કરેલા નિર્ણયરૂપ હોય છે. તથા સામયિક વ્યવસાય જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ હોય છે. જ્ઞાનને અહીં જે વ્યવસાયરૂપ કહેવામાં આવ્યું છે તેનું કારણ એ છે કે વ્યવસાય તેનો પર્યાયી શબ્દ છે, તથા દર્શનને જે વ્યવસાય રૂપ કહ્યું છે તેનું કારણ એ છે કે શ્રદ્ધારૂપ દર્શન પણ વ્યવસાય રૂપજ હોય છે, અને દર્શન વ્યવસાયના એક અંશરૂપ હોય છે. તથા સમભાવરૂપ જે ચારિત્ર છે તે પણ વ્યવસાયરૂપજ હોય છે, કારણ કે તે બોધ સ્વભાવરૂપ આત્માને માટે એક પરિણતિ વિશેષરૂપ હોય છે. તથા એવું જે કહેવામાં આવ્યું છે કે " सच्चरणमणुट्ठाणं विहपडिसंहणाणुगं तत्थ " તે બાહ્યચારિત્રની અપેક્ષાએ કહેવામાં આવ્યું છે, એમ સમજવું. અથવા જ્ઞાનાદિકના વિષયમાં જે વ્યવસાય–બોધ અથવા અનુષ્ઠાન છે તે વિષયના ભેદથી ત્રણ પ્રકારના થઈ ગયા છે, એમ સમજવું. તેમનામાં જે સામાયિકતા કહેવામાં આવી છે તે તે સમ્યક્ અને મિથ્યા શબ્દોથી વિશેષિત (યુક્ત) થઇને આ જ્ઞાનાદિત્રયનો સમસ્ત સમયોમાં સદ્ભાવ હોવાને કારણે કહેલી છે. રાજલક્ષ્મી આદિરૂપ અર્થની જે યોનિ છે તેનું નામ અર્થયોનિ છે–અહીં યોનિ શબ્દનો વાચ્યાર્થ 'ઉપાય' સમજવો જોઇએ. રાજલક્ષ્મી આદિરૂપ અર્થપ્રાપ્તિના ઉપાય

સામ, દંડ અને ભેદ કહ્યા છે. પ્રિયવચન આદિરૂપ સામ હોય છે, વધાદિરૂપ જે પરનો નિગ્રહ છે તેને દંડ કહે છે, તથા જીતવાની ઇચ્છાવાળા પરપક્ષના માણુસોમાં ભેદ પડાવવા-સ્વામી આદિ પરથી તેમનો સ્નેહ તોડી પડાવવો તેનું નામ ભેદ છે. એ જ વાત " परस्परोपकाराणां " ઇત્યાદિ સૂત્ર દ્વારા પ્રકટ કરવામાં આવી છે.

આ વિષયમાં આ પ્રમાણે કરવાથી આપણુને બન્નેને આ પ્રમાણે લાભ થશે, એવી આશા કરવી તેનું નામ આયતિસંપ્રકાશન છે. " वाचा पेशलया साधु " ઇત્યાદિ—

અહીં સ્પર્ધાનું નામ સંઘર્ષ છે. આ મારા મિત્રવિગ્રહનું પરિત્રાણ મને થશે, ઇત્યાદિ રાજયવ્યવહાર્યરૂપ સંતર્જન છે. (૧૧) ॥ સૂ. ૫૭ ॥

## નરકાવાસકા નિરૂપણ

આગલા સૂત્રમાં જીવધર્મોની પ્રરૂપણા કરવામાં આવી. હવે સૂત્રકાર પુદ્ગલોનું અને વિસ્રસાપરિણુત પુદ્ગલરૂપ નરકાવાસોનું વર્ણન કરે છે—

" तिविहा पोग्गला पणत्ता " ઇત્યાદિ—

સૂત્રાર્થ-પુદ્ગલ ત્રણુ પ્રકારનાં કહ્યાં છે-(૧) પ્રયોગપરિણુત, (૨) મિશ્રપરિણુત (૩) વિસ્રસાપરિણુત. નરકાવાસ ત્રણુ સ્થાનોમાં પ્રતિષ્ઠિત ( રહેલા ) છે-(૧) પૃથ્વી પ્રતિષ્ઠિત, (૨) આકાશ પ્રતિષ્ઠિત અને આત્મપ્રતિષ્ઠિત, નૈગમ સંગ્રહ અને વ્યવહાર, એ પૃથ્વીપ્રતિષ્ઠિત છે. ઋજુશ્રુત આકાશપ્રતિષ્ઠિત છે. ત્રણુ શબ્દ નય આત્મપ્રતિષ્ઠિત છે.

ટીકાર્થ–પુદ્ગલના જે પ્રયોગપરિણત આદિ ત્રણ ભેદ કહ્યા છે તેનો ભાવાર્થ આ પ્રકારનો છે–જે પુદ્ગલો જીવના વ્યાપારથી તથાવિધ ( તે પ્રકારના ) પરિણમનને પ્રાપ્ત કરે છે, તેમને પ્રયોગપરિણત પુદ્ગલો કહે છે. જેમકે ઘટપટાદિકોમાં અથવા જ્ઞાનાવરણીય આદિ કર્મોમાં જીવના વ્યાપારથી ગૃહીત પુદ્ગલો ઘટપટાદિ રૂપ પરિણતિને અથવા જ્ઞાનાવરણીય આદિ રૂપ પરિણતિને પ્રાપ્ત કરતાં રહે છે. જે પુદ્ગલો જીવના વ્યાપારથી અને સ્વભાવથી, આ બન્ને રીતે અન્ય પરિણામને પ્રાપ્ત કરતાં રહે છે, તે પુદ્ગલોને મિશ્રપરિણત કહે છે. જેમકે પટપુદ્ગલ–પટપુદ્ગલ પ્રયોગથી પટરૂપે પરિણમી જાય છે અને વિસ્રસા પરિણામથી વસ્ત્રને પોતાના ઉપયોગમાં નહીં લેવા છતાં પણ પુરાણા આદિરૂપે પરિણત થતું રહે છે. ઇન્દ્રધનુષ આદિની જેમ જે પુદ્ગલો સ્વભાવથી જ પરિણમતા રહે છે તેમને વિસ્રસાપરિણત પુદ્ગલો કહે છે. હવે સૂત્રકાર પુદ્ગલ પ્રકરણની અપેક્ષાએ નરકાવાસોની પ્રરૂપણા કરવા નિમિત્તે કહે છે કે–" तिपइट्ठिया " ઇત્યાદિ.

જે ત્રણમાં પ્રતિષ્ઠિત હોય છે તેને ત્રિપ્રતિષ્ઠિત કહે છે. અહીં નરકાવાસોને ત્રિપ્રતિષ્ઠિત કહ્યા છે. પૃથ્વીપ્રતિષ્ઠિત પદના પ્રયોગ દ્વારા એ સમજાવવામાં આવ્યું છે કે તે નરકાવાસ રત્નપ્રભા, શર્કરાપ્રભા વગેરે સાતે નરકપૃથ્વીઓને આશ્રિત છે. આકાશ પ્રતિષ્ઠિત પદ દ્વારા એ સમજાવવામાં આવ્યું છે કે તે નરકાવાસો આકાશને આશ્રિત છે, તથા તે નરકાવાસો પૃથ્વી આદિ પ્રતિષ્ઠિત હોવા છતાં પણ પોતાના નિજરૂપે આશ્રિત છે. હવે સૂત્રકાર તેમનું પ્રતિષ્ઠાન નયોને આશ્રિત કરીને કહે છે–" णेगमसंगह " ઇત્યાદિ–

નૈગમ, સંગ્રહ અને વ્યવહાર, આ ત્રણ નયોની માન્યતા અનુસાર નરકાવાસ પૃથ્વીપ્રતિષ્ઠિત છે. જે નય અનેક પ્રકારે પદાર્થનો પરિચ્છેદક નિર્ણય કરનાર હોય છે, તે નયનું નામ નૈગમ નય છે એટલે કે નૈગમ નયમાં એ વિચાર કરે છે કે જે લૌકિક રૂઢિ અથવા લૌકિક સંસારના અનુસરણમાંથી પેદા થાય છે, કારણ કે તે નય સામાન્ય અને વિશેષ, બન્નેનો ગ્રાહક હોય છે. તેથી આ નયનો એક ગમ ( બોધમાર્ગ ) નથી પણ અનેક ગમ છે–અનેક પ્રકારે વસ્તુને સમજવાના માર્ગ છે. " नैके गमः नैगमः "–આ નય તેની વ્યુત્પત્તિ છે. અથવા

નિગમોમાં–નિશ્ચિત અર્થ બોધો કરાવવામાં–આ નય કુશળ હોય છે, તેથી પણ તેને નૈગમ કહે છે અથવા જ્યાં જેવો વ્યવહાર થાય છે તેને અનુરૂપ જે બોધ કરાય છે તેને નૈગમ કહે છે૧. ભેદોને એક કરીને તેમનું કથન કરવું તેનું નામ સંગ્રહ છે. તે નૈગમ નયની જેમ સામાન્યે વિશેષનો ગ્રાહક હોતો નથી, પરન્તુ કેવળ સામાન્યનો જ ગ્રાહક હોય છે૨. જે નય લોકવ્યવહાર અનુસાર પ્રવૃત્તિ કરે છે તેને વ્યવહાર નય કહે છે. આ નયનો વિષય ભેદ-પ્રધાન હોય છે એટલે કે આ નય વિશેષગ્રાહક જ હોય છે૩. અથવા ઋજુસૂત્ર ઋજુશ્રુત નયની માન્યતા પ્રમાણે નરકાવાસ આકાશ પ્રતિષ્ઠિત છે. જે નય અતીત ( ભૂતકાલિન ) અનાગત ( ભવિષ્યકાલિન ) રૂપ વક્તાનો પરિહાર કરીને માત્ર વર્તમાનકાળની પર્યાયને જ બતાવે છે–એટલે કે તેનું પ્રતિપાદન કરે છે, તે નયનું નામ ઋજુસૂત્ર નય છે૪. તથા શબ્દ, સમભિરૂઢ અને એવંભૂતનયોની માન્યતા અનુસાર નરકાવાસ આત્મપ્રતિષ્ઠિત છે. શબ્દપ્રધાન નય ત્રણ છે–(૧) શબ્દનય, (૨) સમભિરૂઢનય અને (૩) એવંભૂતનય. જે નય લિંગ, સંખ્યા, કારક આદિના ભેદથી અર્થમાં ભેદ માને છે તે નયને શબ્દનય કહે છે. આ નય ભાવનિક્ષેપરૂપ વસ્તુને જ વાસ્તવિક માને છે, વર્તમાનકાળવર્તી પર્યાયને જ પર્યાય માને છે, ભૂત ભવિષ્યકાળને તે વાસ્તવિક માનતો નથી, તથા જે શબ્દોનું લિંગ ( જાતિ ) અભિન્ન છે તેમનો અર્થ પણ એક છે એવું માને છે.

સમભિરૂઢ નય એક લિંગવાળા શબ્દોનો અર્થ પણ ભિન્ન ભિન્ન હોય છે, એમ માને છે, તથા જ્યારે શબ્દ નય શક્ર, પુરન્દર, ઈન્દ્ર આદિ એક લિંગ-વાળા શબ્દોનો અર્થ એક માને છે, ત્યારે આ નય (સમભિરૂઢ નય) પુરન્દર, શક્ર અને ઈન્દ્ર આ શબ્દોના અભિધેયને ઘટપટાદિ શબ્દોના અભિધેયની જેમ ભિન્ન ભિન્ન માને છે. આ રીતે જેટલા એકાર્થક શબ્દો છે, તે બધાનો અર્થ ભિન્ન ભિન્ન જ હોય છે એવી આ નયની માન્યતા છે. જો કે કોઈ કોઈ વખત એક જ શબ્દના અનેક અર્થ પણ થાય છે, પરન્તુ આ નય એ વાતને સ્વીકારતા નથી. એ તો એમ જ કહે છે કે જેમ શક્ર, પુરન્દર આદિ

અનેક શબ્દોનો એક અર્થ થતો નથી, એ જ પ્રમાણે એક શબ્દના પણ અનેક અર્થ થતા નથી. આ પ્રમાણે શબ્દના ભેદ અનુસાર અર્થભેદ કરનારા વિચારને સમભિરૂઢ નય કહેવાય છે.

એવંભૂત નય આ નયના વિચારથી પણ આગળ જાય છે. આ નય એમ બતાવે છે કે ભલેને અનેક શબ્દોના અનેક અર્થ હોય, પરન્તુ તે અર્થને તે શબ્દનો વાચ્ય ત્યારે જ માની શકાય કે જ્યારે તે શબ્દની પ્રવૃત્તિના નિમિત્ત વ્યુત્પત્તિ તેમાં ઘટાવી શકાતી હોય એટલે કે સંભવિત હોય. આ રીતે વ્યુત્પત્તિ અર્થ ઘટાવી શકાતો હોય તો જ તે શબ્દનો તે અર્થ લઇ શકાય છે. જો કે આ નયનો વિષય ભાવનિક્ષેપ હોય છે, પરંતુ તે ભાવનિક્ષેપ તેનો વિષય ત્યારે જ સંભવી શકે છે કે જ્યારે તે વ્યુત્પત્તિ અર્થથી વિશિષ્ટ (યુક્ત) હોય. જેમકે જ્યારે ઘડો પાણી લઇ જવાની ક્રિયા કરી રહ્યો હોય ત્યારે જ તેને ઘડો કહેવાય છે, પણ જ્યારે તે આ ક્રિયાથી રહિત હોય છે ત્યારે તેને ઘડો કહી શકાય નહીં, એવી આ નયની માન્યતા છે. તેથી આ ત્રણે નયોની માન્યતા અનુસાર નરકાવાસ આત્મપ્રતિષ્ઠિત – સ્વસ્વરૂપાશ્રિત છે, એમ પહેલાં કહેવામાં આવ્યું છે.

આ નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત રૂપ સાત નયોમાંથી પહેલા ત્રણ નય અશુદ્ધ હોવાથી અને લૌકિકવ્યવહાર અનુસાર પ્રવૃત્તિ કરનારા હોવાથી એવું જાહેર કરે છે કે નરકાવાસો પૃથ્વીને આશ્રિત છે. ઋજુસૂત્ર નય શુદ્ધ હોવાથી તેમને આકાશ પ્રતિષ્ઠિત કહે છે, કારણ કે સંસારમાં જેટલા પદાર્થો છે, ભલે તે સ્થિર હોય કે અસ્થિર હોય પણ તે સૌનો એકાન્તરૂપે (સંપૂર્ણ રૂપે) આધાર આકાશ જ છે, પૃથ્વી આ પ્રકારે આધારભૂત નથી. તથા શબ્દ સમભિરૂઢ અને એવંભૂત નય શુદ્ધતર (વધારે શુદ્ધ) છે. તેથી તે નયની માન્યતા એવી છે કે સમસ્ત ભાવ કોઇ અન્ય વસ્તુને આશ્રિત હોતા નથી, પણ પોતાના જ સ્વરૂપને આશ્રિત રહે છે, કારણ કે નિજસ્વરૂપ જ પ્રત્યેક પદાર્થનું અવ્યભિચરિત અન્તરંગ આશ્રયસ્થાન છે. આ વિચારધારાને અનુસરીને આ ત્રણે નય તેમને (નરકાવાસોને) આત્મપ્રતિષ્ઠિત કહે છે. એ જ વાત આ સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરી છે–"वत्थुं वसइसहावे" ઇત્યાદિ વસ્તુ વસતી સ્વભાવે અર્થાત્ વસ્તુ પોતાના સ્વભાવમાં રહે છે.

જીવ જે પ્રકારે પોતાના ચેતન સ્વભાવમાં વસે છે, એ જ પ્રમાણે પ્રત્યેક વસ્તુ પણ પોતપોતાના સ્વભાવમાં વસે છે, કારણ કે સૌની સત્તા (અસ્તિત્વ) નિજસ્વભાવથીજ હોય છે. કહ્યું છે. જેમ છાંયડો અને તડકો એકબીજાના આશ્રિત હોતા નથી, એ જ પ્રમાણે કોઈ પણ વસ્તુ બીજી કોઈ વસ્તુને આશ્રિત હોતી નથી. ॥ સૂ. ૫૮ ॥

પહેલા સૂત્રમાં નરકોની પ્રરૂપણા કરવામાં આવી. હવે સૂત્રકાર એ વાત પ્રકટ કરે છે કે મિથ્યાત્વને કારણે જીવને તે નરકોમાં જવું પડે છે. અથવા નય જ્યારે અન્ય નયની અપેક્ષાથી રહિત થઈ જાય છે, ત્યારે તેઓ મિથ્યાદષ્ટિવાળા થઇ જાય છે. આ સંબંધને અનુલક્ષીને હવે સૂત્રકાર મિથ્યાત્વના સ્વરૂપની પ્રરૂપણા કરે છે-" तिविहे मिच्छत्ते पण्णत्ते " ઈત્યાદિ—

સૂત્રાર્થ–મિથ્યાત્વ ત્રણ પ્રકારનું કહ્યુંછે-(૧) આક્રિયા, (૨) અવિનય અને (૩) અજ્ઞાન. તેમાંથી અક્રિયાના પણ ત્રણ પ્રકાર છે–(૧) પ્રયોગક્રિયા, (૨) સમુદાનક્રિયા અને (૩) અજ્ઞાનક્રિયા. પ્રયોગક્રિયાના પણ ત્રણ પ્રકાર છે–(૧) મનઃ પ્રયોગ ક્રિયા, (૨) વાક્પ્રયોગ ક્રિયા, અને (૩) કાયપ્રયોગ ક્રિયા. સમુદાનક્રિયાના કર્મોને પ્રકૃતિ સ્થિતિ આદિરૂપે વ્યવસ્થિત કરવાવાળી ક્રિયા પણ નીચે પ્રમાણે ત્રણ ભેદ કહ્યા છે–(૧) અનન્તર સમુદાનક્રિયા, (૨) પરમ્પરા સમુદાનક્રિયા અને (૩) તદુભય સમુદાનક્રિયા. અજ્ઞાન ક્રિયાના પણ નીચે પ્રમાણે ત્રણ ભેદ કહ્યા છે–(૧) મત્યજ્ઞાન ક્રિયા, (૨) શ્રુતજ્ઞાન ક્રિયા અને (૩) વિભંગાજ્ઞાન ક્રિયા. અવિનયના ત્રણ પ્રકાર કહ્યા છે–(૧) દેશત્યાગી, (૨) નિરાલમ્બનતા અને (૩) નાનાપ્રેમદ્વેષ. અજ્ઞાનના પણ ત્રણ પ્રકાર કહ્યા છે–(૧) દેશાજ્ઞાન, (૨) સર્વાજ્ઞાન અને (૩) ભાવાજ્ઞાન.

ટીકાર્થ–અહીં મિથ્યાત્વ પદ દ્વારા વિપર્યસ્ત શ્રદ્ધારૂપ મિથ્યાત્વનું પ્રતિપાદન કરવામાં આવ્યું નથી, કારણ કે પ્રયોગક્રિયા આદિની સાથે તેનો સંબંધ સંભવી શકતો નથી. ક્રિયાદિકોની અસમ્યક્રૂપતા, તેમની દુષ્ટતા, અને અશોભનતાને જ અહીં મિથ્યાત્વરૂપે ઓળખાવવામાં આવેલ છે, એમ સમજવું. તે મિથ્યાત્વને અક્રિયા આદિના ભેદથી જે ત્રણ પ્રકારનું પ્રકટ કરવામાં આવ્યું છે તેનું તાત્પર્ય એ છે કે મિથ્યાત્વથી ઉપહત ( સંપન્ન ) થયેલી વ્યક્તિનું જે સંસારવૃદ્ધિ સાધક અનુષ્ઠાન છે તે અક્રિયા છે. અક્રિયામાં જે નકારવાચક ' અ 'નો પ્રયોગ

થયો છે તે દુઃશબ્દાર્થમાં થયો છે. જેમકે અશીલા. અહીં અશીલા કન્યા એટલે દુષ્ટ સ્વભાવવાળી કન્યા. તેથી અક્રિયાને અહીં દુષ્ક્રિયારૂપ ગ્રહણ કરવી જોઇએ. એવી અક્રિયા મિથ્યાદષ્ટિ જીવ જ કરે છે, કારણ કે તેની ક્રિયાથી તેનો સંસાર વધે છે. તે કારણે સંસારની વૃદ્ધિનું સાધક જે જે અનુષ્ઠાન મિથ્યાદિષ્ટ જીવ કરે છે, તે:તે અનુષ્ઠાન દુષ્ટ ક્રિયા અથવા અક્રિયારૂપજ હોય છે. મિથ્યાદષ્ટિજીવથી કરે છે, તેને અનુષ્ઠાન દુષ્ટ ક્રિયા અથવા અક્રિયા રૂપ જ હોય છે. મિથ્યાદષ્ટિ જીવનું જ્ઞાન પણ અજ્ઞાનરૂપ જ હોય છે. તેનો અવિનય પણ મિથ્યાત્વરૂપ જ હોય છે. અહીં "અજ્ઞાન" પદ વડે જ્ઞાનાભાવ ગ્રહણ કરાયો નથી પણ અસમ્યગ્ જ્ઞાન જ ગ્રહણ કરાયું છે ॥ ૧ ॥ "अकिरिया" ઇત્યાદિ—

મિથ્યાત્વના પ્રથમ ભેદરૂપ જે અક્રિયા કહી છે, તેના પ્રયોગક્રિયા આદિ ત્રણ ભેદનું હવે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે–વીર્યાન્તરાયના ક્ષયોપશમથી ઉત્પન્ન વીર્યવાળા આત્મા દ્વારા જે વ્યાપાર (પ્રવૃત્તિ) કરવામાં આવે છે તેને પ્રયોગ કહે છે. તે પ્રયોગ મન, વચન અને કાયરૂપ છે. આ પ્રયોગ કરવાની જે ક્રિયા છે તેનું નામ પ્રયોગક્રિયા છે. અથવા પ્રયોગો દ્વારા (મન, વચન અને કાયાદ્વારા) જે કરાય છે (જે કર્મબંધ બંધાય છે) તેનું નામ પ્રયોગ-ક્રિયા કર્મરૂપ હોય છે. તે દુષ્ટ હોવાથી અક્રિયારૂપ ગણાય છે અને અક્રિયા રૂપ હોવાને લીધે તેને મિથ્યાત્વરૂપ પ્રકટ કરેલ છે.

હવે સમુદાન ક્રિયાનો અર્થ સમજાવવામાં આવે છે–સમ્યક્ પ્રયોગક્રિયા દ્વારા એકરૂપે ગૃહીત થયેલી કર્મવર્ગણાઓનું જે પ્રકૃતિબંધ આદિના ભેદરૂપે અને દેશઘાતિ તથા સર્વઘાતિ રૂપે જે આદાન (પરિણમન) થાય છે તેનું નામ સમુદાન છે. આ સમુદાન રૂપ જે ક્રિયા છે તેનું નામ સમુદાનક્રિયા છે. આ સમુદાનક્રિયા પણ કર્મરૂપ જ હોય છે "સમુદાન" શબ્દની સિદ્ધિ નિપાતથી થઈ છે. અજ્ઞાનથી જે ચેષ્ટા થાય છે અથવા કર્મ બંધાય છે તેને અજ્ઞાનક્રિયા કહે છે. મનપ્રયોગ, વચનપ્રયોગ અને કાયપ્રયોગના ભેદથી પ્રયોગ ક્રિયા ત્રણ પ્રકારની કહી છે. તેને વિષે આગળ સ્પષ્ટતા થઈ ચુકી છે. સમુદાન ક્રિયાના ત્રણ ભેદો હવે સ્પષ્ટ કરવામાં આવે છે–જે સમુદાન ક્રિયામાં વ્યવધાન

( આંતરો ) પડતું નથી, તે સમુદાનક્રિયાને અનન્તરા સમુદાન ક્રિયા કહે છે. એટલે કે એક સમયવર્ત્તિની સમુદાન ક્રિયાને અનન્તર સમુદાન ક્રિયા કહે છે. દ્વિતીયાદિ સમયવત્તિની ક્રિયાને પરમ્પર સમુદાન ક્રિયા કહે છે. તથા પ્રથમ, અપ્રથમ બન્ને સમયવર્ત્તિની જે સમુદાન ક્રિયા છે તેને તદુભય સમુદાન ક્રિયા કહે છે. હવે અજ્ઞાન ક્રિયાના મત્યજ્ઞાન આદિ ત્રણ ભેદોનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે–મિથ્યાદષ્ટિની મતિથી જે ક્રિયા થાય છે તેને મતિજ્ઞાન કહે છે, મિથ્યાદષ્ટિના શ્રુતથી જે ક્રિયા થાય છે તેને શ્રુતજ્ઞાન ક્રિયા કહે છે. મિથ્યાદષ્ટિની જે અવધિ છે એજ વિભંગાજ્ઞાન છે. આ વિભંગજ્ઞાનથી જે ક્રિયા થાય છે તેને વિભંગાજ્ઞાન ક્રિયા કહે છે. આ સૂત્રમાં અહીં સુધી અક્રિયા મિથ્યાત્વનું કથન કરવામાં આવ્યું છે. હવે સૂત્રકાર અવિનય મિથ્યાત્વનું કથન કરે છે–" अविणए " ઈત્યાદિ—

વિશિષ્ટ નયનું નામ વિનય છે. તે વિનય પ્રતિપત્તિ સેવા વિશેષરૂપ હોય છે. વિનય ન હોવો તેનું નામ અવિનય છે. હવે તેના ત્રણ પ્રકારો સમજાવવામાં આવે છે–(૧) દેશત્યાગી અવિનય–સ્વામીને ગાળ દેવા રૂપ અવિનય જે દેશત્યાગમાં કારણભૂત બને છે, તે અવિનયને દેશત્યાગી અવિનય કહે છે. જન્મભૂમિ આદિનું નામ દેશ છે. આ દેશમાંથી નીકળવાની કે દેશનો ત્યાગ કરવાની ક્રિયાને દેશત્યાગ કહે છે. જે અવિનયને કારણે દેશત્યાગ કરવાની પરિસ્થિતિ પેદા થાય છે તે અવિનયને દેશત્યાગી અવિનય કહે છે, કારણ કે સ્વામી જ્યારે ગાળ આદિ દેવારૂપ અવિનયથી કોપાયમાન થાય છે, ત્યારે તેના દ્વારા તે વ્યક્તિને દેશમાંથી હાંકી કાઢવામાં આવે છે. આ રીતે જે અવિનય દેશત્યાગ કરાવવામાં કારણભૂત બને છે, તે અવિનયને દેશત્યાગી અવિનય કહે છે. (૨) જે અવિનયને કારણે અવિનયકર્ત્તાને અવલંબનથી–આશ્રયસ્થાન રૂપ ગચ્છ, કુટુંબ આદિ રૂપ સહારાથી–રહિત કરવામાં આવે છે–એટલે કે ગચ્છ અથવા કુટુંબમાંથી અલગ કરવામાં આવે છે, તે અવિનયને નિરાલંબનતા અવિનય કહે છે. (૩) સ્વામી આદિ પ્રત્યે અથવા સ્વામ્યાદિ સંમત પ્રતિ પ્રેમ કરવાને બદલે દ્વેષ કરવાથી અથવા તેમના દ્વારા અસંમત હોય એવા પદાર્થ કે માન્યતા પ્રત્યે દ્વેષ કરવાને બદલે પ્રેમ કરવો તેનું નામ નાનાપ્રેમદ્વેષરૂપ અવિનય છે. એવા અવિનયને નાનાપ્રેમદ્વેષરૂપ નામથી ઓળખવાનું કારણ એ છે કે તે અવિનય વિષયવાળો છે. હવે સૂત્રકાર અજ્ઞાન મિથ્યાત્વનું સ્પષ્ટીકરણ કરે છે.

" अन्नाणे तिविहे पण्णत्ते " ઈત્યાદિ—

અજ્ઞાન ત્રણ પ્રકારનું કહ્યું છે. દ્રવ્ય અને પર્યાય વિષયક બોધનું નામ જ્ઞાન છે. એવું જે જ્ઞાન નથી તેને અજ્ઞાન કહે છે. વિવક્ષિત (અમુક) દ્રવ્યની એક દેશથી જે અનભિજ્ઞતા હોય છે તેનું નામ દેશજ્ઞાન છે. વિવક્ષિત દ્રવ્યનું સર્વરૂપે જ્ઞાન ન હોવું તેનું નામ સર્વજ્ઞાન છે, અને વસ્તુની વિવક્ષિત પર્યાયનું જ્ઞાન ન હોવું તેનું નામ ભાવાજ્ઞાન છે. ॥ સૂ. ૫૯ ॥

## ધર્મકે સ્વરૂપકા નિરૂપણ

પહેલાના સૂત્રમાં મિથ્યાત્વનું વર્ણન કરવામાં આવ્યું અને ત્યાં મિથ્યાત્વને અધર્મ રૂપે પ્રકટ કરાયું છે. હવે સૂત્રકાર અધર્મથી વિપરીત એવા ધર્મનું નવ સૂત્રો દ્વારા વર્ણન કરે છે—

સૂત્રાર્થ—ધર્મ ત્રણ પ્રકારનો કહ્યો છે-(૧) શ્રુતધર્મ, (૨) ચારિત્રધર્મ અને (૩) અસ્તિકાય ધર્મ. ઉપક્રમ ત્રણ પ્રકારના કહ્યા છે-(૧) ધાર્મિક ઉપક્રમ, (૨) અધાર્મિક ઉપક્રમ અને (૩) ધાર્મિકાધાર્મિક ઉપક્રમ. અથવા ઉપક્રમના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર પણ કહ્યા છે-(૧) આત્મોપક્રમ, (૨) પરોપક્રમ અને (૩) તદુભયોપક્રમ. વૈયાવૃત્ય, અનુગ્રહ, અનુશિષ્ટ અને ઉપાલંભના પણ ત્રણ ત્રણ પ્રકારો ઉપક્રમના પ્રકારો પ્રમાણે જ સમજી લેવા. કથા ત્રણ પ્રકારની કહી છે-(૧) અર્થકથા, (૨) ધર્મકથા અને (૩) કામકથા. વિનિશ્ચય ત્રણ પ્રકારનો કહ્યો છે-(૧) અર્થવિનિશ્ચય, (૨) ધર્મવિનિશ્ચય અને (૩) કામવિનિશ્ચય.

ટીકાર્થ—હવે ધર્મના જે ત્રણ પ્રકારો કહ્યા છે તેનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે-શ્રુતરૂપ-શાસ્ત્રરૂપ જે ધર્મ છે તેને શ્રુતધર્મ કહે છે. શ્રુતધર્મ સ્વાધ્યાયરૂપ છે. ઉત્તમ ક્ષમા આદિ જે દસ પ્રકારના શ્રમણધર્મ છે તેનું નામ ચારિત્રધર્મ છે. આ શ્રુતચારિત્રરૂપ બન્ને પ્રકારનો જે ધર્મ છે તેને ભાવધર્મ કહ્યો છે. કહ્યું પણ છે કે-" दुविहोउ भावधम्मो " ઈત્યાદિ—

અસ્તિકાય ધર્મમાં અસ્તિ પદથી તેના પ્રદેશો ગ્રહણ કરાયા છે, તથા કાય પદથી તેમની રાશિ ગ્રહણ થઈ છે. સંજ્ઞાની અપેક્ષાએ જે અસ્તિકાયરૂપ ધર્મ છે, તેનું નામ અસ્તિકાય ધર્મ છે. ગતિક્રિયામાં સહાયભૂત થવાના લક્ષણવાળું ધર્માસ્તિકાય છે. આ દ્રવ્યધર્મ છે.

હવે સૂત્રકાર ત્રણ પ્રકારના ઉપક્રમનું કથન કરે છે–તેને અનુલક્ષીને સૂત્રકારે આઠ સૂત્રો કહ્યાં છે. ઉપક્રમણનું નામ ઉપક્રમ છે, એટલે કે વસ્તુના આરંભને ઉપક્રમ કહે છે.

હવે તેના ધાર્મિક આદિ ભેદોનું પ્રતિપાદન કરવામાં આવે છે- શ્રુતચારિત્ર રૂપ ધર્મને નિમિત્તે જે થાય છે તેનું નામ ધાર્મિક ઉપક્રમ છે. અસંયમ રૂપ જે આરંભ છે તેનું નામ અધાર્મિક ઉપક્રમ છે. દેશતઃ સંયમરૂપ હોવાને લીધે દેશતઃ ધાર્મિક અને દેશતઃ અસંયમરૂપ હોવાને લીધે દેશતઃ અધાર્મિક એવો જે ઉભયાત્મક આરંભ છે તેને એટલે કે દેશવિરતિરૂપ આરંભને ધાર્મિકા· ધાર્મિક ઉપક્રમ કહે છે. અથવા નામ ઉપક્રમ, સ્થાપના ઉપક્રમ, દ્રવ્ય ઉપક્રમ, ક્ષેત્ર ઉપક્રમ, કાળ ઉપક્રમ અને ભાવ ઉપક્રમના ભેદથી ઉપક્રમ છ પ્રકારનો હોય છે. પરન્તુ અહીં ત્રણ સ્થાનકોનું જ કથન ચાલુ હોવાથી ત્રણ પ્રકારના ઉપક્રમ જ ગૃહીત થયા છે. આ છ પ્રકારના ઉપક્રમનું વર્ણન અનુયોગ દ્વાર સૂત્રની અનુયોગચન્દ્રિકા નામની મેં લખેલી ટીકામાં આપવામાં આવ્યું છે, તો ત્યાંથી વાંચી લેવું.

ધાર્મિક સંયતનો જે ચારિત્ર આદિને નિમિત્તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવોના ઉક્ત સ્વરૂપવાળો જે ઉપક્રમ છે તેનું નામ ધાર્મિક ઉપક્રમ છે, તથા અસંયતનો જે અસંયમને નિમિત્તે ઉપક્રમ છે તેનું નામ અધાર્મિક ઉપક્રમ છે. તથા ધાર્મિકાધાર્મિકનો (દેશવિરતિવાળાનો) જે ધાર્મિકાધાર્મિક ઉપક્રમ છે તેનું નામ ધાર્મિકાધાર્મિક ઉપક્રમ છે. બીજી રીતે પણ ઉપક્રમના ત્રણ પ્રકાર પડે છે–(૧) આત્મોપક્રમ–પોતાને અનુકૂળ એવાં ઉપસર્ગો વગેરે આવી પડે ત્યારે શીલરક્ષણને નિમિત્તે જે વૈહાયસ (ઊંચે લટકીને ફાંસો ખાઇને મરવાની ક્રિયા) આદિ દ્વારા પોતાનો વિનાશ કરવામાં આવે છે અથવા પરિકર્મ કરવામાં આવે છે અથવા આત્માર્થે અન્ય વસ્તુનો જે ઉપક્રમ કરવામાં આવે છે તેને આત્મોપક્રમ કહે છે. એ જ પ્રમાણે અન્યને નિમિત્તે ઉપક્રમ

કરવો તેનું નામ પરોપક્રમ છે. આત્માને માટે અને અન્યને માટે ઉપક્રમ કરવો તેનું નામ તદુભય ઉપક્રમ છે. ઉપક્રમના જેવા ત્રણ ભેદ બતાવ્યા છે એવાં જ ત્રણ ભેદ વૈયાવૃત્ય, અનુગ્રહ, અનુશિષ્ટ અને ઉપાલંભના વિષયમાં પણ સમજવા. જેમકે વૈયાવૃત્યના આત્મવૈયાવૃત્ય, પરવૈયાવૃત્યઅને તદુભય વૈયાવૃત્ય નામનાત્રણ ભેદ પડે છે. એ જ પ્રમાણે અનુગ્રહ આદિના પણ આત્માનુગ્રહ પરાનુગ્રહ અને તદુભયાનુગ્રહ ત્રણ ભેદ સમજવા. શિષ્ય, ભક્ત આદિ દ્વારા ગુરુજનોની જે સેવા કરવામાં આવે છે તેનું નામ વૈયાવૃત્ય છે. ગચ્છમાંથી નિર્ગત (નીકળી ગયેલા) જિનકલ્પિક આદિ દ્વારા આત્મવૈયાવૃત્ય થાય છે. ગ્લાન (બીમાર, અશક્ત) આદિની શુશ્રૂષા કરનાર પરવૈયાવૃત્ય થાય છે, તથા ગચ્છગત શ્રમણાદિ દ્વારા તદુભયવૈયાવૃત્ય થાય છે. જ્ઞાનાદિના ઉપાર્જન નિમિત્તે ઉપકાર કરવો તેનું નામ અનુગ્રહ છે. પોતે જ અધ્યયન કરે તેનું નામ આત્માનુગ્રહ છે, વાચનાદિમાં પ્રવૃત્ત થવું અને શિષ્ય જનોને સૂત્રાર્થ આદિ સમજાવવું તેનું નામ પરાનુગ્રહ છે. શાસ્ત્રનું વ્યાખ્યાન કરવું અને શિષ્યજનના સંગ્રહાદિ કરવામાં પ્રવૃત્ત થવું તેનું નામ તદુભયાનુગ્રહ છે. અનુશાસનને અનુશિષ્ટિ કહે છે. પોતાના આત્માનું અનુશાસન કરવું તેનું નામ આત્માનુશિષ્ટિ છે. જેમકે " बायालीसे सणसंकडम्मि " ઈત્યાદિ—

" હે જીવ ! આહાર ગ્રહણના બેંતાલીસ દોષોના સંકટમાં તું ઠગાયો નહીં, તો પ્રાપ્ત આહારનો ઉપભોગ કરતાં, રાગદ્વેષથી તું રખે ઠગાતો ! " એટલે કે માંડલાના પાંચ દોષોથી બચવું. આ રીતે પોતાના આત્માનું અનુ-શાસન કરવાની ક્રિયાને આત્માનુશિષ્ટિ કે આત્માનુશાસન કહે છે. બીજાની પ્રત્યે અનુશાસન રાખવું તેનું નામ પરાનુશિષ્ટિ છે. જેમકે–" ता तंसि भावयेज्जो " ઈત્યાદિ. જેમકે " જો તું ભાવવૈદ્ય છે, તો ભવદુઃખથી પીડાતા જે જીવો તારે શરણે આવ્યા છે, તેમને યત્નપૂર્વક તારે ભવદુઃખમાંથી છોડાવવા જોઈએ, " આ પ્રકારની ભાવનાથી પરાનુશિષ્ટિ (પરનું અનુશાસન) થાય છે. પોતાનું અને પરનું અનુશાસન કરવું તેનું નામ સ્વપરાનુશિષ્ટિ છે. જેમકે–" कह कह Sवि माणुसत्ताइं " ઈત્યાદિ. " અમે કેવા કેવા પ્રયત્નોથી મનુષ્યજન્મ આદિ સામગ્રી પ્રાપ્ત કરી છે, વળી તે મનુષ્યજન્મમાં ચારિત્રરૂપી ઉત્તમ રત્ન પામ્યા છીએ, તો હવે આ મનુષ્યજન્મ પ્રમાદ કરીને એળે જવા દેવો જોઈએ નહીં. "

" આ તમારી પ્રવૃત્તિ અનુચિત છે, " આ પ્રકારના પ્રતિપાદન દ્વારા જે અનુશાસન કરાય છે તેનું નામ જ ઉપાલંભ છે. તથા કોઈ અનુચિત પ્રવૃત્તિ થઈ જતાં પોતાના આત્માને જ આ પ્રકારનો ઠપકો આપવો કે " હે આત્મન્ ! આ તારી પ્રવૃત્તિ ઠીક નથી. " તેનું નામ જ આત્મોપાલંભ છે. જેમકે—" चोल्लगदिट्ठंतेणं " ઈત્યાદિ—

ચોલ્લકના દૃષ્ટાંતથી એટલે કે ચક્રવર્તીના દષ્ટાંતથી આ વાત સમજાવી છે. "દુર્લભ મનુષ્યજન્મ પામીને જો જિનધર્મનું પાલન કરતો નથી, તો શું તું તારા આત્માનો દુશ્મન છે." આ રીતે આત્માનો દુશ્મન ન બન, એવું પ્રતિપાદન અહીં કરવામાં આવ્યું છે. "તું અનુચિત પ્રવૃત્તિ કરે છે," આ પ્રમાણે અન્યની અનુચિત્ત પ્રવૃત્તિનો ઉપાલંભ કરવો તેનું નામ પરોપાલંભ છે. જેમકે–"उत्तमकुलसंभूओ" ઇત્યાદિ. "હે વત્સ! હે જીવ! તું ઉત્તમ કુળમાં જન્મ્યો છે, ઉત્તમ ગુરુ પાસે તેં દીક્ષા લીધી છે, તું ઉત્તમ ગુણોથી યુક્ત છે, આ પરિસ્થિતિ હોવા છતાં તું આ પ્રકારની પાપપ્રવૃત્તિમાં અચાનક કેવી રીતે પડી ગયો?"

પોતાની અને અન્યની પ્રવૃત્તિ અનુચિત હોવાનું કથન કરવું તેનું નામ તદુભયોપાલંભ છે. જેમકે "एगस्स कए निय जीवियस्स" ઇત્યાદિ. "શું કોઈ પણ જીવ પોતાના જીવનને માટે અનેક જીવોને દુઃખ પહોંચાડે, તો શું તેનું પોતાનું જીવન શાશ્વત (અવિનાશી) છે? એટલે કે મારે અને તમારે જરૂર એકવાર તો મરવાનું જ છે, તો શા માટે એવી પ્રવૃત્તિ કરવી જોઇએ?"

આ પૂર્વોક્ત પ્રકારે પ્રત્યેક પદમાં ઉપક્રમની જેમ ત્રણ ત્રણ આલાપક સમજવા. હવે સૂત્રકાર કથાના ભેદોનું નિરૂપણ કરે છે-"तिविहा कहा" ઇત્યાદિ આય (આવક) નું પ્રતિપાદન કરવામાં તત્પર જે વાકયપ્રબંધ રૂપ રચના છે તેને કથા કહે છે. તેના ત્રણ પ્રકારો નીચે પ્રમાણે છે. (૧) ધનની જે કથા છે તેને અર્થકથા કહે છે. એટલે કે અર્થોપાર્જન અથવા અર્થોત્પાદનના કારણ રૂપ સુવર્ણ આદિની કથાને કે ખેતીવાડીની કથાને અર્થકથા કહે છે. કહ્યું પણ છે કે "सामादि धातुवादादि" ઇત્યાદિ. આ કથા કામન્દકાદ્યર્થશાસ્ત્રરૂપ છે. (૨) ધર્મના ઉપાયોનું પ્રતિપાદન કરનારી જે કથા છે તેને ધર્મકથા કહે છે. કહ્યું પણ છે કે–"दयादानक्षमाद्येषु" ઇત્યાદિ. આ ધર્મકથા ઉત્તરાધ્યયન આદિ સૂત્ર રૂપ છે. (૩) કામ (વાસના) ને વધારનારી જે કથા છે તેને કામકથા કહે છે. કહ્યું પણ છે કે–"कामोपादानगर्भाच" ઇત્યાદિ. વાત્સ્યાયન આદિ પ્રણીત કામસૂત્રને કામકથારૂપ ગણી શકાય છે.

"तिविहे विणिच्छए" ઇત્યાદિ. વિશિષ્ટ નિશ્ચયનું નામ વિનિશ્ચય છે, એટલે કે સ્વરૂપના પરિજ્ઞાનનું નામ વિનિશ્ચય છે. તેના પણ અર્થ, ધર્મ અને કામરૂપ ત્રણ ભેદ પડે છે. (૧) અર્થના સ્વરૂપનું પરિજ્ઞાન થવું તેનું નામ અર્થવિનિશ્ચય છે. જેમકે–"अर्थानामर्जने दुःखं" ઇત્યાદિ. (૨) ધર્મના સ્વરૂપનું પરિજ્ઞાન થવું તેનું નામ ધર્મવિનિશ્ચય છે. જેમકે "धनदो धनार्थिनां धर्मः" ઇત્યાદિ. (૩) કામના સ્વરૂપનું પરિજ્ઞાન કરવું તેનું નામ કામવિનિશ્ચય

છે. કહ્યું પણ છે કે–" सल्लं कामा, विसं कामा " આ પ્રમાણે અર્થાદિનું નિરૂપણ અહીં પૂરૂં થાય છે. ॥ સૂ. ૬૦ ॥

## અર્થાદિ વિનિશ્ચયકે કારણોંકી પરમ્પરાકા નિરૂપણ

પહેલાના સૂત્રમાં અર્થાદિના વિનિશ્ચયની પ્રરૂપણા કરીને હવે સૂત્રકાર તેના કારણો અને ફળની પરમ્પરાનું કથન કરે છે. જો કે ત્રણ સ્થાનમાં તેમનો સમાવેશ થતો નથી, છતાં પણ પ્રસંગતઃ ભગવત્પ્રશ્નોત્તર રૂપે અહીં તેમનું નિરૂપણ કરવામાં આવ્યું છે–" तहारूवं णं भंते ! समणं वा माहणं वा " ઈત્યાદિ

સૂત્રાર્થ—પ્રશ્ન-હે ભગવન્ તથારૂપવાળા શ્રમણ અથવા માહણની પર્યુંપાસના કરનારા પુરુષની પર્યુંપાસના કયું ફળ દેનારી હોય છે?

ઉત્તર—તેની તે પર્યુંપાસના શ્રવણ ફલવાળી હોય છે.

પ્રશ્ન—હે ભગવન્! તે શ્રવણ કયા ફળવાળું હોય છે?

ઉત્તર—તેનું તે શ્રવણ જ્ઞાન ફળવાળું હોય છે.

પ્રશ્ન—હે ભગવન્! તેનું તે જ્ઞાન કયા ફળવાળું હોય છે?

ઉત્તર—તેનું તે જ્ઞાન વિજ્ઞાનરૂપ ફળવાળું હોય છે. આ પ્રમાણે આ અભિલાપથી આ ગાથા સમજવી જોઈએ. " सवणे णाणे य विन्नाणे " ઈત્યાદિ.

" હે ભગવન્! તે અક્રિયા કયા ફળવાળી હોય છે? " આ પ્રશ્ન પર્યન્તના પ્રશ્નો અહીં ' यावत् ' પદથી ગ્રહણ થયા છે.

ઉત્તર—તે અક્રિયા નિર્વાણ ફળવાળી હોય છે.

પ્રશ્ન—હે ભગવન્! તે નિર્વાણ કયા ફળવાળું હોય છે?

ઉત્તર—હે શ્રમણ! હે આયુષ્મન્! તે નિર્વાણ સિદ્ધિગતિગમન ફળવાળું હોય છે, એવું તિર્થંકરોએ કહ્યું છે.

ટીકાર્થ—" તથારૂપ " પદ એ વાતને પ્રકટ કરે છે કે જે શ્રમણ શાસ્ત્રોક્ત ક્રિયા કરે છે, એવા તપસ્વી મુનિની તથા જે પોતે જ સાવદ્ય વ્યાપારથી નિવૃત્ત થયેલા છે અને અન્યને " મા હણો, મા હણો " એવો ઉપદેશ આપે છે એવા માહણની જે પુરુષ પર્યુંપાસના કરે છે, તે પુરુષને તે પર્યુંપાસના વડે કયા ફળની પ્રાપ્તિ થાય છે?

આ પ્રશ્નનો ઉત્તર આપતા મહાવીર પ્રભુ કહે છે કે " તેની તે પર્યુંપાસના તેને સિદ્ધાન્ત શ્રવણરૂપ ફલદાતા થાય છે. એટલે કે તથારૂપ શ્રમણ કે માહણની પર્યુંપાસના કરવાથી તે પર્યુંપાસક વ્યક્તિ શ્રુતચારિત્રરૂપ ધર્મને શ્રવણ કરવારૂપ ફળ પ્રાપ્ત કરે છે. તથારૂપ શ્રમણ અને માહણની સમીપે સિદ્ધાન્તનું શ્રવણ કરવાથી શ્રવણ કરનારને શ્રુતજ્ઞાનરૂપ ફળની પ્રાપ્તિ થાય છે,

કારણ કે સિદ્ધાન્તનું શ્રવણ શ્રોતાને શ્રુતજ્ઞાનનો લાભ આપવામાં કારણભૂત બને છે, તેથી તે સિદ્ધાન્તશ્રવણ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરે છે. શ્રુતજ્ઞાન વિજ્ઞાન ફળવાળું હોય છે, કારણ કે વિશિષ્ટ જ્ઞાનરૂપ ફળની પ્રાપ્તિ શ્રોતાને શ્રુતદ્વારા જ થાય છે. હેય અને ઉપાદેય ભૂત પદાર્થોના વિવેચનરૂપ વિશિષ્ટ જ્ઞાન શ્રુતજ્ઞાનથી જ લભ્ય બને છે–અન્યજ્ઞાનથી લભ્ય થતું નથી, કારણ કે તે શ્રુતજ્ઞાન જ વિજ્ઞાનનું ઉત્પાદક બની શકે છે. જીવ જ્યારે વિજ્ઞાન પ્રાપ્ત કરી લે છે, ત્યારે તે પ્રત્યાખ્યાન કરે છે. પ્રત્યાખ્યાન કરવા એટલે ત્યાગવાકય દ્વારા વસ્તુને છોડવી. પ્રત્યાખ્યાનનું ફલ નિવૃત્તિરૂપ હોય છે, કારણ કે હેય અને ઉપાદેયના વિવેચક વિજ્ઞાન દ્વારા પાપપ્રત્યાખ્યાનનો સદ્ભાવ થાય છે પ્રત્યાખ્યાન સંયમરૂપ ફલવાળા હોય છે. પ્રાણાતિપાત આદિ ક્રિયા કરતા વિરમવું તેનું નામ સંયમ છે. કહ્યું પણ છે કે—" पञ्चास्रवाद्विरमणं " ઇત્યાદિ—

'પ્રત્યાખ્યાન' સંયમરૂપ ફલવાળું હોય છે' આ કથનનો ભાવાર્થ આ પ્રમાણે છે–જેણે પ્રત્યાખ્યાન કર્યા છે એવા જીવમાં જ સંયમનો સદ્ભાવ હોય છે. સંયમ અનાસ્રવ ફળવાળો હોય છે–એટલે કે તે આત્મામાં પ્રવેશતાં કર્મસમૂહનો નિરોધ કરનારો હોય છે. સંયમના પ્રભાવથી નવા કર્મો આત્માની પાસે આવી શકતા નથી–તેમનું આગમન જ અટકી જાય છે, કારણ કે સંયમનો સ્વભાવ જ એવો છે કે તે પોતાના આરાધકને નૂતન કર્મોનું ઉપાદાન કરવામાંથી બચાવી લે છે આસ્રવથી રહિત થવાથી તપરૂપ ફલની પ્રાપ્તિ થાય છે, કારણ કે જ્યાં અનાસ્રવની સ્થિતિ હોય છે, ત્યાં તપનો પણ સદ્ભાવ હોય છે. અનાસ્રવયુક્ત જીવ હળુકર્મી હોવાથી તપસ્વી બની શકે છે. પૂર્વકૃત કર્મોનું જ્વલન ( નાશ ) થવો તેનું નામ વ્યવદાન છે. કર્મની નિર્જરા થવી એટલે કર્મરૂપી કચરાની સફાઇ થવી, એવો અર્થ થાય છે, કારણ કે " तपसा क्षीयते कर्म " તપથી કર્મોનો ક્ષય થાય છે," એવું આગમવચન છે. આ વ્યવદાનરૂપ ફલવાળું તપ હોય છે. તપના પ્રભાવથી સંચિત કર્મોનો નાશ થાય છે, તેથી જ

તપને વ્યવદાન ફલવાળું કહ્યું છે. વ્યવદાન અક્રિયારૂપ ફલવાળું હોય છે. મન, વચન અને કાયનો નિરોધ થવો તેનું નામ જ અક્રિયા છે. વ્યવદાનને અક્રિયા-રૂપ ફલવાળું કહેવાનું કારણ એ છે કે કર્મનિર્જરા થયા બાદ જ અયોગિ કેવલિ ગુણસ્થાનનો સદ્ભાવ સંભવી શકે છે. જીવમાં અક્રિયાનો સદ્ભાવ થતાં તેને નિર્વાણની પ્રાપ્તિ થઈ જાય છે, તેથી અક્રિયાને નિર્વાણ ફલવાળી કહી છે. કર્મોનો સર્વથા અભાવ થવો તેનું નામ જ નિર્વાણ છે. જીવ જ્યારે નિષ્ક્રિય થઇ જાય છે, ત્યારે તે કર્મકૃત વિકારથી રહિત થઇ જાય છે. નિર્વાણના ફલ-સ્વરૂપે સિદ્ધિગતિમાં પહોંચી જાય છે. આ સિદ્ધિગતિ લોકના અગ્રભાગમાં છે. ત્યાં જીવોનું ગમન થતું હોય છે. સિદ્ધિને ગતિરૂપ કહેલ છે, તે ગતિમાં જીવનું ગમન થવું, એ જ નિર્વાણનું સર્વ અન્તિમ પ્રયોજન છે. આ રીતે આત્મામાંથી જ્યારે કર્મોનો સંપૂર્ણતઃ નાશ થઈ જાય છે, ત્યારે જીવ સર્વાન્તિમ સિદ્ધિગતિ પ્રાપ્તિરૂપ ફળને પ્રાપ્ત કરી લે છે. "હે શ્રમણાયુષ્મન્! હે ગૌત-માદિક શ્રમણો! આ પ્રમાણે અન્ય કેવલીઓએ પણ કહ્યું છે અને હું પણ કહું છું." ॥ સૂ. ૬૧ ॥

શ્રી જૈનાચાર્ય-જૈનધર્મદિવાકર-પૂજ્ય શ્રી ઘાસીલાલ મુનિવિરચિત સ્થાનાંગસૂત્રની સુધા નામની ટીકાર્થના ત્રીજા સ્થાનકનો ત્રીજો ઉદ્દેશક સમાપ્ત. ॥ ૩-૩ ॥

## અનગારકી કલ્પવિધિકા નિરૂપણ

## ત્રીજા સ્થાનના ચોથા ઉદ્દેશકનો પ્રારંભ

ત્રીજો ઉદ્દેશક પૂરો થયો. હવે ચોથા ઉદ્દેશાનો પ્રારંભ થાય છે. આ ચોથા ઉદ્દેશાનો ત્રીજા ઉદ્દેશા સાથે આ પ્રમાણે સંબંધ છે-ત્રીજા ઉદ્દેશામાં પુદ્ગલ અને જીવના ધર્મ ત્રણ સ્થાનોની અપેક્ષાએ પ્રરૂપિત કરવામાં આવ્યા,છે. આ ઉદ્દેશામાં પણ તેમનું વિશેષ કથન ત્રણ સ્થાનોને આધારેજ કરવામાં આવશે. આ પ્રકારના સંબંધવાળા આ ઉદ્દેશાના છ સૂત્રોમાંનું સર્વપ્રથમ સૂત્ર આ પ્રમાણે છે-" पडिमापडिवन्नस्स " ઈત્યાદિ—

આ સૂત્રનો પૂર્વસૂત્રની સાથે આ પ્રકારનો સંબંધ છે-પહેલા સૂત્રમાં શ્રમણ અને માહનની પર્યુપાસનાની ફલપરમ્પરા પ્રકટ કરવામાં આવી છે. તે શ્રમણ કે માહન અણગાર જ હોય છે. આ સંબંધને અનુલક્ષીને સૂત્રકારે અહીં અણગારની કલ્પવિધિનું નિરૂપણ કર્યું છે.

" पडिमापडिवन्नस्स अणगारस्स " ઈત્યાદિ—

ટીકાર્થ—પ્રતિમા ( અભિગ્રહ વિશેષ ) ધારણ કરનાર અણગારને નીચેના ત્રણ ઉપાશ્રય ( આશ્રયસ્થાનો ) ગવેષણા કરવા નિમિત્તે કલ્પે છે-(૧) અધઃઆરામ ગૃહ ( બગીચામાં બનાવેલાં ઘર ), (૨) અધોવિવૃત ગૃહ ( ઉપરથી આચ્છાદિત પણ ચારે તરફ ખુલ્લું આશ્રયસ્થાન ) (૩) અધોવૃક્ષ મૂળ. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–જે ભિક્ષુએ માસિકી આદિ અવધિવાળી પ્રતિમાની આરાધના શરૂ કરી છે, એવા તે અણગાર ભિક્ષુને ધર્મધ્યાન કરવા નિમિત્તે આ ત્રણ સ્થાન ઉપાશ્રયસ્થાન રૂપે કલ્પે છે-એટલે કે આ ત્રણ સ્થાનોમાં રહીને તે ધર્મધ્યાન કરી શકે છે. ધર્મધ્યાન કરવાને માટે જ્યાં રહેવામાં આવે છે તે સ્થાનને જ ઉપાશ્રય કહે છે. (૧) આરામગૃહ ( વાટિકાગૃહ ) માં કોઇ પણ એક સ્થાને રહીને તે ધર્મધ્યાન કરી શકે છે. (૨) દીવાલઆદિથી રહિત પણ ઉપરથી આચ્છાદિત એવા ચારે દિશામાં ખુલ્લા સ્થાનમાં રહીને પણ તે ધર્મધ્યાન કરી શકે છે, અને (૩) વડવૃક્ષની નીચે રહીને પણ તે ધર્મધ્યાન કરી શકે છે.

" एवं अणुन्नवित्तए " આ સૂત્ર દ્વારા એ વાત પ્રકટ કરવામાં આવી છે કે તે અણગારને તે ઉપાશ્રયભૂત સ્થાનો તેમને (તે સ્થાનોના) માલિકની આજ્ઞા વિના કલ્પતા નથી–આ સૂત્રનો પૂર્વસૂત્રની સાથે આ પ્રકારનો સંબંધ ગ્રહણ કરવો–" पडिमापडिवन्नस्स अणगारस्स कप्पंति तओ उवस्सया अणुन्नवित्तए "

પૂર્વોક્ત સ્વરૂપવાળા ત્રણ ઉપાશ્રયમાં રહેવાને માટે તે સ્થાનોના માલિકની અનુજ્ઞા પ્રાપ્ત કરવાનું તે પ્રતિમાધારક ભિક્ષુ અણગારને માટે આવશ્યક કહ્યું છે. તેથી તે સ્થાનોનો સ્વામી ત્યાં રહેવાની તેમને રજા આપે, તો જ તે અણગાર ત્યાં રહી શકે છે-તો જ ધર્મધ્યાન કરવા નિમિત્તે તે સ્થાનનો સ્વીકાર થઈ શકે છે. એ જ વાત ' उवाइणित्तए " આ સૂત્ર દ્વારા સૂત્રકારે પ્રકટ કરી છે.

આ સૂત્રમાં એ વાત પ્રકટ કરવામાં આવી છે કે પ્રતિમાની આરાધના કરવા નિમિત્તે પૂર્વોક્ત જે સ્થાનને પસંદ કરવામાં આવ્યું હોય, તે સ્થાનના સ્વામીની ત્યાં રહેવા માટે આજ્ઞા પ્રાપ્ત કર્યા બાદ જ તે અણગારે તે સ્થાનમાં પ્રવેશ કરવો જોઇએ. ઉપાશ્રયમાં પ્રવેશ કર્યા બાદ આજ્ઞા મેળવવી તે યુક્ત નથી.

ઉપાશ્રયમાં પ્રવેશ કર્યા બાદ તે પ્રતિમાધારક સાધુને સંસ્તારક (પાથરણું) કરવું કલ્પે છે. એ જ વાત સૂત્રકારે " पडिमापडिवन्नस्स अणगारस्स कप्पंति तओ संथारगा पडिलेहित्तए "' આ સૂત્ર દ્વારા પ્રકટ કરી છે. આ સૂત્રમાં સૂત્રકારે એવું કહ્યું છે કે-પ્રતિમાપ્રતિપન્ન અણગારને આ ત્રણ સંસ્તારકની પ્રતિલેખના કરવી કલ્પ્ય ગણાય છે-(૧) શિલારૂપ પૃથ્વી, કાષ્ઠશિલા,-ઘડયા વિનાનું લાકડાનુ પાટિયું વગેરે. શિલા જેવા આયામ અને વિસ્તારને લીધે તેને અહીં કાષ્ઠશિલા કહેલ છે. (૩) તૃણ આદિ ઉપભોગને પાત્ર પદાર્થો-જે પ્રકારે હોય એ જ પ્રકારે જો પ્રાપ્ત થાય તો સંસ્તારકને યોગ્ય ગણી તેમને માટે કલ્પ્ય બને છે. સંસ્તારકને નિમિત્તે જરૂરી એવી આ ત્રણ વસ્તુઓ તેના માલિકની આજ્ઞા લીધા વિના લઇ શકાતી નથી. તેથી તેમને પ્રાપ્ત કરવા નિમિત્તે તેમની આજ્ઞા પહેલાં પ્રાપ્ત કરવી અને ત્યારબાદ તેમનો સંસ્તારકના કામમાં ઉપયોગ કરવો જોઇએ. ઉપાશ્રયના વિષયમાં આજ્ઞા પ્રાપ્તિ વિષયક જેવું કથન આગળ કરાયું છે એવું જ સમસ્ત કથન સંસ્તારક વિષે પણ અહીં ગ્રહણ કરવું જોઇએ. ॥ સૂ. ૬૨ ॥

પ્રતિમાઓ નિયત કાળવાળી હોય છે, તેથી હવે સૂત્રકાર કાળની પ્રરૂપણા કરે છે. અને ત્યારબાદ તેની સાથે સંબંધ ધરાવતા વચનની પ્રરૂપણા કરે છે.

" तिविहे काले पण्णत्ते " ઈત્યાદિ—

સૂત્રાર્થ—કાળ ત્રણ પ્રકારનો કહ્યો છે-(૧) અતીતકાળ ( ભૂતકાળ ), (૨) વર્તમાનકાળ અને (૩) અનાગતકાળ ( ભવિષ્યકાળ ). એ જ પ્રમાણે સમયના પણ ત્રણ પ્રકાર છે-(૧) અતીત સમય, (૨) વર્તમાન સમય અને (૩) અનાગત સમય. એ જ પ્રમાણે આવલિકા શ્વાસોચ્છ્વાસ, સ્તોક, ક્ષણ, લવ, મુહૂર્ત, અહોરાત્ર, આદિથી લઈને વર્ષશતસહસ્ર, વર્ષકોટિ, પૂર્વાંગ, પૂર્વ વગેરેથી લઇને અવસર્પિણી પર્યન્તના પણ ઉપર્યુક્ત ત્રણ ત્રણ પ્રકાર સમજવા. પુદ્ગલ પરિવર્ત ત્રણ પ્રકારનું કહ્યું છે-(૧) અતીત પુદ્ગલ પરાવર્ત, (૨) વર્તમાન પુદ્ગલ પરાવર્ત (૩) અનાગત પુદ્ગલ પરાવર્ત. વચન પણ ત્રણ પ્રકારનાં કહ્યાં છે-(૧) એકવચન (૨) દ્વિવચન અને (૩) બહુવચન અથવા વચનના આ પ્રમાણે ત્રણ પ્રકાર પણ પડે છે-(૧) સ્ત્રીવચન, (૨) પુંવચન અને (૩) નપુંસક વચન અથવા (૧) અતીત વચન (૨) વર્તમાન વચન અને અનાગત વચનના ભેદથી પણ વચનના ત્રણ પ્રકાર કહ્યાં છે. દ્રવ્યોના રૂપમાં પરિવર્તન કરાવવામાં જે નિમિત્ત કારણ હોય છે, તેનું નામ વ્યવહાર કાળ છે અને વર્તમાન ક્ષણજેની હોય છે એવા કાળને નિશ્ચયકાળ કહે છે. કહ્યું પણ છે કે—

" दव्वपरिवट्टरूवो " ઈત્યાદિ.

ટીકાર્થ-એ જ વાત ટીકાકારે " कलनं कालः परिच्छेदः यद्वा-कल्यते परिच्छिद्यते वस्तु अनेन इति कालः " આ વ્યુત્પત્તિ દ્વારા પ્રકટ કરી છે. જે કાળ વર્ત-માનતાને કરી ચુકયો છે-વ્યતીત કરી ચુકયો છે તે કાળને અતીતકાળ અથવા ભૂતકાળ કહે છે. જે કાળ વર્તી ( ચાલી ) રહ્યો છે તેને વર્તમાનકાળ કહે છે, તથા જે વર્તમાનતાને અપ્રાપ્ત છે એવા કાળને અનાગત અથવા ભવિષ્યકાળ

કહે છે. આ રીતે કાળ સામાન્યનું કથન કરીને હવે સૂત્રકાર તેમના ઉપ-ભેદોનું કથન કરે છે-" तिविहे समए " ઈત્યાદિ—

સમયથી લઈને અવસર્પિણી પર્યન્તના કાળભેદોનું નિરૂપણ દ્વિસ્થાનકના ચોથા ઉદ્દેશાના ૨૭ માં સૂત્રમાં આપ્યા અનુસાર અહીં પણ સમજી લેવું.

હવે સૂત્રકાર એ વાત પ્રકટ કરે છે કે અવસર્પિણીની ઉપર પણ પુદ્ગલ પરાવર્ત નામનો કાળભેદ છે. હવે તે કાળભેદની પ્રરૂપણા કરવામાં આવે છે.

" तिविहे पोग्गलपरियट्टे " ઈત્યાદિ—

આહારક સિવાયના રૂપિદ્રવ્યોનું ઔદારિક આદિ પ્રકારે એક જીવ દ્વારા ક્રમશઃ ગ્રહણ કરાતા જ્યારે સંપૂર્ણરૂપે ગ્રહણ થઇ જાય છે, એટલા કાળનું નામ પુદ્ગલ પરાવર્ત છે. તેમાં ગૃહીત રૂપી દ્રવ્યનું ગ્રહણ ગણતરીમાં આવતું નથી. આ પ્રમાણે થતાં થતાં જેટલા કાળમાં તે થઈ જાય છે એટલા કાળનું નામ એક પુદ્ગલ પરાવર્ત છે. તે પુદ્ગલ પરાવર્ત અનંત ઉત્સર્પિણી અને અનંત અવસર્પિણી રૂપ હોય છે. અનુત્તરોપપાતિક સૂત્રની અર્થબોધિની ટીકામાં પુદ્ગલ પરાવર્તનું સ્વરૂપ વિસ્તારપૂર્વક સમજાવવામાં આવ્યું છે, તો જિજ્ઞાસુ પાઠકોએ ત્યાંથી તે વાંચી લેવું. સમયથી લઈને પુદ્ગલ પરાવર્ત પર્યન્તના અનેક કાળભેદો હોવા છતાં, સામાન્ય રૂપે એક અર્થને આશ્રિત કરીને અહીં સૂત્રકારે તે બધામાં એકવચનનો પ્રયોગ કર્યો છે. એક આદિ અર્થોમાં એક વચન આદિનો પ્રયોગ થાય છે, તે સંબંધને અનુલક્ષીને હવે સૂત્રકાર વચનની પ્રરૂપણા કરે છે-" तिविहे " ઇત્યાદિ—

જે વચનથી એક અર્થ ( વસ્તુ ) નું કથન થાય છે તે વચનનું નામ એકવચન છે. અથવા એક ઉક્તિનું નામ એકવચન છે. અથવા એક વસ્તુનો નિર્દેશ કરનારૂં એકવચન છે. એ જ પ્રમાણે દ્વિવચન અને બહુવચન વિષે પણ સમજવું. જેમકે " संयत " એકવચન છે, " संयतौ " દ્વિવચન છે અને " संयताः " એ બહુવચન છે. અથવા સ્ત્રીલિંગવાળા શબ્દોનો પ્રયોગ કરવો તે સ્ત્રીવચન છે, જેમકે ક્ષમા, દયા, અહિંસા આદિ વચન. પુલ્લિંગ ( નરજાતિના ) શબ્દોનો પ્રયોગ કરવો તે પુંવચન છે. જેમકે ધર્મ, ત્યાગ, પુરુષ આદિ શબ્દો. નપુંસકલિંગના શબ્દોનો પ્રયોગ કરવો તે નપુંસક વચન છે. જેમકે જ્ઞાન, ધ્યાન દાન વગેરે શબ્દો. આ રીતે લિંગાદિકના ભેદની અપેક્ષાએ વચનના ત્રણ ભેદ કહ્યા છે. એ જ પ્રમાણે "अभूत् , भवति, भविष्यति " ઈત્યાદિ રૂપે અતીતાદિ ક્રિયાના પ્રતિપાદક હોવાથી અતીત વચન, વર્તમાન વચન, અને અનાગત વચનના ભેદથી પણ ત્રણ પ્રકારનાં વચન કહ્યાં છે. ॥ સૂ. ૬૩ ॥

વચન જીવની પર્યાયરૂપ છે, તેથી એ વાતનો આશ્રય લઈને હવે સૂત્રકાર તેના પર્યાયાન્તરોનું ત્રિસ્થાનકમાં પ્રતિપાદન કરનારા ૧૯ સૂત્રો કહે છે—

" तिविहा पण्णवणा पण्णत्ता " ઈત્યાદિ—

સૂત્રાર્થ–પ્રજ્ઞાપના ત્રણ પ્રકારની કહી છે-(૧) જ્ઞાન પ્રજ્ઞાપના, (૨) દર્શન પ્રજ્ઞાપના અને (૩) ચારિત્ર પ્રજ્ઞાપના. આભિનિબોધિક આદિ પાંચ જ્ઞાનોનું પ્રતિપાદન કરવું તેનું નામ જ્ઞાનપ્રજ્ઞાપના છે. ચક્ષુ આદિ પાંચ દર્શનોનું પ્રતિપાદન કરવું તેનું નામ દર્શન પ્રજ્ઞાપના છે. સામાયિક આદિ પાંચ ચારિત્રનું કથન કરવું તેનું નામ ચારિત્ર પ્રજ્ઞાપના છે. " तिविहे सम्मे " ઈત્યાદિ—

સમ્યક્ ત્રણ પ્રકારના કહ્યા છે. ( મોક્ષસિદ્ધિમાં જે અનુકૂળ થાય છે તેને સમ્યકત્વ કહે છે એવું સમ્યકત્વ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ કહ્યું છે. ઉપઘાત–આહાર, શય્યાસન આદિની અકલ્પનીયતા રૂપ ઉપઘાત હોય છે. તે ઉપઘાતના ત્રણ ભેદ નીચે પ્રમાણે કહ્યા છે—

(૧) ઉદ્ગમોપઘાત, (૨) ઉત્પાદનોપઘાત, અને (૩) એષણોપઘાત પિંડાદિના ઉત્પાદનું નામ ઉદ્ગમ છે. તેના આધાકર્મ, ઔદ્દેશિક આદિ ૧૬ દોષ શાસ્ત્ર-પ્રસિદ્ધ છે અહીં અભેદની અપેક્ષાએ ઉદ્ગમ પદથી ઉદ્ગમદોષોને જ ગ્રહણ કરવા જોઈએ. આ ઉદ્ગમપૂર્વક જે આહારાદિનો ઉપઘાત થાય છે તેને ઉદ્ગમોપઘાત કહે છે. એટલે કે આ ઉદ્ગમદોષોને લીધે આહારાદિકમાં અકલ્પનીયતા આવી જાય છે. એજ પ્રમાણે તેના અન્ય બે ભેદ વિષે પણ સમજવું. ઉત્પાદનને ઉત્પાદના કહે છે, એટલે કે ગૃહસ્થ પાસેથી આહારાદિનું ઉપાર્જન કરવું તેનું નામ ઉત્પાદના છે. આ ઉત્પાદના દોષરૂપ પણ હોઈ શકે છે. ધાત્રીત્વ આદિ ૧૬ પ્રકારના ઉત્પાદના દોષ શાસ્ત્રમાં કહ્યાં છે. આ ધાત્રીત્વ આદિ દોષોને લીધે આહારાદિકોમાં જે દૂષિતપણું આવે છે તેને ઉત્પાદનોપઘાત કહે છે. આ ઉત્પાદના દોષોવાળો આહાર પણ સાધુઓને કલ્પતો નથી. દાતાના દ્વારા અપાતી આહા-રાદિ વસ્તુના ગ્રહણને એષણા કહે છે. એષણા પદ દ્વારા અહીં એષણા સંબંધી દોષો ગ્રહણ કરાયા છે. શાસ્ત્રોમાં તેના શક્તિ આદિ ૧૦ ભેદ કહ્યા છે. આ એષણાપૂર્વકનો જે ઉપઘાત ( દુષ્ટતા ) છે તેનું નામ એષણોપઘાત છે. એ જ પ્રમાણે વિશોધિ ( વિશુદ્ધિ ) પણ ત્રણ પ્રકારની કહી છે. ઉદ્ગમાદિ દોષોનો સદ્ભાવ ન હોવાથી આહારાદિકમાં જે નિર્દોષતા જળવાય છે તેને વિશોધિ

કહે છે. ઉદ્ગમ, ઉત્પાદના અને એષણાની વિશુદ્ધિની અપેક્ષાએ તેના ત્રણ પ્રકાર પડે છે-(૧) ઉદ્ગમ વિશોધિ, (૨) ઉત્પાદના વિશોધિ અને (૩) એષણા વિશોધિ. આ વિશોધિ જ્ઞાનાદિની આરાધનાથી સંભવિત બને છે. તેથી હવે સૂત્રકાર આરાધના સંબંધી સૂત્રચતુષ્ટયનું કથન કરે છે-" तिविहा आराहणा " ઈત્યાદિ—

જ્ઞાનની, દર્શનની, અને ચારિત્રની, એમ ત્રણ પ્રકારની આરાધના કહી છે. શ્રુતજ્ઞાનની જે આરાધના છે તેને જ્ઞાનારાધના કહે છે. કાલાધ્યયન, વિનય આદિ રૂપ આઠ આચારોની નિરતિચારપૂર્વક પ્રવૃત્તિ કરવાથી જ્ઞાનારાધનાનું પાલન થાય છે. એ જ પ્રમાણે નિઃશંકિત આદિ આઠ આચારોમાં નિરતિચાર પૂર્વક પ્રવૃત્તિ કરવી તેનું નામ દર્શનારાધના છે. નિઃશંકિત, નિકાંક્ષિત આદિ જે આઠ અંગરૂપ આચાર કહ્યા છે, તેમાં પ્રવૃત્તિ કરવાથી–તેમનુ નિરતિચાર-પૂર્વક પાલન કરવાથી દર્શનારાધના થઇ શકે છે. સમિતિ, ગુપ્તિ આદિ આચા-રોમાં નિરતિચારપૂર્વક પ્રવુત્તિ કરવાથી ચારિત્રની આરાધના થાય છે. ॥ ૫ ॥ જ્ઞાનારાધના ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્યના ભેદથી ત્રણ પ્રકારની હોય છે, એજ પ્રમાણે દર્શનારાધના પણ ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્યના ભેદથી ત્રણ પ્રકારની કહી છે. એ જ પ્રમાણે ચારિત્રારાધનાના પણ ત્રણ ભેદ સમજવા.

" तिविहे संकिलेसे " ઈત્યાદિ.

સંકિલશ્યમાન પરિણામ જેના કારણરૂપ છે એવાં જ્ઞાન, દર્શન અને ચારિત્રમાંથી જીવનું જે પતન થાય છે તેનું નામ સંકલેશ છે. તે સંકલેશના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર છે–જ્ઞાન સંકલેશ, દર્શન સંકલેશ અને ચારિત્ર સંકલેશ. એ જ પ્રમાણે અસંકલેશના પણ ત્રણ પ્રકાર પડે છે. અસંકલેશ જ્ઞાન, દર્શન અને ચારિત્રની શુદ્ધિરૂપ હોય છે, તથા તે અસંકલેશ વિશુદ્ધમાન પરિણામ-હેતુક હોય છે, એટલે કે અસંકલેશના હેતુ ( કારણો ) ક્ષણે ક્ષણે વિશુદ્ધ પરિણામને પ્રાપ્ત કરતાં રહે છે. એ જ પ્રમાણે જ્ઞાનાતિક્રમ, દર્શનાતિક્રમ અને ચારિત્રાતિક્રમના ભેદથી અતિક્રમ પણ ત્રણ પ્રકારના કહ્યા છે જ્ઞાનના અતિક્રમને જ્ઞાનાતિક્રમ કહે છે. એ જ પ્રમાણે દર્શનાતિક્રમ અને ચારિત્રાતિક્રમ વિષે પણ સમજવું. વ્યતિક્રમ પણ ત્રણ પ્રકારના છે, અતિચાર પણ ત્રણ પ્રકારના છે અને અનાચાર પણ ત્રણ પ્રકારના છે. આધાકર્મને આશ્રિત કરીને અતિક્રમ

આદિ ચારેનું સ્વરૂપ આ પ્રમાણે સમજવું. આધાકર્મ દોષથી દૂષિત થયેલા આહારાદિકનું આમંત્રણ સ્વીકારવાથી અતિક્રમ લાગે છે. તેને લેવા માટે ગમન કરવામાં વ્યતિક્રમ દોષ લાગે છે, તેને ગ્રહણ કરવામાં અતિચાર લાગે છે અને તેને ખાઇ લેવાથી અનાચાર દોષ લાગે છે. કહ્યું પણ છે કે "आहाकम्मामंतण" ઇત્યાદિ

એજ પ્રમાણે ઉત્તર ગુણરૂપ ચારિત્રના સંબંધમાં પણ આ ચારેનું કથન થવું જોઇએ. આ ઉદ્દેશથી જ્ઞાન અને દર્શનમાં ઉપકારી દ્રવ્યરૂપ ભાંડ, ઉપકરણ આદિનો અને મુનિવેષનો ઉપઘાત કરવા નિમિત્તે અથવા મિથ્યાદષ્ટિ-ઓની પ્રભાવના કરવાને માટે નિમંત્રણના સ્વીકાર આદિ રૂપ ચારે કામોથી અતિક્રમ આદિ ચારે દોષ લાગે છે, એમ સમજવું. ॥ ૧૪ ॥

"तिण्हं अइक्कमाणं" ઇત્યાદિ—

તેથી ત્રણે પ્રકારના અતિક્રમોની આલોચના કરવી જોઇએ. આલોચના એટલે ગુરુની સમક્ષ અતિક્રમઆદિનું નિવેદન કરવું તે-મિથ્યાદુષ્કૃતદાનાદિપૂર્વક તે દોષોથી મુક્ત થવું, પોતાની સાક્ષીએ તે અતિક્રમની નિન્દા કરવી, ગુરુની સાક્ષીએ તે અતિક્રમોની ગર્હા કરવી, એજ અતિક્રમાદિકોમાંથી છુટવાના સાધનો છે. "यावत् प्रतिपद्येत" આ સૂત્રમાં વપરાયેલા "यावत् (પર્યન્ત) પદથી અહીં "विउट्टेज्जा, विसोहेज्जा, अकरणयाए अब्भुट्टेज्जा, आहारियं तवो-कम्मं पायच्छित्तं" આ પાઠ સંગૃહીત થયો છે.

અતિક્રમ આદિના અધ્યવસાયનું છેદન કરવું તેનું નામ વિકુટ્ટન છે. અતિક્રમ આદિ જન્ય પાપોના પ્રાયશ્ચિતપૂર્વક, પોતાના ચારિત્રના અતિચાર રૂપ મળના પ્રક્ષાલન દ્વારા આત્મશુદ્ધિ કરવી તેનું નામ વિશોધના (વિશુદ્ધિ) છે. "હવે ફરી હું એવું નહીં કરૂં" આ પ્રમાણે પુનઃ અકરણની પ્રતિજ્ઞા કરવી તેનું નામ અકરણતા છે. પાપને અનુરૂપ અનશન આદિરૂપ અથવા નિર્વિકૃતિ આદિરૂપ પ્રાયશ્ચિત કરવું તેનું નામ "યથાર્હ તપઃકર્મ પ્રાયશ્ચિત્ત" છે. આ ક્રિયાઓ કરવાથી પણ અતિક્રમ આદિ જન્ય દોષોની શુદ્ધિ થાય છે. આ રીતે જ્ઞાનાતિક્રમ, દર્શનાતિક્રમ અને ચારિત્રાતિક્રમના ભેદથી અતિક્રમના ત્રણ પ્રકાર પડે છે. એજ પ્રમાણે વ્યતિક્રમના પણ નીચે પ્રમાણે ત્રણ પ્રકાર પડે છે, જ્ઞાનવ્યતિક્રમ, દર્શનવ્યતિક્રમ અને ચારિત્ર વ્યતિક્રમ. એજ પ્રમાણે અતિચારના પણ આ ત્રણ પ્રકાર પડે છે—જ્ઞાનાતિચાર, દર્શનાતિચાર અને ચારિત્રાતિચાર. અનાચારના પણ ત્રણ પ્રકાર પડે છે—જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રા-નાચાર. આ બધાં દોષોની આલોચના આદિ કરવાથી ગૃહીત વ્રતોની અથવા જ્ઞાન, દર્શન અને ચારિત્રની શુદ્ધિ થાય છે. પ્રાયશ્ચિત્ત પાપનું છેદક તથા વિશોધક હોય છે. કહ્યું પણ છે કે—"પ્રાયઃ પાપં વિજાનીયાત્" ઇત્યાદિ—

પ્રાયઃ એટલે પાપ અને ચિત્ત એટલે શોધન. એટલે કે પાપની શુદ્ધિ જેના દ્વારા થાય છે તેને પ્રાયશ્ચિત્ત કહે છે, એવો પ્રાયશ્ચિત્તનો આ નિરુકત્યર્થ

છે. પ્રાયશ્ચિત્ત એ શુદ્ધિ છે તથા શોધનીય જે અતિચાર આદિ છે, તે પણ પ્રાયશ્ચિત્તરૂપ છે. તે ત્રણ પ્રકારનું છે-(૧) આલોચનાર્હ, (૨) પ્રતિક્રમણાર્હ અને (૩) તદુભયાર્હ. ગુરુની સમક્ષ પાપને પ્રકટ કરવું તેનું નામ આલોચના છે. તે આલોચના વડે જેની શુદ્ધિ થઈ જાય છે તેને આલોચનાર્હ પ્રાયશ્ચિત્ત કહે છે. જે અતિચાર ભિક્ષાચર્યા આદિ સમયે લાગી જાય છે, તે આલોચનાર્હ હોય છે. પાપથી છુટવા માટે જે મિથ્યાદુષ્કૃત્ય કરવામાં આવે છે તેને પ્રતિક્રમણ કહે છે. આ પ્રતિક્રમણ વડે જેની શુદ્ધિ થઈ જાય છે તેને પ્રતિક્રમણાર્હ પ્રાયશ્ચિત્ત કહે છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પાલનમાં જે દોષો લાગી ગયા હોય છે તે અસમિતત્વરૂપ અને અગુપ્તત્વરૂપ દોષો પ્રતિક્રમણાર્હ હોય છે. જે અતિચારની આલોચના અને પ્રતિક્રમણ આ બન્ને વડે શુદ્ધિ થતી હોય છે, તે અતિચારને તદુભયાર્હ (આલોચના અને પ્રતિક્રમણાર્હ) કહે છે. મનથી રાગદ્વેષ કરવાથી અને ગમનાદિ કરવાથી આલોચના પ્રતિક્રમણાર્હ અતિચાર લાગે છે. ॥ ૧૯ ॥ ॥ સૂ. ૬૪ ॥

## મનુષ્યક્ષેત્ર સ્વરૂપ નિરૂપણમ્

આ પ્રજ્ઞાપના આદિનો સદ્ભાવ મનુષ્ય ક્ષેત્રમાં જ હોય છે, તેથી હવે સૂત્રકાર તે વિષયને અનુલક્ષીને કથન કરે છે—

" जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स " ઇત્યાદિ—

જંબૂદ્વીપ નામના દ્વીપમા મન્દર પર્વતની દક્ષિણ દિશામાં ત્રણ અકર્મભૂમિઓ કહી છે-(૧) હૈમવત, (૨) હરિવર્ષ અને (૩) દેવકુરુ. જંબૂદ્વીપ નામના દ્વીપમાં મન્દર પર્વતની ઉત્તર દિશામાં ત્રણ અકર્મભૂમિઓ કહી છે. (૧) ઉત્તરકુરુ, (૨) રમ્યક વર્ષ અને (૩) ઐરણ્યવત વર્ષ. જંબૂદ્વીપ નામના દ્વીપમાં મન્દર પર્વતની દક્ષિણ દિશામાં ત્રણ વર્ષક્ષેત્ર કહ્યાં છે-(૧) ભરત (૨) હૈમવત અને (૩) હરિવર્ષ. જંબૂદ્વીપ નામના દ્વીપમાં મન્દર પર્વતની ઉત્તરે ત્રણ વર્ષ કહ્યાં છે-(૧) રમ્યકવર્ષ, (૨) હૈરણ્યવત અને (૩) ઐરવત. જંબૂદ્વીપ નામના દ્વીપમાં મન્દર પર્વતની દક્ષિણ દિશામાં ત્રણ વર્ષધર પર્વત કહ્યાં છે. (૧) ક્ષુદ્ર હિમવાન્, (૨) મહા હિમવાન્ અને (૩) નિષધ ॥ ૫ ॥ જંબૂદ્વીપ નામના દ્વીપમાં મન્દર પર્વતની ઉત્તર દિશામાં ત્રણ વર્ષધર પર્વત કહ્યા છે. (૧) નીલવાન્, (૨) રુકમી અને (૩) શિખરી. જંબૂદ્વીપ નામના દ્વીપમાં મન્દર પર્વતની દક્ષિણ દિશામાં ત્રણ મહાહ્રદ (દ્રહ) કહ્યાં છે-પદ્મહ્રદ, મહાપદ્મહ્રદ, અને તિગિચ્છહ્રદ. તેમાં મહર્દ્ધિક આદિ વિશેષણોવાળી ત્રણ દેવીઓ રહે છે. તેમની એક પલ્યોપમની સ્થિતિ કહી છે. તેમનાં નામ શ્રીદેવી, હ્રીદેવી અને ધૃતિદેવી છે. એ જ પ્રમાણે મન્દર પર્વતની ઉત્તર દિશામાં પણ ત્રણ

મહાહ્રદ નીચે પ્રમાણે છે-કેસરી હ્રદ, મહાપુંડરિક હ્રદ અને પુંડરીક હ્રદ. ત્યાં જે મહર્દ્ધિક આદિ વિશેષણોવાળી ત્રણ દેવીઓ રહે છે, તેમનાં નામ આ પ્રમાણે છે-કીર્તિદેવી, બુદ્ધિદેવી અને લક્ષ્મીદેવી. જંબૂદ્વીપ નામના દ્વીપમાં મન્દર પર્વતની દક્ષિણ દિશામાં જે ક્ષુદ્રહિમવાન્ પર્વત છે, અને તે પર્વતપર જે પદ્મહ્રદ છે, તેમાંથી ગંગા, સિંધુ અને રોહિતાંશા નામની ત્રણ મહાનદીઓ નીકળે છે. જંબૂદ્વીપ નામના મન્દર પર્વતની ઉત્તર દિશામાં જે શિખરી પર્વત પર જે પુંડરીક નામનું મહાહ્રદ છે, તેમાંથી સુવર્ણકૂલા, રકતા અને રકતવતી નામની ત્રણ મહાનદીઓ નીકળે છે. જંબૂદ્વીપ નામના દ્વીપમાં મન્દર પર્વતની પૂર્વ દિશામાં આવેલી શીતા નામની મહાનદીની ઉત્તર દિશામાં ત્રણ અન્તર નદીઓ વહે છે, તેમનાં નામ આ પ્રમાણે છે-ગ્રાહાવતી, હ્રદવતી અને પંકવતી. । ૧૧ । જંબૂદ્વીપ નામના દ્વીપમાં મન્દર પર્વતની પૂર્વ દિશામાં આવેલી શીતા મહાનદીની દક્ષિણ દિશામાં જે ત્રણ અન્તર નદીઓ કહી છે તેમના નામ આ પ્રમાણે છે-તપ્તજલા, મહાજલા અને ઉન્મત્તજલા. । ૧૨ । જંબૂદ્વીપ નામના દ્વીપમાં મન્દર પર્વતની પશ્ચિમ દિશામાં આવેલી શીતોદા મહાનદીની દક્ષિણ દિશામાં ત્રણ અન્તર મહાનદીઓ છે. તેમના નામ આ પ્રમાણે છે-ક્ષીરોદા, શીતસ્રોતા અને અન્તરવાહિની. । ૧૩ । જંબૂદ્વીપ નામના દ્વીપમાં મન્દર પર્વતની પશ્ચિમ દિશામાં આવેલી શીતોદા મહાનદીની ઉત્તર દિશામાં ત્રણ મહાનદીઓ છે, તેમના નામ આ પ્રમાણે છે-રુકિમમાલિની ફેનમાલિની અને ગંભીરમાલિની.આ પ્રકારનુંજ અકર્મભૂમિઓથી લઇને અન્તર નદીઓ સુધીનુંસમસ્ત કથન પૂર્વાર્ધ ધાતકીખંડ દ્વીપમાં પણ સમજવું. પુષ્કરવર દ્વીપાર્ધના પશ્ચિમાર્ધ પર્યન્તના દ્વીપોમાં પણ આ પ્રકારનું જ કથન સમજી લેવું. ।૧૪। ।૪૨। સૂ.૬૫।

## સામાન્ય પૃથિવી દેશકા નિરૂપણ

આ પ્રકારે મનુષ્યક્ષેત્રરૂપ ભૂમિખંડની પ્રરૂપણા કરીને હવે સૂત્રકાર બીજી શૈલીથી સામાન્ય પૃથ્વીદેશની પ્રરૂપણા કરે છે—

" तीहिं ठाणेहिं देसे पुढवीए चलेज्जा " ઇત્યાદિ—

સૂત્રાર્થ—આ ત્રણ કારણોને લીધે પૃથ્વીનો એક દેશ ( હિસ્સો ) કંપાયમાન થાય છે-(૧) રત્નપ્રભા પૃથ્વીના અધોભાગમાં જ્યારે બાદર પુદ્ગલ વિસ્રસા પરિણામ દ્વારા પોતાના સ્થાનમાંથી ઉછળે છે, અથવા બીજે સ્થાનેથી આવીને પડે છે,

ત્યારે તેઓ પૃથ્વીના એક દેશને કંપાવી નાખે છે. (૨) બીજું કારણ નીચે પ્રમાણે સમજવું, કોઈ મહર્દ્ધિક આદિ વિશેષણોવાળો, મહેશ્વરરૂપે પ્રસિદ્ધ એવો કોઇ મહોરગ વ્યન્તરવિશેષ જ્યારે આ રત્નપ્રભા પૃથ્વીના અધોભાગમાં ઉત્પતન નિપતન ( ઉંચે કૂદવું અને નીચે પડવું એવી ક્રિયા ) કરે છે, ત્યારે પૃથ્વીનો એકદેશ ચલાયમાન થાય છે. હવે ત્રીજું કારણ પ્રકટ કરવામાં આવે છે-જ્યારે નાગકુમાર અને સુવર્ણકુમાર વચ્ચે સંગ્રામ મચે છે, ત્યારે પણ પૃથ્વીનો એકદેશ ચલાયમાન થઇ જાય છે. આ પ્રકારના ત્રણ કારણોને લીધે પૃથ્વીનો એકદેશ ( અંશ ) ચલાયમાન થાય છે.

હવે જે ત્રણ કારણોને લીધે આખી પૃથ્વી ચલાયમાન થાય છે, તે કારણોનું નિરૂપણ કરવામાં આવે છે-(૧) રત્નપ્રભા પૃથ્વીના અધોભાગમાં રહેલો ઘનવાત જ્યારે કોઇ વિશિષ્ટ કારણને લીધે ક્ષુભિત થાય છે, ત્યારે તે ક્ષુબ્ધ ઘનવાત ઘનોદધિને કમ્પાયમાન કરી નાખે છે, અને ઘનોદધિ કંપિત થવાથી આખી પૃથ્વી કમ્પાયમાન થાય છે એટલે કે કંપિત થયેલો ઘનોદધિ આખી પૃથ્વીને પણ કંપિત કરી નાખે છે.

સંપૂર્ણ પૃથ્વીને કંપિત કરનારૂં બીજું કારણ આ પ્રમાણે છે-મહર્દ્ધિક આદિ વિશેષણોવાળો અને મહેશ્વર રૂપે પ્રસિદ્ધ એવો કોઇ મહોરગ નામનો વ્યન્તરવિશેષ તથારૂપ શ્રમણને અથવા માહનને જ્યારે પોતાની ઋદ્ધિ, દ્યુતિ, બલ, વીર્ય અને પરાક્રમ બતાવે છે, ત્યારે તે આખી પૃથ્વીને કંપાવી નાખે છે. હવે ત્રીજું કારણ પ્રકટ કરવામાં આવે છે-જ્યારે વૈમાનિક અને ભવનપતિઓ વચ્ચે સંગ્રામ મચે છે, ત્યારે પણ આખી પૃથ્વી કંપી ઉઠે છે. આ પ્રકારના ત્રણ કારણોને લીધે કેવલકલ્પા ( સંપૂર્ણ ) પૃથ્વી કંપિત થાય છે.

ટીકાર્થ-પૃથ્વીના એક દેશને ચલાયમાન કરનારા ત્રણ કારણોનું વિશેષ સ્પષ્ટીકરણ. પહેલું કારણ એવું છે કે રત્નપ્રભા નામની પહેલી નરકપૃથ્વીના અધોભાગમાં જે ઉદાર બાદર પુદ્ગલ છે તેઓ જ્યારે વિસ્રસા પરિણામને લીધે તે સ્થાનેથી ઉછળે છે, અથવા અન્ય સ્થાનેથી આવીને, યંત્રની દ્વારા ફેંકાયેલા પથ્થરની જેમ ત્યાં પડે છે, ત્યારે પતન પામતાં તે બાદર પુદ્ગલો પૃથ્વીના એકદેશને કંપાવી નાખે છે. એટલે કે આ પ્રથમ કારણને લીધે પૃથ્વીનો એકદેશ ચલાયમાન થઈ જાય છે. બીજા કારણનું સ્પષ્ટીકરણ-પરિવાર આદિ રૂપ ઋદ્ધિથી સંપન્ન, શરીરાદિની દીપ્તિથી સંપન્ન, બલસંપન્ન, વૈક્રિયાદિરૂપ પ્રભાવથી સંપન્ન હોય એવો અને મહેશ્વર રૂપે પ્રસિદ્ધ થયેલો હોય એવો કોઇ મહોરગ નામનો વ્યન્તરવિશેષ જ્યારે રત્નપ્રભા પૃથ્વીના અધોભાગમાં નીચેથી ઉપર અને ઉપરથી નીચે કૂદાકૂદ મચાવે છે, ત્યારે પણ પૃથ્વીનો એકદેશ કંપાયમાન થવા માંડે છે.

હવે ત્રીજા કારણનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે-જ્યારે નાગકુમાર અને સુવર્ણકુમાર વચ્ચે સંગ્રામ મચી જાય છે, ત્યારે પણ પૃથ્વીનો એકદેશ ચલા-

યમાન થાય છે. નાગકુમાર અને સુવર્ણકુમાર ભવનપતિનિકાયના દેવો છે.

હવે સમસ્ત પૃથ્વીને કંપાયમાન કરનારા કારણોનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે-સૂત્રમાં જે "કેવલ કલ્પ" શબ્દનો પ્રયોગ થયો છે તેનો અર્થ 'સંપૂર્ણ' સમજવો. એટલે કે સંપૂર્ણ પૃથ્વીને કંપિત કરવામાં આ ત્રણ કારણો નિમિત્તરૂપ બને છે—

પહેલું કારણ–આ રત્નપ્રભા પૃથ્વીના અધોભાગમાં ઘનવાત-સ્ત્યાનવાયુ રહેલો છે. તે ઘનવાત જ્યારે કોઇ વિશિષ્ટ કારણને લીધે વ્યાકુલ (ક્ષુભિત) થઇ જાય છે, ત્યારે ઘનવાતની ઉપર રહેલો કઠિન જળસમૂહ રૂપ ઘનોદધિ પણ કંપિત થઇ ઉઠે છે અને તે ઘનોદધિ કંપિત થવાને લીધે આ સંપૂર્ણ પૃથ્વી પણ કંપિત થઈ ઉઠે છે.

હવે ત્રીજા કારણનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે–મહેશ નામનો કોઇ દેવ ઉત્તર ગુણયુક્ત કોઇ શ્રમણને (અણગારને) અથવા માહનને, અહિંસાદિ રૂપ ઋદ્ધિ, શરીરાદિની કાન્તિ, પરાક્રમોપાર્જિત ખ્યાતિ, શારીરિક શક્તિરૂપ બળ, આત્મબળરૂપ વીર્ય, સ્વાભિમાનગર્ભિત વ્યવસાયરૂપ પુરુષકાર, અને નિષ્પન્ન ફલવાળા વ્યવસાયરૂપ પરાક્રમ બતાવે છે, ત્યારે તે પૂરેપૂરી પૃથ્વીને કંપાયમાન કરી નાખે છે, કારણ કે પૃથ્વી આદિને કંપાવી નાખવાથી જ કંપાવનારના બળ, વીર્ય આદિનું ઉપદર્શન થાય છે.

ત્રિજા કારણનું નિરૂપણ—જ્યારે વૈમાનિક દેવો અને (ભવનપતિ દેવો) વચ્ચે સંગ્રામ મચે છે, ત્યારે પણ આખી પૃથ્વી કંપાયમાન થઈ જાય છે. તેમની વચ્ચેના સંગ્રામનું કારણ નીચે પ્રમાણે હોય છે-તેમની વચ્ચે વેર હોય છે, અને તેમનું તે વેર ભવપ્રત્યયિક હોય છે. કહ્યું પણ છે કે–" किं पत्तियं णं भंते ! असुरकुमारा देवा सोहम्मं गया य गमिस्संति य ? गोयमा ! तेसिं णं देवाणं भवपच्चइए वेराणुबंधे " આ સૂત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે-ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" હે ભગવન્! અસુરકુમાર દેવો સૌધર્મકલ્પમાં ભૂતકાળમાં શા કારણે ગયા હતા અને ભવિષ્યમાં શા કારણે જશે ? "

મહાવીર પ્રભુનો ઉત્તર—હે ગૌતમ ! તે દેવોનો વૈરાનુબંધ ભવપ્રત્યયિક હોય છે તે કારણે તેમની વચ્ચે સંગ્રામ મચે છે, અને તે સંગ્રામ થાય ત્યારે આખી પૃથ્વી કંપી ઉઠે છે. આ પ્રકારના ત્રણ કારણોને લીધે આખી પૃથ્વી ચલાયમાન થાય છે. ।૨। ॥ સૂ. ૬૬ ॥

આગલા સૂત્રમાં એવો ઉલ્લેખ થયો છે કે દેવો અને અસુરો વચ્ચે કોઇ કોઈ વખત સંગ્રામ મચી જાય છે. ઇન્દ્રાદિકના ભેદથી તે દેવોના ૧૦ પ્રકાર કહ્યા છે. તે દસ પ્રકારના દેવોમાં એક પ્રકાર કિલ્બિષિકોનો પણ છે. તેથી હવે સૂત્રકાર ત્રિસ્થાનકને આધારે તે કિલ્બિષિકોનું કથન કરે છે—

"तिविहा देवकिब्बिसिया" ઇત્યાદિ—

કિલ્બિષિક દેવોના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર કહ્યા છે(૧) ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા (૨) ત્રણ સાગરોપમની સ્થિતિવાળા અને (૩) ૧૩ સાગરોપમની સ્થિતિવાળા,

પ્રશ્ન—હે ભગવન્! ત્રણ પલ્યોપમી સ્થિતિવાળા દેવો કયાં રહે છે?

ઉત્તર—ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા કિલ્બિષિક દેવો જ્યોતિષ મંડળની ઉપર અને સૌધર્મ તથા ઇશાન કલ્પોની નીચે રહે છે.

પ્રશ્ન—હે ભગવન્! ત્રણ સાગરોપમની સ્થિતિવાળા કિલ્બિષિક દેવો કયાં રહે છે?

ઉત્તર—ત્રણ સાગરોપમની સ્થિતિવાળા કિલ્બિષિક દેવો સૌધર્મ અને ઇશાન કલ્પોની ઉપર તથા સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પોની નીચે રહે છે.

પ્રશ્ન—હે ભગવન્! તેર સાગરોપમની સ્થિતિવાળા કિલ્બિષિક દેવો કયાં રહે છે?

ઉત્તર—તેઓ બ્રહ્મલોક કલ્પની ઉપર અને લાન્તક કલ્પની નીચે રહે છે.

હવે એ વાત પ્રકટ કરવામાં આવે છે કે દેવોમાં આ કિલ્બિષિકોનું સ્થાન કેવું છે-જેમ મનુષ્યોમાં ચાંડાળ આદિને અસ્પૃશ્ય ગણવામાં આવે છે તેમ દેવોમાં કિલ્બિષિકોને પણ અસ્પૃશ્ય ગણવામાં આવે છે. તે કિલ્બિષિકો કિલ્બિષિકી ભાવનાથી ઉપાત્ત પાપના ઉદયવાળા હોય છે તે ભાવના આ પ્રકારની છે-"नाणस्स केवलीणं" ઈત્યાદિ—

જે જ્ઞાનનો કેવલીઓનો, ધર્માચાર્યનો, સંઘનો અને સાધુનો અવર્ણવાદ કરે છે, તથા જે પોતે માયી ( માયાયુક્ત ) હોય છે, એવો મનુષ્ય કિલ્બિષિકી ભાવનાવાળો બને છે. આ ત્રણે પ્રકારના કિલ્બિષિક દેવો કયાં રહે છે તે ઉપર પ્રકટ કરવામાં આવ્યું છે. ॥ સૂ. ૬૭ ॥

## ઇન્દ્રકી પરિષંદ્કા નિરૂપણ

દેવાધિકાર ચાલી રહ્યો છે, તેથી હવે સૂત્રકાર ઇન્દ્રપરિષદ સંબંધી વક્તવ્યતાનું નિરૂપણ કરે છે—" सक्कस्स णं देविंदस्स देवरण्णो " ઇત્યાદિ—

દેવેન્દ્ર, દેવરાજ શક્રની બાહ્યપરિષદના દેવોની સ્થિતિ ત્રણ પલ્યોપમની કહી છે. દેવેન્દ્ર, દેવરાજ શક્રની આભ્યન્તર પરિષદના દેવોની સ્થિતિ ત્રણ પલ્યોપમની કહી છે. દેવેન્દ્ર, દેવરાજ ઈશાનેન્દ્રની બાહ્યપરિષદની દેવોની સ્થિતિ ત્રણ પલ્યોપમની કહી છે. આ ત્રણે સૂત્રો સરળ હોવાથી વધુ સ્પષ્ટીકરણની જરૂરરહેતી નથી. ॥ સૂ. ૬૮ ॥

## પ્રાયશ્ચિતવાલોંકા નિરૂપણ

પહેલાના સૂત્રમાં દેવોની સ્થિતિ પ્રકટ કરવામાં આવી. પૂર્વભવમાં પ્રાયશ્ચિત્ત સહિત અનુષ્ઠાન કરવાથી જીવને દેવ પદની પ્રાપ્તિ થાય છે. આ સંબંધને અનુલક્ષીને હવે સૂત્રકાર પ્રાયશ્ચિત્તવાળા જીવોની પ્રરૂપણા સૂત્ર ચતુષ્ટય (ચાર સૂત્રો) દ્વારા પ્રકટ કરે છે—' तिविहे पायच्छित्ते पण्णत्ते ' ઇત્યાદિ—

**સૂત્રાર્થ**–પ્રાયશ્ચિત્તના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર કહ્યા છે–(૧) જ્ઞાન પ્રાયશ્ચિત્ત, (૨) દર્શન પ્રાયશ્ચિત્ત અને (૩) ચારિત્ર પ્રાયશ્ચિત્ત ા ૧ ા

અનુદ્ધાતિમાના ત્રણ પ્રકાર કહ્યા છે–(૧) હસ્તકર્મ કરનારા, (૨) મૈથુન સેવન કરનારા અને (૩) રાત્રિભોજન કરનારા ા ૨ ા

પારાચિત ત્રણ પ્રકારનાં કહ્યા છે–(૧) દુષ્ટ પારાંચક, (૨) પ્રમત્ત પારાંચિક અને (૩) પરસ્પરમાં મૈથુન કરનાર પારાંચિક ા ૩ ા

અનવસ્થાપ્ય ત્રણ પ્રકારના કહ્યા છે–(૧) સાધર્મિકોને ત્યાં ચોરી કરનાર (૨) અન્ય ધાર્મિકોને ત્યાં ચોરી કરનાર અને (૩) હાથથી તાડક (પ્રહાર) કરનાર ા૪ા

ટીકાર્થ—હવે આ ચાર સૂત્રોનું વિશેષ સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—અતિચારોની શુદ્ધિનિમિત્તે જે આલોચના વગેરે કરવામાં આવે છે તેનું નામ પ્રાયશ્ચિત્ત છે.

તે પ્રાયશ્ચિત્ત જ્ઞાન, દર્શન અને ચારિત્રના ભેદથી ત્રણ પ્રકારનુ કહ્યું છે. જ્ઞાનમાં લાગેલા અતિચારોની શુદ્ધિને નિમિત્તે જે આલોચના આદિ કરવામાં આવે છે, તેને જ્ઞાન પ્રાયશ્ચિત્ત કહે છે. અથવા—પ્રાયશ્ચિત્ત શબ્દ અતિચારનો વાચક છે, તેથી એવો અર્થ નીકળે છે કે જ્ઞાનનું જે પ્રાયશ્ચિત્ત-અતિચાર છે, તેનું નામ જ્ઞાનપ્રાયશ્ચિત્ત છે. એ જ પ્રકારનું કથન દર્શન અને ચારિત્રના વિષયમાં પણ સમજવું અકાલ અધ્યયન આદિ આઠ અતિચાર જ્ઞાનના કહ્યા છે. શંકિત, કાંક્ષિત આદિ આઠ અતિચાર દર્શનના કહ્યા છે, તથા મૂલોત્તર ગુણોની વિરાધના રૂપ અનેક અતિચાર ચારિત્રના કહ્યા છે. ı ૧ ı

" तओ अणुग्घाइमा " ઈત્યાદિ—

ભાગપાતનું (પ્રાયશ્ચિત્તના વિભાગ) નામ ઉદ્ઘાત છે. તે ભાગપાતથી જે નિર્દિષ્ટ થાય છે તે ઉદ્ઘાતિમ છે. ઉદ્ઘાતિમ એટલે લઘુપ્રાયશ્ચિત્ત, અને અનુદ્ઘાતિમ એટલે ગુરુપ્રાયશ્ચિત્ત જે પ્રાયશ્ચિત્ત લઘુ હોતું નથી પણ ગુરુ હોય છે, તે પ્રાયશ્ચિત્તને અનુદ્ઘાતિમ કહે છે. ગુણ અને ગુણીમાં અભેદ સંબંધની અપેક્ષાએ અહીં સાધુજન પણ ' ઉદ્ઘાતિમ ' પદના વાચ્યાર્થ રૂપે ગ્રહણ કરી શકાય છે. તેથી ગુરુપ્રાયશ્ચિત્તને પાત્ર હોય એવા સાધુને અનુદ્ઘાતિમ કહે છે. એવા અનુદ્ઘાતિમ સાધુઓના જે ત્રણ પ્રકાર કહ્યા છે, તેનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે—(૧) આગમ પ્રસિદ્ધ હસ્તકર્મ કરનાર જે સાધુ હોય છે, તે મહાપ્રાયશ્ચિત્તને પાત્ર ગણાય છે, (૨) મૈથુન ( અબ્રહ્મ ) નું સેવન કરનાર સાધુ પણ મહાપ્રાયશ્ચિત્તને પાત્ર ગણાય છે. (૩) રાત્રિભોજન કરનાર સાધુ પણ મહાપ્રાયશ્ચિત્તને પાત્ર ગણાય છે. " तओ पारंचिया " ઈત્યાદિ—

પહેલાં તો આ સૂત્રમાં વપરાયેલા ' પારાંચિક ' પદનો અર્થ સમજાવવામાં આવે છે—જે સાધુ તપસ્યા દ્વારા અપરાધના તીરને પ્રાપ્ત કરી લે છે, ત્યારબાદ ફરીથી દીક્ષિત કરવામાં આવે છે, એવા તે સાધુને પારાંચી કહે છે. પારાંચી જ પારાંચિક ગણાય છે. તે પારાંચિકનું જે અનુષ્ઠાન છે તેને પારાંચિક

અનુષ્ઠાન કહે છે. " પારાંચિક " આ દશમું પ્રાયશ્ચિત્ત છે. તેમાં લિંગ, ક્ષેત્ર, કાળ અને તપથી પારાંચિકને વારવાનો હોય છે. તે કારણે આ પ્રાયશ્ચિત્તના સંબંધને અનુલક્ષીને સાધુને પણ પારાંચિક કહી દેવામાં આવ્યો છે. તે પારાંચિકના બે પ્રકાર પડે છે-(૧) આશાતના પારાંચિક અને (૨) પ્રતિસેવના પારાંચિક. આ દરેકના પણ બબ્બે ભેદ કહ્યા છે-સચરિત્ર આશાતના પારાંચિક અને અચરિત્ર આશાતના પારાંચિક, આ બે ભેદો આશાતના પારાંચિકના સમજવા. પ્રતિસેવના પારાંચિકના પણ નીચે પ્રમાણે બે ભેદ કહ્યા છે-(૧) સચરિત્ર પ્રતિસેવના પારાંચિક અને (૨) અચરિત્ર પ્રતિસેવના પારાંચિક.

પરિણામ અને અપરાધની અપેક્ષાએ કયારેક કોઇપણ પ્રતિસેવિત થયેલા પદથી સંપૂર્ણ ચારિત્રભ્રષ્ટ થઈ જાય છે, અને કયારેક દેશતઃ ( અંશતઃ ) ચારિત્ર ભ્રષ્ટ થઇ જાય છે. આ રીતે કયારેક તુલ્ય અપરાધનો સદ્ભાવ હોવા છતાં પણ પરિણામાનુસાર વિવિધ પ્રકારે પ્રાયશ્ચિત્ત આપવામાં આવે છે, તથા કયારેક તુલ્યપરિણામનો સદ્ભાવ હોવા છતાં પણ અપરાધમાં ભિન્નતા દેખાતી હોય છે. તીર્થંકર-પ્રવચન, શ્રુત, ગણધર, આચાર્ય અને મહર્દ્ધિકની આશાતના કરનારો જીવ આશાતના પારાંચિક હોય છે. કહ્યું પણ છે કે—

" सव्व आसायंते पावइ पारंचियं ठाणं " ઈત્યાદિ.

પ્રતિસેવના પારાંચિક ત્રણ પ્રકારનાં હોય છે-(૧) દુષ્ટ પારાંચિક (૨) પ્રમત્ત પારાંચિક અને (૩) અન્યોન્ય પારાંચિક કહ્યું પણ છે કે—

" पडिसेवणपारंची तिविहो " ઈત્યાદિ—

જે દુષ્ટ ( દોષવાળો ) હોય છે તેને દુષ્ટ પારાંચિક કહે છે. જે પંચમ નિદ્રારૂપ પ્રમાદવાળો હોય છે તેને પ્રમત્ત પારાંચિક કહે છે, તથા જે પરસ્પરમાં મૈથુન ( અબ્રહ્મ ) નું સેવન કરે છે તેને અન્યોન્ય પારાંચિક કહે છે. આ ત્રણ પ્રકારના પારાંચિકોમાંથી જે દુષ્ટ પારાંચિક છે તે કષાય-વિષયની અપેક્ષાએ બે પ્રકારનો છે-(૧) કષાય દુષ્ટ પારાંચિક અને (૨) વિષય દુષ્ટ પારાંચિક. તે દરેકના પણ સપક્ષ અને વિપક્ષના ભેદથી બબ્બે પ્રકાર પડે છે. કહ્યું પણ છે કે-" दुविहो होइ दुट्ठो " ઈત્યાદિ—

સર્ષપનાલિકાની શાકભાજી ગ્રહણ કરવાથી કોપાયમાન થયેલા મૃતાચાર્યના દાંતને ઉખેડી નાખનાર મુનિને સ્વપક્ષ કષાય દુષ્ટ પારાંચિક કહેવામાં આવેલ છે.

સાધ્વીની સાથે વિષયભોગ સેવવાની અભિલાષા કરનાર સાધુને વિષય દુષ્ટ પારાંચિક કહે છે. એક સાધ્વીની અશાતના કરનાર મુનિ જિન ભગવાનની સમસ્ત આર્યાઓની ( સાધ્વીઓની ) અશાતના કરનારો હોય છે, એટલું જ નહીં પણ શ્રીસંઘની પણ અશાતના કરનારો હોય છે. કહ્યું પણ છે કે—

" लिंगेण लिंगिणीए " ઈત્યાદિ—

મુનિવેષધારી જે મુનિ મુનિવેષધારી આર્યા ( સાધ્વી ) ની સાથે મૈથુન કરે છે, તે મુનિ પાપી છે. એવા મુનિ દ્વારા જિનેન્દ્રોની સઘળી આર્યાઓની આશાતના કરવામાં આવી છે, એવું માનવામાં આવે છે એટલું જ નહીં પણ તેના દ્વારા સંઘની પણ આશાતના થઇ ગણાય છે. એવો મુનિ દર્શન કરવાને પાત્ર પણ ગણાતો નથી, કારણ કે અનંત સંસારમાં ભ્રમણ કરાવનાર કર્મનો કર્તા તે બની ગયો હોય છે. કહ્યું પણ છે કે-“ पावाण पावयरो ” ઇત્યાદિ.

જે મુનિ રાજભારક હોય છે તેને પરપક્ષ કષાય દુષ્ટ કહે છે. જે મુનિ રાજાની પટ્ટરાણીની સાથે વિષયભોગ સેવવાનો અભિલાષી હોય છે, તેને પરપક્ષ વિષય દુષ્ટ કહે છે.

પાંચમી નિદ્રા પ્રમત્ત માંસ ભક્ષી મુનિનેપ્રમત્ત પારાંચિક કહે છે. એવો મુનિ સદ્‌ગુણોજજવલ હોવા છતાં પણ ત્યાજ્ય કોટિમાં જ મૂકી શકાય છે.

કામસેવનના અંગો ન હોય એવાં અંગોમાં અન્ય પુરુષની સાથે કામસેવન કરનાર મુનિને અન્યોન્ય પારાંચિક કહે છે. એવા મુનિને પણ દીક્ષા દેવામાં પણ વિવેક રાખવાનું કહ્યું છે. કહ્યું પણ છે કે-“ आसय पोसयसेवी ” ઇત્યાદિ.

“ तओ अणवठ्ठप्पा ” ઇત્યાદિ—

જે મુનિઓ મહાવ્રતોમાં સ્થાપનાને યોગ્ય હોય છે, તેમને અવસ્થાપ્ય કહે છે, પરન્તુ જે મુનિઓ એવા હોતા નથી તેમને અનવસ્થાપ્ય કહે છે. એ અનવસ્થાપ્ય મુનિઓ અતિચાર વિશેષોનું સેવન કરતા રહે છે અને તપો-વિશેષનું આચરણ કરવા પ્રત્યે ધ્યાન રાખવાથી રહિત હોય છે. એવા તે સાધુઓ અતિચાર રૂપ દોષોથી ઉપરત ( તે પ્રકારના દોષોનું સેવન કરતા અટકી જવું તે ) થઇ જાય તો પણ મહાવ્રતોમાં તેમને અવસ્થાપિત કરી

શકાતા નથી. પરંતુ જ્યારે તેઓ તપોવિશેષને આચરવા માંડે છે, ત્યારે જ તેમને ફરીથી દીક્ષા આપવાને યોગ્ય ગણી શકાય છે. એ જ વાતને સૂત્રકારે આ રીતે કહી છે.

હવે અનવસ્થાપ્યના ત્રણ પ્રકારનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—જે સાધુઓ એક જ મંડળમાં (સમૂહમાં) સાંભોગિક મુનિરૂપે રહે છે તેમને સાધર્મિક કહે છે. એવાં સાધર્મિક મુનિજનોની ઉત્કૃષ્ટ ઉપધિ (પાત્ર, વસ્ત્ર આદિ) ની ચોરી કરનારા, અથવા તેમના શિષ્યાદિકોની ચોરી કરાવનારા, અથવા તેમના પ્રત્યે પ્રદ્વિષ્ટ ચિત્ત રાખનારા મુનિને સાધર્મિકોની ચોરી કરનારો અનવસ્થાપ્ય કહ્યો છે.

અન્ય સાધર્મિક પદથી અહીં શાકય આદિ અથવા ગૃહસ્થજન ગૃહીત થયેલ છે. આ પ્રકારના અન્ય સાધર્મિકની માલિકીની જે વસ્તુ છે તેની ચોરી કરનાર સાધુને અહીં અનવસ્થાપ્યના બીજા ભેદ રૂપે પ્રકટ કરવામાં આવેલ છે.

(૩) અનવસ્થાપ્યનો ત્રીજો ભેદ—હાથથી તાડન કરનાર, સોટી, લાકડી, મુઠી આદિ વડે-મરણની પરવા કર્યા વિના-પોતાની ઉપર કે અન્ય વ્યક્તિની

## યોગ્ય વ્યક્તિયોંકો પ્રવ્રજ્યાદાનકા નિરૂપણ

ઉપર પ્રહાર કરનાર સાધુને અનવસ્થાપ્યના ત્રીજા ભેદમાં મૂકી શકાય છે, એવો સાધુ ઘોર પરિણામોવાળો હોય છે. ॥ સૂ. ૯૯ ॥

સૂત્રાર્થ-પ્રવ્રજ્યાદાયકોને આ પૂર્વોક્ત પ્રાયશ્ચિત્ત લાગે છે. તેથી અયોગ્ય વ્યક્તિઓને પ્રવ્રજ્યા અપાતી નથી પણ યોગ્ય વ્યક્તિઓને જ પ્રવ્રજ્યા અપાય છે. તેથી હવે સૂત્રકાર નીચેનાં ૬ સૂત્રો દ્વારા એવી અયોગ્ય વ્યક્તિઓનું નિરૂપણકરે છે-" तओ णो कप्पंति पव्वावेत्तए " ઇત્યાદિ—

સૂત્રાર્થ-નીચે બતાવેલી ત્રણ પ્રકારની વ્યક્તિઓ પ્રવ્રજ્યા દેવાને પાત્ર ગણાતી નથી-(૧) પંડક, (૨) વાતિક, (૩) વ્યાધીત. આ ત્રણે પ્રકારના મનુષ્યો મુંડિત કરવાને યોગ્ય ગણાતા નથી, શિક્ષાગ્રહણ કરવાને યોગ્ય ગણાતા નથી, મહાવ્રતોમાં સ્થાપિત કરવાને યોગ્ય ગણાતા નથી, ઉપધિ-આહાર આદિની અપેક્ષાએ સાંભોગિક કરવાને યોગ્ય ગણાતા નથી અને પોતાની સાથે રાખવાને યોગ્ય પણ ગણાતા નથી.

ટીકાર્થ—" આ ત્રણ પ્રકારના મનુષ્યો પ્રવ્રજ્યા આપવા યોગ્ય ગણાતા નથી, એવું સૂત્રકારે જે વિધાન કર્યું છે, તેનું હવે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—(૧) પંડકને પ્રવ્રજ્યા આપવા યોગ્ય ગણ્યો નથી. પંડક એક જાતનો નપુંસક વિશેષ હોય છે, તેના છ લક્ષણ નીચે પ્રમાણે કહ્યાં છે—

" महिला सहावो " ઇત્યાદિ—

તેનો સ્વભાવ સ્ત્રી જેવો હોય છે, તેના સ્વરમાં અને વર્ણમાં ભેદ હોય છે, તેનું લિંગ મોટું હોય છે, તેની વાણી પાતળી હોય છે, પેશાબ કરતી વખતે તેના પેશાબમાંથી વિશિષ્ટ અવાજ નીકળે છે અને તેના પેશાબમાં ફીણ વળતાં નથી. આ છ લક્ષણોથી પંડકને ઓળખી શકાય છે, અને આ લક્ષણોથી તેને ઓળખી લઇને તેને પ્રવ્રજ્યા આપવી જોઇએ નહીં.

(૨) વાતિકને પણ દીક્ષા આપવાનો નિષેધ ફરમાવ્યો છે. વાત-વાયુથી પીડાતી વ્યક્તિને વાતિક કહે છે. આ વાતપ્રકૃતિવાળો મનુષ્ય જ્યાં સુધી તેની પ્રતિસેવા કરી લેતો નથી, ત્યાં સુધી સ્વ-પર રૂપ કોઈ પણ નિમિત્તે કરીને વેદોદયને ધારણ કરવાને સમર્થ હોઈ શકતો નથી. જો તે નિરૂદ્ધ વેદ-વાળો થઈ જાય છે, તો તે નપુંસક રૂપે પરિણમી જાય છે. એવા પુરુષને વાતિક કહ્યો છે, અને તેને દીક્ષા દેવાને યોગ્ય ગણ્યો નથી.

અથવા—" वाइए-वाहिए " આ પદની સંસ્કૃત છાયા વ્યાધિત પણ થઇ શકે છે. જે ચિરકાળથી ક્ષયરોગ આદિ વ્યાધીથી પીડાતો હોય તેને વ્યાધિત કહે છે, એવી વ્યાધીત વ્યક્તિને પણ દીક્ષા આપવાને પાત્ર ગણાવી નથી.

ક્લીબને પણ દીક્ષા આપવાનો નિષેધ છે. જે મનુષ્ય સ્ત્રીનું સેવન કર-વાને અસમર્થ હોય છે, તેને ક્લીબ કહે છે. તે ક્લીબ ચાર પ્રકારના કહ્યા છે-(૧) દૃષ્ટિ ક્લીબ, (૨) શબ્દ ક્લીબ, (૩) આદિગ્ધ ક્લીબ અને (૪) નિમં-ત્રિત ક્લીબ. નગ્ન અવસ્થાવાળી ( વસ્ત્રરહિત ) સ્ત્રીને દેખતાંની સાથે જ જેના વીર્યનું સ્ખલન થઈ જાય છે તેને દૃષ્ટિ ક્લીબ કહે છે. કામક્રીડામાં રત થયેલા સ્ત્રી-પુરુષોના સીત્કાર આદિ શબ્દોને સાંભળતાં જ જેના વીર્યનું સ્ખલન થઈ

જાય છે તેને શબ્દ કલીબ કહે છે. સ્ત્રીને આલિંગન કરતાં જ જેના વીર્યનું સ્ખલન થઇ જાય છે તેને આદિગ્ધ કલીબ કહે છે. કોઈ સ્ત્રીના નિમંત્રણ બોલાવવા માત્રથી જેનું સ્ખલન થઈ જાય છે તેને નિમંત્રિત કલીબ કહે છે. ઉપર્યુક્ત ચારે પ્રકારના કલીબ વેદનિરોધનથી નપુંસકતા પ્રાપ્ત કરી લે છે, તેથી તેમને કલીબરૂપે પ્રતિપાદિત કરવામાંઆવ્યા છે.

પ્રશ્ન—વાતિક અને કલીબનું પરિજ્ઞાન તેમના મિત્રાદિકો દ્વારા પણ થઈ શકે છે. તેમને શા કારણે પ્રવ્રજ્યા આપવા યોગ્ય ગણ્યા નથી ?

ઉત્તર—તેઓ ઉત્કટ વેદવાળા હોય છે, તેથી તેમની મનોવૃત્તિ નિર્બળ હોય છે. નિર્બળ મનોવૃત્તિને કારણે તેઓ વ્રતપાલન કરવાને સમર્થ હોતા નથી તથા એવાં મનુષ્યોને પ્રવ્રજ્યા દેનારને પણ શાસ્ત્રાજ્ઞાનો ભંગ કરવાનો દોષ લાગે છે, તેથી તેમને પ્રવ્રજ્યા દેવી જોઇએ નહીં. કહ્યું પણ છે કે—

" जिणवयणे पडिकुट्ठं " ઇત્યાદિ—

આ કથનનું તાત્પર્ય નીચે પ્રમાણે છે-જિનેન્દ્ર ભગવાને જેમને દીક્ષા દેવાનો નિષેધ કર્યો છે, તેમને શિષ્ય બનાવવાના લોભરૂપ દોષથી જે દીક્ષા આપે છે, એવો ચરણસ્થિત તપસ્વી ચારિત્રધર્મનો લોપ કરે છે. અહીં ત્રિસ્થાનકનું પ્રકરણ ચાલુ હોવાથી આ ત્રણનું જ નિરૂપણ કરવામાં આવ્યું છે. આમ તો નીચે ગણાવેલા ૨૦ પ્રકારના પુરુષોને પ્રવ્રજ્યા આપવાને માટે અયોગ્ય ગણાવ્યા છે. જેમકે—" बाले वुड्ढे नपुंसे " ઇત્યાદિ—

આઠ વર્ષથી ઓછી ઉમરવાળાને બાળક કહ્યો છે. (૨) ૬૦ વર્ષથી વધુ ઉમરવાળાને વૃદ્ધ કહ્યો છે. (૩) નપુંસક–આ શબ્દ જાણીતો હોવાથી તેનું વિવેચન કર્યું નથી. (૪) સ્થૂલ–જે માણસ જડ જેવો હોય છે તેને સ્થૂલ કહે છે. તેના ત્રણ પ્રકાર છે–(૧) ભાષાની અપેક્ષાએ જડ, (૨) શરીરની અપેક્ષાએ જડ અને (૩) ક્રિયાની અપેક્ષાએ જડ.

ભાષાજડના પણ ચાર પ્રકાર પડે છે–(૧) જલમૂક, મન્મનમૂક, (૩) એલકમૂક અને (૪) દુર્મેધ. જળમાં મગ્ન થયેલાની જેમ 'બુડબુડ' જેવો અવાજ કરનારને જલમૂક કહે છે. બોલતી વખતે વચ્ચે વચ્ચે અટકીને જેના શબ્દો નીકળે છે તેને મન્મનમૂક અથવા બોબડો કહે છે. જે માણસ મૂંગો હોવાથી બકરાની જેમ " બેં બેં " જેવી અસ્પષ્ટ વાણી જ બોલી શકે છે તેને એલકમૂક કહે છે ( એલક એટલે બોકડો ). ધારણાથી જે વિકલ (રહિત) હોય છે તેને દુર્મેધ કહે છે. વારંવાર સમજાવવા છતાં પણ તેના મગજમાં કંઇપણ ઉતરતું નથી, કારણ કે તેનો સ્વભાવ જ વિસ્મરણશીલ હોય છે. આ ચારે પ્રકારના ભાષાજડ માણસો જ્ઞાનને ગ્રહણ કરવામાં અસમર્થ હોય છે, તે કારણે તેમને પ્રવ્રજ્યા આપવા યોગ્ય ગણાવ્યા નથી.

જેનું શરીર ખૂબ જ સ્થૂલ હોય છે તેને શરીરજડ કહે છે એવો માણસ વિહાર માર્ગમાં, ભિક્ષાચર્યા કરવામાં અને વન્દણાદિ ક્રિયાઓ કરવામાં અસ-

મર્થ નિવડે છે, માટે તેને પ્રવ્રજ્યા દેવાને યોગ્ય કહ્યો નથી. જે માણુસ ક્રિયા કરવામાં આળસ કરનારો હોય છે, તેને ક્રિયાજડ કહે છે. એવો ક્રિયાજડ માણુસ વારંવાર સમજાવવા છતાં પણ સમિતિ, ગુપ્તિ, પ્રતિલેખના આદિ ક્રિયાઓ, પોતાની જડતાને કારણે યોગ્ય રીતે કરી શકતો નથી. (૫) ક્લીબ અને (૬) વાતિક ( વ્યાધિત ), આ બન્નેનાં લક્ષણો તો આ સૂત્રમાં જ પહેલાં બતાવવામાં આવેલ છે. (૭) સ્તેન ( ચોર ), (૮) રાજાપકારી એટલે કે રાજાપરાધી, (૯) ઉન્મત્ત (પાગલ-ગાંડો), (૧૦) અદર્શન-દૃષ્ટિહીન-અંધ, (૧૧) દાસ, (૧૨) દુષ્ટ, (૧૩) મૂઢ-મૂર્ખ (૧૪) (૧૫) ઋણાર્ત-દેવાદાર, તથા જુંગિક, વ્યંગિત અને અંગહીનને પણ દીક્ષા દેવા યોગ્ય કહ્યા નથી.

જુંગિક મનુષ્યના જાતિ, કર્મ, શિલ્પ અને શરીરના ભેદથી ચાર પ્રકાર કહ્યા છે. જે જાતિની અપેક્ષાએ હીન હોય છે, તેને જાતિજુંગિક કહે છે જાતિજુંગિક પણ ચાર પ્રકારના હોય છે-પાણ, ડામ્બ, કિણિક અને શ્વપચ. જેઓ ગામ, નગર આદિની બહાર તદ્દન ખુલ્લા મેદાનમાં રહે છે તેમને પણ જાતિજુંગિક કહે છે. જેઓ ઘર બનાવીને રહે છે અને ગીત ગાવાનો ધંધો કરે છે, તેમને ડામ્બ કહે છે. જે લોકો વાજિંત્રોને મઢવાનો ધંધો કરે છે તેમને કિણિક કહે છે, અને ચાંડાલને શ્વપચ કહે છે. ઉપલક્ષણની અપેક્ષાએ એ જ પ્રકારની વરુડ આદિ અન્ય નીચ જાતિના મનુષ્યોને પણ જાતિજુંગિક સમજવા જોઇએ. જે લોકો કર્મની અપેક્ષાએ જુંગિક ( હીન ) હોય છે, તેમને કર્મજુંગિક કહે છે. તે કર્મજુંગિક આઠ પ્રકારના હોય છે-(૧) પોષક, (૨) સંવર, (૩) નટ, (૪) લંખ, (૫) વ્યાધ, (૬) મત્સ્યબન્ધ, (૭) રજક ( ધોબી ) અને (૮) વાગુરિક જે લોકો કૂકડા, મરઘી, મોર, સ્ત્રી આદિને પોતાની આજીવિકાને નિમિત્તે પાળે છે, તેમને પોષક કહે છે. (૨) જે લોકો તૃણવિશેષોથી દીવાલ વગેરેને આચ્છાદિત કરે છે અથવા જે લોકો કનાત વગેરે બનાવે છે તેમને સંવર કહે છે. (૩) જે લોકો નાટકો ખેલે છે અને તેમાં નાચે છે તેમને નટ કહે છે. (૪) જે વાંસ, દોરડા આદિ ઉપર ખેલ કરીને

પોતાની કલાનું પ્રદર્શન કરે છે, તેમને લંખ (બજાણીયા) કહે છે. (૫) શિકારીને વ્યાધ કહે છે. (૬) માછલાં પકડવાનો ધંધો કરનાર ધીવરને (માછીમારને) મત્સ્યબંધ કહે છે. (૭) કપડાં ધોવાનો ધંધો કરનારને રજક ધોબી કહે છે. (૮) જાળ નાખીને મૃગોને પકડનાર માણસને વાગુરિક કહે છે.

પટકાર (વણુકર) અથવા નાઈ આદિને શિલ્પજુંગિક કહે છે. જે લોકો શારીરિક ખોડ-ખાપણુવાળા હોય છે તેમને શરીરજુંગિક કહે છે જેમકે કોઈ લૂલા હોય છે, તો કોઈ ઠુંઠા હોય છે, તો કોઈ નકટા (નાક છેદાયલા) હોય છે, કોઈ કર્ણહીન હોય છે, તો કોઇ હોઠ વિનાના હોય છે, એ બધાં મનુષ્યોને શરીરજુંગિક કહ્યા છે.

તથા જેઓ વામનરૂપ (ઠીંગુજી) હોય છે,-લઘુ હાથપગ આદિ અવયવોવાળા હોય છે. જે કૂબડા હોય છે, જેના વાંસાના અથવા છાતીના હાડકાં બહાર નીકળી આવ્યા હોય છે, જેના હાથપગ આદિ અવયવો કોઢને લીધે ગળી ગયાં હોય છે, તથા જે લોકો એક આંખે કાણા હોય છે, તથા જે લૂલા હોય છે, હાલવા ચાલવારૂપ ચરણોની શક્તિથી જે રહિત હોય છે, એવાં મનુષ્યોને શરીરજુંગિક કહે છે. તે દરેક પ્રકારના શરીરજુંગિકોને દીક્ષા આપવાને યોગ્ય ગણ્યા નથી.

શિક્ષણ આદિને નિમિત્તે જે લોકો નિયમિત કાળપર્યન્ત સેવાભાવથી બંધાયેલા હોય, અથવા વેતન આપીને જેને કોઇએ નિયત સમય સુધી કામ કરવાને માટે વચનબદ્ધ કરી લીધા હોય-એટલે કે "આટલા સમય સુધી તમારે મારી પાસે રહેવું પડશે અથવા આટલા સમય સુધી હું તમારી સાથે રહીશ," આ પ્રકારે જે પોતે અન્યની સાથે વચનથી બંધાયેલો હોય તેને ઉદ્બદ્ધ કહે છે, એવા ઉદ્બદ્ધને જ ઉદ્બદ્ધક કહે છે. આ ઉદ્બદ્ધકના કર્મ, શિલ્પ, વિદ્યા, મંત્ર અને યોગના ભેદથી પાંચ પ્રકાર કહ્યાં છે-અનુપદેશપૂર્વક જે ગૃહકાર્ય, કૃષીકર્મ આદિ કરવાને બંધાય છે તેને કર્મઉદ્બદ્ધક કહે છે. આચાર્યોપદેશ પૂર્વક જે ચિત્રકાર્ય આદિ રૂપ શિલ્પ કરવાને બંધાયેલો હોય છે તેને શિલ્પઉદ્બદ્ધક કહે છે. લેખનકલાથી લઇને પક્ષીની બોલીને જાણવા પર્યન્તની

કલાઓમાં જે નિપુણ હોય છે, તેને વિદ્યાઉદ્દબદ્ધ કહે છે. વિદ્વેષણ–ઉચ્ચાટન, મારણ–તાડન અને વશીકરણ રૂપ મંત્રવિદ્યામાં જે નિપુણ હોય છે તેને મંત્ર-ઉદ્દબદ્ધ કહે છે. અને ચૂર્ણાદિ પ્રયોગ–રસાયણ પ્રયોગ કરવામાં જે નિપુણ હોય છે તેને યોગઉદ્દબદ્ધ કહે છે. આ પાંચે પ્રકારના ઉદ્દબદ્ધકને દીક્ષા આપવાને યોગ્ય કહ્યા નથી કહ્યું પણ છે કે–" कम्मे सिप्पे विज्जा " ઈત્યાદિ—

જે આજીવિકા નિમિત્તે બીજાને ત્યાં નોકરી કરે છે તેને ભૃતક કહે છે, તેને પણ દીક્ષા આપવા યોગ્ય કહ્યો નથી. ગૃહકલહ આદિ કારણોને લીધે માતાપિતાની આજ્ઞા લીધા વિના દીક્ષા લેવાને તૈયાર થયેલ વ્યક્તિને પણ દીક્ષા આપવા યોગ્ય ગણેલ નથી. એ પ્રકારના દીક્ષાર્થીને " નિષ્ફેટિત શૈક્ષ " કહે છે અથવા દીક્ષાભિલાષી બનીને બીજી જગ્યાએથી ભાગી આવેલને, અને એક વાર દીક્ષા લઈને ત્યાંથી ભાગીને આવેલા માણસને પણ દીક્ષા આપવાને યોગ્ય ગણાવેલ નથી. ગર્ભવતી સ્ત્રી તથા બાલવત્સા સ્ત્રી–જેનું બાળક નાનું હોય એવી સ્ત્રીને પણ દીક્ષા આપવાને યોગ્ય કહી નથી.

ઉપર્યુક્ત ૨૦ પ્રકારના માણસોને દીક્ષા આપવાને યોગ્ય કહ્યા નથી, એટલું જ નહીં પણ કોઈ પ્રકારના છળથી તેઓ દીક્ષિત થઈ ગયા હોય તો પણ તેમના શિરના કેશોનો લોચ કરવા તે યોગ્ય નથી, તથા ગ્રહણ–શિક્ષા આસેવિની શિક્ષાને ગ્રહણ કરાવવા યોગ્ય નથી મહાવ્રતોમાં સ્થાપિત કરવા યોગ્ય પણ નથી અને ઉપધિ–( આહારાદિ ) નો તેમની સાથે સંબંધ રાખવા યોગ્ય પણ નથી, અને પોતાની સાથે રાખવા યોગ્ય પણ નથી. ॥ સૂ. ૭૦ ॥

## વાચનાદિ વિષયમેં યોગ્યાયોગ્યકા નિરૂપણ

સૂત્રાર્થ–પ્રવ્રજ્યા આદિને માટે અયોગ્ય મનુષ્યોનું કથન કરીને હવે સૂત્રકાર વાચના આદિના વિષયમાં અયોગ્ય અને યોગ્ય મનુષ્યોનું નીચેના ચાર સૂત્રો દ્વારા કથન કરે છે–" तओ अवायणिज्जा पण्णत्ता " ઈત્યાદિ—

નીચે દર્શાવેલા ત્રણ પ્રકારના માણસોને અવાચનીય ( વિદ્યા આપવાને માટે અપાત્ર ) કહ્યા છે–(૧) અવિનીત, (૨) વિકૃતિ પ્રતિબદ્ધ અને (૩) અવ્યવસિત-પ્રાભૃત. નીચે દર્શાવેલા ત્રણ પ્રકારના માણસોને વાચનીય ( વાચના દેવાને યોગ્ય ) કહ્યા છે–(૧) વિનીત, (૨) અવિકૃતિ પ્રતિબદ્ધ અને (૩) વ્યવસિતપ્રાભૃત. નીચે દર્શાવેલા ત્રણ પ્રકારના માણસોને દુઃસંજ્ઞાપ્ય કહ્યા છે–(૧) દુષ્ટ, (૨) મૂઢ અને (૩) વ્યુદ્ગ્રાહિત. નીચે દર્શાવેલા ત્રણ પ્રકારના માણસોને સુસંજ્ઞાપ્ય કહ્યા છે–(૧) અદુષ્ટ, (૨) અમૂઢ અને (૩) અવ્યુદ્ગ્રાહિત.

આ સૂત્રોનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–જે સૂત્ર અને અર્થનું અધ્યયન કરાવનાર હોય છે, તથા જેઓ પોતાના કરતાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર-

રૂપ ત્રિરત્નની અપેક્ષાએ ચડિયાતા છે, તેમને વંદણા આદિ કરવારૂપ વિનયથી જે જીવ રહિત હોય છે તેને અવિનીત કહે છે. એવા અવિનીતોને જે વિદ્યાદાન દેવામાં આવે છે તે વ્યર્થ જાય છે. કહ્યું પણ છે કે–' विणया हिया विज्जा " ઇત્યાદિ

જેમ પાણી ન મળે તો અનાજ પાકતું નથી એ જ પ્રમાણે અવિનય સંગૃહીત વિદ્યા પણ ફળદાયી નિવડતી નથી, કારણ કે વિનયથી જ વિદ્યા શોભે છે–વિનયાધીન વિદ્યા જ ફલિત થાય છે, એવું આગમવાકય છે.

દૂધ આદિ રસોમાં જે લોલુપ ( ગૃદ્ધ ) હોય છે તેને વિકૃતિ પ્રતિબદ્ધ કહે છે. એવા વિકૃતિ પ્રતિબદ્ધ જીવો વાચના ગ્રહણ કરવાને અસમર્થ હોય છે, કારણ કે તેમનું ચિત્ત રસાસ્વાદમાં જ લીન રહ્યા કરે છે.

જે મનુષ્ય અનન્તાનુબંધી ક્રોધથી યુક્ત હોય છે તેને અવ્યવસિત પ્રાભૃત કહે છે. ' અવ્યવસિત ' એટલે " અનુપશાન્ત, " અને " પ્રાભૃત " એટલે ' ઉપહાર ' તેથી પ્રાભતની જેમ ( પરમાધાર્મિકની જેમ ) જીવ અતિશય ક્રોધી હોય છે તેને અવ્યવસિત પ્રાભૃત કહે છે. એવો અવ્યવસિત પ્રાભૃત જીવ અનન્તાનુબંધી ક્રોધવાળો જીવ જ હોઇ શકે છે, કારણ કે તેની પાસે ક્ષમા માગવા છતાં પણ તે ઉલ્ટો અધિક અશાન્ત બને છે અને વધારેને વધારે ક્રોધ પ્રકટ કરે છે. કહ્યું પણ છે કે–" अप्पेविपारमाणिं " ઇત્યાદિ—

તેને વાચના દેવાથી હાનિ થાય છે–તેને વાચના દેનારના આલોક સંબંધી હાનિ આ રીતે થાય છે–તેને પ્રેરણા કરવાથી કલહ થવાનો સંભવ રહે છે, એ રીતે વાચના દેનારના આલોકની હાનિ થાય છે. જેમ ઉષર ( સારહીન ) ભૂમિમાં બીજ વાવવાથી ફળની પ્રાપ્તિ થતી નથી, તેમ એવા માણુસને શ્રુતજ્ઞાન આપવાથી તેનું કોઈ સારૂં પરિણામ આવતું નથી, આ રીતે તેના પરલોકની પણ હાનિ જ થાય છે, કારણ કે એવો માણુસ ક્રોધને વશ થઇને ભગવાનનાં વચનોનો પણ આદર કરતો નથી, તેથી તેને સૂત્રનો અભ્યાસ કરાવવો તે યોગ્ય નથી. જ્યારે તેમને સૂત્રનો અભ્યાસ કરાવવાને પણ યોગ્ય કહ્યા નથી,

તો અર્થ સંભળાવવાનું તો કેવી રીતે યોગ્ય હોઇ શકે ! સૂત્ર કરતાં અર્થનું મહત્વ વિશેષ હોય છે, એટલે અર્થ સમજાવવાનું તો એથી પણુ વધારે અયોગ્ય ગણી શકાય. પૂર્વોક્ત અવિનીત આદિથી વિપરીત એવા વિનીત આદિ ગુણો-વાળા શિષ્યો જ સૂત્ર શીખવવાને અને અર્થ સંભળાવવાને યોગ્ય હોય છે, એ જ વાત હવે સૂત્રકાર પ્રકટ કરે છે.

વિનીત, અવિકૃતિ પ્રતિબદ્ધ અને વ્યવસિત પ્રાભૃત ક્રોધને વશ રાખનાર શિષ્યો જ વાચના દેવાને યોગ્ય કહ્યા છે. અયોગ્યનું પ્રકરણુ હોવાથી હવે સૂત્ર-કાર સમ્યકત્વની પ્રાપ્તિ માટે જેઓ અયોગ્ય છે તેનું કથન કરે છે—

" तओ दुस्सन्नप्पा पण्णत्ता " ઈત્યાદિ—

જેઓ મહા મુશ્કેલીથી બોધને પ્રાપ્ત કરી શકે છે તેમને દુઃસંજ્ઞાપ્ય ( અપ્રજ્ઞાપનીય ) કહ્યા છે. એવાં દુઃસંજ્ઞાપ્ય ત્રણુ કહ્યા છે-(૨) દુષ્ટ અથવા દ્વિષ્ટ, (૨) મૂઢ અને (૩) વ્યુગ્દ્રાહિત. જે તત્વ પ્રત્યે અથવા તત્વપ્રજ્ઞાપક પ્રત્યે દ્વેષ રાખે છે અથવા દુષ્ટ પ્રકૃતિસંપન્ન જ ચાલુ રહે છે તેને દુષ્ટ અપ્રજ્ઞાપનીય કહે છે. તેને અપ્રજ્ઞાપનીય કહેવાનું કારણુ એ છે કે તે દુષ્ટ હોય છે, અથવા દ્વેષ રાખનારો હોય છે, તેથી તેને જે તત્વોપદેશ આપવામાં આવે છે તે વ્યર્થ જાય છે મૂઢને ( મૂર્ખને ) અપ્રજ્ઞાપનીય કહેવાનું કારણુ એ છે કે તે હેયોપાદેયના વિવેકથી વિહીન હોય છે, તેથી ઉપદેશ ગ્રહણુ કરવાને અસમર્થ જ હોય છે. વિમોહિત મતિવાળાને વ્યુદ્ગ્રાહિત કહે છે એટલે કે કુગુરુના ઉપ-દેશથી જેનો વિપર્યાસ મજબૂત રીતે થઈ ગયો હોય છે એવા વ્યુદ્ગ્રાહિત મતિવાળા પુરુષને પણુ ઉપદેશ દેવાને પાત્ર કહ્યો નથી. પરંતુ તેના કરતાં વિપરીત અદુષ્ટ, અમૂઢ અને અવ્યુદ્ગ્રાહિત આદિ વિશેષણોવાળો મનુષ્ય સુસં-જ્ઞાપ્ય હોય છે, કારણુ કે તેને તત્વોપદેશ સહેલાઇથી સમજાવી શકાય છે, ત્યાં ઉપદેશ દાતાનો ઉપદેશ નિષ્ફળ જતો નથી. ॥ સૂ. ૭૧ ॥

પ્રજ્ઞાપનીય પુરુષોનું પ્રતિપાદન કરીને હવે સૂત્રકાર ત્રિસ્થાનકનો આશ્રય લઇને પ્રજ્ઞાપનીય વસ્તુઓનું વર્ણન કરે છે—

" तओ मंडलिया पव्वया पण्णत्ता " ઈત્યાદિ—

સૂત્રાર્થ—ત્રણ મંડલિક પર્વત કહ્યા છે-(૧) માનુષોત્તર, (૨) કુંડલવર અને (૩) રુચકવર. આ ત્રણેને સૌથી મોટા કહ્યા છે-બધા મન્દર પર્વતોમાંથી જંબૂદ્વીપમાં આવેલો મન્દર પર્વત સૌથી મોટો છે. (૨) સ્વયંભૂરમણ સમુદ્ર બધા સમુદ્રો કરતાં મોટો છે. (૩) બ્રહ્મલોક કલ્પ બધા કલ્પોમાં સૌથી મોટું છે.

ટીકાર્થ—હવે આ સૂત્રનો વિશેષાર્થ પ્રકટ કરવામાં આવે છે-મંડલ એટલે ચક્રવાલ. આ ચક્રવાલ ( ગોળાકાર ) થી યુક્ત જે હોય છે તેને મંડલિક કહે છે. પ્રાકાર ( કોટ ) ની જેમ જે પર્વતો ગોળાકારે અવસ્થિત હોય છે તેમને મંડલિક પર્વતો કહે છે. એવા મંડલિક પર્વત ત્રણ કહ્યા છે-(૧) માનુષોત્તર પર્વત. આ પર્વત પુષ્કરવર દ્વીપની મધ્યમાં છે, ત્યાંથી આગળ જતાં મનુષ્યોનો સદ્ભાવ નથી, પરન્તુ તે પર્વતની પહેલાં મનુષ્યોનો સદ્ભાવ છે, તેથી તેનું નામ માનુષોત્તર પર્વત છે. અથવા મનુષ્યક્ષેત્ર-અઢી દ્વીપનો તે વિભાગ કરે છે તેથી પણ તેનું નામ માનુષોત્તર પર્વત પડયું છે. (૨) કુંડલવર પર્વત કુંડલવર નામના અગિયારમાં દ્વીપમાં આવેલો છે. તે કુંડલના જેવા ગોળ આકારવાળો છે અને તે પર્વત કુંડલદ્વીપનો વિભાગ કરે છે. (૩) રુચકવર પર્વત ૧૩ માં રુચકવર દ્વીપમાં આવેલો છે, તેનો આકાર પણ કુંડલના જેવો ગોળ છે, આ પર્વત રુચકવર દ્વીપના વિભાગ કરે છે. હવે માનુષોત્તર પર્વતના સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવે છે-" पुक्खरवरदीवड्ढं " ઈત્યાદિ—

આ ગાથાઓનું તાત્પર્ય આ પ્રકારનું છે-આ માનુષોત્તર પર્વત બાજુએ ૧૭૨૧ યોજન ઊંચો છે, જમીનની નીચે ૪૩૦ કોશ પર્યન્તની તેની ઊંડાઈ છે, જમીનપર તેની પહોળાઈ એક હજાર યોજનની છે, મધ્યમાં તેની પહોળાઈ ૭૨૩ યોજનની છે અને સૌથી ઉપરની બાજુએ તેની પહોળાઇ ૪૨૪ યોજનની છે. આ પર્વત અઢી દ્વીપનો વિભાગ કરે છે ૧૬ દ્વીપોમાં કુંડલવર દ્વીપને જે અગિયારમો દ્વીપ કહ્યો છે, તેનું પ્રમાણ નીચે મુજબ છે.

" जंबूद्दीवो-घायइ " ઇત્યાદિ

પહેલો દ્વીપ જંબૂદ્વીપ છે, બીજો દ્વીપ ધાતકીખંડ દ્વીપ છે, ત્રીજો પુષ્કરવર દ્વીપ, ચોથો વારુણિવર દ્વીપ છે, પાંચમો ક્ષીરવર દ્વીપ છે, છઠ્ઠો ધૃતવર દ્વીપ છે, ક્ષોદવર-ઇક્ષુરસ સાતમો દ્વીપ છે, આઠમો નન્દીશ્વર દ્વીપ છે, નવમો

અરુણવર દ્વીપ છે, દસમો અરુણોપપતિ દ્વીપ છે, ૧૧ મો કુંડલવર દ્વીપ છે, બારમો શંખ દ્વીપ છે, તેરમો રુચક દ્વીપ છે, ૧૪ મો ભુજગવર દ્વીપ છે, ૧૫ મો કુશ દ્વીપ છે, અને ૧૬ મો ક્રૌંચવર દ્વીપ છે. કુંડલવર પર્વતનું સ્વરૂપ આ પ્રકારનું છે-कुंडलवरस्स मज्झे " ઈત્યાદિ—

આ ગાથાઓનો ભાવાર્થ આ પ્રમાણે છે-કુંડલવર પર્વત કુંડલવર દ્વીપની મધ્યમાં છે. પ્રાકાર ( કોટ ) જેવો તેનો આકાર છે-આ પર્વત કુંડલવર દ્વીપનો વિભાગ કરે છે. તેનો ઉદ્વેધ ( ઉંચાઇ ) ૪૨૦૦૦ બેંતાલીસ હજાર યોજનની છે, જમીનની નીચે ૧૦૦૦ એક હજાર યોજનની ઊંડાઇ સુધી તે વ્યાપેલો છે. જમીનપર તેની પહોળાઈ ૧૦૨૨ યોજનની છે, મધ્યમાં ૭૨૨ યોજનનો તેનો વિસ્તાર છે અને ઊંચે ૪૨૪ યોજનનો વિસ્તાર છે. ૧૩ માં રુચકવર દ્વીપમાં આવેલા રુચકવર પર્વતના સ્વરૂપનું હવે નિરૂપણ કરવામાં આવે છે-" रुयगवरस्स उ मज्झे " ઈત્યાદિ— પર્વતોમાં શ્રેષ્ઠ એવો રુચકવર પર્વત રુચકવર દ્વીપની મધ્યમાં છે. તેનો આકાર પ્રાકાર ( કોટ ) ના જેવો છે, તે રુચકવર દ્વીપનો વિભાગ કરે છે. તેનો ઉત્સેધ ઉંચાઇ ૮૪ હજાર યોજનની છે, તે પૃથ્વીની અંદર એક હજાર યોજન સુધી ફેલાયેલો છે, જમીનપરનો તેનો વિસ્તાર દસ હજાર બાવીસ યોજન કરતાં પણ વધારે છે, મધ્યમાં તેનો વિસ્તાર ૭૦૨૨ યોજનનનો છે અને સૌથી ઉપર તેનો વિસ્તાર ૧૦૨૪ યોજનનો છે.

આ માનુષોત્તર પર્વતો મહાન છે, એવું કહ્યું. હવે સૂત્રકાર એ વાત પ્રકટ કરે છે કે સૌથી મહાન પર્વત કયો છે-" तओ मएइ " ઈત્યાદિ

આ સૂત્રમાં જે " महत् મહાન " શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે તે એ વાતને પ્રતિપાદિત કરવાને માટે કરાયો છે કે—

આ મન્દરાદિ પદાર્થ સૌથી મહાન છે-તેમનાથી અધિક મહાન બીજો કોઇ પદાર્થ નથી. એટલે કે પોતાની જાતિના જે પદાર્થો છે તેમનામાં તે અતિ મહાન છે, વળી તે પાંચ પર્વત અતિ મહાન મન્દર પર્વતોમાં પણ સૌથી મહાન પર્વત તો જંબૂદ્વીપમાં આવેલો મન્દર પર્વત જ છે. ધાતકીખંડના બે મન્દર પર્વતોનો અને પુષ્કરવર દ્વીપાર્ધના બે મન્દર પર્વતોનો વિસ્તાર કેવલ ૮૫૦૦૦ યોજનનો જ કહ્યો છે, પરન્તુ જંબૂદ્વીપના મન્દર પર્વતનો વિસ્તાર તો એક લાખ યોજનનો કહ્યો છે.

બધા સમુદ્રોમાં સૌથી મોટો સ્વયંભૂરમણ સમુદ્ર છે, કારણ કે સઘળા દ્વીપો અને સમુદ્રો કરતાં તેનું પ્રમાણ અધિક કહ્યું છે.

બધાં કલ્પોમાં બ્રહ્મલોક કલ્પ સૌથી મોટું છે, બ્રહ્મલોક કલ્પ પાંચમું દેવલોક છે. તેને સૌથી મોટું કલ્પ કહ્યું છે કારણ કે તેના પ્રદેશમાં લોકવિસ્તાર પાંચ રાજૂપ્રમાણ કહ્યો છે. આ બ્રહ્મલોક કલ્પ પણ પાંચ રાજુપ્રમાણ વિસ્તારવાળું કહ્યું છે. ॥ સૂ. ૭૨ ॥

બ્રહ્મલોક કલ્પગત કલ્પ શબ્દના સાધર્મ્યને હવે સૂત્રકાર કલ્પસ્થિતિનું કથન કરવા નિમિત્તે બે સૂત્રો કહે છે—

" तिविहा कप्पट्ठिई पण्णत्ता " ઇત્યાદિ—

સૂત્રાર્થ–કલ્પસ્થિતિ ત્રણ પ્રકારની કહી છે–(૧) સામાયિક કલ્પસ્થિતિ, (૨) છેદોપસ્થાપનીય કલ્પસ્થિતિ, અને (૩) નિર્વિશમાન કલ્પસ્થિતિ.

અથવા આ પ્રમાણે પણ કલ્પસ્થિતિ ત્રણ પ્રકારની કહી છે–(૧) નિર્વિષ્ટ કલ્પસ્થિતિ, (૨) જિન કલ્પસ્થિતિ અને (૩) સ્થવિર કલ્પસ્થિતિ.

ટીકાર્થ–કલ્પ નામ કરણ–આચારનું છે. તેમાં અથવા તેની જે સ્થિતિ ( મર્યાદા ) હોય છે તેનું નામ કલ્પસ્થિતિ છે. તે કલ્પસ્થિતિ ત્રણ પ્રકારની કહી છે. (૧) સામાયિક કલ્પસ્થિતિનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—

સામાયિક કલ્પસ્થિતિમાં જે ' સામાયિક ' પદ છે તે જ્ઞાનાદિકોના લાભ-રૂપ છે, એટલે કે સમ શબ્દનો અર્થ જ્ઞાનાદિરૂપ છે. આ જ્ઞાનાદિકનો જે લાભ છે તેનું નામ ' સમાય ' છે. તે સમાય જ સામાયિકરૂપ છે, સામાયિકને એક સંયમવિશેષ કહ્યો છે. આ સામાયિકનો જે કલ્પ છે ( આચાર છે ) તેને સામાયિક કલ્પ કહે છે. અથવા–સામાયિક રૂપ જે કલ્પ છે તેનું નામ સામાયિક કલ્પ છે, એવો તેનો વાચ્યાર્થ થાય છે. તે સામાયિક કલ્પ પ્રથમ અને ચરમ તીર્થંકરના સાધુઓનું કલ્પકાલિક છે, કારણ કે તે સમયે છેદોપ-સ્થાપનીયનો સદ્ભાવ છે. મધ્યના તિર્થંકરોમાં અને મહાવિદેહોમાં તે યાવત્કથિક છે, કારણ કે ત્યાં છેદોપસ્થાપનીયનો અભાવ છે. તે સામાયિક કલ્પની અથવા સામાયિક કલ્પમાં જે સ્થિતિ છે, તેને સામાયિક કલ્પસ્થિતિ કહે છે. તે મધ્યના ૨૨ તિર્થંકરોના સાધુઓની અને મહાવિદેહસ્થ સાધુઓની શય્યાતરના પિંડના પરિહારમાં, ચતુર્યામ પાળવામાં અને પુરુષના જ્યેષ્ઠત્વમાં તેની વન્દનામાં વિનયરૂપ છે, અને શુકલ પ્રમાણોપેત વસ્ત્રની અપેક્ષાએ જે અચેલતા છે તેમાં ઔદ્દેશિક ભક્તાદિ ગ્રહણમાં, (૩) રાજપિંડ ગ્રહણમાં, (૪) પ્રતિક્રમણ કરવામાં, (૫) માસકલ્પ કરવામાં, અને (૬) પર્યુષણ કલ્પ

કરવામાં અનિવાર્યરૂપ છે. કહ્યું પણ છે કે-" सिज्जायरपिंडे य " ઈત્યાદિ. અચેલકતા આ પ્રકારે હોય છે-" दुविहो होइ अचेलो " ઇત્યાદિ—

આ રીતે જીર્ણ-ખંડિત અને પ્રમાણોપેત વસ્ત્રો હોવા છતાં પણ, રાખવા છતાં પણ, અચેલતારૂપ વ્યવહાર લોકમાં જોવામાં આવે છે.

હવે છેદોપસ્થાપનીય કલ્પસ્થિતિનું નિરૂપણ કરવામાં આવે છે-પૂર્વ પર્યાયના છેદથી જે પુનઃ આરોપણીય થાય છે તેનું નામ છેદોપસ્થાપનીય છે. તે અન્ય વ્યક્તિમાં આરોપની અપેક્ષાએ વ્રતારોપણરૂપ હોય છે. આ છેદોપસ્થાપનીયનો સદ્ભાવ પહેલા અને છેલ્લા તીર્થંકરના સમયમાં જ કહ્યો છે. આ છેદોપસ્થાપનીયનો જે કલ્પ છે ( આચાર છે ) તેનું નામ છેદોપસ્થાપનીય કલ્પ છે. અથવા-છેદોપસ્થાપનીયરૂપ જે કલ્પ છે, તે છેદોપસ્થાપનીય કલ્પ છે, અને તેની જે સ્થિતિ ( મર્યાદા ) છે, તે છેદોપસ્થાપનીય કલ્પસ્થિતિ છે. તે દસ સ્થાનકોમાં અવશ્ય પાલનરૂપ કહી છે. કહ્યું પણ છે કે—

" दसठाणठिओ कप्पो " ઈત્યાદિ.

આ દસ સ્થાનસ્થિતિનો કલ્પનો સદ્ભાવ પહેલા અને છેલ્લા જિનમાં કહ્યો છે-આ પાપરૂપ રજને નષ્ટ કરનાર કલ્પ જે દસ સ્થાન પ્રતિષ્ઠિત છે, તે દસ સ્થાન નીચે પ્રમાણે છે-" आचेलक्कुद्देसिय " ઈત્યાદિ-તેમાંથી (૧) આચેલક્ય સત્ અને અસત્ના ભેદથી બે પ્રકારનું કહ્યું છે. સર્વથા વસ્ત્રાભાવરૂપ અસત્ અચેલતા જિનતીર્થંકરોમાં હોય છે, અને જીર્ણ, ખંડિત અને પ્રમાણોપેત વસ્ત્ર રાખવારૂપ સત્ અચેલતા બાકીના મુનિઓમાં હોય છે. (૧) ઔદ્દેશિક પિંડ, (૨) શય્યાતર પિંડ અને (૩) રાજપિંડ ગ્રહણ કરવા રૂપ ત્રણ સ્થાન તો જાણીતા છે, તેથી અહીં તેમનું વિશેષ સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું નથી. (૪) રત્નાધિકની મર્યાદા અનુસાર વંદણા કરવાનો જે વ્યવહાર છે તેનું નામ કૃતિકર્મ છે. (૫) પાંચ મહાવ્રતને વ્રત શબ્દથી ગ્રહણ કરવામાં આવ્યા છે. (૬) જ્યેષ્ઠ-પુરુષ શ્રેષ્ઠ ધર્મ છે. (૭) સાતિચાર અવસ્થામાં અને નિરતિચાર અવસ્થામાં પણ પ્રતિક્રમણ કરવું તેનું નામ પ્રતિક્રમણ છે. (૮) માસ પદથી અહીં માસકલ્પ ગ્રહણ કરવામાં આવેલ છે. શેષકાળમાં એક માસ સુધી એક જગ્યાએ રહેવું તેનું નામ માસકલ્પ છે (૯) પર્યુષણ પર્વની આરાધના કરવી (૧૦) આ દસ કલ્પ ( આચાર ) નો સદ્ભાવ પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં હોય છે-વચ્ચેના ૨૨ તીર્થંકરોના તીર્થમાં તેમનો સદ્ભાવ હોતો નથી.

હવે નિર્વિશમાન કલ્પસ્થિતિનું નિરૂપણ કરવામાં આવે છે-પરિહાર વિશુદ્ધિ તપનું પાલન કરનાર પરિહારિકોના આચારરૂપ જે કલ્પ છે, અને તે કલ્પમાં તેની જે સ્થિતિ છે, તેનું નામ નિર્વિશ્યમાન કલ્પસ્થિતિ છે. તેનો તે કલ્પ (આચાર) આ પ્રમાણે હોય છે-તેઓ ગ્રીષ્મ ઋતુમાં, શીત ઋતુમાં અને વર્ષા ઋતુમાં અનુક્રમે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ તપ કરે છે. ગ્રીષ્મકાળમાં તપની જઘન્યતા ચતુર્થ ષષ્ઠ અને અષ્ઠમ રૂપે અને શીતકાલમાં છઠ્ઠ (બે ઉપવાસ), અઠ્ઠમ (ત્રણ ઉપવાસ) અને દસ ઉપવાસરૂપ હોય છે. વર્ષાકાળમાં ઉત્કૃષ્ટ તપ અષ્ટમ દશમ અને દ્વાદશ રૂપ હોય છે, તથા આયંબિલથી જ તેના પારણાં કરવામાં આવે છે. પિંડૈષણા સપ્તકમાંની પહેલી અને બીજી પિંડૈષણાઓમાં અભિગ્રહ જ કરાય છે. ત્રીજીથી લઈને સાતમી પર્યન્તની પાંચ પિંડૈષણાઓમાં એક ભક્ત (આહાર) અને એક પાન (પીણું), એમ બે વસ્તુનો જ અભિગ્રહ થાય છે. કહ્યું પણ છે કે-" बारस दस अट्ठ " ઈત્યાદિ—

હવે સૂત્રકાર બીજી રીતે કલ્પસ્થિતિની પ્રરૂપણા કરે છે-" अहवा " ઈત્યાદિ-અથવા કલ્પસ્થિતિના આ પ્રમાણે ત્રણ પ્રકાર પણ પડે છે-(૧) નિર્વિષ્ટ કલ્પસ્થિતિ, (૨) જિન કલ્પસ્થિતિ અને (૩) સ્થવિરકલ્પસ્થિતિ.

નિર્વિષ્ટોનો-આસેવિત વિવક્ષિત ચારિત્રવાળાનો-અનુપરિહારિકોનો જે કલ્પ (આચાર) છે, તે આચારની જે સ્થિતિ છે, મર્યાદા છે તેને નિર્વિષ્ટ કલ્પસ્થિતિ કહે છે. જેમકે પ્રતિદિન આચામ્લ માત્ર તપ કરવું, અને પૂર્વોક્ત પ્રકારની જ ભિક્ષા ગ્રહણ કરવી. કહ્યું પણ છે કે-" कप्पट्ठियावि पइदिणं " ઈત્યાદિ

પૂર્વ સૂત્રોક્ત નિર્વિશમાનક અને આ નિર્વિષ્ટ, બન્નેને પરિહાર વિશુદ્ધિક કહે છે, તેમના ગણનાયક હોય છે. તેઓ આ પ્રકારના હોય છે-" सव्वे चरित्तवंतो " ઈત્યાદિ-તેઓ ચારિત્રશાળી હોય છે, દર્શન પરનિષ્ઠિત (પરિપૂર્ણ) હોય છે, ઓછામાં ઓછા નવ પૂર્વના પાઠી હોય છે, અને વધારેમાં વધારે દસ પૂર્વના પાઠી હોય છે. તેમનો વ્યવહાર આગમાદિ પાંચ પ્રકારનો હોય છે, તેઓ જિનકલ્પ અને સ્થવિરકલ્પમાં અને દસ પ્રકારના પ્રાયશ્ચિત્તોમાં પરિનિષ્ઠિત (પરિપૂર્ણ) હોય છે.

હવે જિનકલ્પસ્થિતિનું નિરૂપણ કરવામાં આવે છે-ગચ્છમાંથી નિર્ગત જે સાધુઓ હોય છે તેમને જિન કહે છે તે જિનોના કલ્પ (આચાર) ની જે મર્યાદા છે તેને જિનકલ્પસ્થિતિ કહે છે. જિનકલ્પનું સ્વરૂપ મેં ઉત્તરાધ્યયન સૂત્રની પ્રિયદર્શની ટીકાના બીજા અધ્યયનમાં અચેલપરીષહના સ્વરૂપનું વર્ણન કરતાં, સ્પષ્ટરૂપે પ્રકટ કર્યું છે, તો જિજ્ઞાસુ પાઠકોએ તે ત્યાંથી વાંચી લેવું.

હવે સ્થવિર કલ્પસ્થિતિની પ્રરૂપણા કરવામાં આવે છે-ગચ્છ પ્રતિબદ્ધ આચાર્ય આદિને સ્થવિર કહે છે. તેમના કલ્પ (આચાર) ની સ્થિતિરૂપ જે મર્યાદા છે, તેને સ્થવિર કલ્પસ્થિતિ કહે છે. તેનું સ્વરૂપ આ પ્રકારનું છે—

" पव्वज्जा सिक्खावय " ઇત્યાદિ રૂપ આ સ્થવિર કલ્પસ્થિતિ હોય છે. અહીં બે સૂત્રોમાં ક્રમોપન્યાસ (ઉલટો ક્રમ) છે–સામાયિકના સદ્દ્ભાવમાં છેદોપસ્થાપનીય થાય છે, છેદોપસ્થાપનીયના સદ્દ્ભાવમાં પરિહાર વિશુદ્ધિક ભેદરૂપ નિર્વિંશમાનક થાય છે, ત્યારબાદ નિર્વિષ્ટકાયિક થાય છે, ત્યારબાદ જિનકલ્પ થાય છે, અથવા સ્થવિરકલ્પ થાય છે. આ પ્રમાણે આ સામાયિક સ્થિતિ આદિનો ક્રમ છે. ॥ સૂ. ૭૩ ॥

## નારકાદિકોંકે શરીર કા નિરૂપણ

આ પૂર્વોક્ત કલ્પસ્થિતિયોના વ્યતિક્રમ (વિપરીતતા) કરનારા નારકાદિ શરીરવાળા હોય છે. તેથી હવે સૂત્રકાર નારકાદિના શરીરનું નિરૂપણ કરે છે.

" तओ सरीरगा पण्णत्ता " ઇત્યાદિ—

ટીકાર્થ–પાંચ સૂત્રો દ્વારા નારકાદિ જીવોનાં શરીરોનું સૂત્રકારે નિરૂપણ કર્યું છે. આ સૂત્રોનો અર્થ સુગમ છે, છતાં અહીં સંક્ષિપ્તમાં તેમનો ભાવાર્થ પ્રકટ કરવામાં આવ્યો છે–નારકોને ત્રણ શરીર હોય છે–(૧) વૈક્રિય, (૨) તૈજસ અને (૩) કાર્મણ. તૈજસ અને કાર્મણ, આ બે શરીરનો સંબંધ તો પ્રત્યેક જીવને હોય છે, અસુરકુમારોમાં પણ એ જ ત્રણ શરીરનો સદ્દ્ભાવ હોય છે. એ જ પ્રમાણે નાગકુમાર આદિ ભવનપતિ દેવોમાં, વ્યન્તર દેવોમાં, વૈમાનિકોમાં કલ્પોપપન્ન અને કલ્પાતીતોમાં પણ એ જ ત્રણ શરીરનો સદ્દ્ભાવ હોય છે. પૃથ્વીકાયિક, અપ્કાયિક, તૈજસકાયિક અને વનસ્પતિકાયિક, આ એકેન્દ્રિય સ્થવિર જીવોમાં ઔદારિક, તૈજસ અને કાર્મણ શરીરનો સદ્દ્ભાવ હોય છે. દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવોમાં પણ એ જ ત્રણ શરીરોનો સદ્દ્ભાવ હોય છે. વાયુકાયિક અને પંચેન્દ્રિય તિર્યંચોમાં ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ એ ચાર શરીરનો સદ્દ્ભાવ હોઈ શકે છે–પણ આહારક શરીર હોતું નથી. મનુષ્યોમાં તો પાંચ શરીરોનો સદ્દ્ભાવ પણ હોઈ શકે છે, પરન્તુ અહીં ત્રિસ્થાનકનો અધિકાર ચાલતો હોવાથી તેમની પ્રરૂપણા કરવામાં આવી નથી. ॥ સૂ. ૭૪ ॥

કલ્પસ્થિતિ વ્યતિક્રામક પ્રત્યનીકો (પ્રતિકૂળ માણસો) પણ હોઇ શકે છે. તેથી હવે સૂત્રકાર પ્રત્યનીક (પ્રતિકૂળ રહેનારા) ને અનુલક્ષીને છ સૂત્રોનું કથન કરે છે–" गुरुं पडुच्च तओ पडिणीया " ઇત્યાદિ—

આ સૂત્રોનો અર્થ સુગમ છે, છતાં અહીં આ સૂત્રોનો ભાવાર્થ પ્રકટ કરવામાં આવે છે-ગુરુની અપેક્ષાએ ત્રણ પ્રત્યનીક હોય છે. " गृणाति तत्त्वमिति गुरुः " આ વ્યુત્પત્તિ અનુસાર જે તત્ત્વનું કથન કરે છે તેને ગુરુ કહે છે. પ્રતિકૂળ રહેનારને પ્રત્યનીક કહે છે. ગુરુ પ્રત્યનીકના નીચે પ્રમાણે ત્રણ ભેદ કહ્યા છે-(૧) આચાર્ય પ્રત્યનીક, (૨) ઉપાધ્યાય પ્રત્યનીક અને (૩) સ્થવિર પ્રત્યનીક આચાર્યનો અવર્ણવાદ કરનાર જીવને આચાર્ય પ્રત્યનીક કહે છે અને ઉપાધ્યાયનો અવર્ણવાદ કરનાર જીવને ઉપાધ્યાય પ્રત્યનીક કહે છે. જાતિ આદિની અપેક્ષાએ જેઓ સ્થવિર છે, તેમના પ્રત્યનીકને સ્થવિર પ્રત્યનીક કહે છે. જે માણસ જાતિ આદિની અપેક્ષાએ સ્થવિરનો અવર્ણવાદ કરે છે અને તેમનાં છિદ્રો શોધ્યા કરે છે તે માણસને સ્થવિર પ્રત્યનીક કહે છે. કહ્યું પણ છે કે–" जच्चाई हि अवन्नं " ઇત્યાદિ—

" આ આચાર્ય આદિ દસ પ્રકારના વૈયાવૃત્યનો ઉપદેશ આપે છે, પરંતુ પોતે તો તે પ્રમાણે આચરણ કરતા નથી, " આ પ્રકારે બોલનાર અવર્ણવાદી ગણાય છે. આ પ્રમાણે અવર્ણવાદ કરનારમાં ગુરુ પ્રત્યનીકતાનો સદ્ભાવ સમજવો.૧

મનુષ્ય આદિ ગતિને આધારે ત્રણ પ્રકારના પ્રત્યનીક સંભવી શકે છે— (૧) ઇહલોક પ્રત્યનીક, (૨) પરલોક પ્રત્યનીક અને (૩) ઉભયલોક પ્રત્યનીક. મનુષ્યત્વ રૂપ પર્યાયનો જે પ્રત્યનીક (પ્રતિકૂળ) હોય છે તેને ઇહલોક પ્રત્યનીક કહે છે. એવો તે પ્રત્યનીક જીવ કુત્રિમનપુંસક આદિની જેમ ઇન્દ્રિયાર્થ પ્રતિકૂળ

વિધાયક હોય છે. જે જીવ ઇન્દ્રિયોના સુખમાં લીન થઇને–ચાર્વાકના મત પ્રમાણે ભોગવિલાસમય જીવન જીવ્યા કરે છે તેને પરલોક પ્રત્યનીક કહે છે. કારણ કે એવો જીવ પોતાના પરલોકને બગાડે છે. તથા ઉભયલોક પ્રત્યનીક એ છે કે જે ભોગ સંબંધમાં પ્રવૃત્ત જ રહેવાને કારણે દ્રવ્યલિંગીની જેમ બન્ને લોકને માટે પ્રતિકૂળ એવું આચરણ કરે છે. અથવા જે માણસ ચોરી આદિ કુકૃત્યો દ્વારા ઇન્દ્રિયાર્થના સાધનમાં તત્પર રહ્યા કરે છે, તેને ઉભયલોક પ્રત્યનીક કહે છે. આ રીતે ગતિની અપેક્ષાએ ત્રણ પ્રકારની પ્રત્યનીકતાને પ્રકટ કરવામાં આવી છે । ૨ ।

સમૂહની અપેક્ષાએ ત્રણ પ્રકારના પ્રત્યનીક કહ્યા છે–(૧) કુલ પ્રત્યનીક, (૨) ગણ પ્રત્યનીક અને (૩) સંઘ પ્રત્યનીક.

એક ગુરુના શિષ્ય સમુદાયને કુલ કહે છે, અને કુલોના સમુદાયને ગણ કહે છે અને અનેક ગણોના સમુદાયને સંઘ કહે છે. તેમનો અવર્ણવાદ કરનારને સમૂહ પ્રત્યનીક કહે છે. અનુકંપા પ્રત્યનીક પણ ત્રણ પ્રકારના કહ્યા છે. અનુકંપા બતાવવા યોગ્ય જીવો પ્રત્યે સ્વયં અનુકંપા (દયા) નહીં રાખનાર અને બીજાને અનુકંપા રાખવા નહીં દેનાર વ્યક્તિને અનુકંપા પ્રત્યનીક કહે છે. તેના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર કહ્યા છે–(૧) તપસ્વી પ્રત્યનીક, (૨) ગ્લાન પ્રત્યનીક, (૩) શૈક્ષ પ્રત્યનીક. અનશનાદિ ૧૨ પ્રકારના તપનું અનુષ્ઠાન કરનારને તપસ્વી કહે છે. રોગાદિ કારણોને લીધે જે સાધુ અશક્ત હોય છે, તેને ગ્લાન કહે છે. નવદીક્ષિત સાધુને શૈક્ષ કહે છે. તપસ્વી, ગ્લાન અને શૈક્ષ અનુકંપાને પાત્ર હોય છે. તેમના પ્રત્યે અનુકંપા નહીં રાખનાર અને અનુકંપા રાખનારને પણ અનુકંપા નહીં રાખવાનું કહેનારને અનુકંપા પ્રત્યનીક કહે છે. આ રીતે તપસ્વી પ્રત્યે અનુકંપા નહીં રાખનારને તપસ્વી પ્રત્યનીક, ગ્લાન પ્રત્યે અનુકંપા નહીં રાખનારને ગ્લાન પ્રત્યનીક અને નવદીક્ષિત પ્રત્યે અનુકંપા નહીં રાખનારને શૈક્ષ પ્રત્યનીક કહે છે. ભાવની અપેક્ષાએ ત્રણ પ્રત્યનીક કહ્યા છે–(૧) જ્ઞાન પ્રત્યનીક, (૨) દર્શન પ્રત્યનીક અને (૩) ચારિત્ર પ્રત્યનીક.

જીવ અને અજીવગત પર્યાયનું નામ ભાવ છે. જીવમાં પ્રશસ્ત અને અપ્રશસ્ત, આ બન્ને પ્રકારના ભાવ હોય છે ક્ષાયિકાદિ ભાવને પ્રશસ્ત ભાવ કહે છે અને ઔદયિક આદિ ભાવને અપ્રશસ્ત ભાવ કહે છે. ક્ષાયિક ભાવ સામાદિ (જ્ઞાનાદિ) રૂપ હોય છે, તે કારણે અહીં જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ અપ્રશસ્ત ભાવની અપેક્ષાએ તે પ્રત્યેકના પ્રત્યનીક પ્રકટ કરવામાં આવ્યા છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર વિષયક વિપરીત પ્રરૂપણા કરવાથી અથવા તેમાં દૂષણનું આરોપણ કરવાથી, તેઓમાં પ્રત્યનીકતા આવી જાય છે. જેમકે—

પાવય સુત્તનિબદ્ધં " ઈત્યાદિ—

આ સૂત્ર પ્રાકૃત ભાષામાં નિબદ્ધ છે, સંસ્કૃતમાં નિબદ્ધ નથી " ઈત્યાદિ રૂપે ગર્હિત વિચારધારાપૂર્વક કહેવું તેને જ્ઞાનવિષયક વિપરીત પ્રરૂપણા કહેવાય છે. તથા "શી ખબર, આ શાસ્ત્ર ભગવાને રચ્યું છે કે અન્ય કોઇએ રચ્યું છે !" ભગવાને જ રચ્યું છે તેનું પ્રમાણ શું છે ? એવા કોઈ પ્રમાણને અભાવે તેમાં શ્રદ્ધા શા માટે રાખવી જોઇએ !" આ પ્રકારનું કથન કરનારને દર્શન પ્રત્યનીક કહે છે. "ચારિત્ર ગ્રહણ કરવામાં શો લાભ છે ? ચારિત્રશાળી જીવ જ્ઞાન તો આપી શકતો નથી, અને જ્ઞાન વિના કોઈ લાભ થતો જ નથી. લોકમાં જ્ઞાનને જ શ્રેષ્ઠ કહ્યું છે, બીજું કંઈ પણ તેનાથી ઉત્તમ નથી. આ પ્રકારની વિપરીત પરૂપણા કરનારને ચારિત્ર પ્રત્યનીક કહે છે. શ્રુતની અપેક્ષાએ પણ ત્રણ પ્રત્યનીક કહ્યા છે-(૧) સૂત્ર પ્રત્યનીક (૨) અર્થ પ્રત્યનીક અને (૩) તદુભય પ્રત્યનીક

આચારાંગ આદિ સૂત્રરૂપ આગમ છે. તેનું વ્યાખ્યાન તે અર્થરૂપ આગમ છે. સૂત્ર અને અર્થ એ બન્ને ઉભયરૂપ આગમ છે. તેમાં દૂષણોનું આરોપણ કરવું, એ જ તેમના પ્રત્યેની પ્રત્યનીકતા છે જેમકે-" जीवा य अजीवा य " ઈત્યાદિ "જીવ, અજીવ, વ્રત, અપ્રમાદ, આ તો જાણીતાં તત્વો છે. તો સૂત્ર, અર્થ આદિ વાંચવાની જરૂર જ શી છે ?" આ પ્રમાણે કહેનારને શ્રુત પ્રત્યનીક કહે છે. ॥ સૂ. ૭૫ ॥

## માતાપિતાકે અંગકે વિભાગકા નિરૂપણ

પહેલાં જે કલ્પસ્થિતિની પ્રરૂપણા કરવામાં આવી, તેનો સદ્ભાવ મનુષ્યોમાં જ હોય છે. તથા ગર્ભજ મનુષ્યના શરીરનું નિર્માણુ માતાપિતાના સંયોગથી જ થાય છે તેથી તેના શરીરમાં માતાપિતાના કયા કયા અંગો હોય છે, તે હવે સૂત્રકાર પ્રકટ કરે છે–" तओ पिइअंगा पण्णत्ता " ઈત્યાદિ.

ટીકાર્થ–તેના શરીરમાં ત્રણુ પિતૃ અંગ હોય છે–(૧) અસ્થિ–અસ્થિમજ્જા, (૨) કેશ, શ્મશ્રુ, રોમ અને (૩) નખ તેના શરીરમાં માતાના નીચે પ્રમાણે ત્રણુ અંગ હોય છે(૧) માંસ, (૨) શોણિત અને (૩) મગજ. ગર્ભજન્મવાળા મનુષ્યના શરીરમાં પિતાના ત્રણ અંગોનો જે સદ્ભાવ કહ્યો છે તે પ્રાયઃ ( સામાન્ય રીતે ) શુક્રના પરિણામ રૂપ હોય છે.

અસ્થિ એટલે હાડકાં અને અસ્થિમજ્જા તથા ' શ્મશ્રુ ' એટલે દાઢી, બગલ આદિના વાળ. મનુષ્યના આ ત્રણુ અંગો ( અસ્થિ, શ્મશ્રુ અને નખ ) સામાન્ય રીતે પિતાના તે અંગો જેવાં જ હોય છે, તેથી અહીં તે અંગોમાં પિતૃઅંગ ( પિત્રંગ ) સાથે સમાનતા પ્રકટ કરી છે–" तओ माउअंगा " આ સૂત્ર દ્વારા એ વાત પ્રકટ કરવામાં આવી છે કે ગર્ભજ મનુષ્યમાં માંસ, રક્ત અને મસ્તુલિંગ ( મગજ ) માતાના તે અંગો જેવાં હોય છે, તે અંગ આર્તવના પરિણામરૂપ હોય છે. ॥ સૂ. ૭૬ ॥

## શ્રામણ્યપર્યાય કો પ્રાપ્ત હુવા જીવ જિનજિન કારણોં સે વિશિષ્ટ નિર્જરા કરતા હૈ ઉન ઉન કારણોં કા નિરૂપણ

ઉપરના સૂત્રમાં ગર્ભજ મનુષ્યના શરીરમાં માતાપિતાના કયા કયા અંગો હોય છે તે પ્રકટ કરવામાં આવ્યું. ગર્ભજ જન્મથી ઉત્પન્ન થયેલો કોઇ પણુ મનુષ્ય પૂર્વ પુણ્યના ઉદયથી શ્રામણ્ય પર્યાયની પ્રાપ્તિ કરી શકે છે. આ રીતે જેણુ શ્રામણ્ય પર્યાય પ્રાપ્ત કરી છે એવો જીવ જે જે કારણોને લીધે વિશિષ્ટ નિર્જરા કરે છે, તે તે કારણોનું હવે નિરૂપણુ કરવા નિમિત્તે સૂત્રકાર નીચેના બે સૂત્રોનું કથન કરે છે–" तीहिं ठाणेहिं समणे निग्गंथे " ઈત્યાદિ—

ટીકાર્થ–નીચેના ત્રણ કારણોના સદ્ભાવમાં શ્રમણુ નિર્ગ્રંથ કર્મક્ષપણરૂપ નિર્જરાવાળો હોય છે, અને એ જ ભવમાંથી મોક્ષગામી થાય છે. તે દ્રવ્યગ્રંથિ અને

ભાવગ્રંથિથી રહિત હોય છે, તેને જ તપસ્વી નિર્ગ્રંથ કહેવાય છે. એવો તે તપસ્વી નિર્ગ્રંથ સર્વ પ્રકારે કર્મક્ષય કરનારો હોય છે, તેથી તે આત્યંતિક રૂપે ભવનો ક્ષય કરનારો-એટલે કે એ જ ભવમાંથી મોક્ષગમન કરનારો હોય છે. તે ત્રણ સ્થાન ( કારણો ) નીચે પ્રમાણે છે-" कया इं अहं " ઇત્યાદિ—

" (૧) ક્યારે હું થોડા અથવા વધારે શ્રુતનું અધ્યયન કરનારો બનીશ ? (૨) ક્યારે હું એકાકી વિહાર પ્રતિમાને પ્રાપ્ત કરીને વિચરીશ ? ક્યારે હું સર્વાન્તિમ મારણાન્તિક સંલેખનાનું સેવન કરીને, ભક્તપાનના પ્રત્યાખ્યાનપૂર્વક મૃત્યુની આકાંક્ષા કર્યા વિના પાદપોપગમન સંથારો ધારણ કરીશ ? " આ પ્રકારની મન, વચન અને કાયાથી ભાવના ભાવતો શ્રમણ નિર્ગ્રંથ મહાનિર્જરાવાળો થઈતે મહાપર્યવસાનવાળો થાય છે.

હવે શ્રમણોપાસકની અપેક્ષાએ ત્રણ સ્થાનોની પ્રરૂપણા કરવામાં આવે છે. (૧) ક્યારે હું થોડા કે વધારે પરિગ્રહનો ત્યાગ કરનારો બનીશ ? (૨) ક્યારે હું મુંડિત થઇને ગૃહસ્થાવસ્થાના પરિત્યાગપૂર્વક અણગારાવસ્થા અંગીકાર કરીશ ? (૩) તથા ક્યારે હું અપશ્ચિમ મારણાન્તિક સંલેખનાની આરાધના કરવાને તત્પર થઇને, આહારપાણીના પ્રત્યાખ્યાનપૂર્વક, મૃત્યુની આકાંક્ષા નહીં રાખતો થકો, પાદપોપગમન સંથારો ધારણ કરીશ ? " આ પ્રકારની ભાવના પોતાના મન, વચન અને કાયાથી પ્રકટ કરતો થકો શ્રમણોપાસક મહાનિર્જરાવાળો થઇને મહાપર્યવસાનવાળો થાય છે. અહીં જે " अपश्चिममारणान्तिकसंलेखना जोषणाजोषितः " આ સૂત્રપાઠ આવ્યો છે. તેનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-જેના કરતાં અન્ય કોઈ અન્તિમ હોય નહીં તેને અપશ્ચિમ કહે છે. એટલે કે સર્વાન્તિમને અપશ્ચિમ કહે છે, કારણ કે સંલેખના મરણના અંતે જ ( અન્તકાળે જ ) ધારણ કરવામાં આવે છે, અથવા તે અમંગલ પરિહાર નિમિત્તે જ કરવામાં આવે છે, તેથી તે પશ્ચિમરૂપ હોવા છતાં પણ અપશ્ચિમ જ છે. પ્રતિક્ષણ જાયમાન આવીચી મરણના અગ્રહણથી અહીં મરણ શબ્દ દ્વારા સર્વાયુષ્ક ક્ષયરૂપ મરણ જ ગૃહીત થયેલ છે, આ મરણને જ મરણાન્ત કહે છે. આ મરણાન્તમાં જે આરાધિત થાય છે તેને મારણાન્તિકી કહે છે. જેના દ્વારા

શરીર અને કષાય આદિને કૃશ (દુર્બલ) કરવામાં આવે છે તેનું નામ સંલેખના છે. આ સંલેખના વિશિષ્ટ તપોરૂપ હોય છે. આ સંલેખનાનું જે પ્રીતિપૂર્વક સેવન કરવામાં આવે છે, તેને "અપશ્ચિમ મારણાન્તિક સંલેખના જોષણા" કહે છે. અથવા આ અપશ્ચિમ મારણાન્તિક સંલેખના નામના તપથી જેનો દેહ ક્ષીણ થઈ ગયો છે, એવો 'તપસ્વી શ્રમણ નિર્ગ્રંથ જ' "અપશ્ચિમ મારણાન્તિક સંલેખના જોષણા જોષિત" વિશેષણવાળો હોય છે તેનો "અનશનકારી" એવો અર્થ થાય છે. "पादपोपगतः" આ પદનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—

પાદપોપગમન સંથારો જેણે ધારણ કર્યો છે એવા જીવને "પાદપોપગતઃ" કહે છે. "कालं अनवकाङ्क्षन्" આ પદનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-જેણે સંલેખના ધારણ કરેલી છે એવા અનશનકારી જીવે અનશનના કષ્ટથી મુંઝાઈને મરણની ઈચ્છા કરવી જોઈએ નહીં. આ પ્રકારનો અપશ્ચિમ મારણાન્તિક સંલેખના જોષણાથી જુષિત થવાનો જે વિચાર તેના દ્વારા કરાય છે, તે વિચારમાં અન્ય કોઈની પ્રેરણા હોવી જોઈએ નહીં, એ જ વાતનું "स्वमनसा" "પોતાના મન, વચન અને કાયાથી" આ પદોના પ્રયોગ દ્વારા સમર્થન કરવામાં આવ્યું છે. આ પ્રકારની વિચારધારાનું એ પરિણામ આવે છે કે આ વિચાર મહતી નિર્જરાનો અધિપતિ બનીને જીવને તદ્‌ભવ–સિદ્ધિગામી કરે છે, આ પ્રકારનો ભાવ પ્રથમ સૂત્રનો છે. એ જ પ્રમાણે જે શ્રમણોપાસક શ્રાવક હોય છે, એવો જીવ પણ પૂર્વોક્ત ત્રણ કારણોને લીધે એ જ ભવમાંથી મોક્ષગામી થાય છે–એટલે કે તે એવો વિચાર છે કરે કે મારા જીવનમાં એવો અવસર ક્યારે આવશે કે જ્યારે હું પણ અલ્પ કે અધિકરૂપે પરિગ્રહનો ધન, ધાન્ય, દ્વિપદ, ચતુષ્પદ આદિનો પરિત્યાગ કરી નાખીશ. ઈત્યાદિ પૂર્વોક્ત વિચારધારાવાળો શ્રમણોપાસક શ્રાવક મહાનિર્જરાને પાત્ર બનીને મહાપર્યવસાનવાળો થાય છે. ॥ સૂ. ૭૭ ॥

આ પ્રમાણે કર્મનિર્જરાનું કથન પૂરૂં થયું તે કર્મ પુદ્ગલરૂપ હોય છે, તેથી હવે સૂત્રકાર પુદ્ગલોના પરિણામ વિશેષનું કથન કરવા નિમિત્તે નીચેના સૂત્રનું કથન કરે છે-" तिविहे पोग्गलपडिघाए पण्णत्ते " ઈત્યાદિ—

પુદ્ગલ પ્રતિઘાત ત્રણ પ્રકારનો કહ્યો છે-(૧) પરમાણુ પુદ્ગલ, પરમાણુ પુદ્ગલને પ્રાપ્ત કરીને પ્રતિઘાતવાળું થાય છે (૨) રૂક્ષતાને લીધે તે પ્રતિઘાતવાળું થાય છે અને (૩) લોકાન્તમાં તે પ્રતિઘાતવાળું થાય છે. ॥ સૂ. ૭૮ ॥

ચક્ષુવાળાના ત્રણ પ્રકાર કહ્યા છે-(૧) એક ચક્ષુવાળો, (૨) બે ચક્ષુવાળો અને (૩) ત્રણ ચક્ષુવાળો. છદ્મસ્થ મનુષ્યને એક ચક્ષુવાળો કહ્યો છે, દેવોને બે ચક્ષુવાળા કહ્યા છે અને ઉત્પન્નજ્ઞાનદર્શનધારી શ્રમણ અથવા માહનને ત્રણ ચક્ષુવાળા કહ્યા છે. ॥ સૂ. ૭૯ ॥

અભિસમાગમ ત્રણ પ્રકારનો કહ્યો છે-(૧) ઊર્ધ્વાભિસમાગમ, (૨) અધો અભિસમાગમ અને (૩) તિર્યગભિસમાગમ. જ્યારે તથારૂપ (શાસ્ત્રોક્ત નિયમોનું પાલન કરનારા) શ્રમણ કે માહનને અતિશય જ્ઞાનદર્શન ઉત્પન્ન થાય છે, ત્યારે પ્રથમ તો તે ઊર્ધ્વલોકના પદાર્થોનો પરિચ્છેદ કરે છે, ત્યારબાદ તિર્યગ્લોકના પદાર્થોનો પરિચ્છેદ કરે છે અને ત્યારબાદ અધોલોકના પદાર્થોનો પરિચ્છેદ કરે છે. હે શ્રમણાયુષ્મન્ ! અધોલોકને દુરભિગમ્ય કહ્યો છે. ॥ સૂ. ૮૦ ॥

ટીકાર્થ-૭૮ થી ૮૦ સુધીના સૂત્રોનો ભાવાર્થ હવે પ્રકટ કરવામાં આવે છે— પરમાણુ આદિકોની ગતિનું જે સ્ખલન (રુકાવટ) થાય છે, તેનું નામ પુદ્ગલ પ્રતિઘાત છે. એવા તે પુદ્ગલ પ્રતિઘાતને ત્રણ પ્રકારનો કહ્યો છે-પહેલો પ્રકાર-

પરમાણુ રૂપ પુદ્ગલ અન્ય પરમાણુ રૂપ પુદ્ગલને પ્રાપ્ત કરીને ગતિક્રિયાનો પ્રતિઘાત પ્રાપ્ત કરે છે. બીજો પ્રકાર–સ્નેહના અભાવે કરીને (રૂક્ષતાના સદ્ભાવે કરીને) તે તથાવિધ પરિણામાન્તરની અપેક્ષાએ ગતિક્રિયાનો પ્રતિઘાત પ્રાપ્ત કરે છે. ત્રીજો પ્રકાર–લોકાન્તમાં જઈને ગતિક્રિયામાં સહાયક એવા ધર્માસ્તિકાયને અભાવે તે ગતિક્રિયાના પ્રતિઘાતને પ્રાપ્ત કરે છે. એક પુદ્ગલ પરમાણુ જ્યારે બીજા પુદ્ગલ પરમાણુ સાથે અથડાય છે, ત્યારે તે ત્યાં જ અટકી જાય છે–આગળ જતું નથી. સ્નેહ ગુણ (સ્નિગ્ધતા) પણ ગતિક્રિયામાં સહાયક બને છે. જ્યારે પરમાણુ સ્નેહગુણથી રહિત બને છે ત્યારે તે ખરબચડું થઈ જવાને કારણે ગતિક્રિયા કરી શકતું નથી એટલે કે રૂક્ષતાને કારણે પરમાણુની ગતિ અટકી જાય છે. લોકના અન્ત ભાગ સુધી પહોંચીને તે અલોકમાં ગતિ કરી શકતું નથી, કારણ કે ગતિમાં સહાયભૂત થનારા ધર્માસ્તિકાયનો ત્યાં અભાવ હોય છે. આ રીતે ૭૮ માં પ્રતિઘાત સૂત્રનો ભાવાર્થ સમજાવવામાં આવ્યો.

૭૯ માં સૂત્રનો ભાવાર્થ–પુદ્ગલ પ્રતિઘાતને સચક્ષુ જીવ જ જાણી શકે છે. તેથી હવે સૂત્રકાર ચક્ષુના વિષયનું નિરૂપણ કરે છે. પુદ્ગલ પ્રતિઘાતને જાણનારા ચક્ષુયુક્ત જીવો ત્રણ પ્રકારના છે(૧) એક ચક્ષુવાળા, (૨) બે ચક્ષુવાળા અને (૩) ત્રણ ચક્ષુવાળા.

ચક્ષુના આમ તો બે પ્રકાર જ કહ્યા છે–(૧) દ્રવ્યચક્ષુ અને (૨) ભાવચક્ષુ દ્રવ્યચક્ષુ લોચન (નેત્ર) રૂપ હોય છે અને ભાવચક્ષુ જ્ઞાનરૂપ હોય છે. આ ચક્ષુ જેને હોય છે તે તેના યોગથી ચક્ષુવાળો કહેવાય છે. જે જ્ઞાનાદિ ગુણોનું છેદન કરનાર હોય છે તેને છદ્મ કહે છે. આ પ્રકારની છદ્મ અવસ્થાવાળા જીવને છદ્મસ્થ કહે છે. જો કે અનુત્પન્ન જ્ઞાનવાળા જેટલા જીવો છે તેમને છદ્મસ્થ જ કહે છે, પરન્તુ અહીં એવા છદ્મસ્થની વાત કરવામાં આવી નથી. અહીં તો એવા છદ્મસ્થની વાત કરવામાં આવી છે કે જે સાતિશય શ્રુતજ્ઞાનાદિથી રહિત છે. તેથી જેને ચક્ષુરિન્દ્રિય (આંખો) નો સદ્ભાવ હોય છે, તેને એક ચક્ષુવાળો કહે છે. 'દેવોને બે ચક્ષુ હોય છે' આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–દેવોને ચક્ષુઇન્દ્રિય પણ હોય છે અને તેઓ અવધિ-

જ્ઞાન સંપન્ન પણ હોય છે. તથા જેમને આવરણના ક્ષયોપશમથી શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને અવધિદર્શન પ્રકટ થઈ ચુકયા હોય છે એવા શ્રમણ અથવા માહનને ત્રણ ચક્ષુવાળો કહ્યો છે, કારણ કે તે ચક્ષુરિન્દ્રિય, પરમશ્રુત અને પરમાવધિવાળો હોય છે. ત્રિચક્ષુવાળો જીવ હેય અને ઉપાદેયરૂપ સમસ્ત વસ્તુઓને સામે જ હોય એવી રીતે (પ્રત્યક્ષની જેમ) જોઇ શકે છે.

પ્રશ્ન—કેવલીનો પણ ત્રણ ચક્ષુવાળામાં સમાવેશ થવો જોઈએ, કારણ કે તેમની પાસે પણ ચક્ષુરિન્દ્રિય, કેવળજ્ઞાન અને કેવળ દર્શનનો સદ્‌ભાવ હોય છે. એટલે કે કેવલી દ્રવ્યેન્દ્રિયરૂપ ચક્ષુ વડે અને ભાવેન્દ્રિયરૂપ કેવળજ્ઞાન અને કેવળદર્શનથી સંપન્ન હોય છે. તો પછી ત્રણ ચક્ષુવાળા જીવોમાં તેમને કેમ ગણાવ્યા નથી?

ઉત્તર—કેવલીને ચક્ષુરિન્દ્રિયવાળા નહીં કહેવાનું કારણ એ છે કે તેમનામાં ચક્ષુરિન્દ્રિય જન્ય ઉપયોગનો અભાવ રહે છે. દ્રવ્યેન્દ્રિયની અપેક્ષાએ તેમને ત્રણ ચક્ષુવાળા કહેવામાં આવે, તો એમાં કોઈ વાંધો નથી.

૮૦ મા સૂત્રના ભાવાર્થનું નિરૂપણ—ચક્ષુષ્માનનું કથન કરીને હવે સૂત્રકાર તેમના અભિસમાગમ (વિપરીતતાથી રહિત જ્ઞાન) નું દિગ્‌ભેદની અપેક્ષાએ કથન કરે છે-" तिविहे अभिसमागमे " ઈત્યાદિ—

અભિસમાગમ એટલે કે પદાર્થનો પરિચ્છેદ થવો તે. અભિસમાગમમાં 'અભિ' ઉપસર્ગ છે. તેનો અર્થ 'વિપર્યાસ (વિપરીતતા) થી રહિત' થાય છે. અને 'ગમ' એટલે 'જ્ઞાન'. "વિપર્યાસથી રહિત એવા જ્ઞાનને 'અભિગમ' કહે છે." અભિગમ પદની સાથે "સમ" અને "આ" ઉપસર્ગો પણ આવેલા છે. તેનો અર્થ આ પ્રમાણે છે–જેમ તે જ્ઞાન વિપરીતતાથી રહિત હોય છે, એ જ પ્રમાણે સમ્યક્‌રૂપ પણ હોવું જોઇએ–સંશયરૂપ હોવું જોઇએ નહીં. "आ" ઉપસર્ગ મર્યાદા અર્થમાં પ્રયુક્ત થયો છે. "गम" આ પદ ગત્યર્થક 'गम्' ધાતુમાંથી બન્યું છે. " ये गत्यर्थास्ते ज्ञानार्थाः " આ

કથન અનુસાર જે ધાતુ ગત્યર્થક હોય છે, તે જ્ઞાનાર્થક પણ હોય છે. તેથી "વિપર્યય (વિપરીતતા) અને સંશય દોષથી રહિત એવું જે જ્ઞાન મર્યાદાનુસાર થાય છે તેને અભિસમાગમ કહે છે," આ પ્રકારનો તેનો અર્થ ફલિત થાય છે. આ અભિસમાગમના ત્રણ પ્રકાર કહ્યા છે-(૧) ઊર્ધ્વાભિસમાગમ, (૨) અધો અભિસમાગમ અને (૩) તિર્યગભિસમાગમ જ્યારે તથારૂપ (વિશિષ્ટ પ્રકારના) કોઇ શ્રમણને અથવા માહનને-હિંસાદિ ક્રિયાથી નિરસ્ત થયેલા શ્રમણ કે માહનને અતિશેષ-છદ્મસ્થના જ્ઞાનોને અતિક્રમ કરનારૂં એવું જ્ઞાનદર્શન સંભાવનાની અપેક્ષાએ પરમાવધિરૂપ જ્ઞાનદર્શન ઉત્પન્ન થાય છે, ત્યારે તે તેમના (જ્ઞાનાદિકના) ઉત્પાદના પ્રથમ સમયમાં ઊર્ધ્વલોક ગત પદાર્થોનો પરિચ્છેદ કરે છે, ત્યારબાદ તિર્યગ્લોક ગત પદાર્થોનો પરિચ્છેદ કરે છે અને ત્યારબાદ અધોલોક ગત પદાર્થોનો પરિચ્છેદ કરે છે. "હે શ્રમણાયુષ્મન્! અધોલોક દુરભિગમ કહેલ છે." 'જ્ઞાનદર્શન' પદથી અહીં કેવળજ્ઞાન અને કેવળદર્શન ગ્રહણ કરાયેલ નથી, કારણ કે "तत्प्रथमतायां" ઇત્યાદિ— રૂપ જે કથન છે તેના દ્વારા એજ સિદ્ધ થાય છે કે કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થાય ત્યારે આત્મામાં આ પ્રકારે ઉપયોગક્રમતા હોતી નથી. એટલે કે પહેલાં ઊર્ધ્વલોકના પદાર્થોને જાણે, ત્યારબાદ તિર્યગ્લોકના પદાર્થોને જાણે અને ત્યારબાદ અધોલોકના પદાર્થોને જાણે, એવું બનતું નથી. પરન્તુ કેવળજ્ઞાન અને કેવળદર્શન સંપન્ન જીવ તો ત્રણે કાળગત અને ત્રણે લોકગત પદાર્થોને એક સાથે જાણી શકે છે અને દેખી શકે છે. ॥ સૂ. ૮૦ ॥

## ભેદ સહિત ઋદ્ધિ કે સ્વરૂપ કા નિરૂપણ

આ પ્રમાણે અભિસમાગમનું નિરૂપણ થયું. તે અભિસમાગમ જ્ઞાન રૂપ જ હોય છે અને જ્ઞાન ઋદ્ધિરૂપ હોય છે. તેથી હવે સૂત્રકાર સાત સૂત્રો દ્વારા ઋદ્ધિના ભેદોની પ્રરૂપણા કરે છે. "तिविहा इड्ढी पण्णत्ता" ઇત્યાદિ—

સૂત્રાર્થ-ઋદ્ધિ ત્રણ પ્રકારની કહી છે-(૧) દેવર્દ્ધિ, રાજર્દ્ધિ અને (૩) ગણિઋદ્ધિ તેમાંની જે દેવર્દ્ધિ છે તેના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર પડે છે-(૧) વિમાનરૂપ ઋદ્ધિ, (૨) વિકુર્વણા ઋદ્ધિ અને (૩) પરિચારણા ઋદ્ધિ.

દેવર્દ્ધિના આ પ્રમાણે ત્રણ પ્રકાર પણ પડે છે-(૧) સચિત્ત, (૨) અચિત્ત અને (૩) મિશ્રિત.

રાજર્દ્ધિના પણ નીચે પ્રમાણે ત્રણ ભેદ કહ્યા છે-(૧) રાજાની અતિયાનર્દ્ધિ, (૨) રાજાની નિર્યાણર્દ્ધિ, (૩) રાજાની બલવાહન કોષ્ઠાગારર્દ્ધિ. અથવા રાજર્દ્ધિના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર પણ પડે છે-(૧) સચિત્ત, (૨) અચિત્ત અને (૩) મિશ્રિત.

ગણિઋદ્ધિ પણ ત્રણ પ્રકારની કહી છે-(૧) જ્ઞાનર્દ્ધિ, (૨) દર્શનર્દ્ધિ અને (૩) ચારિત્રર્દ્ધિ. અથવા ગણિઋદ્ધિના આ પ્રમાણે ત્રણ પ્રકાર પણ પડે છે—(૧) સચિત્ત, (૨) અચિત્ત અને (૩) મિશ્રિત.

ટીકાર્થ-હવે આ સાત સૂત્રોનો ભાવાર્થ પ્રકટ કરવામાં આવે છે-ઐશ્વર્યનું નામ ઋદ્ધિ છે. તેના દેવર્દ્ધિ આદિ ત્રણ ભેદ કહ્યા છે. ઇન્દ્ર આદિના ઐશ્વર્યરૂપ જે ઋદ્ધિ હોય છે તેને દેવર્દ્ધિ કહે છે. ચક્રવર્તી આદિ રાજાઓની જે ઋદ્ધિ હોય છે તેને રાજર્દ્ધિ કહે છે, તથા ગણીગણાધિપતિ-આચાર્યની જે ઋદ્ધિ હોય છે તેને ગણિઋદ્ધિ કહે છે.

હવે દેવર્દ્ધિના ત્રણ પ્રકારોનું વિવેચન કરવામાં આવે છે-ઇન્દ્રાદિ દેવોની વિમાનોની જે ઋદ્ધિ છે, અથવા વિમાન વિષયક જે સમૃદ્ધિ છે, તેને વિમાનર્દ્ધિ કહે છે. તે વિમાનર્દ્ધિ ૩૨ લાખની સંખ્યાદિરૂપ હોય છે, અથવા બાહુલ્યરૂપ, મહત્વરૂપ કે રત્નાદિકોની રમણીયતા રૂપ હોય છે. સૌધર્મ આદિ દેવલોકમાં વિમાનોની સંખ્યા આ પ્રમાણે કહી છે-સૌધર્મ દેવલોકમાં ૩૨ લાખ, ઈશાન દેવલોકમાં ૨૮ લાખ, સનત્કુમાર દેવલોકમાં ૧૨ લાખ, મહેન્દ્ર દેવલોકમાં ૮ લાખ, બ્રહ્મલોક દેવલોકમાં ૪ લાખ, લાન્તક દેવલોકમાં ૫૦ હજાર, શુક્ર દેવલોકમાં ૪૦ હજાર, સહસ્રાર દેવલોકમાં ૬ હજાર, આનત-પ્રાણુત દેવલોકમાં ૪૦૦-૪૦૦, તથા આરણ અને અચ્યુતમાં ૩૦૦-૩૦૦ વિમાન છે. નવ ગ્રૈવેયકોના અધઃસ્તરમાં ૧૧૧, મધ્યસ્તરમાં ૧૦૭ અને ઉપરિતન ગ્રૈવેયકોમાં ૧૦૦ વિમાન છે. તથા પાંચ અનુત્તરોમાં પાંચ અનુત્તર વિમાનો છે. આ રીતે વિમાનોની કુલ સંખ્યા ૮૪૯૭૭૨૩ ( ચોર્યાશી લાખ, સત્તાણુ હજાર સાતસો તેવીસ ) થાય છે. કહ્યું પણ છે કે-" बत्तीस अट्ठविसा " ઈત્યાદિ. દેવર્દ્ધિ પદ ભવન અને નગરોનું પણ ઉપલક્ષક છે. એટલે કે આ પદના પ્રયોગ દ્વારા ભવન અને નગરરૂપ ઋદ્ધિને પણ ગ્રહણ કરવી જોઇએ.

વિકુર્વણા રૂપ જે ઋદ્ધિ છે તેને વિકુર્વણર્દ્ધિ કહે છે. આ ઋદ્ધિના પ્રભાવથી દેવ બે જંબૂદ્વીપોને અથવા અસંખ્યાત દ્વીપ સમુદ્રોને વ્યાપ્ત કરી શકે છે. વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ (ભગવતી) માં આ વિષયને અનુલક્ષીને એવું કહ્યું છે કે—

" चमरेणं भंते ! महिड्ढिए जाव केवइ यं च णं पभू विउव्वित्तए ? गोयमा ! चमरे णं जाव पभू णं केवलकप्पं जंबुद्दीवं दीवं बहूहिं असुरकुमारेहिं देवेहि य देवीहिय आइन्नं जाव करेत्तइ अदुत्तरं च णं गोयमा ! पभू चमरे जाव तिरियम-संखेज्जे दीवसमुद्दे बहूहिं असुरकुमारेहिं आइन्ने जाव करित्तए । एसणं गोयमा !

चमरस्स देविंदस्स-देवरायस्स अयमेयारूवे विसयमेत्तेवुइए नो चेव णं संपत्तिए विउव्विंसु। एवं सक्के वि दो केवलकप्पे जंबुद्दीवे जाव आइन्ने करेज्जा " ઈત્યાદિ—

આ સૂત્રપાઠ દ્વારા ચમરેન્દ્ર, શક્ર આદિની પૂર્વ કથિત વિકુર્વણા શક્તિનું જ સમર્થન કરવામાં આવ્યું છે.

પરિચારણા ઋદ્ધિ-પરિચારણા એટલે વિષય સેવન. આ વિષયવાળી જે ઋદ્ધિ છે તેને પરિચારણદ્ધિં કહે છે. આ ઋદ્ધિવાળો દેવ અન્ય દેવોને, અન્ય દેવોની દેવીઓને, અને પોતાની દેવીઓને પકડીને, પકડીને, બળજબરીથી પકડી લાવીને અને પોતે વિકુર્વણા કરીને તેમની સાથે વિષયસેવન કરે છે.

દેવદ્ધિંના સચિત્ત, અચિત્ત અને મિશ્રિત એવા ત્રણ ભેદ પણ કહ્યા છે. હવે આ ત્રણ ભેદોનું નિરૂપણ કરવામાં આવે છે-શરીરરૂપ, સ્વપરિવારભૂત અગ્રમહિષીઓ આદિ સચેતન વસ્તુરૂપ જે સંપત્તિ છે તે સંપત્તિને સચિત્ત દેવદ્ધિં કહે છે.

વસ્ત્ર, આભૂષણ આદિ રૂપ જે દેવઋદ્ધિ છે તેને અચેતન દેવદ્ધિં કહે છે. વસ્ત્રાભરણ આદિથી વિભૂષિત દેવી આદિ રૂપ જે દેવદ્ધિં છે, તેને મિશ્રિત દેવદ્ધિં કહે છે. " राइड्ढी " ઈત્યાદિ—

હવે રાજાની ત્રણ પ્રકારની ઋદ્ધિનું નિરૂપણ કરવામાં આવે છે— પહેલો પ્રકાર અતિયાનદ્ધિં છે. રાજાના નગરપ્રવેશનું નામ અતિયાન છે. તે વખતે નગરની શોભા વધારવા માટે તેમાં તોરણો લટકાવવામાં આવે છે, ધજા પતાકાઓ વડે રસ્તા શણગારવામાં આવે છે, બજારોને શણગારવામાં આવે છે, રાજસેવકો આદિને વિવિધ ઉપકરણોથી સુસજ્જિત કરવામાં આવે છે, મનુષ્યોની ખાસ્સી ભીડ એક ચિત્ત થઇને રાજાના આગમનની પ્રતીક્ષા કરે છે. આ બધી સામગ્રીને રાજાની અતિયાન ઋદ્ધિરૂપે અહીં પ્રકટ કરવામાં આવેલ છે. (૨) રાજાની નિર્યાણદ્ધિં રાજાનું નગરમાંથી બહાર જે પ્રયાણ થાય છે તેને 'નિર્યાણ' કહે છે. રાજા જ્યારે નગરની બહાર પ્રયાણ કરે છે, ત્યારે તેની સાથે જે હાથી, ઘોડા, રથ, પાયદળ સામંતો આદિનો પરિવાર હોય છે તેને જ રાજાની

નિર્યાણર્દ્ધિ કહે છે. (૩) રાજાની બલવાહન આદિ રૂપ ઋદ્ધિનું હવે નિરૂપણ કરવામાં આવે છે–ચતુરંગ સેનારૂપ બલ, હાથી, ઘોડાં, રથ આદિરૂપ વાહન, ભાંડાદિ (પાત્રાદિ) રૂપ કોષ, ધાન્યાગાર રૂપ કોઠાર, ઈત્યાદિ વસ્તુઓને આ પ્રકારની ઋદ્ધિમાં ગણાવી શકાય છે.

હવે રાજર્દ્ધિના જે સચિત્ત અચિત્ત અને મિશ્રિતરૂપ અન્ય ત્રણ પ્રકારો કહ્યા છે, તેનું નિરૂપણ કરવામાં આવે છે. હાથી, ઘોડા, પાયદળ આદિને રાજાની સચિત્ત ઋદ્ધિમાં ગણાવી શકાય છે. પ્રાસાદ, તલવાર, ભાલા, બાણ આદિને રાજાની અચિત્ત ઋદ્ધિ કહેવાય છે તથા અલંકારોથી વિભૂષિત રાણીઓ, સશસ્ત્ર સૈનિકો વગેરેને રાજાની મિશ્રિત ઋદ્ધિમાં ગણાવી શકાય છે.

હવે ગણિઋદ્ધિના જ્ઞાનર્દ્ધિ આદિ ભેદોને સ્પષ્ટ કરવામાં આવે છે—વિશિષ્ટ શ્રુતરૂપ જ્ઞાનર્દ્ધિને કહી છે, પ્રવચનના વિષયમાં શંકા આદિથી રહિત હોવું તેનું નામ દર્શનર્દ્ધિ છે. અથવા પ્રવચનની પ્રભાવના પ્રકટ કરનારાં જે શાસ્ત્રો છે તેમનું અધ્યયન કરવું–તે શાસ્ત્રાનુસાર પ્રવચનની પ્રભાવના કરવી, તેનું નામ દર્શનર્દ્ધિ છે. નિરતિચારપૂર્વક ચારિત્રની આરાધના કરવી તેનું નામ ચારિત્રર્દ્ધિ છે. ગણિઋદ્ધિના સચિત્ત, અચિત્ત અને મિશ્રિત, આ ત્રણ પ્રકાર પણ કહ્યા છે. શિષ્યાદિ રૂપ સચિત્ત ગણિઋદ્ધિ સમજવી, ધર્મના સાધનો રૂપ વસ્ત્રાદિકોને અચિત્ત ગણિઋદ્ધિ કહે છે. અને વસ્ત્રાદિ સહિત શિષ્યાદિને મિશ્રિત ગણિઋદ્ધિ રૂપ ગ્રહણ કરવા જોઈએ.

જો કે આ વિકુર્વણાદિ રૂપ ઋદ્ધિઓનો અન્ય જીવોમાં પણ સદ્ભાવ હોઇ શકે છે, છતાં પણ અહીં દેવાદિકોને જ ઋદ્ધિસંપન્ન કહ્યા છે તેનું કારણ એ છે કે દેવાદિકોમાં તે વિશિષ્ટરૂપે હોય છે. જેવી વિશિષ્ટતાપૂર્વક આ ઋદ્ધિઓનો દેવાદિકોમાં સદ્ભાવ હોય છે, એવી વિશિષ્ટતા પૂર્વક અન્ય જીવોમાં તેમનો સદ્ભાવ હોતો નથી. તેથી અહીં દેવાદિકોને જ આ ઋદ્ધિઓથી સંપન્ન કહ્યા છે. ॥ સૂ. ૮૧ ॥

ઋદ્ધિના સદ્ભાવમાં જ ગૌરવનો સદ્ભાવ હોય છે, તેથી હવે સૂત્રકાર ગૌરવનું નિરૂપણ કરે છે-" तओ गारवा पण्णत्ता " ઇત્યાદિ—

સૂત્રાર્થ–ગૌરવ ત્રણ પ્રકારનું કહ્યું છે-(૧)ઋદ્ધિ ગૌરવ, (૨) રસગૌરવ, અને (૩) જ્ઞાન ગૌરવ. કરણ (ક્રિયાનું સાધન) પણ ત્રણ કહ્યા છે–ધાર્મિક કરણ, અધાર્મિક કરણ અને ધાર્મિકાધાર્મિક કરણ. ભગવાને ધર્મ ત્રણ પ્રકારનો કહ્યો છે-(૧) સ્વધીત ધર્મ, (૨) સુધ્યાત ધર્મ, અને (૩) સુતપસ્યિત ધર્મ. જ્યારે શ્રુત સ્વધીત હોય છે, ત્યારે તે સુધ્યાત હોય છે, અને જ્યારે તે સુધ્યાત હોય છે, ત્યારે તે સુતપસ્યિત હોય છે. તે સ્વધીત, સુધ્યાત અને સુતપસ્યિત ધર્મ સમ્યગ્જ્ઞાન ક્રિયા રૂપ હોવાથી તેને સાચો ધર્મ કહ્યો છે, અને આ ધર્મ ભગવાન મહાવીરે કહ્યો છે.

ટીકાર્થ—ગુરુનો ભાવ અથવા કર્મ ગૌરવ છે. તે ગૌરવ દ્રવ્ય અને ભાવના ભેદથી બે પ્રકારનું કહ્યું છે. વજ્રાદિકોમાં જે ગુરુતા છે, તે દ્રવ્ય ગૌરવ રૂપ છે, તથા આત્મામાં અભિમાનરૂપ, લોભાદિ કષાયરૂપ, અશુભ ભાવોથી યુક્તતા હોવા રૂપ, જે ગૌરવ છે તેને ભાવગૌરવ કહે છે. તે ભાવ ગૌરવને જ ઋદ્ધિ આદિના ભેદથી ત્રણ પ્રકારનું કહ્યું છે. નરેન્દ્રાદિ રૂપ અથવા આચાર્યાદિ રૂપ ઋદ્ધિની પ્રાપ્તિ થવાથી આત્મામાં જે અભિમાનની માત્રા આવી જાય છે અને તે અભિમાનની માત્રા દ્વારા જે અશુભ ભાવ પેદા થાય છે તેનું નામ જ ભાવગૌરવ છે. આ કથનનું તાત્પર્ય એ છે કે નરેન્દ્રાદિ રૂપ અથવા આચાર્યાદિ રૂપ વિશિષ્ટ પદની જ્યારે પ્રાપ્તિ થાય છે, ત્યારે તેની પ્રાપ્તિને લીધે જીવમાં અહંકાર આદિ રૂપ અશુભ ભાવો ઉત્પન્ન થાય છે, તે ભાવ ઉત્પન્ન થવાને લીધે તે અપ્રાપ્ત વસ્તુની અભિલાષા કરવા લાગી જાય છે. તેના આ પ્રકારના ભાવને જ ભાવગૌરવ કહે છે, કારણ કે આત્મામાં આ પ્રકારના અશુભ ભાવ જાગવાથી કર્મબન્ધજન્ય ગુરુતા જ ઉત્પન્ન થાય છે-લઘુતા ઉત્પન્ન થતી નથી.

રસનેન્દ્રિયનો જે વિષય છે તેનું નામ રસ છે. તે રસ મધુર આદિ પાંચ પ્રકારનો કહ્યો છે. આ રસની પ્રાપ્તિથી આત્મામાં જે અભિમાન આવે છે, અને એ જ પ્રકારનો રસ ફરી પ્રાપ્ત કરવાની જે તૃષ્ણા જાગે છે, તે તૃષ્ણા (ચાહના) રૂપ અશુભ ભાવનું નામ રસગૌરવ છે, એ જ પ્રકારનું જ્ઞાનગૌરવ પણ સમજવું. જે ચારિત્રઋદ્ધિની વાત કરી છે તેની હવે પ્રરૂપણા કરવામાં આવે છે–ચારિત્રકરણ દ્વારા સંભવે છે, તેથી સૂત્રકાર હવે કરણના ભેદોનું કથન કરે છે-" तिविहे करणे " ઇત્યાદિ—

ચરણની જેના દ્વારા પુષ્ટિ કરાય છે તે કરણ છે. તે કરણ ઉત્તરગુણ રૂપ હોય છે. અથવા પિંડ વિશુદ્ધિ આદિનું નામ કરણ છે. તે વિશુદ્ધિ આદિ રૂપ

કરણના ૭૦ પ્રકાર છે. કહ્યું પણ છે કે-" पिंडविसोही सेसई " ઇત્યાદિ— કરણ અનુષ્ઠાનરૂપ હોય છે, તે ધાર્મિક આદિ સ્વામિભેદની અપેક્ષાએ ત્રણ પ્રકારનું કહ્યું છે. સંયતનું જે અનુષ્ઠાન હોય છે તેને ધાર્મિક કરણ કહે છે, અસંયતના અનુષ્ઠાનને અધાર્મિક કરણ કહે છે, તથા દેશસંયતના અનુષ્ઠાનને ધાર્મિકાધાર્મિક કરણ કહે છે. ધાર્મિક કરણ ધર્મરૂપ જ હોય છે, તે ભાવને અનુલક્ષીને જ સૂત્રકારે અહીં ધર્મભેદનું કથન કર્યું છે-" तिविहे धम्मे " ઇત્યાદિ ધર્મ શ્રુત ચારિત્રરૂપ હોય છે. ભગવાને આ ધર્મ ત્રણ પ્રકારનો કહ્યો છે— સુધર્મા સ્વામીએ જંબૂ સ્વામીને એવું કહ્યું છે કે-" ધર્મ ત્રણ પ્રકારના હોય છે એવું સ્વયં મહાવીર ભગવાને કહ્યું છે-હું ધર્મના જે ત્રણ પ્રકાર કહું છું તે મારૂં પોતાનું કથન નથી પણ ભગવાન મહાવીરનું જ કથન છે."

ધર્મના તે ત્રણ પ્રકાર નીચે પ્રમાણે છે-(૧) સ્વધીત, (૨) સુધ્યાત અને (૩) સુતપસ્યિત આ ત્રણેનો ઉત્તરોત્તર અવિનાભાવી એકવાર બીજાનું નહોવાપણું સંબંધ બતાવવાને માટે સૂત્રકાર "जया" ઇત્યાદિ સૂત્રોનું કથન કરે છે-ત્યાં "શ્રુત" એવું પદ લગાવી લેવું જોઇએ. જ્યારે શ્રુત કાલવિનય આદિની આરાધનાપૂર્વક ગુરુ પાસેથી સૂત્રના રૂપમાં અધીત થાય છે, ત્યારે તે શ્રુતને સ્વધીત શ્રુત કહે છે. અને જ્યારે ગુરુની સમીપે વ્યાખ્યાન દ્વારા સાર્થક શ્રવણ કરીને જ્યારે તેના પર વારંવાર વિચાર કરવામાં આવે છે, ત્યારે તે શ્રુત સુધ્યાત થાય છે, કારણ કે વારંવાર વિચાર કર્યા વિના તત્ત્વનો અવગમ (બોધ) થતો નથી. આ બે ભેદોની અપેક્ષાએ અહીં શ્રુતધર્મનું વર્ણન કરવામાં આવ્યું છે, અને 'સુતપસ્યિત' પદથી ચારિત્ર ધર્મનું કથન કરાયું છે. આલોક આદિની આશંસા (કામના) થી રહિત થઇને જે તપસ્યાનું અનુષ્ઠાન કરવામાં આવે છે તેને 'સુતપસ્યિત' કહે છે. આ રીતે શ્રુત જ્યારે સ્વધીત હોય છે, ત્યારે જ સુધ્યાત હોઈ શકે છે, કારણ કે નિર્દોષ અધ્યયન કર્યા વિના જીવને શ્રુતાર્થની પ્રતીતિ થતી નથી, અને તેની પ્રતીતિના અભાવમાં તે સુધ્યાત થઇ શકતું

નથી. જ્યારે તે સુધ્યાત થાય છે, ત્યારે જ સુતપસ્યિત પણ થઇ શકે છે. સુધ્યાતના અભાવમાં જ્ઞાનવિકલ હોવાને કારણે તેનામાં સુતપસ્યિતતાનો અભાવ રહે છે. આ પ્રકારનો સ્વધીતાદિત્રય રૂપ ( સ્વધીત, સુધ્યાત, સુતપસ્યિત ) ધર્મ સમ્યગ્જ્ઞાન ક્રિયા રૂપ હોવાથી તેને સાચા ધર્મ રૂપે પ્રતિપાદિત કરવામાં આવ્યો છે. એટલે કે " જ્ઞાન અને ક્રિયામાં એકાન્તિક અને આધ્યાત્મિક સુખનો સફલ ઉપાય હોવાથી શ્રુતચારિત્રરૂપ ધર્મને નિરુપચરિત ધર્મ રૂપે વાસ્તવિક સાચા ધર્મ રૂપે પ્રતિપાદિત કરાયો છે. " આ પ્રકારનું કથન મહાવીર ભગવાને જ કરેલું છે. આ કથનનું તાત્પર્ય એ છે કે જીવને જે સાંસારિક દુઃખોમાંથી છોડાવીને સુગતિ પ્રાપ્ત કરાવે છે, એ જ સાચો ધર્મ છે. એવો સાચો ધર્મ શ્રુતચારિત્ર રૂપ જ હોઇ શકે છે-અન્ય નહીં. કહ્યું પણ છે કે—

" नाणं पयासयं " ઈત્યાદિ—

" જ્ઞાન પ્રકાશક હોય છે, તપ શોધક હોય છે અને સંયમ રક્ષક હોય છે, અને જ્યારે આ ત્રણેનો એક જ આત્મામાં સમન્વય ( યોગ ) થઇ જાય છે, ત્યારે તે આત્માની મુક્તિ થઇ જાય છે. " એવું જિનશાસનમાં કહ્યું છે. સૂ. ૮૨ થી ૮૪ ॥

## નિવૃતિકે ભેદોં કા નિરૂપણ

" શ્રુતતપસ્યિત " આ પદ દ્વારા ચારિત્રની પ્રરૂપણા કરવામાં આવી. તે ચારિત્ર પ્રાણાતિપાત આદિની નિવૃત્તિ રૂપ હોય છે. તેથી હવે સૂત્રકાર આ નિવૃત્તિના ભેદોનું કથન કરે છે—" तिविहा वावत्ति पण्णत्ता " ઈત્યાદિ—

વ્યાવૃત્તિ ત્રણ પ્રકારની કહી છે. જેમકે (૧) જ્ઞાયિકા, (૨) અજ્ઞાયિકા અને (૩) વિચિકિત્સા એ જ પ્રમાણે અધ્યુપપાદના અને પર્યાપાદના પણ ત્રણ ત્રણ પ્રકારની કહી છે. ॥ સૂ. ૮૫ ॥

અન્ત ત્રણ પ્રકારના કહ્યા છે—(૧) લોકાન્ત, વેદાન્ત અને (૩) સમયાન્ત. ॥ સૂ. ૮૬ ॥

જિન ત્રણ પ્રકારના કહ્યા છે—(૧) અવધિજ્ઞાન જિન, (૨) મનઃપર્યવજ્ઞાન જિન અને (૩) કેવલજ્ઞાન જિન. । ૧ ।

કેવલી ત્રણ પ્રકારના કહ્યા છે—(૧) અવધિજ્ઞાન કેવલી, (૨) મનઃપર્યવજ્ઞાન કેવલી અને (૩) કેવળજ્ઞાન કેવલી. । ૨ ।

અર્હંત ત્રણ પ્રકારના કહ્યા છે—(૧) અવધિજ્ઞાનાર્હન્ત, (૨) મનઃપર્યવજ્ઞાનાર્હન્ત અને (૩) કેવળજ્ઞાનાર્હન્ત. । ૩ । ॥ સૂ. ૮૭ ॥

હવે ૮૫, ૮૬ અને ૮૭ માં સૂત્રનો ભાવાર્થ પ્રકટ કરવામાં આવે છે—હિંસાદિ પાપોનું અમુક મર્યાદામાં નિવર્તન થતું તેનું નામ વ્યાવર્તન છે.

આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-હિંસાદિક પાપોમાંથી દેશતઃ (અંશતઃ) નિવર્તન થવું તેનું નામ દેશનિવર્તન છે, અને મન, વચન અને કાયાથી હિંસાદિક પાપોનો સર્વદેશથી (સંપૂર્ણતઃ) ત્યાગ કરવો તે પાપોમાંથી નિવૃત્ત થવું તેનું નામ સર્વદેશ નિવર્તન છે. તે નિવર્તન રૂપ વ્યાવૃત્તિ ત્રણ પ્રકારની કહી છે. જો હિંસાદિકોના હેતુનો, તેમના સ્વરૂપનો, અને તેમના ફલનો જ્ઞાતા થઈને જ્યારે જીવ તેમનો ત્યાગ કરે છે, ત્યારે જીવના તે ત્યાગ (નિવર્ત) રૂપ વ્યાવર્તન જ્ઞાનપૂર્વક થતું હોવાને કારણે તેને "જ્ઞાયિકા વ્યાવૃત્તિ" કહે છે. "ज्ञस्य व्यावृत्तिः ज्ञायिका व्यावृत्तिः" આ કથન અનુસાર જ્ઞાયક (જ્ઞાતા) ની જે વ્યાવૃત્તિ છે તેનું નામ જ "જ્ઞાયિકા વ્યાવૃત્તિ" છે. આ રીતે અહીં જે વ્યાવૃત્તિને જ્ઞાયિકા કહેવામાં આવેલ છે, તે અભેદ સંબંધની અપેક્ષાએ કહેવામાં આવેલ છે. એટલે કે જ્ઞાયકે (જ્ઞાતાએ) જે પાપાદિકોની વ્યાવૃત્તિ (નિવૃત્તિ કરી છે, તે પોતાના જ્ઞાનથી જ કરી છે, તેથી તે જ્ઞાયકના જ્ઞાનના કાર્યરૂપ છે, પરંતુ તે કાર્યને જે "જ્ઞાયિકા" પદથી પ્રકટ કરવામાં આવ્યું છે, તે તેની વ્યાવૃત્તિ કરનારા આત્મામાં અને કરવામાં આવેલી તે વ્યાવૃત્તિમાં અભેદ માનીને કહેવામાં આવ્યું છે.

અજ્ઞાની આત્મામાં, તેમના સ્વરૂપ (હિંસાદિકોનું સ્વરૂપ), તેમનું ફલ અને તેમના હેતુઓને જાણ્યા વિના, તે હિંસાદિક પાપોમાંથી જે વ્યાવૃત્તિ (નિવર્તન) થાય છે તેને અજ્ઞાનિકા વ્યાવૃત્તિ કહે છે. તથા સંશયથી આત્મા હિંસાદિકોનો જે ત્યાગ કરે છે, તે ત્યાગરૂપ વ્યાવૃત્તિને 'વિચિકિત્સા વ્યાવૃત્તિ' કહે છે. અહીં નિમિત્ત અને નિમિત્તીમાં અભેદ સંબંધ માનીને વિચિકિત્સાને 'વ્યાવૃત્તિ' કહેવામાં આવેલ છે.

ઇન્દ્રિયોના વિષયમાં જે આસક્તિ હોય છે તેને અધ્યુપપાદના કહે છે. તે અધ્યુપપાદનાના પણ વ્યાવૃત્તિની જેમ જ્ઞાયિકા, અજ્ઞાયિકા અને વિચિકિત્સા રૂપ ત્રણ ભેદ કહ્યા છે. વિષયજન્ય (વિષયોથી થનારા) અનર્થને જાણવા છતાં પણ તેમાં આત્માની જે આસક્તિ હોય છે તેને 'જ્ઞાયિકા અધ્યુપપાદના' કહે છે, તથા અજ્ઞાનને કારણે વિષયાદિકોમાં આત્માની જે આસક્તિ હોય છે તેને 'અજ્ઞાયિકા અધ્યુપપાદના' કહે છે. સંશયવાળા આત્માની વિષયોમાં જે આસક્તિ હોય છે તેને 'વિચિકિત્સા અધ્યુપપાદના' કહે છે.

આસેવનાને પર્યાપાદના કહે છે. તે પર્યાપાદના પણ જ્ઞાયિકા, અજ્ઞાયિકા અને વિચિકિત્સાના ભેદથી ત્રણ પ્રકારની કહી છે. વિષયજન્ય અનર્થને જાણવા

છતાં પણ તેનું જો સેવન કરવામાં આવતું હોય તો એવા સેવનને ' જ્ઞાયિકા પર્યાપાદના ' કહે છે, જો અજ્ઞાનથી તેનું સેવન કરાતું હોય તો તેને ' અજ્ઞાયિકા પર્યાપાદના કહે છે. સંશયવાળા જીવોની વિષયોના સેવન રૂપ જે પર્યાપાદના છે તેનું નામ " વિચિકિત્સા પર્યાપાદના " છે. ॥ સૂ. ૮૫ ॥

૮૬ માં સૂત્રનો ભાવાર્થ—" जाणु त्ति " ' ज्ञ ' એટલે જાણનાર અથવા વિદ્વાન. જ્ઞાનની પ્રાપ્તિથી જ આત્મા ' જ્ઞ ' ( વિદ્વાન ) થાય છે, આ વાત પહેલાં પ્રકટ થઈ ચુકી છે. અતીન્દ્રિય પદાર્થોમાં જ્ઞાન પ્રાયઃ શાસ્ત્રો દ્વારા જ પ્રાપ્ત થાય છે. તેથી હવે સૂત્રકાર શાસ્ત્રના ભેદોની અપેક્ષાએ તેનું કથન કરે છે.

" तिविहे अंतो " ઈત્યાદિ—

' અન્ત ' એટલે નિર્ણય. આ નિર્ણયના ત્રણ ભેદ કહ્યા છે-" લોકાન્ત, વેદાન્ત, અને સમયાન્ત. " અહીં " લોકાન્ત " પદથી લોકશાસ્ત્ર ગૃહીત થયેલ છે. અર્થશાસ્ત્ર આદિને લોકશાસ્ત્ર કહે છે. તે લોકશાસ્ત્રને આધારે જે અર્થાદિ રૂપ નિર્ણય થાય છે તેને લોકાન્ત કહે છે. એ જ પ્રમાણે ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદને આધારે જે અર્થાદિ રૂપ નિર્ણય થાય છે તેને વેદાન્ત કહે છે. આચારાંગાદિ રૂપ જૈન સિદ્ધાન્તને આધારે જે અર્થાદિ રૂપ નિર્ણય થાય છે તેને સમયાન્ત કહે છે. ॥ સૂ. ૮૬ ॥

૮૭ માં સૂત્રનો ભાવાર્થ—સમયાન્તનું કથન પહેલાના સૂત્રમાં કરવામાં આવ્યું. તે સમય જિન, કેવલી, અર્હન્ત, શબ્દવાચ્ય આપ્તપુરુષો દ્વારા પ્રણીત હોવાથી સમ્યક્ સત્ય હોય છે, તેથી હવે સૂત્રકાર જિનાદિ શબ્દવાચ્ય ભેદોનું નિરૂપણ કરવા નિમિત્તે ત્રણ સૂત્રો કહે છે-" तओ जिणा " ઈત્યાદિ—

જેમણે રાગ, દ્વેષ અને મોહરૂપી શત્રુઓને જીતી લીધાં છે, તેમને જિન-સર્વજ્ઞ કહે છે. કહ્યું પણ છે કે-" रागो द्वेषस्तथा मोहः " ઈત્યાદિ—

ઈન્દ્રિયો રૂપી શત્રો મોજૂદ હોવા છતાં પણ જેઓ વિષયવાસનાથી રહિત હોય છે તેમને અર્હન્ત કહે છે.

જિન ત્રણ પ્રકારના કહ્યા છે-(૧) અવધિજિન-અવધિજ્ઞાનની પ્રધાનતાવાળો જિન, (૨) મનઃપર્યવજ્ઞાન જિન-એટલે કે મનઃપર્યવજ્ઞાનની પ્રધાનતાવાળો જિન, અને (૩) કેવળજ્ઞાન જિન-એટલે કે કેવળજ્ઞાનની પ્રધાનતાવાળો જિન. આ ત્રણ પ્રકારના જે જિન કહ્યા છે તેમાંના અવધિજ્ઞાન જિન અને મનઃપર્યવજ્ઞાન જિન, આ બે કેવળજ્ઞાન જિનની જેમ યથાર્થ રૂપે જિન નથી, કારણ કે તેમનું જે જ્ઞાન હોય છે તે વિકલ ( દેશપ્રત્યક્ષ ) હોય છે, પરન્તુ કેવળજ્ઞાન જિનનું જ્ઞાન સકળ પ્રત્યક્ષ હોય છે, છતાં પણ કેવળજ્ઞાન જિનનું પ્રત્યક્ષ જ્ઞાન જેમ પોતાના વિષયમાં પૂર્ણરૂપે વિશદ હોય છે, એ જ પ્રમાણે અવધિજ્ઞાન જિન અને મનઃપર્યવજ્ઞાન જિનોનાં જ્ઞાન પણ પોતપોતાના વિષયમાં પૂર્ણરૂપે વિશદ હોય છે. જેવી રીતે તેમનું પ્રત્યક્ષ અતીન્દ્રિય હોય છે, એ જ પ્રમાણે તે બન્ને જ્ઞાન પણ અતીન્દ્રિય હોય છે. તેમના પ્રત્યક્ષમા સંકલતા અને વિકલતા તે વિષયોપાધિજન્ય છે, તેથી નિશ્ચય પ્રત્યક્ષ જ્ઞાનવાળા હોવાથી તે બન્ને જિનને ભગવાન જેવાં જ જિન માનવામાં આવ્યા છે, આ કથનને ઔપચારિક કથન જ સમજવું જોઇએ. વાસ્તવમાં કેવળજ્ઞાની જીવને જ ખરા જિન કહી શકાય છે. કેવળજ્ઞાની જીવોને "જિન" કહેવાનું કારણ એ છે કે તેઓ સર્વજ્ઞ હોય છે. કેવળ પદનો અર્થ એક, અનન્ત અથવા પૂર્ણ થાય છે. જેમના જ્ઞાનાદિક એક અથવા અનન્ત અથવા પૂર્ણ હોય છે તેમને કેવલી કહે છે. કહ્યું પણ છે કે-" कसिणं केवलकप्पं " ઇત્યાદિ—

તે કેવલીના પણ અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની અને કેવળજ્ઞાની, એ ત્રણ ભેદ કહ્યા છે. અવધિજ્ઞાની કેવલી અને મનઃપર્યવજ્ઞાની કેવલિ, આ બન્ને જિનની જેમ નિશ્ચય ( નિયત ) પ્રત્યક્ષ જ્ઞાનવાળા હોય છે, તેથી તેમને ઔપચારિક રીતે જ કેવલી કહેવામાં આવેલ છે, અને ત્રીજા જે કેવળજ્ઞાની કેવળી છે તેમને નિરુપચરિત કેવળી કહેવામાં આવ્યા છે, કારણ કે તેઓ રૂપી, અરૂપી સમસ્ત ભાવોને સાક્ષાત્ જોઈ શકનારા હોય છે. આ કથનનો ભાવાર્થ આ પ્રમાણે છે—

અવધિજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાની કેવળી માત્ર રૂપી પદાર્થોને જ દ્રવ્ય ક્ષેત્રાદિની મર્યાદામાં રહીને સાક્ષાત્ જાણી દેખી શકે છે-તેઓ અરૂપી પદાર્થોને

જાણી-દેખી શકતા નથી. પરન્તુ જે કેવળજ્ઞાનવાળા કેવળી હોય છે, તેઓ રૂપી અરૂપી સમસ્ત પદાર્થોને જાણી દેખી શકે છે, અમુક મર્યાદામાં રહેલા પદાર્થોને જ તેઓ જોઈ શકે છે, એવું નથી, પરન્તુ ત્રિકાળવર્તી અને ત્રણે લોકમાં રહેલા સમસ્ત દ્રવ્યોને "હાથમાં રહેલા આમળાની જેમ" જાણી-દેખી શકે છે. પરન્તુ પોતપોતાના વિષયમાં તે ત્રણે કેવલીઓના જ્ઞાનમાં પૂર્ણરૂપે વિશદતા જ હોય છે. એ જ વાત નિશ્ચય પ્રત્યક્ષ જ્ઞાનવાન્-નિશ્ચય પ્રત્યક્ષથી પ્રકટ કરવામાં આવી છે.

હવે સૂત્રકાર અર્હંત સૂત્રની પ્રરૂપણા કરે છે-જેઓ દેવકૃત અષ્ટ મહાપ્રાતિહાર્યરૂપ અતિશયવાળા હોય છે, એવા અર્હંતોના પણ ત્રણ પ્રકાર છે— (૧) અવધિજ્ઞાન અર્હંત, (૨) મનઃપર્યવજ્ઞાન અર્હંત અને કેવળજ્ઞાન અર્હંત. અવધિજ્ઞાન જિન આદિ પદોના જેવી જ આ પદોની વ્યાખ્યા સમજવી. ॥ સૂ. ૮૭॥

## લેશ્યાઓં કા નિરૂપણ

તેઓ લેશ્યાસહિત પણ હોય છે, તેથી હવે સૂત્રકાર ૧૪ સૂત્રો દ્વારા લેશ્યાઓનું કથન કરે છે-" तओ लेस्साओ दुब्भिगंधाओ " ઇત્યાદિ—

(૧) ત્રણ લેશ્યાઓને દુર્ગંધવાળી કહી છે-કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કાપોત લેશ્યા. (૨) ત્રણ લેશ્યાઓને સુરભિ ગંધવાળી કહી છે-તેજો લેશ્યા પદ્મ લેશ્યા અને શુક્લ લેશ્યા. (૩) એ જ પ્રમાણે ત્રણ લેશ્યાઓને જીવને દુર્ગતિ અપાવનારી કહી છે. (૪) એ જ પ્રમાણે ત્રણ લેશ્યાઓને જીવને સુગતિમાં લઇ જનારી કહી છે. (૫) એ જ પ્રમાણે ત્રણ લેશ્યાઓ સંક્લિષ્ટ (મલીન) પરિણામોના હેતુ (કારણ) રૂપ હોવાથી તેમને સંક્લિષ્ટ કહી છે, અને (૬) ત્રણ લેશ્યાઓ સંક્લિષ્ટ પરિણામોના કારણરૂપ નહીં હોવાથી તેમને અસંક્લિષ્ટ કહી છે. (૭) એ જ પ્રમાણે ત્રણ લેશ્યાઓને અમનોજ્ઞ કહી છે, અને (૮) ત્રણ લેશ્યાઓને મનોજ્ઞ કહી છે. (૯) એ જ પ્રમાણે ત્રણ લેશ્યાઓને અવિશુદ્ધ કહી

છે, અને (૧૦) ત્રણ લેશ્યાઓને વિશુદ્ધ કહી છે. (૧૧) એ જ પ્રમાણે ત્રણ લેશ્યાઓને અપ્રશસ્ત કહી છે અને (૧૨) ત્રણ લેશ્યાઓને પ્રશસ્ત કહી છે. (૧૩) એ જ પ્રમાણે ત્રણ લેશ્યાઓને શીત-રૂક્ષ કહી છે, અને (૧૪) ત્રણ લેશ્યાઓને સ્નિગ્ધ-ઉષ્ણુ કહી છે.

હવે આ ૧૪ સૂત્રોનો ભાવાર્થ પ્રકટ કરવામાં આવે છે-લેશ્યાના નીચે પ્રમાણે ૬ પ્રકાર કહ્યા છે-(૧) કૃષ્ણ લેશ્યા, (૨) નીલ લેશ્યા, (૩) કાપોત લેશ્યા (૪) તેજો લેશ્યા, (૫) પદ્મ લેશ્યા અને (૬) શુકલ લેશ્યા આ ૬ લેશ્યાઓ-માંથી પહેલી ત્રણ લેશ્યાઓને દુરભિ ગન્ધવાળી કહેવાનું કારણ એ છે કે તે ત્રણે લેશ્યાઓ દુરભિ ગંધવાળા પુદ્ગલોવાળી હોય છે, કારણ કે પુદ્ગલોમાં ગંધાદિક ગુણુ અવશ્ય હોય છે. કહ્યું પણ છે કે-" जह गोमडस्स गंधो " ઇત્યાદિ " ગાયના મૃત કલેવરની, કૂતરાના મૃત કલેવરની અને સાપના મૃત શરીરની જેવી દુર્ગંધ હોય છે, તેના કરતાં પણ અનન્તગણી અધિક દુર્ગંધ કૃષ્ણ, નીલ અને કાપોત, આ ત્રણ અપ્રશસ્ત લેશ્યાઓની હોય છે." ઉ. સૂ. ના ૩૪ માં અધ્યયનની ૧૬ મી ગાથામાં આ વાતનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

" जह सुरहिकुसुमगन्धो " ઈત્યાદિ—

જેવી સુગંધીદાર ફૂલોની સુગંધ હોય છે, જેવી લસોટેલા સુગંધી દ્રવ્યોની સુગંધ હોય છે, તેના કરતાં પણ અનંતગણી સુગન્ધ તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુકલ લેશ્યાની હોય છે. (ઉત્તર. અ. ૩૪ ગાથા ૧૭)

આ છએ લેશ્યાઓનાં વર્ણ તેમના નામાનુસાર હોય છે. જેમકે કૃષ્ણ લેશ્યા શ્યામ વર્ણવાળી, નીલલેશ્યા નીલ વર્ણવાળી, કાપોત લેશ્યા ધૂમ્ર વર્ણવાળી હોય છે. " तओ " ઇત્યાદિ—

તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુકલ લેશ્યાને સુરભિ ગંધવાળી કહી છે. કારણ કે તેઓ સુરભિ ગંધવાળા પુદ્ગલોવાળી હોય છે. કહ્યું પણ છે કે—

" जह सुरभि कुसुमगंधो " ઈત્યાદિ—

આ ત્રણ લેશ્યાઓનાં વર્ણ પણ તેમનાં નામાનુસાર જ હોય છે. જેમકે તેજ નામ અગ્નિનું છે. અગ્નિનો વર્ણ લોહિત (લાલ) હોય છે, તેથી આ લેશ્યાને પણ લોહિત વર્ણવાળી કહી છે. પદ્મલેશ્યા પીળા વર્ણની હોય છે, પદ્મગર્ભ (કમળનો ગર્ભ) પીળા વર્ણવાળો હોય છે. "પદ્મ" પદથી અહીં પદ્મનો ગર્ભ ગૃહીત થયો છે. શુકલ લેશ્યા સફેદ (શુકલ) વર્ણવાળી હોય છે. પહેલી ત્રણ લેશ્યાઓ અશુભ રૂપ દુર્ગતિમાં લઇ જનારી છે અને છેલ્લી ત્રણ લેશ્યાઓ શુભરૂપ સુગતિમાં લઇ જનારી છે. જે લેશ્યાઓ જીવને નરક અને તિર્યંચ ગતિમાં લઇ જાય છે, તે લેશ્યાઓને દુર્ગતિ ગામિની કહે છે, અને જે લેશ્યાઓ જીવને મનુષ્યગતિ અને દેવગતિ રૂપ શુભગતિમાં લઈ જાય છે, તે લેશ્યાઓને સુગતિ ગામિની કહે છે. પહેલી ત્રણ અશુભ લેશ્યાઓ જીવના સંકિલષ્ટ પરિણામના હેતુભૂત થાય છે, તેથી તેમને સંકિલષ્ટ લેશ્યાઓ કહી છે અને છેલ્લી ત્રણ શુભ લેશ્યાઓ (તેજો, પદ્મ અને શુકલ લેશ્યાઓ) જીવના સંકિલષ્ટ પરિણામના હેતુભૂત થતી નથી, તેથી તેમને અસંકિલષ્ટ લેશ્યાઓ કહે છે. એ જ પ્રમાણે પહેલી ત્રણ અશુભ લેશ્યાઓ અમનોજ્ઞ, અવિશુદ્ધ અને અપ્રશસ્ત હોય છે જ્યારે છેલ્લી ત્રણ લેશ્યાઓ મનોજ્ઞ, વિશુદ્ધ અને પ્રશસ્ત હોય છે. પહેલી ત્રણ અશુભ લેશ્યાઓને અમનોજ્ઞ કહેવાનું કારણ એ છે કે તે ત્રણે લેશ્યાઓ અમનોજ્ઞ રસોપેત પુદ્‌ગલમય હોય છે, અને છેલ્લી ત્રણ શુભ લેશ્યાઓ મનોજ્ઞ રસોપેત પુદ્‌ગલમય હોવાને કારણે તેમને મનોજ્ઞ કહી છે.

પહેલી ત્રણ અશુભ લેશ્યાઓમાં વર્ણની અપેક્ષાએ અવિશુદ્ધતા સમજવી અને છેલ્લી ત્રણ શુભ લેશ્યાઓમાં વર્ણની અપેક્ષાએ વિશુદ્ધતા સમજવી. પહેલી ત્રણ લેશ્યાઓમાં અપ્રશસ્તા કહી છે અને છેલ્લી ત્રણ લેશ્યાઓમાં પ્રશસ્તતા કહી છે પહેલી ત્રણ લેશ્યાઓ એ શ્રેયસી હોવાથી એટલે કે કૃષ્ણાદિ ત્રણ લેશ્યાઓ અનાદેય (ત્યાજય) હોવાથી તેમને અપ્રશસ્ત કહી છે અને તેજો લેશ્યા, પદ્મ લેશ્યા અને શુકલ લેશ્યા આદિ લેશ્યાઓ આદેય–ઉપાદેય હોવાથી તેમને પ્રશસ્ત કહેવામાં આવેલ છે.

પહેલી ત્રણ લેશ્યાઓમાં શીત રૂક્ષતા અને છેલ્લી ત્રણ લેશ્યાઓમાં સ્નિગ્ધ ઉષ્ણુતા સ્પર્શની અપેક્ષાએ કહેવામાં આવેલ છે. ॥ સૂ. ૮૮ ॥

લેશ્યાઓનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર મરણનું નિરૂપણ કરે છે. મરણ લેશ્યાવિશિષ્ટ જ હોય છે, આ સંબંધને અનુલક્ષીને લેશ્યાનું નિરૂપણ કર્યા બાદ હવે મરણનું નિરૂપણ ચાર સૂત્રો દ્વારા કરવામાં આવે છે.

" तिविहे मरणे पण्णत्ते " ઇત્યાદિ—

સૂત્રાર્થ–મરણ ત્રણ પ્રકારના કહ્યા છે—(૧) બાલ મરણ, (૨) પંડિત મરણ અને (૩) બાલ પંડિત મરણ.

બાલ મરણના પણ ત્રણ પ્રકાર કહ્યા છે—(૧) સ્થિતિ લેશ્ય, (૨) સંક્લિષ્ટ લેશ્ય અને (૩) પર્યવજાત લેશ્ય.

પંડિત મરણના પણ ત્રણ પ્રકાર કહ્યા છે—(૧) સ્થિતિ લેશ્ય, (૨) અસંક્લિષ્ટ લેશ્ય અને (૩) પર્યવજાત લેશ્ય.

બાલ પંડિત મરણના પણ ત્રણ પ્રકાર કહ્યા છે—(૧) સ્થિતિ લેશ્ય, (૨) અસંક્લિષ્ટ લેશ્ય અને (૩) અપર્યવજાત લેશ્ય.

ટીકાર્થ–મરણનું પ્રતિપાદન કરતાં ચાર સૂત્રો અહીં આપ્યાં છે. બાલ શબ્દથી અજ્ઞાની જીવ ગૃહીત થયો છે. આ અજ્ઞાન અવસ્થા યુક્ત જીવના મરણને બાલ–મરણ કહે છે. આ કથનનો ભાવાર્થ આ પ્રમાણે છે—

જીવ જ્યાં સુધી વિરતિસાધક વિવેકથી રહિત જ રહે છે, ત્યાંસુધી તે બાલ ( અસંયત )જ રહે છે, અને તે કારણે જ તેને અજ્ઞાની કહ્યો છે. આ અજ્ઞ ( જ્ઞાન રહિત ) અવસ્થા રૂપ બાલદશા સંપન્ન જીવનું જે મરણ છે તેને બાલમરણ કહે છે. આ મરણથી મોતને ભેટતા એવા અજ્ઞાની જીવ દ્વારા વ્રત, પ્રત્યાખ્યાન આદિની આરાધના થતી નથી. વિરતિ રૂપ ફલ દ્વારા જે મરણ થાય છે, તે મરણને પંડિત મરણ કહે છે. જે માણસમાં સારાં નરસાંનો વિવેક હોય છે, તેને પંડિત કહે છે. તે પંડિતનું જ્ઞાન વિરતિરૂપ ફળથી સફળ બને છે તે તત્વોનું જ્ઞાન થઈ જાય છે, તેથી તે સંયતાવસ્થાથી યુક્ત થઇ જાય છે. એવા સંયતરૂપ પંડિતનું જે મરણ છે તેને પંડિત મરણ કહે છે. વ્રત, પ્રત્યાખ્યાન આદિના સદ્ભાવમાં છદ્મસ્થ મુનિઓ આ પ્રકારનું પંડિત મરણ પ્રાપ્ત કરે છે. દેશવિરત શ્રાવકના મરણને બાલ પંડિત મરણ કહે છે. તે દેશવિરત

શ્રાવક સ્થાવર હિંસાથી અવિરત હોય છે અને ત્રસહિંસાથી વિરત હોય છે, તે કારણે વિરતાવિરતની અપેક્ષાએ દેશવિરત શ્રાવકના મરણને બાલપંડિત મરણ કહે છે. અથવા દેશવિરતિ યુક્ત શ્રાવકમાં સર્વ વિરતિનો અભાવ રહે છે, તેથી આ અપેક્ષાએ વિચારવામાં આવે તો તે બાલ જ છે. પરન્તુ સ્થૂલ પ્રાણાતિપાત આદિ તે કરતો નથી, તેથી તે પંડિત છે-બાલ હોવા છતાં પણ આ રીતે તે પંડિત છે. આ બાલ-પંડિતના યોગથી તેના મરણને પણ બાલ પંડિત મરણ કહ્યું છે. ।૧।

હવે બાલ મરણના સ્થિતિ લેશ્ય આદિ ત્રણ ભેદોનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે-જે મરણમાં કૃષ્ણાદિ લેશ્યા અવિશુધ્યમાન અને અસંકિલશ્યમાન હોય છે, તે મરણને "સ્થિતિ લેશ્ય બાલમરણ" કહે છે. ।૨।

જે મરણમાં લેશ્યા સંકલેશ ભાવને પ્રાપ્ત કરતી રહે છે, એવા મરણને "સંકિલષ્ટ લેશ્ય બાલમરણ" કહે છે. જે મરણમાં પ્રતિ સમય લેશ્યાની વિશુદ્ધિ વિશેષ ઉત્પન્ન થતી રહે છે, એવા મરણને "પર્યવજ્ઞાન લેશ્ય બાલ-મરણ" કહે છે. આ પર્યવ શબ્દથી વિશુદ્ધિ વિશેષ ગૃહીત થયેલ છે આ કથનનો ભાવાર્થ આ પ્રમાણે છે-જે મરણમાં તથાવિધ લેશ્યા વિશુદ્ધિની તરફ વર્ધમાન થતી જ રહે છે, એવા મરણને "પર્યવસાન બાલમરણ" કહે છે. ।૩।

આ વાતને સૂત્રકાર હવે દૃષ્ટાન્તો દ્વારા સમજાવે છે-(૧) કૃષ્ણાદિ લેશ્યાથી યુક્ત એવો કોઇ જીવ જ્યારે કૃષ્ણાદિ લેશ્યાવાળા નારકાદિકોમાં ઉત્પન્ન થાય છે, ત્યારે તેના તે મરણને "સ્થિતિ લેશ્ય બાલમરણ" કહે છે. (૨) જ્યારે નીલાદિ લેશ્યાથી યુક્ત થયેલો કોઈ જીવ કૃષ્ણાદિ લેશ્યાવાળાઓમાં ઉત્પન્ન થાય છે, ત્યારે તેના મરણને 'સંકિલષ્ટ લેશ્ય બાલમરણ' કહે છે. (૩) જ્યારે કૃષ્ણાદિ લેશ્યાથી યુક્ત થયેલો જીવ નીલ અને કાપોત લેશ્યાઓવાળામાં ઉત્પન્ન થાય છે, ત્યારે તેના તે મરણને 'પર્યવજાત લેશ્ય બાલમરણ' કહે છે.

ભગવતી સૂત્રમાં આ વિષયને અનુલક્ષીને એવું જ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. સૂત્રકાર અહીં સંવાદ રૂપે તે વાત પ્રકટ કરે છે—

"सेणूणं भंते ! कण्हलेसे नीललेसे जाव सुक्कलेसे भवित्ता काउलेसेसु नेरइएसु उववज्जइ ? हंता, गोयमा ! से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ? गोयमा ! लेसाठाणेसु संकिलिस्समाणेसु वा विसुज्झमाणेसु वा काउलेस्सं परिणमइ परिणमित्ता काउलेस्सेसु नेरइएसु उववज्जइ" ॥

આ કથન અનુસાર પંડિત મરણ અને 'બાલમરણ અને પંડિતમરણ' (બાલ પંડિત મરણ) ના સૂત્રોમાં સ્થિતલેશ્ય આદિ પ્રકારોનું કથન પણ સમજવું. બાલમરણમાં લેશ્યાની સંકિલશ્યમાનતા કહી છે, પરન્તુ પંડિતમરણમાં લેશ્યાની સંકિલશ્યમાનતા નથી, કારણ કે સંયત જીવ જ પંડિત મરણ પ્રાપ્ત કરે છે, તેથી બાલમરણ કરતાં પંડિત મરણમાં આ પ્રકારની વિશિષ્ટતા કહી છે.

બાલપંડિત મરણમાં તો લેશ્યાની સંકિલશ્યમાનતા અને વિશુધ્યમાનતા હોતી નથી, કારણ કે તે મરણ મિશ્રરૂપ હોય છે. ઉપર્યુક્ત બે મરણ કરતાં આ મરણમાં એટલી જ વિશેષતા છે. આ કથનનું તાત્પર્ય આ પ્રમાણે છે— સંયતાસંયત શ્રાવકનું મરણ જ બાલપંડિત મરણરૂપ હોય છે. આ મરણથી મરનાર વ્યક્તિમાં દેશસંયતતા હોવાને લીધે સંકિલશ્યમાન લેશ્યાનો અભાવ રહે છે. અને અસંયતતા હોવાને કારણે વિશુધ્યમાન લેશ્યાનો અભાવ રહે છે. આ રીતે તે મિશ્રરૂપ હોવાથી તેમાં બાલમરણ અને પંડિતમરણ કરતાં વિશેષતા હોય છે. ॥ સૂ. ૮૯ ॥

## મરણકે અનન્તર હિતાહિતકે સ્વરૂપકા નિરૂપણ

મરણનું નિરૂપણ કરવામાં આવ્યું. આ નેવુંમાં સૂત્રમાં પ્રતિપાદિત ત્રણ સ્થાનો કોને માટે અહિતકર હોય છે અને કોને માટે હિતકર હોય છે તેનું કથન કરે છે-"तओ ठाणा अव्वयसियस्स अहियाए असुहाए" ઈત્યાદિ—

સૂત્રાર્થ—નીચે જેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે એવાં ત્રણ સ્થાન (કારણો) અવ્યવસિત (ઉદ્યમહીન) જીવનું અહિત કરનારા, અસુખ કરનારા, અસમ-

ર્થતા ઉત્પન્ન કરનારા અને અશુભાનુબંધ કરનારા થઈ પડે છે. તે ત્રણ સ્થાન આ પ્રમાણે છે—

કોઈ પુરુષ મુંડિત થઈને અગારાવસ્થાનો પરિત્યાગ કરીને અણગારાવસ્થા ધારણ કરે છે, પરન્તુ નિર્ગ્રંથ પ્રવચન પ્રત્યે શંકિત, કાંક્ષિત, વિચિકિત્સિત, ભેદ સમાપન્ન અને કલુષ સમાપન્ન છે, અને નિર્ગ્રંથ પ્રવચન પ્રત્યે શ્રદ્ધા નથી, તેને પોતાની પ્રતીતિમાં લાવતો નથી અને તેમાં રુચિ રાખતો નથી, તો એવો અણગાર–દ્રવ્યલિંગી સાધુ આવી પડેલા પરીષહોથી આકુલવ્યાકુલ થઈ જાય છે.

(૨) કોઈ પુરુષ મુંડિત થઈને–ગૃહસ્થાવસ્થાના ત્યાગપૂર્વક અણગારાવસ્થા ધારણ કરવા છતાં પણ પાંચ મહાવ્રતોમાં શંકિત, કાંક્ષિત, વિચિકિત્સિત ભેદ સમાપન્ન અને કલુષ સમાપન્ન થાય છે, તથા પાંચ મહાવ્રતો પ્રત્યે શ્રદ્ધાની નજરે જોતો નથી, તેમને પોતાની પ્રતીતિનો વિષય બનાવતો નથી અને તેમાં રુચિ રાખતો નથી, તો તે અણગાર દ્રવ્યલિંગી સાધુ તેના ઉપર આવી પડતા પરીષહોથી આકુલવ્યાકુલ થઈ જાય છે.

એ જ પ્રકારે ગૃહસ્થાવસ્થાના પરિત્યાગપૂર્વક અણગારાવસ્થામાં પ્રવ્રજિત થયેલ કોઈ સાધુ જ્યારે છકાયના જીવોના વિષયમાં શંકિત, કાંક્ષિત આદિ કલુષ સમાપન્ન પર્યન્તના ભાવોથી યુક્ત થાય છે, અને તે ષટ્જીવનિકાયને જો તે શ્રદ્ધાની નજરે જોતો નથી, તેને પોતાની પ્રતીતિનો વિષય બનાવતો નથી, તેમાં રુચિ રાખતો નથી, તો એવા દ્રવ્યલિંગી સાધુને–પરીષહો આવી આવીને આકુલ–વ્યાકુલ કરી નાખે છે.

હવે એ વાતનું પ્રતિપાદન કરવામાં આવે છે કે કયા ત્રણ સ્થાન વ્યવસિત (ઉદ્યમી) જીવને માટે હિતકારી, સુખકારી, સમર્થતા ઉત્પન્ન કરનારા અને અનુગામિતા (શુભાનુબંધ) કારી હોય છે. તે ત્રણ સ્થાન નીચે પ્રમાણે છે—

(૧) કોઈ મનુષ્ય મુંડિત થઈને અગારાવસ્થાના પરિત્યાગપૂર્વક અણગારાવસ્થા ધારણ કરે છે. તે નિઃશંકિત આદિ ભાવોથી નિર્ગ્રંથ પ્રવચન પર શ્રદ્ધા રાખે છે, તેની પ્રતીતિ કરે છે અને તેને પોતાની રુચિનો વિષય બનાવે

છે, તો તે અણુગારને પરીષહનો સામનો કરવો પડે છે. તે પરીષહો તેને આકુલ-વ્યાકુલ કરવાની ચેષ્ટા પણ કરે છે, પરન્તુ તે તેમનાથી આકુલ-વ્યાકુલ થતો નથી. (૨) કોઇ મનુષ્ય મુંડિત થઇને ગૃહસ્થાવસ્થાના ત્યાગપૂર્વક અણુગારાવસ્થા ધારણ કરે છે. ત્યારબાદ તે નિઃશંકિત નિઃકાંક્ષિત આદિ ભાવોથી પાંચ મહાવ્રતોમાં શ્રદ્ધા રાખે છે, તે મહાવ્રતોની પ્રતીતિ કરે છે અને તેમાં પોતાની રુચિ રાખે છે, તો એવો તે અણુગાર ગમે તેવા પરીષહો આવી પડે તો પણ આકુલવ્યાકુલ થતો નથી. (૩) કોઇ મનુષ્ય મુંડિત થઇને ગૃહસ્થાવસ્થાના પરિત્યાગપૂર્વક અણુગારાવસ્થા ધારણ કરે છે. ત્યારબાદ તે નિઃશંકિત આદિ વિશેષણોથી યુક્ત થઇને ષડ્ જીવનિકાય પ્રત્યે શ્રદ્ધાની દૃષ્ટિએ દેખે છે, તેને પોતાની પ્રતીતિનો વિષય બનાવે છે અને તેને પોતાની રુચિનો વિષય બનાવે છે તો એવો તે અણુગાર ગમે તેવા પરીષહો આવી પડવા છતાં પણ આકુલ-વ્યાકુલ થતો નથી.

હવે આ ત્રણે સૂત્રોનો ભાવાર્થ પ્રકટ કરવામાં આવે છે—“ વ્યવસિત ” એટલે નિશ્ચયવાળો અથવા પરાક્રમવાળો. જે જીવ નિશ્ચયવાળો હોતો નથી અથવા જે જીવમાં પરાક્રમનો અભાવ હોય છે, એવા જીવને ‘ અવ્યવસિત ’ કહે છે. એવા અવ્યવસિત મનુષ્યને માટે પ્રવચન, મહાવ્રત અને જીવનિકાય રૂપ ત્રણ સ્થાન અહિતકારી, અપથ્યકારી, અસુખકારી ( દુઃખકારી ), અક્ષમ ( અસમર્થતા ) કારી, અનિઃશ્રેયસ ( અમોક્ષ ) કારી અને અશુભાનુબન્ધ રૂપ અનનુગામિકતાકારી થઈ પડે છે.

“ णिग्गंथपावयणे ” નિર્ગ્રંથો (તિર્થંકર) દ્વારા જે કહેવામાં આવ્યું છે તેને નૈર્ગ્રંથ કહે છે, અને સારી રીતે, અભિવિધિપૂર્વક જીવાદિક પદાર્થની જેમાં પ્રરૂપણા કરવામાં આવી છે, તેને પ્રવચન કહે છે. એવું તે પ્રવચન જૈનેન્દ્ર શાસન રૂપ અથવા આગમ રૂપ હોય છે.

“ शंकित ” જિનેન્દ્ર પ્રવચનમાં જે દેશતઃ અથવા સર્વતઃ સંશયશીલ હોય છે તેને શંકિત કહે છે. “ कांक्षित ” જે અસર્વજ્ઞ ( સર્વજ્ઞ ન હોય એવી વ્યક્તિ ) પ્રણીત મતાન્તરોને પણ દેશતઃ અથવા સર્વતઃ સાચા માને છે તેને કાંક્ષિત કહે છે. ફલની બાબતમાં શંકા રાખનારને વિચિકિત્સિત કહે છે. “ भेद समापन्न ” દ્વિધા ભાવથી યુક્ત વ્યક્તિને ભેદ સમાપન્ન કહે છે. “ આ

વાત આ પ્રમાણે નથી," આ પ્રકારની પ્રતિપત્તિવાળા જીવને કલુષ સમાપન્ન કહે છે. "न श्रद्दधाति" પદ દ્વારા એ વાત પ્રકટ કરવામાં આવી છે કે તે સામાન્ય રૂપે પણ નિર્ગ્રંથ પ્રવચન આદિ પ્રત્યે શ્રદ્ધાશીલ હોતો નથી "नो प्रत्येति" આ પદ દ્વારા એ પ્રકટ કરવામાં આવ્યું છે કે તે નિર્ગ્રંથ પ્રવચન આદિને પોતાની પ્રતીતિનો વિષય પણ બનાવતો નથી. "नो रोचति" આ ક્રિયાપદના પ્રયોગ દ્વારા એ પ્રકટ કરવામાં આવ્યું છે કે તે નિર્ગ્રંથ પ્રવચન આદિની આરાધનાની ઇચ્છા પણ કરતો નથી.

નિર્જરા નિમિત્તે જે સહન કરવામાં આવે છે, તેનું નામ પરીષહ છે. ક્ષુધા આદિના ભેદથી પરીષહ ૨૨ પ્રકારના કહ્યા છે.

"દ્રવ્યલિંગી સાધુ"—સાધુના લક્ષણોથી રહિત હોવા છતાં પણ જે વેષ આદિને કારણે સાધુ જેવો લાગે છે. તેને દ્રવ્યલિંગી સાધુ કહે છે એવો દ્રવ્યલિંગી સાધુ પરીષહો દ્વારા પરાજિત થઇ જાય છે. તેનું કારણ નીચે પ્રમાણે છે–એવો સાધુ આર્હંત પ્રવચનમાં શંકાદિકોથી યુક્ત બને છે અને તે કારણે તે પ્રવચનાદિ પ્રત્યે તે સાધુ શ્રદ્ધા રાખી શકતો નથી. તે કારણે તે પરીષહો પર વિજય પ્રાપ્ત કરી શકતો નથી.

અવ્યવસિતને અનુલક્ષીને નિર્ગ્રંથ પ્રવચન રૂપ પ્રથમ સ્થાનની જેવી પ્રરૂપણા કરવામાં આવી, એવી જ પ્રરૂપણા પાંચ મહાવ્રત રૂપ દ્વિતીય અને ષટ્ જીવ નિકાય રૂપ તૃતીય સ્થાનના વિષે પણ સમજી લેવી. "तओ ठाणा" ઇત્યાદિ

વ્યવસિત સૂત્રની વ્યાખ્યા અવ્યવસિત સૂત્ર કરતાં વિપરીત સમજવી. એટલે કે....અવ્યવસિતને નિર્ગ્રંથ પ્રવચન, પાંચ મહાવ્રતો અને ષટ્ જીવ નિકાય પ્રત્યે શંકા, કાંક્ષા આદિવાળી વૃત્તિ હોય છે અને એ જ કારણે તે આ ત્રણેમાં શ્રદ્ધા આદિ ભાવોથી રહિત જ હોય છે. પરન્તુ આ વ્યવસિત જીવ નિર્ગ્રંથ પ્રવચન, પાંચ મહાવ્રત અને ષટ્જીવનિકાયમાં પૂર્વોક્ત રૂપ નિઃશંકિત, નિઃકાંક્ષિત આદિ વૃત્તિવાળો હોય છે અને તે કારણે તે જીવ તેમાં શ્રદ્ધા, રુચિ આદિ ભાવોથી યુક્ત રહે છે.

આ પ્રકારની પરિસ્થિતિમાં અવ્યવસિત દ્રવ્યલિંગી સાધુને પરીષહો આકુલવ્યાકુલ કરી નાખે છે, પરન્તુ વ્યવસિત અણગારને પરીષહો આકુલ

વ્યાકુલ કરી શકતા નથી. એવા સાધુ આગળ તો પરીષહો પોતે જ પરાજિત થઈ જાય છે આ રીતે અવ્યવસિત સૂત્રની વ્યાખ્યા કરતાં વ્યવસિત સૂત્રની વ્યાખ્યા વિપરીત છે.

નિર્ગ્રંથ પ્રવચનાદિ ત્રણ સ્થાન વ્યવસિત જીવને માટે હિતકર હોય છે, એટલે કે પથ્યાન્ન ભોજનની જેમ અદોષકર હોય છે, આલોકમાં અને પરલોકમાં તે તેના માટે તથા અન્યને માટે હિતકર હોય છે, "सुखं" સુખકર અથવા આનંદદાયક હોય છે, જેમ તટસ્થાને સરબતનું પાન આનંદદાયક થઈ પડે છે, તેમ તેને તે આનંદદાયક થઇ પડે છે. "क्षमं" જેમ રોગથી પીડાતા જીવને ઔષધિનું પાન ઉચિત થઇ પડે છે, તેમ તેને ઉચિતરૂપ થઇ પડે છે. તે તેને માટે નિઃશ્રેયસરૂપ-નિશ્ચિતરૂપે શ્રેયસ્કારક નિવડે છે. જેમ ભાવપૂર્વક કરાયેલાં પંચ નમસ્કાર શ્રેયસ્કારક હોય છે, એમ તે જીવને માટે શ્રેયસ્કારક અને પ્રશસ્ત નિવડે છે. જેમ ભાસ્વર ( અપારદર્શક ) દ્રવ્યથી જનિત છાયા અનુગમનશીલ હોય છે, તેમ તે તેને માટે આનુગામિક નિવડે છે. બાકીનું સમસ્ત કથન સુગમ છે. વ્યવસિત પુરુષ પ્રવ્રજિત થઈને પરીષહોને જીતી લે છે-પરિષહો તેને પરાજિત કરી શકતા નથી, એવો આ સૂત્રનો ભાવ છે. ॥ સૂ. ૯૦ ॥

## પૃથિવીકે સ્વરૂપકા નિરૂપણ

પહેલાના પ્રકરણમાં જેવા અણગારની પ્રરૂપણા કરવામાં આવી, એવા અણગારો આ પૃથ્વી પર જ વિચરતા હોય છે. આ સંબંધને અનુલક્ષીને હવે સૂત્રકાર પૃથ્વીના સ્વરૂપનું નિરૂપણ કરે છે—

"एगमेगाणं पुढवी" ઈત્યાદિ—

પ્રત્યેક પૃથ્વી ત્રણ વલયોથી ચારે દિશાઓમાં અને વિદિશાઓમાં સારી રીતે વેષ્ટિત થયેલી કહી છે. તે ત્રણ વલયનાં નામ આ પ્રમાણે છે-(૧) ઘનોદધિ વલય, (૨) ઘનવાત વલય, અને (૩) તનુવાત વલય. આ સૂત્રનો વિસ્તૃત અર્થ આ પ્રમાણે છે—

રત્નપ્રભા આદિ પૃથ્વી સમસ્ત દિશાઓ અને વિદિશાઓમાં પૂર્વોક્ત ઘનોદધિ આદિ ત્રણ વાતવલયોથી સારી રીતે વેષ્ટિત ( વીંટળાયેલી ) છે. જેમાં હિમશિલાના જેવો ઉદધિ ( જલસમૂહ ) ઘન રૂપે જમા થયેલો રહે છે, તેને ઘનોદધિ કહે છે. એ જ વલયના જેવું વલય વેષ્ટન + છે, તેથી તેને

ઘનોદધિ વલય કહેવામાં આવેલ છે. ઘનવાતવલયમાં તથાવિધ (તે પ્રકારનો) ઘન–પરિણામોપેત વાત રહે છે. તનુવાત વલયમાં તથાવિધ તનુ-પરિણામોપેત વાત રહે છે, તેથી પ્રત્યેક પૃથ્વીને ઘનોદધિરૂપ વલય, ઘનવાતરૂપ વલય અને તનુવાતરૂપ વલયથી વેષ્ટિત કહી છે. આ ત્રણે વલયોમાં આભ્યન્તર ઘનોદધિ-વલય છે, ત્યારબાદ ચારે તરફ ઘનવાત વલય છે અને ત્યારબાદ ચારે તરફ તનુવાત વલય છે કહ્યું પણ છે કે–" नत्रि अफुसंति अलोगं " ઈત્યાદિ—

આ ગાથાઓનો સંક્ષિપ્ત અર્થ આ પ્રમાણે છે–સમસ્ત પૃથ્વીઓ ચારે દિશાઓમાં અલોકનો સ્પર્શ કરતી નથી, સમસ્ત પૃથ્વીઓ વલયોથી વેષ્ટિત છે. પહેલી પૃથ્વીને વીંટળાયેલા ઘનોદધિનો વિષ્કંભ (વિસ્તાર) ૬ યોજનનો છે, ઘનવાત વલયનો વિષ્કંભ ૪॥ (સાડા ચાર) યોજનનો છે અને તનુવાત વલયનો વિષ્કંભ ૧॥ (દોઢ) યોજનનો છે.

ઘનોદધિ રૂપ પ્રથમ વલયના વિષ્કંભ પ્રમાણમાં યોજનનો ત્રીજો ભાગ ઉમેરવાથી, ઘનવાત રૂપ બીજા વલયના વિષ્કંભ પ્રમાણમાં ગવ્યૂતિ ઉમેરવાથી અને તનુવાત રૂપ ત્રીજા વલયના વિષ્કંભ પરિમાણમાં ગવ્યૂતિનો ત્રીજો ભાગ ઉમેરવાથી બીજી પૃથ્વીના ત્રણે વાતવલયોના વિષ્કંભનું પરિમાણ આવી જાય છે. એ જ પ્રમાણે સાતમી તમસ્તમા પર્યન્તની પૃથ્વીઓમાં ઉપર્યુક્ત પ્રમાણુનો વધારો કરતા જવાથી બાકીની પાંચે પૃથ્વીઓના ઘનોદધિ વલય, ઘનવાત વલય અને તનુવાત વલયનો વિષ્કંભ જાણી શકાય છે, આ પ્રકારનો ત્રણ ગાથાઓનો ભાવાર્થ સમજવો. ॥ સૂ. ૯૧ ॥

## નારકોંકી ઉત્પત્તિકા નિરૂપણ

રત્નપ્રભા આદિ પૃથ્વીઓને વીંટળાયેલા ત્રણ વાતવલયોનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર તે નરક પૃથ્વીઓમાં ઉત્પન્ન થતાં નારકોની ઉત્પત્તિવિધિનું કથન કરે છે–' नेरइयाणं उक्कोसे " ઇત્યાદિ—

ટીકાર્થ–જેમાં વધારેમાં વધારે ત્રણ સમય લાગે છે એવા વિગ્રહથી–વક્રગમનથી નારક જીવો નરકોમાં ઉત્પન્ન થાય છે. જે વિગ્રહગતિમાં એક ઘુમાવ (વળાંક) નો સદ્ભાવ હોય છે, તે વિગ્રહનું કાળમાન બે સમયનું હોય છે. જેમાં બે ઘુમાવ હોય તેનું કાલમાન ચાર સમયનું હોય છે આ નિયમ અનુસાર ત્રસ નાડીની અંદર ત્રસ જીવોનો ઉત્પાદ હોવાથી તે જીવોમાં બે ઘુમાવનો સદ્ભાવ હોય છે, તેથી ત્યાં ત્રણ જ સમય લાગે છે. જેમકે જીવ અગ્નિ દિશાથી નૈઋત્ય દિશા સુધી એક સમયમાં જાય છે, ત્યારબાદ દ્વિતીય સમયમાં સમશ્રેણીથી

નીચે જાય છે, ત્યારબાદ તૃતીય સમયમાં વાયવ્ય દિશામાં સમશ્રેણીથી જાય છે. આ પ્રકારે બે ઘુમાવમાં ત્રણ સમય લાગે છે, એ કથન સિદ્ધ થાય છે. આ પ્રકારનો ઉત્કૃષ્ટની અપેક્ષાએ ત્રસોનો મોડો-વિગ્રહ ત્રસોત્પત્તિમાં થાય છે. તેથી જ અહીં "एगिंदियवज्जं" ઇત્યાદિ કથન સૂત્રકારે કર્યું છે, કારણ કે એકેન્દ્રિયની એકેન્દ્રિયોમાં પાંચ સમયવાળા વિગ્રહથી પણ ઉત્પત્તિ થાય છે, કારણ કે તેનો ઉત્પાદ ત્રસ નાડીની બહાર થાય છે. કહ્યું પણ છે કે—

"विदिसाउदिसं पढमे" ઇત્યાદિ—

એકેન્દ્રિય જીવનો આ પાંચ સમયવાળો ઉત્પાદ સંભવી શકે છે ખરો, પરંતુ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિમાં ચાર સમયવાળો જ તેનો ઉત્પાદ કહ્યો છે. કહ્યું પણ છે કે–"अपज्जत्तगसुहुमपुढवीकाइएणं भंते! अहोगखेत्तनालीए बाहिरिल्ले खेत्ते समोहए। समोहणित्ता जे भविए (गच्छइ) उड्ढलोयखेत्तनालिए बाहिरिल्ले खेत्ते अपज्जत्तगसुहुमपुढवीकाइत्ताए उववज्जित्तए से णं भंते! कइ समइएणं विग्गहेणं उववज्जेज्जा? गोयमा! तिसमइएण वा चउसमइएण वा विग्गहेणं उववज्जेज्जा" ઇત્યાદિ. તે કારણે જ ઉપરોક્ત કથન કરવામાં આવ્યું છે. "एगिंदियवज्जं" ઇત્યાદિ-એકેન્દ્રિયો સિવાયના વૈમાનિક પર્યન્તના સમસ્ત જીવોનો નારક જીવોની જેમ ત્રણ સમયવાળો ઉત્કૃષ્ટ વિગ્રહ (વક્રગમન) હોય છે, એમ સમજવું. ॥ સૂ. ૯૨ ॥

પહેલા મોહવાળા જીવોનાં ત્રણ સ્થાનનું કથન થયું. હવે સૂત્રકાર ક્ષીણ મોહવાળા જીવનાં ત્રણ સ્થાનનુંકથન કરે છે—

"खीणमोहस्स णं अरहओ तओ" ઇત્યાદિ—

ક્ષીણ મોહવાળા અર્હંતના ત્રણ કર્માંશો એકી સાથે ક્ષીણ થાય છે. જેમકે (૧) જ્ઞાનાવરણીય, (૨) દર્શનાવરણીય, (૩) અન્તરાય. । ૯૩ ।

અભિજિત નક્ષત્ર ત્રણ તારાઓવાળું કહ્યું છે. એ જ પ્રમાણે શ્રવણ નક્ષત્ર, અશ્વિની નક્ષત્ર, ભરણી નક્ષત્ર, મૃગશીર્ષ નક્ષત્ર, પુષ્ય નક્ષત્ર અને જ્યેષ્ઠા નક્ષત્ર પણ ત્રણ ત્રણ તારાઓવાળાં છે. ।૯૪।

ધર્મનાથ અર્હંત થયા પછી ત્રણ સાગરોપમ કરતાં ૩/૪ પલ્યોપમ (અર્થાત ત્રણ સાગરોપમ અને પોણા પલ્યોપમ કાલ પછી) પ્રમાણુ ન્યૂન કાળ વ્યતીત થયા બાદ શાન્તિનાથ અર્હંત ઉત્પન્ન થયા હતા. ।૯૫।

ભગવાન મહાવીર સ્વામીના તીર્થમાં તેમનાથી શરૂ કરીને જંબૂસ્વામી પર્યન્ત નિર્વાણુની પ્રવૃત્તિ ચાલુ રહી હતી ત્યાર બાદ તે પ્રવૃત્તિ વિચ્છેદ (બંધ) થઈ ગઈ ॥૯૬॥

મલ્લીનાથભગવાન ૩૦૦ પુરુષોની સાથે મુંડિત થઇને ગૃહસ્થાવસ્થાના પરિત્યાગપૂર્વક પ્રવ્રજિત થયા હતા. એ જ પ્રમાણે પાર્શ્વનાથ ભગવાને પણ ૩૦૦ પુરુષોની સાથે પ્રવ્રજ્યા અંગીકાર હતી. ।૯૭।

શ્રમણ ભગવાન મહાવીરની ઉત્કૃષ્ટ ચતુર્દશપૂર્વ સંપદા ૩૦૦ ની હતી. એટલે કે તેમના શિષ્ય સમુદાયમાં ૩૦૦ અણુગારો ચૌદ પૂર્વધારી હતા. તે ચૌદ પૂર્વધારી અજિન હતા, અસર્વજ્ઞ હતા અને જિનના સમાન હતા, કારણ કે તેઓ સકલ સંશયના છેદક હતા, સકલ વાઙ્મયના (સકલ શાસ્ત્રોના) જ્ઞાતા હતા અને તીર્થંકરની જેમ તથ્યભાષી હતા. ।૯૮।

આ ત્રણ તીર્થંકરોએ ચક્રવર્તીપદ ભોગવ્યું હતું-(૧) શાન્તિનાથ, (૨) કુન્થુનાથ અને (૩) અરનાથ. ।૯૯।

## તીર્થંકરકે વિમાનોંકા વર્ણન

તિર્થંકરો વિમાનોમાંથી આવીને આ મૃત્યુલોકમાં ઉત્પન્ન થાય છે, તેથી હવે સૂત્રકાર નીચેના ચાર સૂત્રો દ્વારા વિમાનોનું કથન કરે છે—

" तओ गेविज्जविमानपत्थडा पण्णत्ता " ઇત્યાદિ—

ટીકાર્થ–ગ્રૈવેયક વિમાનોનાં ત્રણ પ્રકાર કહ્યાં છે-(૧) અધઃસ્તન ગ્રૈવેયક વિમાન પ્રસ્તર, (૨) મધ્યમ ગ્રૈવેયક વિમાન પ્રસ્તર અને (૩) ઉપરિતન ગ્રૈવેયક વિમાન પ્રસ્તર અધસ્તન ગ્રૈવેયક વિમાન પ્રસ્તરના પણ નીચે પ્રમાણે ત્રણ પ્રકાર કહ્યા છે-(૧) અધસ્તનાધસ્તન ગ્રૈવેયક વિમાન પ્રસ્તર, (૨) અધસ્તન મધ્યમ ગ્રૈવેયક વિમાન પ્રસ્તર અને (૩) અધસ્તનોપરિતનગ્રૈવેયક વિમાન પ્રસ્તર.

મધ્યમ ગ્રૈવેયક વિમાન પ્રસ્તરના પણ ત્રણ પ્રકાર કહ્યા છે—

૧ મધ્યમાધસ્તન ગ્રૈવેયક વિમાનપ્રસ્તર, ૨ મધ્યમમધ્યમ ગ્રૈવેયક-વિમાન પ્રસ્તર અને ૩ મધ્યમોપરિતન ગ્રૈવેયક વિમાનપ્રસ્તર.

ઉપરિતન ગ્રૈવેયક વિમાન પ્રસ્તરના પણ ત્રણ પ્રકાર કહ્યા છે—

૧ ઉપરિતનાધસ્તન ગ્રૈવેયક વિમાનપ્રસ્તર, ૨ ઉપરિતન મધ્યમ ગ્રૈવેયક વિમાનપ્રસ્તર અને ૩ ઉપરિતનોપરિતન ગ્રૈવેયક વિમાનપ્રસ્તર લોકપુરુષની ગ્રીવાના સ્થાનમાં હોવાને કારણે આ વિમાનોને ગ્રૈવેયક વિમાનો કહે છે. રચના વિશેષથી યુક્ત એવા તેમના જે સમૂહ છે તેમને પ્રસ્તર કહે છે. તેના મુખ્ય ત્રણ પ્રકારોનું અને પ્રત્યેક પ્રકારના ત્રણ ત્રણ પ્રકારોનું આ સૂત્રમાં કથન કરવામાં આવ્યું છે ॥ સૂ૦ ૧૦૦ ॥

## કર્મકે તીન સ્થાનોંકા નિરૂપણ

ગ્રૈવેયક આદિ વિમાનોમાં જીવની ઉત્પત્તિ (ઉપપાત) કર્મોદયથી થાય છે. તેથી હવે સૂત્રકાર કર્મના ત્રણ સ્થાન પ્રકટ કરે છે—

"**जीवाणं तिट्ठाण** " ઈત્યાદિ ।

ટીકાર્થ–જીવોએ ત્રણ સ્થાનો દ્વારા ઉપાર્જિત પુદ્ગલોને ઉત્તરોત્તર અશુભ અધ્યવસાયને અધીન થઈને અશુભ કર્મરૂપે ભૂતકાળમાં સંગૃહીત કર્યાં છે વર્તમાનમાં સંગૃહીત કરે છે અને ભવિષ્યમાં સંગૃહીત કરશે. તે ત્રણ સ્થાન આ પ્રમાણે છે– સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ, સ્ત્રીવેદમાં રહીને જીવે જે પુદ્ગલોને ઉપાર્જિત કરીને અશુભકર્મરૂપે પહેલાં (ભૂતકાળમાં) એકત્રિત કર્યાં છે, વર્તમાનમાં એકત્રિત કરી રહ્યો છે અને ભવિષ્યકાળમાં પણ જેને તે એકત્રિત કરવાનો છે, તે પુદ્ગલોને સ્ત્રીવેદ નિવર્તિત પુદ્ગલો કહે છે.

એ જ પ્રમાણે પુરુષવેદમાં રહીને જીવે જે પુદ્ગલોને ઉપાર્જિત કરીને અશુભ કર્મરૂપે પહેલાં એકત્રિત કર્યાં છે, વર્તમાનમાં તે જેમને ઉપાર્જિત કરી રહ્યો છે અને ભવિષ્યકાળમાં તે જેમને એકત્રિત કરવાનો છે, તે પુદ્ગલોને પુરુષવેદ નિવર્તિત પુદ્ગલો કહે છે.

એ જ પ્રમાણે નપુંસકવેદમાં રહીને જીવે જે પુદ્ગલોને ઉપાર્જિત કરીને પહેલાં અશુભ કર્મરૂપે એકત્રિત કર્યાં છે વર્તમાનમાં તે જેમને એકત્રિત કરી રહ્યો છે અને ભવિષ્યમાં પણ તે જેમને એકત્રિત કરવાનો છે, તે પુદ્ગલોને નપુંસકવેદ નિવર્તિત પુદ્ગલો કહે છે. એટલે કે સ્ત્રીવેદરૂપે ઉપાર્જિત પુદ્ગલોને પુરુષવેદરૂપે ઉપાર્જિત પુદ્ગલોને તથા નપુંસકવેદરૂપે ઉપાર્જિત પુદ્ગલોને જીવ ત્રણે કાળમાં એકત્રિત કરે છે – ભૂતકાળમાં પણ ઉપાર્જિત કર્યાં છે, વર્તમાનમાં પણ ઉપાર્જિત કરે છે અને ભવિષ્યમાં પણ ઉપાર્જિત કરશે.

"एवम्" ઇત્યાદિ-આ આકાંક્ષા વાકય છે. આ આકાંક્ષા વાકય દ્વારા ચયના સંબંધથી ઉપચય બન્ધ, ઉદીરણા આદિ વચ્ચેના આલાપક પણ સમજી લેવા જોઇએ. આ રીતે આ ચયના આલાપકની જેમ જીવે પરિપોષણની અપેક્ષાએ ભૂતકાળમાં પણ તેમનો ઉપચય કર્યો છે, વર્તમાનમાં તે તેમનો ઉપચય કરે છે અને ભવિષ્યમાં પણ તેમનો ઉપચય કરશે.

એ જ પ્રમાણે પોતાના ભાવો અનુસાર તેમનું નિર્માણ કરવાની અપેક્ષાએ જીવે ભૂતકાળમાં તેમનો બન્ધ કર્યો છે, વર્તમાનકાળમાં પણ તે તેમનો બન્ધ કરે છે અને ભવિષ્યમાં પણ તે બન્ધ કરશે. એ જ પ્રમાણે અધ્યવસાય વિશેષથી અનુદીર્ણને તેમના ઉદયમાં પ્રવેશ કરાવવાની અપેક્ષાએ ભૂતકાળમાં તેમની ઉદીરણા કરી છે. વર્તમાનકાળમાં પણ જીવ તેમની ઉદીરણા કરે છે અને ભવિષ્યમાં પણ જીવ તેની ઉદીરણા કરશે.

એ જ પ્રમાણે જીવે તેમના અનુભવનકરણની અપેક્ષાએ ભૂતકાળમાં તેમનું વેદન કર્યું છે, વર્તમાનકાળમાં પણ જીવ તેમનું વેદન કરે છે અને ભવિષ્યમાં પણ તે તેમનું વેદન કરશે.

એ જ પ્રમાણે આત્મપ્રદેશમાંથી તેમને અલગ કરવાની અપેક્ષાએ જીવે ભૂતકાળમાં તેમની નિર્જરા કરી છે, વર્તમાનકાળમાં પણ જીવ તેમની નિર્જરા કરે છે અને ભવિષ્યમાં પણ જીવ તેમની નિર્જરા કરશે.

ચયાદિને આશ્રિત કરીને આ અર્ધી ગાથા સૂત્રકારે "एवं चिण–उवचिण –बंध–उदीरण–वेद तह निज्जरा चेव" આ પ્રમાણે કહી છે. તેનો અર્થ

પૂર્વોક્તરૂપે ઉપર પ્રકટ કરવામાં આવ્યો છે. આ કથનનું તાત્પર્ય એ છે કે-

ચયની જેમ જ સ્ત્રીવેદ, પુરુષવેદ, અને નપુંસકવેદરૂપે અર્જિત પુદ્ગલોનો જીવે અશુભરૂપે ઉપચય કર્યો છે, બન્ધ કર્યો છે, ઉદીરણ કર્યું છે અને નિર્જરા પણ કરી છે. એ જ પ્રકારનું કથન વર્તમાનકાળ અને ભૂતકાળ સંબંધી ઉપચયાદિકોના આલાપકોમાં પણ સમજી લેવું જોઇએ ॥ ૧૦૧ ॥

કર્મ પુદ્ગલ સ્કન્ધરૂપ હોય છે. તેથી હવે સૂત્રકાર ત્રિસ્થાનકોની અપેક્ષાએ પુદ્ગલ સ્કન્ધોનું કથન કરે છે—

" **तिपएसिया खंधा अणंता** " ઈત્યાદિ ।

ત્રિપ્રદેશિક સ્કન્ધ અનન્ત કહ્યાં છે. એ પ્રમાણે ત્રિગુણરૂક્ષ પર્યન્તનાં પુદ્ગલો પણ અનંત કહ્યાં છે ॥ ૧૦૨ ॥

શ્રી જૈનાચાર્ય-જૈનધર્મદિવાકર-પૂજ્ય શ્રી ઘાસીલાલ મુનિવિરચિત સ્થાનાંગસૂત્રની સુધા નામની ટીકાર્થના ચાર ઉદ્દેશક વાળું ત્રીજું સ્થાનક સમાપ્ત. ॥ ૩-૪ ॥

## મંગલાચરણ

ચોથા સ્થાનનો પહેલો ઉદ્દેશક પ્રારંભ

## — મંગલાચરણ —

" महावीरं वीरं " ઇત્યાદિ—

આ શ્લોકનો ભાવાર્થ સંક્ષિપ્તમાં પ્રકટ કરવામાં આવે છે-જેમના વન્દનીય ચરણકમલોની વંદણા દેવેન્દ્રો પણ કરે છે, જેમની કૃપા પારાવાર છે, જેમણે પોતાનો ભવભાર ઉતારી નાખ્યો છે, જેમણે મદન ( કામ ) જેવા મહાવીરના મદને-અહંકારને સર્વથા શકય કરી નાખ્યો છે. એવા ધીર વીર પ્રભુવર મહાવીરને હું મન, વચન અને કાયથી નમન કરૂં છું.

હવે સ્થાનાંગ સૂત્રના ચોથા સ્થાનનું વિવેચન કરવામાં આવે છે— ત્રીજા સ્થાનનું વિવરણ પૂરૂં થયું. હવે અનુક્રમ પ્રમાણે ચોથા સ્થાનની પ્રરૂપણા શરૂ થાય છે. આ સ્થાનનો પૂર્વ સ્થાન સાથે આ પ્રકારનો સંબંધ છે— ત્રીજા સ્થાનમાં જીવ, અજીવાદિ દ્રવ્યોની પર્યાયોનું વૈચિત્ર્ય વિવિધ પ્રકારે પ્રકટ કરવામાં આવ્યું છે, અહીં પણ એજ વિષયને અનુલક્ષીને ચાર સ્થાનની અપેક્ષાએ નિરૂપણ કરવામાં આવશે. ચતુર્થ સ્થાનનું પ્રતિપાદન કરતાં ચાર ઉદ્દેશકો છે, તેમાંથી પહેલા ઉદ્દેશાનું પહેલું સૂત્ર આ પ્રમાણે છે—

" चत्तारि अंतकिरियाओ पण्णत्ताओ " ઈત્યાદિ—

ટીકાર્થ–અન્તક્રિયાઓ ચાર કહી છે. તેમાં પ્રથમ અન્તક્રિયા આ છે—" अल्पकर्म प्रत्यायातश्चापि भवति " પૂર્વકૃત શુભકર્મના પ્રભાવથી લઘુકર્મા ( હલુકર્મી ) બનેલો જે જીવ દેવલોકમાંથી અહીં આવ્યો હોય છે, તેના ભવનો અન્ત થવો તે પ્રથમ અન્તક્રિયા છે.

અહીં અન્તક્રિયાનું વર્ણન કરવાનો હેતુ આ પ્રમાણે છે–ત્રીજા સ્થાનના ઉપાન્ત્ય ( છેલ્લા સૂત્ર પહેલાનું સૂત્ર ) સૂત્રમાં કર્મના ચયાદિકોનું કથન કરવામાં આવ્યું છે, ત્યારે અહીં કર્મની અને તેના કાર્યભૂત ભવની અન્ત ક્રિયાનું કથન કરવાનું છે, આ સંબંધને અનુલક્ષીને અહીં અન્તક્રિયાનું પ્રતિપાદન કરવામાં આવે છે. તે અન્તક્રિયા ચાર પ્રકારની કહી છે. તેમાં આ પહેલા પ્રકારની અન્તક્રિયા કરનાર પુરુષના વિષયમાં અહીં સૂત્રકાર નીચે પ્રમાણે કથન કરે છે–લઘુકર્મા પુરુષ દ્રવ્યની અપેક્ષાએ લુંચિત કેશવાળો થઇને અને ભાવની અપેક્ષાએ કષાયોથી રહિત થઇને અગારાવસ્થાના ( ગૃહસ્થાવસ્થાના ) પરિત્યાગપૂર્વક અણગારાવસ્થા–સંયતાવસ્થાને ( સાધુતાને ) પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે અણગારાવસ્થા ધારણ કરવામાં તે દ્રવ્યની અપેક્ષાએ સાંસારિક ઘરમાંથી અને ભાવની અપેક્ષાએ અવિવેક રૂપ ઘરમાંથી બહાર નીકળીને સંયતાવસ્થાસંપન્ન બને છે. અથવા–" अनगारियं " આ પદનો વિભક્તિ એવો અર્થ પણ થઈ શકે છે કે " તે અણગારી રૂપે થઈ જાય છે " " संयमबहुलः " તે પૃથ્વીકાય આદિ છ જીવનિકાયની રક્ષા કરવા રૂપ ૧૭ પ્રકારના સંયમથી પ્રચુર ( ખૂબ જ યુક્ત ) થઈ જાય છે. " संवरबहुलः " તે આસ્રવના નિરોધ રૂપ સંવરથી અથવા ઇન્દ્રિય કષાય નિગ્રહાદિ રૂપ સંવરમાં પ્રચુર થઇ જાય છે–એટલે કે કષાય અને ઇન્દ્રિયજય રૂપ સંવૃત

જેના ઘણા છે, એવો થઈ જાય છે. અહીં "સંયમ બહુલ" આ વિશેષણનો જે પ્રયોગ થયો છે તે ષડ્જીવનિકાયની વિરાધનાથી વિરમણ થવાની મુખ્યતાને પ્રકટ કરવા નિમિત્તે થયો છે, કારણ કે "एक्कं चिय एत्थ वयं" ઇત્યાદિ.

સમસ્ત જિનવરોએ પ્રાણાતિપાત વિરમણરૂપ એક જ વ્રત કહ્યું છે, બાકીનાં જે વ્રતો છે તે તો આ વ્રતની રક્ષા નિમિત્તે જ કહ્યા છે. સંયમ બહુલતા અને સંવર બહુલતા, આ બન્નેનો સદ્ભાવ રાગાદિ રહિત ચિત્ત વૃત્તિવાળા પુરુષસિંહમાં જ હોઈ શકે છે. તેથી જ "સમાધિ બહુલ" આ વિશેષણનો પણ પ્રયોગ કરવામાં આવ્યો છે. જેનું ચિત્ત પ્રચુર સ્વાસ્થ્યમાં લીન થઈ જાય છે તેને સમાધિ બહુલ કહે છે. એવો જીવ રૂક્ષ થઈ જાય છે, તેલ-માલિશ આદિના અભાવે તે દ્રવ્યની અપેક્ષાએ રૂક્ષ થઈ જાય છે, અને ભાવની અપેક્ષાએ કામાદિથી રહિત થવાને કારણે તે રૂક્ષ થઈ જાય છે, કારણ કે તે "तीरट्ठी" તીરાર્થી અથવા તીરસ્થાયી હોય છે, અથવા તીર સ્થિતિવાળો હોય છે, ભવસાગરને પાર કરવાની કામનાવાળો હોય છે, તેથી તેને તીરાર્થી કહ્યો છે. અથવા ભવસાગરને કિનારે આવીને તે ઊભો જ રહી જાય છે તેથી તેને તીરસ્થાયી કહે છે. જ્યારે તે ભવસાગરને કિનારે આવીને ઊભો રહી જાય છે અથવા ભવસાગરના તટપર તેની સ્થિતિ (અવસ્થાન) થઈ જાય છે ત્યારે તે તીર સ્થિતિવાળો થઇ જાય છે. તે કારણે જ તે "ઉપધાનવાન્" એટલે કે પ્રશસ્ત મન, વચન અને કાયવાળો થઈ જાય છે. તેથી જ તે "दुखःक्षयः" દુઃખનો દુઃખજનક કર્મનો ક્ષય કરવા માંડે છે. કેવી રીતે તે કર્મનો ક્ષય કરે છે તે સૂત્રકાર પ્રકટ કરે છે—

તે તપસ્વી હોય છે, અનશનાદિ બાહ્ય તપ અને પ્રાયશ્ચિત્ત આદિ આભ્યન્તર તપનો આરાધક હોય છે. તે એ વાતને સંપૂર્ણ રીતે સમજી ગયો હોય છે કે બાહ્ય અને આભ્યન્તર તપ જ કર્મરૂપી વનને ભસ્મ કરવાને અગ્નિની ગરજ સારે છે. જો કે સંયમ બહુલ આદિ વિશેષણોવાળા તે અણગારના બાહ્ય અને આભ્યન્તર તપ, શ્રી વર્ધમાન જિનેશ્વરના બાહ્ય અને આભ્યન્તર તપ સમાન અત્યન્ત ઘોર હોતા નથી. "एवं तथा प्रकारा वेदना नो भवति" તથા અતિ ઘોર ઉપસર્ગજન્ય વેદના પણ તેમને સહન કરવી પડતી નથી, કારણ કે તે અલ્પ કર્મપ્રત્યયાત (અલ્પ કર્મોને કારણે) હલુકર્મી (લઘુકર્મી) હોય છે. તેથી તે લઘુકર્મી પુરુષ ચિરકાલિક પ્રવ્રજ્યા રૂપ કરણ દ્વારા "सिध्यति" અણિમાદિ યોગથી નિષ્ઠિત પ્રયોજનવાળો થઈ જાય છે, અથવા સિદ્ધિગતિમાં જવાને પાત્ર થઈ જાય છે, કારણ કે સર્વે કર્મોમાં મુખ્ય એવા મોહનીય કર્મનો તે ક્ષય કરી નાખે છે. "बुध्यते" ચાર ઘાતિયા કર્મોનો ક્ષય કરીને તે કેવલી થઇ જાય છે. "मुच्यते" ભવોપગ્રાહી કર્મકલાપથી–ચાર અઘાતિયા કર્મોથી મુક્ત થઇ જાય છે, "परिनिर्वाति" સર્વ કર્મજન્ય વિકાર સમૂહ દૂર

થઇ જવાને લીધે શીતલીભૂત થઇ જાય છે, અને કાયિક અને માનસિક દુઃખ બિલકુલ નષ્ટ થઈ જાય છે.

શંકા—તે પ્રકારનાં તપ અને તે પ્રકારની વેદના આદિના અભાવમાં પણ દીર્ઘ પર્યાયનું (શ્રામણ્ય પર્યાયનું) પાલન કરીને કેટલાક જીવો સિદ્ધ થાય છે પણ ખરાં અને કેટલાક સિદ્ધ નથી પણ થતા, તેનું કારણ શું ?

સમાધાન—"जहा से भरहे राया चाउरंतचक्कवट्टी" ઋષભદેવના જ્યેષ્ઠ પુત્ર રાજા ભરત, કે જે "ચાતુરન્ત ચક્રવર્તી હતા" (પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમ સાગર તથા હિમવાન પર્વત રૂપ ચાર અન્તવાળી ભૂમિના સ્વામી હતા) એટલે કે પૂર્વભવમાં લઘુકર્મા થઇને જેઓ સર્વાર્થસિદ્ધ વિમાનમાંથી ચ્યવીને ચક્રવર્તી રૂપે ઉત્પન્ન થયા હતા, તેમણે રાજ્યાવસ્થામાં જ કેવળજ્ઞાન ઉત્પન્ન કરીને એક લાખ પૂર્વ પર્યન્ત દીક્ષા પર્યાયનું પાલન કર્યું હતું અને તે પ્રકારનાં તપ અને વેદનાનો અભાવ હોવા છતાં પણ સિદ્ધિ પામ્યા હતા, એટલે આ બાબતમાં જીવનું લઘુકર્માપણું અને ગુરુકર્માપણું પણ વિચારવું પડે છે. પ્રથમ અન્તક્રિયાનું આ પ્રકારનું સ્વરૂપ છે. ॥ સૂ. ૧ ॥

— બીજી અન્તક્રિયા —

"अहावरे ति" બીજી અન્તક્રિયાનું સ્વરૂપ આ પ્રકારનું છે—મહાકર્મા કોઈ જીવ દેવલોકમાંથી ચ્યવીને અહીં ઉત્પન્ન થયો છે. હવે તે જીવ તે મહાકર્મોનું ક્ષપણ કરવાને માટે ઉચિત એવાં ઘોર તપનું અનુષ્ઠાન કરે છે. આ ઘોર તપની આરાધના કરતી વખતે તેને દેવાદિ કૃત ઉપસર્ગજન્ય તથારૂપ દુઃસહ વેદના પણ સહન કરવી પડે છે. એવો તે પુરુષ અલ્પકાળ પર્યન્ત શ્રામણ્ય પર્યાયનું પાલન કરીને, ગજસુકુમાર મુનિની જેમ સિદ્ધગતિમાં પહોંચી જાય છે. અહીં પણ પહેલી અન્તક્રિયામાં કથિત "असौ खलु मुण्डो भूत्वा" થી શરૂ કરીને "दुःखक्षरः तपस्वी" આ સૂત્રપાઠ પર્યન્તના આ બધાં વિશેષણો લગાડવા જોઇએ. તેમની વ્યાખ્યા પહેલાં કહ્યા પ્રમાણે જ સમજવી.

ગજસુકુમાર મુનિની કથા આ પ્રમાણે છે-દેવલોકમાંથી ચ્યવીને તેઓ દેવકીની કૂંખે જન્મ્યા હતા. તેઓ કૃષ્ણના નાના ભાઈ હતા. તેમણે ભગવાન અરિષ્ટ નેમિની પાસે જિન દીક્ષા અંગીકાર કરી હતી. શ્મશાનભૂમિમાં તેમણે કાયો-ત્સર્ગાત્મક મહાતપ કર્યું હતું તેમના સંસારી સસરા સોમીલ બ્રાહ્મણે તેમના મસ્તક પર સળગતા ખેરના અંગારા મૂકયા હતા તે કારણે તેમને અતિઘોર વેદના થઈ હતી. સમભાવપૂર્વક તે વેદના સહન કરીને તેમણે ૯૯ લાખ ભવના સંચિત કર્મોનો વિશુદ્ધ અધ્યવસાયથી ક્ષય કરી નાખ્યો હતો. આ રીતે અલ્પ સમયની શ્રામણ્ય પર્યાયનું પાલન કરીને તેઓ સિદ્ધિગતિના સ્વામી બની ગયા હતા. બીજી અન્તક્રિયાનું આ પ્રકારનું સ્વરૂપ સમજવું. । ૨ ।

— ત્રીજી અન્તક્રિયા —

“ अहावरा ” ઇત્યાદિ—પૂર્વભવના મહાકર્મોથી મહાકર્મવાળો બનેલો કોઇ જીવ દેવલોકમાંથી ચ્યવીને આ મનુષ્યલોકમાં ઉત્પન્ન થાય છે. તે મુંડિત થઈને અગારાવસ્થાના પરિત્યાગપૂર્વક અણુગારાવસ્થા ધારણ કરે છે ત્યારપછીનું સમસ્ત કથન પૂર્વોક્ત કથન અનુસાર સમજવું. એવો મહાકર્મા જીવ મહાતપોનું અનુષ્ઠાન કરે છે, છતાં પણ ચોથા ચક્રવર્તી સનત્કુમારની જેમ અતિ દીર્ઘ કાળ પર્યન્ત શ્રામણ્ય પર્યાયનું પાલન કરીને સિદ્ધિગતિ પ્રાપ્ત કરે છે. સનત્કુમાર ચક્રવર્તીએ ૭૦૦ વર્ષ સુધી મહાતપોનું પાલન કર્યું હતું. તેમને ૧૬ રોગા-તંકોનું વેદન કરવું પડયું હતું. છતાં પણ તેમને એજ ભવમાં સિદ્ધિગતિની પ્રાપ્તિ થઈ નહીં. તેઓ ત્રીજા દેવલોકમાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે અને ત્યાંથીજ સિદ્ધિગતિ પ્રાપ્ત કરશે. આ પ્રકારની આ ત્રીજી અન્તક્રિયા છે । ૩ ।

— ચોથી અન્તક્રિયા —

“ अथावरा ” ઇત્યાદિ—આ ચોથી અન્તક્રિયા અલ્પકર્મ પ્રત્યાયાત વિષયવાળી હોય છે. એટલે કે અલ્પ કર્મના ભારથી અલ્પકર્મા બનેલા જીવની આ અન્તક્રિયા સમજવી. તેના વિષેનું બાકીનું બધું કથન સ્પષ્ટ છે, તેથી અહીં તેનું અધિક વિવેચન કર્યું નથી. આ ક્રિયા પહેલા જિનની માતા

મરુદેવીને પ્રાપ્ત થયેલી છે. તેઓ સ્થવિરાવસ્થામાં પણ સામાન્યતઃ ક્ષીણ કર્મવાળા હોવાને લીધે અલ્પ કર્મવાળા હતાં. તપ અને વેદનાથી રહિત હોવા છતાં તેઓ સિદ્ધગતિમાં ગયા છે. જ્યારે તેઓ શ્રેષ્ઠ હાથીપર આરોહણ કરી રહ્યાં હતા, ત્યારે તેમનું આયુષ્ય પૂરૂ થઇ ગયું અને તેઓ સિદ્ધ થઈ ગયાં. ।૪।

આ દૃષ્ટાન્તો અને દાર્ષ્ટાન્તિકોના અર્થોમાં સર્વથા સાધર્મ્ય શોધવું જોઇએ નહીં, કારણ કે દૃષ્ટાન્ત એકદેશવર્તી હોય છે. તેથી મરુદેવીમાં "मुंडे भवित्ता" "મુંડિત થઇને" ઈત્યાદિ પૂર્વોક્ત વિશેષણો ઘટાવી શકાતાં નથી. આ પ્રકારની આ ચોથી અન્તક્રિયા છે. ॥ સૂ. ૧ ॥

આ પ્રમાણે પુરુષ વિશેષોની અન્તક્રિયાનું પ્રતિપાદન કરીને હવે સૂત્રકાર તેમનું સ્વરૂપ પ્રકટ કરવા નિમિત્તે ૨૬ દૃષ્ટાન્ત-દાર્ષ્ટાન્તિક સૂત્રોનું નિરૂપણ કરે છે —

"चत्तारि रुक्खा पण्णत्ता" ઈત્યાદિ—( સૂ. ૨ )

## વૃક્ષદૃષ્ટાંતસે પુરૂષોંકા નિરૂપણ

ટીકાર્થ—ચાર પ્રકારના વૃક્ષ કહ્યાં છે-એક પ્રકાર એવો છે કે જે દ્રવ્યની અપેક્ષાએ પણ ઉન્નત હોય છે અને જાતિની અપેક્ષાએ પણ ઉન્નત હોય છે. બીજો પ્રકાર એવો છે કે જે દ્રવ્યની અપેક્ષાએ ઉન્નત હોય છે, પણ જાતિની અપેક્ષાએ પ્રણુત (હીન) હોય છે. ત્રીજો પ્રકાર એવો છે કે દ્રવ્યની અપેક્ષાએ પ્રણુત હોય છે, પણ જાતિની અપેક્ષાએ ઉન્નત હોય છે, અને ચોથો પ્રકાર એવો છે કે જે દ્રવ્યની અપેક્ષાએ પણ પ્રણુત હોય છે અને જાતિની અપેક્ષાએ પણ પ્રણુત હોય છે. એ જ પ્રમાણે પુરુષોના પ્રકારો પણ ચાર કહ્યા છે. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—

" वृक्षन्ति-समाच्छादयन्ति-रक्षन्ति-छायादिना प्राणिनः इति वृक्षाः " જે પ્રાણીઓનું છાયા વગેરે વડે રક્ષણ કરે છે, તેનું નામ વૃક્ષ છે. તે વૃક્ષોના પૂર્વોક્ત ચાર પ્રકાર કહ્યાં છે. અહીં " नाम " સંભાવનાર્થે અને " वा " વાકયાલંકાર રૂપે પ્રયુક્ત થયેલ છે. (૧) પ્રથમ પ્રકારમાં એ વાત પ્રકટ કરવામાં આવી છે કે કોઈક વૃક્ષ એવું હોય છે કે જે દ્રવ્યની અપેક્ષાએ પણ ઊંચું હોય છે અને જાતિની અપેક્ષાએ પણ ઊંચું હોય છે. જેમકે અશોકવૃક્ષ. (૨) બીજા પ્રકારમાં એવા વૃક્ષનો દાખલો આપવામાં આવ્યો છે કે જે કેવળ દ્રવ્યની અપેક્ષાએ ઊંચું હોય છે, પરન્તુ જાતિની અપેક્ષાએ પ્રણત ( હીન ) હોય છે જેમકે લીમડો વગેરે. (૩) ત્રીજા પ્રકારમાં એવા વૃક્ષનું દૃષ્ટાન્ત આપવામાં આવ્યું છે કે જે દ્રવ્યની અપેક્ષાએ પ્રણત ( હીન, નીચું ) હોય છે પણ જાતિની અપેક્ષાએ ઉન્નત હોય છે. જેમકે અશોકાદિ વૃક્ષ. (૪) ચોથા પ્રકારમાં એવા વૃક્ષનું દૃષ્ટાન્ત આપ્યું છે કે જે દ્રવ્યની અપેક્ષાએ પણ હીન હોય છે અને જાતિની અપેક્ષાએ પણ હીન હોય છે. જેમકે લીંમડો વગેરે વૃક્ષો.

અથવા કાળની અપેક્ષાએ સૂત્રકારે " द्विधा उन्नतः " કાળ સમય અને કામ શરીર " બન્ને પ્રકારે ઉન્નત " ઈત્યાદિ રૂપ ચાર ભાંગા કહ્યા છે. જેમકે....(૧) ઉન્નત-ઉન્નત, અશોકત્વ આદિ જાતિની દૃષ્ટિએ ઉન્નત અને કાલક્રમની અપેક્ષાએ વિશાલ કાયરૂપે પણ ઉન્નત. (૧) ઉન્નત-પ્રણુત-અશોકત્વ આદિ જાતિની અપેક્ષાએ ઉન્નત અને હ્રસ્વકાય રૂપે પ્રણુત, (૩) પ્રણુત-ઉન્નત. નિમ્બત્વ આદિ જાતિની અપેક્ષાએ પ્રણુત અને વિશાળ કાયરૂપે ઉન્નત. (૪) પ્રણુત-પ્રણુત-નિમ્બત્વ આદિ જાતિની અપેક્ષાએ પણ હીન અને લઘુકાય રૂપે પણ પ્રણત ( હીન ) આ પ્રકારનું આ દૃષ્ટાન્તસૂત્ર છે. આ દૃષ્ટાન્ત જેને લાગુ પડે છે તેનું નામ " દાર્ષ્ટાન્તિક " છે.

— દાર્ષ્ટાન્તિક સૂત્ર —

" एवामेव " ઈત્યાદિ-જેમ વૃક્ષના ચાર પ્રકાર પડે છે, તેમ સાધુ અથવા ગૃહસ્થજનના પણ ચાર પ્રકાર પડે છે-(૧) 'ઉન્નત-ઉન્નત' જે મનુષ્ય ગૃહસ્થ પર્યાયમાં કુળ, ઐશ્વર્ય આદિ લૌકિક ગુણોથી ઉન્નત રહ્યો હોય, એજ મનુષ્ય

જો શ્રામણ્ય પર્યાયમાં ભરત ચક્રવર્તિની જેમ લોકોત્તર જ્ઞાન, ક્રિયા આદિ ગુણોની અપેક્ષાએ પણ ઉન્નત રહે તો તેને "ઉન્નત–ઉન્નત" રૂપ પહેલા પ્રકારમાં મૂકી શકાય છે અથવા–ઉન્નત ભવવાળો હોવાથી જે ઉન્નત હોય, અને ત્યારબાદ શુભગતિની પ્રાપ્તિથી આનંદ–કામદેવની જેમ ઉન્નત રહ્યો હોય એવા જીવને પણ "ઉન્નત–ઉન્નત" રૂપ પ્રથમ વિકલ્પમાં મૂકી શકાય છે.

(૨) "ઉન્નત–પ્રણુત" જે પુરુષ પહેલાં ઋદ્ધિ આદિની અપેક્ષાએ ઉન્નત રહ્યો હોય, પણ જે પાછળથી દુર્ગતિગમન આદિની અપેક્ષાએ પ્રણુત થઈ ગયો હોય એવો સુભૂમચક્રવતી જેવો જીવ આ બીજા ભાંગામાં ગણાવી શકાય છે.

(૩) "પ્રણુત–ઉન્નત" જે પુરુષ પહેલાં જાતિની અપેક્ષાએ અથવા ઋદ્ધિ આદિની અપેક્ષાએ પ્રણુત રહ્યો હોય પણ પાછળથી શુભગતિમાં ગમન થવાને કારણે જે હરિકેશી મેતાર્યની જેમ ઉન્નત થઇ ગયો હોય. આ પ્રકારના પુરુષનો આ ત્રીજા ભાંગામાં સમાવેશ થાય છે.

(૪) "પ્રણુત–પ્રણુત" જે પુરુષ પહેલાં જાતિ આદિની અપેક્ષાએ પ્રણુત રહ્યો હોય, અને પછી પણ કાલશૌકરિકની જેમ નરકગમનાદિથી હીન જ રહ્યો હોય. આ પ્રકારના પુરુષને આ ચોથા ભાંગામાં મૂકી શકાય છે. આ પ્રકારે દૃષ્ટાન્ત સૂત્ર અને દાર્ષ્ટાન્તિક સૂત્રનું સામાન્ય રૂપે કથન કરીને હવે સૂત્રકાર તેમના (તે વૃક્ષોના) વિશેષ સૂત્રોને પ્રકટ કરવા નિમિત્તે આ પ્રમાણે કહે છે–" चत्तारि रुक्खा " ઈત્યાદિ—

વૃક્ષ ચાર પ્રકારનાં કહ્યાં છે-(૧) "ઉન્નત–ઉન્નત પરિણુત" એક પ્રકાર એવો છે કે જે જાતિ આદિની અપેક્ષાએ પહેલાં ઉન્નત હોય છે અને આગળ જતાં એક વૃક્ષ ઉત્તમ રસ રૂપ પરિણામને પ્રાપ્ત થાય છે. જેમકે આમ્રાદિ વૃક્ષ.

(૨) "ઉન્નત–પ્રણુત પરિણુત" આ પ્રકારમાં એ વૃક્ષોને મૂકી શકાય છે કે જે જાતિ આદિની અપેક્ષાએ ઉન્નત હોવા છતાં પણ કારણવશ ઉન્નત અવસ્થાનો પરિત્યાગ કરી દે છે અને પ્રણુત રૂપે પરિણુત થઈ જાય છે.

જેમકે એ જ આંબો જ્યારે શીત-ગરમી આદિ જનિત રોગથી ગ્રસ્ત થાય છે ત્યારે દુર્ગંધ સડેલાં ફળ આદિથી યુક્ત થઈ જાય છે. (૩) " પ્રણત-ઉન્નત પરિણત " આ પ્રકારમાં એ વૃક્ષોને મૂકી શકાય છે કે જે પહેલાં જાતિ આદિની અપેક્ષાએ હીન હોય છે, પણ ત્યારબાદ યોગ્ય નિમિત્ત મળવાથી ઉન્નત રૂપે પરિણમે છે. જેમકે કોઈ મીઠા આંબાના થડમાં ડાળી રોપવામાં આવે ( આ પ્રકારની ક્રિયાને ખૂંટી કરવાની ક્રિયા કહે છે ) તો તે ઉન્નત પરિણામને પ્રાપ્ત કરે છે. (૪) ' પ્રણત-પ્રણત ' જે વૃક્ષ પહેલાં પણ જાતિ આદિની અપેક્ષાએ પ્રણત હોય છે અને કાયમ પ્રણત જ રહે છે એવા આકડા આદિને આ ચોથા પ્રકારમાં મૂકી શકાય છે. " एवामेव " ઇત્યાદિ—

આ ચાર પ્રકારના વૃક્ષોનું જેવું કથન કર્યું છે, એવું જ કથન ચાર પ્રકારના મનુષ્યો વિષે પણ સમજવું. હજી સૂત્રકાર વિશેષ દૃષ્ટાન્ત આપે છે—

" चत्तारि रुक्खा " વૃક્ષ ચાર પ્રકારનાં કહ્યાં છે-(૧) ઉન્નત-ઉન્નતરૂપ, (૨) ઉન્નત-પ્રણતરૂપ, (૩) પ્રણત-ઉન્નતરૂપ અને (૪) પ્રણત-પ્રણતરૂપ.

વૃક્ષોના પહેલા પ્રકારમાં એવા વૃક્ષને ગણાવી શકાય કે જે ઉન્નતિ પામેલું હોય અને સુંદર સંસ્થાન ( આકારવાળું ) હોય. આ રીતે આકાર, બોધ, ક્રિયા અને પરિણામ, આ ચારમાંથી આકારને આધારે રૂપઘટિત આ સૂત્ર યોજવું જોઇએ. (૨) બીજા પ્રકારમાં એવા વૃક્ષને ગણાવી શકાય કે જે ઉન્નત હોય પણ આકાર આદિની અપેક્ષાએ હીન હોય. (૩) ત્રીજા પ્રકારમાં એ વૃક્ષને ગણાવી શકાય કે જે ઉન્નત ન હોય પણ જેનો દેખાવ સુંદર હોય. (૪) ચોથા પ્રકારમાં એવા વૃક્ષોને ગણાવી શકાય કે જે ઉન્નત પણ ન હોય અને સંસ્થાનમાં પણ સુંદર ન હોય. આ પ્રકારની આ ચતુર્ભંગી છે.

વૃક્ષની અપેક્ષાએ જેવા ચાર ભાંગા ( વિકલ્પ ) પ્રકટ કરવામાં આવ્યા છે, એવાં જ ચાર ભાંગા મનુષ્યની અપેક્ષાએ પણ સમજવા.

હવે સૂત્રકાર બોધપરિણામની અપેક્ષાએ ચાર ભાંગાનું કથન કરે છે—

પુરુષોના નીચે પ્રમાણે ચાર પ્રકાર પણ પડે છે-(૧) ઉન્નત ઉન્નત મનવાળો, (૨) ઉન્નત પ્રણુત મનવાળો, (૩) પ્રણુત ઉન્નત મનવાળો અને (૪) પ્રણુત પ્રણુત મનવાળો.

પહેલા પ્રકારમાં એ મનુષ્યને મૂકી શકાય કે જે જાતિ આદિની અપેક્ષાએ પણ ઉન્નત હોય છે, અને સ્વાભાવિક ઔદાર્ય આદિ ગુણોથી પણ સંપન્ન હૃદયવાળો હોય છે. બીજા પ્રકારમાં એ મનુષ્યને મૂકી શકાય કે જે જાતિ આદિ ગુણોની અપેક્ષાએ તો ઉત્તમ હોય છે, પણ સ્વાભાવિક ઔદાર્ય આદિ ગુણોથી યુક્ત હૃદયવાળો હોતો નથી. ત્રીજા પ્રકારમાં એવા પુરુષને મૂકી શકાય કે જે જાતિ આદિ ગુણોથી ઉન્નત હોતો નથી પણ સ્વાભાવિક ઔદાર્ય આદિ ગુણોથી યુક્ત હૃદયવાળો હોય છે. ચોથા પ્રકારમાં એ મનુષ્યને મૂકી શકાય છે કે જે જાતિ આદિ ગુણોની અપેક્ષાએ પણ ઉન્નત હોતો નથી અને ઔદાર્ય આદિ ગુણોથી યુક્ત હૃદયવાળો પણ હોતો નથી.

એ જ પ્રમાણે સંકલ્પને આધારે પણ ચાર ભાંગા બને છે-જેમકે.... (૧) ઉન્નત ઉન્નત સંકલ્પવાળો, (૨) ઉન્નત પ્રણુત સંકલ્પવાળો, (૩) પ્રણુત ઉન્નત સંકલ્પવાળો અને (૪) પ્રણુત પ્રણુત સંકલ્પવાળો. 'સંકલ્પ' એટલે "માનસિક વિચાર". વિચારમાં ઔદાર્ય આદિ ગુણોથી યુક્તતા હોવાને કારણે ઉન્નતતા સંભવી શકે છે. અથવા સમીચીન અર્થને વિષય કરવાની અપેક્ષાએ પણ સંકલ્પમાં ઉન્નતતા સમજવી જોઇએ. એવા માનસિક ઉન્નત વિચારોથી યુક્ત હોય એવા પુરુષને પણ ઉન્નત કહે છે. આ ચતુર્ભંગીનો અર્થ સ્પષ્ટ છે.

"पन्ने" પ્રજ્ઞા એટલે જ્ઞાન-પ્રકૃષ્ટ જ્ઞાનનું નામ પ્રજ્ઞા છે. તે પ્રજ્ઞાની અપેક્ષાએ પણ નીચે પ્રમાણે ચાર ભાંગા બને છે-(૧) ઉન્નત ઉન્નત પ્રજ્ઞાવાળો, (૨) ઉન્નત પ્રણુત પ્રજ્ઞાવાળો, (૩) પ્રણુત ઉન્નત પ્રજ્ઞાવાળો અને (૪) પ્રણુત પ્રણુત પ્રજ્ઞાવાળો. આ ચતુર્ભંગી પણ સરળતાથી સમજી શકાય એવી છે.

" दिट्ठी " દર્શનનું નામ દૃષ્ટિ છે. એટલે કે ચક્ષુની સહાયતાથી જે જ્ઞાન થાય છે તેનું નામ દૃષ્ટિ છે. અથવા જુદા જુદા નયનો જે મત હોય છે તેને દૃષ્ટિ કહે છે. આ દૃષ્ટિને અનુલક્ષીને પણ નીચે પ્રમાણે ચાર ભાંગા બને છે. (૧) ઉન્નત ઉન્નત દષ્ટિવાળો, (૨) ઉન્નત પ્રણુત દષ્ટિવાળો, (૩) પ્રણુત ઉન્નત દષ્ટિવાળો અને (૪) પ્રણુત પ્રણુત દષ્ટિવાળો. આ ચાર પ્રકારનો ભાવાર્થ આ પ્રમાણે છે—(૧) કોઈ પુરુષ જાતિ આદિની અપેક્ષાએ પણ ઉન્નત હોય છે અને ઉન્નત દૃષ્ટિવાળો પણ હોય છે. (૨) કોઈ પુરુષ ઉન્નત હોવા છતાં પ્રણુત દૃષ્ટિવાળો હોય છે. (૩) કોઇ પુરુષ પ્રણુત હોવા છતાં ઉન્નત દૃષ્ટિવાળો હોય છે. (૪) કોઇ પ્રણુત પણ હોય છે અને પ્રણુત દષ્ટિવાળો પણ હોય છે.

ક્રિયાની અપેક્ષાએ ત્રણ સૂત્ર આ પ્રમાણે છે—

" सीलायारे " ઇત્યાદિ—શીલ એટલે સમાધિ. સમાધિ ચિત્તની સ્વસ્થતા રૂપ પણ હોય છે. અથવા–સદ્‌વૃત્તિ અથવા સ્વભાવનું નામ પણ શીલ છે. તે શીલનો જે આચાર ( અનુષ્ઠાન ) છે, તેનું નામ શીલાચાર છે. અથવા " शीलेन आचारः " આ પ્રમાણે તૃતીયા તત્પુરુષ સમાસ ગણીને શીલાચારનો આ પ્રમાણે પણ અર્થ થાય છે—" સ્વભાવતઃ " જે આચાર છે તેને શીલાચાર કહે છે. " આ શીલાચારની અપેક્ષાએ પણ નીચે પ્રમાણે ચાર ભાંગા બને છે. (૧) કોઈ પુરુષ ઉન્નત પણ હોય છે અને ઉન્નત શીલાચારવાળો પણ હોય છે. (૨) કોઇ પુરુષ ઉન્નત હોવા છતાં પણ પ્રણુત શીલાચારવાળો હોય છે. (૩) કોઇ પ્રણુત હોવા છતાં પણ ઉન્નત પ્રણુત શીલાચારવાળો હોય છે. (૪) કોઇ પ્રણુત પણ હોય છે અને પ્રણુત શીલાચારવાળો પણ હોય છે. ા ૧૧ ા

" ववहारः " ઇત્યાદિ—વર્તમાન આચરણનું નામ વ્યવહાર છે. તે વ્યવહાર અનેક પ્રકારનો હોય છે. તે વ્યવહારની અપેક્ષાએ પણ નીચે પ્રમાણે ચાર ભાંગા બને છે-(૧) કોઈ જીવ ઉન્નત પણ હોય છે અને ઉન્નત વ્યવહારવાળો પણ હોય છે. (૨) કોઈ પુરુષ ઉન્નત હોવા છતાં પણ પ્રણુત વ્યવહારવાળો હોય છે. (૩) કોઇ પ્રણુત હોવા છતાં પણ ઉન્નત વ્યવહારવાળો

હોય છે. (૪) કોઇ પુરુષ પ્રણુત પણ હોય છે અને પ્રણુત વ્યવહારવાળો પણ હોય છે. વ્યવહારમાં ઉન્નતતા અને પ્રણુતતા પ્રશંસનીયતાથી અને અપ્રશંસનીયતાથી આવે છે, એમ સમજવું. । ૧૨ ।

" परक्कमे " ઇત્યાદિ—ઉત્સાહને પરાક્રમ કહે છે. તે પરાક્રમની અપેક્ષાએ નીચે પ્રમાણે ચાર ભાંગા બને છે-(૧) કોઈ પુરુષ ઉન્નત પણ હોય છે અને ઉન્નત પરાક્રમવાળો પણ હોય છે. (૨) કોઈ પુરુષ ઉન્નત હોવા છતાં પણ પ્રણુત પરાક્રમવાળો હોય છે. (૩) કોઇ પુરુષ પ્રણુત હોવા છતાં પણ ઉન્નત પરાક્રમવાળો હોય છે. (૪) કોઈ પુરુષ પ્રણુત પણ હોય છે અને પ્રણુત પરાક્રમવાળો પણ હોય છે. પરાક્રમમાં ઉન્નતતા અપ્રતિહતતા અને સમીચીનતાની અપેક્ષાએ જ હોય છે, એમ સમજવું. આ ચારે ભાંગાઓમાં પ્રણુતતા ઉન્નતતાથી વિપરીત હોય છે, એમ સમજવું.

" एगे पुरिसजाए " ઈત્યાદિ—મનથી લઇને પરાક્રમ સુધીના ચાર ભાંગાવાળા સાત સૂત્રોનું પૂર્વોકત પ્રકારે પ્રતિપાદન કરવામાં આવ્યું. તે સાતે સૂત્રોના ચાર-ચાર ભાંગાઓનું કથન કરતી વખતે દરેક ભાંગામાં માત્ર પુરુષ પદનો પ્રયોગ કરીને સમસ્ત કથન થવું જોઇએ. એટલે કે દૃષ્ટાન્તરૂપ વૃક્ષ પદનો આ ભાંગાઓમાં પ્રયોગ કરવો જોઇએ નહીં. ત્યાં વૃક્ષપદનો પ્રયોગ શા માટે થવો ન જોઇએ ? તો તેનો ખુલાસો આ પ્રમાણે સમજવો— દૃષ્ટાન્તભૂત વૃક્ષોમાં મન આદિનો સદ્‌ભાવ હોતો નથી. એટલે કે જે દાર્ષ્ટાન્તિક પુરુષધર્મો છે તેમને વૃક્ષની સાથે ઘટાવી શકાતા નથી, તે કારણે આ સાત સૂત્રોમાં વૃક્ષપદનો પ્રયોગ અસંગત લાગે છે. તેથી દૃષ્ટાન્તભૂત વૃક્ષોને બદલે દાર્ષ્ટાન્તિક પુરુષનો જ આ ભાંગાઓમાં પ્રયોગ કરવામાં આવ્યો છે.

દૃષ્ટાન્ત સૂત્રનું વિશેષ કથન—

" चत्तारि " ઈત્યાદિ-વૃક્ષોના નીચે પ્રમાણે ચાર પ્રકાર પણ કહ્યા છે— (૧) ઋજુ-ઋજુ, (૨) ઋજુ-વક્ર, (૩) વક્ર-ઋજુ અને (૪) વક્ર-વક્ર.

હવે આ ચારે ભાંગાનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે-(૧) કોઇ વૃક્ષ એવું હોય છે કે જે પહેલાં પણ ઋજુ હોય છે અને પછી પણ ઋજુ જ રહે છે. વૃક્ષમાં ઋજુતા (સરળતા) અવિપરીત સ્વભાવની અપેક્ષાએ અથવા સમુચિત ફલ, પુષ્પાદિને ઉત્પન્ન કરવાને કારણે સમજવી (૨) 'ઋજુ-વક્ર' કોઇ વૃક્ષ પહેલાં ઋજુ હોવા છતાં પાછળથી વક્ર થઈ જાય છે. ફલ-પુષ્પાદિ આપનારૂં વૃક્ષ જ્યારે ફલ-પુષ્પાદિ આપતું બંધ થઈ જાય છે ત્યારે તેમાં વક્રતા આવી ગણાય છે. (૩) 'વક્ર-ઋજુ' કોઈ વૃક્ષ એવું હોય છે કે જે પહેલાં વક્ર હોય છે પણ પાછળથી ઋજુ બની જાય છે. (૪) 'વક્ર-વક્ર' કોઈ વૃક્ષ પહેલાં પણ વક્ર હોય છે અને પાછળથી પણ વક્ર જ રહે છે. આ પ્રકારના ચાર ભાંગા અહીં બને છે.

દાર્ષ્ટાન્તિક પુરુષ જાત—

"एवामेव" ઇત્યાદિ—દૃષ્ટાન્તભૂત વૃક્ષની જેમ પુરુષોના પણ ચાર પ્રકાર કહ્યા છે-પહેલો ભાંગો-કોઈ પુરુષ સુસાધુની જેમ શરીર, ગતિ, ભાષા, ચેષ્ટા આદિની અપેક્ષાએ પણ સરલ હોય છે અને તેનું અંતઃકરણ પણ નિશ્ચલ હોય છે. એટલે કે તે બહારથી પણ સરલ હોય છે અને અંદરથી પણ સરલ હોય છે. અથવા પહેલાં પણ સરળ હોય છે અને પાછળથી પણ સરલ જ રહે છે. બીજો ભાંગો-કોઈ પુરુષ પહેલાં સરલ હોય છે, પરન્તુ પાછળથી કોઈ કારણને લીધે તે માયાવી થઈ જવાથી દુર્જનના જેવો વક્ર (કુટિલ) થઈ જાય છે. ત્રીજો ભાંગો-કોઇ પુરુષ પહેલાં વક્ર (કુટિલ) હોય છે, પરન્તુ શિક્ષાદિ કારણોને લીધે પાછળથી સરલ સ્વભાવનો બની જાય છે. અથવા કોઇ માણસ ઉગ્ર સ્વભાવ આદિનું પ્રદર્શન કરનારો હોવા છતાં પણ ગુપ્તિત્રય આદિની રક્ષા કરનારા મુનિની જેમ અંદરથી છલરહિત બની ગયેલો હોય છે ચોથો ભાંગો-કોઈ પુરુષ શારીરિક ચેષ્ટા આદિની અપેક્ષાએ બહારથી પણ કુટિલ

હોય છે અને અંદરથી પણ કપટ જાળયુક્ત દુર્જનના જેવો કુટિલ જ હોય છે, અથવા તે પહેલાં પણ કુટિલ હોય છે અને પછી પણ કુટિલ જ રહે છે.

"एवं जहा" ઈત્યાદિ—આ સૂત્ર દ્વારા હવે સૂત્રકાર એ પ્રકટ કરે છે કે-જેમ ઉન્નત અને પ્રણુત વિષયક સૂત્રોની સાથે ઉન્નત પ્રણુત પરિણુત રૂપ જોડીને દૃષ્ટાન્ત દાર્ષ્ટાન્તિક સંબંધી ૬ સૂત્રો બનાવવામાં આવ્યા છે, એ જ પ્રમાણે 'ઉન્નત પ્રણુત' શબ્દોની સાથે મન, સંકલ્પ, પ્રજ્ઞા, દૃષ્ટિ, શીલાચાર, વ્યવહાર અને પરાક્રમ, આ સાત પદ જોડીને વૃક્ષના દૃષ્ટાન્ત રહિત બીજાં સાત સૂત્રો પણ બનાવવામાં આવ્યાં છે. આ પ્રમાણે કુલ ૧૩ સૂત્રો બનાવવામાં આવ્યાં છે જેમકે...(૧) ઉન્નત-ઉન્નત, (૨) ઉન્નત-પ્રણુત, (૩) પ્રણુત ઉન્નત અને (૪) પ્રણુત-પ્રણુત, આ ચાર ભાંગા વૃક્ષને અનુલક્ષીને બનાવ્યા છે. આ રીતે વૃક્ષોના દૃષ્ટાન્તવાળું આ પ્રથમ સૂત્ર છે.

અને એ જ પ્રમાણે દાર્ષ્ટાન્તિક પુરુષની સાથે ઉન્નત-ઉન્નત, આદિ ચાર ભાંગાને યોજિત કરીને પુરુષ વિષયક બીજું સૂત્ર બનાવ્યું છે. (૧) ઉન્નત ઉન્નત પરિણુત (૨) ઉન્નતપ્રણુતપરિણુત, (૩) પ્રણુતઉન્નતપરિણુત અને (૪) પ્રણુત પ્રણુત પરિણુત, આ ચાર ભાંગા ઉન્નત-પ્રણુતની સાથે પરિણુતને યોજિત કરીને વૃક્ષને અનુલક્ષીને કહ્યા છે. આ રીતે વૃક્ષ વિષયક ત્રીજું સૂત્ર બનાવ્યું છે. અને આ સૂત્રને દૃષ્ટાન્તમાં (દાર્ષ્ટાન્તિક પુરુષમાં) યોજિત કરીને પુરુષ વિષયક ચોથું સૂત્ર બનાવ્યું છે. પાંચમું સૂત્ર આ પ્રમાણે બનાવ્યું છે-(૧) ઉન્નત ઉન્નતરૂપ, (૨) ઉન્નત પ્રણુતરૂપ, (૩) પ્રણુત ઉન્નત રૂપ અને (૪) પ્રણુત પ્રણુતરૂપ આ ચાર ભાંગા સંસ્થાન (આકાર) ની અપેક્ષાએ વૃક્ષને અનુલક્ષીને કહ્યા છે. આ ચારે ભાંગાને દાર્ષ્ટાન્તિક પુરુષને અનુલક્ષીને યોજિત કરવાથી છઠ્ઠું સૂત્ર બન્યું છે.

આ રીતે પહેલેથી છ સુધીના સૂત્રો તો અનુક્રમે દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિક પુરુષની અપેક્ષાએ બતાવવામાં આવ્યા છે. પરંતુ ઉન્નત પ્રણુતની સાથે (૧) મન, (૨) સંકલ્પ, (૩) પ્રજ્ઞા, (૪) દૃષ્ટિ, (૫) શીલાચાર, (૬) વ્યવહાર અને (૭) પરાક્રમ, આ સાતને યોજિત કરીને જે ચાર ચાર ભાંગાવાળા સાત સૂત્રો બતાવવામાં આવ્યાં છે, તે વિના દૃષ્ટાંત જ બતાવવામાં આવ્યાં છે, કારણ કે મન આદિ ઉપર્યુક્ત સાત ધર્મોનો અસંજ્ઞી વૃક્ષોમાં સદ્ભાવ હોઈ શકતો નથી.

આ રીતે દૃષ્ટાંત વિના (એટલે કે માત્ર પુરુષને અનુલક્ષીને) ચાર ચાર ભાંગાવાળા જે સાત સૂત્રો બતાવ્યાં છે, તે નીચે પ્રમાણે સમજવા—એટલે કે સાતમાંથી લઈને ૧૩ માં સુધીના સૂત્રોના ભાંગાનું સ્વરૂપ અહીં પ્રકટ કરવામાં આવે છે.

સાતમાં સૂત્રના ચાર ભાંગા-(૧) ઉન્નત ઉન્નત મન, (૨) ઉન્નત-પ્રણુત મન, (૩) પ્રણુત-ઉન્નત મન અને (૪) પ્રણુત-પ્રણુત મન.

આઠમાં સૂત્રના ચાર ભાંગા-(૧) ઉન્નત-ઉન્નત સંકલ્પ, (૨) ઉન્નત-પ્રણુત સંકલ્પ, (૩) પ્રણુત-ઉન્નત સંકલ્પ અને (૪) પ્રણુત-પ્રણુત સંકલ્પ

નવમાં સૂત્રના ચાર ભાંગા-(૧) ઉન્નત-ઉન્નત પ્રજ્ઞા, (૨) ઉન્નત-પ્રણુત પ્રજ્ઞા, (૩) પ્રણુત-ઉન્નત પ્રજ્ઞા અને (૪) પ્રણુત-પ્રણુત પ્રજ્ઞા.

દસમાં સૂત્રના ચાર ભાંગા-(૧) ઉન્નત-ઉન્નત દષ્ટિ, (૨) ઉન્નત-પ્રણુત દૃષ્ટિ, (૩) પ્રણુત-ઉન્નત દષ્ટિ અને (૪) પ્રણુત-પ્રણુત દષ્ટિ.

અગિયારમાં સૂત્રના ચાર ભાંગા-(૧) ઉન્નત-ઉન્નત શીલાચાર, (૨) ઉન્નત પ્રણુત શીલાચાર, (૩) પ્રણુત ઉન્નત શીલાચાર અને (૪) પ્રણુત-પ્રણુત શીલાચાર

બારમા સૂત્રના ચાર ભાંગા-(૧) ઉન્નત-ઉન્નત વ્યવહાર, (૨) ઉન્નત-પ્રણુત વ્યવહાર, (૩) પ્રણુત-ઉન્નત વ્યવહાર, અને (૪) પ્રણુત-પ્રણુત વ્યવહાર

તેરમાં સૂત્રના ચાર ભાંગા-(૧) ઉન્નત-ઉન્નત પરાક્રમ, (૨) ઉન્નત-પ્રણુત પરાક્રમ, (૩) પ્રણુત-ઉન્નત પરાક્રમ અને (૪) પ્રણુત-પ્રણુત પરાક્રમ.

આ પ્રમાણે ઉન્નત પ્રણુત શબ્દોની સાથે મન આદિ ૭ પદોને જોડીને ચાર ચાર ભાંગાવાળા સાત સૂત્ર બન્યાં છે. હવે ઋજુ ( સરળ ) અને વક્ર, આ બે પદો સાથે ઋજુ વક્ર પરિણુત અને રૂપ ( સંસ્થાન ) પદોને યોજિત કરીને દષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક સંબંધી બીજાં ૬ સૂત્રો બને છે ( જેનું સ્વરૂપ પહેલા છ સૂત્રો જેવું સમજવું ) અને ચાર ભંગ યુક્ત ૭ સૂત્રો વિના દષ્ટાન્તના બનાવી શકાય છે ( એટલે કે માત્ર પુરુષને જ અનુલક્ષીને બનાવી શકાય છે. ) તે સૂત્રોના ભાંગાઓનું સ્વરૂપ આ પ્રકારનું બને છે—

વૃક્ષ દૃષ્ટાન્ત સંબંધી પહેલા સૂત્રના ચાર ભાંગા-(૧) ઋજુ-ઋજુ, (૨) ઋજુ-વક્ર, (૩) વક્ર-ઋજુ અને (૪) વક્ર-વક્ર. આ ચતુર્ભંગીને જ્યારે દાર્ષ્ટાન્તિક પુરુષ સાથે યોજિત કરવામાં આવે છે ત્યારે બીજું સૂત્ર બની જાય છે.

વૃક્ષ  ટાન્ત સંબંધી ત્રીજા સૂત્રના ચાર ભાંગા-(૧) ઋજુ-ઋજુ પરિણત (૨) ઋજુ વક્ર પરિણત, (૩) વક્ર-ઋજુ પરિણત અને (૪) વક્ર-વક્ર પરિણત.

ત્રીજા સૂત્રના ચાર ભાંગાને જ્યારે દાષ્ટાન્તિક પુરુષ સાથે યોજિત કરવામાં આવે છે ત્યારે ચોથું સૂત્ર બની જાય છે.

વૃક્ષ દૃષ્ટાંત સંબંધી પાંચમાં સૂત્રના ચાર ભાંગા-(૧) ઋજુ-ઋજુ રૂપ, (૨) ઋજુ-વક્ર રૂપ, (૩) વક્ર-ઋજુ રૂપ અને (૪) વક્ર-વક્ર રૂપ.

પાંચમાં સૂત્રના ચાર ભાંગાને જ્યારે દાષ્ટાન્તિક પુરુષ સાથે યોજિત કરવામાં આવે છે, ત્યારે છઠ્ઠું સૂત્ર બની જાય છે.

વિના દૃષ્ટાન્તના ( એટલે કે માત્ર પુરુષને અનુલક્ષીને જ ) ઋજુ-વક્ર પદની સાથે મન, સંકલ્પ, પ્રજ્ઞા, દૃષ્ટિ, શીલાચાર, વ્યવહાર અને પરાક્રમ, આ સાત પદોને અનુક્રમે જોડીને ચાર ચાર ભાંગાવાળા સાત સૂત્ર નીચે પ્રમાણે બને છે—

સૂત્ર ૭ માંના ચાર ભાંગા-(૧) ઋજુ ઋજુ મન, (૨) ઋજુ-વક્ર મન, (૩) વક્ર-ઋજુ મન, અને (૪) વક્ર-વક્ર મન, હવે આઠમાં સૂત્રના ચાર ભાંગા પ્રકટ કરવામાં આવે છે-(૧) ઋજુ ઋજુ સંકલ્પ, (૨) ઋજુ વક્ર સંકલ્પ, (૩) વક્ર ઋજુ સંકલ્પ અને (૪) વક્ર વક્ર સંકલ્પ.

નવમાં સૂત્રના ચાર ભાંગા-(૧) ઋજુ ઋજુ પ્રજ્ઞ, (૨) ઋજુ વક્ર પ્રજ્ઞ, (૩) વક્ર ઋજુ પ્રજ્ઞ અને (૪) વક્ર વક્ર પ્રજ્ઞ.

દસમાં સૂત્રના ચાર ભાંગા-(૧) ઋજુ ઋજુ દૃષ્ટિ, (૨) ઋજુ વક્ર દૃષ્ટિ, (૩) વક્ર ઋજુ દૃષ્ટિ અને (૪) વક્ર વક્ર દૃષ્ટિ. અગિયારમાં સૂત્રના ચાર ભાંગા (૧) ઋજુ ઋજુ શીલાચાર, (૨) ઋજુ વક્ર શીલાચાર, (૩) વક્ર ઋજુ શીલાચાર અને (૪) વક્ર વક્ર શીલાચાર. બારમાં સૂત્રના ચાર ભાંગા-(૧) ઋજુ ઋજુ વ્યવહાર, (૨) ઋજુ વક્ર વ્યવહાર, (૩) વક્ર ઋજુ વ્યવહાર અને (૪) વક્ર વક્ર વ્યવહાર. તેરમાં સૂત્રના ચાર ભાંગા-(૧) ઋજુ ઋજુ પરાક્રમ, (૨) ઋજુ વક્ર પરાક્રમ, (૩) વક્ર ઋજુ પરાક્રમ અને (૩) વક્ર વક્ર પરાક્રમ. આ રીતે ઋજુ વક્ર પદોની સાથે વિના દૃષ્ટાન્તના મન આદિ પદો યોજવાથી ૭ સૂત્ર બને છે.

આ ૧૩ સૂત્રોમાં ઉન્નત-પ્રણત સંબંધી આગલા ૬+૭ એટલે કે ૧૩ સૂત્રો ઉમેરવાથી કુલ ૨૬ સૂત્ર થઈ જાય છે. ॥ સૂ. ૨ સમાપ્ત ॥

પ્રતિમાપન્ન પુરુષે ( સાધુએ ) કેવી ભાષા બોલવી જોઇએ તે સૂત્રકાર પ્રકટ કરે છે–" पडिमापडिवन्नस्स णं अणगारस्स " ઇત્યાદિ—

પ્રતિમાપ્રતિપન્ન ( પ્રતિમાઓની આરાધના કરતા ) અણુગારને માટે આ ચાર ભાષાઓ બોલવા યોગ્ય કહી છે–(૧) યાચની, (૨) પ્રચ્છની, (૩) અનુજ્ઞાપની અને (૪) પૃષ્ટ વ્યાકરણી. ભાષા ચાર પ્રકારની કહી છે–સત્ય ભાષા, (૨) મૃષા ભાષા, (૩) સત્ય મૃષા અને (૪) અસત્ય મૃષા.

ભિક્ષુ પ્રતિમા ૧૨ કહી છે. તે પ્રતિમાઓનું પાલન કરી રહ્યો હોય એવા અણુગારને આ ચાર પ્રકારની ભાષા બોલવી કલ્પે છે—કલ્પનીય વસ્તુ જે ભાષાને સહારે માંગી શકાય છે, તે ભાષાને 'યાચની ભાષા' કહે છે. જે ભાષાને સહારે માર્ગાદિકોની પૃચ્છા કરવામાં આવે છે, અથવા પ્રયોજનવશ સૂત્ર અને અર્થ પૂછવામાં આવે છે, તે ભાષાને 'પ્રચ્છની ભાષા' કહે છે. જે ભાષા દ્વારા અનુજ્ઞાપના કરવામાં આવે છે-એટલે કે ઉદ્યાન આદિના માલિકની અનુજ્ઞા લેવામાં આવે છે, તે ભાષાને 'અનુજ્ઞાપની ભાષા' કહે છે. પૂછવામાં આવેલી વાતનો જે ભાષા દ્વારા ઉત્તર દેવામાં આવે છે તે ભાષાને 'પૃષ્ટવ્યાકરણી ભાષા' કહે છે.

ભાષાના જે ચાર પ્રભેદો કહેવામાં આવ્યા છે, તેનો ભાવાર્થ હવે પ્રકટ કરવામાં આવે છે-સંતોને ( મુનિજનોને ), ગુણોને અને જીવોને માટે જે હિતકારી ભાષા છે, તેને સત્ય ભાષા કહે છે. જેમકે " આત્મા છે, " આ પ્રકારનું પ્રતિપાદન કરનારી ભાષા સત્યભાષા ગણાય છે. વિદ્યમાન અર્થનું ઉત્પાદન ( નિષેધ ) કરનારી જે ભાષા છે, તેને મૃષા ભાષા કહે છે. જેમકે.... " આત્મા નથી ", આ પ્રકારનું પ્રતિપાદન કરનારી ભાષાને મૃષા ભાષા કહે છે.

જે ભાષા અંશતઃ સત્ય હોય અને અંશતઃ અસત્ય હોય, એવી ભાષાને સત્ય મૃષા ભાષા કહે છે. જેમકે " આત્મા છે અને તે અકર્તા છે " અહીં " આત્મા છે " આટલું કથન તો સત્ય જ છે, પણ " તે અકર્તા છે " આ

કથન અસત્ય છે, કારણુ કે "આત્મા કર્તા છે," એ વાત જ સત્ય છે. તેથી આ કથન અંશતઃ સત્ય અને અંશતઃ અસત્ય હોવાથી, આ પ્રકારની ભાષાને 'સત્ય મૃષા ભાષા' કહે છે. જે ભાષા અસત્ય મૃષા સ્વભાવવાળી હોય છે, એટલે કે બન્ને સ્વભાવથી રહિત હોય છે, તે ભાષાને અસત્ય મૃષા કહે છે. જેમકે "ग्रामं आगतः" "ગામ આવી ગયું" ઇત્યાદિ વચન. આ પ્રકારનાં વચન સત્ય પણુ નથી અને અસત્ય પણુ નથી, કારણુ કે ગામ તો જડ વસ્તુ છે-ગામ આવતું નથી પણુ આપણે ગામ પાસે જઇએ છીએ. છતાં આ પ્રકારનો ભાષા પ્રયોગ થાય છે. આ અસત્ય મૃષાને વ્યવહાર ભાષા પણ કહે છે. ॥ સૂ. ૩ ॥

## વસ્ત્રદૃષ્ટાંતસે પુરૂષાદિકા નિરૂપણ

"चत्तारि वत्था पणत्ता" ઇત્યાદિ—

સૂત્રાર્થ—વસ્ત્ર ચાર પ્રકારનાં કહ્યાં છે-(૧) શુદ્ધ શુદ્ધ, (૨) શુદ્ધ અશુદ્ધ, (૩) અશુદ્ધ શુદ્ધ અને (૪) અશુદ્ધ અશુદ્ધ. એ જ પ્રમાણે પુરુષો પણુ ચાર પ્રકારના કહ્યાં છે-(૧) શુદ્ધ શુદ્ધ, (૨) શુદ્ધ અશુદ્ધ (૩) અશુદ્ધ શુદ્ધ અને (૪) અશુદ્ધ અશુદ્ધ. એ જ પ્રમાણે શુદ્ધ-અશુદ્ધ પદોની સાથે પરિણુત અને રૂપ, આ બે પદોને અનુક્રમે યોજિત કરીને વસ્ત્રોમાં ચતુર્વિધતાનું કથન થવું જોઇએ. આ દૃષ્ટાન્ત અનુસાર પુરુષોના પણુ ચાર પ્રકાર પડે છે, એમ સમજવું. એ જ પ્રમાણે શુદ્ધ અને અશુદ્ધ પદોની સાથે મન, સંકલ્પ, પ્રજ્ઞા, દૃષ્ટિ, શીલાચાર, વ્યવહાર અને પરાક્રમ, આ સાત પદોને યોજિત કરીને ચાર ચાર ભાંગાનું કથન કરવું જોઇએ.

હવે આ સૂત્રનો અર્થ વિસ્તારપૂર્વક સમજાવવામાં આવે છે—વસ્ત્રની અપેક્ષાએ જે ચાર ભાંગા કહ્યા છે તેનું સ્પષ્ટીકરણુ—(૧) 'શુદ્ધ શુદ્ધ' જે વસ્ત્ર નિર્મળ તન્તુ આદિકો વડે નિર્મિત હોય છે, અને જેમાં મેલના આગમનનો અભાવ હોય છે, એવાં વસ્ત્રને શુદ્ધ શુદ્ધ નામના પહેલા ભાંગામાં

મૂકી શકાય છે. અથવા જે વસ્ત્ર પહેલાં શુદ્ધ હતું અને હાલમાં પણ શુદ્ધ છે, એવાં વસ્ત્રને શુદ્ધ શુદ્ધ કહે છે. (૨) "શુદ્ધ અશુદ્ધ" જે વસ્ત્ર પહેલાં શુદ્ધ હતું, પણ પછી મેલ આદિના સંપર્કથી અશુદ્ધ થયેલું હોય છે, એવા વસ્ત્રને આ બીજા ભાંગામાં મૂકી શકાય છે. (૩) "અશુદ્ધ શુદ્ધ" જે વસ્ત્ર પહેલાં મલિન હોય, પણ ત્યારબાદ શુદ્ધ (નિર્મળ) થઈ ગયું હોય, એવા વસ્ત્રને આ ત્રીજા ભાંગામાં મૂકી શકાય છે. (૪) "અશુદ્ધ અશુદ્ધ" જે વસ્ત્ર જીર્ણ શીર્ણ તન્તુ આદિકોમાંથી બનાવેલું હોવાને કારણે પહેલાં પણ અશુદ્ધ હોય અને ત્યારબાદ મેલ આદિના સંપર્કને લીધે અધિક અશુદ્ધ બનેલું હોય, એવા વસ્ત્રને આ ચોથા ભાંગાના દૃષ્ટાન્ત રૂપે ગણાવી શકાય છે. આ પ્રકારની આ ચતુર્ભંગી (ચાર ભાંગા) વસ્ત્રની શુદ્ધતા અને અશુદ્ધતાની અપેક્ષાએ પ્રકટ કરવામાં આવી છે.

જે રીતે વસ્ત્રોની સાથે આ ચતુર્ભંગીને યોજિત કરવામાં આવી છે, એ જ પ્રમાણે પુરુષોની સાથે પણ આ ચતુર્ભંગીને યોજિત કરીને ચાર પ્રકારના પુરુષોનું હવે પ્રતિપાદન કરવામાં આવે છે—

પુરુષોના ચાર પ્રકાર નીચે પ્રમાણે છે-(૧) શુદ્ધ શુદ્ધ, (૨) શુદ્ધ અશુદ્ધ, (૩) અશુદ્ધ શુદ્ધ અને (૪) અશુદ્ધ અશુદ્ધ.

પહેલા ભાંગાનું સ્પષ્ટીકરણ—જે પુરુષો જાતિ આદિની અપેક્ષાએ પહેલાં પણ શુદ્ધ હોય છે અને ત્યારબાદ નિર્મળ જ્ઞાનાદિ ગુણો પણ જેમણે સંપન્ન કર્યા હોય છે, તેમને "શુદ્ધ શુદ્ધ" રૂપ પહેલા ભાંગામાં સમાવી શકાય છે. અથવા જે પુરુષો જાતિકુળની અપેક્ષાએ દૂષણ રહિત હોય છે, તેમને આ પ્રકારમાં ગણાવી શકાય છે. (૨) 'શુદ્ધ અશુદ્ધ' જે પુરુષો પહેલાં જાતિ આદિની અપેક્ષાએ શુદ્ધ હોય છે, પણ પાછળથી ખોટી આદતો, દુર્ગુણો આદિને લીધે અશુદ્ધ થઈ જાય છે, તેમનેઆ બીજા પ્રકારમાં ગણાવી શકાય છે. (૩) 'અશુદ્ધ શુદ્ધ' જે પુરુષો જાતિ આદિની અપેક્ષાએ અશુદ્ધ હોવા છતાં પણ નિમિત્ત મળવાથી શુદ્ધ જ્ઞાનાદિથી સંપન્ન થઈ જાય છે, તેમને આ આ ત્રીજા પ્રકારમાં મૂકી શકાય છે. (૪) 'અશુદ્ધ અશુદ્ધ' જે પુરુષો જાતિ

આદિની અપેક્ષાએ અશુદ્ધ હોય છે, અને જીવનને શુદ્ધ બનાવવાને પ્રયત્ન-શીલ થતા નથી, આ કારણે જેઓ કાયમ અશુદ્ધ જ રહે છે, તેમને આ ચોથા પ્રકારમાં મૂકી શકાય છે.

વસ્ત્રને અનુલક્ષીને શુદ્ધ–અશુદ્ધ, આ પદો સાથે પરિણત પદને યોજવાથી નીચે પ્રમાણે ચાર ભાંગા બને છે—(૧) શુદ્ધ શુદ્ધ પરિણત, (૨) શુદ્ધ અશુદ્ધ પરિણત, (૩) અશુદ્ધ શુદ્ધ પરિણત અને (૪) અશુદ્ધ અશુદ્ધ પરિણત.

દાર્ષ્ટાન્તિક પુરુષને અનુલક્ષીને પણ ચાર ભાંગાઓ ગ્રહણ કરવા જોઇએ. એ જ પ્રમાણે દૃષ્ટાન્તભૂત વસ્ત્રમાં શુદ્ધ અશુદ્ધ પદની સાથે રૂપ પદને યોજીને જે ચાર ભાંગાનું કથન કરવામાં આવ્યું છે, તે ચાર ભાંગાનું કથન દાર્ષ્ટાન્તિક પુરુષને અનુલક્ષીને પણ થવું જોઈએ. જેમકે (૧) શુદ્ધ શુદ્ધ રૂપ, (૨) શુદ્ધ અશુદ્ધ રૂપ, (૩) અશુદ્ધ શુદ્ધ રૂપ અને (૪) અશુદ્ધ અશુદ્ધ રૂપ.

પરિણત અને રૂપઘટિત આ દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકોની ચતુર્ભંગીની વ્યાખ્યા સૂત્ર એમાં આપ્યા અનુસાર જ સમજી લેવી.

હવે મન, આદિ પરાક્રમ પર્યન્તના સાત પદોને શુદ્ધ અશુદ્ધ પદો સાથે યોજીત કરીને જે સાત ચતુર્ભંગીઓ બને છે, તેનું સૂત્રકાર સ્પષ્ટીકરણ કરે છે.

શુદ્ધ અશુદ્ધ પદો સાથે મનને યોજિત કરવાથી નીચે પ્રમાણે ચાર ભાંગા બને છે-(૧) 'शुद्धः शुद्ध मनाः' જે પુરુષ બહારથી વચન આદિની અપેક્ષાએ શુદ્ધ હોય, અને જેનું અંતઃકરણ પણ શુદ્ધ હોય તેને 'શુદ્ધ શુદ્ધ મનવાળો' કહે છે. એવા પુરુષને આ પહેલા પ્રકારમાં ગણાવી શકાય છે.

બીજો ભાંગો-શુદ્ધ અશુદ્ધ મનવાળા, (૩) અશુદ્ધ શુદ્ધ મનવાળા અને (૪) અશુદ્ધ અશુદ્ધ મનવાળા. જેવી રીતે શુદ્ધ અશુદ્ધ પદને મન સાથે યોજિત કરીને ચાર ભાંગાવાળું આ સૂત્ર કહેવામાં આવ્યું છે, એ જ પ્રમાણે સંકલ્પથી લઇને પરાક્રમ સુધીના ઉપર્યુક્ત પદોને પણ શુદ્ધ અશુદ્ધ પદો સાથે યોજીને ચાર ચાર ભાંગાવાળા બીજા છ સૂત્રો પણ પુરુષ જાતને અનુલક્ષીને કહેવા જોઇએ. દૃષ્ટાન્તભૂત વસ્ત્રમાં મન આદિ સાતે વસ્તુનો અભાવ હોવાથી તેને અનુલક્ષીને અહીં સૂત્રો બની શકતા નથી એમ સમજવું.

સંકલ્પ સાથે શુદ્ધ અશુદ્ધ પદને યોજવાથી નીચે પ્રમાણે પુરુષજાત વિષયક ચાર ભાંગાવાળું સૂત્ર બનશે-(૧) શુદ્ધ શુદ્ધ સંકલ્પવાળા, (૨) શુદ્ધ અશુદ્ધ સંકલ્પવાળા, (૩) અશુદ્ધ શુદ્ધ સંકલ્પવાળા અને (૪) અશુદ્ધ અશુદ્ધ સંકલ્પવાળા. પ્રજ્ઞા પદને યોજવાથી આ ચાર ભાંગા બને છે-(૧) શુદ્ધ શુદ્ધ પ્રજ્ઞાવાળા, (૨) શુદ્ધ અશુદ્ધ પ્રજ્ઞાવાળા, (૩) અશુદ્ધ શુદ્ધ પ્રજ્ઞાવાળા અને (૪) અશુદ્ધ અશુદ્ધ પ્રજ્ઞાવાળા દૃષ્ટિ પદને યોજવાથી આ ચાર ભાંગા બને છે-(૧) શુદ્ધ શુદ્ધ દૃષ્ટિવાળો, (૨) શુદ્ધ અશુદ્ધ દૃષ્ટિવાળો, (૩) અશુદ્ધ શુદ્ધ દૃષ્ટિવાળો અને (૪) અશુદ્ધ અશુદ્ધ દૃષ્ટિવાળો શીલાચાર પદ યોજવાથી આ ચાર ભાંગા બને છે-(૧) શુદ્ધ શુદ્ધ શીલાચારવાળો, (૨) શુદ્ધ અશુદ્ધ શીલાચારવાળો, (૩) અશુદ્ધ શુદ્ધ શીલાચારવાળો અને (૪) અશુદ્ધ અશુદ્ધ શીલાચારવાળો. વ્યવહા પદ યોજવાથી આ પ્રમાણે ચાર ભાંગા બને છે-(૧) શુદ્ધ શુદ્ધ વ્યવહારવાળો, (૨) શુદ્ધ અશુદ્ધ વ્યવહારવાળો, (૩) અશુદ્ધ શુદ્ધ વ્યવહારવાળો અને (૪) અશુદ્ધ અશુદ્ધ વ્યવહારવાળો. પરાક્રમ પદની સાથે આ પ્રમાણે ચાર ભાંગા બને છે-(૧) શુદ્ધ શુદ્ધ પરાક્રમવાળો, (૨) શુદ્ધ અશુદ્ધ પરાક્રમવાળો, (૩) અશુદ્ધ શુદ્ધ પરાક્રમવાળો અને (૪) અશુદ્ધ અશુદ્ધ પરાક્રમવાળો આ મનથી લઈને પરાક્રમ પર્યન્તની ચતુર્ભંગી પુરુષ જાતને જ લાગુ પાડી શકાય છે, વસ્ત્રને લાગુ પડતી નથી, કારણ કે વસ્ત્રમાં આ પુરુષ ધર્મોનો અભાવ હોય છે. એ જ વાત સૂત્રકારે " एवं " ઈત્યાદિ કથન દ્વારા સ્પષ્ટ કરી છે. ॥ સૂ. ૪ ॥

## સુતાદિ દૃષ્ટાંતસે પુરૂષાદિકા નિરૂપણ

માત્ર પુરુષોના પ્રકારો બતાવવા નિમિત્તે જ આ પાંચમું સૂત્ર કહે છે—

" चत्तारि सुया पण्णत्ता " ઈત્યાદિ—

સૂત્રાર્થ-પુત્રના ચાર પ્રકારો કહ્યા છે—(૧) અભિજાત અથવા અતિયાત (૨) અનુજાત, (૩) અપજાત અને (૪) કુલાંગાર પુરુષો ચાર પ્રકારના કહ્યા છે. (૧) સત્ય સત્ય, (૨) સત્ય અસત્ય, (૩) અસત્ય સત્ય અને (૪) અસત્ય અસત્ય

વસ્ત્ર ચાર પ્રકારનાં કહ્યા છે-(૧) શુચિ શુચિ, (૨) શુચિ અશુચિ, (૩) અશુચિ શુચિ અને (૪) અશુચિ અશુચિ. એ જ પ્રમાણે પુરુષોના પણ 'શુચિ શુચિ' આદિ ચાર પ્રકાર કહ્યા છે. જે રીતે શુદ્ધ વસ્ત્રનું કથન પહેલાના સૂત્રમાં કરવામાં આવ્યું છે, એવું જ કથન 'શુચિ-અશુચિ'ની અપેક્ષાએ થવું જોઈએ. પુરુષ જાતમાં શુચિ અશુચિ સાથે મનથી લઈને પરાક્રમ પર્યન્તના સાત પદોને યોજીને ચાર ભાંગાવાળા સાત સૂત્રનું કથન થવું જોઈએ.

કોરક ચાર કહ્યાં છે-(૧) આમ્રપ્રલમ્બ કોરક, (૨) તાલપ્રલમ્બ કોરક, વલ્લીપ્રલમ્બ કોરક અને મેંઢ વિષાણુ પ્રલમ્બ કોરક.

હવે આ સૂત્રનો ભાવાર્થ પ્રકટ કરવામાં આવે છે-(૧) અભિજાત (અથવા અતિયાત) પુત્ર તેને કહે છે કે જે પિતા કરતાં પણ વધારે સંપત્તિવાળો હોય છે જેમકે ભગવાન ઋષભદેવ. (૨) અનુજાત પુત્ર તેને કહે છે કે જે પિતાના જેટલી જ વિભૂતિ (સંપત્તિ) વાળો હોય છે. જેમકે મહાયશ. તે તેના પિતા આદિત્યયશના જેટલી જ વિભૂતિવાળો હતો. "અપજાત પુત્ર" અપજાત પુત્ર તેને કહે છે કે જે પિતા કરતાં ન્યૂન સંપત્તિવાળો હોય અથવા પિતા કરતાં ગુણોમાં હીન હોય. જેમકે આદિત્ય યશ તે તેના પિતા ભરત કરતાં ગુણોની અપેક્ષાએ હીન હતો. (૪) કુલાંગાર પુત્ર તેને કહે છે કે જે પોતાના અનાચારોથી કુળને કલંક લગાડે છે, પરને પીડાકારી હોય છે. જેમકે કંડરીક અહીં "અંગાર" પદ "અંગાર સમાનનું" બોધક છે.

અહીં જે પ્રકારે પુત્રમાં ચતુર્વિધતા પ્રકટ કરવામાં આવી છે, એ જ પ્રકારે શિષ્યોમાં પણ ચતુર્વિધતા સમજવી, કારણ કે 'સુત' શબ્દ શિષ્યના અર્થનો પણ બોધક છે. (૧) જે શિષ્ય પોતાના ગુરુ કરતાં પણ અધિક પ્રભાવશાળી હોય છે તેને અતિજાત શિષ્ય કહે છે. જેમકે સિંહાગિરિ કરતાં વજ્રસ્વામી વધારે પ્રભાવશાળી હતા. (૨) જે શિષ્ય પોતાના ગુરુ સમાન ગુણી હોય છે તેને અનુજાત શિષ્ય કહે છે. જેમકે શય્યંભવનો શિષ્ય પ્રભવસ્વામી.

(૩) જે શિષ્ય ગુરુ કરતાં હીન ગુણોવાળો હોય છે તેને અપજાત શિષ્ય કહે છે, જેમકે જંબૂસ્વામી કરતાં પ્રભવસ્વામી હીન ગુણોવાળા હતા. (૪) જે શિષ્ય ગુરુનો દૂષક હોય છે તેને કુલાંગાર શિષ્ય કહે છે. જેમકે કુલવાલુક અથવા ઉદાયન રાજાને મારનારો.

" चत्तारि पुरिसजाया " ઇત્યાદિ—

પુરુષોના નીચે પ્રમાણે ચાર પ્રકાર પણ કહ્યા છે-(૧) "સત્ય સત્ય"

જે પુરુષ યથાવસ્થિત (જેવું હોય એવું જ) વસ્તુનું કથન કરનારો હોય છે અને પ્રતિજ્ઞા અનુસાર જ કરનારો હોય છે, એવા તે પુરુષને સત્ય પુરુષ કહ્યો છે. એવો તે પુરુષ આગળ જતાં સંયમ ધારણ કરીને જગતના મિત્રરૂપ બની જાય છે, એવા પુરુષને સત્ય સત્ય ' નામના પહેલા પ્રકારના પુરુષોમાં ગણાવી શકાય છે. અથવા જે પહેલાં પણ સત્યનો આરાધક હોય અને પાછળથી પણ સત્યનો આરાધક જ ચાલુ રહે છે, તેને ' સત્ય સત્ય ' રૂપ પહેલા પ્રકારમાં ગણાવી શકાય છે. (૨) " સત્ય અસત્ય " જે પુરુષ પહેલાં સત્યનો પાલક હોય, પણ પાછળથી અયથાર્થ વસ્તુના પરિકથન દ્વારા અથવા પ્રતિજ્ઞાત અર્થનુ ઉલ્લંઘન કરવાને કારણે અસત્ય રૂપ બની ગયો હોય તેને સત્ય અસત્ય પુરુષ કહે છે. બાકીના બે ભાંગા આ પ્રમાણે છે (૩) અસત્ય સત્ય અને (૪) અસત્ય અસત્ય. આ બન્નેનો ભાવાર્થ ઉપરના બે ભાંગાના ભાવાર્થને આધારે સમજી લેવો.

જે પ્રકારે સત્યાસત્ય પદઘટિત આ ચતુર્ભંગી કહેવામાં આવી છે, એ જ પ્રકારે આ પદોની સાથે પરિણત આદિ પરાક્રમ પર્યન્તના પૂર્વોક્ત પદોને યોજિત કરીને ચાર ચાર ભાંગાવાળા સૂત્રોનું કથન થવું જોઈએ

" चत्तारि वत्था " ઈત્યાદિ—

આ સૂત્ર દ્વારા વસ્ત્રના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહેવામાં આવ્યા છે. (૧) શુચિ શુચિ, (૨) શુચિ અશુચિ, (૩) અશુચિ શુચિ અને (૪) અશુચિ અશુચિ. એ જ પ્રમાણે પુરુષના પણ નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે— (૧) શુચિ શુચિ, (૨) શુચિ અશુચિ, (૩) અશુચિ શુચિ અને (૪) અશુચિ અશુચિ. એ જ પ્રમાણે શુચિ અશુચિ પદની સાથે પરિણત, રૂપ, મન, સંકલ્પ, પ્રજ્ઞા, દૃષ્ટિ, શીલાચાર, વ્યવહાર અને પરાક્રમ આ પદોને જોડીને ચાર ચાર ભાંગાવાળા સૂત્રોનું કથન થવું જોઈએ. જે વસ્ત્ર સ્વભાવથી પવિત્ર હોય અને આગળ જતાં પણ સંસ્કારની અપેક્ષાએ અથવા કાળભેદની અપેક્ષાએ પવિત્રજ રહે છે, એવા વસ્ત્રને શુચિ શુચિ રૂપ પહેલા પ્રકારમાં મૂકી શકાય છે. શુદ્ધ વસ્ત્રના પ્રકરણમાં જેવું કથન કરવામાં આવ્યું છે, એવું કથન શુચિવસ્ત્ર વિષે

પણ ગ્રહણ કરવું જોઈએ. જે વસ્ત્ર સ્વભાવતઃ શુદ્ધ હોવા છતાં પાછળથી અપ-વિત્ર થઈ જાય છે, એવા વસ્ત્રને શુચિ અશુચિ રૂપ બીજા પ્રકારમાં ગણાવી શકાય છે. જે વસ્ત્ર અશુચિ (અપવિત્ર) હોવા છતાં પાછળથી શુચિ બની જાય છે તેને અશુચિ શુચિ રૂપ ત્રીજા પ્રકારમાં ગણાવી શકાય છે અને જે વસ્ત્ર અશુચિ અવસ્થામાં જ કાયમ ચાલુ રહે છે તેને અશુચિ અશુચિ રૂપ ચોથા પ્રકારમાં મૂકી શકાય છે. વસ્ત્રને અનુલક્ષીને શુચિ અશુચિની અપેક્ષાએ જે ચાર ભાંગાનું કથન કરવામાં આવ્યું છે, એવાં જ ચાર ભાંગાનું કથન પુરુષના વિષયમાં પણ થવું જોઈએ-મનુષ્ય વિષયક ચાર ભાંગા આ પ્રમાણે બનશે-(૧) જે મનુષ્ય સ્વભાવતઃ પવિત્ર હોય અને સદાચારનું પાલન કરવાને લીધે પવિત્ર જ રહે છે, તેને "શુચિ શુચિ" રૂપ પહેલા ભાંગામાં મૂકી શકાય છે. (૨) જે પુરુષ પહેલાં પવિત્ર હોય, પણ ભવિષ્યમાં કોઈ કારણને લીધે અસદાચારી બની જાય છે, એવા પુરુષને "શુચિ અશુચિ" રૂપ બીજા પ્રકારમાં ગણાવી શકાય છે. (૩) જે પુરુષ પહેલાં અસદાચારના પાલનને લીધે અપવિત્ર હોય, પણ પાછળથી સદાચાર આદિના પાલનને કારણે પવિત્ર બની ગયો હોય, તેને "અશુચિ શુચિ" રૂપ ત્રીજા પ્રકારમાં સમાવી શકાય છે. (૪) જે પુરુષ પહેલાં પણ અસદાચારના પાલનને લીધે અપવિત્ર હોય અને પછી પણ એવો જ અપવિત્ર રહે છે તેને "અશુચિ અશુચિ" રૂપ ચોથા પ્રકારમાં મૂકી શકાય છે.

"एवं जहेव" ઇત્યાદિ-જે પદ્ધતિથી આ શુચિ અશુચિ દૃષ્ટાન્તરૂપ વૃક્ષ અને દાર્ષ્ટાન્તિક પુરુષની અપેક્ષાએ પ્રકટ કરવામાં આવી છે, એ જ પ્રમાણે શુચિ-અશુચિ પદોની સાથે પરિણત રૂપ, મન, સંકલ્પ આદિ પૂર્વોક્ત પદોને જોડીને ચાર ચાર ભાંગાનું પ્રત્યેકમાં કથન થવું જોઇએ. શુચિ અશુચિ પદોની સાથે 'પરિણત' અને 'રૂપ' પદને યોજવાથી દૃષ્ટાન્તભૂત વસ્ત્રની અપેક્ષાએ બે ચતુર્ભંગી બનશે અને દાર્ષ્ટાન્તિક પુરુષની અપેક્ષાએ પણ બે ચતુર્ભંગી

બનશે પણ મન, સંકલ્પ, પ્રજ્ઞા, દૃષ્ટિ, શીલાચાર, વ્યવહાર અને પરાક્રમ આ સાત પદોને અનુક્રમે શુચિ અશુચિ સાથે યોજવાથી માત્ર પુરુષ સંબંધી સાત ચતુર્ભંગી બને છે-વસ્ત્ર સંબંધી સાત ચતુર્ભંગી સંભવી શકતી નથી, કારણ કે અચેતન વસ્ત્રમાં મન આદિ પુરુષ ધર્મોનો સદ્ભાવ હોતો નથી. આ વાત " जाव परक्कमे " આ સૂત્રપાઠ દ્વારા સૂચિત થઈ છે

" દૃષ્ટાન્તભૂત કોરક સૂત્ર "

" चत्तारि कोरया " ઈત્યાદિ. " આમ્રફલ પ્રલમ્બ કોરક ' આદિના ભેદથી કોરકના જે ચાર પ્રકાર કહ્યા છે તેનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે—આંબાના વૃક્ષમાં જે લટકતી વસ્તુ છે તેને આમ્રપ્રલમ્બ કહે છે. આ આમ્રપ્રલમ્બની જે કલિકા હોય છે, તે અહીં ' આમ્રપ્રલમ્બ કલિકા ' પદથી ગૃહીત થયેલ છે. આમ્રપ્રલમ્બ એટલે આમ્રફળ ( કેરી ). એ જ પ્રમાણે તાલપ્રલમ્બ કોરક એટલે ' તાડફલ કલિકા ' થાય છે, વલ્લી પ્રલમ્બ કોરક એટલે વલ્લી ફલની કલિકા અને મેંઢ વિષાણ પ્રલમ્બ કોરક શબ્દનો અર્થ ' મેંઢ વિષાણ ફલ કલિકા ' થાય છે. ઘેટાના શિંગડાંના આકારના ફલવાળી એક વનસ્પતિ થાય છે ( કદાચ ખીજડા માટે આ શબ્દ વપરાતો હોય ), તેના પ્રલમ્બનો ( ફલનો ) જે શેરફ ( શિંગ ) હોય છે તેને અહીં મેષવૃષાણ પ્રલમ્બ કોરક પદ દ્વારા ગ્રહણ કરવામાં આવેલ છે. આ ચાર પ્રકારના કોરકો અને દાર્ષ્ટાન્તિક પુરુષો વચ્ચે શી સમાનતા છે તે સૂત્રકાર પ્રકટ કરે છે—

(૧) જેમ આમ્રફલ કોરકનું રક્ષણ કરવામાં આવે તો ઉચિત સમયે સમુચિત સ્વાદવાળા ફળ આપે છે, તેમ કેટલાક પુરુષો એવા હોય છે કે તેમની સેવા કરવામાં આવે તો ઉચિત સમયે સમુચિત ઉપકાર રૂપ ફલનું પ્રદાન કરે છે, એવા પુરુષોને પહેલા પ્રકારમાં ગણાવી શકાય છે. (૨) તાડ પ્રલમ્બ કોરકની દીર્ઘકાળ પર્યન્ત રક્ષા કરવામાં આવે, તો મહામુશ્કેલીએ ફલની પ્રાપ્તિ થાય છે, એ જ પ્રમાણે કેટલાક પુરુષો દીર્ઘકાળ પર્યન્ત સેવિત થયા બાદ મહામુશ્કેલીએ ઉપકારનું ફલ દેનારા હોય છે, તેમને બીજા પ્રકારમાં મૂકી શકાય છે. (૩) જે પુરુષ વિના મુશ્કેલી જલ્દીમાં જલ્દી ઉપકારનો બદલો વાળી આપે છે, તેને વલ્લી પ્રલમ્બ કોરક સમાન ગણાય છે, કારણ કે વલ્લી-પ્રલમ્બ કોરક થોડા સમય સુધી સેવિત થવા છતાં પણ શીઘ્રતાથી ફલપ્રદાન કરે છે. (૪) જે પુરુષની સેવા કરવા છતાં પણ સેવા કરનાર પુરુષને કોઈ લાભ થતો નથી, માત્ર મીઠાં મીઠાં વચન જ સંભળાવ્યા કરે છે, એવા પુરુષને મેષ વિષાણ પ્રલમ્બ કોરક સમાન કહ્યો છે. મેષવિષાણ પ્રલમ્બ કોરકની રક્ષા કરવા છતાં પણ રક્ષકને હિતકર ફળની પ્રાપ્તિ થતી નથી, કારણ કે તેનાં ફળ સ્વાદરહિત હોય છે. આ પ્રમાણે ઉપકારનો બદલો ન વાળી આપનારને આ ચોથા પ્રકારમાં મૂકી શકાય છે. । ૪ । ૨૮ ।। સૂ. ૫ ।।

હવે સૂત્રકાર ઘુણ (કીડા) ના દૃષ્ટાન્ત દ્વારા ચાર પ્રકારના પુરુષોનું નિરૂપણ કરે છે-" चत्तारि घुणा पण्णत्ता " ઇત્યાદિ—

સૂત્રાર્થ-ઘુણ એટલે કીડો. ઘુણ ચાર પ્રકારના કહ્યા છે-જેમકે (૧) ત્વક્ ખાદ, (૨) છલ્લી ખાદ, (૩) કાષ્ઠ ખાદ અને (૪) સાર ખાદ. એજ પ્રમાણે ચાર પ્રકારના ભિક્ષાક (ભિક્ષુક) કહ્યા છે-(૧) ત્વક્ ખાદ સમાન, (૨) છલ્લી ખાદ સમાન, (૩) કાષ્ઠ ખાદ સમાન અને (૪) સાર ખાદ સમાન.

ત્વક્ખાદ સમાન ભિક્ષુકનું તપ સારખાદ સમાન કહ્યું છે. સારખાદ સમાન ભિક્ષુકનું ત્વક્ખાદ સમાન તપ કહ્યું છે, છલ્લી ખાદ સમાન ભિક્ષુકનું કાષ્ઠ ખાદ સમાન તપ કહ્યું છે અને કાષ્ઠખાદ સમાન ભિક્ષુકનું છલ્લીખાદ સમાન તપ કહ્યું છે. આ સૂત્રનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—

કાષ્ઠવેધક કીડાને ઘુણ કહે છે. તે ઘુણના જે ચાર પ્રકાર કહ્યા છે-તેનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે—(૧) જે ઘુણ વૃક્ષની છાલના બહારના ભાગનું ભક્ષણ કરે છે, તેને ત્વક્ખાદ ઘુણ કહે છે. (૨) જે ઘુણ છાલની અંદરના ભાગનું ભક્ષણ કરે છે, તેને છલ્લીખાદ ઘુણ કહે છે. (૩) જે ઘુણ કેવળ કાષ્ઠનું જ ભક્ષણ કરે છે, તેને કાષ્ઠખાદ ઘુણ કહે છે. (૪) જે ઘુણ કાષ્ઠના સાર ભાગનું જ ભક્ષણ કરે છે તેને સારખાદ ઘુણ કહે છે. કાષ્ઠના મધ્ય ભાગને તેનો સાર ભાગ કહે છે, સારખાદનું બીજું નામ વજ્રમુખ ઘુણ છે.

હવે ઘુણના આ ચારે પ્રકારને દાર્ષ્ટાન્તિક ભિક્ષાક સૂત્ર (ભિક્ષુક સૂત્ર) સાથે ઘટાવવા નિમિત્તે સૂત્રકાર " एवामेव " ઈત્યાદિ સૂત્રો કહે છે. આ સૂત્ર દ્વારા જે સૂત્રકાર એ વાત પ્રકટ કરે છે કે ઘુણના જેવા ચાર પ્રકાર કહ્યા છે, એવા ચાર પ્રકાર ભિક્ષાકના પણ પડી શકે છે. ભિક્ષુકને ભિક્ષાક પણ કહે છે.

તે ભિક્ષુકના ચાર પ્રકાર નીચે પ્રમાણે છે-(૧) ત્વક્ખાદ સમાન ભિક્ષુક, (૨) છલ્લીખાદ સમાન ભિક્ષુક, (૩) કાષ્ઠખાદ સમાન ભિક્ષુક અને (૪) સારખાદ સમાન ભિક્ષુક. ત્વક્ખાદ ઘુણુ સમાન ભિક્ષુક એ છે કે જે અત્યન્ત સંતોષી હોવાને કારણે આયમ્બિલ આદિ તપસ્યાઓ કરે છે, અને અન્ત, પ્રાન્ત, રૂક્ષ, તુચ્છ, અરસ અને વિરસ આહાર જ લે છે. છલ્લીખાદ ઘુણુ સમાન ભિક્ષુક એ છે કે જે શુષ્ક, નીરસ આદિ અલેપ આહાર જ કરે છે. કાષ્ઠખાદ ઘુણુ સમાન ભિક્ષુક એ છે કે જે નિર્વિકૃતિક (વિગય) એટલે કે દૂધ, દહીં, ઘી, તેલ અને મધુરતા રહિત આહાર કરે છે. સારખાદ ઘુણુ સમાન ભિક્ષુક એ છે કે જે સર્વકામ ગુણસંપન્ન આહાર કરે છે, તે કાષ્ઠના મધ્ય ભાગનું ભક્ષણુ કર-કરનાર ઘુણુ સમાન ગણાય છે.

હવે સૂત્રકાર આ ચારે પ્રકારના ભિક્ષુઓના તપોવિશેષનું કથન કરે છે "तयक्खाणसमाणस्स" ઇત્યાદિ—

જે ભિક્ષુક ત્વક્ના સમાન સાર પદાર્થોનું ભોજન કરે છે, તેનું તપ વજ્ર મુખ ઘુણુના જેવું છે. વજ્ર-અતિ તીવ્ર હોય છે, વજ્રસાર તપ નિઃસંગ હોવાને કારણે કર્મભેદક હોય છે. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—

જેમ સારખાદ ઘુણુ (કાષ્ઠના મધ્ય ભાગનું ભક્ષણુ કરનારો કીડો) કઠણુમાં કઠણુ કાષ્ઠને ભેદીને તેના મધ્ય ભાગમાં પહોંચી જાય છે અને તે મધ્ય ભાગનું જ ભક્ષણુ કરે છે, એ જ પ્રમાણે ત્વક્ખાદ ઘુણુ સમાન ભિક્ષુક પણ ભવાનુબન્ધી કઠણુમાં કઠણુ કર્મોને પણ ભેદી નાખે છે, તે કારણે એવા ભિક્ષુકની તપને સારખાદ ઘુણુના તપ સાથે સરખાવ્યું છે....૧

"सारक्खायसमाणस्स" કાષ્ઠના મધ્યભાગનું ભક્ષણુ કરનાર ઘુણુની સમાનતાવાળા ભિક્ષુનું તપ "त्वक्खादसमानं" છાલના બાહ્યભાગનું ભક્ષણુ કરનાર ઘુણુના સમાન હોય છે. આ કથનનો ભાવાર્થ એવો છે કે ત્વક્ખાદ ઘુણુ (બાહ્ય ત્વચાનું ભક્ષણુ કરનાર કીડો) કાષ્ઠસારને (કાષ્ઠના મધ્ય ભાગને)

ભેદવાને સમર્થ હોતો નથી, પણ માત્ર બાહ્ય છાલને જ ખાનારો હોય છે. એ જ પ્રમાણે ત્વક્ખાદ ભિક્ષુનું તપ પણ કર્મસારને ભેદવાને સમર્થ બની શકતું નથી-પણ અસમર્થ જ રહે છે, કારણ કે તે સારખાદ સમાન ભિક્ષુક સર્વકામ ગુણાહારક હોય છે.

" छल्लिक्खायसमाणस्स " ઇત્યાદિ—જે ભિક્ષુક છાલના આભ્યન્તર ભાગને ખાનારા કીડા જેવો હોય છે, તેનું તપ કાષ્ઠભક્ષક કીડાતુલ્ય હોય છે. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—જે ભિક્ષુ છલ્લીખાદસમાન ( આભ્યન્તર છાલ ખાનાર કીડા સમાન ) હોય છે, તે ભિક્ષુ ત્વક્ખાદ ઘુણ સમાન સંયત કરતાં અમુક અંશે વિશિષ્ટ પ્રકારના આહારનું સેવન કરનારો હોવાથી કેટલેક અંશે સસંગ અથવા અધિક તપને કારણે અધિક કર્મભેદન કરનારો હોવાથી તથા સારખાદ ઘુણ સમાન સંયત કરતાં અસારભોજી હોવાને કારણે નિઃસંગ હોવાથી, કર્મના ભેદનમાં કાષ્ઠખાદ ઘુણ સમાન હોય છે. એટલે કે કાષ્ઠ ખાદ ઘુણ મધ્યમનો ભેદક હોય છે, અને તે કારણે તેનું તપ પણ મધ્યમ હોય છે, કારણ કે સારખાદ ઘુણની જેમ તે અતિશય તીવ્ર પણ હોતું નથી અને ત્વક્ ખાદ ઘુણની જેમ તે અતિશય મન્દ પણ હોતું નથી. તે કારણે તેના તપને મધ્યમ કહ્યું છે....૩

" कट्ठक्खायसमाणस्स " ઇત્યાદિ—જે ભિક્ષુક કાષ્ઠખાદ ઘુણના જેવો હોય છે, તેનું તપ આભ્યન્તર છાલભક્ષક ઘુણના જેવું હોય છે. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—જેમ આભ્યન્તર છાલભક્ષક કીડો કાષ્ઠસારને ભેદવાને અસમર્થ જ હોય છે, એ જ પ્રમાણે એવો ભિક્ષુક પણ કર્મનું ભેદન કરવાને સમર્થ હોતો નથી. એટલે કે કાષ્ઠખાદ ભિક્ષુના તપને સાધારણ કહ્યું છે, કારણ કે સારખાદ ઘુણ સમાન સાધુની અપેક્ષાએ તે અસારભોજી હોવાને કારણે નિઃસંગ હોય છે, અને બાહ્ય છાલ ( ત્વક્ ) ના ભક્ષક ઘુણના જેવા સાધુની અપેક્ષાએ તે સારતરભોજી હોવાને કારણે સસંગ હોય છે. તે કારણે છલ્લી ખાદ ઘુણ સમાન તેનું તે તપ કર્મનું ભેદન કરવામાં કાષ્ઠખાદ ઘુણની જેમ અતિ સમર્થ પણ નીવડતું નથી, અને ત્વક્ખાદ ઘુણના જેવું અતિ મન્દ પણ હોતું નથી, તેથી તેના તપને સાધારણ કહેવામાં આવ્યું છે. આ રીતે પહેલા પ્રકારના સાધુનું તપ અતિ તીવ્ર અથવા અતિ તીવ્ર પ્રધાનતર હોય છે, બીજા પ્રકારના સાધુનું તપ પ્રધાનતર અથવા મધ્યમ હોય છે, ત્રીજા પ્રકારના સાધુનું તપ પ્રધાન અથવા સાધારણ હોય છે અને ચોથા પ્રકારના સાધુનું તપ અપ્રધાન હોય છે. ॥ સૂ. ૬ ॥

આ રીતે વનસ્પતિભક્ષક કીડાનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર વનસ્પતિની પ્રરૂપણા કરે છે—" चउव्विहा तणवणस्सइकाइया पण्णत्ता " ઇત્યાદિ—

તૃણ વનસ્પતિકાયિકના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે—(૧) અગ્રબીજ (૨) મૂલબીજ, (૩) પર્વબીજ અને (૪) સ્કન્ધબીજ.

અધુનોપપન્નક ( તત્કાળ ઉત્પન્ન થયેલો ) નારક જીવ નીચેના ચાર કારણોને લીધે નરકમાંથી મનુષ્યલોકમાં આવવા ચાહે છે-(૧) નરકમાં તત્કાળ ઉત્પન્ન થયેલો નૈરયિક ( નારક જીવ ) જ્યારે તે લોકમાં ઉત્પન્ન થયેલી વેદનાને ભોગવે છે, ત્યારે તેને મનુષ્યલોકમાં આવવાની ઇચ્છા થાય છે. (૨) જ્યારે તે નૈરયિકપર પરમાધાર્મિક નામના અસુરકુમાર દેવો વારંવાર આક્રમણ કરે છે, માર મારે છે, ત્યારે પણ તેને મનુષ્યલોકમાં આવવાની ઇચ્છા થાય છે, પણ તે ત્યાંથી મનુષ્યલોકમાં આવી શકતો નથી. (૩) નરકમાં ભોગવવા યોગ્ય કર્મોનું જ્યાં સુધી તે અધુનોપપન્નક નારક જીવ નરકમાં જ રહીને પૂરેપૂરૂં વેદન કરી લેતો નથી ત્યાં સુધી તે આ મનુષ્યલોકમાં આવી શકતો નથી. (૪) જ્યાં સુધી તે નિરયાયુષ્ક ( નરક ગતિ સંબંધી આયુષ્ય ) પૂરેપૂરૂં ભોગવી લેતો નથી–ત્યાંની આયુસ્થિતિ પૂરી કરતો નથી–ત્યાં સુધી તે ચાહના કરવા છતાં પણ મનુષ્યલોકમાં આવી શકતો નથી. આ પ્રકારના આ ચાર કારણોને લીધે તે અધુનોપપન્નક નારક જીવ નરકમાંથી મનુષ્યલોકમાં આવવાની ઇચ્છા થવા છતાં મનુષ્યલોકમાં આવી શકતો નથી.

નિર્ગ્રંથીઓને માટે ચાર સંઘાટીઓ ( વસ્ત્ર વિશેષ ) ધારણ કરવા યોગ્ય કહી છે-(૧) બે હાથપ્રમાણ વિસ્તારવાળી એક સંઘાટી,–ચાદર(૨) ત્રણ હાથપ્રમાણ

વિસ્તારવાળી બે સંઘાટી અને (૪) ચાર હાથપ્રમાણુ વિસ્તારવાળી એક સંઘાટી.

આ સૂત્રનું વિશેષ સ્પષ્ટીકરણ—તૃણુ રૂપ જે બાદર વનસ્પતિકાયિક છે તે અહીં તૃણુ વનસ્પતિકાયિક પદથી ગૃહીત થઈ છે. તે તૃણુ વનસ્પતિકાયિકના જે ચાર પ્રકાર કહ્યા છે, તેનું સ્પષ્ટીકરણુ હવે કરવામાં આવે છે—

(૧) ' અગ્રબીજ ' જેના અગ્રભાગમાં બીજ હોય છે એવાં ડાંગર આદિ તૃણુ વનસ્પતિકાયિકોને આ પ્રકારમાં મૂકી શકાય છે.

(૨) " મૂલબીજ " જેમનાં મૂળ જ બીજરૂપ હોય છે એવા કમલકન્દ આદિને આ પ્રકારમાં મૂકી શકાય છે.

(૩) " પર્વબીજ " પર્વજ જેમના બીજરૂપ હોય છે એવી શેરડી આદિને પર્વબીજ વનસ્પતિકાયિક કહે છે.

(૪) " સ્કન્ધબીજ " જેનું થડ જ બીજરૂપ હોય છે એવી સલ્લકી આદિ વનસ્પતિને સ્કન્ધબીજ વનસ્પતિકાયિક કહે છે.

આ પ્રમાણે વનસ્પતિકાયિક જીવોનાં ચાર સ્થાનનું નિરૂપણુ કરીને હવે સૂત્રકાર એ વાત પ્રકટ કરે છે કે—કેટલાક જીવો વનસ્પતિકાયિકોમાં જીવ છે, એ વાતને શ્રદ્ધાની નજરે જોતા નથી. તેઓ તેમની વિરાધના કર્યા કરે છે. એવા જીવો મહારંભ અને મહાપરિગ્રહવાળા હોવાને કારણે નરકમાં જાય છે, ત્યાં ઉત્પન્ન થયા બાદ તે નારક જીવો કયા કયા કારણોને લીધે આ મનુષ્ય લોકમાં આવવાની ઈચ્છા કરે છે, તે વાત હવે સૂત્રકાર પ્રકટ કરે છે—

પહેલું કારણ આ પ્રમાણે છે-નરકમાં ઉત્પન્ન થયેલો નવો જીવ ત્યાં ઉત્પન્ન થતાંની સાથે જ ત્યાંની અતિ પ્રબલ અસાતાવેદનીય રૂપ વેદનાનો અનુભવ કરે છે. આ વેદના સહન નહીં થઇ શકવાને કારણે તે આ મનુષ્ય-લોકમાં આવવાની ઈચ્છા કરે છે, પરન્તુ શીત ઉષ્ણ આદિ તીવ્ર વેદનાથી અભિભૂત હોવાને કારણે તે અહીં આવી શકતો નથી.

જ્યાંથી અય એટલે કે શુભ-સુખ નિર્ગત થઈ ગયું હોય છે, એવા સ્થાનનું નામ નિરય ( નરક ) છે. તે નિરયમાં ઉત્પન્ન થતા જીવને નૈરયિક કહે છે. અહીં સૂત્રમાં " हव्व " આ પદ વાકયાલંકાર રૂપે વપરાયું છે.

બીજા કારણનું નિરૂપણ—તે નરકોના અધિપતિ અમ્બ, અમ્બરીષ આદિ પરમાધાર્મિક દેવો હોય છે. તેઓ અસુરકુમાર જાતિના દેવો છે. જ્યારે કોઈ નવો નારક નરકમાં ઉત્પન્ન થાય છે, ત્યારે તે પરમાધાર્મિક દેવો તેના ઉપર આક્રમણ કરે છે—તેને મારે છે, તેઓ કૂતરાઓની જેમ નારકોને અંદરોઅંદર લડાવે છે. નરકમાં આ પ્રકારની સ્થિતિ જોઈને તે અધુનોપપન્નક નારકને આ મનુષ્યલોકમાં આવવાની ઇચ્છા થાય છે, પરન્તુ તે અહીં આવી શકતો નથી, તેનું કારણ એ છે કે તેને પરમાધાર્મિક નિરયપાલો રોકી રાખે છે. આ રીતે તેમના દ્વારા પ્રતિરૂદ્ધમાન થવાને કારણે તે મનુષ્યલોકમાં આવવાની ઈચ્છા થવા છતાં આવી શકતો નથી.

ત્રીજા કારણનું સ્પષ્ટીકરણ—નરકમાં ભોગવવા યોગ્ય જે કર્મનો બંધ તે નવા નારકે કર્યો હોય છે, તેને જ્યાં સુધી તે પૂર્ણરૂપે ભોગવીને નિર્મૂલ કરી નાખતો નથી, ત્યાં સુધી તે નરકલોકમાંથી નીકળી શકતો નથી, કારણ કે અવશ્ય વેદનીય નારક કર્મરૂપ બેડીથી તે જકડાયેલો રહે છે.

ચોથા કારણનું નિરૂપણ—તે નવા નારકે નરકાયુનો જે બન્ધ કર્યો હોય છે તેને ભોગવ્યા વિના તે ત્યાંથી નીકળી શકતો નથી. આ રીતે બદ્ધ કર્મ અવશ્ય ભોગ્ય હોવાને લીધે તેને ત્યાંજ રહેવું પડે છે—ગમે તેટલી ઇચ્છા કરવા છતાં તે અહીં આવી શકતો નથી.

અસંયમજનક પરિગ્રહને કારણે જીવ નારક રૂપે ઉત્પન્ન થાય છે. હવે તેનાથી વિપરીત એવી પરિગ્રહરહિત સાધ્વીનું સૂત્રકાર કથન કરે છે—

"कप्पंति" ઇત્યાદિ—હિરણ્ય, સુવર્ણ આદિ રૂપ બાહ્ય પરિગ્રહથી અને મિથ્યાત્વ આદિ રૂપ અન્તરંગ પરિગ્રહથી સાધ્વીઓ રહિત હોય છે, તેથી તે સાધ્વીઓને નિર્ગ્રંથીઓ કહેવામાં આવે છે. તે સાધ્વીઓને ચાર ઉત્તરીય વસ્ત્ર-વિશેષ (ચાદર) કલ્પે છે. તેમને જે ચાર સંઘાટીઓ (ચાદરો) કલ્પે છે, તેનું સૂત્રકાર હવે નિરૂપણ કરે છે—

(૧) બે હાથની લંબાઇવાળા ઉત્તરીય વસ્ત્રને (ચાદરને) પ્રથમ સંઘા-ટીમાં પરિગણિત કરવામાં આવ્યું છે. (૨) ત્રણ હાથની લંબાઈના બે વસ્ત્રોને દ્વિતીય અને તૃતીય સંઘાટીમાં ગણાવવામાં આવેલ છે (૩) ચાર હાથની લંબાઇવાળા એક વસ્ત્રને ચોથી સંઘાટીમાં ગણાવવામાં આવેલ છે. આ ચાર પ્રકારની ચાદર સાધ્વીઓને ધારણ કરવા યોગ્ય કહી છે. તેમાંથી જે પહેલા પ્રકારની સંઘાટી કહી છે, તે તો તેમને ઉપાશ્રયમાં જ ધારણ કરવા યોગ્ય કહી છે. બીજા અને ત્રીજા પ્રકારની જે બે સંઘાટીઓ કહી છે તેમાંથી એક ભિક્ષા-ટનને સમયે ધારણ કરવા યોગ્ય કહી છે અને બીજી સ્થંડિલભૂમિમાં ગમન કરતી વખતે ધારણ કરવા યોગ્ય કહી છે, અને ચોથી સંઘાટી સમવસરણમાં ધારણ કરવા યોગ્ય કહી છે. કહ્યું પણ છે કે "संघाडीओ चउरो तत्थ" ઇત્યાદિ—સૂ. ૮

નારકત્વ ધ્યાનવિશેષથી જનિત હોય છે, અને તે ધ્યાનવિશેષને ઉત્પન્ન કરનાર સંઘાટી ( વસ્ત્રવિશેષ ) આદિમાં મમતા–મૂર્ચ્છા રાખવાથી તે ધ્યાનની ઉત્પતિ થાય છે. આ સંબંધને અનુલક્ષીને હવે સૂત્રકાર ધ્યાનના સ્વરૂપનું નિરૂપણ કરે છે—" चत्तारि झाणा पण्णत्ता " ઇત્યાદિ—

સૂત્રાર્થ–ધ્યાન ચાર પ્રકારનું કહ્યું છે–(૧) આર્તધ્યાન, (૨) રૌદ્રધ્યાન, (૩) ધર્મ-ધ્યાન અને (૪) શુકલધ્યાન. તેમાંથી આર્તધ્યાનના પણ ચાર પ્રકાર કહ્યા છે. (૧) અમનોજ્ઞ વસ્તુઓનો સંપ્રયોગ અથવા પ્રાપ્તિ થવાથી, તેનાથી વિયોગ થાય ( તેનાથી છૂટી જવાય ) એવું જે વારંવાર ચિન્તવન થયા કરે છે, તે પ્રકારના આર્તધ્યાનને પહેલા પ્રકારમાં મૂકી શકાય છે. (૨) મનોજ્ઞ વસ્તુનો કદી વિયોગ ન થાય એવું વારંવાર ચિન્તવન કરવું તે આર્તધ્યાનનો બીજો ભેદ છે. (૩) કોઈ પણ પ્રકારના આતંક ( રોગાદિ ) થી યુક્ત થયેલો જીવ તેમાંથી છુટવા માટે વારંવાર જે ચિન્તવન કરે છે તેને આર્તધ્યાનના ત્રીજા ભેદમાં મૂકી શકાય છે. (૪) પ્રાપ્ત થયેલા કામભોગોના અવિનાશ માટે અને અપ્રાપ્ત કામ-ભોગોની પ્રાપ્તિ માટે વારંવાર ચિન્તવન કરવું તે આર્તધ્યાનનો ચોથો ભેદ છે આર્તધ્યાનનાં ચાર લક્ષણ કહ્યાં છે–(૧) ક્રન્દનતા, (૨) શોચનતા, (૩) તેપનતા અને (૪) પરિવેદનતા.

રૌદ્રધ્યાન પણ ચાર પ્રકારનું કહ્યું છે–(૧) હિંસાનુબંધી, (૨) મૃષાનુબંધી, (૩) સ્તેનાનુબંધી અને (૪) સંરક્ષણાનુબંધી. આ રૌદ્રધ્યાનના ચાર લક્ષણ નીચે પ્રમાણે છે–(૧) અવસન્નદોષ, (૨) બહુદોષ, (૩) અજ્ઞાનદોષ અને (૪) (૪) આમરણાન્તદોષ. ધર્મધ્યાનના પણ ચાર પ્રકાર કહ્યા છે–(૧) આજ્ઞાવિચય, (૨) અપાયવિચય, (૩) વિપાકવિચય અને (૪) સંસ્થાનવિચય. આ ધર્મ-ધ્યાનના નીચે પ્રમાણે ચાર લક્ષણ કહ્યા છે–(૧) આજ્ઞારુચિ, (૨) નિસર્ગરુચિ (૩) સૂત્રરુચિ અને (૪) અવગાઢરુચિ. ધર્મધ્યાનના ચાર અવલંબન ( આધાર ) કહ્યા છે–(૧) વાચના, (૨) પરિપૃચ્છના, (૩) પરિવર્તના અને (૪) અનુપ્રેક્ષા. ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષાઓ કહી છે–(૧) એકાનુપ્રેક્ષા, (૨) અનિત્યાનુપ્રેક્ષા (૩) અશરણાનુપ્રેક્ષા અને (૪) સંસારાનુપ્રેક્ષા.

શુકલધ્યાનના પણ ચાર પ્રકાર કહ્યા છે–(૧) પૃથકત્વ વિતર્ક સવિચાર, (૨)

એકત્વ વિતર્કાવિચાર, (૩) સૂક્ષ્મક્રિયા અનિવર્તિ અને (૪) સમુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતિ શુકલધ્યાનના ચાર લક્ષણુ નીચે પ્રમાણે કહ્યા છે-(૧) અવ્યથ, (૨) અસંમોહ (૩) વિવેક અને (૪) વ્યુત્સર્ગ.

શુકલધ્યાનના નીચે પ્રમાણે ચાર અવલંબન કહ્યા છે-(૧) ક્ષાન્તિ, (૨) મુક્તિ, (૩) આર્જવ અને (૪) માર્દવ શુકલધ્યાનની ચાર અનુપ્રેક્ષાઓ કહી છે-(૧) અનંતવર્તિતા અનુપ્રેક્ષા, (૨) વિપરિણામાનુપ્રેક્ષા, (૩) અશુભાનુપ્રેક્ષા અને (૪) અપાયાનુપ્રેક્ષા.

વિશેષાર્થ—" ध्यायते वस्तु अनेन इति ध्यानम् " આ વ્યુત્પત્તિ પ્રમાણે જેના દ્વારા વસ્તુનું ચિન્તન કરાય છે, તેનું નામ ધ્યાન છે. તે ધ્યાન એક અન્તર્મુહૂર્તકાલ સુધીની ચિત્તની સ્થિરતારૂપ હોય છે. કહ્યું પણ છે કે—
" अंतो मुहुत्तमित्तं " ઈત્યાદિ—

ધ્યાનના ચાર પ્રકાર કહ્યા છે તેમાનો અર્તધ્યાન નામનો જે પહેલો પ્રકાર છે તેનું હવે નિરૂપણ કરવામાં આવે છે-" જે ધ્યાન શારીરિક અથવા માનસિક દુઃખને વખતે-અથવા શારીરિક કે માનસિક દુઃખને નિમિત્તે થાય છે, તે ધ્યાનનું નામ આર્તધ્યાન છે. ધ્યેય પદાર્થના વિષયમાં અતૂટ તેલની ધારા જેવો જે ચિત્તવૃત્તિનો પ્રવાહ છે તેને ધ્યાન કહે છે. આ ધ્યાનનો સદ્ભાવ સમસ્ત સંસારી જીવોમાં હોય છે. તેનો કાળ અન્તર્મુહૂર્ત પર્યન્તનો જ કહ્યો છે, ત્યારબાદ ચિત્તવૃત્તિની ધારા બદલાઈ જાય છે દુઃખને ' ઋત ' કહે છે. જે ધ્યાન થવામાં ઋત ( દુઃખ ) નો ઉદ્વેગ કે તીવ્રતા નિમિત્તરૂપ છે, તે ધ્યાનનું નામ આર્તધ્યાન છે. ક્રૂર પરિણામોને ( મનોભાવોને ) રૌદ્ર કહે છે. જે ધ્યાન ક્રૂર પરિણામોને નિમિત્તે થાય છે, તે ધ્યાનને રૌદ્ર ધ્યાન કહે છે. એ જ વાત નીચેના સૂત્રમાં પ્રકટ કરી છે-" रोदयति परान् इति रुद्रः दुःखहेतुः, तेन कृतं-तत्कर्म वा रौद्रं " જે અન્યને રડાવે છે, તે રુદ્ર છે-દુઃખના કારણરૂપ છે. તેના દ્વારા જે કરવામાં આવે છે અથવા તેનું જે કર્મ છે તે રૌદ્ર છે. એવું રૌદ્રધ્યાન હિંસા આદિ અતિક્રૂર પરિણામોના નિમિત્તને લીધે થાય છે.

જે ધ્યાન શુભરાગ અને સદાચરણનું પોષક હોય છે, તે ધ્યાનને ધર્મ-ધ્યાન કહે છે. એટલે કે શ્રુત અને ચારિત્રધર્મથી યુક્ત જે ધ્યાન છે તેનું નામ ધર્મધ્યાન છે. મનની અત્યન્ત નિર્મળતાનો સદ્‌ભાવ હોય ત્યારે જે એકાગ્રતા થાય છે તેનું નામ શુકલધ્યાન છે. " शुक्लं-शोधयति-अष्टप्रकारं कर्ममलं-शुचं शोकं वा क्लमयति-अपनयति शुक्लम् " જેના દ્વારા આઠ પ્રકારના કર્મમલની શુદ્ધિ થાય છે, અથવા જેના દ્વારા શોકને દૂર કરાય છે એવા ધ્યાનનું નામ શુકલધ્યાન છે. તે ધ્યાન મોક્ષ આદિ ફલને પ્રાપ્ત કરાવનાર છે.

હવે આર્તધ્યાનના ચાર પ્રકારોનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—

" अमनोज्ञसंप्रयोगसंप्रयुक्तः " ઇત્યાદિ—

અમનોજ્ઞ ( અનિષ્ટ–અણગમતા ) શબ્દાદિકના સંપ્રયોગથી ( સંબંધથી ) યુક્ત જે પુરુષ હોય, એવા પુરુષના ચિત્તમાં તે અમનોજ્ઞ વસ્તુને દૂર કરવા માટે એક પ્રકારની નિશ્ચલતા આવી જાય છે ( એ જ તદ્વિપ્રયોગ સ્મૃતિ સમન્વાહાર છે, તેમાં આ પ્રકારનું ધ્યાન થાય છે ) તેના મનમાં એવો વિચાર આવ્યા કરે છે કે કેવી રીતે આ અમનોજ્ઞ શબ્દાદિકોની સાથેનો મારો સંબંધ છૂટી જાય. તેને માટે મનમાં જે એક પ્રકારની એકાગ્રતા આવી જાય છે, એજ આ આર્તધ્યાનનો પહેલો ભેદ છે. આ કથનનો ભાવાર્થ આ પ્રમાણે છે—

અનિષ્ટ શબ્દાદિકનો ઇન્દ્રિયાદિની સાથે સંપર્ક થવાથી તેમના વિયોગને માટે તેમાંથી મુક્ત થવાને માટે ચિત્તમાં એક પ્રકારની ચિન્તવના સતત ચાલ્યા કરે છે, એ જ આર્તધ્યાનના પ્રથમ ભેદરૂપ છે.

આર્તધ્યાનનો બીજો ભેદ—મનોજ્ઞ શબ્દાદિકોનો વિયોગ થવાથી તેમની પ્રાપ્તિને માટે સતત ચિન્તવન કર્યા કરવું, તે આર્તધ્યાનના બીજા ભેદરૂપ સમજવું.

આર્તધ્યાનનો ત્રીજો ભેદ—વાત, પિત્ત અને કફજનિત રોગથી પીડાતો જીવ તેમાંથી મુક્ત થવા માટે જે સતત ચિન્તવન કર્યા કરે છે ( મારો આ

રોગ કેવી રીતે નષ્ટ થશે, હું કયારે આ રોગમાંથી છૂટીશ ઇત્યાદિ રૂપ તેની વિચારધારા સમજવી ) તેને આ ત્રીજા ભેદમાં મૂકી શકાય છે. એટલે કે દમ, જ્વર આદિ રોગોથી પીડાતી વ્યક્તિના મનમાં એવા વિચારો વારંવાર આવ્યા કરે છે કે "મારો આ રોગ કયા ઉપાયથી શાન્ત થશે", તેના મનમાં આ પ્રકારની એકાગ્રતા આવી જાય છે. મનની આ પ્રકારની એકાગ્રતાને આર્તધ્યાનના ત્રીજા ભેદરૂપે અહીં પ્રકટ કરવામાં આવેલ છે.

આર્તધ્યાનનો ચોથો ભેદ—મનોજ્ઞ શબ્દાદિરૂપ કામભોગોથી યુક્ત પુરુષ, તે મનોજ્ઞ કામભોગોનો કદી પણ વિયોગ ન થાય–તે મનોજ્ઞ કામભોગો સાથેનો પોતાનો સંબંધ હંમેશા ચાલુ જ રહે, એવું જે વારંવાર ચિન્તવન કર્યા કરે છે, તેને અહીં આર્તધ્યાનના ચોથા ભેદરૂપે પ્રકટ કરવામાં આવેલ છે.

અથવા—કામપદથી શબ્દ અને રૂપ ગૃહીત થયેલ છે અને ભોગ શબ્દથી ગંધ, રસ અને સ્પર્શ ગૃહીત થયેલ છે. આ પ્રકારના કામભોગોથી યુક્ત મનુષ્ય, તેમના સંયોગ નિમિત્તે જે વારંવાર ચિન્તવન કર્યા કરે છે, તે આર્તધ્યાનના ચોથા ભેદમાં પરિગણિત થાય છે.

આર્તધ્યાનના નીચે પ્રમાણે ચાર લક્ષણ કહ્યાં છે–(૧) 'ક્રન્દનતા' "હે મા! હે બાપા! ઇત્યાદિ રૂપ જે ચિત્કાર થાય છે, તેનું નામ ક્રન્દનતા છે. આ ક્રન્દનમાં દીર્ઘ શબ્દથી વિલાપ થતો હોય છે. (૨) 'શોચનતા'–શોચનતા એટલે શોક કરવો તે. આર્તધ્યાનનું બીજું લક્ષણ છે. (૩) 'તેપનતા' 'તેપના' એટલે આંસુ સારવાની ક્રિયા. આ આંસુ સારવાની ક્રિયારૂપ તેપનતા આર્તધ્યાનનું ત્રીજું લક્ષણ છે. (૪) 'પરિવેદનતા' રોતાં રોતાં સંભાષણ કરવું તેનું નામ પરિવેદના છે. આ લક્ષણોનો સદ્ભાવ ઇષ્ટનો વિયોગ, અનિષ્ટનો સયોગ અને રોગવેદનાથી જનિત શોકયુક્ત મનુષ્યમાં હોય છે. એ જ વાત "तस्सक्कंदणसोयण" ઇત્યાદિ સૂત્રપાઠ દ્વારા વ્યક્ત થઇ છે.

રૌદ્રધ્યાનનું નિરૂપણ—રૌદ્રધ્યાનના હિંસાનુબંધી આદિ ચાર ભેદ છે. "रोद्दे झाणे" ઇત્યાદિ–જેમ આર્તધ્યાનનો મુખ્ય આધાર પીડા છે અને તે પીડા અનિષ્ટ વસ્તુઓનો સંયોગ, ઇષ્ટ વસ્તુઓનો વિયોગ, અને પ્રતિકૂળ વેદના આદિ કારણોમાંથી કોઇ એક કારણે થયા કરે છે, અને તેથી નિમિત્તભેદની અપેક્ષાએ આર્તધ્યાનના ચાર પ્રકાર કહેવામાં આવ્યા છે, એ જ પ્રમાણે રૌદ્ર ધ્યાનનો મુખ્ય આધાર ક્રૂરતા છે. જેનું ચિત્ત ક્રૂર ( કઠોર ) હોય છે તે રૂદ્ર કહેવાય છે. અને તે પ્રકારના આત્મધ્યાનને રૌદ્રધ્યાન કહે છે. આત્મામાં આ ક્રૂરતા ઉત્પન્ન કરનારા હિંસા, ચોરી, અસત્ય અને વિષય–સંરક્ષણરૂપ ચાર નિમિત્ત બતાવ્યાં છે. તે કારણે રૌદ્રધ્યાનના ચાર ભેદ પડે છે. જે ધ્યાનમાં જીવોને પીડા પહોંચાડવાનો વિચાર ( પ્રણિધાન ) નિરન્તર ચાલ્યા કરે છે.

અથવા જે ધ્યાનમાં હિંસાનો અનુબંધ (સંબંધ) સતત ચાલુ રહે છે, તે ધ્યાનને 'હિંસાનુબંધી રૌદ્રધ્યાન' કહે છે. આ કથનનો ભાવાર્થ એ છે કે હિંસા કરવામાં આનંદ માનવો, તે હિંસાનુબંધી આર્તધ્યાન છે. કહ્યું પણ છે કે–" सत्तवहवेहबंधण " ઇત્યાદિ....। ૧ ।

પિશુન–અસભ્ય–અસદ્ભૂત આદિ વચનવિશેષો દ્વારા અસત્યાનુબંધી જે પ્રણિધાન (ચિન્તન) થાય છે, તેને મૃષાનુબંધી રૌદ્રધ્યાન કહે છે. આ રૌદ્રધ્યાનનો બીજો ભેદ સમજવો. કહ્યું પણ છે કે–" पिसुणा ऽ सब्भासब्भूय " ઈત્યાદિ–૩

(૩) સ્તેયાનુબંધી–સ્તેન એટલે ચોર. તે ચોરના કાર્યને સ્તેય કહે છે. આ સ્તેય (ચોરી) ના અનુબંધવાળું જે પ્રણિધાન (ચિન્તન) છે, તેને સ્તેયાનુબંધી રૌદ્રધ્યાન કહે છે. આ ધ્યાનને રૌદ્રધ્યાનનો ત્રીજો ભેદ સમજવો. કહ્યું પણ છે કે–" तह तिव्वकोहलोहा " ઈત્યાદિ—

આ સૂત્રનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—તીવ્ર, ક્રોધ, માન, માયા અને લોભથી આકુળવ્યાકુળ થયેલા પુરુષનું જે ચોરી કરવાના અનુબન્ધશીલ પ્રણિધાન (પરિણામ) છે, તેને સ્તેયાનુબન્ધી રૌદ્રધ્યાન કહે છે. આ રૌદ્રધ્યાનવાળો માણસ ચોરી કરવામાં જ આનંદ માને છે (૪) જે ધ્યાનમાં વિષયસાધનભૂત ધનના સંરક્ષણનો અનુબંધ રહે છે, તે ધ્યાનને સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન કહે છે. કહ્યું પણ છે કે–" सद्दाइ विसयसाहण " ઈત્યાદિ—

રૌદ્રધ્યાનનાં લક્ષણો નીચે પ્રમાણે છે–" ओसन्नदोषः " હિંસાદિક પાપોમાંથી કોઈ એકમાં પ્રવૃત્તિની પ્રચુરતા હોવી, તેનું નામ 'ઓસન્નદોષ' છે. " ओसन्न " આ પદ પ્રચુરતાના અર્થમાં ગામઠી ભાષામાં વપરાય છે. 'बहुदोषः' હિંસાદિક સમસ્ત પાપોમાં પ્રવૃત્ત થવું તેનું નામ 'બહુદોષ' છે. 'अज्ञानदोषः' અજ્ઞાનને કારણે–કુશાસ્ત્રના સંસ્કારના કારણે નરકાદિ ગતિયોના કારણરૂપ હિંસાદિક પાપોને ધર્મ માનીને તેનું આચરણ કરવું–એવા અધર્મરૂપ કાર્યોમાં પ્રવૃત્ત થવું તેનું નામ અજ્ઞાનદોષ છે. અથવા હિંસાદિકોમાં જે પ્રવૃત્તિ થાય છે તેનું નામ જ અજ્ઞાનદોષ છે. " आमरणान्तदोषः " કાલસૌકરિક આદિની જેમ અસમુત્પન્ન પશ્ચાત્તાપવાળાની (જેમને હિંસાદિ કરવા માટે પશ્ચાત્તાપ જ થતો નથી એવાની) મરણ પર્યન્ત હિંસાદિકોમાં જે પ્રવૃત્તિ રહે છે તેનું નામ આમરણાન્તદોષ છે.

ધર્મધ્યાનનું નિરૂપણ—ધર્મધ્યાનનું સ્વરૂપ ભેદ, લક્ષણ, આલમ્બન અને અનુપ્રેક્ષા, આ ચાર બાબતોની અપેક્ષાએ વિચારણીય હોવાથી તેને ચાર ભેદવાળું પ્રકટ કરવામાં આવ્યું છે.

ધર્મધ્યાનના ચાર ભેદ નીચે પ્રમાણે છે—(૧) આજ્ઞાવિચય (૨) અપાય-વિચય, (૩) વિપાક વિચય અને (૪) સંસ્થાન વિચય. એટલે કે આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાનની વિચારણા નિમિત્તે મનને જે એકાગ્ર કરવામાં આવે છે, તે એકાગ્રતાનું નામ જ ધર્મધ્યાન છે. આ નિમિત્તોના ભેદથી તેના ચાર પ્રકાર કહ્યા છે.

આ + જ્ઞા + વિચય = આજ્ઞાવિચય. "આ" અભિવિધિ અર્થમાં પ્રયુક્ત થયો છે. 'જ્ઞા' એટલે જાણવું. જેના દ્વારા પદાર્થને વિધિપૂર્વક જાણી શકાય છે, તેનું નામ "આજ્ઞા" છે. એવી તે આજ્ઞાને અહીં સર્વજ્ઞપ્રવચન રૂપે ગ્રહણ કરવામાં આવેલ છે. જે ધ્યાનમાં આ સર્વજ્ઞપ્રવચન રૂપ આજ્ઞાનો વિચાર કરવામાં આવે છે, એવા ધ્યાનને આજ્ઞાવિચય નામનું ધર્મધ્યાન કહે છે. અથવા–કોઈ પણ પદાર્થનો વિચાર કરતી વખતે એવું મનન કરવું કે આ વિષયમાં જિનદેવની જે આજ્ઞા છે, એ જ પ્રમાણભૂત છે, અથવા તે વિષે સર્વજ્ઞ પુરુષની શી આજ્ઞા છે અથવા શી આજ્ઞા હોવી જોઈએ તેની ખાતરી કરવા માટે મનમાં જે વિચારધારા (પ્રણિધાન) ચાલુ થાય છે તેને જ આજ્ઞા વિચય ધર્મધ્યાન કહે છે. "आज्ञा विजय" આ પ્રકારની આજ્ઞાવિચયની સંસ્કૃત છાયાને આધારે આ અર્થ નક્કી કરવામાં આવ્યો છે.

શારીરિક અને માનસિક દુઃખોનું નામ 'અપાય' છે. તે અપાયનું જે ધ્યાનમાં પ્રણિધાન (ચિન્તન) કરવામાં આવે છે, તે ધ્યાનને અપાયવિચય ધર્મધ્યાન કહે છે. એટલે કે આ શારીરિક અને માનસિક દુઃખોમાંથી કેવી રીતે મુક્ત થઈ શકાય તેનો વિચાર કરવામાં ચિત્તને એકાગ્ર કરવું તેનું નામ અપાયવિચય ધર્મધ્યાન છે. આ અપાયવિચય ધર્મધ્યાનમાં જીવને એવો વિચાર થયા કરે છે કે "રાગદ્વેષ આદિને કારણે જ આ શારીરિક અને માન-સિક દુઃખો ઉત્પન્ન થાય છે. આ રાગદ્વેષ જ આલોક અને પરલોકમાં જીવનું અકલ્યાણ કરે છે. તેને કારણે જ અનેક પ્રકારના અનર્થ પેદા થાય છે." આ પ્રકારનું જે ધ્યાન છે તેને પણ અપાયવિચય ધર્મધ્યાન કહે છે. અથવા–જે જીવ સન્માર્ગને બદલે મિથ્યામાર્ગે ચડેલો હોય, એવો જીવ મિથ્યામાર્ગેથી છુટવાને માટે મનમાં જે સતત વિચાર કર્યા કરે છે તેને પણ અપાયવિચય ધર્મધ્યાન કહે છે.

વિશિષ્ટ પરિશીલન ( ફળ ) નું નામ વિપાક છે. એટલે કે જ્ઞાનાવરણીય આદિ કર્મોના ફળનો જેમાં વિચાર થાય છે, એવા ધ્યાનને વિપાકવિચય ધર્મ-ધ્યાન કહે છે. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-જે જે વિપાકનો અનુભવ કરવામાં આવે તે તે વિપાકને અનુલક્ષીને એવો વિચાર કરવો કે કયા કર્મના ફલસ્વરૂપે હું આ વિપાક ( ફલ ) અનુભવી રહ્યો છું, તથા અમુક કર્મનો અમુક વિપાક સંભવી શકે છે, આ પ્રકારના વિચારમાં મનને એકાગ્ર કરવું તેનું નામ વિપાકવિચય ધર્મધ્યાન છે. અથવા-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવની અપેક્ષાએ કર્મ કેવાં કેવાં ફળ આપે છે તેનો સતત વિચાર કરવો તેનું નામ વિપાકવિચય ધર્મધ્યાન છે. " સંસ્થાનવિચય " લોકનો તથા દ્વીપ સમુદ્રોનો જે આકારવિશેષ છે, તેનું નામ સંસ્થાન છે. જે ધ્યાનમાં તે સંસ્થાનનો સતત વિચાર કરવામાં આવે છે, તે ધ્યાનને સંસ્થાનવિચય ધર્મધ્યાન કહે છે. એટલે કે લોક આદિના સ્વરૂપનો વિચાર કરવામાં મનને એકાગ્ર કરવું તેનું નામ 'સંસ્થાનવિચય' છે. કહ્યું પણ છે કે-" आप्तवचनम् " ઇત્યાદિ—

ધર્મધ્યાનના આજ્ઞા-રુચિ આદિ જે ચાર લક્ષણો કહ્યાં છે તેનું હવે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—(૧) અર્થ, સૂત્ર અને તદુભયમાં (તે બન્નેમાં) શ્રદ્ધા રાખવી, અથવા ભગવાનની આજ્ઞામાં રુચિ હોવી તેનું નામ આજ્ઞારુચિ છે. (૨) અર્થ, સૂત્ર આદિમાં સ્વભાવતઃ જે રુચિ હોય છે તેનું નામ નિસર્ગ રુચિ છે. (૩) સર્વજ્ઞ પ્રણીત આગમ પ્રત્યે જે રુચિ હોય છે, તેનું નામ સૂત્ર-રુચિ છે. (૪) સાધુના ઉપદેશ પ્રત્યે જે રુચિ હોય છે, તેનું નામ અગાઢરુચિ છે. કહ્યું પણ છે કે-" आगमउवएसेणं " ઇત્યાદિ—

ધર્મધ્યાનના આલંબન ( આધાર ) ચાર છે-(૧) " વાચના " વિનીત શિષ્યને કર્મનિર્જરાર્થે સૂત્રોપદેશ આદિ દેવું તેનું નામ વાચના છે. (૨) પહેલાં જેનું અધ્યયન કર્યું હોય એવા સૂત્રમાં જે જે શંકાઓ ઉદ્ભવે તે તે શંકાઓ ગુરુ પાસે પ્રશ્નરૂપે પ્રકટ કરીને તેમનું નિવારણ કરવું, તેનું નામ પ્રચ્છના છે. (૩) પૂર્વાધીત સૂત્ર વિસ્મૃત થઈ ન જાય તે માટે ફરી ફરીને તેનું પઠન કરતા રહેવું તેનું નામ પરિવર્તના છે. (૪) સૂત્રાર્થ સંબંધી વિચારને અનુપ્રેક્ષા કહે છે. તે અનુપ્રેક્ષાના પણ ચાર ભેદ છે-(૧) એકાનુપ્રેક્ષા-આત્મા એક છે, અસહાય છે એવી ભાવના રાખવી તેનું નામ એકાનુપ્રેક્ષા છે. તે એકાનુપ્રેક્ષા આ પ્રકારની કહી છે-" एगोऽहं नत्थि मे कोई " ઇત્યાદિ-(૨) સંસારના જેટલા પદાર્થો છે તે બધાં પર્યાયદષ્ટિએ અનિત્ય છે એવી ભાવનાનું નામ અનિત્યાનુપ્રેક્ષા છે. કહ્યું પણ છે કે-" कायः सन्निहितापायः " ઇત્યાદિ. (૩)

આ સંસારમાં આત્માનો કોઇ રક્ષક નથી, એ પ્રકારની ભાવના રાખવી તેનું નામ અશરણાનુપ્રેક્ષા છે. કહ્યું પણ છે-" जन्म जरा " ઇત્યાદિ (૪) આ જીવ કર્મને અધીન રહીને ચાર ગતિવાળા સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે, એવો વિચાર કરવો તેનું નામ સંસારાનુપ્રેક્ષા છે. કહ્યું પણ છે કે-" माता भूत्वा " ઇત્યાદિ. " એવી કોઈ પણ પર્યાય નથી કે જ્યાં આત્માએ જન્મ-મરણ અનુભવ્યા ન હોય, " આ પ્રકારની ભાવના સંસાર અનુપ્રેક્ષામાં પ્રધાન રહે છે. એ જ વાત " माता भूत्वा " ઇત્યાદિ શ્લોકમાં પ્રકટ કરવામાં આવી છે.

હવે શુકલધ્યાનનું નિરૂપણ કરવામાં આવે છે-ભેદ, લક્ષણ, આલમ્બન અને અનુપ્રેક્ષારૂપ ચાર બાબતોની અપેક્ષાએ વિચારણીય હોવાથી તેના ચાર પ્રકાર કહ્યા છે. શુકલધ્યાનના પૃથકત્વવિતર્ક સવિચાર આદિ ચાર પ્રકારનું હવે નિરૂપણ કરવામાં આવે છે—

આ પૃથકત્વવિતર્ક સવિચારમાં શ્રુતજ્ઞાનનો આધાર લઇને વિવિધ દૃષ્ટિ-ઓથી વિચાર કરવામાં આવે છે, તેથી તેને પૃથકત્વવિતર્ક રૂપે પ્રકટ કર્યું છે. અને તેમાં અર્થ, વ્યંજન આદિની અપેક્ષાએ સંક્રમણ થતું જ રહે છે, તેથી તે 'વિચારસહિત' વિશેષણ લગાડવાને પાત્ર બન્યું છે. આ રીતે આ ધ્યાનનું પૂરૂં નામ 'પૃથકત્વવિતર્ક સવિચાર' પડયું છે. એ જ વાતને સૂત્રકારે આ સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરી છે—

" पृथक्-भिन्नम् तस्य भावः पृथक्त्वम् भेदोऽनेकत्वम्, वितर्कः पूर्वगत-श्रुतालम्बनः नानानयाऽनुरूपः-विकल्पो यत्र तत्तथा " ઇત્યાદિ.

વિતર્ક એટલે શ્રુત એટલે અર્થ સંક્રાન્તિ, વ્યંજન સંક્રાન્તિ અને યોગ સંક્રાન્તિનું નામ વિચાર છે. આ પ્રમાણે વિચાર અને વિતર્કનો ભેદ સમજાવવામાં આવે તો આ ભેદોનું સ્પષ્ટીકરણ થઈ જાય છે. કહ્યું પણ છે કે—

" उप्पाय ठिई भंगाइ " ઇત્યાદિ—

આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-ઉપશમ શ્રેણી ક્ષપક શ્રેણીપર આરોહણ કરનારો કોઇ એક પૂર્વજ્ઞાનધારી મનુષ્ય શ્રુતજ્ઞાનને આધારે કોઈ પણ પરમાણુ આદિ જડનું અથવા આત્મારૂપ ચેતનદ્રવ્યનું ચિન્તન કરે છે અને એવું કરતો તે મનુષ્ય તેનું દ્રવ્યાર્થિક દૃષ્ટિથી કે પર્યાયાર્થિક દૃષ્ટિથી ચિન્તન કરે છે. દ્રવ્યાર્થિક દૃષ્ટિએ વિચાર કરતી વખતે તે પુદ્ગલાદિ દ્રવ્યોમાં કઇ દૃષ્ટિએ સામ્ય છે અને તેમના અવાન્તર ભેદો ( પ્રભેદો ) પણ કઇ રીતે થઈ શકે છે, ઇત્યાદિ વાતોનો વિચાર કરે છે. પર્યાયાર્થિક દૃષ્ટિએ જ્યારે તે તેમનો વિચાર કરે છે ત્યારે તે તેમની વર્તમાનકાલિક વિવિધ અવસ્થાઓનો વિચાર કરે છે. અને શ્રુતજ્ઞાનને આધારે તે જીવ કયારેક એક દ્રવ્યરૂપ અર્થપરથી બીજા અર્થ પર, એક દ્રવ્યરૂપ અર્થપરથી કોઈ એક પર્યાયરૂપ અર્થપર, એક પર્યાયરૂપ અર્થપરથી બીજી પર્યાયરૂપ અર્થપર અથવા એક પર્યાયરૂપ અર્થપરથી કોઇ

એક દ્રવ્યરૂપ અર્થપર જ્ઞાનધારાને સંક્રમિત કરીને ચિન્તનને માટે પ્રવૃત્ત થાય છે. એ જ પ્રમાણે કયારેક અર્થપરથી વ્યંજન ( અર્થ પ્રકાશક શબ્દ ) પર, અને શબ્દપરથી અર્થપર, અથવા કોઈ એક શબ્દપરથી બીજા શબ્દ પર ચિન્તનને માટે પ્રવૃત્ત થાય છે. તથા એવું કરતો તે મનુષ્ય કયારેક મનોયોગ આદિ ત્રણે યોગોમાંથી કોઈ એક યોગનું આલંબન ( અવલંબન–આધાર ) લે છે, વળી તેને છોડી દઇને અન્ય યોગનું આલમ્બન લે છે, વળી તેને છોડીને બીજા કોઈ યોગનો આધાર લે છે, ત્યારે તેના દ્વારા જે સતત ચિન્તન કરવામાં આવે છે તેને ‘ પૃથકત્વ વિતર્ક સવિચાર ’ કહે છે.

“ एगत्त वियक्क ” ઈત્યાદિ—

જે ધ્યાનમાં પૂર્વગત શ્રુતને આધારે ઉત્પાત આદિ કોઇ એક પર્યાયનું અથવા દ્રવ્યનું જ ચિન્તવન કરવામાં આવે છે, અને તે ચિન્તવન કરતી વખતે તે જીવે જે દ્રવ્ય કે પર્યાય કે શબ્દ અથવા યોગનું આલમ્બન લીધું હોય તે જેમાં બદલતો નથી, એવા ધ્યાનને ‘ એકત્વ વિતર્ક સવિચાર ’ કહે છે. જેવી રીતે નિર્વાત સ્થાનમાં રાખેલા દીપકની જ્યોત અવિચલિત રહે છે, એ જ પ્રમાણે આ પ્રકારના ધ્યાનીના ધ્યાનની ધારા એક સરખી વહેતી રહે છે. કહ્યું પણ છે કે–“ जं पुण सुनिप्पकंपं ” ઈત્યાદિ. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—

જ્યારે જીવ ક્ષીણમોહ ગુણસ્થાનને પ્રાપ્ત કરીને શ્રુતરૂપ વિતર્કને આધારે કોઇ એક દ્રવ્ય અથવા પર્યાયનું ચિન્તન કરે છે, અને ચિન્તન કરતી વખતે તેણે જે અર્થ, વ્યંજન કે યોગનું અવલમ્બન લીધું હોય તેમાંથી સંક્રમણ કરતો નથી, ત્યારે તેના તે ધ્યાનને “ એકત્વ વિતર્ક શુકલ ધ્યાન ” કહે છે. આ ધ્યાનના પ્રભાવથી જીવ ઘાતિકર્મોની શેષ પ્રકૃતિઓનો ક્ષય કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. આ પ્રકારના શુકલધ્યાનનું આ બીજા પ્રકારનું સ્વરૂપ છે.

“ सूक्ष्मक्रिया ऽ निवर्ति–જે ધ્યાનમાં ઉચ્છ્વાસ આદિ કાયિકીક્રિયા સૂક્ષ્મ રહે છે–એટલે કે સર્વજ્ઞ દેવ યોગનિરોધ કરતી વખતે બીજા બધા યોગોનો

અભાવ કરીને માત્ર સૂક્ષ્મકાય યોગમાં જ પ્રવૃત્ત રહે છે, ત્યારે સૂક્ષ્મક્રિયા નિવર્તિધ્યાન થાય છે. ત્યારે કાયવર્ગણાઓના નિમિત્તરૂપ આત્મપ્રદેશોના અતિ સૂક્ષ્મ પરિસ્પન્દ જ બાકી રહે છે, તેથી તેનું નામ 'સૂક્ષ્મક્રિયાનિવર્તિધ્યાન' પડયું છે. નિર્વાણગમન કાળે મનવચન યોગનો નિરોધ થઈ જવાથી અને કાયયોગને અર્ધનિરોધ થઇ જવાથી કેવલીનો જીવ આ પ્રકારના ધ્યાનથી યુક્ત બને છે. આ ધ્યાનની ધારા છૂટતી નથી, કારણ કે તેમાં પ્રવર્દ્ધમાનતર પરિણામ હોવાથી તે ધ્યાન એકવાર પ્રાપ્ત થયા બાદ છૂટી જતું નથી. તે ધ્યાનને અનિવર્તિરૂપ કહ્યું છે—કહ્યું પણ છે કે-"निव्वाण गमणकाले" ઇત્યાદિ—

હવે સમુચ્છિન્ન ક્રિયાતિપાતિ શુકલધ્યાનના સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવે છે—શૈલેશીકરણમાં યોગોનો નિરોધ થવાને કારણે જે ધ્યાનમાં કાયિક આદિ વ્યાપારરૂપ ક્રિયા સમુચ્છિન્ન (બિલકુલ ક્ષીણ) થઇ જાય છે, તે ધ્યાનને સમુચ્છિન્ન ક્રિયાતિપાતિધ્યાન કહે છે આ ધ્યાન પ્રતિપતનના સ્વભાવથી પણ રહિત હોય છે, તેથી તેને અપ્રતિપ્રાતિધ્યાન કહ્યું છે. એ જ વાત સૂત્રકારે "तस्सेव सेलेसीगयस्स" ઇત્યાદિ સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરી છે.

આ ધ્યાનનો ઉદય થતાની સાથે જ સાતાવેદનીય કર્મનો આસ્રવ બંધ થઈ જાય છે, અને આખરે બાકીના સમસ્ત કર્મોનો ક્ષય થઈ જવાથી મોક્ષ પ્રાપ્ત થઈ જાય છે. આ છેલ્લા બે શુકલધ્યાનમાં એવો ક્રમ છે કે કેવલી ભગવાન અન્તર્મુહૂર્ત ભાવી પરમપદના સદ્ભાવમાં ભવોપગ્રાહિ-વેદનીય, આયુ, નામ અને ગોત્ર આ ચાર કર્મોનો સમુદ્ઘાત દ્વારા, અથવા નિસર્ગથી (નૈસર્ગિક રીતે) સમસ્થિતિક થઇ જાય ત્યારે યોગનિરોધ કરે છે. તે ક્રમ આ પ્રમાણે છે-"पज्जत्तमेत्त सन्निस्स" ઇત્યાદિ-શૈલ એટલે પર્વત. વિશાળતા ઉંચાઈ

આદિની અપેક્ષાએ જે સઘળા પર્વતોનો સ્વામી છે-સઘળા પર્વતોમાં શ્રેષ્ઠ છે, તેને શૈલેશ કહે છે. એવો પર્વત મેરુ છે. જે ભાવનામાં (અવસ્થામાં) તે મેરુ સમાન નિષ્પ્રકમ્પન હોય છે, તે ભાવનાને શૈલેશી ભાવના અથવા શૈલેશી અવસ્થા કહે છે. મન, વચન અને કાયના સકળ વ્યાપારોનો જેણે નિરોધ કર્યો હોય છે એવો જીવ જ શૈલેશી અવસ્થા પ્રાપ્ત કરી શકે છે.

શુકલધ્યાનના લક્ષણો આ પ્રમાણે છે—(૧) "अव्यथम्" આ ધ્યાન વખતે ધ્યાનીની વ્યથાનો અભાવ થઈ જાય છે. દેવાદિકૃત ઉપસર્ગને જ અહીં વ્યથા સમજવી જોઇએ. તે ભયથી વિચલિત ન થવું તે શુકલધ્યાનનું પહેલું લક્ષણ છે, અહીં તે લક્ષણને "અવ્યથ" પદથી પ્રકટ કર્યું છે.

(૨) "असम्मोहः" મૂઢતાનું નામ સંમોહ છે, અને તેના અભાવને અસંમોહ કહે છે. એટલે કે દેવાદિકૃત માયાજનિત મૂઢતાનો અથવા સૂક્ષ્મ પદાર્થ વિષયક મૂઢતાનો અભાવ થઈ જવો તેનું નામ અસંમોહ છે.

"विवेकः" જેમ હંસ પાણીમાંથી દૂધને અલગ કરી નાખે છે, એ જ પ્રમાણે બુદ્ધિ દ્વારા દેહથી આત્માને અલગ કરવો, અને આત્મામાંથી સર્વ સંયોગોને અલગ કરી નાખવા તેનું નામ વિવેક છે.

(૪) "विउसग्गो-વ્યુત્સર્ગ"- વિશેષ રૂપે સર્વ વિષયોમાંથી નિઃસંગ થઈ જવાને કારણે દેહ અને ઉપધિઓનો ત્યાગ કરવો તેનું નામ વ્યુત્સર્ગ છે. અહીં આ પ્રકારની ગાથાઓ છે-"चालिज्जइ बीभेइव धीरो" ઇત્યાદિ.

શુકલધ્યાનના આ ચાર અવલંબનો કહ્યા છે-"सुक्कस्स" ઇત્યાદિ. (૧) "खंती" ક્ષાન્તિ (ક્ષમા), (૨) મુક્તિ-નિર્લોભતા, (૩) આર્જવ-સરલતા અને (૪) માર્દવ-મૃદુતા. એ જ વાત નીચેની ગાથા દ્વારા સૂત્રકારે પ્રકટ કરી છે-"अहखंति-मद्दव-ज्जव" ઈત્યાદિ—

શુકલધ્યાન સંબંધી અનુપ્રેક્ષાઓ નીચે પ્રમાણે છે—(૧) અનંતવર્તિતા, (૨) વિપરિણામાનુપ્રેક્ષા, (૩) અશુભાનુપ્રેક્ષા અને (૪) અપાયાનુપ્રેક્ષા. અનંત થઇને જે રહે છે તે અનંતવર્તી છે. એવો અનંતવર્તી ભવપ્રવાહ છે. તે ભવપ્રવાહનો જે ભાવ છે, તે અનંતવર્તિતા છે. તે અનંતવર્તિતાની જે ભાવના છે તેનું નામ જ અનંતવર્તિતા અનુપ્રેક્ષા છે. અથવા "अनन्त वृत्तितानुप्रेक्षा" આ પ્રકારની અનંતવર્તિતા અનુપ્રેક્ષાની સંસ્કૃત છાયાની અપેક્ષાએ તેના અર્થનો વિચાર કરવામાં આવે તો તેનો આ પ્રમાણે અર્થ થશે—

જેનો અંત અવિદ્યમાન હોય તેને અનંત કહે છે. એવી અનંત રૂપ જે વૃત્તિ જે ભવસન્તાન પરંપરાની છે, તેનું નામ અનંતવૃત્તિ છે. તેનો જે ભાવ છે તેનું નામ અનંતવૃત્તિતા છે. તે અનંતવૃત્તિતાની જે અનુપ્રેક્ષા છે તેનું નામ "અનંતવૃત્તિતા અનુપ્રેક્ષા" છે. એટલે કે જીવના ભવપ્રમાણનો વારંવાર

વિચાર કર્યા કરવો એજ અનંતવૃત્તિતા અથવા અનંતવર્તિતા અનુપ્રેક્ષા છે. જેમકે " एस अणाई जीवो " ઈત્યાદિ-આ જીવ અનાદિ છે, અને આ સંસાર દુસ્તર સાગર જેવો છે. આ જીવ અનાદિકાળથી નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિમાં ભ્રમણ કર્યા કરે છે, આ પ્રકારના વિચારને જ અનંતવૃત્તિતા અનુપ્રેક્ષા કહે છે. આ પ્રમાણે અનુપ્રેક્ષાના પહેલા ભેદનું કથન કરીને હવે બીજા ભેદનું નિરૂપણ કરવામાં આવે છે-" विप्परिणामाणुप्पेहा " વિપરિણામાનુપ્રેક્ષા—

અવસ્થાન્તર પ્રાપ્તિનું નામ પરિણામ છે. અનેક પ્રકારનાં જે પરિણામ છે તેમનું નામ વિપરિણામ છે. આ વિપરિણામોની અપેક્ષાએ પદાર્થોની વિવિધ અવસ્થાઓનો-( કે જે પ્રતિક્ષણ તે પદાર્થોમાં થઇ રહી હોય છે ) વિચાર કરવો તેનું નામ " વિપરિણામા અનુપ્રેક્ષા " છે. જેમકે " सव्वट्ठाणाइं " ઈત્યાદિ—

" असुहाणुप्पेहा " " અશુભા અનુપ્રેક્ષા " નો ભાવાર્થ આ પ્રમાણે છે પ્રશસ્તને શુભ કહે છે. જે એવું પ્રશસ્ત નથી તેને અશુભ કહે છે. તે અશુભ શબ્દ અશુભતાનો વાચક છે. તે અશુભતાની જે અનુપ્રેક્ષા છે તેને ' અશુભા અનુપ્રેક્ષા કહે છે. જેમકે " धी संसारो " ઈત્યાદિ—

હવે ચોથા પ્રકારની અનુપ્રેક્ષા પ્રકટ કરવામાં આવે છે-" अवायाणुप्पेहा " અપાયાનુપ્રેક્ષા-મનોયોગ, વચનયોગ અને કાયયોગ રૂપ આસ્રવોના અપગમનની (નિરોધની) જે ભાવના છે, તે ભાવનાને ' અપાયા અનુપ્રેક્ષા ' કહે છે. અથવા-પ્રાણાતિપાત આદિ દ્વારા થયેલા કર્માસ્રવોના અનર્થોનો વારંવાર જે વિચાર કરવામાં આવે છે, તેને અપાયાનુપ્રેક્ષા કહે છે. જેમકે " कोहायमाणोय " ઈત્યાદિ-એટલે કે ક્રોધ, માન, માયા અને લોભ, આ ચાર કષાયો પુનર્ભવના મૂલનું સિંચન કરે છે, આ પ્રકારની ભાવનાનું નામ જ અપાયાનુપ્રેક્ષા છે. આ પ્રકારે સૂત્રકારે આ સૂત્રમાં ચતુર્વિધ ધ્યાનનું નિરૂપણ કર્યું છે. ॥ સૂ. ૯ ॥

ધ્યાનના પ્રભાવથી જીવને દેવપદની પણ પ્રાપ્તિ થાય છે. તેથી હવે સૂત્રકાર દેવસ્થિતિના ભેદોનું નિરૂપણ કરે છે—

## ભેદ સહિત દેવોંકી સ્થિતીકા નિરૂપણ

" चउव्विहा देवाणं ठिई पण्णत्ता " ઈત્યાદિ—

સૂત્રાર્થ-દેવોની સ્થિતિ ચાર પ્રકારની કહી છે-(૧) દેવ,(૨) દેવસ્નાતક, (૩) દેવપુરોહિત અને (૪) દેવપ્રજ્વલન.

સંવાસ ચાર પ્રકારનો કહ્યો છે-(૧) એક દેવનો એક દેવીની સાથે સંવાસ, (૨) એક દેવનો છવિની ( શરીરયુક્ત નારીની ) સાથે સંવાસ. (૩) છવિનો ( વૈક્રિય શરીરનો ) દેવીની સાથે સંવાસ અને (૪) છવિનો ( વૈક્રિય શરીરનો ) છવિ સાથે ( વૈક્રિય શરીર સાથે ) સંવાસ.

હવે આ સૂત્રનો ભાવાર્થ પ્રકટ કરવામાં આવે છે—અહીં " સ્થિતિ " પદ આયુના અર્થમાં વપરાયું નથી, પણ મર્યાદાના અર્થમાં વપરાયું છે. દેવોની આ મર્યાદારૂપ સ્થિતિ ચાર પ્રકારની કહી છે. (૧) કોઈ એક સામાન્ય દેવ. અહીં " નામ " પદ વાકયાલંકાર રૂપે વપરાયું છે. એ જ પ્રમાણે આગળ પણ સમજી લેવું. (૨) દેવસ્નાતક એટલે પ્રધાન ( મુખ્ય ) દેવ. જેમકે ઈન્દ્રાદિને આ પ્રકારમાં મૂકી શકાય. (૩) કોઇક દેવ દેવોનો પુરોહિત પણ હોય છે. શાન્તિ આદિ કર્મકારી દેવપુરોહિત હોય છે. (૪) દેવસ્તુતિ પાઠક દેવને દેવ પ્રજવલન કહે છે.

દેવવિશેષના સંવાસનું નિરૂપણ—દેવનું દેવીની સાથે મૈથુન સેવન કરવા માટે જે સહાવસ્થાન થાય છે, તેનું નામ સંવાસ છે. તે સંવાસના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે-(૧) કોઇ એક દેવનું કોઈ એક દેવી સાથે મૈથુન સેવન કરવા માટે જે સહાવસ્થાન થાય છે તેને પ્રથમ પ્રકારનો સંવાસ કહે છે. હવે બીજા પ્રકારના સંવાસનું નિરૂપણ કરવામાં આવે છે—આ સંવાસમાં " છવિ " પદ શરીરના અર્થમાં વપરાયું છે. શરીર અને શરીરવાળાની વચ્ચે અભેદ સંબંધની અપેક્ષાએ ' છવિ ' પદનો અર્થ અહીં શરીરવાળી નારી અથવા તિર્યંચિણી સમજવો જોઇએ. આમ તો ' છવિ ' પદનો અર્થ ત્વચા ચામડી થાય છે, પરન્તુ ત્વચાના યોગથી અહીં ઔદારિક શરીર જ ગ્રહણ થવું જોઇએ. આ ઔદારિક શરીરનો સદ્ભાવ સ્ત્રી અને તિર્યંચણીમાં જ હોય છે. એટલે બીજા પ્રકારનો સંવાસ આ પ્રકારનો સમજવો—

કોઈક દેવ મનુષ્ય જાતિની સ્ત્રી અથવા તિર્યંચિણી ( તિર્યંચ જાતિની સ્ત્રી ) સાથે સંવાસ કરે છે. (૩) કોઇક દેવ પોતાથી વૈક્રિય શક્તિથી ઔદારિક શરીરધારી પુરુષ અથવા તિર્યંચનું રૂપ ધારણ કરીને દેવીની સાથે સંવાસ કરી શકે છે. (૪) સંવાસનો ચોથો પ્રકાર-કોઈ એક દેવ વૈક્રિયશક્તિ દ્વારા ઔદારિક શરીરવાળા મનુષ્ય અથવા તિર્યંચનું રૂપ લઇને વૈક્રિયશક્તિ દ્વારા વિકુર્વિત કરેલી દેવીની સાથે, અથવા તિર્યગ્લોકમાં રહેલી ઔદારિક શરીરવાળી નારીની સાથે અથવા તિર્યંચિણી સાથે સંવાસ કરી શકે છે. ॥ સૂ. ૧૦ ॥

ઉપરના સૂત્રમાં જે સંવાસનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તે વેદરૂપ ઉદયથી ઉત્પન્ન થાય છે. આ સંબંધને અનુલક્ષીને હવે સૂત્રકાર મોહના વિષય-ભૂત કષાયના ભેદોનું નિરૂપણ કરે છે—“ चत्तारि कसाया पण्णत्ता ” ઈત્યાદિ—

કષાયના ચાર પ્રકાર કહ્યા છે-(૧) ક્રોધકષાય, (૨) માનકષાય, (૩) માયા કષાય અને (૪) લોભકષાય. આ ચારે કષાયોનો સદ્ભાવ નારકથી લઇને વૈમાનિક પર્યન્તના જીવોમાં હોય છે. ક્રોધકષાય ચતુષ્પ્રતિષ્ઠિત કહ્યો છે-જેમકે (૧) આત્મપ્રતિષ્ઠિત ક્રોધ, (૨) પરપ્રતિષ્ઠિત ક્રોધ, (૩) તદુભય પ્રતિષ્ઠિત ક્રોધ અને (૪) અપ્રતિષ્ઠિત ક્રોધ. એ જ પ્રકારનું કથન નારકથી લઇને વૈમાનિકો પર્યન્તના જીવોમાં સમજી લેવું. એ જ પ્રમાણે માનકષાય, માયાકષાય અને લોભકષાયને ચતુષ્પ્રતિષ્ઠિત કહ્યા છે. નારકથી લઇને વૈમાનિક પર્યન્તના જીવોમાં આ ચારે કષાયોની ચતુષ્પ્રતિષ્ઠિતતાનો સદ્ભાવ સમજી લેવો જોઈએ.

ક્રોધની ઉત્પત્તિ નીચેના ચાર કારણે થાય છે-(૧) ક્ષેત્રને લઇને, (૨) વસ્તુને લીધે, (૩) શરીરને લીધે અને (૪) ઉપધિને લીધે. ક્રોધની ઉત્પત્તિના

આ ચાર કારણોનું કથન નારકથી લઇને વૈમાનિકો પર્યન્તના જીવોને વિષે પણ ગ્રહણ કરવું જોઇએ. એ જ પ્રમાણે માન, માયા અને લોભની ઉત્પત્તિનાં કારણો પણ સમજવા. વૈમાનિક પર્યન્તના જીવોને આ કથન લાગુ પાડી શકાય છે. બીજી રીતે પણ ક્રોધ ચાર પ્રકારનો કહ્યો છે-(૧) અનન્તાનુબંધી ક્રોધ, (૨) અપ્રત્યાખ્યાની ક્રોધ, (૩) પ્રત્યાખ્યાન સંબંધી ક્રોધ અને (૪) સંજવલન સંબંધી ક્રોધ. એ જ પ્રમાણે માન, માયા અને લોભના પણ ચાર પ્રકાર સમજવા. ક્રોધથી લઇને માન પર્યન્તના કષાયોની આ ચતુષ્પ્રકારતાનો નારકથી લઇને વૈમાનિકો પર્યન્તના જીવોમાં સદ્‌ભાવ સમજવો.

ક્રોધના આ રીતે પણ ચાર પ્રકાર પડે છે-(૧) આભોગનિવર્તિત, (૨) અનાભોગનિવર્તિત, (૩) ઉપશાન્ત અને (૪) અનુપશાન્ત. આ પ્રકારનું કથન નારકની લઇને વૈમાનિકો પર્યન્તના જીવો વિષે પણ મજવું. એ જ પ્રમાણે માન, માયા અને લોભના પણ ચાર પ્રકાર સમજવા. આ ચતુષ્પ્રકારતાનો સદ્‌ભાવ નારકથી લઇને વૈમાનિકો પર્યન્તના જીવોમાં પણ સમજવો.

વિશેષાર્થ—જે કર્મરૂપી ક્ષેત્રને સુખદુઃખ રૂપ ફલને યોગ્ય બનાવે છે, તે કષાય છે. અથવા જે જીવને કલુષિત ( મલિન ) બનાવે છે, તે કષાય છે. કહ્યું પણ છે કે-" सह दुक्ख बहुसस्सियं " ઈત્યાદિ. । ૧ ।

અથવા જે પ્રાણીની હત્યા કરે છે, તે કષાય છે. અથવા " કષ " એટલે કર્મ અથવા ભવ અને " આય " એટલે લાભ, આ રીતે કર્મ અથવા ભવનો જેનાથી લાભ થાય છે તેને કષાય કહે છે. તે કષાયના ક્રોધાદિ ભેદો છે અને તે કર્મ અથવા ભવના કારણરૂપ છે. કર્મ અને ભવ, આ બન્નેમાંથી કોઈ પ્રાપ્તિકારક કાર્યમાં ક્રોધાદિક કારણભૂત બને છે, તેથી કાર્યકારણમાં અભેદોપચાર સંબંધને અનુલક્ષીને કષાય પદથી ક્રોધાદિક ગૃહીત થયેલ છે. અથવા જે જીવને કષ ( કર્મ અથવા ભવ ) ની પ્રાપ્તિ કરાવે છે, તેનું નામ કષાય છે. તે કષાય ક્રોધાદિ રૂપ હોય છે. કહ્યું પણ છે કે-" कम्मं कसं भवो वा " ઈત્યાદિ.

કષાયના નીચે પ્રમાણે ચાર પ્રકાર છે-(૧) ક્રોધ, (૨) માન, (૩) માયા અને (૪) લોભ. કોપ કરવો તેનું નામ ક્રોધ છે. અથવા આત્મા જેના દ્વારા કોપ કરે છે તેનું નામ ક્રોધ છે. એવો તે ક્રોધ ક્રોધમોહનીયના ઉદયથી જનિત થયેલ સ્વ-પર સંતાપક ( પીડક ) જીવના એક પરિણામ વિશેષરૂપ હોય છે. અથવા મોહનીય કર્મ જ ક્રોધકષાય રૂપ છે. । ૧ ।

" હું જાતિ આદિ ગુણોથી સંપન્ન છું, " આ પ્રકારના જીવને જે અહંકાર થાય છે તેનું નામ માન છે. તે માનમોહનીયના ઉદયથી જનિત એવું અન્યનું અપમાન કરનારૂં આત્માનું પરિણામવિશેષ છે. । ૨ ।

માયાકષાય—તે માયામોહનીય કર્મના ઉદયથી જનિત અન્યને ઠગવારૂપ આત્માનું એક પ્રકારનું પરિણામવિશેષ છે.

લોભકષાય—આ કષાય લોભમોહનીય કર્મના ઉદયથી જનિત જીવના અસંતોષ પરિણામરૂપ હોય છે. આ ચારે પ્રકારના કષાયોનો સદ્ભાવ નારકથી લઇને વૈમાનિક પર્યન્તના ૨૪ દંડકના જીવોમાં હોય છે.

ક્રોધરૂપ પ્રથમ કષાય નીચેનાં ચાર સ્થાનોમાં પ્રતિષ્ઠિત થયેલો છે—(૧) આત્મપ્રતિષ્ઠિત-જીવ જ્યારે પોતાના અપરાધને કારણે પેદા થનારા આલોક સંબંધી અપાયોને અને પરલોક સંબંધી અપાયોને સમજી શકે છે, ત્યારે તેને પોતાના દુષ્કૃત્યો પ્રત્યે એક પ્રકારનો અણગમો ઉત્પન્ન થાય છે, આ રીતે પોતાની જાત પ્રત્યે જ તિરસ્કાર થવા રૂપ, અથવા પોતાના આત્માને જ ઠપકો આપવા રૂપ જે ક્રોધ ઉત્પન્ન થાય છે તેને આત્મપ્રતિષ્ઠિત ક્રોધ કહે છે. આ કથનનું તાત્પર્ય નીચે પ્રમાણે છે—

આત્મા જ્યારે કોઈ દુષ્કૃત્ય કરવાનું વલણ બતાવે છે, અથવા કોઈ દુષ્કૃત્ય કરી નાખે છે, ત્યારે જીવને પોતાની જાત પ્રત્યે જ એવી ક્રોધભરી પરિણતિ ઉત્પન્ન થાય છે કે "મેં આ શું કર્યું ? આ પ્રકારનું કૃત્ય મને શોભતું નથી." પોતાના આત્મા પ્રત્યેજ આ પ્રકારની ક્રોધભરી પરિણતિ ઉત્પન્ન થવી એનું નામ જ આત્મપ્રતિષ્ઠિત ક્રોધ છે.

પરપ્રતિષ્ઠિત ક્રોધકષાયનું નિરૂપણ-શાપ આદિ દ્વારા પરમાં જે ક્રોધકષાય ઉત્પન્ન કરાય છે, તેને પરપ્રતિષ્ઠિત ક્રોધકષાય કહે છે.

જે ક્રોધકષાય પોતાની અંદર અને પરની અંદર, એમ સ્વ-પર બંનેમાં પ્રતિષ્ઠિત હોય છે, તેને તદુભય પ્રતિષ્ઠિત ક્રોધકષાય કહે છે.

જે ક્રોધકષાય આક્રોશ આદિ કારણોની અપેક્ષા રાખ્યા વિના, માત્ર ક્રોધમોહનીયના ઉદયથી જનિત હોય છે, તેને અપ્રતિષ્ઠિત ક્રોધકષાય કહે છે. જો કે ક્રોધનો આ ચતુર્થ ભેદ જીવમાં પ્રતિષ્ઠિત હોય છે, છતાં પણ આત્માદિ વિષયોમાં અનુત્પન્ન હોવાને કારણે જ તેને અપ્રતિષ્ઠિત કહ્યો છે. સર્વથા રૂપે અપ્રતિષ્ઠિત કહ્યો નથી. જો તે સર્વથા અપ્રતિષ્ઠિત હોત તો "चतुष्प्रतिष्ठितः क्रोधः" આ કથન અસંગત બની જાત. એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવોમાં ક્રોધની આત્મપ્રતિષ્ઠિતતા આદિનો સદ્ભાવ ક્રોધપરિણામથી પરિણત થયેલા મરણથી ઉત્પન્ન થવાને કારણે સમજવો જોઇએ. એ જ પ્રમાણે નારકથી લઇને વૈમાનિક પર્યન્તના ૨૪ દંડકના જીવોનાં ક્રોધમાં પણ ચતુષ્પ્રતિષ્ઠિતતા સમજવી જોઇએ અને તેઓમાં ક્રોધાદિ ચાર કષાયોનો સદ્ભાવ સમજવો જોઇએ.

"एवं जाव लोहे वेमाणियाणं" જે પ્રકારે ક્રોધમાં ચતુષ્પ્રતિષ્ઠિતતા પ્રકટ કરવામાં આવી છે, એ જ પ્રમાણે માન, માયા અને લોભમાં પણ ચતુષ્પ્રતિષ્ઠિતતા સમજવી, અને નારકથી લઇને વૈમાનિક પર્યન્તના જીવોમાં માન, માયા અને લોભરૂપ કષાયોની અપેક્ષાએ પણ તે ચતુષ્પ્રતિષ્ઠિતતાનો સદ્ભાવ સમજવો.

હવે સૂત્રકાર એ વાતને પ્રકટ કરે છે કે ક્રોધ કયા કયા કારણોને લીધે ઉત્પન્ન થાય છે—" चउहिं." ઈત્યાદિ. નીચેના ચાર કારણોને લીધે ક્રોધની ઉત્પત્તિ થાય છે.

(૧) ક્ષેત્ર–નારકાદિક રૂપ ક્ષેત્રને કારણે ક્રોધ ઉત્પન્ન થાય છે.

(૨) સચેતનાદિ પદાર્થરૂપ વસ્તુને કારણે પણ ક્રોધ ઉત્પન્ન થાય છે.

(૩) દુરવસ્થા પામેલા શરીરને કારણે અથવા વિરૂપાવસ્થા પામેલા શરીરને કારણે પણ ક્રોધ ઉત્પન્ન થ.ય છે

(૪) ઉપકરણ રૂપ ઉપધિને કારણે પણ ક્રોધ ઉત્પન્ન થાય છે.

એકેન્દ્રિય જીવોમાં ક્રોધની ઉત્પત્તિ ભવાન્તરની અપેક્ષાએ સમજવી જોઇએ. " एवं णेरइयाणं " ઈત્યાદિ–ક્રોધોત્પત્તિના આ ચાર કારણોનું કથન નારકથી લઈને વૈમાનિક પર્યન્તના જીવોના વિષયમાં પણ ગ્રહણ થવું જોઇએ.

" एवं जाव लोहे वेमाणियाणं " જે પ્રમાણે ક્ષેત્રાદિકનો આધાર લઇને ક્રોધની ઉત્પત્તિના ચાર કારણોનું કથન કરવામાં આવ્યું છે, એ જ પ્રમાણે માન, માયા અને લોભની ઉત્પત્તિ પણ ક્ષેત્રાદિક ચાર કારણોને લીધે જ થાય છે એમ સમજવું. એટલે કે માન, માયા અને લોભની ઉત્પત્તિના પણ નીચે પ્રમાણે ચાર કારણો જ સમજવા જોઇએ—(૧) નારકાદિ ક્ષેત્રરૂપ કારણ, (૨) વસ્તુરૂપ કારણ, (૩) શરીરરૂપ કારણ અને (૪) ઉપધિરૂપ કારણ આ કથન નારકથી લઇને વૈમાનિક પર્યન્તના સમસ્ત જીવોના ક્રોધાદિક કષાયોની ઉત્પત્તિના કારણો વિષે ગ્રહણ થવું જોઇએ.

હવે સૂત્રકાર ક્રોધાદિકોમાં ચતુર્વિધતાનું કથન બીજી રીતે કરે છે— " चउव्विहे कोहे " ક્રોધના બીજી રીતે પણ ચાર પ્રકાર પડે છે—

(૧) અનન્તાનુબંધી ક્રોધ—" अविद्यमानोऽवधिर्यस्य सोऽनन्तः " જેની અવધિ વિદ્યમાન નથી તેને અનંત કહે છે. એવો અનંત સંસાર છે. એવા

સંસારમાં ભ્રમણ કરાવવાનો જેનો સ્વભાવ છે તેને અનંતાનુબંધી કહે છે. એવો અનંતાનુબંધી જે ક્રોધ છે તેને અનંતાનુબંધી ક્રોધ કહે છે. અથવા ભવપરમ્પરા રૂપ અનંતાનુબંધ જેના કારણે જીવને થઈ જાય છે, તેને અનંતાનુબંધી કહે છે તે અનંતાનુબંધના કારણભૂત જે ક્રોધ છે તેને અનંતાનુબંધી ક્રોધ કહે છે.

(૨) अपच्चक्खाणे कोहे " અપ્રત્યાખ્યાન ક્રોધનું નિરૂપણ—જે જીવમાં અણુવ્રતાદિ પ્રત્યાખ્યાનનો સદ્ભાવ હોતો નથી, તે જીવને અપ્રત્યાખ્યાન કહે છે. એવા જીવના ક્રોધને અપ્રત્યાખ્યાન ક્રોધ કહે છે. એટલે કે જે ક્રોધ દેશવિરતિનો આવારક (નિરોધક) હોય છે, તે ક્રોધને અપ્રત્યાખ્યાન ક્રોધ કહે છે.

(૩) " पच्चक्खाणावरणे कोहे " પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ—સર્વવિરતિ રૂપ પ્રત્યાખ્યાનને જે આચ્છાદિત કરે છે, તે પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ છે. એટલે કે સર્વવિરતિનો નિરોધ કરનારો જે ક્રોધ છે તેને પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ કહે છે.

(૪) " संजलणे कोहे " સંજવલન ક્રોધ—જે ક્રોધ યથાખ્યાત ચારિત્રનો નિરોધક હોય છે તેને સંજવલન ક્રોધ કહે છે. " સંજવલન " એટલે " અલ્પતર " આ ક્રોધ યથાખ્યાત ચારિત્રનો સદ્ભાવ થવા દેતો નથી. " नेरइयाणं जाव वेमाणियाणं " આ પ્રકારના અનન્તાનુબંધી આદિ ચાર ભેદવાળા ક્રોધનો સદ્ભાવ નારકથી લઈને વૈમાનિક પર્યન્તના ૨૪ દંડકના જીવોમાં પણ હોય છે, એમ સમજવું. " एवं जाव लोहे वेमाणियाणं " જેમ ક્રોધના અનન્તાનુબંધી આદિ ચાર ભેદ કહ્યા છે, તેમ માન, માયા અને લોભના પણ અનન્તાનુબંધી આદિ ચાર ચાર ભેદો સમજવા, અને તે પ્રત્યેક કષાયના આ ચારે ભેદોનો સદ્ભાવ નારકથી લઈને વૈમાનિક પર્યન્તના જ દંડકોના જીવોમાં પણ હોય છે, એમ સમજવું જોઈએ.

અનન્તાનુબંધી આદિનું સ્પષ્ટીકરણ કરતી ગાથાઓ નીચે પ્રમાણે છે—
" अनन्तान्यनुबध्नन्ति " આ ગાથાઓનો ભાવાર્થ ઉપર સ્પષ્ટ કરવામાં આવ્યો છે. છતાં અહીં તેમનો ભાવાર્થ સંક્ષિપ્તમાં આપવામાં આવે છે-જીવ જેમના ઉદયમાં પોતાના સંસારને અનન્ત કરી નાખે છે, તે અનન્તાનુબંધી ક્રોધાદિ કષાયો જ છે. જેના ઉદયમાં શ્રાવકના દેશવિરતિ રૂપ ચારિત્રનો સદ્‌ભાવ રહેતો નથી, તેનું નામ અપ્રત્યાખ્યાન ક્રોધાદિ કષાયો છે. જેને કારણે શ્રાવકના દેશ વિરતિરૂપ ચારિત્રનો સદ્‌ભાવ રહેતો નથી તેનું નામ પ્રત્યાખ્યાન ક્રોધાદિ કષાયો છે. જેના કારણે યથાખ્યાત ચારિત્રનો સદ્‌ભાવ રહેતો નથી એવાં સંજવલન ક્રોધાદિ કષાયો છે.

હવે સૂત્રકાર એ વાત પ્રકટ કરે છે કે ક્રોધાદિક કષાયોના નીચે પ્રમાણે ચાર પ્રકાર પણ પડે છે—(૧) આભોગનિવર્તિત–" अणाभोगणिव्वत्तिए " ઈત્યાદિ—(૨) અનાભોગ નિવર્તિત ક્રોધ–અનાભોગ એટલે અજ્ઞાન. તે અજ્ઞાનને લીધે જે ક્રોધ નિવર્તિત ( ઉત્પન્ન ) થાય છે, તે ક્રોધને અનાભોગ નિવર્તિત ક્રોધ કહે છે. જીવ અજ્ઞાતાવસ્થામાં આ પ્રકારનો ક્રોધ કરે છે. આ રીતે અજ્ઞાતા-વસ્થામાં જે ક્રોધ થાય છે તેને અનાભોગ નિવર્તિત ક્રોધ કહે છે.

જે ક્રોધ અનુદય અવસ્થાવાળો હોય છે, એવા ક્રોધને ઉપશાન્ત ક્રોધ કહે છે. એવો ક્રોધ બહાર પ્રકટ થતો નથી પણ અંદરને અંદર જ પડ્યો રહે છે.

જે ક્રોધ ઉદયાવલિકામાં પ્રવિષ્ટ થયેલો હોય છે, તે ક્રોધને અનુપશાન્ત ક્રોધ કહે છે, એવો ક્રોધ બહાર પ્રકટ થઈ જાય છે.

એકેન્દ્રિયાદિક જીવોમાં આભોગનિવર્તિત ક્રોધનો સદ્‌ભાવ સંજ્ઞી પૂર્વ-ભવની અપેક્ષાએ જાણવો જોઇએ. અને અનાભોગ નિવર્તિતનો સદ્‌ભાવ તદ્‌ભવ ( એજ ભવ ) ની અપેક્ષાએ સમજવો જોઇએ, કારણ કે તેઓ જ્ઞાનરહિત હોય છે. નારકાદિ જીવોમાં ઉપશાન્ત ક્રોધનો સદ્‌ભાવ વિશિષ્ટ ઉદયના અભાવને લીધે સમજવો. અનુપશાન્ત ક્રોધનો સદ્‌ભાવ વિચારવિહીન પ્રાણીઓમાં જ હોય છે. આ ચારે પ્રકારના ક્રોધનો સદ્‌ભાવ નારકથી લઇને વૈમાનિક પર્ય-ન્તના જીવોમાં હોય છે. જેમ ક્રોધના આભોગનિવર્તિત, અનાભોગનિવર્તિત આદિ ચાર ભેદ કહ્યા છે, એ જ પ્રમાણે માન, માયા અને લોભના પણ ચાર ચાર ભેદ પડે છે. તે આભોગ, અનાભોગ આદિ માન, માયા અને લોભનો પણ નારકથી લઈને વૈમાનિક પર્યન્તના જીવોમાં સદ્‌ભાવ હોય છે. ॥ સૂ. ૧૨ ॥

હવે સૂત્રકાર કષાયોના કાલત્રયવર્તી ફલવિશેષનું નિરૂપણ કરે છે—
" जीवाणं चउहिं ठाणेहिं " ઇત્યાદિ—

જીવોએ ચાર કારણોને લીધે આઠ કર્મપ્રકૃતિઓનું ઉપાર્જન કર્યું છે. તે ચાર કારણો આ પ્રમાણે છે-(૧) ક્રોધ, (૨) માન, (૩) માયા અને (૪) લોભ. આ પ્રકારનું કથન વૈમાનિક પર્યન્તના ૨૪ દંડકના જીવો વિષે સમજવું આ ચાર કારણોને લીધે જ જીવો વર્તમાનમાં પણ જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મપ્રકૃતિઓનું ઉપાર્જન કરે છે. આ ચાર કારણોને લીધે જ જીવ ભવિષ્યમાં પણ આઠ કર્મપ્રકૃતિઓનું ઉપાર્જન કરશે. આ પ્રકારના વર્તમાન અને ભવિષ્યકાળ સંબંધી દંડકો ઉપચયના વિષયમાં પણ સમજવા. એ જ પ્રમાણે જીવે ભૂતકાળમાં પણ ક્રોધાદિક ચાર કારણોને લીધે જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મપ્રકૃતિઓનો ઉપચય કરી રાખેલો જ હોય છે.

આ ચાર કારણોને લીધે જ જીવોએ ભૂતકાળમાં જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મપ્રકૃતિઓનો બંધ કર્યો છે, વર્તમાનમાં પણ કરે છે અને ભવિષ્યમાં પણ કરશે.

એ જ પ્રમાણે આ ચાર કારણોને લીધે જીવોએ ભૂતકાળમાં જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મપ્રકૃતિઓની ઉદીરણા કરી છે, વર્તમાનમાં પણ કરે છે અને ભવિષ્યમાં પણ કરશે. આ ચાર કારણોને લીધે જ ભૂતકાળમાં જીવોએ જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મપ્રકૃતિઓનું વેદન કર્યું છે, વર્તમાનમાં પણ કરે છે અને ભવિષ્યમાં પણ કરશે. ક્રોધાદિક આ ચાર કારણોને લીધે જીવોએ જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મપ્રકૃતિઓની ભૂતકાળમાં નિર્જરા કરી છે, વર્તમાનમાં પણ કરે છે અને ભવિષ્યમાં પણ કરશે. આ પ્રકારનું કથન વૈમાનિક પર્યન્તના સમસ્ત જીવોમાં પણ સમજવું જોઇએ. આ પ્રકારે પ્રત્યેક પદના ત્રણ ત્રણ દંડક નિર્જરા પર્યન્તના પૂર્વોક્ત પદ સાથે સમજવા જોઇએ.

વિશેષાર્થ—" નારકથી લઇને વૈમાનિક પર્યન્તના જીવોએ ક્રોધ, માન, માયા અને લોભરૂપ ચાર કારણોને લીધે જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મપ્રકૃતિઓનું ભૂતકાળમાં ઉપાર્જન કર્યું છે, " આ ભૂતકાલિક દંડક છે. કારણ કે " अचिन्वन् " આ ભૂતકાલિક ક્રિયાપદનો પ્રયોગ કરીને આ દંડક બનાવવામાં આવ્યું છે. એ જ પ્રમાણે " चिन्वन्ति " આ વર્તમાનકાલિક ક્રિયાપદનો પ્રયોગ કરીને વર્તમાનકાલિક દંડક કહેવું જોઇએ, અને " चेष्यन्ति " આ ભવિષ્ય-

કાલિક ક્રિયાપદનો પ્રયોગ કરીને ભવિષ્યકાલિક દંડક કહેવું જોઇએ. આ પ્રમાણે ભૂત, વર્તમાન અને ભવિષ્યકાલિક ક્રિયાપદોનો પ્રયોગ કરવાથી ત્રણ આલાપક રૂપ ત્રણ દંડક બની જાય છે. ક્રોધાદિ ચતુષ્ટય (ચાર) ની સાથે ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળ વિષયક કુલ ૧૨ દંડક થાય છે, કારણ કે ત્રણે કાળની અપેક્ષાએ પ્રત્યેકના ત્રણ ત્રણ દંડક થતા હોવાથી ક્રોધ, માન, માયા અને લોભ આ ચારના કુલ ૩×૪=૧૨ દંડક થાય છે.

જે રીતે આ ચયન સૂત્રનું કથન કરવામાં આવ્યું છે, એજ પ્રમાણે ઉપચયન સૂત્રનું પણ કથન થવું જોઇએ. આ ઉપચયન સૂત્રમાં પણ ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળ વિષયક ક્રિયાપદ યોજવાથી ક્રોધ આદિ પ્રત્યેકના ત્રણ દંડક થાય છે. ક્રોધાદિ ચાર કષાયો વડે તેને ગુણવાથી ચારે કષાયોના કુલ બાર દંડક થાય છે.

કષાયથી પરિણત થયેલા જીવ દ્વારા જે કર્મદલિકોનું માત્ર ગ્રહણ જ થાય છે, તેને ચયન કહે છે. ગૃહીત થયેલા કર્મદલિકો અબાધાકાળને છોડીને જે જ્ઞાનાવરણાદિ રૂપે પરિણત થાય છે તેને ઉપચયન કહે છે, તેનું નામ જ નિષેક છે. જીવો આદ્ય અવસ્થામાં પ્રચુરતર કર્મદલિકનો નિષેક કરે છે અને દ્વિતીય અવસ્થામાં વિશેષ હીન કર્મદલિકનો નિષેક (ઉપચય) કરે છે. આ રીતે તેઓ (યાવત્) ઉત્કૃષ્ટાવસ્થામાં વિશેષ હીન કર્મદલિકનો નિષેક કરતાં રહે છે. કહ્યું પણ છે કે–" मोत्तूण संगमबाह " ઈત્યાદિ—

" बंधिंसु ३ " ક્રોધને કારણે જીવોએ જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મપ્રકૃતિઓનો બંધ કર્યો છે, વર્તમાનમાં પણ કરે છે અને ભવિષ્યમાં પણ કરશે. જેમ આ બંધ ક્રોધથી થાય છે, એજ પ્રમાણે માન, માયા અને લોભથી પણ થાય છે. તેથી ક્રોધને બદલે આ ત્રણ પદોનો ક્રમશઃ પ્રયોગ કરીને ત્રણ કાળવિષયક આલાપક બનાવી શકાય છે. જ્ઞાનાવરણીય આદિ રૂપે નિષિક્ત (ઉપચયિત) થયેલાં કર્મનું ફરી જે કષાયવિશેષ વડે નિકાચન થાય છે, તેનું નામ બન્ધ છે.

" उदीरिंसु ३ " અનુદય પ્રાપ્ત કર્મપુદ્ગલોને કરણ દ્વારા ખેંચીને ઉદયાવસ્થામાં પ્રક્ષિપ્ત કરવા તેનું નામ ઉદીરણા છે. ઉદીરણાના વિષયમાં પણ ત્રણે કાળની અપેક્ષાએ ઉપર કહ્યા મુજબના ત્રણ આલાપકનું કથન થવું જોઈએ.

" वेएंसु ३ " સ્થિતિના ક્ષયથી ઉદય પ્રાપ્ત થયેલા કર્મનું અનુભવન કરવું તેનું નામ વેદન છે. વેદનનો બીજો અર્થ આ પ્રમાણે પણ થાય છે ઉદયપ્રાપ્ત કર્મનું–ઉદીરણાકરણ દ્વારા ઉદયાવસ્થા જેણે પ્રાપ્ત કરી છે એવા કર્મનું અનુભવન કરવું તેનું નામ વેદન છે. વેદનના વિષયમાં પણ કાળત્રયની અપેક્ષાએ ઉપર કહ્યા મુજબના ત્રણ આલાપક બનાવી શકાય છે.

" निज्जरेंसु " ઇત્યાદિ–અહીં પણ " निरजरयन्, निर्जरयन्ति, અને निर्जरयिष्यन्ति " આ ત્રણે કાળના ક્રિયાપદના પ્રયોગથી ત્રણ આલાપક બનાવવા જોઈએ. આત્મપ્રદેશોથી કર્મનું અલગ થવું તેનું નામ નિર્જરા છે. નિર્જરા બે પ્રકારની છે–(૧) દેશનિર્જરા અને (૨) સર્વનિર્જરા. અહીં દેશનિર્જરા જ ગૃહીત થઈ છે, સર્વનિર્જરા ગૃહીત થઈ નથી, કારણ કે ચોવીશ દંડકોના જીવોમાં સર્વનિર્જરાનો સદ્ભાવ નથી.

" जाव वेमाणियाणं " વૈમાનિક પર્યન્તના જીવોમાં આ દંડકોનું કથન થવું જોઈએ. " एवमेक्केक्के पदे " જેમકે " अचिन्वन् " આદિ પદઘટિત ત્રણ દંડક કહેવામાં આવ્યા છે, એવાં જ " अवघ्नन् " આદિ પદઘટિત પણ ત્રણ ત્રણ દંડક કલ્પનાથી બનાવી લેવા જોઈએ. એ જ વાતનું સૂત્રકાર હવે " एक्केक्के पदे " ઈત્યાદિ સૂત્રપાઠ દ્વારા સ્પષ્ટીકરણ કરે છે—

આ સૂત્રપાઠ દ્વારા સૂત્રકાર એમ કહે છે કે " अबध्नन् " આ પદને યોજિત કરીને માન, માયા અને લોભ સંબંધી પદને આધારે ભૂતકાળની અપેક્ષાએ ત્રણ ત્રણ દંડક થાય છે. જેમકે (૧) જીવોએ માનને કારણે ભૂતકાળમાં આઠ કર્મપ્રકૃતિઓનો બન્ધ કર્યો છે. (૨) એ જ પ્રમાણે માયાના કારણે પણ તેમનો ભૂતકાળમાં બન્ધ કર્યો છે, અને (૩) લોભને કારણે પણ ભૂતકાળમાં તેનો બન્ધ કર્યો છે. આ પ્રમાણે " अबन्धन् " આ ભૂતકાળનું રૂપ

વાપરીને માન, માયા અને લોભ, આ ત્રણ કષાયોના ભૂતકાળ સંબંધી ત્રણ દંડક બને છે. એ જ પ્રમાણે "बध्नन्ति." આ વર્તમાનકાળના ક્રિયાપદનું રૂપ વાપરીને માન, માયા અને લોભરૂપ કારણવાળાં ત્રણ દંડક આ પ્રમાણે બને છે. (૧) જીવો માનને કારણે અષ્ટકર્મપ્રકૃતિઓનો બંધ કરે છે, (૨) માયાના કારણે પણ જીવો અષ્ટકર્મપ્રકૃતિઓનો બંધ કરે છે. (૩) લોભને કારણે પણ જીવો અષ્ટકર્મપ્રકૃતિઓનો બંધ કરે છે. એ જ પ્રમાણે ભવિષ્યકાળ સંબંધી ત્રણ દંડક આ પ્રમાણે સમજવા-(૧) માનને કારણે જીવો ભવિષ્યમાં આઠ કર્મ-પ્રકૃતિઓ બંધ કરશે, (૨) માયાને કારણે જીવો આઠ કર્મપ્રકૃતિઓનો બંધ કરશે અને (૩) લોભને કારણે જીવો આઠ કર્મપ્રકૃતિઓનો બંધ કરશે. ક્રોધના કારણવાળા ત્રણ દંડક તો આગળ આપવામાં આવ્યા છે. આ રીતે ચાર કષાય વિષયક ત્રણે કાળસંબંધી કુલ ૧૨ દંડક "બન્ધ" પદ સાથે બને છે.

ઉદીરણા વિષયક આલાપકો-"उदैरयन्" આ ભૂતકાલિન ક્રિયાપદના પ્રયોગથી આ પ્રમાણે ત્રણ આલાપક બનશે-(૧) ભૂતકાળમાં જીવોએ માનને કારણે આઠ કર્મપ્રકૃતિઓની ઉદીરણા કરી છે, (૨) માયાથી પણ ઉદીરણા કરી છે અને (૩) લોભથી પણ ઉદીરણા કરી છે. આ રીતે ભૂતકાળ સંબંધી ત્રણ દંડક બની જાય છે. "उदीरयन्ति" "ઉદીરણા કરે છે" આ વર્તમાનકાળનું ક્રિયાપદ યોજવાથી ત્રણ દંડક વર્તમાનકાળ સંબંધી બની જશે અને "उदीरयिष्यन्ति"-"ઉદીરણા કરશે".

આ ભવિષ્યકાળ સંબન્ધી ક્રિયાપદ યોજવાથી ભવિષ્યકાળ સંબંધી ત્રણ દંડક બની જશે. "जाव निज्जरिस्संति" આ ક્રમને અનુસરીને ચારે કષાયો સંબંધી ત્રિકાળ વિષયક ૧૨-૧૨ દંડક બનાવી શકાશે. નિર્જરા વિષયક છેલ્લા ચાર દંડક આ પ્રમાણે બનશે. જીવો (૧) ક્રોધને કારણે, (૨) માનને કારણે, (૩) માયાને કારણે અને (૪) લોભને કારણે આઠ કર્મપ્રકૃતિઓની ભવિષ્યમાં પણ નિર્જરા કરશે. આ ચાર દંડક ભવિષ્યકાળની અપેક્ષાએ કહેવામાં આવ્યા છે. ॥સૂ. ૧૩॥

પહેલાં જે નિર્જરાની વાત કરવામાં આવી, તે પ્રતિમા ધારણ કરવાથી વિશિષ્ટ થાય છે. તેથી હવે સૂત્રકાર પ્રતિમાની પ્રરૂપણા કરવા નિમિત્તે ત્રણ સૂત્રોનું કથન કરે છે-"चत्तारि पडिमाओ पण्णत्ताओ" ઇત્યાદિ—

સૂત્રાર્થ–પ્રતિમા ચાર કહી છે—(૧) સમાધિ પ્રતિમા, (૨) ઉપધાન પ્રતિમા, (૩) વિવેક પ્રતિમા અને (૪) વ્યુત્સર્ગ પ્રતિમા. પ્રતિમાના આ પ્રમાણે ચાર પ્રકાર પણ કહ્યા છે-(૧) ભદ્રા, (૨) સુભદ્રા (૩) મહાભદ્રા અને (૪) સર્વતોભદ્રા. પ્રતિમાના આ પ્રમાણે ચાર પ્રકાર પણ પડે છે-(૧) ક્ષુદ્રિકામોકપ્રતિમા, (૨) મહતિકામોકપ્રતિમા, (૩) યવમધ્યા અને (૪) વજ્રમધ્યા.

વિશેષાર્થ—શ્રુત અને ચારિત્રનું નામ સમાધિ છે. આ શ્રુતચારિત્ર રૂપ સમાધિ વિષયવાળી જે પ્રતિમા ( અભિગ્રહ ) છે, તેનું નામ સમાધિપ્રતિમા છે. અહીં " પ્રતિમા " પદનો વાચ્યાર્થ " અભિગ્રહ " ગ્રહણ કરવાનો છે. તેનું તાત્પર્ય એ છે કે શ્રુતચારિત્ર વિષયક જે અભિગ્રહ છે, તેનું નામ સમાધિ પ્રતિમા છે. । ૧ ।

તીવ્ર તપને ઉપધાન કહે છે. તે ઉપધાનની જે પ્રતિમા છે-એટલે કે તીવ્ર તપવિષયક જે અભિગ્રહ છે, તેનું નામ ઉપધાન પ્રતિમા છે. । ૨ ।

શુદ્ધ-અશુદ્ધ અને અકલ્પનીયનો ત્યાગ કરીને માત્ર શુદ્ધ કલ્પનીય ભક્તપાન આદિ ગ્રહણ કરવાની જે પ્રતિજ્ઞા ( અભિગ્રહ ) ધારણ કરવામાં આવે છે. તેનું નામ વિવેકપ્રતિમા છે. । ૩ ।

મનોવાક્નો નિરોધ કરીને અનુષ્ઠાનના વિષય સિવાયના વિષયોના સંપર્કથી કાયાને વિમુખ રાખવી તેનું નામ કાયોત્સર્ગ છે, આ કાયોત્સર્ગ વિષયક જે પ્રતિમા છે, તેને કાયોત્સર્ગ પ્રતિમા કહે છે. । ૪ ।

બીજી રીતે પણ પ્રતિમાના ચાર પ્રકાર કહ્યા છે—

(૧) ભદ્રા પ્રતિમા—પૂર્વાદિ ચારે દિશાઓ તરફ મુખ રાખીને પ્રત્યેક દિશામાં ચાર-ચાર પ્રહર પર્યન્ત જે કાયોત્સર્ગ સંયત દ્વારા કરવામાં આવે

છે, તેનું નામ ભદ્રા પ્રતિમા છે. (૨) પ્રવર્ધમાન પરિણામ પૂર્વક જ્યારે ભદ્રા પ્રતિમાની સાધના કરવામાં આવે છે, ત્યારે તેને સુભદ્રા પ્રતિમા કહે છે.

(૩) મહાભદ્રા પ્રતિમા—પ્રત્યેક દિશા તરફ મુખ રાખીને આઠ આઠ પ્રહર પર્યન્ત જે કાયોત્સર્ગ કરવામાં આવે છે તેનું નામ મહાભદ્રા પ્રતિમા છે.

આ પ્રતિમાની આરાધના કરવામાં ચાર દિનરાત જેટલો સમય લાગે છે.

(૪) સર્વતોભદ્રા પ્રતિમા—દસ દિશાઓમાંની પ્રત્યેક દિશા તરફ એક એક અહોરાત્ર (દિન–રાત) પર્યન્ત મુખ રાખીને કાયોત્સર્ગ કરવો તેનું નામ સર્વતોભદ્રા પ્રતિમા છે.

બીજી રીતે પણ પ્રતિમાના ક્ષુદ્રિકામોકપ્રતિમાઆદિ ચાર પ્રકાર કહ્યા છે. (૧) ક્ષુદ્રિકા મોકપ્રતિમા, (૨) મહતિકા મોકપ્રતિમા, આ બન્નેનું સ્પષ્ટીકરણ અન્ય સ્થાનોમાંથી જાણી લેવું. 'યવમધ્યા અને 'વજ્રમધ્યા' આ બે પ્રતિમાઓનું નિરૂપણ દ્વિતીય સ્થાનમાં કરવામાં આવ્યું છે, તો ત્યાંથી તે વાંચી લેવું. ॥ સૂ. ૧૪ ॥

## જીવાસ્તિકાયકે વિપરીત અજીવાસ્તિકાયકા ભેદ સહિત નિરૂપણ

"चत्तारि अत्थिकाया–अजीवकाया पण्णत्ता" ઈત્યાદિ—

સૂત્રાર્થ–ચાર અસ્તિકાય–અજીવકાય કહ્યાં છે—(૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય અને (૪) પુદ્ગલાસ્તિકાય.

ચાર અસ્તિકાય અરૂપીકાય કહ્યાં છે—જેમકે (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય અને (૨) જીવાસ્તિકાય.

વિશેષાર્થ—"જે થયાં છે, થાય છે અને થશે, તેમનું નામ અસ્તિ છે." પ્રદેશોની રાશિનું નામ કાય છે. ભૂતકાળમાં જેમાં પ્રદેશોની રાશિ થઈ છે,

વર્તમાનકાળમાં પણ જેમાં પ્રદેશોની રાશિ થાય છે અને ભવિષ્યમાં પણ જેમાં પ્રદેશોની રાશિ હશે, તેમને અસ્તિકાય કહે છે. એટલે કે જે બહુપ્રદેશી છે તેમને અસ્તિકાય કહે છે. કોઇ કોઈ જગ્યાએ "અસ્તિ" પદથી "પ્રદેશ" ગૃહીત થયેલ છે. આ દૃષ્ટિએ વિચારવામાં આવે તો પ્રદેશોનો જે કાય છે તેનું નામ જ અસ્તિકાય છે. તેનો અર્થ પણ 'પ્રદેશરાશિ' જ થાય છે. એવા અસ્તિકાય રૂપ ચાર અજીવકાયને જ કહ્યા છે. અજીવ હોવા છતાં જે બહુ-પ્રદેશી છે, તેમને અજીવકાય કહે છે. જો કે જીવ પણ અસ્તિકાય છે, પરંતુ તે અજીવ નથી, તેથી તેને અજીવકાય કહેલ નથી. આ રીતે અજીવ હોવા છતાં જેમાં કાયતાનો સદ્ભાવ છે એવાં ચાર અજીવકાય નીચે પ્રમાણે છે— (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩)આકાશાસ્તિકાય અને (૪) પુદ્ગલાસ્તિ-કાય. જે પ્રાણોને ધારણ કરે છે તેમને જીવ કહે છે, અને જે પ્રાણોને ધારણ કરતા નથી તેમને અજીવ કહે છે. અજીવોની જે રાશિ છે તેને અજીવકાય કહે છે. ધર્માસ્તિકાય આદિની વ્યાખ્યા પ્રથમ સ્થાનમાં આપવામાં આવી છે. અરૂપી હોવા છતાં જે બહુપ્રદેશી છે, તેમને અરૂપીકાય કહે છે. એવા અરૂપીકાય ચાર કહ્યાં છે–(૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય અને જીવાસ્તિકાય. અહીં પુદ્ગલાસ્તિકાયને અરૂપીકાય નહીં કહેવાનું કારણ એ છે કે તે રૂપી પદાર્થ છે–અરૂપી નથી. જીવાસ્તિકાયને અરૂપીકાય કહેવાનું કારણ એ છે કે મૂળરૂપે તે અરૂપી છે. ધર્માસ્તિકાય આદિ આ ચાર પદાર્થો અરૂ-પી જ છે. તેથી આ અસ્તિકાયોને અરૂપીકાયમાં ગણવામાં આવ્યા છે. ॥ સૂ. ૧૫ ॥

## ફલકે દૃષ્ટાંતસે પુરૂષાદિકા નિરૂપણ

હવે સૂત્રકાર પૂર્વોક્ત જીવાસ્તિકાયનું–વિશેષભૂત પુરુષોના દૃષ્ટાન્તપૂર્વક નિરૂપણ કરે છે–" चत्तारि फला पण्णत्ता " ઈત્યાદિ—

સૂત્રાર્થ–ફલોના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે—(૧) કાચું હોવા છતાં પણ કેરીના જેવું સહેજ મધુરતાયુક્ત ફળ. (૨) કાચું હોવા છતાં પાકા ફળના

જેવું અત્યન્ત મધુર હોય એવું ફળ (૩) પાકું હોવા છતાં કેરીના જેવું સહેજ મધુર ફળ. (૪) પાકીને ઉત્કૃષ્ટ રૂપે મધુર થયેલું ફળ. એ જ પ્રમાણે પુરુષોના પણ ચાર પ્રકાર કહ્યા છે—(૧) અપક્વ કેરીના જેવા (૨) અપકવ હોવા છતાં પકવ મધુર ફળ સમાન, (૩) પકવ હોવા છતાં અપકવ ફળ સમાન અને (૪) પકવ થઇને પકવ ફળસમાન મધુર. આ સૂત્રમાં "આમ"–"કેરી" આ પદ દ્વારા 'ફળ' ગૃહીત' થયેલ છે. 'પકવ' પદથી પાકેલું ફળ ગૃહીત થયેલ છે. હવે ફળોના ચાર પ્રકારોનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—

(૧) કોઇ ફળ એવું હોય છે કે તે જ્યારે અપકવ (કાચું) હોય છે ત્યારે આમ (કેરી) જેવું જ મધુર હોય છે-એટલે કે સહેજ મધુર હોય છે.

(૨) કોઇક ફળ એવું હોય છે કે જે અપકવ હોવા છતાં પણ પકવ ફળના જેવું અત્યંત મધુર હોય છે.

(૩) કોઈક ફળ એવું હોય છે કે જે પકવ થયા છતાં પણ અત્યન્ત મધુર હોતું નથી પણ સહેજ મધુર હોય છે.

(૪) કોઇક ફળ એવું હોય છે કે જે પાકયું હોય ત્યારે પાકી કેરીના જેવું અત્યંત મધુર હોય છે.

આ રીતે ફળોના ચાર પ્રકારનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર આ ચતુ-ષ્પ્રકારતાની સમાનતા પુરુષોની સાથે ઘટાવવા નિમિત્તે દાર્ષ્ટાન્તિક પુરુષ જાત વિષયક સૂત્રનું નિરૂપણ કરે છે—

દૃષ્ટાંતરૂપ ફળ સરખા ચાર પ્રકારના પુરૂષો કહ્યા છે.

(૧) અપકવ સહેજ મધુર ફળસમાન પુરુષ–જે પુરુષ વયોવૃદ્ધ પણ ન હોય અને જ્ઞાનવૃદ્ધ પણ ન હોય, તેને આ પ્રકારમાં મૂકી શકાય છે. અથવા જેમ કોઈ ફળ (દા. ત. કેરી) અપકવાવસ્થામાં પણ અલ્પ પ્રમાણમાં મધુરતા યુક્ત હોય છે, એ જ પ્રમાણે કોઇ કોઇ પુરુષ અલ્પ માત્રામાં ઉપશમાદિ રૂપ

માધુર્યથી યુક્ત હોય છે એટલે કે કોઇ પુરુષ એવો હોય છે કે જે અલ્પ માત્રામાં જ ઉપશમ આદિ ગુણોથી યુક્ત હોય છે.

(૨) અપકવ હોવા છતાં અતિ મધુર ફળ સમાન પુરુષ–કોઇ પુરુષ એવો હોય છે કે વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ નહીં હોવા છતાં પણ ઉપશમાદિ ગુણોથી યુક્તહોવાને કારણે અત્યન્ત મધુર સ્વભાવવાળો હોય છે, એવા પુરુષને આ પ્રકારમાં ગણાવી શકાય છે.

(૩) પકવ છતાં અલ્પ માત્રામાં માધુર્ય યુક્ત ફળસમાન–કોઇ પુરુષ એવો હોય છે કે જે વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ હોવા છતાં પણ અલ્પ પ્રમાણમાં ઉપશમાદિ ગુણરૂપ માધુર્યવાળો હોય છે, એવા પુરુષને આ ત્રીજા પ્રકારમાં મૂકી શકાય છે.

(૪) અતિશય માધુર્ય યુક્ત પકવ ફળ સમાન પુરુષ–કોઇ પુરુષ એવો હોય છે કે વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ ( શ્રુત આદિમાં પારંગત ) પણ હોય છે અને ઉપશમાદિ પ્રધાન ગુણોથી વિભૂષિત હોવાને કારણે અત્યન્ત મધુર સ્વભાવવાળો હોય છે. ॥ સૂ. ૧૬ ॥

## સત્યાસત્ય નિમિતક પ્રણિધાનકે સ્વરૂપકા નિરૂપણ

" चउव्विहे सच्चे पण्णत्ते " ઈત્યાદિ—

સૂત્રાર્થ–સત્યના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે–(૧) કાયઋજુકતા, (૨) ભાષઋજુકતા, (૩) ભાવઋજુકતા અને (૪) અવિસંવાદનાયોગ.

મૃષાવાદના ચાર પ્રકારો કહ્યા છે–(૧) કાયાનૃજુકતા, (૨) ભાષા અનૃજુકતા, (૩) ભાવાનૃજુકતા અને વિસંવાદનાયોગ.

પ્રણિધાનના પણ ચાર પ્રકાર કહ્યા છે–(૧) મનઃપ્રણિધાન, (૨) વાક્પ્રણિધાન, (૩) કાયપ્રણિધાન અને (૪) ઉપકરણ પ્રણિધાન. આ પ્રણિધાનનો નારકથી લઇને વૈમાનિક પર્યન્તના સમસ્ત જીવોમાં સદ્ભાવ સમજવો.

સુપ્રણિધાનના પણ નીચે પ્રમાણે ચાર પ્રકાર પડે છે–(૧) મનઃસુપ્રણિધાન, (૨) વાક્ સુપ્રણિધાન, (૩) કાય સુપ્રણિધાન અને (૪) ઉપકરણ સુપ્રણિધાન. આ સુપ્રણિધાનનો સદ્ભાવ સંયત મનુષ્યોમાં જ હોય છે.

દુષ્પ્રણિધાનના પણ ચાર પ્રકાર છે–(૧) મનોદુષ્પ્રણિધાન, (૨) વાક્દુષ્પ્રણિધાન, (૩) કાયદુષ્પ્રણિધાન અને (૪) ઉપકરણ દુષ્પ્રણિધાન. આ દુષ્પ્રણિધાનનો સદ્ભાવ નારક પંચેન્દ્રિયથી લઇને વૈમાનિક પર્યન્તના જીવોમાં હોય છે.

વિશેષાર્થ—સત્યના ચાર ભેદોનું હવે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—'ઋજુ' એટલે સરલ. ઋજુને જ ઋજુક કહે છે, ઋજુકના ભાવને ઋજુકતા કહે છે, કાયાની સાથે જ જેનો સંબંધ છે એવી ઋજુકતાનું નામ કાયઋજુકતા

છે " કુટિલ માર્ગથી શરીરને વિમુખ કરવું અને તેને યથાર્થ માર્ગે લઈ જવું તેનું નામ કાયઋજુકતા છે. " । ૧ ।

સત્ય ભાષામાં પ્રવૃત્ત થવું-સત્ય બોલવું તેનું નામ ભાષઋજુકતા છે. । ૨ ।

પદાર્થોનું ચિન્તન જેની મદદથી કરવામાં આવે છે તેનું નામ ભાવ (મન) છે. તે ભાવ અથવા મનની જે સરલતા છે તેને ભાવઋજુકતા કહે છે, તે ભાવઋજુકતા મનની શુદ્ધ પ્રવૃત્તિરૂપ હોય છે. । ૩ ।

અનાભોગ ( અજ્ઞાન ) આદિ કારણોને લીધે ગાય આદિને અશ્વાદિ કહી દેવામાં આવે-આ પ્રકારની વિસંવાદિતાનું નામ વિસંવાદના છે. અથવા કોઇ કાર્ય કરી આપવાનું સ્વીકારીને, તે કાર્ય ન કરી આપવું તેનું નામ વિસંવાદના છે. આ પ્રકારની વિસંવાદનાનો અભાવ હોવો, તેનું નામ અવિસંવાદના છે. આ અવિસંવાદનાના યોગ ( સંબંધ ) ને અવિસંવાદના યોગ કહે છે. । ૪ ।

હવે મૃષાવાદના ચાર ભેદોનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—(૧) કાયાનૃજુકતા—શરીરની જે અનૃજુકતા (અસરલતા) હોય છે તેને કાયા નૃજકતા કહે છે. કુટિલ કાર્યોમાં પ્રવૃત્ત થવું અને શરીરથી અયથાર્થ પ્રવૃત્તિ કરવી તેનું નામ કાયાનૃજકતા છે. (૨) અસત્ય વચનને ભાષા અનૃજુકતા કહે છે-વચનની અયથાર્થનું બોધન કરવાની જે પ્રવૃત્તિ થાય છે તેનું નામ ભાષા અનૃજુકતા છે. (૩) અયથાર્થ પદાર્થનું ચિન્તન કરવા રૂપ મનની જે પ્રવૃત્તિ થાય છે તેને ભાવ અનૃજુકતા કહે છે. (૪) પ્રતિજ્ઞાત અર્થનું પાલન ન કરવું તેનું નામ વિસંવાદનાયોગ છે. જેમકે " હું તમારૂં આ કાર્ય કરી દઇશ " આ પ્રકારનું વચન આપ્યા પછી તે વચનનું પાલન ન કરવું અને " મેં એવી વાત કદી કરી જ નથી, " આ પ્રમાણે કહેવું, તે વિસંવાદનાયોગ રૂપ ગણાય છે.

હવે પ્રણિધાનના ચાર પ્રકારોનું નિરૂપણ કરવામાં આવે છે—" चउव्विहे पणिहाणे " ઈત્યાદિ-પ્રણિધાન એટલે લગાડવું-પરોવવું, અથવા અમુક વિષયમાં જોડવું. તે પ્રણિધાનના ચાર પ્રકાર નીચે પ્રમાણે કહ્યા છે—

(૧) મનઃપ્રણિધાન—આર્ત, રૌદ્ર, ધર્મ અને શુકલ, આ જે ચાર ધ્યાન છે તેમાંથી કોઈ પણ એક ધ્યાનમાં મનને લગાડવું (એકાગ્ર કરવું) તેનું નામ મનઃપ્રણિધાન છે. (૨) આર્ત આદિ રૂપે સંભાષણ કરવું તેનું નામ વાક્ પ્રણિધાન છે. (૩) શરીરને આર્તાદિ રૂપે કોઈ કાર્યમાં પ્રવૃત્ત કરવું તેનું નામ કાયપ્રણિધાન છે. (૪) સામાન્ય અથવા વિશિષ્ટ પાત્ર આદિ ઉપકરણના પ્રણિધાનનું નામ ઉપકરણ પ્રણિધાન છે. કાયપ્રણિધાનનો સદ્ભાવ સામાન્ય રૂપે સમસ્ત જીવોમાં હોય છે. પરન્તુ મનઃપ્રણિધાન આદિ બાકીના ત્રણ પ્રણિધાનનો સદ્ભાવ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં હોતો નથી, કારણ કે મન, વચન અને ઉપકરણોની તે જીવોમાં સંભાવના હોતી નથી. નારકોમાં, સંજ્ઞી પંચેન્દ્રિયોમાં અને વૈમાનિકો પર્યન્તના જીવોમાં આ ચારે પ્રણિધાનોનો સદ્ભાવ હોય છે.

"चतुर्विधं सुप्रणिधानम्" ઈત્યાદિ—

શોભન પ્રયોગનું નામ સુપ્રણિધાન છે, તે સુપ્રણિધાનના પણ મનઃસુપ્રણિધાન આદિ ચાર ભેદ કહ્યા છે—(૧) મનઃસુપ્રણિધાન–ચિત્તને ધર્મધ્યાન આદિ શુભ પ્રવૃત્તિમાં લીન કરવું તેનું નામ મનઃસુપ્રણિધાન છે. એ જ પ્રમાણે વાક્સુપ્રણિધાન, કાયસુપ્રણિધાન અને ઉપકરણ સુપ્રણિધાનના અર્થ પણ જાતે જ સમજી શકાય એવા હોવાથી અહીં તેમનું અધિક સ્પષ્ટીકરણ કર્યું નથી. "एवं संजयमणुस्सा वि" આ ચાર સુપ્રણિધાનનો સદ્ભાવ સંયત (સંયમશીલ) મનુષ્યોમાં જ હોય છે–અન્ય અસંયત મનુષ્યોમાં તેમનો સદ્ભાવ હોતો નથી, કારણ કે સુપ્રણિધાન ચારિત્ર પરિણતિ રૂપ હોય છે.

"चउव्विहे दुप्पणिहाणे" ઈત્યાદિ અશોભન પ્રયોગનું નામ દુષ્પ્રણિધાન છે. તેના મનોદુષ્પ્રણિધાન આદિ ચાર ભેદ કહ્યા છે.

ચિત્તને આર્ત, રૌદ્ર આદિ રૂપે પરિણત કરવું તેનું નામ મનોદુષ્પ્રણિધાન છે. એ જ પ્રકારનું કથન કાયદુષ્પ્રણિધાન, વાક્દુષ્પ્રણિધાન અને ઉપકરણ દુષ્પ્રણિધાનના વિષયમાં પણ સમજી લેવું. આ દુષ્પ્રણિધાનોનો સદ્ભાવ નારકોમાં, પંચેન્દ્રિય મનુષ્ય અને તિર્યંચોમાં તથા વૈમાનિક પર્યન્તના જીવોમાં હોય છે. પરંતુ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં મનોદુષ્પ્રણિધાન, વચનદુષ્પ્રણિધાન આદિનો સદ્ભાવ હોતો નથી, કારણ કે તે જીવોમાં મન, વચન અને ઉપકરણનો અભાવ કહ્યો છે. ॥ સૂ. ૧૭ ॥

પુરુષ અધિકાર ચાલુ છે, તેથી સૂત્રકાર હવે પુરુષ વિષયક ૧૪ સૂત્રોનું નિરૂપણ કરે છે—"चत्तारि पुरिसजाया पण्णत्ता" ઈત્યાદિ—

પુરુષોના ચાર પ્રકાર કહ્યા છે--(૧) આપાત ભદ્રક-નો સંવાસ ભદ્રક, (૨) સંવાસ ભદ્રક-નો આપાત ભદ્રક, (૩) આપાત ભદ્રક-સંવાસ ભદ્રક અને (૪) નો આપાત ભદ્રક-નો સંવાસ ભદ્રક । ૧ ।

નીચે પ્રમાણે પણ ચાર પ્રકારના પુરુષો કહ્યા છે—(૧) પોતાના અવદ્ય (પાપ) ને જોનાર-અન્યના પાપને નહીં જોનાર, (૨) અન્યનું પાપ જોનાર, પોતાનું નહીં જોનાર, (૩) પોતાનું પાપ પણ જોનાર અને અન્યનું પાપ પણ જોનાર (૪) પોતાનું પાપ પણ નહીં જોનાર અને અન્યનું પાપ પણ નહીં જોનાર । ૨ ।

નીચે પ્રમાણે ચાર પ્રકારના પુરુષો કહ્યા છે—(૧) પોતાના અવદ્યનું ઉદીરણ કરનારો-પણ પરના અવદ્યનું ઉદીરણ નહીં કરનારો. બાકીના ત્રણ ભેદો સૂત્ર બીજામાં બતાવેલા ક્રમ પ્રમાણે સમજી લેવા. । ૩ ।

નીચે પ્રમાણે ચાર પ્રકારના પુરુષો કહ્યા છે--(૧) પોતાના અવદ્યને ઉપશમિત કરનારો પણ પરના અવદ્યને ઉપશમિત નહીં કરનારો, ઈત્યાદિ ચાર પ્રકાર અહીં ગ્રહણ કરવા જોઈએ. । ૪ ।

નીચે પ્રમાણે પણ ચાર પુરુષ પ્રકાર કહ્યા છે--(૧) ઉત્સાહપૂર્વક કોઇ કાર્યમાં જાતે જ પ્રવૃત્ત થનારો-પણ અન્યને તે માટે ઉત્સાહ નહીં પ્રેરનારો ઇત્યાદિ ચાર પ્રકાર અહીં ગ્રહણ કરવા જોઇએ. । ૫ ।

પુરુષોના આ પ્રમાણે ચાર પ્રકાર પણ પડે છે—(૧) બીજાને વન્દન કરનારો પણ બીજા પોતાને વન્દન કરે એવી ઇચ્છા નહીં રાખનારો, ઈત્યાદિ ચાર પ્રકાર અહીં ગૃહીત થવા જોઇએ. । ૬ ।

સત્કારને અનુલક્ષીને પણ એવા જ ચાર પ્રકાર સમજવા. । ૭ ।

સન્માનને અનુલક્ષીને પણ એવાં જ ચાર પ્રકાર સમજવા. । ૮ ।

પૂજાસત્કારને અનુલક્ષીને પણ એવા જ ચાર પ્રકાર સમજવા. । ૯ ।

" વાચયતિ " ના સંબંધમાં અથવા વાચનાના સંબંધને અનુલક્ષીને પણ પુરુષોના એવા જ ચાર પ્રકાર સમજવા. । ૧૦ ।

। ૧૧ । પૃચ્છા અને । ૧૨ । પરિપૃચ્છાને અનુલક્ષીને પણ ચાર–ચાર પ્રકાર સમજવા. । ૧૩ । નિર્ણયને અનુલક્ષીને પણ ચાર પ્રકારના પુરુષો સમજી લેવા. । ૧૪ । પુરુષોના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે––(૧) કોઇ પુરુષ સૂત્રધર હોય છે પણ અર્થધર હોતો નથી, (૨) કોઈ પુરુષ અર્થધર હોય છે, પણ સૂત્રધર હોતો નથી, (૩) કોઈ સૂત્રધર પણ હોય છે અને અર્થધર પણ હોય છે. (૪) કોઈ સૂત્રધર પણ નથી હોતો અને અર્થધર પણ નથી હોતો.

વિશેષાર્થ––પહેલા સૂત્રમાં પુરુષોના જે ચાર પ્રકાર બતાવ્યા છે, તેનું હવે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે––(૧) " આપાત ભદ્રક–નો સંવાસ ભદ્રક " આકસ્મિક સંગમમાં દર્શન, આલાપ આદિ દ્વારા જે પુરુષ સુખદાયક અથવા કલ્યાણકર હોય છે તેને આપાત ભદ્રક પુરુષ કહે છે. કોઇક પુરુષ આ પ્રમાણે આપાત ભદ્રક તો હોય છે પરન્તુ સંવાસ ( સહવાસ ) ભદ્રક હોતો નથી. એટલે કે તેનો સહવાસ સુખદાયક કે કલ્યાણકારક નિવડતો નથી, કારણ કે એવો પુરુષ સામાન્યતઃ ક્રૂર હોય છે, અને સંસાર કારણમાં નિયોજક હોય છે. (૨) " સંવાસ ભદ્રક–નો આપાત ભદ્રક " કોઈ પુરુષ એવો હોય છે કે જે સંવાસ ( સહવાસ ) માં તો ભદ્રક ( સુખદાયક ) હોય છે પણ આલાપ આદિ દ્વારા સુખસમ્પાદક નહીં હોવાથી કલ્યાણકારક હોતો નથી. બાકીના બે પુરુષોનું કથન પણ આ કથનને આધારે સરળતાથી સમજી શકાય એવું છે.

બીજા સૂત્રમાં પુરુષોના જે ચાર પ્રકાર કહ્યા છે તેનું હવે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—(૧) કોઈ પુરુષ એવો હોય છે કે જે પોતાના અવદ્યને પાપકર્મને અથવા ત્યાજ્યકર્મને અથવા હિંસા, અસત્ય આદિ પાપકર્મોને દેખે

છે (જાણે છે), પરંતુ અન્યના પ્રત્યે ઉદાસીન વૃત્તિવાળો હોવાથી અન્યના પાપકર્મોને દેખતો (જાણતો) નથી. અહીં "वज्ज" પ્રાકૃત પદ છે. તેમાં 'अ' નો લોપ થઈ ગયો હોવાથી તેની સંસ્કૃત છાયા 'અવદ્ય' થઈ શકે છે. આ અવદ્ય પદ પાપકર્મ માટે વપરાયું છે. અથવા 'वज्ज' આ પદની સંસ્કૃત છાયા 'वर्ज्य' પણ થઈ શકે છે. આ દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો "वर्जितुं योग्यं वर्ज्यं" આ વ્યુત્પત્તિ અનુસાર જે સર્વત્યાજ્ય હોય છે તેને વર્જ્ય-વર્જ્યકર્મ કહે છે.

અથવા "वज्जं" આ પદની સંસ્કૃત છાયા "वज्र" પણ થાય છે. તેનો અર્થ આ પ્રમાણે છે-અનૃત આદિ પાપ ગુરુ હોવાથી વજ્ર સમાન હોય છે. "पश्यति" એટલે દેખે છે. કોઇ પુરુષ એવો હોય છે કે જે પોતાના અવદ્યને-પાપકર્મને જ દેખે છે, પરન્તુ અન્યના પાપકર્મને દેખતો નથી-અન્યના પાપકર્મ પ્રત્યે ઉદાસીન રહે છે.

જ્યારે "वर्ज्य" એટલે સર્વત્યાજ્ય કર્મ, આ દૃષ્ટિએ વિચાર કરવામાં આવે છે, ત્યારે આ પ્રમાણે અર્થ થાય છે-"કોઇ પુરુષ એવો હોય છે કે જે પોતાના સર્વત્યાજ્ય કર્મને જાણે છે, પણ અન્યના સર્વત્યાજ્ય કર્મને જાણતો નથી. અહીં "दृश्" ધાતુનો અર્થ 'જાણવું' લીધો છે, કારણ કે અહીં તે જ્ઞાનાર્થે વપરાયો છે. અથવા 'वज्र' લેવામાં આવે તો આ પ્રમાણે અર્થ થશે-કોઇ પુરુષ એવો હોય છે કે જે પોતાના વજ્રને (હિંસાદિક પાપ કર્મો ગુરુ હોવાથી અહીં વજ્ર રૂપે પ્રકટ કર્યાં છે) જાણે છે પણ અન્યના વજ્રને જાણતો નથી, કારણ કે અન્યના વજ્ર પ્રત્યે તો તે ઉદાસીન જ રહે છે.

હવે પુરુષનો બીજો પ્રકાર પ્રકટ કરવામાં આવે છે—કોઈ પુરુષ એવો હોય છે કે જે અન્યના અવદ્યને, અથવા વર્જ્યને અથવા વજ્ર સમાન ગુરુ કર્મને દેખે છે, પણ પોતાના અવદ્યને, અથવા વર્જ્યને અથવા વજ્ર સમાન ગુરુ કર્મને દેખતો નથી-પોતાના પાપકર્મો તરફ તો તે ઉદાસીન રહે છે. એ જ પ્રમાણે બાકીના બે ભાંગાઓ પુરુષ પ્રકારોનું કથન પણ સમજી લેવું

હવે સૂત્રનો ભાવાર્થ પ્રકટ કરવામાં આવે છે-"चत्तारि" ઇત્યાદિ—પુરુષોના નીચે પ્રમાણે ચાર પ્રકાર પણ કહ્યા છે-(૧) કોઇ પુરુષ એવો હોય છે કે જે પોતાના અવદ્ય (પાપકર્મ) ને ઉદીરિત કરે છે-એટલે કે અનુદીર્ણ અવસ્થાવાળા કર્મને લોચ, તપશ્ચર્યા આદિ દ્વારા ઉદયાવલિકામાં પ્રવિષ્ટ કરાવે છે, પરન્તુ અન્યના અવદ્યને ઉદીરિત કરતો નથી, કારણ કે અન્યના પાપકર્મો

પ્રત્યે તે ઉદાસીનવૃત્તિ રાખતો હોય છે. એ જ પ્રમાણે વિચાર કરીને બાકીના ત્રણ પ્રકારોનું પણ અહીં કથન થવું જોઈએ.

તે ત્રણ ભાંગા (પ્રકારો) આ પ્રમાણે છે—" परस्स णाममेगे वज्जं उदीरेइ, णो अप्पणो " (૨) કોઈ પુરુષ અન્યના અવદ્યને ઉપદેશ આદિ વડે ઉદીરિત કરે છે, પણ પોતાના અવદ્યને ઉદીરિત કરતો નથી. કારણ કે તેનામાં આત્મકલ્યાણની ભાવનાનો જ અભાવ હોય છે. " अप्पणो णाममेगे वज्जं उदीरेइ, परस्स वि " (૩) કોઈ પોતાના અવદ્યને પણ ઉદીરિત કરે છે અને અન્યના અવદ્યને પણ ઉદીરિત કરે છે, કારણ કે તે સ્વ અને પરનું કલ્યાણ ઈચ્છે છે. " अप्पणो णाममेगे वज्जं णा उदीरेइ, णो परस्स वि " કોઇ પુરુષ પોતાના અવદ્યને પણ ઉદીરિત કરતો નથી અને અન્યના અવદ્યને પણ ઉદીરિત કરતો કરતો નથી, કારણ કે તે વિમૂઢ હોય છે.

હવે ચોથા સૂત્રનો ભાવાર્થ પ્રકટ કરવામાં આવે છે-" चत्तारि " ઈત્યાદિ આ સૂત્ર દ્વારા પણ નીચે પ્રમાણે ચાર પ્રકારના પુરુષો કહ્યા છે—(૧) કોઇ પુરુષ એવો હોય છે કે જે પોતાના જ અવદ્યને (પાપકર્મને) ઉપશાન્ત કરે છે, પણ અન્યના તરફ ઉદાસીન હોવાથી અન્યના અવદ્યને ઉપશાન્ત કરતો નથી. આ સિવાયના ત્રણ ભાંગા (વિકલ્પો) નીચે પ્રમાણે છે—

" परस्स णाममेगे वज्जं उवसमेइ, णो अप्पणो२, अप्पणो णाममेगे वज्जं उवसामेइ, परस्स वि३, अप्पणो णाममेगे वज्जं णो उवसामेइ, णो परस्स वि४ "

બીજો ભાંગો—કોઈ પુરુષ એવો હોય છે કે જે ઉપદેશ આદિ દ્વારા પરના અવદ્યને (પાપકર્મને) ઉપશાન્ત કરી નાખે છે, પણ આત્મકલ્યાણની ભાવનાથી રહિત હોવાને કારણે પોતાના અવદ્યને ઉપશાન્ત કરતો નથી.

ત્રીજો ભાંગો—કોઈ પુરુષ એવો હોય છે કે જે સ્વ અને પરના હિતની અભિલાષાવાળો હોવાથી પોતાના અને અન્યના અવદ્યને ઉપશમિત કરી નાખે છે.

ચોથો ભાંગો—કોઇ પુરુષ એવો હોય છે કે જે પોતાની વિમૂઢતાને

કારણે પોતાના પાપકર્મને પણ ઉપશમિત કરતો નથી અને પરના પાપકર્મને પણ ઉપશાન્ત કરતો નથી.

હવે પાંચમાં સૂત્રનો ભાવાર્થ પ્રકટ કરવામાં આવે છે. આ સૂત્રમાં પુરુષોના જે ચાર પ્રકાર કહ્યા છે તેનુ સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે—

(૧) કોઇ પુરુષ એવો હોય છે કે જે આત્મહિતસાધક કાર્યમાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે, પરન્તુ અન્ય પ્રત્યે ઉદાસીન હોવાને કારણે અન્યને તે કાર્ય કરવાને ઉત્સાહિત કરતો નથી. અથવા "अब्भुट्टेइ" ની છાયા "अभ्युत्तिष्ठति" થાય છે. આ દૃષ્ટિએ વિચારવામાં આવે તો તેનો અર્થ "અભ્યુત્થાન કરવું" થાય છે. એવો પુરુષ ઉત્કૃષ્ટ આચારનો પક્ષપાતી હોય છે, અથવા લઘુ પર્યાયવાળો હોય છે. આ દૃષ્ટિએ વિચારતા પહેલો ભાંગો આ પ્રમાણે બને છે—કોઈ પુરુષ એવો હોય છે કે જે પોતાનું અભ્યુત્થાન કરે છે, પણ અન્યનું અભ્યુત્થાન કરતો નથી. બાકીના ત્રણ ભાંગા નીચે પ્રમાણે બને છે—

"अब्भुट्ठावेइ णाममेगे, णो अब्भुट्ठेइ२, अब्भुट्ठेइ णाममेगे अब्भुट्ठावेइ३, णो अब्भुट्ठेइ णाममेगे णो अब्भुट्ठावेइ४"

આ ત્રણ ભાંગાઓની વ્યાખ્યા નીચે પ્રમાણે સમજવી—

બીજો ભાંગો—કોઇ પુરુષ એવો હોય છે કે જે પોતાના શિષ્યાદિકોનું અભ્યુત્થાન કરે છે, પરન્તુ પોતે ગુરુ (દીર્ઘકર્મા) હોવાને કારણે પોતાનું અભ્યુત્થાન કરતો નથી.

ત્રીજો ભાંગો—કોઈ પુરુષ એવો હોય છે કે જે પોતાનું પણ ઉત્થાન કરે છે અને અન્યનું પણ ઉત્થાન કરે છે. જેમકે તીર્થંકર, ગણધર વગેરે.

ચોથો ભાંગો—કોઇ પુરુષ એવો હોય છે કે જે પોતાનું પણ ઉત્થાન કરતો નથી અને પરનું પણ ઉત્થાન કરતો નથી. એવો પુરુષ જિનકલ્પિક અથવા અવિનીત હોય છે.

હવે "वंदइ" થી લઇને "वागरेइ" પર્યન્તના આઠ સૂત્રોનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—

છઠ્ઠા સૂત્રનું સ્પષ્ટીકરણ—"वंदते नामैकः"–"एकः कश्चित् पुरुषो द्वादशाऽऽवर्तादिना वन्दनं करोति, किन्तु परेण न वन्दयति"

(૧) કોઈ પુરુષ એવો હોય છે કે જે દ્વાદશ (બાર) આવર્ત આદિ શાસ્ત્રોક્ત વિધિપૂર્વક વંદણા કરે છે, પણ પોતે બીજા પાસે પોતાને વંદણા કરાવતો નથી. (૨) કોઈ પુરુષ એવો હોય છે કે જે પોતે શાસ્ત્રોક્ત વિધિ-પૂર્વક વંદણા કરતો નથી પણ અન્યની પાસે એવી વંદણા કરાવે છે.

એ જ પ્રમાણે બાકીના બે ભાંગાઓનું કથન પણ જાતે જ સમજી લેવું. વંદણાથી લઇને "वागरेइ" 'નિર્ણય કરે છે' પર્યન્તના સૂત્રોના ચાર ભાંગા-ઓનું કથન પૂર્વોક્ત અભ્યુત્થાન સૂત્ર પ્રમાણે જ સમજી લેવું.

સાતમું સૂત્ર—સત્કારના વિષયમાં પણ એવા જ ચાર ભાંગા સમજી લેવા. જેમકે કોઇ એક પુરુષ એવો હોય છે કે જે વસ્ત્ર, પાત્ર આદિના પ્રદાન-પૂર્વક અન્યનો સત્કાર કરે છે, પણ અન્યની પાસે પોતાનો સત્કાર કરાવતો નથી. બાકીના ત્રણ ભાંગા જાતે જ સમજી લેવા.

આઠમું સૂત્ર—" सम्माणेइ णामेगे णो सम्माणावेइ " ઈત્યાદિ—કોઇ પુરુષ એવો હોય છે કે જે અન્યનું સન્માન કરે છે, પણ અન્યની મારફત પોતાનું સન્માન કરાવતો નથી. બાકીના ત્રણ ભાંગાઓ પૂર્વોક્ત ક્રમ અનુસાર સમજી લેવા.

સૂત્ર નવ—" पूएइ णाममेगे, णो पूयावेइ " ઈત્યાદિ—કોઈ પુરુષ એવો હોય છે કે જે અન્યની પૂજા કરે છે-એટલે કે અન્યની આદરણીયતાનો સ્વીકાર કરે છે, પરન્તુ અન્યની પાસે પોતાની પૂજા કરાવતો નથી-પોતાની જાતને આદરણીય મનાવતો નથી. બાકીના ત્રણ ભંગોને પૂર્વોક્ત ક્રમ અનુસાર જાતે જ સમજી લેવા.

દસમાં સૂત્રનો ભાવાર્થ—" वाएइ " ઈત્યાદિ-ચાર પ્રકારના પુરુષો કહ્યા છે, તેમાંથી પહેલો પ્રકાર આ પ્રમાણે સમજવો-(૧) કોઈ પુરુષ એવો હોય છે કે જે અન્યને સૂત્રાદિ ભણાવે છે, પણ પોતે અન્યની પાસે સૂત્રાદિનું અધ્યયન કરતો નથી. ઉપાધ્યાયને આ પ્રકારના પુરુષમાં ગણાવી શકાય છે. બાકીના ત્રણ ભાંગા પણ ઉપર કહ્યા પ્રમાણે જ સમજી લેવા.

આ ત્રણ ભાંગાના દૃષ્ટાન્ત રૂપે ક્રમશઃ શિષ્યને પઠિતગ્રન્થને અને જિન-કલ્પિકોને ગ્રહણ કરવા જોઇએ.

" पुच्छइ " ઈત્યાદિ-અગિયારમાં સૂત્રનો ભાવાર્થ—" पुच्छइ णाममेगे णो पुच्छावेइ " આ ચાર પ્રકારના પુરુષોમાંથી કોઇ પુરુષ એવો હોય છે કે

જે પોતે જ સૂત્રાદિકોનો અર્થ પૂછે છે, અન્યની પાસે પૂછાવતો નથી. બાકીના ત્રણ ભાંગા પણ પૂર્વોક્ત ક્રમ અનુસાર બનાવી લેવા.

હવે બારમાં સૂત્રનો ભાવાર્થ પ્રકટ કરવામાં આવે છે-"पडिपुच्छइ" ઇત્યાદિ-"पडिपुच्छइ णाममेगे णो पडिपुच्छावेइ" ચાર પ્રકારના પુરુષોમાંથી પહેલા પ્રકારનો પુરુષ એવો હોય છે કે જે સૂત્રાર્થને પોતે જ પ્રશ્નિત કરે છે, પણ બીજા લોકો પાસે પ્રશ્નિત કરાવતો નથી. અહીં પણ બાકીના ત્રણ ભાંગા પૂર્વોક્ત ક્રમાનુસાર બનાવી લેવા જોઇએ.

તેરમાં સૂત્રનું સ્પષ્ટીકરણ--"वागरेइ" ઇત્યાદિ-"वागरेइ णाममेगे णो, वागरावेइ" પુરુષના ચાર પ્રકાર છે. (૧) કોઈ એક પુરુષ એવો હોય છે કે જે પોતે જ નિર્ણય કરે છે, પણ અન્યની પાસે નિર્ણય કરાવતો નથી. આ પહેલો પ્રકાર છે, બાકીના ત્રણ પ્રકાર જાતે જ સમજી લેવા.

હવે ૧૪ માં સૂત્રનો ભાવાર્થ પ્રકટ કરવામાં આવે છે-"सुत्तधरे" ઈત્યાદિ-પુરુષોના ચાર પ્રકાર નીચે પ્રમાણે કહ્યા છે-(૧) કોઈ એક પુરુષ એવો હોય છે કે જે માત્ર સૂત્રધર જ હોય છે, પણ અર્થધર હોતો નથી. (૨) કોઈ પુરુષ માત્ર અર્થધર જ હોય છે પણ સૂત્રધર હોતો નથી. (૩) કોઇ પુરુષ સૂત્રધર પણ હોય છે અને અર્થધર પણ હોય છે. જેમકે કોઇ મેધાવી પુરુષ. (૪) કોઇ પુરુષ એવો હોય છે કે જે સૂત્રધર પણ હોતો નથી અને અર્થધર પણ હોતો નથી જેમકે જડ પુરુષ. ॥ સૂ. ૧૮ ॥

## લોકપાલાદિકોંકે સ્વરૂપકા નિરૂપણ

પુરુષાધિકાર ચાલી રહ્યો છે. તેથી હવે સૂત્રકાર દેવવિશેષ-પુરુષવિશેષ નિરૂપક લોકપાલ આદિ વિષયક સૂત્રોનું કથન કરે છે—

"चमरस्स णं असुरिंदस्स असुरकुमाररन्नो" ઇત્યાદિ—

સૂત્રાર્થ—અસુરેન્દ્ર, અસુરકુમારરાજ ચમરના ચાર લોકપાલ છે. તેમનાં નામ આ પ્રમાણે છે-(૧) સોમ, (૨) યમ, (૩) વરુણ અને (૪) વૈશ્રવણ.

એ જ પ્રમાણે બલિના પણ સોમ, યમ, વરુણ અને વૈશ્રવણ નામના ચાર લોકપાલ કહ્યા છે. ધરણના ચાર લોકપાલોનાં નામ નીચે પ્રમાણે છે–– કાલપાલ, (૨) કોલપાલ, (૩) શૈલપાલ અને (૪) શંખપાલ. એ જ પ્રમાણે ભૂતાનન્દના પણ ચાર લોકપાલ કહ્યા છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે–– (૧) કાલપાલ, (૨) કોલપાલ, (૩) શૈલપાલ અને શંખપાલ.

વેણુદેવના ચિત્ર, વિચિત્ર, ચિત્રપક્ષ અને વિચિત્રપક્ષ નામના ચાર લોકપાલો કહ્યા છે. વેણુદાલિકના (૧) ચિત્ર, (૨) વિચિત્ર, (૩) વિચિત્રપક્ષ, અને (૪) ચિત્રપક્ષ, એ નામના ચાર લોકપાલો કહ્યા છે.

હરિકાન્તના ચાર લોકપાલોનાં નામ આ પ્રમાણે છે––(૧) પ્રભ, (૨) સુપ્રભ, (૩) પ્રભકાન્ત અને (૪) સુપ્રભકાન્ત. હરિસિંહના ચાર લોકપાલોનાં નામ નીચે પ્રમાણે છે-(૧) પ્રભ, (૨) સુપ્રભ, (૩) સુપ્રભકાન્ત, અને (૪) પ્રભકાન્ત. અગ્નિશિખના ચાર લોકપાલોનાં નામ આ પ્રમાણે છે––(૧) તેજ, (૨) તેજઃશિખ, (૩) તેજઃકાન્ત અને (૪) તેજઃપ્રભ.

અગ્નિમાણવના ચાર લોકપાલોનાં નામ આ પ્રમાણે છે––(૧) તેજ, (૨) તેજઃશિખ, (૩) તેજઃપ્રભ અને (૪) તેજઃકાન્ત.

પૂર્ણના લોકપાલોનાં નામ આ પ્રમાણે છે––(૧) રૂપ, (૨) રૂપાંશ, (૩) રૂપકાન્ત અને (૪) રૂપપ્રભ વશિષ્ઠના ચાર લોકપાલોનાં નામ નીચે પ્રમાણે છે–(૧) રૂપ, (૨) રૂપાંશ, (૩) રૂપપ્રભ અને રૂપકાન્ત. જળકાન્તના ચાર લોકપાલોનાં નામ આ પ્રમાણે છે–(૧) જલ, (૨) જલરૂપ, (૩) જલકાન્ત અને (૪) જલપ્રભ

જલપ્રભના ચાર લોકપાલોનાં નામ નીચે પ્રમાણે છે––(૧) જલ, (૨) જલરૂપ, (૩) જલપ્રભ અને (૪) જલકાન્ત.

અમિતગતિના ચાર લોકપાલોનાં નામ આ પ્રમાણે છે—(૧) ત્વરિતગતિ, (૨) ક્ષિપ્રગતિ, (૩) સિંહગતિ, અને (૪) સિંહવિક્રમગતિ. અમિતવાહનના ચાર લોકપાલો ત્વરિતગતિ, ક્ષિપ્રગતિ, સિંહવિક્રમગતિ અને સિંહગતિ છે.

વેલમ્બના ચાર લોકપાલોનાં નામ આ પ્રમાણે છે—(૧) કાલ, (૨) મહાકાલ, (૩) અંજન અને (૪) રિષ્ટ.

પ્રભંજનના ચાર લોકપાલોના નામ નીચે પ્રમાણે છે, (૧) કાલ, (૨) મહાકાલ, (૩) અંજન અને (૪) રિષ્ટ

ઘોષના ચાર લોકપાલોનાં નામ આ પ્રમાણે છે—(૧) આવર્ત (૨) વ્યાવર્ત (૩) નન્દિકાવર્ત અને (૪) મહાનન્દિકાવર્ત. મહાઘોષના ચાર લોકપાલોનાં નામ આ પ્રમાણે છે-(૧) આવર્ત, (૨) વ્યાવર્ત. (૩) મહાનન્દિકાવર્ત, (૪) નન્દિકાવર્ત.

શક્રના સોમ, યમ, વરુણ અને વૈશ્રવણ, એ ચાર લોકપાલો છે. ઈશાનના પણ સોમ, યમ, વૈશ્રવણ અને વરુણ આ નામના ચાર લોકપાલો છે. એ જ પ્રમાણે ક્રમશઃ એકાંતરિત કરીને અચ્યુત પર્યન્તના ઇન્દ્રોના લોકપાલોનું કથન અહીં કરવું જોઇએ.

વાયુકુમાર ચાર પ્રકારના કહ્યા છે—(૧) કાલ, (૨) મહાકાલ, (૩) વેલમ્બ અને (૪) પ્રભંજન. દેવ ચાર પ્રકારના કહ્યા છે-(૧) ભવનવાસી, (૨) વાનવ્યન્તર, (૩) જ્યોતિષ્ક અને (૪) વૈમાનિક.

વિશેષાર્થ—અસુરેન્દ્ર, અસુરકુમારરાજ ચમર દક્ષિણાર્ધનો અધિપતિ છે. તેના લોકપાલોનાં નામ સોમ, યમ આદિ સૂત્રાર્થમાં લખ્યાનુસાર સમજવા. બલિ અસુરેન્દ્ર ઉત્તરાર્ધનો અધિપતિ છે. તેના ચાર લોકપાલોનાં નામ સૂત્રાર્થમાં પ્રકટ કરવામાં આવ્યાં છે. ચમરેન્દ્રનો ચોથો લોકપાલ અહીં ત્રીજો લોકપાલ છે અને બલીન્દ્રનો ચોથો લોકપાલ ચમરેન્દ્રનો ત્રીજો લોકપાલ છે-એટલે કે બન્નેના ત્રીજા અને ચોથા લોકપાલનાં નામો ઊલટાસૂલટી સમજવાં. એ જ પ્રમાણે આગળનું કથન પણ સમજવું.

ધરણ અને ભૂતાનન્દ, આ બે નાગકુમારોના ઈન્દ્ર છે. ધરણ દક્ષિણાર્ધનો અને ભૂતાનન્દ ઉત્તરાર્ધનો અધિપતિ છે. તેમનાં લોકપાલોનાં નામ સૂત્રાર્થમાં આપી દીધાં છે. ચમર અને બલિના લોકપાલોમાં જેમ ત્રીજા અને ચોથા લોકપાલોનાં નામ ઊલટા સૂલટી કરવાનું કહ્યું છે તેમ અહીં પણ કરવું જોઇએ. એટલે કે ધરણનો ત્રીજો લોકપાલ ( શૈલપાલ ) ભૂતાનંદનો ચોથો લોકપાલ છે અને ધરણનો ચોથો લોકપાલ ભૂતાનંદનો ત્રીજો લોકપાલ છે. વેણુદેવ અને વેણુદાલિ, આ બે સુપર્ણકુમારોના ઇન્દ્રો છે. દક્ષિણાર્ધના અધિપતિ વેણુદેવના લોકપાલોનાં નામ ચિત્ર, વિચિત્ર, ચિત્રપક્ષ અને વિચિત્રપક્ષ છે. અને ઉત્તરાર્ધના અધિપતિ વેણુદાલિના લોકપાલોનાં નામ આ પ્રમાણે છે-ચિત્ર, વિચિત્ર, વિચિત્રપક્ષ અને ચિત્રપક્ષ. અહીં પણ ત્રીજા અને ચોથા લોકપાલોનાં નામ ઉપર મુજબ ઊલટા સૂલટી સમજવા.

હરિકાન્ત અને હરિસહ, આ બે ઈન્દ્રો વિદ્યુત્કુમારોના છે. હરિકાન્ત દક્ષિણાર્ધનો અધિપતિ છે અને હરિસહ ઉત્તરાર્ધનો અધિપતિ છે. તેમનાં

લોકપાલોનાં નામ-(૧) પ્રભ, (૨) સુપ્રભ, (૩) સુપ્રભકાન્ત અને (૪) પ્રભકાન્ત છે. બન્નેનાં લોકપાલોનાં નામ સરખાં છે. પણ ત્રીજા અને ચોથા લોકપાલનાં નામો ઉલટાસુલટી છે. હરિકાન્તના ત્રીજા લોકપાલનું નામ પ્રભકાન્ત છે જ્યારે હરિસહના ચોથા લોકપાલનું નામ પ્રભકાન્ત છે. હરિકાન્તના ચોથા લોકપાલનું નામ સુપ્રભકાન્ત છે, જ્યારે હરિસહના ત્રીજા લોકપાલનું નામ સુપ્રભકાન્ત છે.

અગ્નિશિખ અને અગ્નિમાણુવ એ અગ્નિકુમારોના ઇન્દ્રો છે. અગ્નિશિખ દક્ષિણાર્ધનો અધિપતિ છે. તેના લોકપાલો (૧) તેજાઃ (૨) તેજઃશિખ, (૩) તેજઃકાન્ત અને (૪) તેજઃપ્રભ છે. અગ્નિમાણુવ ઉત્તરાર્ધનો અધિપતિ છે. તેના લોકપાલોનાં નામ (૧) તેજાઃ, (૨) તેજઃશિખ, (૩) તેજઃપ્રભ અને (૪) તેજઃકાન્ત છે.

અહીં પણ ત્રીજા અને ચોથા લોકપાલનો ક્રમાંક ફરી જાય છે. દ્વીપકુમારોના બે ઇન્દ્રોનું નામ પૂર્ણ અને વશિષ્ટ છે. દક્ષિણાર્ધનો અધિપતિ પૂર્ણ અને ઉત્તરાર્ધનો અધિપતિ વશિષ્ટ છે. પૂર્ણના ચાર લોકપાલો આ પ્રમાણે છે--(૧) રૂપ, (૨) રૂપાંશ, (૩) રૂપકાન્ત અને (૪) રૂપપ્રભ.

વશિષ્ટના લોકપાલોનાં નામ પણ પૂર્ણના લોકપાલો જેવાં જ છે. માત્ર ત્રીજા અને ચોથાનો ક્રમ ફરી જાય છે.

ઉદધિકુમારોના બે ઇન્દ્રોના નામ જલકાન્ત અને જલપ્રભ છે. જલકાન્ત દક્ષિણાર્ધનો અધિપતિ છે અને જલપ્રભ ઉત્તરાર્ધનો અધિપતિ છે.

જલકાન્તના ચાર લોકપાલોનાં નામ આ પ્રમાણે છે—(૧) જલ, (૨) જલરૂપ, (૩) જલકાન્ત અને (૪) જલપ્રભ. જલપ્રભના લોકપાલોનાં નામ પણ જલકાન્તના લોકપાલો જેવા જ છે. પણ ત્રીજા અને ચોથાનો ક્રમ ફરી જાય છે.

દિકકુમારોના બે ઇન્દ્રોના નામ અમિતગતિ અને અમિતવાહન છે. અમિતગતિનાં ચાર લોકપાલોનાં નામ આ પ્રમાણે છે--(૧) ત્વરિતગતિ, (૨) ક્ષિપ્રગતિ, (૩) સિંહગતિ અને (૪)સિંહવિક્રમગતિ. અમિતવાહનના લોકપાલોનાં નામ પણ એવા જ છે પણ અહીં (૩) સિંહવિક્રમગતિ ને ત્રીજો સમજવો અને (૪) સિંહગતિ ને ચોથો સમજવો. વાયુકુમારોના બે ઇન્દ્રોનાં નામ વેલમ્બ અને પ્રભંજન છે. વેલમ્બ દક્ષિણાર્ધનો અધિપતિ છે અને પ્રભંજન ઉત્તરાર્ધનો અધિપતિ છે. વેલમ્બના લોકપાલોનાં નામ--(૧) કાલ, (૨) મહાકાલ, (૩) અંજન અને (૪) રિષ્ટ છે. પ્રભંજનના લોકપાલોનાં નામ પણ કાલ, મહાકાલ, રિષ્ટ અને અંજન છે. અહીં ત્રીજા અને ચોથા લોકપાલનો ક્રમ ફરી ગયો છે.

સ્તનિતકુમારોના બે ઇન્દ્રોનાં નામ ઘોષ અને મહાઘોષ છે. ઘોષ દક્ષિણાર્ધનો અધિપતિ છે અને મહાઘોષ ઉત્તરાર્ધનો અધિપતિ છે. ઘોષના ચાર લોકપાલોનાં નામ આ પ્રમાણે છે-(૧) આવર્ત, (૨) વ્યાવર્ત, (૩) નન્દિકાવર્ત

અને (૪) મહાનન્દીકાવર્ત. મહાઘોષના લોકપાલોનાં નામ પણ ઘોષના લોકપાલો જેવા જ છે. પણ મહાઘોષના ત્રીજા અને ચોથા લોકપાલનાં નામ મહાનન્દીકાવર્ત અને નન્દિકાવર્ત છે. આમ ત્રીજા અને ચોથાનો ક્રમ ફરી જાય છે.

આ રીતે દસ ભવનપતિઓનાં ૨૦ ઇન્દ્રોના લોકપાલોનું કથન કરીને હવે શક્રાદિના લોકપાલોનાં નામ પ્રકટ કરવામાં આવે છે—

શક્ર સૌધર્મકલ્પનો ઇન્દ્ર છે. તેના ચાર લોકપાલોનાં નામ આ પ્રમાણે છે--(૧) સોમ, (૨) યમ, (૩) વરુણ અને (૪) વૈશ્રવણ.

ત્રીજા સનત્કુમારના, પાંચમાં બ્રહ્મલોકના, સાતમાં મહાશુક્રના અને ૧૦ માં પ્રાણતેન્દ્રના લોકપાલોના નામ પણ શક્રના લોકપાલો જેવા જ છે. ઈશાન નામના બીજા દેવલોકના ઈશાનેન્દ્ર નામના ઈન્દ્રના ચાર લોકપાલોનાં નામ આ પ્રમાણે છે-(૧) સોમ, યમ, (૩) વૈશ્રવણ અને (૪ વરુણ.

" एवं एगंतरिया " ઇત્યાદિ—

શક્ર અને ઈશાન સિવાયના સનત્કુમારથી લઈને અચ્યુત પર્યન્તના આઠ ઈન્દ્રોના લોકપાલોનાં નામો અનુક્રમે શક્ર અને ઈશાનના લોકપાલનાં નામો પ્રમાણે સમજવા. એટલે કે ત્રીજાના ( સનત્કુમારના ) ચાર લોકપાલોનાં નામ સોમ, યમ, વરુણ અને વૈશ્રવણ છે, માહેન્દ્ર ( ચોથા દેવલોકનો ઈન્દ્ર ) ના લોકપાલો સોમ, યમ, વૈશ્રવણ અને વરુણ છે. આ રીતે એક એક દેવલોકને અન્તરિત કરીને જો લોકપાલોનાં નામો આપવામાં આવે, તો તે નામો સરખાં આવે છે. જેમકે શક્રની જેમ સનત્કુમાર, બ્રહ્મ, મહાશુક્ર અને પ્રાણત, આ ચાર દેવલોકના ઈન્દ્રોના લોકપાલોનાં નામ સોમ, યમ, વરુણ અને વૈશ્રવણ છે. અને માહેન્દ્ર, લાન્તક, સહસ્રાર અને અચ્યુતના ઇન્દ્રોના લોકપાલોનાં નામ ઈશાનેન્દ્રના લોકપાલો જેવા છે-એટલે કે સોમ, યમ, વૈશ્રવણ અને વરુણ છે. આ રીતે એકાંતરે આવતા દેવલોકોના ઇન્દ્રોના લોકપાલોનાં નામ સરખાં જ છે.

" चउव्विहा वाउकुमारा " ઇત્યાદિ –

વાયુકુમારોના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે-(૧) કાલ, (૨) મહાકાલ, (૩) વેલમ્બ અને (૪) પ્રભંજન. આ બધાં વાયુકુમારો પાતાળકલશોના સ્વામી છે.

દેવોના ભવનવાસી આદિ જે ચાર ભેદ કહ્યા છે તેનું કથન સ્પષ્ટ હોવાથી અહીં તેમનું વધુ વિવેચન કર્યું નથી. ॥ સૂ. ૧૯ ॥

પહેલાના સૂત્રમાં દેવોની સંખ્યા કહેવામાં આવી, તે સંખ્યા જ પ્રમાણુ સ્વરૂપ હોય છે. તે સંબંધને અનુલક્ષીને હવે સૂત્રકાર પ્રમાણુના સ્વરૂપનું નિરૂપણુ કરે છે. " चउव्विहे पमाणे पण्णत्ते " ઇત્યાદિ—

સૂત્રાર્થ–પ્રમાણુના ચાર પ્રકાર કહ્યા છે, તે પ્રકારો નીચે પ્રમાણે છે—(૧) દ્રવ્યપ્રમાણુ, (૨) ક્ષેત્રપ્રમાણુ, (૩) કાલપ્રમાણુ અને (૪) ભાવપ્રમાણુ.

ટીકાર્થ–પ્રમિતિને પ્રમાણુ કહે છે. ' પ્રમિતિ ' એટલે જાણવું તે. જેના દ્વારા જાણી શકાય છે, તે પ્રમાણુ છે હવે તેના ચાર ભેદોનું સ્પષ્ટીકરણુ કરવામાં આવે છે–દ્રવ્યરૂપ જે પ્રમાણુ છે તેને દ્રવ્યપ્રમાણુ કહે છે. અથવા દંડાદિ દ્રવ્યથી ( પદાર્થથી ) જે પરિચ્છેદ ( જ્ઞાન–જાનકારી ) થાય છે તેનું નામ દ્રવ્ય પ્રમાણુ છે જેમકે–દંડ આદિ દ્રવ્યથી અથવા ધનુષ આદિથી શરીર આદિનું માપ જાણી શકાય છે, તે માપ દ્રવ્યપ્રમાણુ રૂપ ગણાય છે. અથવા–જીવાદિ દ્રવ્યનું જે પ્રમાણુ છે, તે દ્રવ્યપ્રમાણુ છે. અથવા પરમાણુ આદિમાં પર્યાયોનું જે પ્રમાણુ છે તે દ્રવ્યપ્રમાણુ છે. પ્રદેશનિષ્પન્ન અને વિભાગ નિષ્પન્નના ભેદથી દ્રવ્યપ્રમાણુ બે પ્રકારનું કહ્યું છે. પરમાણુથી લઇને અનન્ત પર્યન્તના પ્રદેશવાળા દ્રવ્યનું જે પ્રમાણુ છે, તેનું નામ પ્રદેશ નિષ્પન્ન દ્રવ્યપ્રમાણુ છે. વિભાગ નિષ્પન્ન દ્રવ્ય-પ્રમાણુના નીચે પ્રમાણે પાંચ પ્રકાર છે–માન, ઉન્માન, અવમાન, ગણિત અને પ્રતિમાન. શેર આદિ માનરૂપ દ્રવ્યપ્રમાણુ છે. તેની મદદથી " આ ધાન્ય આટલું છે, " આ પ્રકારનું નિર્ણાયક પ્રમાણુ નીકળે છે. તુલા–કર્ષ આદિ ઉન્માન-રૂપ હોય છે. હસ્ત, મુઠ્ઠી આદિ રૂપ અવમાન હોય છે. એક બે આદિ સંખ્યા રૂપ ગણિત હોય છે. ગુંજા ( કરજની ) આદિ રૂપ પ્રતિમાન હોય છે. આકાશનું જે માપ ( દૂર સુધીનો હિસાબ ) છે તેને ક્ષેત્રપ્રમાણુ કહે છે. તે ક્ષેત્રપ્રમાણુના પણુ પ્રદેશ નિષ્પન્ન અને વિભાગ નિષ્પન્ન નામના બે ભેદ પડે છે. એક પ્રદેશાવગાઢથી લઇને અસંખ્યાત પ્રદેશાવગાઢ પર્યન્તનું જે ક્ષેત્ર છે તેને પ્રદેશ નિષ્પન્ન ક્ષેત્રપ્રમાણુ કહે છે. અંગુલી ( આંગળી ) આદિ જે પ્રમાણુ છે તેને વિભાગ નિષ્પન્ન ક્ષેત્રપ્રમાણુ કહે છે.

સમયનું જે પ્રમાણ છે તેને કાળપ્રમાણ કહે છે. તે કાળપ્રમાણ પણ બે પ્રકારનું છે-(૧) પ્રદેશ નિષ્પન્ન કાળપ્રમાણ અને (૨) વિભાગ નિષ્પન્ન કાળ પ્રમાણ. એક સમયની સ્થિતિથી લઇને જે અસંખ્યાત સમય પર્યન્તની સ્થિતિ હોય છે તેને પ્રદેશ નિષ્પન્ન કાળપ્રમાણ કહે છે. તથા સમય, આવલિકા આદિ રૂપ જે કાળપ્રમાણ છે તેને વિભાગ નિષ્પન્ન કાળપ્રમાણ કહે છે.

શંકા—પ્રમાણના ચાર પ્રકાર કહેવાની શી જરૂર છે. માત્ર દ્રવ્યપ્રમાણ રૂપ એક જ પ્રમાણ કહેવું જોઇએ, કારણ કે દ્રવ્યત્વરૂપે ક્ષેત્ર અને કાળ પણ ગ્રહણ થઇ જાય છે, તેથી તેમનું પ્રમાણ પણ દ્રવ્યપ્રમાણમાં જ અન્તર્ભૂત થઇ જવું જોઇએ. છતાં અહીં અલગ અલગ પ્રકાર રૂપે તેમની પ્રરૂપણા શા માટે કરવામાં આવી છે?

ઉત્તર—ક્ષેત્ર અને કાળ જીવાદિ દ્રવ્યોના વિશેષક હોવાથી તેમની પર્યાય રૂપ હોય છે. તેથી દ્રવ્ય કરતાં ક્ષેત્ર અને કાળમાં વિશિષ્ટતા છે. તે કારણે દ્રવ્યની અપેક્ષાએ એક હોવા છતાં પણ પર્યાયની અપેક્ષાએ તે બન્નેમાં (દ્રવ્યમાં અને પર્યાયમાં) ભેદ હોય છે. આ વાતને પ્રકટ કરવા નિમિત્તે ક્ષેત્ર અને કાળ (એ બન્ને) ને પૃથક્ પૃથક્ (જુદાં જુદાં) પ્રમાણ કહ્યાં છે. ભાવરૂપ જે પ્રમાણ છે તેને અથવા ભાવોનું જે પ્રમાણ છે તેને ભાવપ્રમાણ કહે છે. તે ભાવપ્રમાણ ત્રણ પ્રકારનું કહ્યું છે—(૧) ગુણ, (૨) નય અને (૩) સંખ્યા. જીવના જ્ઞાન, દર્શન અને ચારિત્ર, એ ગુણરૂપ ભાવપ્રમાણ છે. પ્રત્યક્ષ અનુમાન, આગમ અને ઉપમાન તે જ્ઞાનરૂપ ભાવપ્રમાણ છે. તત્ત્વો પ્રત્યે શ્રદ્ધા રાખવી તે દર્શનરૂપ ભાવપ્રમાણ છે, અને સાવદ્ય કાર્યોમાંથી વિરતિ થવી તેનું નામ ચારિત્રરૂપ ભાવપ્રમાણ છે. નૈગમ આદિ જે નય છે, તે નયરૂપ ભાવ-પ્રમાણ છે. એક બે આદિ જે સંખ્યા છે તે સંખ્યારૂપ ભાવપ્રમાણ છે. આ રીતે અહીં પ્રમાણનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ॥ સૂ. ૨૦ ॥

દેવાધિકારની અપેક્ષાએ હવે સૂત્રકાર દિક્કુમારી મહત્તરિકાઓનું નિરૂપણ આ ચાર સૂત્રો દ્વારા કરે છે—" चत्तारि दिसाकुमारी महत्तरियाओ पण्णत्ताओ " ઇત્યાદિ—

સૂત્રાર્થ–દિક્કુમારિ મહત્તરિકાએ ચાર પ્રકારની કહી છે-(૧) રૂપા, (૨) રૂપાંશા (૩) સુરૂપા અને (૪) રૂપાવતી. વિદ્યુત્કુમારી મહત્તરિકાઓ પણ નીચે પ્રમાણે ચાર પ્રકારની કહી છે-(૧) ચિત્રા, (૨) ચિત્રકનકા, (૩) શતેરા અને (૪) સૌત્રામણિ. દેવેન્દ્ર દેવરાજ શક્રની મધ્યમ પરિષદામાં દેવોની ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે. દેવેન્દ્ર દેવરાજ ઇશાનની મધ્યમ પરિષદામાં દેવીઓની ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે. ॥ સૂ. ૨૧-૨૨ ॥

સંસાર ચાર પ્રકારનો કહ્યો છે—(૧) દ્રવ્યસંસાર, (૨) ક્ષેત્રસંસાર (૩) કાલસંસાર અને (૪) ભાવસંસાર ॥ સૂ. ૨૩ ॥

સૂત્ર ૨૧ અને ૨૨ નો વિશેષાર્થ—દિશાકુમારીઓને દિક્કુમારીઓ કહે છે. તેઓ પ્રધાનતમ હોવાથી તેમને મહત્તરિકાઓ કહી છે. અથવા દિક્કુમારીઓની જે મહત્તરિકાઓ છે તેમને દિક્કુમારી મહત્તરિકાઓ કહે છે. તેમનાં નામ રૂપા, રૂપાંશા, સુરૂપા અને રૂપાવતી છે. તે ચારે રુચકદ્વીપની મધ્યમાં રહે છે. જ્યારે અર્હન્ત ઉત્પન્ન થાય છે, ત્યારે તેમની નાલ વગેરે કાપવાનું કામ તેઓ કરે છે. ચિત્રા, ચિત્રકનકા આદિના ભેદથી જે ચાર વિદ્યુત્કુમારિકાઓ કહી છે, તેઓ રુચકદ્વીપની વિદિશાઓમાં રહે છે. જ્યારે અર્હન્ત પ્રભુનો જન્મ થાય છે, ત્યારે આ ચારે વિદ્યુત્કુમારીઓ હાથમાં દીપક લઇને ગીતો ગાતી ગાતી ભગવાનની પાસે ઊભી રહે છે. ॥ સૂ. ૨૧ ॥

શક્ર અને ઇશાન સંબંધી સૂત્ર સુગમ હોવાથી અહીં તેનો વિશેષાર્થ આપ્યો નથી. દેવ સંસારી હોય છે, આ સંબંધને અનુલક્ષીને સૂત્રકારે આ સંસારસૂત્રનું કથન કર્યું છે. પરિભ્રમણનું નામ સંસાર છે, તેના દ્રવ્યસંસાર આદિ જે ચાર ભેદ કહ્યા છે, તેનું હવે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—

જીવ અને પુદ્ગલોના પારસ્પરિક સંબંધનું નામ સંસાર છે. જીવ જ્યારે પુદ્ગલોના સંબંધ રૂપ બન્ધનમાંથી મુક્ત થઈ જાય છે ત્યારે તેને મુક્ત જીવ કહેવાય છે. અથવા પુદ્ગલરૂપ કર્મના સંબંધથી જીવને ચાર ગતિઓમાં જે ભ્રમણ કરવું પડે છે તેનુ નામ સંસાર છે. ૧૪ રાજૂપ્રમાણ જે ક્ષેત્ર છે તેને ક્ષેત્રસંસાર કહે છે. અથવા જે ક્ષેત્રમાં સંસાર પરિભ્રમણ વ્યાખ્યાત થાય છે તે ક્ષેત્રનું નામ ક્ષેત્રસંસાર છે. અહીં ક્ષેત્રરૂપ અધિકરણ અને સંસારરૂપ આધેયમાં અભેદોપચારની અપેક્ષાએ ક્ષેત્રને સંસાર શબ્દથી વ્યવહૃત કરવામાં આવેલ છે.

સમય, આવલિકા આદિ રૂપ કાળનું જે ચક્ર ન્યાયથી પરિભ્રમણ છે, તે કાળસંસાર છે, અથવા નરકાદિકોમાં કોઇ જીવનું પલ્યોપમ આદિ કાળવિશેષ યુક્ત જે પરિભ્રમણ છે, તેનું નામ કાળસંસાર છે. અથવા જે પ્રહર આદિ કાળથી સંસાર–વ્યવહાર ચાલે છે, તે કાળને પણ અભેદોપચારથી કાળસંસાર કહ્યો છે. ઔદયિક આદિ ભાવોનું અથવા વર્ણાદિ રૂપ ગુણોનું જે પરિભ્રમણરૂપ પરિણમન છે, તે ભાવસંસાર છે. ॥ સૂ. ૨૩ ॥

પહેલાના સૂત્રમાં દ્રવ્યાદિ સંસારનું નિરૂપણ કરવામાં આવ્યું, તે સંસારની અનેક નયો દ્વારા દૃષ્ટિવાદમાં વિચારણા થઇ છે, તેથી હવે સૂત્રકાર દૃષ્ટિવાદનું ભેદોસહિત નિરૂપણ કરે છે—"चउव्विहे दिट्ठिवाए पण्णत्ते" ઇત્યાદિ—

## ભેદસહિત દૃષ્ટિવાદકા નિરૂપણ

સૂત્રાર્થ–દૃષ્ટિવાદના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે––(૧) પરિકર્મ, (૨) સૂત્ર (૩) પૂર્વગત અને (૪) અનુયોગ.

ટીકાર્થ — નૈગમાદિ નયોનું નામ દૃષ્ટિ છે. તે દૃષ્ટિઓનું જેમાં વર્ણન છે તે દૃષ્ટિવાદ છે અથવા "दिट्ठिवाए" આ પદની સંસ્કૃત છાયા 'દૃષ્ટિવાદ' છે. આ દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો દર્શનોના સ્વરૂપનું જેમાં કથન થયું છે. એવું બારમું અંગ દૃષ્ટિવાદ છે. તે દૃષ્ટિવાદને પરિકર્મ આદિના ભેદથી જે ચાર પ્રકારનો કહ્યો છે, તે પ્રકારોનું હવે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે––જે કર્મ ગણિતાદિ કર્મની જેમ સૂત્રાદિ ગ્રહણ કરવાની યોગ્યતા પ્રાપ્ત કરાવવાને સમર્થ હોય છે, તે કર્મનું નામ પરિકર્મ છે. તે પરિકર્મ સિદ્ધશ્રેણિકાદિ રૂપ છે. ઋજુ સૂત્ર આદિ ૨૨ સૂત્ર છે. તે ૨૨ સૂત્ર સર્વદ્રવ્ય, સર્વપર્યાય, નય આદિ રૂપ અર્થનું સૂચન કરે છે, તેથી તેમને સૂત્ર કહેવામાં આવેલ છે. "પૂર્વગત" સર્વશ્રુત કરતાં પૂર્વે (પહેલાં) કરાયેલ

( રચિત ) હોવાથી ઉત્પાદ આદિ ૧૪ પૂર્વોને પૂર્વ કહે છે. તે પૂર્વમાં જે પત પ્રવિષ્ટ છે તે શ્રુતને પૂર્વશ્રુત કહે છે. 'પૂર્વગત' પદથી 'પૂર્વ' જ ગૃહીત થાય છે, કારણ કે સમસ્ત શ્રુત પૂર્વમાં પ્રવિષ્ટ છે. જેમ હસ્તાદિ અંગમાં આંગળી આદિ અંગનો સમાવેશ થઈ જાય છે-" હસ્ત " શબ્દથી આંગળી આદિ અંગો પણ ગ્રહણ થઇ જાય છે તેમ પૂર્વગત પદથી પૂર્વ જ ગૃહીત થાય છે. " અનુયોગ "-સૂત્રનો પોતાના અર્થની સાથે જે અનુરૂપ અથવા અનુકૂળ સંબંધ છે તેનું નામ અનુયોગ છે. આ ચારેનું સવિસ્તર વર્ણન નન્દીસૂત્રની જ્ઞાનચન્દ્રિકા ટીકામાં કરવામાં આવ્યું છે, તો જિજ્ઞાસુ પાઠકોએ ત્યાંથી તે વાંચી લેવું. ॥ સૂ. ૨૪ ॥

## પ્રાયશ્ચિતકા નિરૂપણ

પહેલાના સૂત્રમાં જે પૂર્વગતની પ્રરૂપણા કરવામાં આવી, તે પૂર્વગતમાં પ્રાયશ્ચિત્તની પ્રરૂપણાનો સદ્ભાવ હોવાથી હવે સૂત્રકાર બે સૂત્રો દ્વારા પ્રાયશ્ચિત્તનું નિરૂપણ કરે છે-" चउव्विहे पायच्छित्ते पण्णत्ते " ઇત્યાદિ—

સૂત્રાર્થ-પ્રાયશ્ચિત્તના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે—(૧) જ્ઞાનપ્રાયશ્ચિત્ત, (૨) દર્શન પ્રાયશ્ચિત્ત, (૩) ચારિત્ર પ્રાયશ્ચિત્ત અને (૪) વ્યક્તકૃત્ય પ્રાયશ્ચિત્ત. પ્રાયશ્ચિત્તના નીચે પ્રમાણે ચાર પ્રકાર પણ પડે છે--(૧) પ્રતિસેવના પ્રાયશ્ચિત્ત, (૨) સંયોજના પ્રાયશ્ચિત્ત (૩) આરોપણા પ્રાયશ્ચિત્ત અને (૪) પરિકુંચના પ્રાયશ્ચિત્ત

હવે આ સૂત્રનો ભાવાર્થ સ્પષ્ટ કરવામાં આવે છે-" પ્રાયઃ " એટલે 'પાપ' અને પાપના વિશોધનનું નામ 'ચિત્ત' છે. પાપનું વિશોધન ( શુદ્ધિ ) જેના દ્વારા થાય છે તેનું નામ જ પ્રાયશ્ચિત્ત છે. કહ્યું પણ છે કે-" प्रायः पापं विजानीयात्-चित्तं तस्य विशोधनम् " અથવા "જેના સદ્ભાવને લીધે અંતઃકરણ પોતાના મૂળ સ્વરૂપમાં સામાન્યતઃ સ્થિર રહે છે તેનું નામ પ્રાયશ્ચિત્ત છે. તે

પ્રાયશ્ચિત્ત અનુષ્ઠાન વિશેષરૂપ હોય છે. હવે તેના ચાર ભેદોનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે–જ્ઞાન સંબંધી અતિચારોનું વિશોધન કરવું તેનું નામ જ્ઞાન પ્રાયશ્ચિત્ત છે. દર્શન સંબંધી અતિચારોનું વિશોધન કરવું તેનું નામ દર્શનપ્રાયશ્ચિત્ત છે ચારિત્રવિષયક અતિચારોનું વિશોધન કરવું તેનું નામ ચારિત્ર પ્રાયશ્ચિત્ત છે.

" वियत्तकिच्चपायच्छित्तं " ઈત્યાદિ—ગીતાર્થ ગુરુલાઘવની પર્યાલોચના કરીને જે કોઇ પ્રાયશ્ચિત્ત દે છે, તે પાપવિશોધક જ હોય છે. એવું તે પ્રાયશ્ચિત્ત વ્યક્તકૃત્ય પ્રાયશ્ચિત્ત છે, કારણ કે વ્યક્ત નામ ગીતાર્થનું છે, તેમના દ્વારા જે કરણીય હોય છે તેનું નામ કૃત્ય છે. આ વ્યક્તકૃત્ય રૂપ જે પ્રાયશ્ચિત્ત છે, તેને વ્યક્તકૃત્ય પ્રાયશ્ચિત્ત કહે છે.

અકૃત્યનું સેવન કરવું તેનું નામ પ્રતિસેવના છે. તે પ્રતિસેવનાને દૂર કરવા માટેની જે શાસ્ત્રીય પ્રતિક્રિયા છે તેનું નામ પ્રતિસેવના પ્રાયશ્ચિત્ત છે. તે પ્રાયશ્ચિત્તના આલોચના આદિ ૧૦ પ્રકાર છે. કહ્યું પણ છે કે—

" आलोयण पडिक्कमणे " ઇત્યાદિ.

સંયોજના પ્રાયશ્ચિત્ત—એક જાતીય અતિચારોનો સંયોગ થવો તેનું નામ સંયોજના છે. જેમકે શય્યાતરપિંડ ગ્રહણ કરવામાં આવે તો અતિચાર લાગે અને એ જ શય્યાતરપિંડ ભીના હાથે અપાયો હોય તો તેથી પણ અતિચાર લાગે. અભ્યાહૃત પિંડ ગ્રહણ કરવામાં આવે અને તે પણ આધાકર્મ દોષયુક્ત હોય તો ત્યાં પણ એક જાતના અતિચારોનું સંયોજન થયું ગણાય. તેની વિશુદ્ધિ નિમિત્તે જે પ્રાયશ્ચિત્ત કરવામાં આવે છે, તેને સંયોજના પ્રાયશ્ચિત્ત કહે છે.

" આરોપણા પ્રાયશ્ચિત્ત " એક જ જાતના અપરાધનું વારંવાર આસેવન થવાથી વિજાતીય પ્રાયશ્ચિત્તનું અધ્યારોપણ કરવું તેનું નામ આરોપણા પ્રાયશ્ચિત્ત છે. એટલે કે દોષ માટે પહેલાં અમુક પ્રકારનું પ્રાયશ્ચિત્ત આપવામાં આવે, અને ફરીથી એ જ દોષનું આસેવન કરવામાં આવે તો બીજી જાતનું પ્રાયશ્ચિત્ત

આપવામાં આવે, તો તેનું નામ આરોપણા પ્રાયશ્ચિત્ત સમજવું. જેમકે કોઇ સાધુને અમુક દોષને માટે પાંચ દિનરાતનું પ્રાયશ્ચિત્ત આપવામાં આવે છે. એ જ સાધુ બીજીવાર તે દોષનું આસેવન કરે તો તેને દસ દિનરાતનું પ્રાયશ્ચિત્ત આપવામાં આવે છે. ત્રીજી વખત એ દોષનું આસેવન કરવા માટે ૧૫ દિનરાતનું પ્રાયશ્ચિત્ત અપાય છે. આ પ્રમાણે છ માસ સુધીનું પ્રાયશ્ચિત્ત તે લઈ શકે છે, ત્યારબાદ વધુ સમયનું પ્રાયશ્ચિત્ત ( પ્રાયશ્ચિત્ત નિમિત્તક તપ ) તેને અપાતું નથી. કારણ કે મહાવીર પ્રભુના શાસનમાં તપની અન્તીમ સીમા છ માસ સુધીની જ કહી છે. કહ્યું પણ છે કે–" पंचाइयारोवण " ઈત્યાદિ. આ પ્રકારની આરોપણાથી જે પ્રાયશ્ચિત્ત દેવામાં આવે તેનું નામ આરોપણા પ્રાયશ્ચિત્ત છે.

## કાલકે સ્વરૂપકા નિરૂપણ

" પરિકુંચના પ્રાયશ્ચિત્ત " પરિકુંચન એટલે માયા. એટલે કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવસંબંધી અપરાધોને છુપાવવા–જે અપરાધો કર્યા હોય તેમને અન્ય રૂપે પ્રકટ કરવા તેનું નામ માયા છે. કહ્યું પણ છે કે " दव्वे खेत्ते काले भावे " ઈત્યાદિ–દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ પરિકુંચનાના જે ચાર પ્રકાર કહ્યા છે તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–" सचित्ते अचित्तं " ઇત્યાદિ–સચિત્તાદિના વિષયમાં માયાચારીથી અચિત્તાદિ રૂપે કથન કરવું તેનું નામ પરિકુંચના છે. તેનું જે પ્રાયશ્ચિત્ત છે, તેને પરિકુંચના પ્રાયશ્ચિત્ત કહે છે. ॥ સૂ. ૨૫ ॥

પૂર્વોક્ત પ્રાયશ્ચિત્તકાળની અપેક્ષાએ આપવામાં આવે છે. આ સંબંધને અનુલક્ષીને હવે સૂત્રકાર કાળની પ્રરૂપણા કરે છે—" चउव्विहे काले पण्णत्ते " ઈત્યાદિ.

સૂત્રાર્થ–કાળ ચાર પ્રકારનો કહ્યો છે, તે ચાર પ્રકારો નીચે પ્રમાણે છે—(૧) પ્રમાણુકાળ, (૨) યથાયુષ્ક નિર્વૃત્તિકાળ, (૩) મરણુકાળ અને (૪) અદ્ધાકાળ.

ટીકાર્થ–કાળનું લક્ષણુ "વર્તના" કહ્યું છે. કહ્યું પણુ છે કે–"दव्वपरिवट्टरूवो" ઇત્યાદિ. વર્તના લક્ષણુવાળા તે કાળના પ્રમાણુકાળ આદિ ચાર પ્રકાર કહ્યા છે. જે કાળની મદદથી વર્ષશત, પલ્યોપમ આદિ જાણી શકાય છે તે કાળનું નામ પ્રમાણુકાળ છે. તે પ્રમાણુકાળ દિવસ આદિ રૂપ હોય છે, અને મનુષ્ય ક્ષેત્રમાં જ તેનું અસ્તિત્વ હોય છે. કહ્યું પણુ છે કે–" दुविहो पमाणकालो " ઇત્યાદિ.

" યથાયુષ્ક નિર્વૃત્તિકાળ "—નારક આદિ પર્યાયોનું જેટલું આયુષ્ય છે, તેટલા આયુષ્યનું નામ યથાયુષ્ક છે. રૌદ્રધ્યાન આદિ દ્વારા તે આયુ બાંધવું તેનું નામ યથાયુષ્ક નિર્વૃત્તિ છે. આ યથાયુષ્ક અનુસાર નારકાદિ રૂપે જીવોની જે સ્થિતિ છે, તેને યથાયુષ્ક નિર્વૃત્તિકાળ કહે છે. અથવા–જે જીવે જે ગતિના જેટલા આયુનો બંધ કર્યો હોય તેટલા પ્રમાણુમાં તે નારકાદિ ગતિમાં જીવનું જે અવસ્થાન થાય છે તે અવસ્થાન કાળને ( તે ભવસંબંધી આયુસ્થિતિને ) યથાયુષ્ક નિર્વૃત્તિકાળ કહે છે. આ કથનનું તાત્પર્ય નીચે પ્રમાણે છે-- જીવે જે પર્યાયના જેટલા આયુનો બંધ કર્યો હોય, તે પર્યાયમાં એટલા સમય સુધી જીવને જે રહેવું પડે છે, તેનું નામ જ યથાયુષ્ક નિર્વૃત્તિકાળ છે. કહ્યું પણુ છે કે–" आउयमेत्तविसिट्ठो " ઇત્યાદિ.

" મરણુકાળ " મૃત્યુનો જે કાળ છે તેનું નામ મરણુકાળ છે. અથવા મરણ–વિશિષ્ટ જે કાળ છે તે મરણુકાળ છે. અથવા મરણુરૂપ જે કાળ છે તે મરણુકાળ છે. કહ્યું પણુ છે કે–" कालो त्ति मयं मरणं " ઇત્યાદિ.

" અદ્ધાકાલ "—સમય, આવલિકા આદિ રૂપ જે કાળ છે તેનું નામ અદ્ધાકાળ છે. અહીં કાળનું વિશેષણુ અદ્ધા રાખવાનું કારણુ એ છે કે વર્ણુ પરિણામમાં જે કાલરૂપ ( કાળો ) વર્ણુ આવે છે, તેની વ્યાવૃત્તિ ( નિવારણુ ) ને નિમિત્તે આ વિશેષણુ કાળ સાથે યોજવામાં આવ્યું છે. આ અદ્ધાકાળ સૂર્યની ક્રિયાથી જાણી શકાય છે, અને અઢી દ્વીપમાં જ તેનો સદ્ભાવ હોય છે. તે દિવસ આદિ રૂપ હોય છે. કહ્યું પણુ છે કે–' सूरकिरिया विसिट्ठो " ઇત્યાદિ. જેટલા કાળ છે તે અદ્ધાકાળ વિશેષરૂપ જ છે, પણુ અહીં ચાર સ્થાનકોનો અધિકાર ચાલતો હોવાથી અથવા શિષ્યબુદ્ધિના વૈશદ્યને માટે તેને ચાર પ્રકારનો કહ્યો છે. ॥ સૂ. ૨૬ ॥

## પુદ્ગલોંકે પરિણામકા નિરૂપણ

આ પ્રમાણે દ્રવ્યપર્યાયરૂપ કાળમાં ચતુર્વિધતાનું કથન કરીને હવે સૂત્રકાર પર્યાયાધિકારના સંબંધને અનુલક્ષીને પુદ્ગલોના પર્યાયરૂપ પરિણામની ચતુર્વિધતાનું કથન કરે છે—"चउव्विहे पोग्गलपरिणामे पण्णत्ते" ઇત્યાદિ—

સૂત્રાર્થ–પુદ્ગલ પરિણામ ચાર પ્રકારનું કહ્યું છે (૧) વર્ણ પરિણામ, (૨) ગન્ધ પરિણામ, (૩) રસ પરિણામ અને (૪) સ્પર્શ પરિણામ.

ટીકાર્થ–પુદ્ગલ પૂરણ અને ગલન સ્વભાવવાળાં હોય છે, અને રૂપ, રસ, ગન્ધ, વર્ણ અને સ્પર્શવાળા હોય છે, તેથી તેમને મૂર્ત્ત કહેવામાં આવ્યાં છે. તેમનું એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં જે ગમન થાય છે, તેનું નામ જ પરિણામ છે કહ્યું પણ છે કે–"परिणामो ह्यर्थान्तरगमनम्" ઇત્યાદિ. હવે પુદ્ગલ પરિણામના જે ચાર પ્રકાર કહ્યા છે તેનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે.

કાળો આદિ પાંચ વર્ણ કહ્યાં છે. કોઈ પણ એક વર્ણનું અન્ય વર્ણ રૂપે પરિણમન થઇ જવું તેનું નામ વર્ણરૂપ પરિણામ છે. ગન્ધ ગુણના પરિણમનને ગન્ધ પરિણામ કહે છે. જેમકે સુરભિગન્ધનું દુરભિગન્ધ (દુર્ગંધ) રૂપે અથવા દુરભિગન્ધનું સુરભિ ગન્ધ રૂપે પરિણમન થવું તેનું નામ ગન્ધ પરિણામ છે. મધુરાદિ રસોનું કડવા આદિ રસ રૂપે પરિણમન થવું અથવા કટુક રસનું મધુરાદિ રસ રૂપે પરિણમન થવું તેનું નામ રસ પરિણામ છે. શીતાદિ સ્પર્શોનું ઉષ્ણાદિ સ્પર્શ રૂપે પરિણમન થવું તેનું નામ સ્પર્શ પરિણામ છે. ॥સૂ. ૨૭॥

## જીવદ્રવ્યકે પરિણામોં કા નિરૂપણ

અજીવ દ્રવ્યના પરિણામનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર જીવ દ્રવ્યના પરિણામનું નિરૂપણ કરે છે. "भरहेरवएसुणं वासेसु पुरिमपच्छिमवज्जा" ઇત્યાદિ—

સૂત્રાર્થ–ભરત અને ઐરવત ક્ષેત્રમાં પહેલા અને છેલ્લા તીર્થંકરો સિવાયના તીર્થંકરોએ એટલે કે વચ્ચેના ૨૨ તીર્થંકરોએ ચાતુર્યામ ધર્મની પ્રજ્ઞાપના કરી છે. તે ચાતુર્યામ ધર્મનું સ્વરૂપ આ પ્રકારનું છે—(૧) સમસ્ત પ્રાણાતિપાતથી વિરમણ, (૨) સમસ્ત મૃષાવાદથી વિરમણ, (૩) સમસ્ત અદત્તાદાનથી વિરમણ અને (૪) ધર્મોપકરણ સિવાયના સમસ્ત પરિગ્રહથી વિરમણ. સમસ્ત મહાવિદેહોમાં અર્હંત ભગવન્તોએ જે ચાતુર્યામ ધર્મની પ્રજ્ઞાપના કરી છે તે ચાતુર્યામ ધર્મ પૂર્વોક્ત સમસ્ત પ્રાણાતિપાત આદિથી વિરમણ રૂપ જ છે.

ટીકાર્થ–અહીં "णं" પદ વાકયાલંકારમાં વપરાયું છે. 'પૂર્વ' અને પશ્ચિમ' પદો દ્વારા અહીં પ્રથમ તીર્થંકર આદિનાથ અને છેલ્લા તીર્થંકર મહાવીર પ્રભુ

ગૃહીત થયા છે, જીવોને દુર્ગતિમાં પડતાં જે બચાવે છે, તે ધર્મ છે.

સાવદ્ય કર્મોથી (પાપયુક્ત કાર્યોથી) વિરતિ થવી તેનું નામ 'યમ' છે, તે યમનું નામ જ 'યામ' છે. જેમાં ચાર યામ હોય તેને ચાતુર્યામ કહે છે. ચાર મહાવ્રત રૂપ યામ જ ચાતુર્યામ છે, એવું જે ગ્રહણ કરવામાં આવે છે તેનું નામ આદાન છે. એવું આદાન પરિગ્રાહ્ય (ગ્રહણ કરવા યોગ્ય) પદાર્થ છે. આ રીતે ધર્મોપકરણ પણ આદાનમાં આવી જાય છે, તેથી આદાનમાં તેને પરિગૃહીત નહીં કરવાને માટે જ "बहिर्द्धं" પદ મૂકવામાં આવ્યું છે. ધર્મોપકરણ સિવાયના પદાર્થોનું જે આદાન છે તેને "બહિદ્ધાદાન" બહિરાદાન કહે છે. તેના ગ્રહણનો ચતુર્યામ ધર્મમાં નિષેધ કર્યો છે. મૈથુનને પરિગ્રહમાં જ સમાવી લીધું છે, કારણ કે અપરિગૃહીત સ્ત્રી ભોગ્ય હોતી નથી, તેથી સ્ત્રીનો પણ ધર્મોપકરણ સિવાયની વસ્તુઓમાં સમાવેશ થાય છે, તે કારણે સ્ત્રીને પણ છોડવા યોગ્ય કહી છે. આ રીતે તેમાં પ્રત્યાખ્યેયતા સિદ્ધ થતી હોવાથી તેના પ્રત્યાખ્યાન કરવાના સ્વતંત્ર પ્રયાસની આવશ્યકતા રહેતી નથી, કારણ કે પ્રાણાતિપાત વિરમણ આદિ ચાર યામોમાં જે પરિગ્રહ વિરમણ નામનું ચોથું વ્રત છે તેમાં મૈથુન વિરમણનો પણ સમાવેશ થાય છે. આ રીતે પ્રાણાતિપાત વિરમણ આદિની ચતુર્વિધતાને લીધે ધર્મમાં ચતુર્યામતા જ છે. "सव्वेसु" ઇત્યાદિ. અહીં 'ખલુ' શબ્દ વાકયાલંકારમાં વપરાયો છે. સમસ્ત મહાવિદેહોમાં અર્હન્ત ભગવન્તોએ આ ચતુર્યામ ધર્મની જ પ્રરૂપણા કરી છે, એ જ વાત "सर्वस्मात्प्राणातिपाताद् विरमणम्" થી લઇને "बहिर्द्धादनाद्विरमणम्" અહીં સુધીના સૂત્રપાઠ દ્વારા ફરી પ્રકટ કરી છે. પહેલા અને છેલ્લા તિર્થંકરો સિવાયના બાવીસ તિર્થંકરોએ અને મહાવિદેહના તીર્થંકરોએ ચાતુર્યામ ધર્મની પ્રરૂપણા કરી છે, પરન્તુ પહેલા તીર્થંકર આદિનાથ અને છેલ્લા તીર્થંકર મહાવીર પ્રભુએ પંચયામ ધર્મની પ્રરૂપણા કરી છે. એવી આ જે પ્રરૂપણા છે તે શિષ્યની અપેક્ષાએ સમજવી જોઇએ, વાસ્તવમાં તો સઘળા તીર્થંકરોએ પંચયામ ધર્મની જ પ્રરૂપણા કરી છે. કારણ કે પહેલા તીર્થંકરના સાધુ ઋજુ જડ હતા, એટલે કે તેઓ પ્રકૃતિની અપેક્ષાએ ઋજુ (ભદ્ર-સરળ) હતા પણ બુદ્ધિની અપેક્ષાએ જડ (મંદ બુદ્ધિવાળા) હતા, તે કારણે તેમને ધર્મનો અવબોધ થવો દુર્લભ હતો. અન્તિમ તીર્થંકરના સાધુઓ પ્રકૃતિની અપેક્ષાએ વક્ર અને બુદ્ધિની અપેક્ષાએ જડ હતા, તેથી તેમને માટે પણ ધર્મપાલન દુષ્કર હતું. પરન્તુ વચ્ચેના અજિતાદિ ૨૨.તીર્થંકર ભગવન્તોના સાધુઓ ઋજુ પ્રકૃતિવાળા અને તીવ્ર બુદ્ધિવાળા એટલે કે ઋજુપ્રાજ્ઞ હતા. તેથી તેમને માટે ધર્મનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું કાર્ય તથા ધર્મપાલનનું કાર્ય સુલભ હતું. તેથી જ ધર્મના બે પ્રકાર પણ કહ્યા છે-(૧) ચતુર્યામ ધર્મ અને (૨) પંચયામ ધર્મ. કહ્યું પણ છે કે-"पुरिमा उज्जु जडाउ" ઇત્યાદિ ॥ સૂ. ૨૮ ॥

પ્રાણાતિપાત આદિનો પરિત્યાગ કરનાર મનુષ્યો દુર્ગતિમાં જાય છે, તેથી સુગતિવાળા જીવને સુગત અને દુર્ગતિવાળા જીવને દુર્ગત કહે છે. તેથી હવે સૂત્રકાર દુર્ગતિ અને સુગતિ રૂપ પરિણામોના ભેદોનું અને દુર્ગત અને સુગતના ભેદોનું નિરૂપણ ચાર સૂત્રો દ્વારા કરે છે.

" चत्तारि दुग्गईओ पण्णत्ताओ " ઈત્યાદિ—

સૂત્રાર્થ—દુર્ગતિ ચાર કહી છે—(૧) નૈરયિક દુર્ગતિ, (૨) તિર્યંચયોનિક દુર્ગતિ, (૩) મનુષ્ય દુર્ગતિ, અને (૪) દેવ દુર્ગતિ.

ચાર સુગતિ કહી છે—(૧) સિદ્ધ સુગતિ, (૨) દેવ સુગતિ, (૩) મનુષ્ય સુગતિ અને (૪) સુકુલ પ્રત્યાયાતિ.

ચાર દુર્ગત કહ્યા છે—(૧) નૈરયિક દુર્ગત, (૨) તિર્યંચયોનિક દુર્ગત, (૩) મનુષ્ય દુર્ગત અને (૪) દેવ દુર્ગત

ચાર સુગત કહ્યા છે—(૧) સિદ્ધ સુગત, (૨) દેવ સુગત, (૩) મનુષ્ય સુગત અને (૪) સુકુલ પ્રત્યાયાત સુગત

વિશેષાર્થ—જે ગતિયો નિન્દિત છે, તેમને દુર્ગતિ કહે છે. નૈરયિક સંબંધી જે ગતિ છે તેને નૈરયિક દુર્ગતિ કહે છે. સૂકર (સૂવર) આદિ યોનિમાં જન્મ ધારણ કરવાની અપેક્ષાએ તિર્યંચયોનિને દુર્ગતિરૂપ કહી છે. અકર્મભૂમિ આદિમાં જન્મની અપેક્ષાએ મનુષ્યગતિને પણ દુર્ગતિરૂપ કહી છે. કિલ્વિષિકાદિ દેવોમાં જન્મની અપેક્ષાએ દેવગતિને પણ દુર્ગતિરૂપ કહી છે.

પ્રશસ્ત ગતિઓનું નામ સુગતિ છે, તેના ચાર પ્રકારોનું સ્પષ્ટીકરણ—સિદ્ધપદ પ્રાપ્તિરૂપ જે ગતિ છે, તેનું નામ સિદ્ધ સુગતિ છે. ઇન્દ્રત્વ પદ પ્રાપ્તિરૂપ જે ગતિ છે તેનું નામ દેવ સુગતિ છે. કર્મભૂમિમાં અવતરિત થઈને આર્ય દેશમાં મનુષ્યભવની પ્રાપ્તિ થવી તેનું નામ મનુષ્ય સુગતિ છે. દેવલોકમાંથી ચ્યવીને ઈક્ષ્વાકુ આદિ ઉત્તમ વંશમાં મનુષ્ય રૂપે જે જન્મ પ્રાપ્ત થાય છે તેને સુકુલ પ્રત્યાયાતિ કહે છે.

શંકા—સુકુલ પ્રત્યાયાતિનો મનુષ્ય સુગતિમાં સમાવેશ થઈ જાય છે, કારણ કે સુકુલ પ્રત્યાયાતિ મનુષ્ય સુગતિ રૂપ જ હોય છે. છતાં અહીં તેમને અલગ અલગ સુગતિરૂપ શા માટે કહેલ છે?

ઉત્તર—મનુષ્ય સુગતિ કર્મભૂમિના આર્ય દેશમાં મનુષ્યભવ ગ્રહણ કરવા રૂપ હોય છે, તેથી સાધારણ જીવો પણ તેની પ્રાપ્તિ કરી શકે છે. પરન્તુ

સુકુલ-પ્રત્યાયાતિનો સદ્‌ભાવ તો તીર્થંકર આદિ વિશિષ્ટ જીવોમાં જ સંભવી શકે છે-સાધારણ જીવોમાં સંભવી શકતો નથી. આ રીતે સુકુલ પ્રત્યાયાતિ અને મનુષ્ય સુગતિમાં ભિન્નતા સમજવી. " चत्तारि दुग्गया " ઇત્યાદિ—

દુર્ગતિવાળા જે જીવો છે તેમને દુર્ગત કહે છે. તેના નૈરયિક દુર્ગત આદિ જે ચાર ભેદ કહ્યા છે તેનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે-જે જીવ નૈરયિક રૂપ દુર્ગતિવાળો છે તેને નૈરયિક દુર્ગત કહે છે. સૂવર આદિ તિર્યગ્યોનિક દુર્ગતિવાળા જીવને તિર્યગ્યોનિક દુર્ગત કહે છે. રોગાદિથી ગ્રસ્ત થવાને કારણે અથવા નીચ કુળમાં ઉત્પન્ન થવાને કારણે મનુષ્ય જીવ પણ મનુષ્ય દુર્ગત હોઈ શકે છે. કિલ્વિષિક આદિ પર્યાયમાં રહેલા દેવોને દેવ દુર્ગત કહે છે.

" चत्तारि सुग्गया " ઇત્યાદિ– સુગતિમાં ગયેલા જીવોને સુગત કહે છે. તેના સિદ્ધ સુગત આદિ ચાર પ્રકાર છે. સિદ્ધરૂપ સુગતિ જેમણે પ્રાપ્ત કરી છે, તેમને સિદ્ધ સુગત કહે છે. અહીં " યાવત્ " પદથી દેવ સુગત અને મનુષ્ય સુગત ગ્રહણ કરવા જોઇએ. આ બન્ને પદનો તથા સુકુલ પ્રત્યાયાતિનો ભાવાર્થ સુગમ હોવાથી અહીં તેમનું વધુ વિવેચન કર્યું નથી. ।। સૂ. ૨૯ ।।

## ક્ષયકે પરિણામોં કે ક્રમકા નિરૂપણ

ઉપરના સૂત્રમાં સિદ્ધ સુગતની વાત કરવામાં આવી છે. આઠે પ્રકારના કર્મોના ક્ષયથી જ જીવ સિદ્ધ સુગત બની શકે છે તેથી હવે સૂત્રકાર ક્ષય પરિણામના ક્રમનું નિરૂપણ કરે છે— ' पढमसमयजिणस्स णं चत्तारि कम्मंसा " ઇત્યાદિ—

**સૂત્રાર્થ**–પ્રથમ સમય જિનના ચાર કર્માંશો ક્ષીણ થાય છે. તે ચાર કર્માંશોનાં નામ આ પ્રમાણે છે—(૧) જ્ઞાનાવરણીય, (૨) દર્શનાવરણીય, (૩) મોહનીય અને (૪) અન્તરાયિક. ઉત્પન્ન થયેલા જ્ઞાન અને દર્શનને ધારણ કરનાર અર્હંત જિન કેવલી નીચેના ચાર કર્માંશોનું વેદન કરે છે-(૧) વેદનીય, (૨) આયુષ્ક, નામ અને (૪) ગોત્ર પ્રથમ સમય સિદ્ધના નીચેના ચાર કર્માંશો એક સાથે ક્ષીણ થાય છે—(૧) વેદનીય, (૨) આયુષ્ક, (૩) નામ અને (૪) ગોત્ર.

વિશેષાર્થ—જિનપદની પ્રાપ્તિનો પ્રથમ સમય જેને છે એવા જિનને પ્રથમ સમય જિન કહે છે. સયોગી કેવલી એવા પ્રકારમાં ગણી શકાય છે, તે પ્રથમ સમય જિનના આ ચાર પ્રકારના કર્માંશોનો ક્ષય થાય છે--(૧) જ્ઞાનાવરણીય, (૨) દર્શનાવરણીય, (૩) મોહનીય અને (૪) આન્તરાયિક. સામાન્ય કર્મના જે ભેદ છે તેમનું નામ કર્માંશ છે. આવરણના ક્ષયને કારણે પ્રકટ થયેલા જ્ઞાન અને દર્શનના ધારક અર્હંત જિન કેવલી નીચેના ચાર

કર્માંશોનું વેદન કરે છે--(૧) વેદનીય, (૨) આયુષ્ક, (૩) નામ અને (૪) ગોત્ર જેનાથી જીવોને સુખદુઃખનો અનુભવ થાય છે તે કર્મનું નામ વેદનીય કર્મ છે. જે કર્મને લીધે ભવધારણ કરવો પડે છે તે કર્મને આયુષ્ક કર્મ કહે છે. અન્યને કોઇ પદાર્થ સમજાવવા નિમિત્તે જે સંજ્ઞા કરાય છે તેનું નામ નામ-કર્મ છે. અહીં કાર્ય કારણમાં અભેદોપચારની અપેક્ષાએ નામને કર્મ કહ્યું છે. એટલે કે વિશિષ્ટ ગતિ-જાતિ આદિની પ્રાપ્તિ જેના દ્વારા જીવને થાય છે, તે કર્મને નામ કર્મ કહે છે. ઇક્ષ્વાકુ આદિ કુળની પ્રાપ્તિ થવાના કારણભૂત જે કર્મ છે તેને ગોત્ર કર્મ કહે છે. કાર્યકારણમાં અભેદોપચારની અપેક્ષાએ અહીં તેને ગોત્રકર્મ રૂપે પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

" प्रथमसमयसिद्धस्स " ઇત્યાદિ—

પ્રથમ સમય સિદ્ધના ઉપર્યુક્ત ચાર કર્માંશો એક સાથે નષ્ટ થાય છે, એટલે કે જે સમયે સિદ્ધત્વની પ્રાપ્તિ થાય છે એ જ સમયે કર્મક્ષય પણ થાય છે. આ રીતે સિદ્ધત્વ અને કર્મક્ષયમાં યુગપત્તા ( એકી ભાવ ) બન્ને એક સાથે થવાને કારણે સંભવી શકે છે. ।। સૂ. ૩૦ ।।

## હાસ્યકે કારણોંકા નિરૂપણ

સિદ્ધ કરતાં વિપરીત હોય એવાં જીવને અસિદ્ધ કહે છે. અસિદ્ધ જીવોમાં હાસ્યાદિક વિકારોનો સદ્ભાવ હોય છે. તેથી હવે સૂત્રકાર તે હાસ્યાદિક વિકારોનાં કારણોનું નિરૂપણ કરવા માટે " चउहिं ठाणेहिं हासुप्पत्ती " ઇત્યાદિ સૂત્રનું કથન કરે છે—નીચેના ચાર કારણોને લીધે હાસ્યની ઉત્પત્તિ થાય છે--(૧) વિદૂષક આદિની હાસ્યજનક ચેષ્ટાઓ જોવાથી, (૨) હાસ્યજનક ભાષાનો પ્રયોગ કરવાથી, (૩) અન્યના દ્વારા કથિત હાસ્યજનક વચનોનું શ્રવણ કરવાથી અને (૪) વિદૂષક આદિની ચેષ્ટાઓને કે તેમનાં વાકયોને યાદ કરવાથી આ રીતે દર્શન, ભાષણ, શ્રવણ અને સ્મરણરૂપ ચાર કારણોથી હાસ્ય ઉત્પન્ન થાય છે. ।। સૂ. ૩૧ ।।

હવે સૂત્રકાર દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકના પ્રદર્શનપૂર્વક અન્તરસૂત્રનું કથન કરે છે. " चउव्विहे अंतरे पण्णत्ते " ઇત્યાદિ—

અંતરના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે--(૧) કાષ્ઠાન્તર, (૨) પક્ષ્માન્તર, (૩) લોહાન્તર અને (૪) પ્રસ્તરાન્તર ભેદનું નામ અંતર છે. બે કાષ્ઠો વચ્ચેનું જે અંતર છે તેને કાષ્ઠાન્તર કહે છે જેમકે બાવળ આદિ વૃક્ષના અને ચન્દનાદિ વૃક્ષના બે કાષ્ઠો વચ્ચેના અંતરને અહીં કાષ્ઠાન્તર કહેવામાં આવ્યું છે. પક્ષ્મ ( રુવાંટી ) વચ્ચેના અંતરને પક્ષ્માન્તર કહે છે. જેમકે આકડા આદિના રેસા અને ઊંટ, બકરી આદિની રુંવાટી વચ્ચે જે અંતર હોય છે તેને પક્ષ્માન્તર કહે છે.

" લોહાન્તર " એક લોઢું ખડગરૂપ હોય છે અને બીજું લોઢું કટારરૂપ હોય છે, આ પ્રકારના લોઢાનું જે પરસ્પર વચ્ચેનું જે અંતર છે તેને લોહાન્તર કહે છે.

" પ્રસ્તરાન્તર " પ્રસ્તરો ( પડ ) વચ્ચેનું જે અંતર છે તેને પ્રસ્તરાન્તર કહે છે. જેમકે જમીનનું એક પ્રસ્તર સ્પર્શમણિ આદિરૂપ હોય છે, તો બીજું પ્રસ્તર ઊષર પ્રસ્તરરૂપ હોય છે.

આ પ્રમાણે દૃષ્ટાન્ત સૂત્રનું કથન કરીને હવે સૂત્રકાર દાર્ષ્ટાન્તિક સૂત્રનું કથન કરે છે–" एवामेव " ઇત્યાદિ--

એ જ પ્રમાણે પુરુષનું અને સ્ત્રીનું અંતર પણ ચાર પ્રકારનું હોય છે. (૧) જે સત્પુરુષ હોય છે તે બાવળ આદિથી ભિન્ન એવાં ચંદન સમાન હોય છે અને જે કાપુરુષ હોય છે ( કાયર પુરુષ ) હોય છે તે ચંદનાદિથી ભિન્ન

એવાં બાવળ સમાન હોય છે તથા કોઇ એક પુરુષ જે ઔદાર્ય આદિ ગુણોથી યુક્ત હોય છે, તે ચંદન સમાન હોય છે, પણ જે પરપીડનાદિ દુર્ગુણોથી યુક્ત હોય છે તે બાવળાદિના જેવો હોય છે. આ રીતે આ બન્ને પુરુષ વચ્ચેના અંતરને કાષ્ઠાન્તર સમાન કહેવામાં આવ્યું છે. આ રીતે એક પુરુષનું બીજા પુરુષથી અંતર ( બન્ને વચ્ચેનો તફાવત ) પ્રકટ કરવામાં આવ્યું છે. "પક્ષ્માન્તર સમાન પુરુષ" જે પુરુષ કરુણા આદિ ગુણોવાળો હોય છે તે અર્કતૂલાદિ સમાન ગણાય છે-એટલે કે આકડા વગેરેના રેસા સમાન ગણાય છે, પણ જે પુરુષ કઠોર હોય છે તેને ઊંટ, બકરી આદિનાં પક્ષ્મ ( રોમ-રુંવાટી ) સમાન ગણાય છે.

"લોહાન્તર સમાન પુરુષ"—જે પુરુષ પરીષહ અને ઉપસર્ગ આદિ સહન કરવામાં સહિષ્ણુ હોય છે, એવા પુરુષને ખડગાદિ લોહ સમાન કહ્યો છે. જે પુરુષ પરીષહ, ઉપસર્ગ આદિ સહન કરવાને સમર્થ હોતો નથી, એવા કાયર સ્વભાવના પુરુષને કિટ્ટ લોહ સમાન કહ્યો છે.

"પ્રસ્તરાન્તર સમાન પુરુષ"—જે પુરુષ આમર્શ ઔષધિ આદિ લબ્ધિઓથી યુક્ત હોય છે તેને સ્પર્શમણિ પ્રસ્તર સમાન કહે છે, પણ હીનતા, દારિદ્રય, આદિથી યુક્ત હોય એવા મનુષ્યને ઊષર પ્રસ્તર સમાન કહ્યો છે. એજ પ્રમાણે એક સ્ત્રી અને બીજી સ્ત્રી વચ્ચેનું અન્તર પણ સમજવું. ॥ સૂ. ૩૨ ॥

## ભેદસહિત મૃતકકા નિરૂપણ

હવે પુરુષ વિશેષના અન્તરનું નિરૂપણ કરવા નિમિત્તે સૂત્રકાર ભૃતકના ચાર ભેદોનું નિરૂપણ કરે છે. "चत्तारि भयगा पण्णत्ता" ઇત્યાદિ—

ભૃતક ( નોકર ) ના ચાર પ્રકાર કહ્યા છે—દિવસ ભૃતક, (૨) યાત્રા ભૃતક (૩) ઉચ્ચતા ભૃતક અને (૪) કબ્બાડ ભૃતક. ચાર પ્રકારના પુરુષો કહ્યા છે, (૧) સપ્રકટ પ્રતિસેવી, નો પ્રચ્છન્ન પ્રતિસેવી, (૨) પ્રચ્છન્ન પ્રતિસેવી, નો સંપ્રકટ

પ્રતિસેવી, (૩) સંપ્રકટ પ્રતિસેવી, પ્રચ્છન્ન પ્રતિસેવી (૪) નો સંપ્રકટ પ્રતિસેવી નો પ્રચ્છન્ન પ્રતિસેવી.

વિશેષાર્થ—" ध्रियन्ते इति भृतकाः " જેઓ પોષ્ય હોય છે, કર્મકર હોય છે તેમને ભૃતક કહે છે. ભૃતકના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે—

(૧) દિવસ ભૃતક—દરરોજનું મહેનતાણું ( રોજી ) નક્કી કરીને કામ કરવાને માટે જે નોકર રાખવામાં આવે છે તેને દિવસ ભૃતક કહે છે. તે માત્ર દિવસે જ કામ કરે છે, તે કારણે તેને દિવસ ભૃતક કહે છે.

(૨) યાત્રા ભૃતક—પરદેશની યાત્રા વખતે જે નોકરને યાત્રાસમય સુધી નોકરીએ રાખવામાં આવે છે તેને યાત્રાભૃતક કહે છે. પરદેશ જાય ત્યારથી સ્વદેશમાં પાછા ફરે ત્યાં સુધીના સમય સુધી જ આ નોકર રાખવામાં આવે છે.

(૩) ઉચ્ચતા ભૃતક—અમુક સમયને માટે જ અમુક પગાર નક્કી કરીને જે નોકર રાખવામાં આવે છે તેને ઉચ્ચતા ભૃતક કહે છે.

(૪) કબ્બાડ ભૃતક—" જો તું આટલા સમયમાં આટલી જમીન ખોદી આપીશ, તો તને આટલું મહેનતાણું આપીશ " આ પ્રકારની શરત કરીને જેને કામે ચડાવવામાં આવે છે એવા નોકરને કબ્બાડ ભૃતક કહે છે.

કહ્યું પણ છે કે–" दिवसभयओ उ घेप्पइ " ઇત્યાદિ—

' કબ્બાડ ' આ શબ્દ ગામઠી ભાષામાં વપરાય છે. " નિયત સમયમાં નિયત વેતન લઇને નિયત પ્રમાણવાળી ભૂમિને ખોદી આપનારનો તે વાચક છે. " આ રીતે લૌકિક પુરુષ વિશેષના અન્તરનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર લોકોત્તર પુરુષોના અન્તરનું નિરૂપણ કરે છે—

" चत्तारि पुरिसजाया " ઇત્યાદિ–આ સૂત્ર દ્વારા જે ચાર પુરુષ પ્રકારો કહ્યા છે તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે—

(૧) " संप्रकटप्रतिसेवी–नो प्रच्छन्नप्रतिसेवी "—જે પ્રકટ રીતે–સાધુ આદિની સમક્ષ અકલ્પ્ય ભક્તપાનાદિકનું સેવન કરનારો હોય છે, પણ પ્રચ્છન્ન (છૂપી) રીતે તેનું પ્રતિસેવન કરનારો હોતો નથી, એવા પુરુષને આ પહેલા પ્રકારમાં ગણાવી શકાય છે, એવો પુરુષ ઉભયલોકના ભયથી વિહીન હોય છે. કોઇ પુરુષ એવો હોય છે કે જે પ્રચ્છન્નરૂપે અકલ્પ્ય આહારાદિનું પ્રતિસેવન કરનારો હોય છે, પણ પ્રકટમાં તેનું સેવન કરતો નથી, આ બીજો વિકલ્પ છે. (૩) કોઇ પુરુષ એવો હોય છે જે પ્રકટ રૂપે પણ અકલ્પ્ય આહારાદિનું સેવન કરે છે અને પ્રચ્છન્ન રૂપે પણ તેનું પ્રતિસેવન કરે છે. આ પ્રકારના પુરુષને ત્રીજા પ્રકારમાં ગણાવી શકાય છે. (૪) કોઇ પુરુષ એવો હોય છે કે જે પ્રકટ રૂપે પણ અકલ્પ્ય આહારાદિનું પ્રતિસેવન કરતો નથી અને પ્રચ્છન્ન રૂપે

પણ તેનું સેવન કરતો નથી, કારણ કે એવો પુરુષ આત્માર્થી હોય છે. આ ચારે ભાંગાઓમાંથી ચોથો ભાંગો શુદ્ધ છે. ॥ સૂ. ૩૩ ॥

## દેવત્વકા નિરૂપણ

પૂર્વોક્ત ચોથા ભાંગાનો પાલક પુરુષ દેવત્વને પ્રાપ્ત કરે છે. આ સંબંધને અનુલક્ષીને હવે સૂત્રકાર દેવવક્તવ્યતા વિષયક સૂત્રોનું કથન કરે છે.

" चमरस्स णं असुरिंदस्स असुरकुमाररण्णो " ઇત્યાદિ—

**સૂત્રાર્થ**—અસુરેન્દ્ર અસુરકુમારરાજ ચમરના સોમ નામના લોકપાલને ચાર અગ્રમહિષીઓ છે. તેમનાં નામ આ પ્રમાણે છે-(૧) કનકા, (૨) કનકલતા, (૩) ચિત્રગુપ્તા અને (૪) વસુન્ધરા. ચમરના યમ, વૈશ્રવણ અને વરુણ નામના બીજા ત્રણ લોકપાલોની અગ્રમહિષીઓના વિષયમાં પણ એવું જ કથન સમજવું.

રોચનેન્દ્ર વૈરોચનરાય બલિના સોમ નામના લોકપાલને ચાર અગ્રમહિષીઓ છે, તેમનાં નામ આ પ્રમાણે છે-(૧) મિત્રગા, (૨) સુભદ્રા, (૩) વિદ્યુત્ અને (૪) અશની. બલિના યમ, વૈશ્રવણ અને વરુણ નામના બીજા ત્રણ લોકપાલોની અગ્રમહિષીઓના વિષયમાં પણ એવું જ કથન સમજવું.

નાગકુમારેન્દ્ર નાગકુમારરાય ધરણના લોકપાલ કાલપાલ મહારાજને ચાર અગ્રમહિષીઓ છે. તેમનાં નામ આ પ્રમાણે છે-(૧) અશોકા, (૨) વિમલા, (૩) સુપ્રભા અને (૪) સુદર્શના. ધરણના શંખપાલ પર્યન્તના બીજા ત્રણ લોકપાલોની અગ્રમહિષીઓ વિષે પણ આ પ્રકારનું જ કથન સમજી લેવું.

નાગકુમારેન્દ્ર નાગકુમારરાય ભૂતાનન્દના કાલપાલ નામના લોકપાલની ચાર અગ્રમહિષીઓનાં નામ આ પ્રમાણે છે-(૧) સુનન્દા, (૨) સુભદ્રા, (૩) સુજાતા અને (૪) સુમના. ભૂતાનન્દના શૈલપાલ પર્યન્તના બીજા ત્રણ લોક-

પાલોની અગ્રમહિષીઓ વિષે પણ એ જ પ્રમાણે કથન સમજવું. અહીં ' પર્યન્ત ' પદથી કોલપાલ અને શંખપાલ નામના બે લોકપાલો ગ્રહણ કરવા જોઇએ.

એ જ પ્રમાણે ઘોષ પર્યન્તના સમસ્ત દક્ષિણેન્દ્રોના લોકપાલોની અગ્ર-મહિષીઓનું કથન અહીં કરવું જોઇએ. એ જ પ્રમાણે મહાઘોષ પર્યન્તના ઉત્તરાર્ધના ઇન્દ્રોના લોકપાલોની અગ્રમહિષીઓનું કથન પણ અહીં કરવું જોઇએ.

પિશાચેન્દ્ર પિશાચરાજ કાળની ચાર અગ્રમહિષીઓનાં નામ આ પ્રમાણે છે—(૧) કમલા, (૨) કમલપ્રભા, (૩) ઉત્પલા અને (૪) સુદર્શના. એ જ પ્રમાણે મહાકાળની અગ્રમહિષીઓ વિષે પણ સમજવું. ભૂતેન્દ્ર ભૂતરાય સુરૂપની ચાર અગ્રમહિષીઓનાં નામ આ પ્રમાણે છે-(૧) રૂપાવતી, (૨) બહુરૂપા (૩) સુરૂપા અને (૪) સુભગા. પ્રતિરૂપની અગ્રમહિષીઓ વિષે પણ એવું જ કથન સમજવું. યક્ષેન્દ્ર યક્ષરાજ પૂર્ણભદ્રની ચાર અગ્રમહિષીઓનાં નામ આ પ્રમાણે છે-(૧) પુત્રા, (૨) બહુપુત્રિકા, (૩) ઉત્તમા અને (૪) તારકા એ જ પ્રકારનું કથન માણિભદ્રની અગ્રમહિષીઓ વિષે પણ સમજવું.

રાક્ષસેન્દ્ર રાક્ષસરાજ ભીમની ચાર અગ્રમહિષીઓનાં નામ આ પ્રમાણે છે--(૧) પદ્મા, (૨) વસુમતી, (૩) કનકા અને (૪) રત્નપ્રભા. મહાભીમની અગ્રમહિષીઓ વિષે પણ એવું જ કથન સમજવું.

કિન્નરેન્દ્ર કિન્નરરાય કિન્નરની ચાર અગ્રમહિષીઓનાં નામ આ પ્રમાણે છે (૧) અવતંસા, (૨) કેતુમતી, (૩) રતિસેના અને (૪) રતિપ્રભા. એવાં જ કિમ્પુરુષની ચાર અગ્રમહિષીઓનાં નામો પણ સમજવા.

કિંપુરુષેન્દ્ર કિંપુરુષરાય સત્પુરુષની ચાર અગ્રમહિષીઓનાં નામ આ પ્રમાણે છે-(૧) રોહિણી, (૨) નવમિકા, (૩) હ્રી, અને (૪) પુષ્પાવતી. મહાપુરુષની અગ્રમહિષીઓનાં પણ એ જ પ્રમાણે નામો સમજવા.

મહોરગેન્દ્ર મહોરગરાય અતિકાયની ચાર અગ્રમહિષીઓનાં નામ આ પ્રમાણે છે-(૧) ભુજગા, (૨) ભુજગાવતી, (૩)મહાકચ્છા, અને (૪) સ્ફુટા એ જ પ્રમાણે મહાકાયની અગ્રમહિષીઓ વિષે પણ સમજવું.

ગંધર્વેન્દ્ર ગંધર્વરાય ગીતરતિની ચાર અગ્રમહિષીઓનાં નામ નીચે પ્રમાણે છે-(૧) સુઘોષા, (૨) વિમલા, (૩) સુસ્વરા અને (૪) સરસ્વતી. એજ પ્રમાણે ગીતશયની અગ્રમહિષીઓ વિષે પણ સમજવું.

જ્યેતિષેન્દ્ર જ્યોતિષરાજ ચન્દ્રની ચાર અગ્રમહિષીઓનાં નામ આ પ્રમાણે છે-(૧) ચન્દ્રપ્રભા, (૨) જ્યોત્સ્નાભા, (૩) અર્ચિમાલી અને (૪) પ્રભંકરા.

અંગારક (મંગલ) નામના મહાગ્રહની ચાર અગ્રમહિષીઓનાં નામ આ પ્રમાણે છે-(૧) વિજયા, (૨) વૈજયન્તી, (૩) જયન્તી અને (૪) અપરાજિતા. એવું જ કથન ભાવકેતુ આદિ સમસ્ત મહાગ્રહોની અગ્રમહિષીઓ વિષે પણ સમજવું.

દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ સોમ મહારાજની ચાર અગ્રમહિષીઓનાં નામ આ પ્રમાણે છે-(૧) રોહિણી, (૨) મદના, (૩) ચિત્રા, અને (૪) સોમા. એ જ પ્રમાણે વૈશ્રવણ પર્યન્તના એ લોકપાલોની અગ્રમહિષીઓ વિષે પણ સમજવું. દેવેન્દ્ર દેવરાજ ઈશાનના લોકપાલ સોમ મહારાજને ચાર અગ્રમહિષીઓ છે. તેમનાં નામ આ પ્રમાણે છે-(૧) પૃથિવી, (૨) રાત્રી, (૩) રજની અને (૪) વિદ્યુત. તેમના વરુણ પર્યન્તના બીજા ત્રણ લોકપાલોની અગ્રમહિષીઓ વિષે પણ એવું જ કથન સમજવું. ॥ સૂ. ૩૪ ॥

ઉપર્યુક્ત દેવત્વની પ્રાપ્તિ વિકૃતિના ત્યાગથી થાય છે. તેથી હવે સૂત્રકાર ત્રણ સૂત્રો દ્વારા વિકૃતિનું સ્વરૂપ પ્રકટ કરે છે.

" चत्तारि गोरसविगईओ पण्णत्ताओ " ઇત્યાદિ—

## વિકૃતિકે સ્વરૂપકા નિરૂપણ

ગોરસ વિકૃતિયો ચાર કહી છે–દૂધ, દહીં, ઘી અને માખણ.

સ્નેહ વિકૃતિયો પણ ચાર કહી છે-તેલ, ઘી, વસા (ચર્બી) અને નવનીત (માખણ)

ચાર મહાવિકૃતિયો કહી છે–મધ, માંસ, મદ્ય અને માખણ.

ગોરસ શબ્દ રૂઢિગત રૂપે ગાય, ભેંસ આદિના દુગ્ધાદિ રસનો વાચક છે. " गवांरसः " " ગાયનો જે રસ તેનું નામ ગોરસ " એવી વ્યુત્પત્તિ દ્વારા પ્રાપ્ત થતો અર્થ અહીં લેવાનો નથી. ગોરસ રૂપ જે વિકૃતિ છે તેનું નામ ગોરસ વિકૃતિ છે. તે ગોરસ વિકૃતિયો દૂધ આદિ રૂપ છે. સ્નેહ વિકૃતિયોના પ્રકારમાં જ "વસા" શબ્દ પદ આવ્યું છે તેનો અર્થ 'ચર્બી' થાય છે.। સૂ. ૩૫।

હવે સૂત્રકાર કૂટાગારને અને કૂટાગારશાલાને દૃષ્ટાન્ત રૂપે અને પુરુષ તથા સ્રીને દાર્ષ્ટાન્તિક રૂપે પ્રકટ કરવાના હેતુથી ચાર સૂત્રોનું કથન કરે છે.

" चत्तारि कूडगारा पण्णत्ता " ઈત્યાદિ—

સૂત્રાર્થ–કૂટાગારના ચાર પ્રકાર કહ્યા છે–(૧) કોઇ કૂટાગાર એવું હોય છે કે જે પ્રાકાર ( કોટ ) આદિથી વેષ્ટિત હોય છે અને જેના દ્વારાદિ પણ બંધ રહે છે. (૨) કોઇ કૂટાગાર એવું હોય છે કે જે પ્રાકાર આદિથી વેષ્ટિત હોય છે પણ તેના દ્વારાદિ બંધ હોતાં નથી. (૩) કોઈ કૂટાગાર એવું હોય છે કે જે પ્રાકાર આદિથી વેષ્ટિત હોતુ નથી પણ તેનાં દ્વારાદિ બંધ હોય છે. (૪) કોઈ કૂટાગાર એવું હોય છે કે જે પ્રાકારાદિથી વેષ્ટિત પણ હોવું નથી અને તેના દ્વારાદિ પણ બંધ હોતાં નથી

એ જ પ્રમાણે ચાર પુરુષજાત કહી છે–(૧) ગુપ્ત ગુપ્ત, (૨) ગુપ્ત અગુપ્ત, (૩) અગુપ્ત ગુપ્ત અને (૪) અગુપ્ત અગુપ્ત

ચાર કૂટાગારશાલાઓ કહી છે–(૧) ગુપ્તા ગુપ્તદ્વારા, (૨) ગુપ્તા અગુપ્ત· દ્વારા, (૩) અગુપ્તા ગુપ્તદ્વારા અને (૪) અગુપ્તા અગુપ્તદ્વારા

શિખરયુક્ત ગૃહનું નામ કૂટાગાર છે. જે કૂટાગાર પ્રાકાર ( કોટ ) આદિથી પરિવેષ્ટિત હોય છે અને જેનાં દ્વાર પણ બંધ હોય છે એવા તે કૂટાગારને ગુપ્ત ગુપ્ત રૂપ પહેલા પ્રકારમાં મૂકી શકાય છે. એ જ પ્રમાણે બાકીના ત્રણ ભાંગાઓ પણ જાતે જ સમજી શકાય એવાં છે.

કૂટાગારનાં જેવાં ચાર પ્રકાર કહ્યાં છે, એવાં જ ચાર પ્રકારના પુરુષો પણ હોય છે. (૧) કોઇ પુરુષ એવો હોય છે કે જે વસ્ત્રાદિથી આચ્છાદિત હોવા છતાં પણ જિતેન્દ્રિય હોવાથી આત્મરક્ષક હોય છે. અથવા કોઇ પુરુષ એવો હોય છે કે જે કાળની અપેક્ષાએ પહેલાં પણ ગુપ્ત ( ગુપ્તેન્દ્રિયવાળો ) હોય છે અને હાલમાં પણ ગુપ્ત હોય છે. બાકીના ત્રણ ભાંગાઓનું કથન પણ આ પ્રથમ ભાંગાને આધારે સમજી શકાય એવું છે.

" चत्तारि कूडगारे " ઇત્યાદિ. શિખરના જેવો જે શાલાઓનો આકાર હોય છે તેને કૂટાગાર શાલાઓ કહે છે. એવી કૂટાગાર શાલાઓ શિખરોના આકાર જેવા ગૃહવિશેષ રૂપ હોય છે. કૂટાગાર શાલાઓની જેમ સ્ત્રીઓ પણ ચાર પ્રકારની હોય છે. એટલે કે જેમ કોઈ એક કૂટાગારશાલા પ્રાકાર આદિથી

પરિવેષ્ટિત પણુ હોય છે અને બંધ દ્વારવાળી પણુ હોય છે, તેમ કોઇ સ્ત્રી એવી હોય છે કે જે પરિવાર આદિથી વેષ્ટિત હોય છે, અથવા ઘરની અંદર રહે છે, અથવા સુંદર સુંદર વસ્ત્રોથી આચ્છાદિત રહે છે અથવા ગૂઢ સ્વભાવવાળી હોય છે. એવી તે સ્ત્રી ગુપ્તા સ્ત્રી કહેવાય છે, અને તે સ્ત્રી અનુચિત આચરણુ દ્વારા નિવર્તિત ઇન્દ્રિયોવાળી પણુ બનેલી હોય તો તેને ગુપ્તેન્દ્રિયા પણુ કહી શકાય છે. આ ગુપ્તા ગુપ્તરૂપ પહેલો વિકલ્પ સમજવો, બાકીના જે ત્રણુ ભાંગાઓ છે તેમનો ભાવાર્થ પણુ આ પ્રથમ ભાંગાને આધારે સમજી લેવો. બીજો ભાંગો-ગુપ્તા અગુપ્તેન્દ્રિયા, ત્રીજો ભાંગો-અગુપ્તા ગુપ્તેન્દ્રિયા અને ચોથો ભાંગો-અગુપ્તા અગુપ્તેન્દ્રિયા. ॥ સૂ. ૩૬ ॥

## દાર્ષ્ટાન્તિક સ્ત્રી સૂત્રકા નિરૂપણ

ઇન્દ્રિયો અવગાહનાવાળી હોય છે, તેથી હવે સૂત્રકાર અવગાહનાનું નિરૂપણુ કરે છે. “ चउव्विहा ओगाहणा पण्णत्ता ” ઇત્યાદિ—

સૂત્રાર્થ-અવગાહના ચાર પ્રકારની કહી છે—(૧) દ્રવ્યાવગાહના, (૨) ક્ષેત્રાવગાહના, (૩) કાલાવગાહના અને (૪) ભાવાવગાહના.

ટીકાર્થ—જીવોનું જેમાં રહેવાનું થાય છે અથવા જીવો જેનો આશ્રય કરે છે તે અવગાહના છે. અવગાહનાનો ભાવાર્થ શરીર છે. તે અવગાહનાના દ્રવ્યાવગાહના આદિ જે ચાર ભેદ કહ્યા છે તેમનું હવે સ્પષ્ટીકરણુ કરવામાં આવે છે—દ્રવ્યને આશ્રિત કરીને જે અવગાહના થાય છે તેને દ્રવ્યાવગાહના કહે છે. ક્ષેત્રની અપેક્ષાએ જે અવગાહના થાય છે તેને ક્ષેત્રાવગાહના કહે છે. કાળની અપેક્ષાએ જે અવગાહના થાય છે તેને કાલાવગાહના કહે છે. અને ભાવની અપેક્ષાએ જે અવગાહના થાય છે તેને ભાવાવગાહના કહે છે. દ્રવ્યાવગાહના અનન્ત દ્રવ્યરૂપ હોય છે, કાલાવગાહના અસંખ્યાત સમયની સ્થિતિ રૂપ હોય છે. ક્ષેત્રાવગાહના અસંખ્યાત પ્રદેશાવગાઢ રૂપ હોય છે, અને ભાવાવગાહના વર્ણાદિ અનન્ત ગુણરૂપ હોય છે. ॥ સૂ. ૩૭ ॥

આ અવગાહનાનું પ્રજ્ઞપ્તિમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. તેથી હવે સૂત્રકાર ચાર પ્રજ્ઞપ્તિઓનું નિરૂપણ કરે છે. " चत्तारि पण्णत्तीओ " ઇત્યાદિ—

સૂત્રાર્થ–આ ચાર પ્રજ્ઞપ્તિયોને અંગબાહ્ય કહી છે. જેમકે (૧) ચન્દ્ર પ્રજ્ઞપ્તિ, (૨) સૂર પ્રજ્ઞપ્તિ, (૩) જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ અને (૪) દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ.

ટીકાર્થ–"અંગબાહ્ય" આ પદનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—આચારાંગ આદિ અંગોમાં જેમનો સમાવેશ થતો નથી એવી પ્રજ્ઞપ્તિઓને અંગબાહ્ય પ્રજ્ઞપ્તિઓ કહી છે. ચન્દ્ર પ્રજ્ઞપ્તિ આદિ ચારને આચારાંગાદિથી પૃથક્ભૂત કહી છે. અથવા અર્થ–પદાર્થનો બોધ જ્યાંથી પ્રકર્ષ રૂપે થાય છે, તેનું નામ પ્રજ્ઞપ્તિ છે. અહીં જે ચાર પ્રજ્ઞપ્તિયો કહી છે તેમાંથી ચન્દ્રપ્રજ્ઞપ્તિ કાલિકશ્રુત રૂપ છે, તથા સૂરપ્રજ્ઞપ્તિ પ્રકીર્ણરૂપ છે. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ અને દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ, એ બન્ને પ્રજ્ઞપ્તિયો પાંચમાં અને છઠ્ઠા અંગના ઉપાંગરૂપ છે.

જો કે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ પણ પાંચમી છે, પણ તે અંગપ્રવિષ્ટ છે, તેથી અહીં તેને ગ્રહણ કરવામાં આવી નથી. પ્રથમપ્રજ્ઞપ્તિ અને દ્વિતીયપ્રજ્ઞપ્તિ, એ બે પ્રજ્ઞપ્તિઓ પ્રકીર્ણ છે. ત્રીજી અને ચોથી પ્રજ્ઞપ્તિ પાંચમા અને છઠ્ઠા અંગના ઉપાંગરૂપ છે. ॥ સૂ. ૩૮ ॥

શ્રી જૈનાચાર્ય–જૈન ધર્મ દિવાકર–પૂજ્ય શ્રી ઘાસીલાલ મુનિ વિરચિત સ્થાનાંગ સૂત્રની ટીકાર્થના ચોથા સ્થાનકનો પહેલો ઉદ્દેશો સમાપ્ત ॥ ૪–૧ ॥

## ચોથા સ્થાનકને બીજો ઉદ્દેશક—

ચતુઃસ્થાનના પહેલા ઉદ્દેશાની પ્રરૂપણા પૂરી થઇ. હવે સૂત્રકાર બીજા ઉદ્દેશાની પ્રરૂપણાને પ્રારંભ કરે છે. પહેલા ઉદ્દેશા સાથે આ ઉદ્દેશાને આ પ્રકારને સંબંધ છે-પહેલા ઉદ્દેશામાં જીવાદિ દ્રવ્ય અને તેમની પર્યાયોનું ચાર સ્થાનકોની અપેક્ષાએ નિરૂપણ કરવામાં આવ્યું છે આ ઉદ્દેશામાં પણ તેમનું જ ચાર ચાર સ્થાનકોને આધારે નિરૂપણ કરવામાં આવશે પૂર્વસૂત્ર સાથે અહીં આ પ્રકારનો સંબંધ છે-પહેલા સૂત્રમાં પ્રજ્ઞપ્તિઓનું નિરૂપણ કરવામાં આવ્યું. તે પ્રજ્ઞપ્તિઓ પ્રતિસંલીનો દ્વારા જાણી શકાય છે. તેથી હવે સૂત્રકાર પ્રતિસંલીનોનું તથા તેમનાથી વિપરીત એવાં અપ્રતિસંલીનોનું ચાર સૂત્રો દ્વારા નિરૂપણ કરે છે. " चत्तारि पडिसंलीणा पण्णत्ता " ઈત્યાદિ—

ચાર પ્રકારના પ્રતિસંલીનો કહ્યા છે—(૧) ક્રોધ પ્રતિસંલીન, (૨) માન પ્રતિસંલીન, (૩) માયા પ્રતિસંલીન અને (૪) લોભ પ્રતિસંલીન. એ જ પ્રમાણે ચાર પ્રકારના અપ્રતિસંલીનો કહ્યા છે-(૧) ક્રોધ અપ્રતિસંલીન, (૨) માન અપ્રતિસંલીન, (૩) માયા અપ્રતિસંલીન અને (૪) લોભ અપ્રતિસંલીન. આ પ્રકારે પણ ચાર પ્રતિસંલીન કહ્યા છે-(૧) મનઃ પ્રતિસંલીન, (૨) વાક્ પ્રતિસંલીન, (૩) કાય પ્રતિસંલીન અને (૪) ઇન્દ્રિય પ્રતિસંલીન. એ જ પ્રમાણે ચાર પ્રકારના અસંલીન નીચે પ્રમાણે કહ્યા છે-(૧) મનઃ અપ્રતિસંલીન આદિ ઇન્દ્રિય અપ્રતિસંલીન પર્યન્તના ચાર પ્રકારો સમજવા.

ટીકાર્થ—એક વસ્તુ પ્રત્યેથી આત્માને વાળી લેનારને પ્રતિસંલીન કહે છે. જે માણુસ ઉદિત થયેલા ક્રોધને વિફલ કરી નાખે છે અથવા તેના ઉદયનો નિરોધ કરી નાંખે છે તેને ક્રોધ પ્રતિસંલીન કહે છે કહ્યું પણ છે કે— " उदयस्सेवनिरोहो " ઈત્યાદિ—કષાયોના ઉદયનો નિરોધ કરવો અથવા ઉદય પ્રાપ્ત કષાયોને વિફલ કરવા તેનું નામ કષાય સંલીનતા છે. આ પ્રકારનું કથન માન, માયા અને લોભ વિષે પણ સમજવું.

" चत्तारि अपडिसंलीणा " ઈત્યાદિ. અપ્રતિસંલીનના-ક્રોધ અપ્રતિસંલીન આદિ ચાર પ્રકાર કહ્યા છે. ઉદય પ્રાપ્ત ક્રોધનો નિરોધ નહીં કરનારને ક્રોધ અપ્રતિસંલીન કહે છે. એ જ પ્રમાણે બાકીના ત્રણ અપ્રતિસંલીનનો ભાવાર્થ પણ જાતે જ સમજી લેવો.

' चत्तारि पडिसंलीणा " ઈત્યાદિ—પ્રતિસંલીનના મનઃ પ્રતિસંલીન આદિ જે ચાર ભેદ કહ્યા છે તેનું સ્પષ્ટીકરણ–કુશલ મનના ઉદીરણથી અને અકુશલ મનના નિગ્રહથી જેણે પોતાના મનને પ્રતિસંલીન કરી દીધું છે, તેને ' પ્રતિસંલીનમનાઃ કહે છે. એ જ પ્રમાણે વચન અને કાયને વિષે પણ સમજવું. ઈન્દ્રિય પ્રતિસંલીન એ છે કે જે મનોજ્ઞ અને અમનોજ્ઞ શબ્દાદિ વિષયોમાં રાગ દ્વેષનો નિવારક હોય છે. કહ્યું પણ છે કે-" अपसत्थाणनिरोहो " ઈત્યાદિ.

એ જ પ્રમાણે બાકીની ઇન્દ્રિયોમાં પણ પ્રતિસંલીનતાની વ્યાખ્યા સમજી લેવી. " चत्तारि अपडिसंलाणा " ઇત્યાદિ–અપ્રતિસંલીનના મનઃ અપ્રતિસંલીન આદિ ચાર ભેદ કહ્યા છે, તે ચાર ભેદોનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે—

જે મનનો સમ્યક્ પ્રકારે નિરોધ ( નિગ્રહ ) કરવાથી રહિત હોય છે, તેને મનઃ અપ્રતિસંલીન કહે છે. એ જ પ્રકારનું કથન વાક્, કાય અને ઇન્દ્રિયોના નિરોધ વિષે પણ સમજી લેવું જોઇએ. ॥ સૂ. ૩૯ ॥

## દીનકે સ્વરૂપકા નિરૂપણ

પહેલાના સૂત્રમાં જે અપ્રતિસંલીન કહેવામાં આવ્યા, તે તો દીન જ હોય છે. તેથી હવે સૂત્રકાર ચતુર્ભંગી દ્વારા દીનનું નિરૂપણ કરવા માટે ૧૭ સૂત્રોનું કથન કરે છે. " चत्तारि पुरिसजाया पणत्ता " ઈત્યાદિ—

સૂત્રાર્થ–ચાર પ્રકારના પુરુષ કહ્યા છે–(૧) દીન દીન, (૨) દીન અદીન, (૩) અદીન દીન અને (૪) અદીન અદીન । ૧ । ચાર પ્રકારના પુરુષ કહ્યા છે—(૧) દીન દીન પરિણત, (૨) દીન અદીન પરિણત, (૩) અદીન દીન પરિણત અને (૪) અદીન અદીન પરિણત. । ૨ ।

પુરુષજાત ચાર પ્રકારની કહી છે—(૧) દીન દીનરૂપ, (૨) દીન અદીનરૂપ, (૩) અદીન દીનરૂપ અને (૪) અદીન અદીનરૂપ । ૩ । પુરુષજાત ચાર કહી છે-(૧) દીન દીન મનવાળો, (૨) દીન અદીન મનવાળો, (૩) અદીન દીન મનવાળો અને (૪) અદીન અદીન મનવાળો. । ૪ ।

ચાર પ્રકારના પુરુષ કહ્યા છે—દીન દીન સંકલ્પવાળો, (૨) દીન અદીન સંકલ્પવાળો, (૩) અદીન દીન સંકલ્પવાળો અને (૪) અદીન અદીન સંકલ્પ-વાળો. । ૫ । ચાર પ્રકારના પુરુષ કહ્યા છે-(૧) દીન દીન પ્રજ્ઞાવાળો, (૨) દીન અદીન પ્રજ્ઞાવાળો, (૩) અદીન દીન પ્રજ્ઞાવાળો અને (૪) અદીન અદીન પ્રજ્ઞાવાળો. । ૬ । ચાર પ્રકારના પુરુષ કહ્યા છે-(૧) દીન દીન દષ્ટિવાળો, (૨) દીન અદીન દૃષ્ટિવાળો, (૩) અદીન દીન દષ્ટિવાળો અને (૪) અદીન અદીન દષ્ટિવાળો । ૭ । ચાર પ્રકારના પુરુષ કહ્યા છે-(૧) દીન દીન શીલા-ચારવાળો, (૨) દીન અદીન શીલાચારવાળો, (૩) અદીન દીન શીલાચારવાળો અને (૪) અદીન અદીન શીલાચારવાળો । ૮ । ચાર પ્રકારના પુરુષ કહ્યા છે (૧) દીન દીન વ્યવહારવાળો, (૨) દીન અદીન વ્યવહારવાળો, (૩) અદીન દીન વ્યવહારવાળો અને (૪) અદીન અદીન વ્યવહારવાળો । ૯ । ચાર પ્રકારના પુરુષ કહ્યા છે-(૧) દીન દીન પરાક્રમવાળો, (૨) દીન અદીન પરાક્રમવાળો, (૩) અદીન દીન પરાક્રમવાળો, (૪) અદીન દીન પરાક્રમવાળો અને (૪) અદીન અદીન પરાક્રમવાળો । ૧૦ ।

ચાર પ્રકારના પુરુષ કહ્યા છે—(૧) દીન દીન વૃત્તિવાળો, (૨) દીન અદીન વૃત્તિવાળો, (૩) અદીન દીન વૃત્તિવાળો, અને (૪) અદીન અદીન વૃત્તિવાળો । ૧૧ । ચાર પ્રકારના પુરુષ કહ્યા છે-(૧) દીન દીન જાતિવાળો, (૨) દીન અદીન જાતિવાળો, (૩) અદીન દીન જાતિવાળો અને (૪) અદીન અદીન જાતિ-વાળો । ૧૨ । ચાર પ્રકારના પુરુષ કહ્યા છે-(૧) દીન દીન ભાષી, (૨) દીન અદીન ભાષી, (૩) અદીન દીન ભાષી અને (૪) અદીન અદીન ભાષી । ૧૩ । ચાર પ્રકારના પુરુષ કહ્યા છે-(૧) દીન દીનાવભાષી, (૨) દીન અદીનાવભાષી, (૩) અદીન દીનાવભાષી અને (૪) અદીન અદીનાવભાષી । ૧૪ ।

ચાર પ્રકારના પુરુષ કહ્યા છે—(૧) દીન દીન સેવી, (૨) દીન અદીન સેવી, (૩) અદીન દીન સેવી અને (૪) અદીન અદીન સેવી । ૧૫ ।

ચાર પ્રકારના પુરુષ કહ્યા છે—(૧) દીન દીન પર્યાય, (૨) દીન અદીન પર્યાય, (૩) અદીન દીન પર્યાય અને (૪) અદીન અદીન પર્યાય । ૧૬ ।

ચાર પ્રકારના પુરુષ કહ્યા છે—(૧) દીન દીન પરિવાર, (૨) દીન અદીન પરિવાર, (૩) અદીન દીન પરિવાર અને (૪) અદીન અદીન પરિવાર । ૧૭ ।

આ ૪૦ માં સૂત્રમાં જે ૧૭ સૂત્રો આપ્યાં છે, તેમાં ૧૭ ચતુર્ભંગી આપી છે તેમનું હવે સ્પષ્ટીકરણ કરવામાં આવી છે—

પુરુષજાત એટલે પુરુષના પ્રકારો. તે પ્રકારો અહીં ૧૭ સૂત્રો અને ૧૭ ચતુર્ભંગીઓ દ્વારા પ્રકટ કરવામાં આવ્યા છે. (૧) કોઇ એક પુરુષ એવો હોય છે કે જે ઉપાર્જિત ધનના ક્ષયથી દીન થઈ ગયો હોય છે, અને ત્યાર બાદ પણ ધનાદિના અભાવે દીન દશામાં જ રહે છે. અથવા-નિસ્તેજ શરીર-વાળો હોવાને કારણે કોઈ માણસ બહિર્વૃત્તિની અપેક્ષાએ પણ દીન હોય છે અને કલુષિત ચિત્તવાળો હોવાને કારણે અન્તર્વૃત્તિની અપેક્ષાએ પણ દીન હોય છે.

બીજો ભાંગો—કોઈ એક પુરુષ એવો હોય છે કે જે જન્મથી દરિદ્ર હોવાને કારણે પહેલાં તો દીન હોય છે. પણ પાછળથી પુરુષાર્થ દ્વારા ધનો-પાર્જન કરવાને કારણે દીન રહેતો નથી. અથવા મ્લાન મુખાકૃતિથી યુક્ત હોવાને કારણે કોઈ એક પુરુષ બાહ્યવૃત્તિથી તો દીન લાગતો હોય છે, પણ ઔદાર્ય આદિ ગુણોથી યુક્ત હોવાને લીધે અન્તર્વૃત્તિથી અદીન હોય છે.

ત્રીજો ભાંગો—કોઇ એક પુરુષ એવો હોય છે કે જે સંપત્તિશાળી હોવાને કારણે પહેલાં તો અદીન હોય છે, પણ પાછળથી તેની સંપત્તિનો નાશ થઈ જવાથી દીન અવસ્થાવાળો થઇ ગયો હોય છે. અથવા સુંદર મુખા-કૃતિ આદિને કારણે કોઈ માણસ બાહ્યદૃષ્ટિએ જોતાં તો અદીન લાગે છે, પણ કલુષિત ચિત્તવાળો હોવાને લીધે અન્તર્વૃત્તિથી દીન હોય છે.

ચોથો ભાંગો—કોઈ એક પુરુષ એવો હોય છે કે જે પહેલાં પણ ધનાદિથી સંપન્ન હોવાને કારણે અદીન હોય છે અને ત્યારબાદ ધનાદિની

વૃદ્ધિ થવાને કારણે અદીન જ રહે છે. અથવા સુંદર મુખાકૃતિ આદિને કારણે બાહ્યવૃત્તિથી પણ અદીન હોય છે અને ઔદાર્ય આદિ ગુણોથી યુક્ત હોવાને કારણ અન્તર્વૃત્તિથી પણ અદીન જ હોય છે. આ રીતે પહેલા સૂત્રના ચાર વિકલ્પોનો ભાવાર્થ સ્પષ્ટ કરવામાં આવ્યો છે.

બીજા સૂત્રના ચાર ભાંગાઓનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—

(૧) "દીન દીન પરિણત" કોઈ એક પુરુષ એવો હોય છે કે જે જાતિ આદિની અપેક્ષાએ પહેલાં પણ દીન હોય છે અને ત્યારબાદ હિંસ્ર પ્રવૃત્તિમાં પડી જવાને કારણે દીનતા પરિણત થઈ ગયો હોય છે, એવો આ પહેલો ભાંગો સમજવો. એ જ પ્રમાણે આ સૂત્રના બાકીના ત્રણ ભાંગા પણ જાતે જ સમજી લેવા. એ જ પ્રમાણે રૂપ, મન, સંકલ્પ, પ્રજ્ઞા, દૃષ્ટિ, શીલાચાર, વ્યવહાર, પરાક્રમ, વૃત્તિ, જાતિ, ભાષી, અવભાષી, સેવી, પર્યાય અને પરિવાર આ શબ્દોને દીન શબ્દ સાથે ઉપરના ક્રમ પ્રમાણે જોડીને જે ચતુર્ભંગીઓ બનાવવામાં આવી છે, તેમનો ભાવાર્થ પણ પહેલા અને બીજા સૂત્રમાં કરેલા સ્પષ્ટીકરણને આધારે સમજી લેવો. આ પદોની વ્યાખ્યા ચતુર્થ સ્થાનના પહેલા ઉદ્દેશાના બીજા સૂત્રમાં આપવામાં આવી છે, તો ત્યાંથી વાંચી લેવી. ॥સૂ. ૪૦॥

## આર્યાદિ પુરૂષકે સ્વરૂપકા નિરૂપણ

પુરુષ જાતનો અધિકાર ચાલી રહ્યો છે, તે સંબંધને અનુલક્ષીને સૂત્રકાર ૧૮ સૂત્રો દ્વારા પુરુષ પ્રકારોનું કથન કરે છે.

"चत्तारि पुरिसजाया पण्णत्ता" ઇત્યાદિ—

ચાર પ્રકારના પુરુષો કહ્યા છે, જેવી રીતે કે આર્ય નામવાળા છે અને આર્ય છે. ૪-૧

ચાર પ્રકારના પુરુષો કહ્યા છે—આર્ય નામવાળા છે અને આર્ય પરિણત છે. ૪-૨ એ જ રીતે આર્ય રૂપવાળા ૩, આર્ય મનવાળા ૪, આર્ય સંકલ્પવાળા ૫, આર્ય પ્રજ્ઞાવાળા ૬, આર્ય દૃષ્ટિવાળા ૭, આર્ય શીલવાળા ૮, આર્ય વ્યવહારવાળા ૯, આર્ય પરાક્રમવાળા ૧૦, આર્ય વૃત્તિવાળા ૧૧, આર્ય જાતિવાળા ૧૨, આર્ય ભાષાવાળા ૧૩, આર્યાવભાષી ૧૪, આર્ય સેવી ૧૫, આર્ય પર્યાયવાળા ૧૬, આર્ય પરિવારવાળા ૧૭, એ રીતે સત્તર આલાપકો બને છે. જેવી રીતે દીનની સાથેના આલાપકો કહ્યા છે, તેવી જ રીતે આર્યની સાથેના આલાપકો પણ કહેવા જોઇએ.

ચાર પ્રકારના પુરુષો કહ્યા છે—(૧) આર્ય આર્યભાવયુક્ત, (૨) આર્ય અનાર્ય ભાવયુક્ત, (૩) અનાર્ય આર્ય ભાવયુક્ત અને (૪) અનાર્ય અનાર્ય

ભાવયુક્ત. આ સૂત્રમાં જે આર્ય કહેવામાં આવેલ છે તે નવ પ્રકારના સમજવા. જેમકે-खेत्ते-जाई-कुल-कम्म " ઈત્યાદિ--(૧) ક્ષેત્રાર્ય, (૨) જાત્યાર્ય, (૩) કુલાર્ય, (૪) કર્માર્ય, (૫) શિલ્પાર્ય, (૬) ભાષાર્ય, (૭) જ્ઞાનાર્ય, (૮) ચારિત્રાર્ય અને (૯) દર્શનાર્ય. એ રીતે દર્શનશાસ્ત્રમાં આર્ય નવ પ્રકારનાં કહ્યા છે. શક, યવન અને ખસ આદિને મ્લેચ્છ, અનાર્ય કહ્યા છે. જે ક્ષેત્રાર્ય હોય છે તે પાપ રહિત (વિશુદ્ધ) હોય છે અને ક્ષાયિક આદિ જ્ઞાનાદિ ગુણોથી યુક્ત હોય છે, અને ક્રોધાદિક જે અનાર્યભાવ છે તેનાથી પણ કલુષિત હોય છે, બાકીનું કથન સુગમ છે. આ કથનનો સંક્ષિપ્ત ભાવાર્થ નીચે પ્રમાણે છે-ક્ષાયિક આદિ જ્ઞાનાદિ ભાવોથી યુક્ત પુરુષને આર્યભાવ યુક્ત કહ્યો છે, અને ક્રોધાદિથી કલુષિત ભાવયુક્ત પુરુષને અનાર્ય ભાવયુક્ત કહ્યો છે. આ રીતે આ શબ્દોને સમજવાથી આર્ય-અનાર્ય આદિ ચારે ભાંગા સરળતાથી સમજી શકાય છે. ॥ સૂ. ૪૧ ॥

## વૃષભકે દ્રષ્ટાંત સે પુરૂષકે સ્વરૂપકા નિરૂપણ

હવે સૂત્રકાર વૃષભના દૃષ્ટાન્ત દ્વારા દાર્ષ્ટાન્તિક પુરુષજાતોનું નિરૂપણ કરે છે.

" चत्तारि उसभा पण्णत्ता " ઇત્યાદિ—

સૂત્રાર્થ-વૃષભ (બળદ) ચાર પ્રકારના કહ્યા છે--(૧) જાતિ સંપન્ન, (૨) કુલ સંપન્ન, (૩) બલ સંપન્ન, (૪) રૂપ સંપન્ન. એ જ પ્રમાણે પુરુષના પણ જાતિ સંપન્ન આદિ ચાર પ્રકાર કહ્યા છે.

વૃષભના નીચે પ્રમાણે ચાર પ્રકાર પણ કહ્યા છે—(૧) જાતિ સંપન્ન, નો કુલ સંપન્ન, (૨) કુલ સંપન્ન નો જાતિ સંપન્ન, (૩) જાતિ સંપન્ન-કુલ

સંપન્ન, (૪) નો જાતિ સંપન્ન-નો કુલ સંપન્ન. એજ પ્રમાણે પુરુષના પણ (૧) જાતિ સંપન્ન નો કુલ સંપન્ન, વગેરે ચાર પ્રકાર સમજવા.

બીજી રીતે પણ વૃષભના ચાર પ્રકાર કહ્યા છે—(૧) જાતિ સંપન્ન નો બલ સંપન્ન, (૨) બલ સંપન્ન નો જાતિ સંપન્ન, (૩) જાતિ સંપન્ન બલ સંપન્ન (૪) નો જાતિ સંપન્ન નો બલ સંપન્ન. એજ પ્રમાણે પુરુષના પણ ચાર પ્રકાર સમજવા વૃષભના નીચે પ્રમાણે ચાર પ્રકાર પણ પડે છે-(૧) જાતિ સંપન્ન નો રૂપ સંપન્ન, (૨) રૂપ સંપન્ન નો જાતિ સંપન્ન, (૩) જાતિ સંપન્ન અને રૂપ સંપન્ન, (૪) નો જાતિ સંપન્ન નો રૂપ સંપન્ન. પુરુષના પણ એવાજ ચાર પ્રકાર સમજવા. વૃષભના પણ નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે-(૧) કુલ સંપન્ન નો બલ સંપન્ન, (૨) બલ સંપન્ન નો કુલ સંપન્ન, (૩) કુલ સંપન્ન અને બલ સંપન્ન, (૪) કુલ સંપન્ન નો બલ સંપન્ન. ઈત્યાદિ ચાર પ્રકાર ઉપર મુજબ સમજવા. બળદના પણ નીચે પ્રમાણે ચાર પ્રકાર પણ કહ્યા છે. (૧) બલ સંપન્ન-નો રૂપ સંપન્ન, ઈત્યાદિ ચાર પ્રકાર સમજી લેવા. પુરુષના પણ બલ સંપન્ન-નો રૂપ સંપન્ન આદિ ચાર પ્રકાર સમજવા.

ટીકાર્થ-વૃષભ સૂત્રમાં જે ચાર પ્રકારના બળદ કહ્યા છે તે ચાર પ્રકારોનું સ્પષ્ટીકરણ—માતૃપક્ષનું નામ જાતિ છે, પિતૃપક્ષનું નામ કુળ છે. જે બળદની માતા ગુણસંપન્ન હોય છે તે બળદને જાતિસંપન્ન કહે છે. જે બળદનો પિતા ગુણસંપન્ન છે, તે બળદને કુલસંપન્ન કહે છે. ભારવહન કરવાની શક્તિનું નામ બળ છે જે બળદ ભારવહન કરવાની શક્તિવાળો હોય છે તેને બળસંપન્ન કહે છે. શારીરિક સૌંદર્યને રૂપ કહે છે, આ રૂપથી જે બળદયુક્ત હોય છે, તેને રૂપસંપન્ન કહે છે. એજ પ્રમાણે પુરુષ પણ ચાર પ્રકારના હોય છે-વિશુદ્ધ માતૃવંશથી જે પુરુષ યુક્ત હોય છે તેને જાતિસંપન્ન કહે છે. વિશુદ્ધ પિતૃવંશથી જે પુરુષ યુક્ત હોય છે તેને કુલસંપન્ન કહે છે. ભારવહન આદિ કરવાની શક્તિથી જે પુરુષયુક્ત હોય છે તેને બલસંપન્ન કહે છે. તથા શારીરિક સૌંદર્યથી જે પુરુષયુક્ત હોય છે તેને રૂપસંપન્ન કહે છે. આ દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક રૂપ સામાન્ય સૂત્ર છે.

બળદના "જાતિ સંપન્ન-નો કુલ સંપન્ન" ઇત્યાદિ જે ચાર પ્રકાર કહ્યા છે તેનું સ્પષ્ટીકરણ—

પહેલો ભાંગો—કોઈ વૃષભ એવો હોય છે કે જે ગુણવતી માતાની અપેક્ષાએ તો જાતિસંપન્ન હોય છે, પણ ગુણવાન પિતાના વંશમાં જન્મ નહીં થવાને કારણે કુલસંપન્ન હોતો નથી. એજ પ્રમાણે બાકીના ત્રણે ભાંગા પણ સમજી લેવા. જેવી રીતે બળદના આ ચાર પ્રકાર કહ્યા છે, એજ પ્રમાણે

પુરુષના પણ “ જાતિસંપન્ન-નો કુલસંપન્ન ” ઇત્યાદિ ચાર પ્રકાર કહ્યા છે— (૧) કોઈ પુરુષ એવો હોય છે કે જે માતાની અપેક્ષાએ તો વિશુદ્ધ જાતિ-વાળો હોય છે, પણ પિતાની અપેક્ષાએ વિશુદ્ધ જાતિવાળો હોતો નથી. આ પહેલો વિકલ્પ છે, બાકીના ત્રણે વિકલ્પોનો ભાવાર્થ પણ એ જ પ્રમાણે સમજી લેવો. એ જ પ્રમાણે પછીના પાંચ દૃષ્ટાન્તસૂત્રોને પણ દાર્ષ્ટાન્તિક પુરુષ સાથે ઘટાવી લેવા. જાતિ અને કુલના યોગથી ચાર ભાંગા બને છે. જાતિ અને બળના યોગથી ચાર ભાંગા બને છે અને જાતિ અને રૂપના યોગથી ચાર ભાંગા બને છે. આ રીતે જાતિ સાથે અનુક્રમે કુલ, બળ અને રૂપના યોગ-વાળા ત્રણ સૂત્ર છે. એ જ પ્રમાણે કુળ અને બળના યોગથી તથા કુળ અને રૂપના યોગથી ચાર ચાર ભાંગાવાળા બે સૂત્ર બને છે. અને બલ અને રૂપના સંયોગથી ચાર ભાંગાવાળું એક સૂત્ર બને છે. આ રીતે ૧ સામાન્ય સૂત્ર, જાતિ સાથે કુળ, બલ અને રૂપના યોગવાળાં ૩ સૂત્ર, કુળ સાથે બળ અને રૂપના યોગવાળાં બે સૂત્ર અને બળ સાથે રૂપના યોગવાળું ૧ સૂત્ર મળીને કુલ ૭ સૂત્ર થાય છે. આ વાત ટીકામાં આપેલ કોઠામાં સમજાવી છે—

જાતિ, કુળ, બળ અને રૂપ આ પ્રત્યેકના એક એક ભાંગાવાળું સામાન્ય સૂત્ર, તેનો ક્રમાંક પહેલો સમજવો. ॥ સૂ. ૪૨ ॥

## હાથીકે દૃષ્ટાંતસે પુરૂષકે પ્રકાર કા નિરૂપણ

હવે સૂત્રકાર હાથીના દૃષ્ટાન્ત દ્વારા પુરુષની ચતુર્વિધતાનું નિરૂપણ કરે છે.

“ चत्तारि हत्थी पण्णत्ता ” ઇત્યાદિ—

સૂત્રાર્થ–હાથીના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે—(૧) ભદ્ર, (૨) મન્દ, (૩) મૃગ અને (૪) સંકીર્ણ. એ જ પ્રમાણે પુરુષના પણ ચાર પ્રકાર કહ્યા છે— (૧) ભદ્ર, (૨) મન્દ, (૩) મૃગ અને (૪) સંકીર્ણ. । ૧ ।

હાથીના આ પ્રમાણે ચાર પ્રકાર પણ કહ્યા છે-(૧) ભદ્ર ભદ્રમનવાળો, (૨) (૨) ભદ્ર મન્દ મનવાળો, (૩) ભદ્ર મૃગ મનવાળો અને (૪) ભદ્ર સંકીર્ણ મનવાળો. એ જ પ્રમાણે પુરુષના પણ નીચે મુજબ ચાર પ્રકાર કહ્યા છે— (૧) ભદ્ર ભદ્ર મનવાળો, (૨) ભદ્ર મન્દ મનવાળો, (૩) ભદ્ર મૃગ મનવાળો અને (૪) ભદ્ર સંકીર્ણ મનવાળો । ૨ ।

હાથીના આ પ્રમાણે ચાર પ્રકાર પણ કહ્યા છે-(૧) મન્દ અને ભદ્ર મનવાળો (૨) મન્દ અને મન્દ મનવાળો, (૩) મન્દ અને મૃગ મનવાળો અને (૪)

મન્દ અને સંકીર્ણ મનવાળો. એજ પ્રમાણે પુરુષના ચાર પ્રકાર પડે છે—(૧) કોઈ પુરુષ મન્દ અને ભદ્ર મનવાળો હોય છે, ઈત્યાદિ ચાર પ્રકાર ઉપર મુજબ જ બની શકે છે. । ૩ ।

એજ પ્રમાણે હાથીના આ ચાર પ્રકાર પણ પડે છે--(૧) મૃગ અને ભદ્ર મનવાળો, (૨) મૃગ અને મન્દ મનવાળો, (૩) મૃગ અને મૃગ મનવાળો અને (૪) મૃગ અને સંકીર્ણ મનવાળો. એજ પ્રમાણે પુરુષના પણ "મૃગ અને ભદ્ર મનવાળો" ઇત્યાદિ ચાર પ્રકાર સમજી લેવા. । ૪ ।

હાથીના આ પ્રમાણે ચાર પ્રકાર પડે છે--(૧) સંકીર્ણ અને ભદ્ર મનવાળો, (૨) સંકીર્ણ અને મન્દ મનવાળો, (૩) સંકીર્ણ અને મૃગ મનવાળો અને (૪) સંકીર્ણ અને સંકીર્ણ મનવાળો. એજ પ્રમાણે પુરુષના પણ "સંકીર્ણ અને ભદ્ર મનવાળો" ઇત્યાદિ ચાર પ્રકાર પડે છે. । ૫ ।

ગાથા--"मधुगुटिका पिङ्गलाक्ष" ઇત્યાદિ.

હાથીના દૃષ્ટાન્તસૂત્રમાં ચાર પ્રકારના હાથી કહ્યા છે. તે ચારે પ્રકારનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે—જે હાથી ધૈર્ય, શૌર્ય આદિ ગુણોથી યુક્ત હોય છે, તેને ભદ્ર હાથી કહે છે. મન્દીભૂત ધૈર્ય, શૌર્ય આદિથી જે યુક્ત હોય છે, તેને મન્દ હાથી કહે છે. જે હાથી મૃગના જેવી કૃશતા, ભીરુતા આદિ ધર્મોથી સંપન્ન હોય છે તે હાથીને મૃગ હાથી કહે છે. જે હાથી થોડા થોડા ભદ્રાદિ ગુણોથી સંપન્ન હોય છે તેને સંકીર્ણ કહે છે. જેમ હાથીના આ ચાર પ્રકાર કહ્યા છે, એજ પ્રમાણે મનુષ્યના પણ ચાર પ્રકાર કહ્યા છે. (૧) કેટલાક માણસો એવાં હોય છે કે જેઓ આપત્તિ કાળે ધૈર્યાદિ ગુણોનો ત્યાગ કરતા નથી, એવાં મનુષ્યોને 'ભદ્ર' કહે છે. (૨) કેટલાક માણસો એવાં હોય છે કે જેઓ આપત્તિ-વિપત્તિના સમયે ધૈર્ય-શૌર્ય આદિ ગુણો બતાવી શકતા નથી. આ ગુણોની અપેક્ષાએ તેઓ મન્દ હોવાથી તેમને 'મન્દ' કહે છે. (૩) કેટલાક માણસો શારીરિક કૃશતાથી યુક્ત હોય છે અને મૃગ સમાન ડરપોક હોય છે, તેથી તેમને મૃગ સમાન કહ્યા છે. (૪) કેટલાક મનુષ્યો થોડા થોડા પ્રમાણમાં ભદ્રાદિ ગુણોથી યુક્ત હોય છે, તેથી તેમને સંકીર્ણ કહે છે. આ પહેલું સામાન્ય સૂત્ર છે.

બીજા સૂત્રનો ભાવાર્થ—આ દૃષ્ટાન્તસૂત્રમાં હાથીના "ભદ્ર-ભદ્ર મનવાળો" ઇત્યાદિ ચાર પ્રકાર કહ્યા છે. જાતિ અને આકૃતિની અપેક્ષાએ પ્રશસ્ત હોય એવા હાથીને ભદ્ર કહે છે, અને જેનું ચિત્ત પ્રશસ્ત હોય અથવા ભદ્ર (ધીર) જેનું મન હોય એવા હાથીને 'ભદ્ર ભદ્રમનવાળો' કહે

છે. દાર્ષ્ટાન્તિક સૂત્રમાં તેનો આ પ્રમાણે અર્થ ઘટાવી શકાય–કેટલાક માણસો એવાં હોય છે કે જેઓ જાતિ અને આકારની અપેક્ષાએ પણ પ્રશસ્ત હોય છે અને ધીર મનવાળા હોય છે, એવાં માણસોને 'ભદ્ર–ભદ્રમનવાળા' કહે છે.

બીજા ભાંગાનો ભાવાર્થ—કેટલાક માણસો મન્દીભૂત ચિત્તવાળા (ધૈર્ય આદિ ગુણોથી રહિત) હોય છે, તેમને મન્દ મનવાળા કહે છે, એવા મનુષ્યો અત્યન્ત ધીર હોતા નથી. જે માણસનું મન મૃગના જેવું ભીરુ અને ચંચળ હોય છે એવા માણસને મૃગમના કહેવામાં આવે છે. એવો મનુષ્ય ડરપોક અને ચંચળ વૃત્તિવાળો હોય છે. આ રીતે મનુષ્યમાં આ દૃષ્ટાન્તોની સાધર્મ્યતા ઘટાવી શકાય છે. જે માણસનું મન ભદ્રાદિક લક્ષણોથી થોડા થોડા પ્રમાણમાં યુક્ત હોય છે તે માણસને 'સંકીર્ણ મનવાળો' કહે છે. એટલે કે જે વિચિત્ર મનવાળો હોય છે તેને આ પ્રકારમાં ગણાવી શકાય છે. આ ભદ્રાદિકોના કથિત લક્ષણો અનુસાર પુરુષોમાં પ્રશસ્તતા અને અપ્રશસ્તતા સમજવી. ભદ્રાદિકનાં લક્ષણ ચાર ગાથા દ્વારા આ પ્રમાણે કહ્યા છે—

ભદ્રલક્ષણ–" मधुगुटिका " ઈત્યાદિ–જેનાં નેત્ર મધુગુટિકા સમાન પીળા વર્ણના હોય છે, સ્થૂલ, સૂક્ષ્મ અને સૂક્ષ્મતર રૂપે જેની પૂંછડી દીર્ઘ, દીર્ઘતર તથા સુંદરતાભરી હોય છે, તથા જેનાં સમસ્ત અંગ સપ્રમાણ હોય છે એવા હાથીને ભદ્રગજ કહે છે.

મન્દ લક્ષણ–" चलबहुले " ઇત્યાદિ–ઘણાં ચંચળ અને જાડા વાળથી યુક્ત ત્વચાવાળા, વિશાળ કુમ્ભસ્થળવાળા, જેની પૂંછડીનો મૂળ ભાગ સ્થૂલ હોય એવા, જેનાં નખ, દાંત અને વાળ સ્થૂલ હોય એવો, અને સિંહના સમાન શ્વેત–રક્તવાળી આંખોવાળો જે હાથી હોય છે તેને 'મન્દગજ' કહે છે.

મૃગ લક્ષણ–"तनुको"–ઈત્યાદિ જેનું શરીર પાતળું હોય છે, જેનો કંઠ કૃશ હોય છે, જેની ત્વચા પાતળી હોય છે, જેનાં દાંત, નખ અને વાળ પાતળા (કૃશ) હોય છે, જે સ્વભાવે ભીરુ (ડરપોક) હોય છે, ત્રસ્ત–ભયને કારણે જે જલ્દી ડરી જાય છે–એટલે કે ભયને કારણે જેના કાન સ્તબ્ધ (સ્થિર) થઈ જાય છે, જે પોતાના કાનોને સ્તબ્ધ સ્થિર કરવાના લક્ષણોથી યુક્ત હોય છે, જે કષ્ટ વિચારણા આદિમાં ઉદ્વેગયુક્ત થઇ જાય છે તથા જે ત્રાસી (ત્રસન ગુણથી યુક્ત) હોય છે એવા હાથીને મૃગગજ (મૃગ સમાન ગજ) કહે છે.

સંકીર્ણ લક્ષણ—" एएसिं " ઈત્યાદિ–જે હાથીમાં ભદ્ર, મન્દ અને મૃગગજના થોડાં થોડાં લક્ષણોનો સદ્ભાવ હોય છે, એટલે કે જે ભદ્રાદિ હાથીઓના મન્દત્વ આદિ ગુણોને થોડા થોડા પ્રમાણમાં ધારણ કરનારો હોય

છે, તથા શરીરાકૃતિ અને શીલ સ્વભાવની અપેક્ષાએ સંકીર્ણ હોય છે, ભદ્ર, મન્દ અને મૃગના સ્વભાવ સાથે જેનો સ્વભાવ મળતો આવે છે, એવા હાથીને 'સંકીર્ણગજ' કહે છે. ભદ્ર હાથી શરદ ઋતુમાં મદોન્મત્ત થાય છે, મન્દ હાથી વસન્તમાં, મૃગ હાથી હેમન્તમાં અને સંકીર્ણ હાથી છએ ઋતુમાં મદોન્મત્ત થાય છે.

"दंतेहिं हणइ भद्दो, ઇત્યાદિ

ભદ્ર હાથી પોતાના દંતશૂળોથી, મન્દ હાથી પોતાની સૂંઢથી, મૃગ હાથી શરીર અને અધરોષ્ઠથી અને સંકીર્ણ હાથી પોતાના સમસ્ત અંગોથી પ્રહાર કરે છે. ॥ સૂ. ૪૩ ॥

## વિકથાકે સ્વરૂપકા નિરૂપણ

"સંકીર્ણ-સંકીર્ણમનાઃ" આ સૂત્રપાઠ દ્વારા મનનું સ્વરૂપ પ્રકટ કર્યું છે. હવે સૂત્રકાર વચનનું સ્વરૂપ પ્રકટ કરવા નિમિત્તે વિકથા-કથાનું સ્વરૂપ પ્રકટ કરે છે. "चत्तारि विकहाओ पण्णत्ताओ" ઈત્યાદિ—

ટીકાર્થ-ચાર વિકથાઓ કહી છે—(૧) સ્ત્રીકથા, (૨) ભક્તકથા, (૩) દેશકથા અને (૪) રાજકથા. આ ચારે પ્રકારની કથાઓ સંયમના પાલનમાં બાધકરૂપ હોવાને કારણે તેમને વિકથાઓ કહી છે. સ્ત્રીઓ વિષે વાતો કરવી અથવા સ્ત્રીઓ વચ્ચે બેસીને વાતો કરવી તેનું નામ સ્ત્રીકથા છે. સ્ત્રીકથાને વિકથા કહેવાનું કારણ એ છે કે તે સંયમની પરિપન્થી (વિપક્ષભૂત) છે. 'ભક્ત' એટલે ભોજન-ભોજન સંબંધી વાતોને ભક્તકથા કહે છે. દેશ વિષેની કથાને અને રાજા વિષેની કથાને રાજકથા કહે છે. "इत्थिकहा चउव्विहा" ઈત્યાદિ. સ્ત્રીકથા ચાર પ્રકારની કહી છે—(૧) સ્ત્રીઓની જાતિની કથા, (૨) સ્ત્રીઓના કુળની કથા, (૩) સ્ત્રીઓના રૂપની કથા અને (૪) સ્ત્રીઓના નેપથ્યની કથા.

બ્રાહ્મણી આદિ એક જાતિની સ્ત્રીની પ્રશંસા અથવા નિન્દા કરવી તેનું નામ સ્ત્રીવિષયક જાતિકથા છે. ઉત્તમ અથવા નીચ કુળની વાત કરીને કોઈ કુળમાં જન્મેલી સ્ત્રીની પ્રશંસા કરવી અને કોઇ કુળમાં જન્મેલી સ્ત્રીની નિન્દા કરવી, તેને સ્ત્રીવિષયક કુળકથા કહે છે. સ્ત્રીના રૂપની પ્રશંસા અથવા નિન્દા કરવી તેનું નામ રૂપકથા છે. (૪) મહારાષ્ટ્રિય આદિ સ્ત્રીઓની વેષભૂષાની પ્રશંસા કરવી અને કોઈ બીજી સ્ત્રીના વેષની નિન્દા કરવી તેનું નામ નેપથ્ય કથા છે. સ્ત્રીકથામાં જે દોષો છે તે આ ગાથામાં પ્રકટ કર્યા છે—

"आय परमोहुदीरणं" ઈત્યાદિ—

" भत्तकहा चउव्विहा " ઈત્યાદિ—ભક્ત કથાના પણ ચાર પ્રકાર નીચે પ્રમાણે કહ્યા છે-(૧) ભક્તના આવાપની કથા, (૨) ભક્તના નિર્વાપની કથા, (૩) ભક્તના આરમ્ભની કથા અને (૪) ભક્તના નિષ્ઠાનની કથા.

" ભક્તના આવાપની કથા "—શાક, ઘી આદિનું નામ ' આવાપ ' છે. અમુક ભોજનમાં આટલાં શાક, આટલા ઘૃતાદિ ઉપયોગમાં લીધાં હતાં, આ પ્રકારની ભોજનના વિષયમાં જે વાતો કરવામાં આવે છે, તેને ભોજનના આવાપની કથા કહે છે.

(૨) " ભોજનના નિર્વાપની કથા "—પકવાપકવ આહારને નિર્વાપ કહે છે. અમુક ભોજન સમારંભમાં આટલા પકવાન્ન અને આટલાં અપકવાન્ન ઉપયોગમાં લેવાય છે અથવા લેવામાં આવ્યા હતા, આ પ્રકારની કથાને આ બીજા ભેદમાં મૂકી શકાય છે.

(૩) ભોજનના આરંભની કથા—ભોજનના વિષયમાં અગ્નિ આદિના આરંભની વાત કરવી તેનું નામ આરંભની કથા છે. જેમકે શીરો આદિ વસ્તુઓ આટલી અગ્નિના તાપથી સારી બને છે-ઓછાં તાપથી સારી બનતી નથી, આ પ્રકારની કથાને ત્રીજા ભેદમાં ગણાવી શકાય છે.

ભોજનના નિષ્ઠાનની કથા—શત, સહસ્ર આદિ દ્રવ્યનું નામ નિષ્ઠાન છે. અમુક ભોજનમાં આટલું દ્રવ્ય ખર્ચ કરવામાં આવે, તો જ તે ભોજન સારૂં બને છે, અથવા અમુક માણસે અમુક ભોજન સમારંભમાં આટલું દ્રવ્ય વાપર્યું, આ પ્રકારની કથાને આ ચોથા ભેદમાં મૂકી શકાય છે.

આ ભક્તકથામાં આટલા દોષ છે-" आहारमंतरेण वि " ઈત્યાદિ.

" देसकहा चउव्विहा " ઈત્યાદિ—મગધ દેશની કથા કરવી તેનું નામ દેશકથા છે. દેશકથાના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે—(૧) દેશ વિધિ કથા, (૨) દેશ. વિકલ્પ કથા, (૩) દેશ છન્દ કથા, અને (૪) દેશ નેપથ્ય કથા.

(૧) મગધ આદિ દેશમાં ભોજન, મણિમય ભૂમિ આદિનું નિર્માણ સારૂં થાય છે કે નરસું થાય છે, એવી જે વાત કરાય છે તેને દેશ વિધિ કથા કહે છે. (૨) મગધ આદિ દેશમા અનાજ વગેરેના ઉત્પાદનની કથા તથા કૂવા, વાવ, તળાવ, ભવન આદિના નિર્માણની કથાને દેશ વિકલ્પ કથા કહે છે. (૩) દેશાદિની અપેક્ષાએ ગમ્ય-અગમ્ય આદિની કથા કરવી તેનું નામ દેશ છંદ કથા છે. " ગમ્ય " એટલે સેવનીય અને ' અગમ્ય ' એટલે અસેવનીય. જેમકે " લાટાદિ દેશમાં મામાની દીકરી ગમ્ય ( સેવનીય ) હોય છે, અને અન્ય દેશોમાં મામાની દીકરી અગમ્ય હોય છે, " આ પ્રકારની કથાને દેશ· છન્દ કથા કહે છે. (૪) અમુક દેશમાં સ્ત્રી-પુરુષોની વેષભૂષા આ પ્રકારની હોય છે, " આ પ્રકારની કોઇ દેશના સ્ત્રીપુરુષોના સ્વાભાવિક વેષભૂષાની કથાને દેશ નેપથ્ય કથા કહે છે. આ દેશકથાના દોષો આ ગાથામાં પ્રકટ કર્યા છે. " रागदोसुप्पत्ती " ઈત્યાદિ—

" रायकहा चउव्विहा " ઇત્યાદિ—રાજકથા ચાર પ્રકારની કહી છે-(૧) રાજાની અતિયાન કથા, (૨) રાજાની નિર્યાણુ કથા, (૩) રાજાની બલવાહન કથા, (૪) રાજાની કોષ્ઠાગાર કોષ કથા. (૧) રાજાના નગર પ્રવેશ વિષયક કથાને ' રાજાની અતિયાન કથા ' કહે છે. (૨) રાજા નગરની બહાર વિજયાદિ નિમિત્તે જે પ્રયાણુ કરે છે તેની કથાને ' રાજાની નિર્યાણુ કથા ' કહે છે. (૩) રાજાના સૈન્ય, હાથી, ઘોડા આદિ વાહન અથવા બન્નેની ( બલ વાહનોની ) કથા કરવી તેનું નામ ' બલવાહન કથા ' છે. (૪) રાજાના સુવર્ણાદિ કોષની ધાન્ય ભંડારની કથાને ' કોષ્ઠાગાર કોષ કથા ' કહે છે. અહીં ચારક ( ચોર ) આદિ શંકારૂપ અનેક દોષ હોય છે. કહ્યું પણુ છે કે—

" हियत्थस्स भवे चोरो " ઇત્યાદિ—

" धम्मकहा चउव्विहा " ઈત્યાદિ–ધર્મકથા ચાર પ્રકારની કહી છે. ભવ-સાગરમાં ડૂબતા જીવોને જે નૌકાની જેમ પાર કરાવી દે છે-શુભ સ્થાનમાં પહોંચાડી દે છે, તેનું નામ ધર્મ છે- તે ધર્મ વિષયક જે કથા છે તેને ધર્મ-કથા કહે છે. એટલે કે ભગવાનની દેશના રૂપ જે વાકયપ્રબન્ધ છે, તેને ધર્મ કથા કહે છે. અથવા શુભાશુભ કર્મના વિપાક ફળનું ઉપદર્શન કરાવનારી જે કથા છે તેને ધર્મકથા કહે છે. તેના ચાર પ્રકાર નીચે પ્રમાણે છે-(૧) આક્ષે-પણી, (૨) વિક્ષેપણી, (૩) સંવેદની અને (૪) નિર્વેદની.

જે કથા દ્વારા શ્રોતાના આત્માને મોહથી દૂર કરીને તત્ત્વ પ્રત્યે અથવા ચારિત્ર પ્રત્યે આકૃષ્ટ કરવામાં આવે છે તે કથાને આક્ષેપણી કથા કહે છે. કહ્યું પણુ છે કે " स्थाप्यत्ते सत्पथे श्रोता " ઈત્યાદિ—

" વિક્ષેપણી " સમ્યગ્વાદ ગુણુના ઉત્કર્ષના પ્રદર્શનથી શ્રોતા જે કથા દ્વારા મિથ્યાવાદનો ત્યાગ કરી નાખે છે, તે કથાને વિક્ષેપણી કથા કહે છે. કહ્યું પણુ છે કે " सम्यग्वाद्प्रकर्षेण " ઈત્યાદિ—

જે કથા શ્રોતાને સંસારની અસારતા બતાવીને તેને મોક્ષાભિલાષી બનાવે છે, તે કથાને ' સંવેદની કથા ' કહે છે. કહ્યું પણુ છે કે " यस्यां श्रवणमात्रेण " ઇત્યાદિ—

જે કથા શ્રોતાના વિષયાનુરાગનો ધ્વંસ ( નાશ ) કરીને, તે વિષયોથી તેને વિરક્ત કરી નાખે છે, એવી કથાને ' નિર્વેદિની કથા ' કહે છે. કહ્યું પણુ છે કે-" यदा करण मात्रेण " ઇત્યાદિ—

" आक्खेवणी कहा चउव्विहा " ઈત્યાદિ. આક્ષેપણી કથાના નીચે પ્રમાણે

ચાર પ્રકાર કહ્યા છે-(૧) આચારાક્ષેપણી, (૨) વ્યવહારાક્ષેપણી, (૩) પ્રજ્ઞપ્ત્યા-ક્ષેપણી, અને (૪) દષ્ટિવાદાક્ષેપણી.

જે કથા દ્વારા લોચ આદિ કરવાનું અને સ્નાન આદિ નહીં કરવાનું પ્રતિ-પાદન કરવામાં આવે છે, તે કથાને આચારાક્ષેપણી કથા કહે છે. કોઈ પણ પ્રકારે થઈ ગયેલા દોષને દૂર કરવા માટેના પ્રાયશ્ચિત્ત આદિનું જે કથા દ્વારા પ્રદર્શન થાય છે તે કથાને વ્યવહારાક્ષેપણી કથા કહે છે. સંશયયુક્ત શ્રોતાને પ્રિયવચનો દ્વારા પ્રબોધન રૂપ પ્રજ્ઞપ્તિનું જે કથા દ્વારા પ્રદર્શન થાય છે તે કથાને પ્રજ્ઞપ્તિ આક્ષેપણી કથા કહે છે નયોનો આશ્રય લઇને સૂક્ષ્મ જીવાદિ પદાર્થોનાં ભાવોનું પ્રતિપાદન જે કથા દ્વારા કરવામાં આવે છે, તે કથાને દૃષ્ટિવાદાક્ષેપણી કથા કહે છે. આક્ષેપણી કથાના લાભને આ ગાથા દ્વારા પ્રકટ કરવામાં આવેલ છે. " विज्जाचरणं च तवो " ઈત્યાદિ.

" विक्खेवणी कहा चउव्विहा " ઇત્યાદિ. વિક્ષેપણી કથા ચાર કહી છે- જે કથામાં પહેલાં સ્વસમયના ( જૈન સિદ્ધાન્તના ) ગુણોને પ્રકટ કરવામાં આવે છે, અને ત્યારબાદ અન્ય સિદ્ધાન્તોના દોષો પ્રકટ કરવામાં આવે છે, તે કથાને પહેલા પ્રકારની વિક્ષેપણી કથા કહે છે.

જે કથામાં પહેલાં પર સિદ્ધાન્તગત દોષોને પ્રકટ કરીને સ્વસિદ્ધાન્તના ગુણોને પ્રકાશિત કરવામાં આવે છે, તે કથાને બીજા પ્રકારની વિક્ષેપણી કહે છે.

જે કથા પર સિદ્ધાન્તોમાં જેટલો સમ્યગ્વાદ છે-જિનાગમના તાત્ત્વિક વિવેચન સાથે મળતું આવે એવું કથન છે-તેને પણ પ્રકટ કરે છે અને તેમાં જેટલો મિથ્યાવાદ-જિનોક્ત તત્ત્વ કરતાં વિપરીત કથન છે, તેને પણ પ્રકાશિત કરે છે, તે કથાને ત્રીજા પ્રકારની વિક્ષેપણી કથા કહે છે.

જે કથા પર સમયોમાં ( સિદ્ધાન્તોમાં ) જે મિથ્યાત્વ છે તેને પ્રકટ કરીને સમ્યગ્વાદનું પ્રતિપાદન કરે છે તેને ચોથા પ્રકારની વિક્ષેપણી કથા કહે છે. અથવા જે કથા નાસ્તિકવાદીના સિદ્ધાન્તોનું ખંડન કરીને આસ્તિકવાદના સિદ્ધાન્તોનું પ્રતિપાદન કરે છે, તે કથાને ચોથા પ્રકારની વિક્ષેપણી કથા કહે છે.

" संवेहणी कहा चउव्विहा " ઇત્યાદિ-સંવેદની કથા ચાર પ્રકારની કહી છે. (૧) ઇહલોકસંવેદની, (૨) પરલોક સંવેદની, (૩) આત્મશરીર સંવેદની અને (૪) પરશરીર સંવેદની

જે કથા આ લોકના લક્ષણ દ્વારા મનુષ્ય જન્મના સ્વરૂપપર પ્રકાશ નાખે છે, એવી કથાને ' ઈહલોક સંવેદની કથા ' કહે છે. જેમકે " આ મનુષ્ય જન્મ અસાર છે, અનિત્ય છે, મેઘમંડળની જેમ જોતજોતામાં વિલીન થઇ જાય એવો છે, " આ પ્રકારની કથાને ઈહલોક સંવેદની કથા કહે છે.

પરલોકસંવેદની—પરલોકથી અહીં દેવભવ આદિ ગૃહીત થયેલ છે. આ પરલોકના સ્વરૂપને પ્રકટ કરનારી જે કથા છે તેને ' પરલોકસંવેદની કથા ' કહે છે. જેમકે " દેવો પણ અસૂયા, ઇર્ષ્યા, સ્પર્ધા, ભય, વિયોગ, ક્રોધ, શોક, મોહ, મદ આદિ દુઃખોથી અભિભૂત છે, તો તિર્યંગાદિના દુઃખની તો વાત જ શી કરવી ! " આ પ્રકારની કથાને પરલોક સંવેદની કથા કહે છે.

આત્મશરીર સંવેદની—જે કથા આત્મશરીરની ( સ્વ શરીરની ) અશુચિતાના નિમિત્તોને પ્રકટ કરતી હોય તે કથાને આત્મશરીર સંવેદની કહે છે. " વહેલા નવમળ દ્વારોથી જે અશુચિ વધારે ઘાડી બની છે, અશુચિ દ્વારમાંથી આ શરીર ઉત્પન્ન થયેલું છે, તેથી તે પોતે જ અપવિત્ર છે, " એવું કથન જે કથામાં થાય છે તેને ' આત્મશરીર સંવેદની ' કથા કહે છે આ કથનનું તાત્પર્ય એ છે કે આ દેહ દરેક રીતે અપવિત્ર–અશુચિ અને કલુષિત બનેલા સ્વરૂપવાળો છે. તેની ઉત્પત્તિના જે કારણો છે તે કારણો જ અશુચિ યુક્ત અને અપવિત્ર છે. માતાના અપવિત્ર યોનિદ્વારમાંથી તે નીકળે છે. એવા અપવિત્ર શરીરના મોહમાં પડીને જે જીવ પુરુષાર્થ સાધનો દ્વારા મોક્ષ સાધનભૂત સમ્યગ્દર્શનાદિકોના સેવનથી વંચિત જ રહે છે, તે મોટી ભૂલ કરતો હોય છે. આ પ્રકારે આત્માને દેહનું સ્વરૂપ બતાવનારી જે કથા છે તેને આત્મશરીર સંવેદની કથા કહે છે.

એ જ પ્રમાણે ' પરશરીર સંવેદની ' કથા વિષે પણ સમજવું. " જેમ આપણાં શરીર સાથે થયેલાં પ્રતિકૂળ વ્યવહારથી આપણને અશાન્તિ થાય છે, એ જ પ્રમાણે અન્યના શરીર સાથે પ્રતિકૂળ વ્યવહારથી તેને પણ અશાન્તિ થાય છે, " આ પ્રકારની વાતનું પ્રતિપાદન કરનારી કથાને પરશરીર સંવેદની કથા કહે છે. " णिव्वेयणी चउव्विहा " ઈત્યાદિ—

નિર્વેદિની કથા ચાર પ્રકારની કહી છે, જેમકે...ચોરી આદિ જે પાપકર્મ જીવ આલોકમાં કરે છે, તેનું ફળ આ લોકમાં પણ પ્રાપ્ત કરે છે અને

પરલોકમાં પણ પ્રાપ્ત કરે છે, કારણ કે તેનું સેવન કરનાર માણસ ચોરાદિની જેમ આ ભવમાં પણ વિવિધ પ્રકારના દુઃખો સહન કરે છે અને નારકાદિ ગતિમાં ઉત્પન્ન થઇને તે ગતિના વિવિધ કષ્ટો પણ સહન કરે છે.

આ કથનનો ભાવાર્થ એ છે કે હિંસા, ચોરી આદિ પાપકૃત્યોનો ફલ વિપાક જીવને આલોકમાં પણ ભોગવવો પડે છે અને પરલોકમાં પણ ભોગવવો પડે છે. આ પાપકૃત્યોના વિપાક રૂપે તેમને ઉભય લોકના કષ્ટો સહન કરવા પડે છે.

તથા જે દુશ્ચિર્ણ દુષ્કૃત્યોનું, અસૂયા, ઈર્ષ્યા આદિ રૂપ પાપકર્મોનું જીવ પરલોકમાં ( દેવાદિક ભવોમાં ) ઉપાર્જન કરે છે, તે કર્મોનો દુઃખફલરૂપ વિપાક જીવને આલોકમાં ભોગવવો પડે છે. જેમકે આ મનુષ્યલોકમાં આજન્મ વ્યાધિ, દારિદ્ર આદિથી પીડાતાં મનુષ્યો અને તિર્યંચો જોવા મળે છે. તેઓ પરભવકૃત પાપકર્મોનો દુઃખફલરૂપ વિપાક જ ભોગવી રહ્યા હોય છે.

તથા–પરલોકમાં તિર્યંગાદિ ભવમાં દુશ્ચીર્ણ દુષ્કૃત્યોનું દુઃખવિપાક રૂપ ફલ તિર્યંગાદિ ભવમાં જ ભોગવવું પડે છે મનુષ્યાદિ ભવમાં ભોગવવું પડતું નથી, કારણ કે તે કર્મો મનુષ્યાદિ ભવમાં ઉદયાવલિકામાં પ્રવિષ્ટ થતાં નથી.

તથા આલોકમાં સારી રીતે જેની આરાધના થઇ હોય એવાં દાનાદિ કર્મ અને છઠ્ઠ–અઠ્ઠમ તપસ્યારૂપ કર્મ આ લોકમાં જ સુખ વિપાકરૂપ ફળ આપનારા હોય છે. જેમકે તીર્થંકર આદિરૂપ સુપાત્રને દાન દેવાથી વસુધરા ( ધન ) ની વૃષ્ટિ થાય છે તથા છઠ્ઠ–અઠ્ઠમ આદિ તપસ્યાઓથી આમર્શ ઔષધિ આદિ લબ્ધિની પ્રાપ્તિ થાય છે. એ જ પ્રમાણે બાકીના વિકલ્પોનું વિવેચન પણ સમજી લેવું. અહીં પહેલો અને બીજો ભેદ જ કહેવામાં આવ્યો છે.

બીજો ભેદ આ પ્રમાણે છે—આલોકમાં સુચીર્ણ કર્મ ( ઉપાર્જિત સત્કર્મો ) પરલોકમાં પણ સુખફલરૂપ વિપાકવાળાં હોય છે. જેમકે સાધુ, શ્રાવક આદિ દ્વારા કૃત સુચીર્ણ કર્મ.

ત્રીજો ભાંગો—પરલોકમાં સુચીર્ણ કર્મ આલોકમાં સુખફલરૂપ વિપાકથી યુક્ત હોય છે. જેમકે તીર્થંકર નામ કર્મ.

ચોથો ભાંગો—પરલોકના સુચીર્ણ કર્મ પરલોકમાં સુખફલરૂપ વિપાકથી યુક્ત હોય છે. જેમકે બદ્ધ તીર્થંકર ગોત્ર કર્મવાળો દેવ ભવસ્થ તીર્થંકર. ॥સૂ. ૪૪॥

આ રીતે કથારૂપ વાગ્વિશેષનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર પુરુષજાતની પ્રધાનતાની અપેક્ષાએ કાયવિશેષનું કથન કરે છે.

" चत्तारि पुरिसजाया पण्णत्ता " ઇત્યાદિ—

સૂત્રાર્થ–ચાર પ્રકારના પુરુષો કહ્યા છે—(૧) કૃશ કૃશ, (૨) કૃશ દૃઢ, (૩) દૃઢ કૃશ અને (૪) દૃઢ દૃઢ. બીજી રીતે પણ ચાર પ્રકારના પુરુષો કહ્યા છે—(૧) કૃશ કૃશ શરીર યુક્ત, (૨) કૃશ દૃઢ શરીર યુક્ત, (૩) દૃઢ કૃશ શરીર યુક્ત તથા (૪) દૃઢ દૃઢ શરીર યુક્ત.

વળી આ પ્રમાણે પણ ચાર પુરુષ પ્રકારો કહ્યા છે—(૧) કૃશ શરીરવાળા કોઈ એક પુરુષને જ્ઞાનદર્શન ઉત્પન્ન થાય છે, જ્યારે દૃઢ શરીરવાળા કોઇ એક પુરુષને જ્ઞાનદર્શન ઉત્પન્ન થતાં નથી. (૨) દૃઢ શરીરવાળા કોઈ એક પુરુષને જ્ઞાનદર્શન ઉત્પન્ન થાય છે, જ્યારે કૃશ શરીરવાળા કોઇ એક પુરુષને જ્ઞાનદર્શન ઉત્પન્ન થતાં નથી. (૩) કોઇ એક કૃશ શરીરવાળા પુરુષને પણ જ્ઞાનદર્શન ઉત્પન્ન થાય છે અને કોઈ એક દૃઢ શરીરવાળા પુરુષને પણ જ્ઞાનદર્શન ઉત્પન્ન થાય છે. (૪) કોઈ એક કૃશ શરીરવાળા પુરુષને પણ જ્ઞાનદર્શન ઉત્પન્ન થતાં નથી અને કોઈ એક દૃઢ શરીરવાળાને પણ જ્ઞાનદર્શન ઉત્પન્ન થતાં નથી.

વિશેષાર્થ—આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—અહીં જે 'કૃશ કૃશ' આદિ રૂપ ચતુર્ભંગી કહી છે તે ભાવને આશ્રિત કરીને કહેવામાં આવી છે. એટલે કે કોઈ એક પુરુષ એવો હોય છે કે જે પહેલાં પણ ભાવની અપેક્ષાએ કૃશ (તુચ્છ પ્રવૃત્તિવાળો) હોય છે, અને પાછળથી પણ એ જ પ્રકારના ભાવનો સદ્‌ભાવ રહેવાથી કૃશ (તુચ્છ પ્રવૃત્તિવાળો) જ રહે છે. (૨) કોઈ એક પુરુષ એવો હોય છે કે જે પહેલાં તુચ્છ પ્રવૃત્તિવાળો હોય છે, પણ ત્યારબાદ કોઈ પણ નિમિત્તાદિના સદ્‌ભાવે કરીને તે પ્રવૃત્તિનો ત્યાગ કરી દેવાને કારણે દૃઢ–સ્થિર પરિણામ રૂપ અતુચ્છ પ્રકૃતિવાળો બને છે.

(૩) દૃઢ-કૃશ અને (૪) દૃઢ-દૃઢ આ બન્ને ભાંગાનો ભાવાર્થ પહેલા તથા બીજા ભાંગાને આધારે સમજી શકાય એવો છે.

હવે કેવળ શરીરનો આધાર લઇને સૂત્રકાર ચતુર્ભંગીનું કથન કરે છે—

(૧) " કૃશ-કૃશ શરીરવાળા "—કોઈ એક પુરુષ એવો હોય છે કે જે જન્મથી કૃશ શરીરવાળો હોય છે અને ત્યારબાદ રોગાદિને કારણે કૃશ શરી-

રવાળો જ ચાલુ રહે છે. (૨) "કૃશ-દૃઢ શરીરવાળો"-કોઈ એક પુરુષ એવો હોય છે કે જન્મથી કૃશ શરીરવાળો હોય છે પણ રોગાદિના અભાવ વગેરે કારણોને લીધે પાછળથી પુષ્ટ શરીરવાળો થઈ જાય છે. બાકીના બે ભાંગાનો ભાવાર્થ પણ આ બે ભાંગાને આધારે સમજી લેવો.

વળી "કૃશ-કૃશ શરીરયુક્ત" આદિ ચાર પ્રકારોનું આ પ્રમાણે પણ સ્પષ્ટીકરણ થઇ શકે છે-(૧) કોઇ એક પુરુષ એવો હોય છે કે જે ભાવની અપેક્ષાએ પણ કમજોર હોય છે અને શરીરની અપેક્ષાએ પણ કમજોર (દુર્બળ) હોય છે. (૨) કોઇ એક પુરુષ એવો હોય છે કે જે ભાવની અપેક્ષાએ કૃશ હોય છે, પણ શરીરની અપેક્ષાએ દૃઢ (મજબૂત) હોય છે. એ જ પ્રમાણે બાકીના બે વિકલ્પનો ભાવાર્થ પણ જાતે જ સમજી લેવો.

હવે સૂત્રકાર જ્ઞાન અને દર્શનની ઉત્પત્તિની અપેક્ષાએ ચાર પ્રકારના પુરુષોનું નિરૂપણ કરે છે—પહેલા ભાંગાનું સ્પષ્ટીકરણ—કોઈ એક પુરુષ એવો હોય છે કે જેનુ શરીર કઠિન તપને કારણે કૃશ (દુર્બળ) હોય છે, પણ એવા તે પુરુષમાં શુભ પરિણામનો સદ્ભાવ હોવાથી તેના જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મોનો ક્ષય થઇ જવાથી તેને જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થાય છે, પણ કોઇ એક પુરુષ એવો હોય છે કે જે દૃઢ શરીરવાળો હોય છે, પણ પુષ્કળ મોહના સદ્ભાવને લીધે જ્ઞાનદર્શનજનક શુભ પરિણામના અભાવને કારણે તેના જ્ઞાના-વરણીય અને દર્શનાવરણીય કર્મોનો ક્ષય કે ક્ષયોપશમ થતો નથી. તે કારણે તેને જ્ઞાનદર્શન ઉત્પન્ન થતાં નથી. (૨) કોઈ એક પુરુષ એવો હોય છે કે જે દૃઢ શરીરવાળો હોય છે, વજ્ર ઋષભનારાચ સંહનને ધારણ કરનારો હોય છે. એવા તે પુરુષના મોહની શિથિલતા થઈ જવાને લીધે સ્વસ્થ શરીર અને સ્વસ્થ મનના સદ્ભાવને લીધે જ્ઞાનદર્શનજનક શુભ પરિણામનો ઉદય થઇ જાય છે. તે કારણે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનો ક્ષય ક્ષયોપશમ આદિ થઈ જવાને લીધે તેને જ્ઞાનદર્શન ઉત્પન્ન થઇ જાય છે. જ્યારે કોઈ

એક કૃશ શરીરવાળા પુરુષને જ્ઞાનદર્શન ઉત્પન્ન થતાં નથી, તેનું કારણ પહેલા ભાંગામાં બતાવ્યા પ્રમાણે સમજવું. (૩) કોઇ કૃશ શરીરવાળા અને દૃઢ શરીરવાળા પુરુષને પણ જ્ઞાનદર્શન ઉત્પન્ન થઇ જાય છે. તેનું કારણ નીચે પ્રમાણે છે—વિશિષ્ટ સંહનનવાળો પુરુષ જો સ્વલ્પ મોહવાળો હોય તો શુભ પરિણામના સદ્ભાવને લીધે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ક્ષય અને ક્ષયોપશમાદિથી જ્ઞાનદર્શન ઉત્પન્ન કરી શકે છે. તેમાં શરીરની કૃશતા કે દૃઢતા બાધક નિવડતી નથી. (૪) જીવ ભલે કૃશ શરીરવાળો હોય કે દૃઢ શરીરવાળો હોય પણ કોઇ કોઈ જીવ એવો પણ હોય છે કે જે વિશિષ્ટ સંહનનવાળો હોવાને કારણે તે પ્રકારના શુભ પરિણામોના અભાવને લીધે જ્ઞાનાવરણાદિકનો ક્ષય ક્ષયોપશમાદિ કરી શકતો નથી, તે કારણે એવા પુરુષોને જ્ઞાનદર્શન ઉત્પન્ન થતાં નથી. આ પ્રકારની આ ચતુર્ભંગી સમજવી. ॥ સૂ. ૪૫ ॥

## વ્યાધાતકે સ્વરૂપ કા નિરૂપણ

આ રીતે જ્ઞાનદર્શનની ઉત્પત્તિનું કથન કરીને હવે સૂત્રકાર તેમના વ્યાઘાતોનું કથન કરે છે. " चउहिं ठाणेहिं निग्गंथाण वा " ઈત્યાદિ—

નીચેના ચાર કારણોથી નિર્ગ્રંથો અથવા નિર્ગ્રંથીઓને આ સમયમાં, ઉત્પત્તિને યોગ્ય હોવા છતાં પણ અતિશેષ જ્ઞાનદર્શનની ઉત્પત્તિ થતી નથી. (૧) તે નિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓ વારંવાર સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા અને રાજકથા કરતા રહે છે. (૨) તેઓ પોતાના આત્માને વિવેક અને વ્યુત્સર્ગથી સારી રીતે ભાવિત કરતા નથી. (૩) પૂર્વરાત્રિ અને અપરરાત્રિના સમયે તેઓ ધર્મજાગરણ કરતા નથી. (૪) પ્રાસુક-એષણીય અને ઉંછ આહાર કે જે અનેક ઘરોમાંથી ગ્રહણ કરવામાં આવે છે, તેના સમ્યક્ ગવેષયિતા તેઓ હોતા નથી.

નીચેના ચાર કારણોથી નિર્ગ્રંથ અથવા નિર્ગ્રંથીઓ અતિશેષ જ્ઞાનદર્શન ઉત્પન્ન કરવાને પાત્ર બને છે અને તેથી તેઓ તેને પ્રાપ્ત કરે છે.
તે ચાર કારણો આ પ્રમાણે છે—(૧) એવાં નિર્ગ્રંથો સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા અને રાજકથા કરતા નથી. (૨) તેઓ વિવેક અને વ્યુત્સર્ગથી પોતાના આત્માને સારી રીતે ભાવિત કરે છે. (૩) તેઓ પૂર્વરાત્રિ અને અપરરાત્રિને સમયે ધર્મજાગરણ કરે છે. પ્રાસુક, એષણીય અને ઉંછ આહાર

કે જે અનેક ઘરોમાંથી ગ્રહણ કરવામાં આવે છે તેના તેઓ સમ્યક્ ગવેષયિતા હોય છે.

ટીકાર્થ——નિર્ગ્રંથાદિમાં જ્ઞાનદર્શન ઉત્પન્ન ન થવાના સ્ત્રીકથા આદિ કારણો બતાવ્યાં છે. "આ સમય" પદ દ્વારા આરાનો સમય તથા ચોથા આરામાં ઉત્પન્ન થયેલા અને પાંચમાં આરામાં પણ હૈયાતિ (અસ્તિત્વ) ધરાવતા માણસનો સમય ગૃહીત થયો છે. જે જ્ઞાનદર્શન સર્વ અવબોધ આદિ ગુણો દ્વારા મતિજ્ઞાન આદિ જ્ઞાનોથી અને ચક્ષુદર્શન આદિ દર્શનોથી જુદું પડે છે એવા જ્ઞાનને 'અતિશેષ' પદ દ્વારા ગ્રહણ કરવામાં આવ્યું છે. એવું તે અતિશેષ જ્ઞાનદર્શન કેવળજ્ઞાન અને કેવળદર્શન રૂપ હોય છે. "समुत्पत्तुकामम्" આ જે સૂત્રપાઠ અહીં આવ્યો છે તેનો અર્થ "ઉત્પન્ન થવાની ઈચ્છાવાળો" થાય છે. પરંતુ જ્ઞાનાદિકોમાં અભિલાષાનો અભાવ હોય છે, તે કારણે તેનો અર્થ "ઉત્પત્તિને યોગ્ય હોવા છતાં" લેવામાં આવેલ છે.

ચોથા આરાના સમયમાં અને ઉપલક્ષણની અપેક્ષાએ ચોથા આરામાં જન્મેલા મનુષ્યોને પણ જે પાંચમાં આરામાં ઉત્પન્ન થવા યોગ્ય છે એવું કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થતું નથી. તે ઉત્પન્ન ન થવાના કારણો નીચે પ્રમાણે છે—(૧) તેઓ નિરંતર સ્ત્રીકથામાં નિરત રહે છે, વારંવાર ભકત (ભોજનની) કથામાં લીન રહે છે, દેશકથા અને રાજકથામાં પણ નિરત રહે છે. તે કારણે અતિશેષ કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પાદક ભાવનો તેમનામાં અભાવ રહે છે. તે કારણે તેઓ તેમને ઉત્પન્ન કરી શકતા નથી. (૨) ક્ષીર નીર ન્યાયનો તેમનામાં અભાવ હોય છે-શુદ્ધાશુદ્ધઆહારમાંથી અશુદ્ધાહારનો ત્યાગ કરવા રૂપ વિવેકનો તેમનામાં અભાવ હોય છે. કાયોત્સર્ગથી કૂર્મ (કાચબા) ની જેમ પોતાની ઇન્દ્રિયોને સંયમિત કરવી તેનું નામ વ્યુત્સર્ગ છે. તેઓ આ વિવેક અને વ્યુત્સર્ગથી પોતાના આત્માને સમ્યગ્ રીતે ભાવિત (યુક્ત) કરતા નથી. તે કારણે પણ તેઓ અતિશેષ જ્ઞાનદર્શનથી વંચિત રહે છે.

(૩) "पुव्वरत्त" ઇત્યાદિ—રાત્રિના પ્રથમ પ્રહરને પૂર્વરાત્રિ કહે છે અને ચોથા પ્રહરને અપરરાત્રિ કહે છે. તે પૂર્વરાત્રિની પછીની અપરરાત્રિમાં અર્થાત્ રાત્રિના પાછલા ભાગમાં જેઓ ધર્મજાગરણ દ્વારા કુટુંબાદિની ચિન્તાનો પરિત્યાગ કરતા નથી. એટલે કે કુટુંબ વિષયક ચિન્તાનો પરિત્યાગ કરીને જેઓ ધર્મ ચિન્તા રૂપ ભાવપ્રત્યુપ્રેક્ષાના કર્ત્તા બનતા નથી, તેઓ કેવળજ્ઞાન અને કેવળદર્શન રૂપ અતિશેષોને ઉત્પન્ન કરનારા શુભ ભાવના અભાવને લીધે જ્ઞાનદર્શન ઉત્પન્ન કરી શકતા નથી. ભાવાનુપ્રેક્ષાનું સ્વરૂપ આ પ્રકારનું છે-"कहं मए किं नरदेहमाया" ઈત્યાદિ અથવા "कालोऽत्थि मे कोस्स च" ઈત્યાદિ તથા "फासुयस्स" ઈત્યાદિ.

(૪) પ્રાસુક, અચિત્ત, ઉદ્ગમાદિ દોષથી રહિત હોવાને કારણે એષણીય (કલ્પ્ય) એવા અલ્પ અલ્પ માત્રામાં અનેક ઘરોમાંથી ગ્રહણ કરાયેલા આહારની તેઓ વિધિસહિત ગવેષણા કરતા નથી, તે કારણે પણ તેઓ અતિશેષ કેવળજ્ઞાન અને કેવળદર્શનને પ્રાપ્ત કરી શકતા નથી. આ પ્રકારની આ ચાર કારણોને લીધે નિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓ ઉત્પત્તિ યોગ્ય એવા અતિશેષ કેવળજ્ઞાન અને કેવળદર્શનને ઉત્પન્ન કરી શકતા નથી.

"चउहिं ठाणेहिं" ઇત્યાદિ—ઉપર જે કારણો પ્રકટ કરવામાં આવ્યાં છે, તે કારણો કરતાં વિપરીત કારણોને લીધે નિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓ અતિશેષ કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન કરી શકે છે. અહીં "નિર્ગ્રંથી" આ પદના પ્રયોગ દ્વારા "સ્ત્રીને મુક્તિ પ્રાપ્ત થતી નથી" આ પ્રકારની માન્યતા ધરાવનારના મતનું ખંડન કરીને એ વાત પ્રકટ કરવામાં આવી છે કે સ્ત્રીને પણ મુક્તિ મળી શકે છે. ॥ સૂ. ૪૬ ॥

## સ્વધ્યાયમેં કર્તવ્યતા-અકર્તવ્યતાકા નિરૂપણ

નિર્ગ્રંથોનો અધિકાર ચાલુ હોવાથી હવે સૂત્રકાર એ વાત પ્રકટ કરે છે કે નિર્ગ્રંથ-નિર્ગ્રંથીઓએ ક્યારે સ્વાધ્યાય કરવો જોઇએ અને ક્યારે ન કરવો જોઇએ. "नो कप्पई निग्गंथाण वा निग्गंथीण वा" ઇત્યાદિ—

ચાર મહાપ્રતિપદાઓમાં (વદ એકમે) નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓએ સ્વાધ્યાય કરવો જોઇએ નહીં. (૧) અષાઢી પડવે, (૨) આસો માસના પડવે, (૩) કાર્તક માસના પડવે અને સુગ્રીષ્મના-ચૈત્રના પડવે.

ચાર સંધ્યાઓમાં નિર્ગ્રંથ-નિર્ગ્રંથીઓએ સ્વાધ્યાય કરવો જોઇએ નહીં. (૧) પ્રથમ સંધ્યામાં, (૨) છેલ્લી સંધ્યામાં, (૩) મધ્યાહ્‌ને અને (૪) અર્ધરાત્રે નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓને માટે નીચેના ચાર કાળ સ્વાધ્યાય કરવાને યોગ્ય કહ્યા છે—(૧) પૂર્વાહ્ન, (૨) અપરાહ્ન, (૪) પ્રદોષ અને (૪) પ્રત્યૂષ.

ટીકાર્થ—ચાર પ્રતિપદા (વદ એકમ) તિથિઓમાં સ્વાધ્યાય કરવાનો નિષેધ કરવાનું કારણ એ છે કે તે તિથિઓમાં સામાન્યતઃ વિઘ્નસંભાવના રહે છે. 'સ્વાધ્યાય' શબ્દથી આચારાંગસૂત્ર આદિનો મૂળપાઠ ગૃહીત થયો છે. અષાડ આદિ ચાર માસની પ્રતિપદાઓને મહાપ્રતિપદાઓ કહી છે.

આષાઢી પૂર્ણિમા પછી જે તિથી આવે છે તેને, એટલે કે અષાઢ માસના કૃષ્ણપક્ષની એકમને આષાઢી પ્રતિપદા કહે છે. "ઇન્દ્ર મહકી પ્રતિપદ" આસો માસની પૂર્ણિમા પછી જે એકમની તિથિ આવે છે તેને, એટલે કે આસો વદ એકમને 'ઇન્દ્ર મહકી પ્રતિપદ' કહે છે. કાર્તક માસની પૂર્ણિમા પછી જે વદ એકમની તિથિ આવે છે, તેને 'કાર્તિક પ્રતિપદા' કહે છે.

ચૈત્રી પૂર્ણિમા પછી જે વદ એકમની તિથિ આવે છે, તેને 'સુગ્રીષ્મ પ્રતિપદા' કહે છે. આ ચારે પ્રતિપદાની તિથિઓમાં સ્વાધ્યાયનો નિષેધ છે.

એ જ પ્રમાણે ચાર સંધ્યાઓમાં સ્વાધ્યાયનો જે નિષેધ કર્યો છે, તે પણ વિઘ્ન આવવાની સંભાવનાથી જ કર્યો છે. પ્રથમ સંધ્યા એટલે સૂર્યોદય પહેલાં અર્ધા મુહૂર્તનો અને સૂર્યોદય બાદ અર્ધા મુહૂર્તનો સમય. પશ્ચિમ સંધ્યા એટલે સૂર્યાસ્ત પહેલાનો અર્ધા મુહૂર્તનો સમય તથા સૂર્યાસ્ત બાદ જ્યાં સુધી દિશાઓ લાલીમા યુક્ત રહે છે ત્યાં સુધીનો સમય. આ બન્ને સંધ્યામાં સ્વાધ્યાય કરવો જોઈએ નહીં. પૂર્વાહ્ણ અને અપરાહ્ણના સંધિકાળને મધ્યાહ્ણ કહે છે. પૂર્વાહ્ણના અન્તે અર્ધા મુહૂર્ત સુધી અને અપરાહ્ણની શરૂઆતના અર્ધા મુહૂર્ત સુધીના કાળમાં પણ સ્વાધ્યાય કરવો જોઈએ નહીં. રાત્રિનો પણ એ જ પ્રકારનો જે મધ્ય ભાગ છે, તે મધ્યરાત્રિ રૂપ કાળમાં પણ સ્વાધ્યાય કરવો જોઈએ નહીં. અહીં પણ મધ્યાહ્નના જેવું જ તે કાળનું પ્રમાણ સમજવું. આ રીતે આ ચાર સંધ્યાઓમાં સ્વાધ્યાયનો નિષેધ ફરમાવ્યો છે. મધ્યાહ્ન અને મધ્ય રાત્રિમાં જે સંધ્યાનો વ્યવહાર થયો છે, તે સંધિકાળની અપેક્ષાએ થયો છે.

સૂત્રકારે સ્વાધ્યાય કરવાને યોગ્ય જે પૂર્વાહ્ણ આદિ કાળ બતાવ્યા છે, તેનું હવે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—

દિવસના પહેલા પ્રહરને પૂર્વાહ્ણ કહે છે દિવસના છેલ્લા પ્રહરને અપરાહ્ણ કહે છે. રાત્રિના પ્રથમ પ્રહરને પ્રદોષકાળ કહે છે, અને રાત્રિના છેલ્લા પ્રહરને પ્રત્યૂષ કહે છે. આ ચારે કાળને સ્વાધ્યાય કરવા માટેના યોગ્ય સમય અહીં કહ્યા છે. ॥ સૂ. ૪૭ ॥

સ્વાધ્યાયના કાળનું નિરૂપણ કર્યું. સ્વાધ્યાયમાં પ્રવૃત્ત થતાં સાધુ આદિકોને લોકસ્થિતિનું પરિજ્ઞાન હોય છે. આ સંબંધને અનુલક્ષીને હવે સૂત્રકાર લોકસ્થિતિનું કથન કરે છે. " चउव्विहा लोगट्ठिई पण्णत्ता " ઈત્યાદિ—

સૂત્રાર્થ–લોકસ્થિતિ ચાર પ્રકારની કહી છે. જેમકે-(૧) આકાશ પ્રતિષ્ઠિતવાત, (૨) વાતપ્રતિષ્ઠિત ઉદધિ, (૩) ઉદધિ પ્રતિષ્ઠિત પૃથ્વી અને (૪) પૃથ્વી પ્રતિષ્ઠિત ત્રસ સ્થાવરજીવ.

ટીકાર્થ–ક્ષેત્રરૂપ લોકની વ્યવસ્થાનું નામ લોકસ્થિતિ છે. તે લોકસ્થિતિ પણ ચાર પ્રકારની કહી છે, તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે—

(૧) આકાશમાં તનુવાત અને ઘનવાત રૂપ જે વાયુપ્રતિષ્ઠિત છે, તેનું નામ આકાશ પ્રતિષ્ઠિતવાત છે. (૨) ઘનોદધિ રૂપ સમુદ્ર જે વાયુપ્રતિષ્ઠિત છે, તેનું નામ વાતપ્રતિષ્ઠિત ઉદધિ છે. (૩) ઘનોદધિ વ્યવસ્થિત. જે રત્નપ્રભા આદિ પૃથ્વીઓ છે, તેમને ઉદધિ પ્રતિષ્ઠિત પૃથ્વી કહે છે. (૪) પૃથ્વી પ્રતિષ્ઠિત જે એકેન્દ્રિય, દ્વીન્દ્રિય આદિક જીવ છે તેમનું નામ પૃથ્વી પ્રતિષ્ઠિત સ્થાવર જીવ છે. તથા જે દ્વીન્દ્રિયાદિક જીવો રત્નપ્રભા આદિ પૃથ્વીઓમાં અપ્રતિષ્ઠિત જેવાં છે, તેઓ પણ વિમાનાદિ રૂપ પૃથ્વીઓમાં પ્રતિષ્ઠિત હોવાને કારણે પૃથ્વી પ્રતિષ્ઠિત જ છે. વિમાન અને પૃથ્વી આદિકોમાં આકાશ પ્રતિષ્ઠિતતા યથાસંભવ સમજવી જોઈએ. વિમાનગત દેવાદિ ત્રસોની વાત અહીં કરી નથી. સ્થાવર પદથી અહીં બાદર વનસ્પતિકાયિક આદિ સમજવા જોઇએ, કારણ કે જે જીવો સૂક્ષ્મ છે, તે તો સર્વલોકમાં પ્રતિષ્ઠિત છે. લોકસ્થિતિની સવિસ્તર પ્રરૂપણા ત્રીજા સ્થાનના બીજા ઉદ્દેશાના ૩૯ માં સૂત્રમાં કરવામાં આવી છે, તો ત્યાંથી વાંચી લેવી. ॥ સૂ. ૪૮ ॥

હવે સૂત્રકાર ત્રસ પ્રાણવિશેષના સ્વરૂપનું ચતુર્ભંગીયુક્ત ચાર સૂત્રો દ્વારા નિરૂપણ કરે છે. " चत्तारि पुरिसजाया पण्णत्ता " ઈત્યાદિ—

પુરુષના ચાર પ્રકાર કહ્યા છે—(૧) તથા પુરુષ (આજ્ઞાકારી), (૨) નો તથા (આજ્ઞા ઉથાપનાર) (૩) સૌવસ્તિક (સ્તુતિ કરનાર) (૪) પ્રધાન પુરુષ । ૧ ।

આ રીતે પણ ચાર પુરુષ કહ્યા છે—(૧) આત્માન્તકર નો પરાન્તરકર, (૨) પરાન્તકર નો આત્માન્તકર, (૩) આત્માન્તકર અને પરાન્તકર. (૪) નો આત્માન્તકર નો પરાન્તકર. । ૨ ।

આ રીતે પણ ચાર પુરુષ પ્રકાર કહ્યા છે—(૧) આત્મતમ નો પરતમ, (૨) પરતમ નો આત્મતમ, (૩) આત્મતમ અને પરતમ, (૪) નો આત્મતમ નો પરતમ. । ૩ ।

આ રીતે પણ ચાર પ્રકારના પુરુષો કહ્યા છે—(૧) આત્મદમ નો પરદમ, (૨) પરદમ નો આત્મદમ, (૩) આત્મદમ અને પરદમ, (૪) નો આત્મદમ નો પરદમ. । ૪ ।

વિશેષાર્થ—પહેલા સૂત્રના પહેલા ભાંગામાં " તથા " પદ એવા સેવક પુરુષનું વાચક છે કે જેને જે કામ કરવાનું કહેવામાં આવે તે કામ કરે છે. એટલે કે કોઇ પુરુષ એવો હોય છે કે જે પોતાના સ્વામીની આજ્ઞાનું પાલન કરનારો હોય છે.

(૨) " नो तथा " બીજા ભાંગાનું ' નો તથા ' પદ એ પ્રકટ કરે છે કે કોઇ પુરુષ એવો હોય છે કે જે પોતાના સ્વામીની આજ્ઞાનો પાલક હોતો નથી તેને જેવું કામ કરવાનું કહેવામાં આવે તેવું કામ કરતો નથી.

(૩) કોઈ પુરુષ એવો હોય છે કે જે પોતાના સ્વામીની સ્તુતિ કરનારો હોય છે, મંગલવાચક હોય છે, જેમકે માગધ આદિ પુરુષ.

(૪) કોઇ પુરુષ એવો હોય છે કે જે પ્રધાન સ્વામી હોય છે. એટલે કે સેવક આદિજન તેની સેવા કરતાં હોય છે.

બીજા સૂત્રનો ભાવાર્થ-પહેલા ભાંગાનો ભાવાર્થ—કોઇ પુરુષ એવો હોય છે કે જે આત્માન્તકર હોય છે. અહીં 'આત્મ' પદથી પોતાના કૃતકર્મ ગૃહીત થયેલ છે, કારણ કે આત્મદ્રવ્યનો અભાવ હોતો નથી. આત્માન્તકર પુરુષ તેને કહે છે કે જે પ્રત્યેકબુદ્ધની જેમ પોતાના જ કર્મોનો ક્ષયકર્ત્તા હોય છે, પરના કર્મોનો ક્ષયકર્ત્તા હોતો નથી, કારણ કે તે ધર્મદેશનાદિથી રહિત હોય છે.

બીજા ભાંગાનું સ્પષ્ટીકરણ—કોઇ પુરુષ એવો હોય છે કે જે પરાન્તકર હોય છે પણ આત્માન્તકર હોતો નથી. દ્રવ્યલિંગી મુનિ અને અચરમ શરીરવાળા આચાર્યને આ પ્રકારમાં ગણાવી શકાય છે. કારણ કે તેમની દેશનાથી અન્ય જીવો પોતાના કર્મોનો ક્ષય કરે છે પણ તેઓ પોતે પોતાનાં કર્મોના ક્ષયકર્ત્તા થતાં નથી.

ત્રીજા ભાંગાનું સ્પષ્ટીકરણ—કોઇ પુરુષ આત્માન્તકર (પોતાના કર્મોનો ક્ષય કરનારો) પણ હોય છે અને પરાન્તકર (અન્યના કર્મોનો ક્ષય કરનારો) પણ હોય છે. જેમકે તીર્થંકરો. તેઓ પોતે પણ પોતાના કર્મોનો ક્ષય કરી નાખે છે અને તેમની દેશનાના પ્રભાવથી અન્ય પુરુષો પણ પોતાના કર્મોનો ક્ષય કરી નાખે છે.

ચોથા ભાંગાનું સ્પષ્ટીકરણ—કોઈ એક પુરુષ એવો હોય છે કે જે આત્માન્તકર પણ હોતો નથી અને પરાન્તકર પણ હોતો નથી. જિનાજ્ઞા વિરૂદ્ધની પ્રરૂપણા કરનાર આચાર્યને આ ભાંગામાં મૂકી શકાય છે, કારણ કે તે પોતાની ઈચ્છાનુસાર પ્રરૂપણા કરતો હોવાથી પદાર્થના સ્વરૂપનું યથાર્થ પ્રતિપાદન કરનારો હોતો નથી. તેથી તે પોતે પણ પોતાના કર્મોનો ક્ષય કરી શકતો નથી અને શ્રોતાઓના કર્મોનો ક્ષય પણ કરાવી શકતો નથી.

અથવા—" આત્માન્તકર " પદ પોતાની પર્યાયના વિચ્છેદકનું-આત્મઘાતીનું વાચક છે. આ દૃષ્ટિએ વિચારવામાં આવે તો પહેલા ભાંગાનો ભાવાર્થ આ પ્રમાણે થશે—કોઈ એક પુરુષ એવો હોય છે કે જે આત્મઘાતી હોય છે, પણ પરઘાતી હોતો નથી. (૨) કોઈ એક પુરુષ એવો હોય છે કે જે પરઘાતી હોય છે, પણ આત્મઘાતી હોતો નથી. (૩) કોઇ એક પુરુષ એવો હોય છે કે જે પોતાનો પણ ઘાતક હોય છે અને પરનો પણ ઘાતક હોય છે. (૪) કોઇ એક પુરુષ એવો હોય છે કે જે પોતાનો પણ ઘાતક હોતો નથી અને પરનો પણ ઘાતક હોતો નથી. । ૨ ।

ત્રીજા સૂત્રનો ભાવાર્થ—" चत्तारि पुरिसजाया पण्णत्ता " ઇત્યાદિ. આત્મતમ આદિ રૂપે પુરુષના જે ચાર પ્રકાર કહ્યા છે તેનું સ્પષ્ટીકરણ—(૧) કોઈ એક પુરુષ એવો હોય છે કે જે પોતાના મનને જ ખેદયુક્ત કરે છે, શિષ્યાદિ રૂપ પરને ખેદયુક્ત કરતો નથી. એ જ પ્રમાણે બાકીના ત્રણ ભાંગાનો ભાવાર્થ પણ સમજી લેવો. । ૩ ।

ચોથા સૂત્રમાં આત્મદમ આદિ જે ચાર પ્રકારના પુરુષો કહ્યા છે તેનું સ્પષ્ટીકરણ—(૧) કોઇ એક પુરુષ એવો હોય છે કે જે પોતાને જ દમે છે, વશમાં રાખે છે, અન્યને દમતો વશમાં રાખતો નથી. એ જ પ્રમાણે બાકીના ત્રણ ભાંગાનો ભાવાર્થ પણ જાતે જ સમજી લેવો. ॥ સૂ. ૪૯ ॥

પહેલા સૂત્રને અન્તે જે દમનું કથન કર્યું તે ગર્હણીયની ગર્હાથી જ સંભવી શકે છે. તેથી હવે સૂત્રકાર ગર્હાનું નિરૂપણ કરે છે—

## ગર્હાકે સ્વરૂપ કા નિરૂપણ

" चउव्विहा गरहा पण्णत्ता " ઈત્યાદિ—

ટીકાર્થ–ગર્હા ચાર પ્રકારની કહી છે. ગુરુની સમક્ષ અથવા ગુરુસાક્ષિક આત્મનિન્દાને ગર્હા કહે છે. એક ગર્હા એવી હોય છે કે જે આ પ્રકારના આત્મ-

પરિણામરૂપ હોય છે–"હું મારા દોષોને પ્રકટ કરવા માટે ગુરુની પાસે જઉં છું અને યોગ્ય પ્રાયશ્ચિત લઉં છું." જો કે "उपसंपद्ये" આ ક્રિયાપદથી એ પ્રકટ કરવામાં આવ્યું છે કે આત્માનું પરિણામ ગર્હાના કારણભૂત હોય છે, છતાં અહીં તે પરિણામને જે ગર્હારૂપે પ્રકટ કરવામાં આવ્યું છે તે આ પરિણામમાં કાર્યભૂત ગર્હાના આરોપણની અપેક્ષાએ કરવામાં આવ્યું છે. કારણમાં કાર્યનો ઉપચાર કરીને ઉપસંપત્તિ રૂપ આત્મપરિણામને પણ ગર્હા રૂપે પ્રકટ કરવામાં આવ્યું છે. અથવા તે પરિણામ ગર્હાના જેવા ફળવાળું હોય છે તેથી પણ તેને ગર્હા રૂપ કહેવામાં આવ્યું છે. જે ગર્હાથી સંપન્ન હોય છે તેમાં અને જે ગર્હાના પરિણામવાળો હોય છે તેમાં આરાધકતા સમાન હોય છે. "गरहणयाएणं भंते" ઈત્યાદિ જે સૂત્રપાઠ ઉત્તરાધ્યાયન સૂત્રના ૨૯ માં અધ્યયનમાં આપવામાં આવ્યો છે, તેના દ્વારા ગર્હા સંપન્નમાં આરાધકતાનુ પ્રતિપાદન કરવામાં આવ્યું છે, કારણ કે ગર્હાસંપન્ન જીવ અનન્ત આત્મગુણઘાતિક કર્માંશોનો નાશ કરનારો હોય છે. તથા ગર્હા પરિણામથી સંપન્ન જીવમાં આરાધકતાનું પ્રતિપાદન ભગવતી સૂત્રમાં કરવામાં આવ્યું છે, ત્યાં આ પ્રકારનો સૂત્રપાઠ આપ્યો છે–"निग्गंथेण य गाहावइकुलं पिंडवाय-पडियाए पविट्ठेणं अन्नयरे अकिच्चट्ठाणे पडिसेविए, तस्स णं एवं भवइ–इहेव ताव अहं एयस्स ठाणस्स आलोएमि पडिक्कमामि, निंदामि, गरिहामि, विउट्टामि, विसोहेमि अकरणयाए अब्भुट्ठेमि, आहारिहं पायच्छित्तं तवोकम्मं पडिवज्जिस्सामि। सेय संपट्ठिए असंपत्ते थेराय पुव्वामेय अमुहा सिया। सेणं भंते! किं आराहए विराहए? गोयमा! आराहए नो विराहए" ઈત્યાદિ. (ભગવતી સૂ. શ. ૮ ઉ.૬સૂ.૩)

ભગવતી સૂત્રના આ સૂત્રપાઠનો ભાવાર્થ આ પ્રમાણે છે–"હે ભગવન્! કોઇ એક ગૃહસ્થને ત્યાં આહાર ગ્રહણ કરવા નિમિત્તે ગયેલા સાધુ વડે કોઇ

અકૃત્ય સ્થાનનું (અતિચારનું) સેવન થઈ જાય છે. તે સાધુ એવો વિચાર કરે છે કે "હું આ અકૃત્ય સ્થાનની આલોચના કરૂં છું, નિંદા, ગર્હા આદિ કરૂં છું, ત્યારબાદ હું સ્થવિરો પાસે આલોચના આદિ કરી લઇશ." આ પ્રકારનો વિચાર કરીને તે ત્યાંથી નીકળી પડે છે. પણ તે સ્થવિરની પાસે પહોંચે તે પહેલાં તો તે સ્થવિર વાતાદિને કારણ નિર્વાક (મૂક) થઈ જાય છે. તો આ પ્રકારની પરિસ્થિતિમાં તે સાધુને આરાધક ગણવો કે વિરાધક?

મહાવીર પ્રભુનો ઉત્તર—"હે ગૌતમ! તે આરાધક જ ગણાય, વિરાધક નહીં" ઇત્યાદિ.

સ્થવિર મુખ, સ્થવિર અમુખ થઈ જાય અર્થાત્ વાતાદિ વ્યાધિથી મૂંગા થઈ જાય, તેવી જ રીતે સ્થવિરની પાસે આવનાર મુનિ પોતે જ અમુખ (મૂંગા) થઇ જાય ૧, મરી જાય ૨, અગર સ્થવિરનું મરણ થઇ જાય ૩, અથવાં પોતાવું અને સ્થવિરનું એમ બન્નેનું મરણ થઇ જાય, એ ચાર આલાપકો પણ અહીં સમજી લેવા જોઇએ. આ પૂર્વોક્ત પાંચે આલાપકોમાં તથાવિધ શુદ્ધ આત્મપરિણતિ સંપન્ન મુનિને ભગવાને ભગવતી સૂત્રના આઠમા શતકના છઠ્ઠા ઉદ્દેશામાં આરાધક જ કહ્યા છે, વિરાધક નહીં.

(૨) તથા "विचिकित्सामि" હું વિશેષ રૂપે અથવા વિવિધ પ્રકારે ગર્હણીય દોષોને દૂર કરૂં છું, આ પ્રકારના વિચારસ્વરૂપ દ્વિતીય ગર્હા હોય છે.

(૩) "મેં જે સંયમ વિરૂદ્ધના અતિચારોનું સેવન કર્યું છે, તે બધાં મિથ્યા નિષ્ફળ બની જાઓ," આ પ્રકારની વિચારધારાવાળી ત્રીજી ગર્હા છે.

(૪) સેવિત દોષોને માટે પશ્ચાત્તાપ કરવો, આ પ્રકારનું જે આત્મપરિણામ છે તેને ગર્હાનો ચોથો પ્રકાર કહે છે. ॥ સૂ. ૫૦ ॥

આ ગર્હા દોષત્યાગીને જ સમીચીન થાય છે-અન્યને નહીં તે કારણે હવે સૂત્રકાર ચતુર્ભંગીવાળા ૧૭ સૂત્ર દ્વારા દોષત્યાગી જીવનું સ્વરૂપ પ્રકટ કરે છે. "चत्तारि पुरिसजाया पण्णत्ता" ઇત્યાદિ—

ચાર પ્રકારના પુરુષો કહ્યા છે—(૧) કોઇ એક પુરુષ એવો હોય છે કે જે દુર્નયમાં પ્રવૃત્ત પોતાની જાતને "अलमस्तु" રોકવાને સમર્થ હોય છે, અથવા કોઇ એક પુરુષ એવો હોય છે કે જે પોતાના આત્માનો અથવા ઇન્દ્રિયોનો નિગ્રહ કરવાને સમર્થ હોય છે, પણ "णो परस्स" પરનો નિષેધક હોતો નથી, અથવા પરનો નિગ્રહ કરવાને સમર્થ હોતો નથી. (અહીં 'अलम्' પદનો અર્થ સમય પરિભાષા અનુસાર 'સમર્થ–કુશળ' થાય છે) એવો પુરુષ મૌનવ્રતી સાધુરૂપ હોય છે.

(૨) "परस्स णाममेगे अलमंथू भवइ, णो अप्पणो" કોઈ એક પુરુષ એવો હોય છે કે જે દુર્નયમાં પ્રવૃત્તમાન એવા અન્ય પુરુષનો નિષેધક હોય છે. અથવા અન્યનો નિગ્રહ કરાવવામાં કુશળ અથવા સમર્થ હોય છે, પણ પોતાનો નિગ્રહ કરવાને સમર્થ અથવા કુશળ હોતો નથી.

(૩) "एगे अप्पणो वि अलमंथू भवइ परस्स वि" કોઈ એક પુરુષ એવો હોય છે કે જે દુર્નયાદિમાં પ્રવૃત્તમાન પોતાના આત્માનો પણ નિષેધક હોય છે, અને પરનો નિષેધક હોય છે. અથવા પોતાના આત્માનો નિગ્રહ કરવામાં પણ સમર્થ અથવા કુશળ હોય છે અને પરનો નિગ્રહ કરવામાં પણ સમર્થ અથવા કુશળ હોય છે.

(૪) "एगे णो अप्पणो अलमंथू भवइ, णो परस्स" કોઈ એક પુરુષ એવો હોય છે કે જે દુર્નયમાં વર્તમાન એવા પોતાના આત્માનો નિષેધક હોતો નથી અથવા નિગ્રહ કરવાને સમર્થ હોતો નથી, અને પરનો નિષેધક પણ હોતો નથી, અથવા નિગ્રહ કરાવવાને સમર્થ હોતો નથી. આ પ્રમાણે ચાર પુરુષ પ્રકાર કહ્યા છે. ।૧।

"चत्तारि मग्गा पण्णत्ता" ઈત્યાદિ. ચાર પ્રકારના માર્ગ કહ્યા છે—(૧) ઋજુ ઋજુ, (૨) ઋજુ વક્ર, (૩) વક્ર ઋજુ અને (૪) વક્ર વક્ર. જે માર્ગ આદિથી અંત સુધી સરળ હોય છે, અથવા જે દેખાવમાં પણ સરળ લાગે છે અને યથાર્થ રૂપ પરિચયમાં પણ સરલ જ જણાય છે, તેને 'ઋજુ ઋજુ માર્ગ કહે છે. (૨) જે માર્ગ શરૂઆતમાં સરલ દેખાતો હોવા છતાં પણ પાછળથી વક્ર (વાંકો ચૂંકો–ખાડા ટેકરાવાળો) લાગે છે, તે માર્ગને ઋજુ વક્ર માર્ગ કહે છે. (૩) જે માર્ગ પહેલાં વક્ર લાગતો હોય પણ પછી સરલ બની જાય છે, તે માર્ગને વક્ર ઋજુ માર્ગ કહે છે. (૪) જે માર્ગ પહેલાં પણ વક્ર હોય અને પછી પણ વક્ર જ હોય, તે માર્ગને વક્ર વક્ર માર્ગ કહે છે. ।૨।

"एवामेव" ઈત્યાદિ. એ જ પ્રમાણે પુંરુષો પણ ચાર પ્રકારના કહ્યા છે.

(૧) કોઇ એક પુરુષ પહેલાં ઋજુ પ્રકૃતિને લીધે સરલ હોય છે અને પછી પણ તે સરલ જ રહે છે. કાળની અપેક્ષાએ આ પહેલો ભાંગો બને છે. અથવા કોઈ એક પુરુષ આન્તરિક રીતે પણ સરલ હોય છે અને બહારથી પણ સરલ જ હોય છે. એ જ પ્રમાણે બાકીના ત્રણ ભાંગા પણ જાતે જ સમજી શકાય એવા છે. । ૩ ।

"चत्तारि मग्गा" ઇત્યાદિ. માર્ગના આ પ્રમાણે પણ ચાર પ્રકાર કહ્યા છે—(૧) ક્ષેમ ક્ષેમ, (૨) ક્ષેમ અક્ષેમ, (૩) અક્ષેમ ક્ષેમ, (૪) અક્ષેમ અક્ષેમ. જે માર્ગ શરૂઆતમાં પણ ઉપદ્રવ રહિત હોવાને લીધે કલ્યાણકારક હોય છે અને આગળ જતાં પણ ઉપદ્રવ રહિત જ હોય છે એવા માર્ગને ક્ષેમ ક્ષેમ માર્ગ કહે છે. અથવા તે માર્ગની ઉપદ્રવ રહિત માર્ગ તરીકેની જેવી ખ્યાતિ હોય છે, એવો જ ઉપદ્રવ રહિત તે વાસ્તવમાં પણ હોય છે. તે કારણે પણ તેને ક્ષેમ ક્ષેમરૂપ માર્ગ કહે છે. એ જ પ્રમાણે બાકીના ત્રણ ભાંગાનો ભાવાર્થ પણ સમજવો. । ૪ ।

એ જ પ્રમાણે પુરુષોના પણ 'ક્ષેમ ક્ષેમ' આદિ ચાર પ્રકાર પડે છે. જેનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે—(૧) કોઇ એક પુરુષ એવો હોય છે કે જે ક્રોધાદિ રૂપ ઉપદ્રવથી રહિત હોવાથી ક્ષેમરૂપ હોય છે. અને આગળ જતાં

પણ ક્ષેમરૂપ જ ચાલુ રહે છે. એ જ પ્રમાણે બાકીના ત્રણ ભાંગા પણ જાતે જ સમજી લેવા. । ૫ ।

વળી માર્ગના આ પ્રમાણે ચાર પ્રકાર પણ કહ્યા છે—(૧) ક્ષેમ ક્ષેમરૂપ, (૨) ક્ષેમ અક્ષેમરૂપ, (૩) અક્ષેમ ક્ષેમરૂપ, (૪) અક્ષેમ અક્ષેમરૂપ.

આ સૂત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે—(૧) કોઇ માર્ગ ભાવની અપેક્ષાએ ઉપદ્રવ રહિત હોવાથી ક્ષેમરૂપ હોય છે અને એ જ માર્ગ દ્રવ્યની અપેક્ષાએ આકૃતિ ( સ્વરૂપ ) ની અપેક્ષાએ પણ ક્ષેમરૂપ જ હોય છે. બાકીના ત્રણ ભાંગાનો અર્થ પણ પહેલા ભાંગાને આધારે સમજી લેવો. । ૬ ।

" एवामेव " ઈત્યાદિ. એ જ પ્રમાણે પુરુષ પ્રકાર પણ ચાર કહ્યા છે—(૧) કોઇ એક પુરુષ પહેલાં પણ ક્રોધાદિ રૂપ ઉપદ્રવથી રહિત હોવાને કારણે ભાવ દ્રવ્યલિંગથી યુક્ત સાધુની જેમ ક્ષેમરૂપ હોય છે અને પાછળથી પણ આકારની અપેક્ષાએ ક્ષેમરૂપ જ સુંદર હોય છે. (૨) કોઈ એક પુરુષ ભાવની અપેક્ષાએ ક્ષેમરૂપ હોય છે પણ દ્રવ્યની અપેક્ષાએ તે રાજાદિક કારણોને લીધે અર્થાત્ મિથ્યાત્વી રાજાને કારણે દ્રવ્યલિંગ રહિત સાધુની જેમ અક્ષેમરૂપ થઈ જાય છે (૩) કોઇ એક પુરુષ એવો હોય છે કે જે ભાવની અપેક્ષાએ અક્ષેમરૂપ હોય છે, પણ દ્રવ્યની અપેક્ષાએ ક્ષેમરૂપ હોય છે. જેમકે સાધુ વેષધારી નિહ્નવ. (૪) કોઇ પુરુષ એવો હોય છે કે જે ભાવની અપેક્ષાએ પણ અક્ષેમરૂપ હોય છે અને દ્રવ્યની અપેક્ષાએ પણ અક્ષેમરૂપ જ હોય છે. જેમકે અન્ય તીર્થિક અથવા ગૃહસ્થજન. । ૭ ।

" चत्तारि संबुक्का " ઈત્યાદિ. શંખ ચાર પ્રકારના કહ્યા છે—(૧) " વામ વામાવર્ત " કોઇ એક શંખ વામપાર્શ્વમાં વ્યવસ્થિત હોવાથી અથવા પ્રતિકૂળ ગુણવાળો હોવાથી ' વામ ' હોય છે. એ જ શંખ વળી વામ આવર્તવાળો હોવાથી ' વામ વામાવર્ત ' રૂપ પહેલા પ્રકારનો હોય છે. (૨) " વામ દક્ષિણાવર્ત "–કોઇ એક શંખ એવો હોય છે કે જે વામ હોવા છતાં પણ દક્ષિણાવર્તવાળો હોય છે. (૩) ' દક્ષિણ વામાવર્ત ' કોઈ એક શંખ એવો હોય છે કે જે દક્ષિણપાર્શ્વમા નિયુક્ત હોવાથી અનુકૂળ ગુણવાળો હોય છે, પણ વામ આવર્તવાળો હોવાથી તેને ' દક્ષિણ વામાવર્ત ' રૂપ ત્રીજા પ્રકારમાં

ગણાવ્યો છે. (૪) દક્ષિણ દક્ષિણાવર્ત-કોઇ એક શંખ દક્ષિણપાર્શ્વમાં ( જમણી બાજુ ) નિયુક્ત હોય છે અને દક્ષિણાવર્તવાળો હોય છે. । ૮ ।

" एवामेव " ઇત્યાદિ. એ જ પ્રમાણે પુરુષ પ્રકાર પણ ચાર કહ્યા છે—(૧) કોઇ એક પુરુષ નામની અપેક્ષાએ વામ હોય છે. અને પ્રતિકૂળ સ્વભાવવાળો પણ હોવાથી વામાવર્ત-વિપરીત પ્રવૃત્તિકારક પણ હોય છે.

(૨) કોઈ એક પુરુષ નામની અપેક્ષાએ વામ હોય છે, પણ અનુકૂળ સ્વભાવવાળો હોવાને કારણે દક્ષિણાવર્ત-અનુકૂળ પ્રવૃત્તિકારક હોય છે. (૩) કોઇ એક પુરુષ નામની અપેક્ષાએ દક્ષિણ હોય છે પણ પ્રતિકૂળ સ્વભાવવાળો હોવાથી વામાવર્ત-વિપરીત પ્રકૃતિવાળો હોય છે. (૪) કોઈ પુરુષ નામની અપેક્ષાએ દક્ષિણ હોય છે અને અનુકૂળ પ્રવૃત્તિવાળો હોવાને કારણે દક્ષિણાવર્ત-અનુકૂળ પ્રવૃત્તિવાળો હોય છે. ( અહીં 'વામ' અશુભ નામ સૂચક અને 'દક્ષિણ' શુભ નામ સૂચક છે. )

" चत्तारि धूमसिहाओ " ઈત્યાદિ-ધૂમશિખાઓ-ધૂમ્ર શ્રેણિઓ ચાર પ્રકારની કહી છે. " વામ વામાવર્તા " ઈત્યાદિ ચાર ભાંગા શંખ પ્રમાણે જ સમજવા. (૧) કોઇ એક ધૂમશિખા એવી હોય છે કે જે-વામપાર્શ્વવર્તિની હોવાથી અથવા પ્રતિકૂળ હોવાથી વામ ભાગસ્થ હોય છે અને વામાવર્ત પણ હોય છે. એ જ પ્રમાણે બાકીના ત્રણ ભાંગા પણ સમજી લેવા. । ૧૦ ।

" एवामेव " ઇત્યાદિ. ધૂમશિખાની જેમ સ્ત્રીઓ પણ ચાર પ્રકારની કહી છે—(૧) 'વામા વામાવર્તા' કોઇ એક સ્ત્રી નામની અપેક્ષાએ પણ વામા હોય છે અને પ્રતિકૂળ સ્વભાવવાળી હોવાથી વામાવર્તા-વિપરીત આચરણવાળી પણ હોય છે. એ જ પ્રમાણે બાકીના ત્રણ ભાંગા પણ શંખ દાર્ષ્ટાન્તિક પુરુષ પ્રમાણે સમજી લેવા. શંખનું દૃષ્ટાન્ત આપ્યા પછી ધૂમશિખાનું અલગ દૃષ્ટાન્ત આપવાનું કારણ એ છે કે અહીં દાર્ષ્ટાન્તિક રૂપે સ્ત્રીઓના લક્ષણની

સમાનતા પ્રકટ કરવા માટે નારી જાતિના દૃષ્ટાન્તનો ઉપયોગ થવો જોઇએ. ।૧૧।

" चत्तारि अग्गिसिहाओ " ઈત્યાદિ.-ધૂમશિખાના જેવાં જ અગ્નિશિખાના પણુ ચાર ભાંગા સમજવા. । ૧૨ ।

એ જ પ્રમાણે દાર્ષ્ટાન્તિક સ્ત્રી સૂત્રના ભાંગાઓ અને તેમનો ભાવાર્થ સમજી લેવો. । ૧૩ ।

" चत्तारि वायमंडलिया " ઇત્યાદિ. વાયમંડલિકા ચાર પ્રકારની કહી છે ચક્કર ચક્કર ફરતો જે વંટોળિયો ચડે છે તેને વાયુમંડલિકા કહે છે. કોઈ એક વાયુમંડલિકા વામા અને વામાવર્તા હોય છે. બાકીના ત્રણ (ભંગ) ધૂમશિખા જેવાં સમજવા. । ૧૪ ।

દાર્ષ્ટાન્તિક સૂત્રમાં પણ આ પ્રકારના જ ચાર ભાંગા સમજવા. । ૧૫ ।

સ્ત્રીઓ મલિન સ્વભાવવાળી, ઉપતાપ ( ઉત્પાત ) સ્વભાવવાળી અને અને ચંચળ વૃત્તિવાળી હોય છે, તેથી જ અહીં ધૂમશિખા, અગ્નિશિખા અને વાયુમંડલિકા, આ ત્રણ સ્ત્રી લક્ષણુવાળાં દૃષ્ટાન્તો આપવામાં આવ્યાં છે.

" चत्तारि वणसंडा " ઇત્યાદિ-શિખાસૂત્રના જેવું જ આ સૂત્રનું પણ વિવેચન થવું જોઇએ. જેમકે કોઈ એક વનષંડ ( વનખંડ ) એવો હોય છે કે જે વામ ( વાંકોચૂંકો ) હોય છે, અને પવન દ્વારા ડાબી તરફ ઝુકેલો હોવાથી વામ આવર્ત્તવાળો પણ હોય છે. બાકીના ત્રણ ભાંગા જાતે સમજી લેવા. । ૧૬ ।

એજ પ્રમાણે દાર્ષ્ટાન્તિક પુરુષના પણ ચાર પ્રકાર સમજવા. । ૧૭ । સૂ. ૫૧ ॥

## કારણ ઉપસ્થિત હોને પર સાધુકો અથવા સાધ્વીજીકો પરસ્પરમેં આલાપકાદિમેં આરાધકત્વકા નિરૂપણ

અનુકૂળ સ્વભાવ અને અનુકૂળ પ્રવૃત્તિવાળા પુરુષો પણ હોય છે. એવા અનુકૂળ સ્વભાવ અને અનુકૂળ પ્રવૃત્તિવાળો કોઈ નિર્ગ્રંથ જો કોઇ નિર્ગ્રંથી સાથે કોઇ ઉચિત કારણે વાતચીત કરે તો તે જિનાજ્ઞાનું અતિક્રમણ કરતો નથી. હવે સૂત્રકાર એવાં ચાર કારણોનું નિરૂપણ કરે છે.

" चउहिं ठाणेहिं णिग्गंथे णिग्गंथी " ઈત્યાદિ—

ટીકાર્થ-નીચે દર્શાવેલાં ચાર કારણોને લીધે જો નિર્ગ્રંથ ( સાધુ ) નિર્ગ્રંથી ( સાધ્વી ) સાથે એક વાર અથવા વારંવાર વાતચીત કરે છે, તો તે જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી. (૧) કોઇ માર્ગે વિહાર કરતી વખતે કોઈ સાધર્મિક ગૃહસ્થ આદિ પુરુષ રસ્તાપર ન મળે અને તે કારણે કોઇ ગામ તરફ જવાનો રસ્તો જાણવાની જરૂર પડે, તો કોઈ નિર્ગ્રંથીને આ પ્રમાણે પ્રશ્ન પૂછવામાં આવે કે ' હે આર્યે ! મારે અમુક ગામ જવું છે, તો કયા રસ્તેથી

જઉં” આ પ્રકારના પ્રશ્ન સાધ્વીને પૂછનાર સાધુ જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી. (૨) એ જ પ્રકારની પરિસ્થિતિ સાધ્વીને માટે ઊભી થઈ હોય ત્યારે સાધ્વીજીને માર્ગ બતાવવા માટે વાતચીત કરવામાં પણ જિનાજ્ઞાનું ઉલ્લંઘન થતું નથી. (૩) તે સાધ્વીજીને કોઇક તેવું કારણ હોય તો અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્યરૂપ આહાર આપી દેવામાં, અને (૪) કોઈ ગૃહસ્થ પાસે અપાવી દેવામાં પણ તે જિનાજ્ઞાનું ઉલ્લંઘનકર્ત્તા થતો નથી. ।। સૂ. ૫૨ ।।

## તમસ્કાયકે સ્વરૂપકા નિરૂપણ

હવે સૂત્રકાર એ વાત પ્રકટ કરે છે કે કોઇ નિર્ગ્રંથ સાધુ જો તમસ્કાયને “તમ” કહે છે, તો તેના દ્વારા ભાષા સમિતિનું ઉલ્લંઘન થયું ગણાતું નથી. “તમુક્કાયસ્સ ણં ચત્તારિ નામધેજ્જા” ઇત્યાદિ—

તમસ્કાયના આ પ્રમાણે ચાર નામ છે—(૧) તમ, (૨) તમસ્કાય, (૩) અંધકાર અને (૪) મહાન્ધકાર. તમસ્કાયના આ પ્રમાણે ચાર નામ પણ કહ્યાં છે—(૧) લોકાન્ધકાર, (૨) લોકતમ, (૩) દેવાન્ધકાર અને (૪) દેવતમ. તમસ્કાયના આ પ્રમાણે ચાર નામ પણ કહ્યાં છે--(૧) વાતપરિઘ, (૨) વાત પરિઘ ક્ષોભ, (૩) દેવારણ્ય અને (૪) દેવવ્યૂહ. તમસ્કાય ચાર કલ્પોને આવૃત કરીને (ઘેરીને) રહેલો છે-(૧) સૌધર્મને, (૨) ઇશાનને, (૩) સનત્કુમારને અને (૪) માહેન્દ્રને.

આ સૂત્રનો ભાવાર્થ હવે સ્પષ્ટ કરવામાં આવે છે—અપ્કાયના પરિણામ રૂપ જે અંધકાર છે તેનું નામ ‘તમ’ છે, તે તમના સમૂહને તમસ્કાય કહે છે. આ તમસ્કાય આ મધ્ય જંબૂદ્વીપની બહારના તિર્યગ્ (તિર્યગ્લોકવર્તી) અસંખ્યાત દ્વીપ સમુદ્રોને પાર કરવાથી જે અરુણવર દ્વીપ આવે છે તેની બાહ્ય વેદિકા સુધીના ભાગથી ૪૨ હજાર યોજન પર્યન્ત અરુણવર સમુદ્રને અવગાહિત કરીને જળની ઉપરીતન સપાટીથી ૧૭૨૧ સત્તરસો એકવીસ યોજન સુધી સમ ભિત્તિ-લના આકારના વ્યાસ થઇને વલયાકારે તિર્યક્ ફેલાયેલો છે. તથા સૌધર્મ, ઇશાન, સનત્કુમાર અને માહેન્દ્ર આ ચારે કલ્પોને આવૃત્ત (આચ્છાદિત) કરીને બ્રહ્મલોક કલ્પના ત્રીજા અરિષ્ટ વિમાન પ્રસ્તર સુધી ફેલાયેલો છે.

આ અન્ધકાર રૂપ તમના જે ચાર પ્રકાર બતાવવામાં આવ્યા છે તેનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે—“તમ” આ નામ તમોરૂપ હોવાને કારણે પડયું છે. એ જ પ્રમાણે આગળ પણ સમજવું

આ પ્રકારે તમ, તમસ્કાય, અન્ધકાર અને મહાન્ધકાર આ ચાર નામ તમસ્કાયની તમો માત્ર રૂપતાના જ પ્રતિપાદક છે. તથા લોકાન્ધકાર આદિ જે

ચાર નામ કહ્યાં છે, તે તમસ્કાયની પ્રગાઢ તમોરૂપતાના પ્રતિપાદક છે. લોકમાં જે અન્ધકાર છે તેને લોકાન્ધકાર કહે છે, એવો બીજો કોઈ અંધકાર નથી. લોકમાં જે તમ છે તેનું નામ લોકતમ છે. દેવલોકમાં જે અન્ધકાર છે તેનું નામ દેવાન્ધકાર છે. એવા અન્ધકારમાં દેવોની શરીર પ્રભા પણ ફેલાઈ શકતી નથી, તે કારણે એવા તમસ્કાયને દેવાન્ધકાર કહ્યો છે.

વૃદ્ધો એવું કહે છે કે આ દેવાન્ધકાર વ્યાપે ત્યારે બળવાન દેવોના ભયથી અન્ય દેવો છુપાઇ જાય છે, એ જ પ્રકારનો દેવતમ પણ હોય છે.

તમસ્કાયના વાતપરિઘ આદિ જે ચાર નામ કહ્યાં છે તે કાર્યને આધારે કહ્યાં છે. તમસ્કાયનું જે વાતપરિઘ નામ કહ્યું છે તેનું કારણ નીચે પ્રમાણે છે. તે તમસ્કાય વાતને માટે અર્ગલા (આગળિયા) સમાન છે. અથવા લોહપિંડ એરણ સમાન છે. આ પ્રકારે તે પવનનો પ્રતિરોધક હોવાથી તેનું નામ વાતપરિઘ પણ પડયું છે. પરિઘ શબ્દનો અર્થ અહીં અર્ગલા સમજવો. તથા તેનું 'વાતપરિઘક્ષોભ' નામ આ કારણે પડયું છે કે તે વાયુને પરિઘરૂપ પોતાના માર્ગથી સ્ખલિત કરી દે છે. તેનું દેવારણ્ય નામ પડવાનું કારણ આ પ્રમાણે છે—બળવાન દેવોથી ભયભીત થયેલા દેવોને માટે તે અરણ્યની જેમ છુપાઈ જવાના સ્થાનની ગરજ સારે છે, તેથી તેને દેવઅરણ્ય પણ કહે છે. તેનું ચોથું નામ દેવવ્યૂહ પડવાનું કારણ—રથ, ચક્ર, શકટ, આદિ સંગ્રામની વ્યૂહ રચનાને ભેદીને આગળ વધવાનું કાર્ય જેવું મુશ્કેલ છે, એવું જ આ અન્ધકારને ભેદવાનું પણ મુશ્કેલ છે. આ રીતે દેવોને માટે દુરધિગમ્ય હોવાથી તેને દેવવ્યૂહ કહ્યો છે.

હવે સૂત્રકાર એ વાતને પ્રકટ કરે છે કે આ તમસ્કાય કેટલા ક્ષેત્રને આવૃત કરે છે. 'तुमुक्काए णं" ઇત્યાદિ–આ તમસ્કાય સૌધર્મ, ઈશાન, સનત્કુમાર અને માહેન્દ્ર, આ ચાર કલ્પોને આવૃત (દેવલોક)કરીને રહેલો છે. તે તમસ્કાય અધોભાગમાં મલ્લકના મૂળના જેવા આકારનો છે અને ઊર્ધ્વભાગમાં કૂકડાના પિંજરાના જેવા આકારના છે. કહ્યું પણ છે કે–तमुक्काए णं भंते ! किं संठिए पण्णत्ते ?" गोयमा ! अहे मल्लग–मूलसंठाण संठिए, उप्पिं कुक्कुडपंजरसंठिए त्ति" મલ્લક એક માટીનું પાત્ર વિશેષ છે. તેના મૂળનો (તળિયાનો) જેવો આકાર હોય છે, એવો જ તમસ્કાયનો આકાર કહ્યો છે. ॥ સૂ. ૫૩ ॥

તમસ્કાયનું ઉપર્યુક્ત કથન વચનરૂપ પર્યાયની મદદથી કરવામાં આવ્યું છે. આ સંબંધને અનુલક્ષીને હવે સૂત્રકાર અર્થપર્યાયો દ્વારા પુરુષોનું નિરૂપણુ કરતાં નીચેના સૂત્રોનું કથન કરે છે. " चत्तारि पुरिसजाया पण्णत्ता " ઇત્યાદિ—

પુરુષોના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે—(૧) કોઈક પુરુષ સંપ્રકટ પ્રતિસેવી હોય છે. (૨) કોઈક પુરુષ પ્રચ્છન્ન પ્રતિસેવી હોય છે. (૩) કોઇ એક પુરુષ એવો હોય છે કે જે પ્રત્યુત્પન્નાનંદી હોય છે. (૪) કોઇ એક પુરુષ એવો હોય છે કે જે નિઃસરણાનંદી હોય છે. । ૧ ।

ચાર પ્રકારની સેના કહી છે—(૧) જેત્રી–નો પરાજેત્રી, (૨) પરાજેત્રી નો જેત્રી, (૩) જેત્રી અને પરાજેત્રી, (૪) નો જેત્રી–નો પરાજેત્રી । ૨ । ચાર પ્રકારના પુરુષો કહ્યા છે–(૧) જેતા–નો પરાજેતા, ઇત્યાદિ ચાર પ્રમાણે ચાર પ્રકાર સમજવા. । ૩ ।

આ પ્રમાણે પણ ચાર પ્રકારની સેના કહી છે—(૧) जेत्री जयति, (२) जेत्री पराजयति, (३) पराजेत्री जयति, (४) पराजेत्री पराजयति । ૪ । એ જ પ્રમાણે " जेता जयति " વગેરે ચાર પ્રકારના પુરુષો હોય છે. । ૫ ।

ભાવાર્થ—પહેલા સૂત્રના ચાર ભાંગાનો ભાવાર્થ—(૧) કોઈ એક સાધુ એવો હોય છે કે જે ગુરુની સમક્ષ અકલ્પ્ય આહારાદિનું સેવન કરનારો હોય છે. (૨) કોઇ એક સાધુ એવો હોય છે કે જે ગચ્છમાં રહેવા છતાં પ્રચ્છન્ન પ્રતિસેવી હોય છે. ગુપ્ત રીતે અકલ્પ્ય આહારાદિનું સેવન કરનારો હોય છે. (૩) કોઇ એક સાધુ એવો હોય છે કે જે વસ્ત્ર, પાત્ર, શિષ્યાદિની પ્રાપ્તિ થવાથી આનન્દિત થાય છે. (૪) કોઈ એક સાધુ એવો હોય છે કે જે ગચ્છ આદિમાંથી શિષ્યાદિકોનું અથવા પોતાનું નિર્ગમન થવાથી હર્ષિત થનારો હોય છે.

" चत्तारि सेणाओ " ઇત્યાદિ—

આ સૂત્રમાં જે ચાર પ્રકારની સેના કહી છે તેનું સ્પષ્ટીકરણુ—જેવી એટલે વિજય પ્રાપ્ત કરનારી પરાજેવી એટલે પરાજિત થનારી. (૧) જે સેના શત્રુસૈન્યને પરાજિત કરે છે પણ શત્રુસૈન્ય દ્વારા પરાજિત થતી નથી એવી સેનાને 'જેત્રી–નો પરાજેત્રી' કહે છે. (૨) કોઈ સેના એવી હોય છે કે જે શત્રુઓ સામે પરાજય પ્રાપ્ત કરનારી હોય છે, વિજય પ્રાપ્ત કરનારી હોતી નથી. (૩) ત્રીજી સેના એવી હોય છે કે જે ઉભય સ્વભાવવાળી હોય છે. એટલે કોઇવાર વિજય પણ પ્રાપ્ત કરે છે અને કોઈવાર પરાજય પણ પામે છે. (૪) ચોથા પ્રકારની સેના એવી હોય છે કે જે શત્રુસૈન્યને પરાજિત પણ કરતી નથી અને શત્રુસેના દ્વારા પરાજય પણ પ્રાપ્ત કરતી નથી.

એજ પ્રમાણે જે ચાર પુરુષ પ્રકાર કહ્યા છે તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે—(૧) કોઈ એક પુરુષ એવો હોય છે કે જે પરીષહોને તથા ઇન્દ્રિયોને જીતનારો હોય છે, પણ પોતે તેમના દ્વારા પરાજિત થતો નથી. જેમકે મહાવીર પ્રભુ.

(૨) કોઈ પુરુષ એવો હોય છે કે જે પરીષહ આદિ દ્વારા પરાજિત થાય છે, પણ પોતે તેમનાપર વિજય પ્રાપ્ત કરતો નથી. દાખલા તરીકે કંડરીક. કે જેમનું વર્ણન જ્ઞાતા સૂત્ર.

(૩) કોઈ પુરુષ એવો હોય છે કે કોઇ કોઈવાર પરીષહાદિકોને જીતી લે છે અને કોઈ કોઇવાર પરીષહાદિકો દ્વારા પોતેજ પરાજિત પણ થતો હોય છે. જેમકે શૈલક રાજર્ષિ.

(૪) કોઇ એક પુરુષ એવો હોય છે કે જે પરિષહાદિકોને જીતતો પણ નથી અને પરીષહાદિકો દ્વારા જીતાતો પણ નથી.

" चत्तारि सेणाओ " ઈત્યાદિ—

આ સૂત્ર દ્વારા બીજી રીતે પણ સેના ચાર પ્રકારની કહી છે. તે ચારે પ્રકારનું હવે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—

(૧) जेत्री जयति " કોઈ એક સેના એવી હોય છે કે જે એક શત્રુ સૈન્યનો પરાભવ કરીને ફરીથી પણ શત્રુસૈન્યને પરાજિત કરનારી હોય છે. (૨) કોઈ એક સેના એવી હોય છે કે જે કોઈ એક શત્રુસૈન્યને પરાજિત કરનારી હોય છે પણ અન્ય શત્રુસૈન્ય દ્વારા પરાજિત પણ થનારી હોય છે. (૩) કોઇ એક સેના એવી હોય છે કે જે કોઇ શત્રુસૈન્યથી પરાજિત થઇને અન્ય શત્રુસૈન્યને પરાજિત કરનારી હોય છે. (૪) કોઇ એક સૈન્ય એવું હોય છે કે જે એક શત્રુસૈન્ય સામે પણ પરાભવ પામે છે અને બીજા શત્રુસૈન્ય સામે પણ પરાભવ પામે છે.

એજ પ્રમાણે પુરુષોના પણ ચાર પ્રકાર કહ્યા છે—(૧) કોઈ એક પુરુષ એવો હોય છે કે જે પરીષહ આદિ પર એકવાર વિજય પ્રાપ્ત કરે છે છે અને ફરીથી પણ તેના પર વિજય પ્રાપ્ત કરતો રહે છે. (૨) કોઇ એક પુરુષ

એવો હોય છે કે જે પરીષહાદિકો પર એકવાર વિજય પ્રાપ્ત કરીને તેમના દ્વારા પુનઃ પરાજિત થનારો હોય છે. (૩) કોઈ એક પુરુષ એવો હોય છે કે જે એક વાર તો પરીષહાદિ દ્વારા પરાજિત થાય છે પણ પુનઃ તેમને પરાજિત કરી નાખે છે. (૩) કોઈ એક સાધુ એવો હોય છે કે જે પરીષહાદિકો દ્વારા એક વાર પણ પરાજિત થાય છે અને વારંવાર પણ પરાજિત થતો રહે છે. સૂ. ૫૪

## પર્વત-રાજ્ય આદિકે દૃષ્ટાંતસે કષાયકે સ્વરૂપ કા ઔર ઉનકો જીતનેકે પ્રકાર કા નિરૂપણ

આ પ્રકારે જયનું પ્રતિપાદન કરીને સૂત્રકાર હવે એ વાતનું નિરૂપણ કરે છે કે જીવોએ ખરી રીતે તો કષાયો પર વિજય મેળવવો જોઈએ. તેથી હવે સૂત્રકાર કષાયોના સ્વરૂપનું નિરૂપણ કરે છે.

चत्तारि राईओ पण्णत्ताओ-तंजहा " ઈત્યાદિ—

ટીકાર્થ-ચાર પ્રકારની રાજિઓ કહી છે. તે ચાર પ્રકારો આ પ્રમાણે છે- (૧) પર્વતરાજિ, (૨) પૃથ્વીરાજિ, (૩) વાલુકારાજિ અને (૪) ઉદકરાજિ.

એ જ પ્રમાણે ક્રોધના પણ ચાર પ્રકાર કહ્યા છે—(૧) અનન્તાનુબન્ધી, (૨) અપ્રત્યાખ્યાન, (૩) પ્રત્યાખ્યાન અને (૪) સંજવલન.

અનન્તાનુબન્ધી ક્રોધ પર્વતરાજિ સમાન છે, અપ્રત્યાખ્યાની ક્રોધ પૃથ્વી-રાજિ સમાન છે, પ્રત્યાખ્યાની ક્રોધ વાલુકારેખા સમાન છે, અને સંજવલન સંબંધી ક્રોધ જલરેખા સમાન છે.

" पव्वइ राइ समाणं कोहं अणु० " ઇત્યાદિ—પર્વતરાજિ સમાન અન-ન્તાનુબન્ધી ક્રોધમાં પ્રવિષ્ટ થયેલો જીવ જો સરકી (મરી) જાય છે, તો નરક-

ગતિમાં ઉત્પન્ન થાય છે. અપ્રત્યાખ્યાની ક્રોધમાં પ્રવિષ્ટ થયેલો જીવ જો મરી જાય તો તિર્યંગ્ગતિમાં ઉત્પન્ન થાય છે. પ્રત્યાખ્યાની ક્રોધમાં પ્રવિષ્ટ થયેલો જીવ જો મૃત્યુ પામે તો મનુષ્યાદિમાં ઉત્પન્ન થાય છે. સંજ્વલન ક્રોધમાં પ્રવિષ્ટ થયેલો જીવ જો મૃત્યુ પામે તો દેવગતિમાં ઉત્પન્ન થાય છે. અહીં "રાજિ" પદ રેખાનું વાચક છે. જેમ પર્વત પર ઉત્કીર્ણ થયેલી રેખા લાંબા સમય સુધી નષ્ટ થતી નથી, એજ પ્રમાણે જે ક્રોધ દૃઢાનુબન્ધવાળો હોય છે, તે જલ્દી શાન્ત થતો નથી, પણ દીર્ઘકાળ પર્યન્ત સ્થાયી રહે છે, દીર્ઘ સંસારનું કારણ બને છે, તે કારણે એવા ક્રોધને શૈલરેખા સમાન કહ્યો છે. બીજા ક્રોધને (અપ્રત્યાખ્યાની ક્રોધને) પૃથ્વી પર કરેલી રેખાસમાન કહ્યો છે, કારણ કે પૃથ્વી પર કરવામાં આવેલી રેખા શૈલરેખા જેટલા દીર્ઘકાળ પર્યન્ત ટકી શકતી નથી–તેને ધીરે ધીરે અલ્પ પ્રયાસથી પણ નષ્ટ કરી શકાય છે. એજ પ્રમાણે અપ્રત્યાખ્યાની ક્રોધ પણ હીનાનુબન્ધવાળો હોવાને કારણે દૂર કરી શકાય એવો હોય છે. ત્રીજા પ્રકારનો ક્રોધ રેતીપર કરેલી રેખા સમાન હોય છે. જેમ રેતીપર કરેલી રેખા પૃથ્વીપર કરેલી રેખા કરતા હીન-તર હોય છે. અધિક સમય સુધી સ્થાયી રહે એવી હોતી નથી, અકસ્માત કોઇ વાયુ આદિનો ઝપાટો આવે તો પણ તે નષ્ટ થઇ જાય એવી હોય છે, એજ પ્રમાણે પ્રત્યાખ્યાની ક્રોધ પણ હીનતરાનુબન્ધવાળો હોવાથી શીઘ્ર દૂર કરી શકાય એવો છે, તેથી તેને વાલુકારાજિ સમાન કહ્યો છે. સંજ્વલન ક્રોધને જલરેખા સમાન કહેવાનું કારણ નીચે પ્રમાણે છે—

આ ક્રોધ પોતાની જાતેજ શાન્ત થઈ જાય છે–તેને દૂર કરવાનો પ્રયાસ કરવો પડતો નથી. જલરેખા વાલુકારેખા કરતાં પણ હીનતમ–હલકી હોય છે. તે કારણે તે હીનતમ અનુબન્ધવાળી હોય છે. આ કારણે શૈલગત રેખા જેવા ક્રોધને અનન્તાનુબંન્ધી સ્વરૂપ, પૃથ્વીગત રેખા સમાન ક્રોધને અપ્રત્યાખ્યાત રૂપ,

વાલુકારેખા સમાન ક્રોધને પ્રત્યાખ્યાત રૂપ અને જલરેખા સમાન ક્રોધને સંજવલન રૂપ કહ્યો છે.

" चत्तारि थंभा पण्णत्ता " ઇત્યાદિ—

માનકષાયની પ્રરૂપણા કરવા નિમિત્તે સૂત્રકાર ચાર પ્રકારના સ્તંભોની પ્રરૂપણા કરે છે. સ્તંભના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે-(૧) શૈલસ્તંભ (૨) અસ્થિસ્તંભ, (૩) દારૂસ્તંભ અને (૪) તિનિશલતા સ્તંભ. એ જ પ્રમાણે માનના પણ ચાર પ્રકાર કહ્યા છે-(૧) શૈલસ્તંભ સમાન માન ઇત્યાદિ " તિનિશલતા સ્તંભ સમાન માન " પર્યન્તના ચાર પ્રકાર સમજવા.

આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—પત્થરમાંથી બનાવેલા સ્તંભને શૈલસ્તંભ કહે છે. આ શૈલસ્તંભ ભલે તૂટી જાય પણ ઝૂકતો નથી. એ જ પ્રમાણે જે મનુષ્ય શૈલસ્તંભ સમાન માન કષાયવાળો હોય છે, તે કોઇ પણ પરિસ્થિતિમાં ઝૂકતો નથી, તેનો સર્વનાશ થઇ જાય તો પણ તે માનકષાયનો ત્યાગ કરતો નથી. અસ્થિસ્થંભ સમાન જે માન હોય છે, તે શૈલ નિર્મિત સ્તંભ કરતાં ન્યૂનતર ચીકાશવાળું હોય છે. અસ્થિ સ્થંભને અધિકતમ પ્રયત્નો વડે કયારેક ઝુકાવી પણ શકાય છે, એ જ પ્રમાણે જે માન અસ્થિ સ્તંભ સમાન હોય છે, તેને અધિક અધિક પ્રયાસો દ્વારા વિનમ્ર પણ કરી શકાય છે. કાષ્ઠ નિર્મિત સ્તંભને દારૂસ્તંભ કહે છે. તે સ્તંભ અસ્થિનિર્મિત સ્તંભ કરતાં પણ કઠિનતાની અપેક્ષાએ અધિક હીન હોય છે. જેમ કાષ્ઠનિર્મિત સ્તંભને અલ્પ પ્રયાસથી પણ ઝૂકાવી શકાય છે, એ જ પ્રમાણે કાષ્ઠનિર્મિત સ્તંભ જેવા માનને પણ અલ્પ પ્રયાસથી વિનમ્ર કરી શકાય છે. તિનિશ વૃક્ષની લતામાંથી બનાવેલા સ્તંભને તિનિશલતા સ્તંભ કહે છે. તે કાષ્ઠ નિર્મિત સ્તંભ કરતાં પણ ન્યૂનતમ કઠિનતાવાળો હોય છે. જેમ તેને ઝુકાવવા માટે નહીં જેવા પ્રયાસની જ જરૂર પડે છે, તેમ તિનિશલતા સમાન માનને પણ બહુ જ ન્યૂન પ્રયાસથી પણ ઝુકાવી શકાય છે.

અનન્તાનુબન્ધી માનને શૈલ સ્તંભ સમાન, અપ્રત્યાખ્યાની માનને અસ્થિ નિર્મિત સ્તંભ સમાન, પ્રત્યાખ્યાની માનને કાષ્ઠ નિર્મિત સ્તંભ સમાન અને સંજવલન માનને તિનિસ વૃક્ષલતા નિર્મિત સ્તંભ સમાન કહ્યું છે.

તિનિશ વૃક્ષને વજ્જુલ પણ કહે છે. તેની લતા મૃદ્વી અતિ કોમળ હોય છે, તેથી તે જલ્દી નમી જાય એવી હોય છે. શૈલનિર્મિત સ્તંભ સમાન માનવાળો જીવ મરીને નરકગતિમાં, અસ્થિનિર્મિત સ્તંભ સમાન માનવાળો મનુષ્ય મરીને તિર્યંગ્ ગતિમાં, કાષ્ઠ નિર્મિત સ્તંભ સમાન માનવાળો પુરુષ મરીને મનુષ્ય ગતિમાં અને તિનિશ વૃક્ષલતા નિર્મિત સ્તંભ સમાન માનવાળો પુરુષ મરીને દેવગતિમાં જાય છે. બાકીનું સમસ્ત કથન ક્રોધોદયવર્તી જીવફલ સૂત્ર અનુસાર સમજવું. " चत्तारि केयणाणि " ઇત્યાદિ—

ચાર પ્રકારની વક્ર વસ્તુઓ કહી છે. અહીં " केतन " પદ સામાન્ય રૂપે વક્રતાનું વાચક છે. તેના દ્વારા અહીં વક્ર વસ્તુઓ ગ્રહણ કરવામાં આવી છે, અથવા કરંડકને–ટોપલીને બનાવવામાં જે વાંસની ચીપો વપરાય છે તેમને અહીં ' વક્રતાકેતન ' પદ દ્વારા ગ્રહણ કરવામાં આવેલ છે. ચાર પ્રકારની વક્ર વસ્તુઓ કહી છે-જેમકે (૧) વંશીમૂલકેતન ( વાંસની જડરૂપ વક્રતા ) (૨) મેઢ્ર વિષાણુ કેતન ( ઘેટાના સીંગ સમાન વક્રતા ) (૩) ગોમૂત્રિકા કેતન ( ગોમૂત્રની રેખા રૂપ વક્રતા ) (૪) અવલેખનિકા કેતન ( વાંસની સળીઓને છોલતી વખતે તેના જે છોલ પડે છે. તે વક્ર જ હોય છે. એવી તે વક્રતાને અવલેખનિકાકેતન કહે છે. આ કેતનના જેવા ચાર પ્રકાર કહ્યા છે, એવા જ ચાર પ્રકાર માયારૂપ કષાય વિશેષના પણ કહ્યા છે.

(૧) " વાંસમૂલ કેતન સમાન માયા "—વાંસનો મૂળ ભાગ ખૂબ જ અનાર્જવતાવાળો હોય છે. તે કારણે તે અતિગુપ્ત વક્રતાવાળો હોય છે, તેથી તેની વક્રતાની ખબર પણ પડતી નથી. એ જ પ્રમાણે માયાવી પુરુષોની માયાને જાણી શકાતી નથી એવી તે વક્ર–વક્ર માયાને વાંસમૂલ કેતન જેવી કહી છે. (૨) " મેષ વિષાણુ કેતન સમાન માયા "–જે માયા કેવળ વક્ર જ હોય છે તેને આ પ્રકારમાં ગણાવી શકાય છે. (૩) " ગોમૂત્રિકા કેતન સમાન માયા " જે માયા અલ્પ વક્રતાવાળી હોય છે તેને ગોમૂત્રિકા કેતન સમાન માયા કહે છે. (૪) " અવલેખનિકા કેતન સમાન માયા "–આ માયા અલ્પતર વક્રતાવાળી હોય છે. અનન્તાનુબંધી માયાને વાંસમૂલ કેતન સમાન, અપ્રત્યાખ્યાન સંબંધી માયાને મેષ વિષાણુ કેતન સમાન, પ્રાયાખ્યાત કષાય સંબંધી માયાને ગોમૂત્રિકા કેતન સમાન અને સંજ્વલન કષાય સંબંધી માયાને અવલેખનિકા કેતન સમાન કહી છે. કોઈ કોઇ સિદ્ધાંતકારો એવું કહે છે કે પ્રત્યેક માયા અનન્તાનુબન્ધી આદિ રૂપ છે. તેથી અનન્તાનુબન્ધિની માયાના ઉદયમાં પણ દેવત્વ આદિનો સદ્ભાવ સંભવી શકે છે. " वंशीमूलकेतन समाणं मायं " વાંસનામૂલ કેતન સમાન માયામાં પ્રવિષ્ઠ થયેલ જીવ (માયાના ઉદયવાળો જીવ) જો મૃત્યુ પામે છે, તો નરકગતિમાં ઉત્પન્ન થાય છે. બીજા

પ્રકારની માયાવાળો જીવ જો મૃત્યુ પામે છે તો તિર્યંગ્ગતિમાં ઉત્પન્ન થાય છે. ત્રીજા પ્રકારની માયામાં પ્રવિષ્ટ થયેલો જીવ જો મરણ પામે છે તો મનુષ્યગતિમાં ઉત્પન્ન થાય છે અને ચોથા પ્રકારની માયામાં પ્રવિષ્ટ થયેલો જીવ જો મરણ પામે છે, તો દેવગતિમાં ઉત્પન્ન થાય છે.

" चत्तारि वत्था " ઈત્યાદિ—

વસ્ત્રના ચાર પ્રકાર કહ્યાં છે તે ચાર પ્રકાર નીચે પ્રમાણે છે—(૧) કૃમિ રાગથી ( રંગથી ) રંગેલું વસ્ત્ર, (૨) કર્દમ રાગથી રંગેલું વસ્ત્ર, (૩) ખંજન રાગથી રંગેલું વસ્ત્ર અને (૪) હલ્દી–હળદર રંગથી રંગેલું વસ્ત્ર.

કૃમિરાગ સૂત્રના વિષયમાં એવી જનશ્રુતિ ( દંતકથા ) પ્રચલિત છે કે કોઈ એક દેશમાં મનુષ્ય આદિનું લોહી લઇને તેમાં કોઈ એક પદાર્થનું મિશ્રણ કરીને તેને કોઈ પાત્રમાં રાખી મૂકવામાં આવે છે. તેની અંદર ધીમે ધીમે કૃમીઓ ઉત્પન્ન થવા માંડે છે. તેઓ જ્યારે પવનાભિલાષી થઇને છિદ્રો દ્વારા બહાર નીકળી આવે છે ત્યારે તેની આસપાસ જ ભમ્યા કરે છે અને પોતાની લાળ તેના પર છોડવા માંડે છે. આ લાળ તે છિદ્રો પર જામી જાય છે. તેને ત્યારબાદ એકઠી કરી લેવામાં આવે છે. એવા કૃમી રંગથી રંગેલા વસ્ત્રને કૃમિ રાગવાળું વસ્ત્ર કહે છે. આ વસ્ત્ર લાલ રંગવાળા કૃમીઓના લાળરસ વડે રંગેલું હોવાથી સ્વાભાવિક રીતે જ લાલ હોય છે. (૨) કોઇ એક વસ્ત્ર એવું હોય છે કે જે કર્દમ રાગથી રક્ત ધૂળથી ખરડાયેલું હોય છે. ગાય આદિ પ્રાણીઓ જે માર્ગેથી પસાર થતાં હોય છે તે માર્ગનો જે પંક એટલે કે કાદવ છે તેને અહીં કર્દમ પદ દ્વારા ગ્રહણ કરવામાં આવેલ છે. આ કર્દમનો જે રંજક રસ છે તેનું નામ કર્દમ રાગ છે, તેનાથી રંગાયેલા વસ્ત્રને કર્દમ રાગ રક્ત વસ્ત્ર કહે છે. (૩) કોઈ એક વસ્ત્ર એવું હોય છે કે જે ખંજન રાગથી રક્ત હોય છે. ખંજન એટલે કાજળ. તે કાજળના રંગથી રંગેલા વસ્ત્રને ખંજન રાગ રક્ત વસ્ત્ર કહે છે. (૪) કોઈ એક વસ્ત્ર એવું હોય છે કે જે હળદરના રંગથી રંગેલું હોય છે.

એજ પ્રમાણે લોભ પણ ચાર પ્રકારનો કહ્યો છે—(૧) કૃમિરાગ રક્ત વસ્ત્ર સમાન લોભ–અનન્તાનુબન્ધિ કષાય સંબંધી જે લોભ છે તેને આ પ્રકારમાં ગણાવી શકાય છે. (૨) કર્દમરાગ રક્ત વસ્ત્ર સમાન લોભ–અપ્રત્યાખ્યાન કષાય સંબંધી જે લોભ છે તેને આ પ્રકારમાં ગણાવી શકાય છે. (૩) ખંજન રાગ રક્ત વસ્ત્ર સમાન લોભ–પ્રત્યાખ્યાન કષાય સંબંધી લોભને આ પ્રકારનો લોભ કહે છે. (૪) હળદર રાગરક્ત વસ્ત્ર સમાન લોભ–સંજવલન કષાય સંબંધી લોભને આ પ્રકારનો લોભ કહે છે. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—

જેમ કૃમિરાગરક્ત વસ્ત્ર બળી જાય તો પણ પોતાનો રંગ છોડતું નથી તેની રાખ પણ લાલ રંગની જ હોય છે, એજ પ્રમાણે જે જીવ પોતાનું મૃત્યુ થઈ જાય તો પણ લોભાનુબન્ધને છોડતો નથી, તેનો તે લોભ કૃમિરાગ રક્ત વસ્ત્રની જેમ દૃઢ હોવાથી અનન્તાનુબન્ધી જ હોય છે. એજ પ્રમાણે લોભના બાકીના ત્રણ પ્રકારો વિષે પણ સમજી લેવું. તેના ફળનું નિરૂપણ કરનારૂં સૂત્ર પણ ક્રોધફલ નિરૂપક સૂત્ર સમાન જ સમજવું કષાયની પ્રરૂપણા કરતી ગાથાઓ—" पव्वओ पुढवी रेणू " ઈત્યાદિ.

આ જીન શાસનમાં અનન્તાનુબંધી ક્રોધને પર્વતની રાજી–તડની માફક કહી છે, એજ રીતે અપ્રત્યાખ્યાન ક્રોધને પૃથ્વી અર્થાત્ તળાવની પૃથ્વિની તડની માફક, પ્રત્યાખ્યાની ક્રોધને રેણુ અર્થાત્ રેતીની લીટીની સરખી અને સંજવલન ક્રોધને ઉદક–પાણીની લીટી બરાબર કહી છે. ॥ ૧ ॥

એજ રીતે પહેલા ભેદવાળા માનને પત્થરના સ્તમ્ભ સરખો, બીજાને હાડકાના સ્તમ્ભ સરખો, ત્રીજાને લાકડાના સ્તમ્ભ સરખો અને ચોથાને તિનિશ (નેતર) ના સ્તમ્ભ સરખો કહ્યો છે. ॥ ૨ ॥

એજ રીતે પહેલા ભેદવાળી માયાને વાંસના મૂળ સરખી વાંકી કહી છે, બીજા ભેદવાળી માયાને ઘેટાના સીંગડા જેવી કહી છે. ત્રીજા ભેદવાળી માયાને ગોમૂત્રિકા–ચાલતા બળદના મૂત્રની લીટી સરખી, અને ચોથા ભેદવાળી માયાને અવલેખિકા અર્થાત્ વાંસના છોડાની માફક વાંકી કહી છે.

એજ રીતે પહેલા ભેદવાળા લોભને કૃમિ–કિરમચી રંગના જેવો કહ્યો છે. અને બીજા ભેદવાળા લોભને કર્દમ–કાદવના રંગ સરખો, ત્રીજા ભેદવાળા લોભને અંજન (કાજળ) ના રંગ જેવા રંગવાળો, અને ચોથા ભેદવાળા લોભને હલદરના રંગ જેવા રંગવાળો કહ્યો છે.

આ તમામ ચારે કષાય ક્રમપૂર્વક એક એકથી બીજા ઉત્તરોત્તર મંદ, મંદતર, મંદતમ અને મંદાતિમંદ કહેલ છે.

ક્રોધાદિમાં પહેલો ભેદ યાવજ્જીવ પર્યન્ત સાથે રહેવાવાળો, બીજા ભેદને એક વર્ષ સુધી, ત્રીજા ભેદને ચાર મહીના સુધી, ચોથા ભેદને એક પખવાડીયા સુધી જીવની સાથે રહેવાવાળો કહ્યો છે.

અહીં જે પાંચમી ગાથા છે તેના દ્વારા સૂત્રકારે આ ક્રોધાદિકોનો વાસનાકાળ ( સ્થાયી રહેવાનો કાળ ) પ્રકટ કર્યો છે. અનન્તાનુબન્ધી ક્રોધનો, અનન્તાનુબન્ધી માનનો, અનન્તાનુબન્ધી માયાનો અને અનન્તાનુબન્ધી લોભનો વાસનાકાળ જીવન પર્યન્તનો કહ્યો છે. અપ્રત્યાખ્યાન સંબંધી ક્રોધાદિકનો એક વર્ષનો વાસનાકાળ કહ્યો છે. પ્રત્યાખ્યાન સંબધી ક્રોધાદિકનો ચાર માસનો અને સંજવલન સંબંધી ક્રોધાદિકનો એક પક્ષનો ( પખવાડિયાનો ) વાસનાકાળ કહ્યો છે. ॥ સૂ. ૫૫ ॥

પહેલાના સૂત્રમાં કષાયોની પ્રરૂપણા કરવામાં આવી. તે કષાયોને કારણે જ જીવોને સંસારમાં ભ્રમણ કરવું પડે છે. આ સંબંધને અનુલક્ષીને હવે સૂત્રકાર

## સંસારકે સ્વરૂપકા નિરૂપણ

સંસારના સ્વરૂપનું નિરૂપણ કરે છે. " चउव्विहे संसारे पण्णत्ते "ઇત્યાદિ—

સૂત્રાર્થ—સંસારના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે–(૧) નૈરયિક સંસાર (૨) તિર્યગ્યોનિક સંસાર, (૩) મનુષ્ય સંસાર અને (૪) દેવ સંસાર ચાર પ્રકારના આયુકર્મ કહ્યાં છે—(૧) નૈરયિક આયુથી લઇને દેવાયુ પર્યન્તના ચાર પ્રકાર અહીં સમજવા. ભવ ચાર કહ્યા છે— નૈરયિક ભવથી લઇને દેવભવ પર્યન્તના ચાર ભવ અહીં ગ્રહણ કરવા.

વિશેષાર્થ—જુદી જુદી ગતિમાં ભ્રમણ કરવું તેનું નામ સંસાર છે. મનુષ્યાદિ પર્યાયમાંથી નારકાદિ પર્યાયમાં જવા રૂપ સંસારના નૈરયિક સંસાર આદિ જે ચાર ભેદ કહ્યા છે તેનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે–નૈરયિકને યોગ્ય આયુ, નામ, ગોત્ર આદિ કર્મોનો ઉદય થવાથી " આ જીવ નૈરયિક છે " એવો જે વ્યવહાર થાય છે, તેનું નામ નૈરયિક છે. કહ્યું પણ છે કે— " णेरइएणं भंते ! णेरइएसु उववज्जइ, अणेरइए णेरइएसु उववज्जइ गोयमा ! णेरइए णेरइएसु उववज्जइ णो अणेरइए णेरइएसु उववज्जइ " આ નૈરયિકનો જે

સંસાર છે-ઉત્પત્તિ સ્થાનપર ગમન છે, તે નૈરયિક સંસાર છે. અથવા અવસ્થાન્તર પ્રાપ્તિરૂપ નૈરયિક સંસાર છે. એટલે કે નૈરયિકમાં ઉત્પન્ન થવાને યોગ્ય આયુકર્મનો જે બંધ જે જીવે કરી દીધો હોય તે જીવ નૈરયિક કહેવા યોગ્ય બની જાય છે. તેથી એવો જ જીવ જ્યારે અવસ્થાન્તર રૂપ નૈરયિક પર્યાયથી યુક્ત થઈ જાય છે, ત્યારે તે નૈરયિક પર્યાયની પ્રાપ્તિકારક નૈરયિક સંસારનો જીવ કહેવાય છે આ પ્રકારનું કથન તિર્યગ્, મનુષ્ય અને દેવ, આ ત્રણે સંસારો વિષે પણ સમજવું. એવા તે સંસારનો સદ્ભાવ આયુકર્મના ઉદયથી જ સંભવી શકે છે, આ સંબંધને અનુલક્ષીને હવે સૂત્રકાર આયુનું નિરૂપણ કરે છે. " चउव्विहे आउए " ઈત્યાદિ--

જે પ્રતિક્ષણ વ્યતીત થતું રહે છે તે આયુ છે. તે આયુ કર્મવિશેષ છે. નૈરયિક આયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ અને દેવાયુ, આ પ્રકારે તેના ચાર ભેદ છે. જે જીવોને નિરયભવમાં રાખે છે તે કર્મને નિરયાયુ કર્મ કહે છે. એ જ પ્રમાણે આયુના બાકીના ત્રણ ભેદોનું પણ કથન સમજી લેવું. ઉક્ત આયુ જીવને અમુક ભવમાં સ્થાપિત કરે છે, તેથી હવે સૂત્રકાર " चउव्विहे भवे " ઈત્યાદિ સૂત્ર દ્વારા ભવનું નિરૂપણ કરે છે. ભવ એટલે ઉત્પત્તિ. નૈરયિક રૂપ જીવનો જે ભવ છે તેને નૈરયિક ભવ કહે છે. એ જ પ્રમાણે બાકીના ત્રણ ભવ વિષેનું કથન પણ જાતે જ સમજી લેવું. ॥ સૂ. ૫૬ ॥

આ સમસ્ત જીવોમાં આહારવાળા જીવો હોય છે. આ સંબંધને લઈને હવે સૂત્રકાર આહારની પ્રરૂપણા કરે છે. "चउव्विहे आहारे पण्णत्ते "ઈત્યાદિ—

## આહારકે સ્વરૂપકા નિરૂપણ

સૂત્રાર્થ–આહારના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે—(૧) અશન, (૨) પાન, (૩) ખાદિમ અને (૪) સ્વાદિમ બીજી રીતે પણ આહારના ચાર પ્રકાર કહ્યા છે—(૧) ઉપસ્કર સંપન્ન, (૨) ઉપસ્કૃત સંપન્ન, (૩) સ્વભાવ સંપન્ન અને (૪) પર્યુષિત સંપન્ન.

વિશેષાર્થ—જીવ દ્વારા જે આહૃત થાય છે, તે આહાર છે તેના અશન આદિ જે ચાર પ્રકાર કહ્યા છે, તેનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે—જે ખાવામાં આવે છે તે ભોજનને અશન કહે છે. જે પીવામાં આવે છે તે ભાત આદિના ધોવણ જળ વગેરેને પાન કહે છે. દ્રાક્ષાદિકને ખાદિમ કહે છે, એલાઈચી, લવીંગ, સોપારી, ધાણાદાળ, ચૂર્ણ વગેરેને સ્વાદિમ કહે છે.

આહારના ઉપસ્કર સંપન્ન આદિ ચાર પ્રકારોનું હવે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—આહારને જે વિશિષ્ટ દ્રવ્યોથી સુવાસિત કરવામાં આવે છે, એવા હિંગાદિ દ્રવ્યને ઉપસ્કર કહે છે. તે ઉપસ્કરથી યુક્ત મગની દાલ વગેરે આહા-

રને ઉપસ્કર સંપન્ન આહાર કહે છે. પકવીને (રાંધીને) તૈયાર કરેલા ભાત, ખીચડી, રોટલી આદિ. આહારને ઉપસ્કૃત સંપન્ન આહાર કહે છે. જે આહા. રને પકવ્યા વિના જ લેવામાં આવે છે-જે આહાર કુદરતી રીતે જ પકવ હોય છે તેને સ્વભાવસંપન્ન આહાર કહે છે. જેમકે પાકી કેરી, ખજૂર, કેળાં વગેરે. (૪) રાત્રિ પર્યન્ત આથો આવવા દઇને જે આહાર તૈયાર થાય છે તેને પર્યુંષિત સંપન્ન કહે છે. જેમકે જલેબી અથવા ચાસણી આદિમાં રાખેલી કેરીને, ડબ્બામાં પેક કરેલી અનનાસ વગેરેની ચીરોને પણ પર્યુંષિત સંપન્ન આહાર કહે છે. ॥ સૂ. ૫૭ ॥

સંસાર, ભવ અને આહાર આદિનો સદ્ભાવ બદ્ધકર્મા જીવોમાં હોય છે. તેથી હવે સૂત્રકાર કર્મબન્ધ આદિનું નિરૂપણ કરે છે.

## કર્મબન્ધકે સ્વરૂપકા નિરૂપણ

" चउव्विहे बंधे पण्णत्ते " ઇત્યાદિ—

સૂત્રાર્થ–બન્ધના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે—(૧) પ્રકૃતિ બન્ધ, (૨) (૨) સ્થિતિ બન્ધ, (૩) અનુભાવ બન્ધ અને (૪) પ્રદેશ બન્ધ.

ઉપક્રમના પણ ચાર પ્રકાર કહ્યા છે—(૧) બન્ધોપક્રમ, (૨) ઉદીરણોપક્રમ, (૩) ઉપશમનોપક્રમ અને (૪) પરિણામોપક્રમ.

બન્ધનોપક્રમ ચાર પ્રકારનો કહ્યો છે—(૧) પ્રકૃતિબન્ધનોપક્રમ, (૨) સ્થિતિ બન્ધનોપક્રમ, (૩) અનુભાવ બન્ધનોપક્રમ અને (૪) પ્રદેશ બન્ધનોપક્રમ.

ઉદીરણોપક્રમ પણ ચાર પ્રકારનો છે—(૧) પ્રકૃત્યુદીરણોપક્રમ, (૨) સ્થિત્યુદીર્ણોપક્રમ, (૩) અનુભાવોદીરણોપક્રમ અને (૪) પ્રદેશોદીરણોપક્રમ.

ઉપશમનોપક્રમ પણ ચાર પ્રકારનો કહ્યો છે—(૧) પ્રકૃત્યુપશમનોપક્રમ,(૨) સ્થિત્યુપશમનોપક્રમ, (૩) અનુભાવોપશમનોપક્રમ અને (૪) પ્રદેશોપશમનોપક્રમ.

વિપરિણામોપક્રમ પણ ચાર પ્રકારનો કહ્યો છે—(૧)પ્રકૃતિવિપરિણા

મોપક્રમ, (૨) સ્થિતિ વિપરિણામોપક્રમ, (૩) અનુભાવ વિપરિણામોપક્રમ અને (૪) પ્રદેશ વિપરિણામોપક્રમ.

અલ્પબહુત્વ ચાર પ્રકારનું કહ્યું છે--(૧) પ્રકૃત્યલ્પ બહુત્વ, (૨) સ્થિત્યલ્પ બહુત્વ, (૩) અનુભાવાલ્પ બહુત્વ અને (૪) પ્રદેશાલ્પ બહુત્વ.

સંક્રમ ચાર કહ્યા છે—(૧) પ્રકૃતિ સંક્રમ, (૨) સ્થિતિ સંક્રમ, (૩) અનુભાવ સંક્રમ અને (૪) પ્રદેશ સંક્રમ.

નિધત્તના ચાર પ્રકાર કહ્યા છે--(૧) પ્રકૃતિ નિધત્ત, (૨) સ્થિતિ નિધત્ત, (૩) અનુભાવ નિધત્ત અને (૪) પ્રદેશ નિધત્ત.

નિકાચિતના ચાર પ્રકાર કહ્યા છે—(૧) પ્રકૃતિ નિકાચિત, (૨) સ્થિતિ નિકાચિત, (૩) અનુભાવ નિકાચિત અને (૪) પ્રદેશ નિકાચિત.

વિશેષાર્થ—આસ્રવના નિમિત્તથી ગૃહીત કર્મોના પ્રાયોગ્ય પુદ્ગલોનો આત્માની સાથે પ્રકૃતિ, સ્થિતિ આદિ રૂપે જે સંબંધ છે તેને બન્ધ કહે છે. તે બન્ધના પ્રકૃતિબંધ આદિ ચાર પ્રકાર છે. જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મ ભેદોનો જે બન્ધ છે તેને પ્રકૃતિબન્ધ કહે છે. અથવા--જ્ઞાનાવરણાદિ રૂપે અવિશેષિત સામાન્ય કર્મનો જે બન્ધ છે તેને પ્રકૃતિબન્ધ કહે છે. જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારના કર્મોની જઘન્ય ભેદથી જે રહેવાની મર્યાદાનો બન્ધ છે તેને સ્થિતિબન્ધ કહે છે. પ્રકૃતિ, સ્થિતિ અને પ્રદેશરૂપ શુભાશુભ પ્રકૃતિઓનું જે મન્દ, તીવ્ર આદિ રૂપે આસ્વાદન ( અનુભવન ) કરવા રૂપ જે બન્ધ છે તેને અનુભાવ બન્ધ કહે છે. જીવના પ્રત્યેક પ્રદેશપર જે અનન્તાનન્ત કર્મપુદ્ગલોનો સંબંધ છે તેનું નામ પ્રદેશબન્ધ છે એટલે કે ગ્રહણ કરાયા

બાદ ભિન્ન ભિન્ન સ્વભાવે પરિણત થનારી કર્મપુદ્ગલ રાશિ સ્વભાવાનુસાર અમુક અમુક પરિણામોમાં જે વહેંચાઈ જાય છે, તે પરિણામ વિભાગને જ પ્રદેશબન્ધ કહે છે. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—

કર્મપુદ્ગલ જ્યારે જીવ દ્વારા ગ્રહણ કરાય છે ત્યારે કર્મરૂપ પરિણામને પ્રાપ્ત કરે છે. એટલે કે તેમાં એ જ સમયે ચાર અંશોનું નિર્માણ થાય છે. તે અંશો જ બન્ધના પ્રકાર રૂપ-પ્રકૃતિબન્ધ, સ્થિતિબન્ધ આદિ રૂપ છે. કર્મ પુદ્ગલોમાં જ્ઞાનને રોકવાનો, દર્શનને રોકવાનો, સુખદુઃખાદિનો અનુભવ કરાવવાનો આદિ જે સ્વભાવ બને છે, એ જ પ્રકૃતિબન્ધ રૂપ છે. સ્વભાવનું નિર્માણ થવાની સાથે જ તે સ્વભાવમાં જ અમુક કાળની મર્યાદા સુધી રહેવાનું પણ તે કર્મ પુદ્ગલોને માટે નિર્મિત થાય છે. આ કાળમર્યાદાનું નિર્માણ જ સ્થિતિબન્ધ છે. સ્વભાવ નિર્માણની સાથે સાથે જ તેમાં તીવ્રતા, મન્દતા, આદિ રૂપે ફલાનુભવન કરાવનારી વિશેષતાઓનું પણ નિર્માણ થાય છે, એવી વિશેષતા જ અનુભાવબન્ધ રૂપ છે. ગ્રહણ થયા બાદ જુદા જુદા સ્વભાવમાં પરિણત થનારી કર્મપુદ્ગલ રાશિનું અમુક અમુક વિભાગમાં વિભક્ત થઇ જવું, તેનું નામ પ્રદેશબન્ધ છે

એ જ વાતનું ટીકાકારે વૃદ્ધોક્ત મોદક ( લાડુ ) ના દૃષ્ટાન્તથી પ્રતિપાદન કર્યું છે. જેમકે લોટ, ઘી, ગોળ અને કડવા મેથી આદિ દ્રવ્યના મિશ્રણથી બનાવેલો કોઇ એક લાડુ વાતહર હોય છે, કોઇ એક લાડુ પિત્તહર હોય છે, કોઈ એક લાડુ કફનું શમન કરનારો હોય છે, કોઈ એક પ્રાણહર હોય છે, કોઈ એક બુદ્ધિહર હોય છે, અને કોઇ એક વ્યામોહકર હોય છે, એજ પ્રમાણે જીવ દ્વારા ગૃહીત કર્મપુદ્ગલ કર્મરૂપે પરિણમિત થાય છે. ત્યારબાદ કોઇ એક કર્મપ્રકૃતિ જ્ઞાનને આવૃત કરે છે, કોઈ એક કર્મપ્રકૃતિ દર્શનને આવૃત કરે છે અને કોઇ એક પ્રકૃતિ સુખદુઃખાદિ રૂપ વેદનને ઉત્પન્ન કરે છે. આ પ્રકારનો કર્મનો જે સ્વભાવ છે. એ જ પ્રકૃતિબન્ધ છે. જેમ તે લાડુની અવિનાશભાવની અપેક્ષાએ અમુક કાળ સુધી રહેવાની મર્યદા હોય છે, તેમ કર્મોની પણ નિયત કાળ સુધી રહેવાની જે મર્યાદા હોય છે તેને સ્થિતિબન્ધ કહે છે. જેમ લાડુમાં એક ગણો, બે ગણો આદિ રૂપ રસ હોય છે, તેમ

કર્મમાં પણ દેશઘાતી, સર્વઘાતી રૂપ રસ હોય છે, તથા તીવ્ર, મન્દ આદિ રૂપ તેનું જે ફલ પ્રાપ્ત થાય છે, તેનું નામ અનુભાવબન્ધ છે. તથા જેમ તે લાડુમાં લોટ, ઘી આદિનું અમુક નિયત પ્રમાણ હોય છે, એ જ પ્રમાણે કર્મોમાં પુદ્ગલોનું જ પ્રતિનિયત પ્રમાણ હોય છે, તેનું નામ જ પ્રદેશબન્ધ છે.

" चउव्विहे उवक्कमे " ઇત્યાદિ—

જીવની જે શક્તિવિશેષ હોય છે, તેનું નામ ઉપક્રમ છે. તે શક્તિવિશેષ રૂપ ઉપક્રમ કર્મોના બન્ધમાં, ઉદીરણમાં, ઉપશમનમાં અને વિપરિણામ રૂપે પરિણમનમાં કારણભૂત હોય છે. જીવના શક્તિવિશેષ રૂપ ઉપક્રમને અન્યત્ર કારણ રૂપે પણ ઓળખેલ છે. અથવા કર્મોમાં પ્રકૃતિબન્ધ આદિ ચાર રૂપે જે પરિણમન થવાનો પ્રારંભ થાય છે, તેનું નામ જ ઉપક્રમ છે. કહ્યું પણ છે કે " स्यादारम्भ उपक्रमः " આરમ્ભ કરે તેનું નામ ઉપક્રમ છે. અથવા ઉપક્રમ વસ્તુપરિકર્મ (વસ્તુના સંસ્કાર) રૂપ હોય છે. જો કે અન્યત્ર ઉપક્રમ શબ્દ દ્વારા વસ્તુપરિકર્મ અને વસ્તુ વિનાશ, આ બે અર્થ ગ્રહણ કરવામાં આવ્યા છે, છતાં અહીં તો વસ્તુપરિકર્મ રૂપ અર્થ જ ગૃહીત થયો છે. તે ઉપક્રમના બન્ધનોપક્રમ આદિ ચાર પ્રકાર કહ્યા છે. જો ઉપક્રમનો શક્તિવિશેષ રૂપ અર્થ ગ્રહણ કરવામાં આવે-શક્તિવિશેષ રૂપે ઉપક્રમને ગ્રહણ કરવામાં આવે, તો બન્ધનોપક્રમનો અર્થ આ પ્રમાણે થાય છે—

જીવપ્રદેશોનું અને પુદ્ગલોનું પરસ્પરની સાથે જે સંબંધન (સંયોજન) થાય છે, તેનું નામ બન્ધન છે. દોરી વડે બદ્ધ એવી લોઢાની સળીઓનો પરસ્પરમાં જેવો સંબંધ હોય છે એવો જ આ સંબંધ હોય છે, એમ સમજવું. આ બન્ધનનો જે ઉપક્રમ છે, એટલે કે આ બન્ધનના પરિણમનના કારણરૂપ જીવની શક્તિવિશેષ રૂપ જે ઉપક્રમ છે તેને બન્ધનોપક્રમ કહે છે.

જો ઉપક્રમ શબ્દનો આરંભ અર્થ અહીં ગ્રહણ કરવામાં આવે, તો બન્ધનોપક્રમનો આ પ્રમાણે અર્થ થાય છે—જીવપ્રદેશોનું અને કર્મપુદ્ગલોનું

જે પરસ્પરના સંબંધન (સંયોજન) રૂપ બન્ધન છે, તેનો ઉપક્રમ (આરંભ) થાય છે. જો ઉપક્રમનો વસ્તુપરિકર્મ રૂપ અર્થ લેવામાં આવે, તો બન્ધનો-પક્રમનો આ પ્રમાણે અર્થ થાય છે–ગૃહીત કર્મવર્ગણાઓને બદ્ધાવસ્થા રૂપ કરવી તેનું નામ બન્ધનોપક્રમ છે.

ઉદીરણોપકર્મનો ભાવાર્થ—જે કર્મોનો ફલ દેવાનો જે સમય ન હોય, તે સમયે તેને ફલ દેવા યોગ્ય બનાવવું તેનું નામ ઉદીરણા છે. ઉદીરણા દ્વારા કર્મોને બળજબરીથી ઉદયાવલિકામાં ખેંચી લેવામાં આવેછે. કહ્યું પણ છે કે— "जंकरणेणो काड्डय" ઇત્યાદિ—તે ઉદીરણાનો જે ઉપક્રમ છે અથવા ઉદીર-ણારૂપ જે ઉપક્રમ છે તેનું નામ ઉદીરણોપક્રમ છે.

ઉપશમનોપક્રમનો ભાવાર્થ—કર્મોને ઉદયાવલિકામાં ન આવે એવા કરવા, ઉદીરણાને માટે અયોગ્ય કરવા, નિધત્તને માટે અયોગ્ય કરવા અને નિકાચનને માટે પણ અયોગ્ય કરવા તેનું નામ ઉપશમના છે. તે ઉપશમનાનો જે ઉપક્રમ છે તેનું નામ ઉપશમનોપક્રમ છે. ઉપશમનામાં ત્રણ કરણ હોય છે. કહ્યું પણ છે કે–"ओवट्टण–उव्वट्टण–संकमणाइं च तिन्नि करणाइं" અપવર્તન, ઉદ્વર્તન અને સંક્રમણ આ ત્રણ કરણોનો સદ્ભાવ દેશોપશમનામાં હોય છે સર્વોપશ-મનામાં હોતો નથી. મોહનીયમાં જ સર્વોપશમનાનો સદ્ભાવ હોય છે, બાકીના સાત કર્મોમાં સર્વોપશમનાનો સદ્ભાવ હોતો નથી પણ દેશોપશમનાનો જ સદ્ભાવ હોય છે. તથા મોહનીયમાં બન્ને પ્રકારની ઉપશમનાનો સદ્ભાવ છે. એટલે કે સર્વોપશમનાનો પણ સદ્ભાવ હોય છે અને દેશોપશમનાનો પણ સદ્ભાવ હોય છે.

વિપરિણામોપક્રમનો ભાવાર્થ—કર્મોની જે વિવિધ પ્રકારે સત્તા, ઉદય, ક્ષયોપશમ, અપવર્તન, ઉદ્વર્તન આદિ રૂપે જે પરિણામના (અવસ્થાન્તર પ્રાપ્તિ) થાય છે, તેને અથવા વિવિધ પ્રકારે જે–ગિરિ સરિ દુપઘોલન ન્યાયે

ક્ષેત્રાદિ અનુસાર જે પરિણામના (અન્ય અવસ્થાની પ્રાપ્તિ) થાય છે તેને અથવા કારણ વિશેષની અપેક્ષાએ કર્મોનું વિવિધ પ્રકારે જે પરિણમન (અવસ્થાન્તર પ્રાપણા) થાય છે, તેને વિપરિણામના કહે છે. તે વિપરિણામનાનો જે ઉપક્રમ છે તેને વિપરિણામનોપક્રમ કહે છે. જો કે વિપરિણામનાનો બન્ધન, ઉદીરણા અને ઉપશમનામાં સદ્ભાવ હોય છે, તથા તે સિવાયના ઉદય, નિધત્ત અને નિકાચનામાં પણ વિપરિણામના રહેલી હોય છે, છતાં પણ સામાન્ય રૂપ હોવાથી અહીં તેનું અલગ રીતે પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

" बंधणोवक्कमे चउव्विहे " ઇત્યાદિ—

બન્ધનોપક્રમના પ્રકૃતિ બન્ધનોપક્રમ આદિ ચાર પ્રકાર છે. જ્ઞાનાવરણીય આદિ ભેદથી કર્મની આઠ પ્રકૃતિઓ કહી છે તે આઠ પ્રકૃતિઓ રૂપ કર્મનું બન્ધન થવું તેનું નામ પ્રકૃતિબન્ધ છે. તે પ્રકૃતિબન્ધનો જે ઉપક્રમ છે તેને પ્રકૃતિબન્ધનોપક્રમ કહે છે. તે પ્રકૃતિબન્ધનોપક્રમ જીવના પરિણામ વિશેષ યોગરૂપ છે, કારણ કે યોગ જ પ્રકૃતિબન્ધમાં હેતભૂત (કારણરૂપ) હોય છે.

સ્થિતિ બન્ધનોપક્રમ—આ સૂત્રમાં જ સ્થિતિબંધનો ભાવાર્થ પહેલા બતાવવામાં આવ્યો છે. તે સ્થિતિબંધનનો જે ઉપક્રમ છે તેને સ્થિતિ બન્ધનોપક્રમ કહે છે. તે જીવના કષાય સ્વરૂપ પરિણામ વિશેષરૂપ છે, કારણ કે સ્થિતિબન્ધનું કારણ કષાય છે.

પહેલા અનુભાવબન્ધનો ભાવાર્થ બતાવ્યો છે. તે અનુભાવ બન્ધનનો જે ઉપક્રમ છે તેને 'અનુભાવ બન્ધનોપક્રમ' કહે છે. તે અનુભાવબન્ધનોપક્રમ પણ કષાય રૂપ જ છે. પૂર્વોક્ત લક્ષણવાળા પ્રદેશબન્ધનનો જે ઉપક્રમ છે તેનું નામ 'પ્રદેશબન્ધનોપક્રમ' છે. તે પ્રદેશબન્ધનોપક્રમ પણ યોગરૂપ જીવ પરિણામ વિશેષરૂપ હોય છે કહ્યું પણ છે કે—" जोगापयडिपएसठिइ अणुभावं कसायओ कुणइ " જીવ યોગ વડે પ્રકૃતિબન્ધ અને પ્રદેશબન્ધ કરે છે. એટલે કે પ્રકૃતિબન્ધ અને પ્રદેશબન્ધ, એ બન્ને બન્ધ કોધયોગથી થાય છે, અને સ્થિતિબંધ અને અનુભાવબંધ કષાયને કારણે થાય છે. અથવા પ્રકૃતિ આદિ બન્ધનોનો જે ઉપક્રમ-પ્રારંભ છે, તેને પ્રકૃતિ આદિ બન્ધનોપક્રમ કહે છે. એ જ પ્રમાણે અન્યત્ર પણ સમજવું.

" उदीरणोवक्कमे चउव्विहे " ઉદીરણોપક્રમના પ્રકૃત્યુદીરણોપક્રમ આદિ ચાર પ્રકાર કહ્યા છે. તપોવિશેષ દ્વારા ખેંચીને મૂલપ્રકૃતિ અથવા ઉત્તરપ્રકૃતિના દલિકનો ઉદયાવલિકામાં પ્રવેશ કરાવવો તેનું નામ પ્રકૃત્યુદીરણા છે. તે પ્રકૃત્યુદીરણાનો જે ઉપક્રમ છે તેને પ્રકૃત્યુદીરણોપક્રમ કહે છે. આત્મવીર્યથી જ ઉદિત સ્થિતિની સાથે અપ્રાપ્તોદયવાળી સ્થિતિનું અનુભવન કરવું તેનું નામ સ્થિત્યુદીરણા છે. તે સ્થિત્યુદીરણાનો જે ઉપક્રમ છે તેને સ્થિત્યુદીરણોપક્રમ કહે છે. વીર્યવિશેષથી જ ઉદિત અનુભાવની સાથે અનુદિત અનુભાવનું જે વેદન થાય છે, તેને અનુભાવોદીરણા કહે છે. આ અનુભાવોદીરણાનો જે ઉપક્રમ છે તેને નિયત પરિણામવાળા કર્મપ્રદેશોની સાથે અપ્રાપ્ત ઉદયવાળા નિયત પરિણામવાળા કર્મપ્રદેશોનું જે વેદન છે તેનું નામ પ્રદેશોદીરણા છે. તે પ્રદેશોદીરણાનો જે ઉપક્રમ છે, તેને પ્રદેશોદીરણોપક્રમ કહે છે. અહીં પણ ઉપક્રમને કષાય અને યોગરૂપ જીવના પરિણામ વિશેષરૂપ સમજવો જોઈએ, અથવા આરંભ અર્થવાળો સમજવો જોઈએ.

" उवसमोवक्कमे " ઈત્યાદિ—ઉપશમનોપક્રમ ચાર પ્રકારનો કહ્યો છે. જેમકે પ્રકૃત્યોપશમનોપક્રમ આદિ ચાર પ્રકાર અહીં સમજવા. પુદ્‌ગલોનું પ્રકૃતિ સ્થિતિ, અનુભાવ અને પ્રદેશ, આ ચાર રૂપે પરિણમન કરાવવાને સમર્થ એવું જે આત્મવીર્ય છે, તે અહીં ઉપક્રમ શબ્દથી ગૃહીત થયું છે. આરંભ અર્થવાળો ઉપક્રમ અહીં ગ્રહણ થયેલ નથી.

"विप्परिणामणोवक्कमे" ઇત્યાદિ—વિપરિણામનોપક્રમના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે—પ્રકૃતિ વિપરિણામનોપક્રમ આદિ ચાર પૂર્વોક્ત પ્રકારો અહીં ગ્રહણ કરવા. અહીં પણ ઉપક્રમ શબ્દનો અર્થ પૂર્વસૂત્રમાં કહ્યાનુસાર સમજવો. અન્ય અર્થ અહીં ગ્રહણ કરવો જોઈએ નહીં.

" चउव्विहे अप्पाबहुए " ઇત્યાદિ—અલ્પ અને બહુનો જે ભાવ છે તેનું નામ અલ્પબહુત્વ છે, તે અલ્પબહુત્વ ચાર પ્રકારનું કહ્યું છે. આ ચાર પ્રકારનું હવે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—પૂર્વોક્ત જ્ઞાનાવરણીય આદિ પ્રકૃતિઓમાં બન્ધ, સ્થિતિ, અનુભાવ અને પ્રદેશની અપેક્ષાએ જે અલ્પબહુત્વ છે, તેને જ અહીં અલ્પબહુત્વ રૂપે પ્રકટ કરવામાં આવેલ છે, એમ સમજવું. જેમકે ઉપશાન્ત મોહ આદિવાળો જીવ ઓછામાં ઓછી કર્મ પ્રકૃતિઓનો બંધક હોય છે, કારણ કે તે એકવિધ બન્ધક જ હોય છે. એટલે કે તે એક પ્રકારે જ કર્મનો-સાતાવેદનીયનો બન્ધક જ હોય છે. તેના કરતાં નીચા ગુણુસ્થાનવાળો, ઉપશમકાદિ સૂક્ષ્મ સંપરાયવાળો જે જીવ હોય છે તે અધિક કર્મ પ્રકૃતિઓનો બન્ધક હોય છે, કારણ કે તે છ પ્રકારના કર્મનો બન્ધ કરતો હોય છે. અર્થાત્ વેદનીય અને આયુકર્મને છોડીને બાકીના છ કર્મોનો બન્ધક થાય છે. તેના કરતાં પણ બહુતર કર્મબન્ધક એ છે કે જે સાત પ્રકારના કર્મોનો બન્ધક હોય છે. અને તેના કરતાં પણ બહુતર કર્મબન્ધક જીવ એ છે કે જે આઠ પ્રકારના કર્મોનો બન્ધ કરતો હોય છે. સ્થિતિની અપેક્ષાએ અલ્પબહુત્વ નીચે પ્રમાણે સમજવું. " सव्वत्थोवो संजयस्स जहन्नओ ठिइबंधो एगिंदिय बायरपज्जत्तगस्स जहन्नओ ठिइबंधो असंखेज्जगुणो " સંયત જીવનો જઘન્ય સ્થિતિબંધ સર્વસ્તોક ( સૌથી અલ્પકાળની મર્યાદાવાળો ) હોય છે, અને એકેન્દ્રિય બાદર પર્યાપ્તક જીવનો જઘન્ય સ્થિતિબન્ધ તેના કરતાં અસંખ્યાતગણો ( અસંખ્યાતગણા કાળની મર્યાદાવાળો ) હોય છે. અનુભાવની અપેક્ષાએ અલ્પબહુત્વ આ પ્રમાણે સમજવું.

" सव्वत्थोवाइं अणंतगुणवुड्ढिट्ठाणाणि, असंखेज्जगुणवुड्ढिट्ठाणाणि असंखेज्जगुणाणि संखिज्जगुणवुड्ढिट्ठाणाणि असंखिज्जगुणाणि जाव अणंत भागवुड्ढिट्ठाणाणि असंखेज्जगुणाणि "

આ કથન અનુસાર અનંતગણી વૃદ્ધિનું સ્થાન સર્વસ્તોક ( સૌથી અલ્પ ) છે, અસંખ્યાતગણી વૃદ્ધિનું સ્થાન તેના કરતાં અનંત સંખ્યાતગણું છે. સંખ્યાતગણી

વૃદ્ધિનું સ્થાન તેના કરતાં અસંખ્યાતગુણિત છે, (યાવત્) અનંત ભાગ વૃદ્ધિનું સ્થાન અસંખ્યાતગુણિત છે.

પ્રદેશોની અપેક્ષાએ અલ્પબહુત્વ આ પ્રમાણે સમજવું—"अट्ठविहबंधगस्स य आउयभागो थोवो, नामगोयाणं तुल्लो, विसेसाहिओ, नाणदंसणावरणं तणायाणं तुल्लो विसेसाहिओ मोहस्स विसेसाहिओ, वेयणीयस्स विसेसाहिओ" આ કથનાનુસાર આઠ પ્રકારના કર્મના બન્ધક જીવનો આયુનો ભાગ સ્તોક (અલ્પ) હોય છે, નામ–ગોત્રનો ભાગ તુલ્ય હોય છે, પણ આયુના ભાગ કરતાં વિશેષાધિક હોય છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અન્તરાયનો ભાગ તુલ્ય હોય છે, પરન્તુ નામ–ગોત્રના ભાગ કરતાં વિશેષાધિક હોય છે. મોહનીયનો તેના કરતાં પણ વિશેષાધિક હોય છે અને વેદનીયનો મોહનીય કરતાં પણ વિશેષાધિક હોય છે. "चउव्विहे संकमे" ઈત્યાદિ—

જીવ જે કર્મપ્રકૃતિનો બન્ધ કરે છે, તે કર્મપ્રકૃતિના આકારમાં પ્રકૃત્યન્તર (અન્ય પ્રકૃતિના) દલિકોને પરિણમિત કરી નાખવા તેનું નામ સંક્રમ છે. કહ્યું પણ છે કે—"सो संकमोत्ति भणिओ" ઈત્યાદિ—

આ સંક્રમ ચાર પ્રકારનો છે—(૧) પ્રકૃતિ સંક્રમ, (૨) સ્થિતિ સંક્રમ, (૩) અનુભાવ સંક્રમ અને (૪) પ્રદેશ સંક્રમ. પ્રકૃતિ સંક્રમનું સ્વરૂપ "सो संकमोत्ति" ઈત્યાદિ ગાથામાં કહ્યા પ્રમાણે જ સમજવું. મૂળ પ્રકૃતિઓની અથવા ઉત્તર પ્રકૃતિઓની સ્થિતિનું ઉત્કર્ષણ અપકર્ષણ કરવું અથવા મૂળ પ્રકૃતિઓને અથવા ઉત્તર પ્રકૃતિઓને પ્રકૃત્યન્તરની (અન્ય કોઈ પ્રકૃતિની) સ્થિતિ પ્રાપ્ત કરાવી દેવી તેનું નામ સ્થિતિસંક્રમ છે. કહ્યું પણ છે કે— "ठिइ संकमो त्ति वुच्चइ" ઈત્યાદિ. એ જ પ્રકારનું કથન અનુભાવ સંક્રમ વિષે પણ સમજવું. અનુભાવ સંક્રમનું સ્વરૂપ "जस्सिं संकमणे उवट्टिय" ઈત્યાદિ ગાથા દ્વારા પ્રકટ કર્યું છે. અન્ય પ્રકૃતિના સ્વભાવે પરિણમન પામતું જે કર્મદ્રવ્ય છે, તેનું નામ પ્રદેશ સંક્રમ છે. કહ્યું પણ છે કે—

"जं दलियमन्नपगइं" ઈત્યાદિ—

"चउव्विहे णिधत्ते" ઈત્યાદિ. નિધત્ત, નિધાન અથવા નિહિત, એ ત્રણે એકાર્થક શબ્દો છે. નિધત્ત-શબ્દ ભાવમાં અથવા કર્મમાં "क्त" પ્રત્યય લગાડવાથી નિધાતમાંથી બન્યો છે. નિધત્તબન્ધ એ છે કે જે કર્મઉદ્વ્બન્ધના અને અપવર્તના સિવાયના કારણોને માટે અયોગ્ય હોય છે તેના પ્રકૃતિ નિધત્ત આદિ ચાર પ્રકાર કહ્યા છે. તે પ્રકારોને સામાન્ય લક્ષણ અનુસારજ સમજવા જોઈએ.

" चउव्विहे णिकाइए " નિકાચિતબન્ધ ચાર પ્રકારનો કહ્યો છે. જે બંધ સર્વકરણોની અપેક્ષાએ અયોગ્ય હોય છે. જે બન્ધમાં એક પણ કરણનો સદ્ભાવ હોતો નથી, તે બન્ધને નિકાચિત બન્ધ કહે છે તેના ચાર ભેદ નીચે પ્રમાણે છે—પ્રકૃતિ નિકાચિત, સ્થિતિ નિકાચિત, અનુભાવ નિકાચિત અને પ્રદેશ નિકાચિત. તેમને પણ સામાન્ય લક્ષણાનુસાર સમજવા જોઇએ. નિધત્ત અને નિકાચિતનો તફાવત આ પ્રમાણે છે-" उव्वट्टण ओवट्टण " ઇત્યાદિ. નિધત્ત બન્ધમાં ઉદ્વર્તના અને અપવર્તના, આ બે કરણનો સદ્ભાવ હોય છે, બાકીના કોઈ કરણનો સદ્ભાવ હોતો નથી, પરન્તુ નિકાચિતબન્ધમાં કોઈ પણ કરણનો સદ્ભાવ હોતો નથી, તેમાં સમસ્ત કરણોનો અભાવ જ રહે છે અથવા તપાવીને એકત્ર કરેલા સૂચીકલાપના (સોઈના ભારા)જેવો નિધત્ત હોય છે. નિધત્તમાં ભારા) કર્મોને ન્યૂનાધિક કરવાની શક્તિ હોય છે. તથા તપાવીને એકત્ર કર્યા બાદ ટીપવામાં આવેલા સૂચીકલાપ સમાન નિકાચિત હોય છે. અહીં કર્મો પિંડીભૂત થઇ જવાને કારણે તેમાં ન્યૂનાધિકતા કરવાનું અસંભવિત બને છે. બન્ધ આદિના સ્વરૂપનું વિસ્તારપૂર્વકનું કથન કર્મપ્રકૃતિ સંગ્રહણીમાંથી વાંચી લેવું. ॥ સૂ. ૫૮ ॥

આગલા સૂત્રમાં જે અલ્પબહુત્વનું નિરૂપણ કર્યું, તેમાં જે અત્યંત અલ્પ છે તે એક સંખ્યાવાળું હોય છે, અને તેના કરતાં જે અધિક હોય છે, તે તેની અપેક્ષાએ બહુ હોય છે. હવે સૂત્રકાર અલ્પ-બહુત્વ દર્શક એક કતિ ( કેટલાક ) અને સર્વ શબ્દોને દ્રવ્યાદિકોની સાથે લઇને ચાર સ્થાનકનું કથન કરે છે. " चत्तारि एक्कगा पण्णत्ता " ઇત્યાદિ—

## એક-કતિ ઔર સર્વ શબ્દકી પ્રરૂપણા

સૂત્રાર્થ-ચાર પ્રકારના એકક કહ્યા છે—(૧) દ્રવ્ય એકક, (૨) માતૃકા એકક, (૩) પર્યાય એકક અને (૪) સંગ્રહ એકક. ચાર પ્રકારના કતિ ( કઈ ) કહ્યા છે—(૧) દ્રવ્ય કતિ, (૨) માતૃકા કતિ, (૩) પર્યાય કતિ અને (૪) સંગ્રહ કતિ. ચાર પ્રકારના સર્વ કહ્યા છે—(૧) નામ સર્વક, (૨) સ્થાપના સર્વક, (૩) આદેશ સર્વક અને (૪) નિરવશેષ સર્વક.

આ સૂત્રનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે—તેના દ્રવ્ય એકક આદિ ચાર ભેદ કહ્યા છે. દ્રવ્યરૂપ જે એકક છે તેને દ્રવ્ય એકક કહે છે. તે સચિત્ત, અચિત્ત અને મિશ્રરૂપ હોય છે. દ્રવ્યરૂપ પુરુષ સચિત્ત એકક છે. સુવર્ણપિંડાદિ રૂપ અચિત્ત એકક છે. અને કુંડળ આદિથી વિભૂષિત દ્રવ્યરૂપ પુરુષ મિશ્ર એકક છે.

" मातृकैककम् " અહીં માતૃકા શબ્દ માતૃકા પદપરક છે. તેથી માતૃકા પદ

રૂપ જે એકક છે, તે માતૃકા એકક છે.

વર્ણાક્ષર રૂપ એકકને માતૃકા એકક કહે છે. અથવા "एकं मातृकापदं इति मातृकैकम्" એવો પણ માતૃકા એકક શબ્દનો વિગ્રહ થાય છે. અહીં શાકપાર્થિવાદી જેવો મધ્યમપદ લોપી સમાસ છે. જેમકે "शाकप्रियः पार्थिवः शाकपार्थिवः" શાકપાર્થિવમાં પ્રિય પદનો લોપ કરીને આ સમાસ આવ્યો છે. શાક જેને પ્રિય છે એવો પાર્થિવ, તે શાકપાર્થિવ. એ જ પ્રમાણે અહીં પણ મધ્યમ પદ "પદ" નો લોપ કરીને "मातृकैककम्" શબ્દ બન્યો છે. પ્રવચનમાં-દૃષ્ટિવાદમાં જેવી રીતે "उप्पन्नेइ वा विगमेइ वा, धुवेइवा" એ માતૃકા પદ રૂપ છે, એ જ પ્રમાણે 'અ', 'આ' આદિ વર્ણ 'માતૃકા પદ' છે કારણ કે તેઓ માતૃકાપદોની જેમ સકલ શાસ્ત્રોના અર્થના વ્યાપારમાં વ્યાપક છે.

"पर्यायैककः" પર્યાય એટલે ધર્મ. પર્યાયરૂપ જે એકક છે તેને પર્યાયૈકક કહે છે. તે પર્યાયકક એક પર્યાયરૂપ છે. આદિષ્ટ અને અનાદિષ્ટના ભેદથી તે બે પ્રકારનું છે. કૃષ્ણાદિ પર્યાય આદિષ્ટ છે અને વર્ણાદિ પર્યાય અનાદિષ્ટ છે. પર્યાય, વિશેષ અને ધર્મ એ સમાનાર્થક છે.

"સંગ્રહૈકક"—સંગ્રહ એટલે સમુદાય. તે સગ્રહરૂપ જે એકક છે તેને સંગ્રહૈકક કહે છે. જેમકે "एकः शालिः" આ પ્રમાણે કહેવાથી શાલિ (ચોખાની એક જાત) સમુદાયને આધારે એકવચનાન્ત શાલિ શબ્દનો પ્રયોગ થાય છે. અથવા એક શાલીને પણ શાલિ કહે છે અને અનેક શાલિને-શાલિના જથ્થાને પણ શાલિ જ કહે છે, કારણ કે લોકોમાં આ પ્રકારનો વ્યવહાર જોવામાં આવે છે લોકોમાં "सम्पन्नः शालिः" આ પ્રમાણે કહેવાથી "सम्पन्नाः शालयः" આ પ્રકારનો અર્થ પણ સ્ફુટ (પ્રકટ) થાય છે. આ સમસ્ત કથનનું તાત્પર્ય એ છે કે દ્રવ્ય, અ-આ આદિ અક્ષર, મનુષ્ય આદિ પર્યાય અને સમુદાય એ બધાં અનેક છે. જીવ-અજીવ આદિ દ્રવ્ય છે, અ-આ આદિ વર્ણમાળાના અક્ષરો છે, મનુષ્ય આદિ પર્યાય છે અને અનાજ આદિ અનેક વસ્તુ છે, છે, પરન્તુ જીવ-અજીવ આદિ એક દ્રવ્ય છે. તેથી જે એકક થાય છે તે એક દ્રવ્યની અપેક્ષાએ થાય છે, તે કારણે તેને દ્રવ્યૈકક કહે છે. બીજું એકક માતૃકાપદની અપેક્ષાએ થાય છે, કારણ કે અ-આ આદિ જેટલાં વર્ણ છે, તેમનો માતૃકાપદમાં સમાવેશ થઇ જાય છે, તેથી તેને માતૃકાપદ રૂપ એકક

કહે છે. ત્રીજું એકક પર્યાયની અપેક્ષાએ થાય છે, કારણુ કે પર્યાય સામાન્યની અપેક્ષાએ સમસ્ત પર્યાય એક છે, તેથી તે એકકને પર્યાયૈકક કહે છે. તથા ચોથું એકક સંગ્રહ ( સમૂહ ) ની અપેક્ષાએ થાય છે, તેથી તેને સંગ્રહૈકક કહે છે. જો કે સત્‌ની અપેક્ષાએ ' સદૈક ' આ રૂપે એક જ હોઇ શકે છે, પરન્તુ અહીં ચાર સ્થાનનું પ્રકરણુ ચાલતું હોવાથી તેને ગ્રહણુ કરેલ નથી

" चत्तारि कइ " ઇત્યાદિ—' કતિ ' શબ્દ હંમેશા બહુવચનમાં વપરાય છે. તે સંખ્યા અને પરિણામ વિષયક પ્રશ્ન સબંધી પદાર્થનો વાચક હોય છે. અહીં સામાન્ય રૂપે તેનો પ્રયોગ થયેલો હોવાથી તેને નપુંસકલિંગ ( નાન્યતર જાતિ ) માં વાપરવામાં આવેલ છે—આમ તો કતિ પદ વ્યાકરણમાં પુલિંગ ( નર જાતિ ) નું કહ્યું છે તે કતિ ( બહુ ) ચાર પ્રકારના કહ્યા છે—(૧) દ્રવ્ય કતિ, (૨) માતૃકા કતિ, (૩) પર્યાય કતિ, (૪) સંગ્રહ કતિ દ્રવ્યરૂપ જે કતિ શબ્દ છે તેને દ્રવ્યકતિ કહે છે. જેમકે " कति द्रव्याणि " અહીં દ્રવ્યોને જ કતિરૂપ માની લેવામાં આવેલ છે અથવા દ્રવ્યોનું પ્રતિપાદન કરનારો જે કતિ શબ્દ છે તેનું નામ દ્રવ્યકતિ છે. એ જ પ્રમાણે માતૃકા આદિ પદોમાં પણુ સમજી લેવું.

વિશેષ—શાલિ, જવ, ઘઉં આદિ અહીં સંગ્રહ શબ્દથી ગૃહીત થયેલ છે. એ સંગ્રહરૂપ જે કતિ છે તેને ' સંગ્રહ કતિ ' કહે છે. આ કથનનું તાત્પર્ય એ છે કે કતિ શબ્દ બહુવચનનું પદ હોવાથી બહુત્વદર્શક હોય છે. દ્રવ્યોમાં અનેકતા હોવાથી તેમની જ બહુતાના સાધર્મ્ય વાચક કતિ શબ્દને કહેવામાં આવ્યો છે. એ જ પ્રમાણે માતૃકાપદોમાં ( વર્ણાક્ષરોમાં ) પણુ અનેકતાનો સદ્ભાવ હોવાથી તેમને પણુ કતિ ( બહુ ) માની લેવામાં આવેલ છે. પર્યાયોને પણુ એ જ કારણે કતિરૂપ માનવામાં આવેલ છે. તથા સંગ્રહ સમુદાય પણુ ભિન્ન ભિન્ન હોય છે, તેથી અનેકતાના સાધર્મ્યથી સંગ્રહ રૂપ સમુદાયને પણુ કતિ રૂપ માની લેવામાં આવ્યો છે.

" चत्तारि सव्वा " સર્વ પણુ ચાર પ્રકારના કહ્યા છે—(૧) નામ સર્વક, (૨) સ્થાપના સર્વક, (૩) આદેશ સર્વક અને (૪) નિરવશેષ સર્વક. નામરૂપ જે સર્વ છે તેને નામસર્વક કહે છે. એટલે કે ' સર્વ ' એવું જે નામ છે, તે નામસર્વક છે. આ કથનનો ભાવાર્થ આ પ્રમાણે છે—લોકવ્યવહાર ચલાવવા માટે સચેતનાદિ વસ્તુનું " सर्वम् " એવું નામ રાખવામાં આવે છે તેને નામ સર્વક કહે છે. " यद्वा नाम्नां सर्वकम् " આ કથનનો પણુ એ જ ભાવ છે.

"स्थापनासर्वकम्" જે કોઈ પદાર્થમાં "સર્વ" એવી જે સ્થાપના આરોપણા કરવામાં આવે છે, તેને 'સ્થાપના સર્વક' કહે છે. જેમકે અક્ષાદિકોમાં 'સર્વ' એવી સ્થાપના કરવામાં આવે છે. "आदेशसर्वक" આદેશ એટલે વ્યવહાર. તે વ્યવહારની અપેક્ષાએ જેને 'સર્વ' માની લેવામાં આવે છે તેને 'આદેશ સર્વક કહે છે. આ આદેશસર્વતા બહુતરમાં અથવા પ્રધાન (મુખ્ય) માં હોય છે. જેમકે કોઇ ભોજન સમારંભમાં અધિક માણસોએ જમી લીધું હોય અને થોડાને જ જમવાનું બાકી હોય ત્યારે એવું કહેવામાં આવે છે કે સર્વ લોકો જમી ગયા છે અથવા જેટલું ભોજન તૈયાર કરાવ્યું હોય તેનો અધિકતર ભાગ વપરાઇ ગયો હોય અને ઘણો થોડો ભાગ વધ્યો હોય, ત્યારે એમ કહેવામાં આવે છે કે સઘળી રસોઇ ખવાઇ ગઇ છે આ પ્રકારની સર્વતાને આદેશની અપેક્ષાએ સર્વતા કહે છે. એ જ પ્રમાણે કોઇ સભામાંથી મુખ્ય મુખ્ય માણસો ચાલ્યા જાય અને સામાન્ય માણસો જ બાકી રહે ત્યારે પણ એવું કહેવામાં આવે છે કે "સૌ ચાલ્યા ગયા" આ પ્રધાનની અપેક્ષાએ (સર્વત) છે. આદેશ સર્વતાનું દૃષ્ટાન્ત છે "निरवशेषसर्वकम्" જે સઘળી વ્યક્તિઓને લાગૂ પડી શકે-એક પણ વ્યક્તિનો અપવાદ ન રહે એવા સર્વને 'નિરવશેષ સર્વક' કહે છે. જેમકે "सर्वे देवाः अनिमिषाः" સર્વે (બધા) દેવો અનિમિષ (મટકુ) હોય છે. અહીં નિમેષ રહિતતાનો ગુણ દરેક દેવને લાગૂ પડે છે-એક પણ દેવ તેમાં અપવાદરૂપ નથી. અથવા સમસ્ત પદાર્થ "સત્" રૂપ છે. અહીં સતરૂપતાનો એક પણ પદાર્થમાં અભાવ નથી, એમ સમજી શકાય છે. નિરવશેષ સર્વકનું આ પ્રકારનું સ્વરૂપ છે. અહીં ભાંગાઓમાં સર્વત્ર સ્વાર્થિક 'क' લાગ્યો છે. ॥ સૂ. ૫૯ ॥

સર્વનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર સર્વ મનુષ્ય ક્ષેત્રગત પર્વતોના પૂર્વાદિ દિશાઓના કૂટોનું નિરૂપણ કરે છે—

"माणुसुत्तरस्स णं पव्वयस्स चउद्दिसिं चत्तारि" ઇત્યાદિ—

## માનુષોત્તર પર્વત કે કૂટોંકા નિરૂપણ

ટીકાર્થ–પુષ્કરાર્ધ ક્ષેત્રમાં માનુષોત્તર પર્વતની ચારે દિશાઓમાં ચાર કૂટ છે. અહીં દિશાપદ દ્વારા પૂર્વાદિ ચાર દિશાઓ અને વિદિશાઓ પણ ગૃહીત થઇ છે. આ રીતે ચાર દિશાઓ અને વિદિશાઓમાં તે ચાર કૂટ ફેલાયેલા છે. દક્ષિણ–પૂર્વ દિશામાં (અગ્નિકોણુમાં) રત્નકૂટ આવેલું છે. તે દક્ષિણ દિશાવર્તી સુપર્ણકુમારેન્દ્ર વેણુદેવનું નિવાસસ્થાન છે. દક્ષિણ–પશ્ચિમમાં (નૈઋત્યકોણુમાં) રત્નોચ્ચય કૂટ આવેલું છે. તેનું બીજું નામ "વેલમ્બસુખદ" છે. આ કૂટ દક્ષિણ દિશાવર્તી વાયુકુમારેન્દ્ર વેલમ્બનું નિવાસસ્થાન છે. પૂર્વોત્તરમાં (ઇશાન કોણુમાં) સર્વરત્નકૂટ આવેલું છે. તે ઉત્તરદિગ્વર્તી વેણુદાલિક નામના સુપર્ણ-કુમારેન્દ્રનું નિવાસસ્થાન છે. પશ્ચિમોત્તરે (વાયવ્યકોણુમાં) રત્નસંચય કૂટ આવેલું છે, તેને પ્રભંજન પણ કહે છે. તે ઉત્તરદિગ્વર્તી પ્રભંજન નામના વાયુકુમારેન્દ્રનું નિવાસસ્થાન છે. કહ્યું પણ છે કે–"दक्खिणपुव्वेण रयणकूड" ઇત્યાદિ. અહીં ચાર સ્થાનનો અધિકાર ચાલતો હોવાથી ચાર કૂટની જ વાત કરી છે, પણ એ સિવાય બીજાં બાર કૂટ પણ છે. તે કૂટ પૂર્વ–દક્ષિણ–પશ્ચિમ અને ઉત્તરમાં ત્રણ ત્રણ છે. અને પ્રત્યેક કૂટપર એક એક દેવ વસે છે. કહ્યું પણ છે કે–"पुव्वेण तिन्नि कूडा" ઇત્યાદિ. આ રીતે દિશાઓ અને વિદિ-શાઓમાં કુલ ૧૬ કૂટ છે. ॥ સૂ. ૬૦ ॥

## જમ્બૂદ્વીપગત ભરત ઔર એરવત પર્વતકે કાલકા નિરૂપણ

હવે સૂત્રકાર એ કૂટોવડે આવૃત ક્ષેત્રોની પ્રરૂપણા કરે છે.

"जबुद्दीवे दीवे भरहेरवएसु" ઇત્યાદિ—

સૂત્રાર્થ–જંબૂદ્વીપના ભરત અને ઐરવત ક્ષેત્રોમાં અતીત ઉત્સર્પિણીમાં સુષમ સુષમાકાળમાં ચાર સાગરોપમ કોડાકોડીનો કાળ હતો.

જંબૂદ્વીપના ભરત અને ઐરવત ક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણીમાં પણ સુષમ સુષમા આરો ચાર કોટાકોટી સાગરોપમ પ્રમાણકાળનો હતો. આ જંબૂદ્વીપ નામના દ્વીપના ભરત અને ઐરવત ક્ષેત્રમાં ભવિષ્યની ઉત્સર્પિણીમાં પણ સુષમ સુષમા આરાનો કાળ ચાર કોટાકોટી સાગરોપમનો હશે. ॥સૂ. ૫૯॥

ક્ષેત્રનિરૂપણના સંબંધની અપેક્ષાએ હવે સૂત્રકાર ક્ષેત્રવિશેષની પ્રરૂપણા કરે છે. " जंबुद्दीवे दीवे देवकुरुउत्तरकुरुवज्जाओ " ઈત્યાદિ—

સૂત્રાર્થ–જંબૂદ્વીપ નામના આ દ્વીપમાં દેવકુરુ અને ઉત્તરકુરુ સિવાયના આ ચાર ક્ષેત્રોને અકર્મભૂમિઓ કહી છે, તેમનાં નામ આ પ્રમાણે છે—(૧) હૈમવત, (૨) ઐરણ્યવત, (૩) હરિવર્ષ અને (૪) રમ્યકવર્ષ.

ચાર વૃત્તવૈતાઢ્ય પર્વત કહ્યાં છે, તેમનાં નામ આ પ્રમાણે છે—(૧) શબ્દાપાતી, (૨) વિકટાપાતી (૩) ગન્ધાપાતી અને (૪) માલ્યવત્પર્યાય. ત્યાં પલ્યોપમની સ્થિતિવાળા ચાર મહર્દ્ધિક આદિ વિશેષણોવાળા દેવો રહે છે. તે દેવોનાં નામ આ પ્રમાણે છે—(૧) સ્વાતી, (૨) પ્રભાસ, (૩) અરુણ અને (૪) પદ્મ. જંબૂદ્વીપમાં મહાવિદેહ ક્ષેત્ર ચાર પ્રકારના કહ્યાં છે—(૧) પૂર્વ વિદેહ, (૨) અપર વિદેહ, (૩) દેવકુરુ અને (૪) ઉત્તરકુરુ. સમસ્ત નિષધ અને નીલવન્ત વર્ષધર પર્વત ચારસો યોજન ઊંચા છે, અને તેમનો ઉદ્વેધ (ભૂમિગત વિસ્તાર) ચારસો ગવ્યૂતિ (કોસ) પ્રમાણ છે. જંબૂદ્વીપમાં જે મન્દર પર્વત છે તેની પૂર્વ દિશામાં આવેલી શીતા નદીને ઉત્તર કિનારે ચાર વક્ષસ્કાર પર્વતો છે, તેમનાં નામ આ પ્રમાણે છે—(૧) ચિત્રકૂટ, (૨) પક્ષ્મકૂટ, (૩) નલિનકૂટ અને (૪) એક શૈલ. જંબૂદ્વીપમાં મન્દર પર્વતની પશ્ચિમ દિશામાં શીતા મહાનદીના દક્ષિણ કિનારા પર આ ચાર વક્ષસ્કાર પર્વતો છે—(૧) ત્રિકૂટ, (૨) વૈશ્રવણ કૂટ, (૩) અંજન અને (૪) માતંજન. જંબૂદ્વીપમાં મન્દર પર્વતની પશ્ચિમ દિશામાં જે શીતોદા નામની મહાનદી છે તેના દક્ષિણ તટપર ચાર વક્ષસ્કાર પર્વતો આવેલા છે—(૧) અંકાવતી, (૨) પક્ષ્માવતી, (૩) આશીવિષ અને (૪) સુખાવહ. એ જ શીતોદા નદીના ઉત્તર તટપર નીચે પ્રમાણે ચાર વક્ષસ્કાર પર્વતો છે તેના નામો—(૧) ચન્દ્ર પર્વત, (૨) સૂર્ય પર્વત, (૩) દેવ પર્વત અને (૪) નાગ પર્વત. જંબૂદ્વીપના મન્દર પર્વતની ચાર વિદિશાઓમાં સૌમનસ, વિદ્યુત્પ્રભ, ગન્ધમાદન અને માલ્યવાન્ નામના ચાર વક્ષસ્કાર પર્વતો છે.

જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં જઘન્યની અપેક્ષાએ ચાર અર્હંત, ચાર ચક્રવર્તી, ચાર બળદેવ અને ચાર વાસુદેવ ઉત્પન્ન થાય છે અને ભવિષ્યમાં પણ ઉત્પન્ન થશે. જંબૂદ્વીપમાં મન્દર પર્વત પર ચાર વન છે— ૧) ભદ્રશાલ-વન, (૨) નન્દનવન, (૩) સૌમનસવન અને (૪) પંડકવન. જંબૂદ્વીપમાં મન્દર પર્વત-પર આવેલા પંડકવનમાં ચાર અભિષેક શિલાઓ છે. તેમનાં નામ આ પ્રમાણે છે. (૧) પાંડુકમ્બલશિલા, (૨) અતિપાંડુકમ્બલશિલા, (૩) રક્તકમ્બલશિલા અને (૪) અતિરક્તકમ્બલશિલા. એ જ પ્રમાણે પુષ્કરવરદ્વીપના અપરાર્ધ પર્યન્તના વિષયમાં પણ જંબૂદ્વીપના જેવું જ કાળથી લઈને ચૂલિકા પર્યન્તનું

કથન સમજવું. એટલે કે ધાતકીખંડમાં, પુષ્કરવરાર્ધમાં અને તેના પૂર્વ અને પશ્ચિમ વિભાગોમાં પણ ઉપર મુજબનું સમસ્ત કથન થવું જોઇએ.

ટીકાર્થ—કૃષિ, વાણિજ્ય આદિ કર્મનો જે ભૂમિઓમાં સદ્‌ભાવ હોય છે, તે ભૂમિઓને કર્મભૂમિઓ કહે છે, પણ જ્યાં તેમનો અભાવ છે એવી ભૂમિઓને અકર્મભૂમિઓ કહે છે. ભરત, હૈમવત, હરિવર્ષ, વિદેહ, રમ્યક, ઐરણ્યવત, અને ઐરવત, આ સાત ક્ષેત્રોમાંથી હૈમવત, હરિવર્ષ અને રમ્યક, આ ત્રણ અકર્મભૂમિક્ષેત્રો છે. આ સાત ક્ષેત્રોમાંનું ભરતક્ષેત્ર દક્ષિણમાં અવસ્થિત છે. ભરતની ઉત્તરે હૈમવત, હૈમવતની ઉત્તરે હરિવર્ષ, હરિવર્ષની ઉત્તરે વિદેહ, વિદેહની ઉત્તરે રમ્યક, રમ્યકની ઉત્તરે ઐરણ્યવત અને ઐરણ્યવતની ઉત્તરે ઐરવત ક્ષેત્ર છે. વ્યવહાર સિદ્ધ દિશાના નિયમાનુસાર મેરુ પર્વત સાતે ક્ષેત્રોના ઉત્તર ભાગમાં આવેલો છે. અકર્મભૂમિના ચાર ક્ષેત્ર કહ્યાં છે. તેમાં દેવકુરુ અને ઉત્તરકુરુનો સમાવેશ નહીં કરવાનું કારણ એ છે કે–તે બંને મહાવિદેહના જ ભાગો છે, પરન્તુ તે ભાગોમાં પણ યુગલિકોની વસ્તી છે, તેથી સાત ક્ષેત્રોમાં પણ તેમની સ્વતંત્ર રૂપે ગણના કરી નથી. અથવા ચાર સ્થાનનો અધિકાર ચાલતો હોવાથી તેમને અહીં ગણાવવામાં આવેલ નથી.

વિકટાપાતી, ગન્ધાપાતી આદિ પર્વતો વર્તુલાકારવાળા હોવાથી તેમને વૃત્તવૈતાઢ્ય પર્વતો કહ્યા છે. તે પ્રત્યેક વૃત્તવૈતાઢ્ય પર્વત પર એક એક મહર્દ્ધિક આદિ વિશેષણોવાળો અને એક એક પલ્યોપમની સ્થિતિવાળો દેવ વસે છે તેમનાં નામ સ્વાતિ, પ્રભાસ, અરુણ અને પદ્મ છે. જંબૂદ્વીપમાં જે મહાવિદેહ ક્ષેત્ર છે, તેમાં પૂર્વવિદેહ, અપર વિદેહ, દેવકુરુ અને ઉત્તરકુરુ આ ચાર ક્ષેત્ર છે. વિદેહ ક્ષેત્રમાં નિષધ અને નીલ નામના બે પર્વત છે. તે પર્વતોની મદદથી જ ઉત્તર કુરુ અને દેવકુરુની સીમા નિશ્ચિત થાય છે. આ બંને પર્વતોની ઊંચાઈ ચારસો યોજનની છે તથા ઉદ્વેધ–ભૂમિની અંદરનો તેમનો વિસ્તાર ૪૦૦ ગવ્યૂતિપ્રમાણ કહ્યો છે. અહીં ગવ્યૂતિ પદનો અર્થ એકકોસ (ગાઉ) થાય છે.

જંબૂદ્વીપના મન્દર પર્વતની પૂર્વ દિશામાં શીતા નામની મહાનદીના ઉત્તર તટપર ચિત્રકૂટ આદિ ચાર વક્ષસ્કાર પર્વતો આવેલા છે, અને દક્ષિણ તટપર ચિત્રકૂટ, વૈશ્રવણકૂટ, અંજન અને માતંજન, એ ચાર વક્ષસ્કાર પર્વતો છે. મન્દર પર્વતની પશ્ચિમ દિશામાં શીતોદા મહાનદીના દક્ષિણ તટપર અંકાવતી, પદ્માવતી, આશીવિષ અને સુખાવહ નામના ચાર વક્ષસ્કાર પર્વતો છે, તથા ઉત્તર તટપર (૧) ચંદ્ર પર્વત, (૨) સૂર્ય પર્વત, (૩) દેવ પર્વત અને (૪) નાગ પર્વત, એ ચાર વક્ષસ્કાર પર્વતો છે. મન્દર પર્વતની ઈશાનાદિ ચાર વિદિશાઓમાં અનુક્રમે સૌમન, વિદ્યુત્પ્રભ, ગન્ધમાદન અને માલ્યવાન્, એ ચાર વક્ષસ્કાર પર્વતો છે. આ કથનનો ભાવાર્થ એ છે કે મન્દર

પર્વતની પૂર્વ દિશામાં વહેતી શીતા નદીના ઉત્તર તટપર ૪, દક્ષિણ તટપર પણ ૪, મન્દર પર્વતની પશ્ચિમ દિશામાં શીતોદા નામની મહાનદીના ઉત્તર તટપર ચાર અને દક્ષિણ તટપર પણ ૪ વક્ષસ્કાર પર્વતો છે. મન્દર પર્વતની ઇશાન, અગ્નિ, નૈઋત્ય અને વાયવ્યમાં એક એક એટલે કે ચારે ખૂણાઓમાં કુલ ૪ વક્ષસ્કાર પર્વતો છે.

જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં જઘન્યની અપેક્ષાએ---ન્યૂનાતિન્યૂન સંખ્યામાં ઓછામાં ઓછા ચાર અર્હંત, ચાર ચક્રવર્તી અને ચાર વાસુદેવ ઉત્પન્ન થયા છે અને ઉત્પન્ન થશે પણ ખરાં. તથા જંબૂદ્વીપમાં મન્દર પર્વત પર ભદ્રશાલવન, નન્દનવન, સૌમનસવન અને પંડકવન, એ ચાર વન છે. તેમાંનું ભદ્રશાલવન ભૂતલ પાસે, નન્દનવન અને સૌમનસવન મેખલા યુગલ પર અને પંડકવન શિખરપર છે. અહીં આ પ્રમાણે ગાથાઓ કહી છે—

"बावीससहस्साइं" ઇત્યાદિ.

જંબૂદ્વીપના મન્દર પર્વત પર જે પંડકવન છે તેમાં ચાર અભિષેક શિલાઓ છે, જે શિલાઓ પર તિર્થંકરોનો શુભાભિષેક થાય છે. તે અભિષેક શિલાઓનાં નામ આ પ્રમાણે છે—પાંડુકમ્બલ શિલા આદિ ચાર નામ સૂત્રાર્થમાં આપ્યા અનુસાર સમજવા. તે શિલાઓ અનુક્રમે મન્દર પર્વતની પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં છે. મન્દર પર્વતના શિખરનું નામ મંદર ચૂલિકા છે. તેના સૌથી ઉપરના ભાગનો વિસ્તાર ચાર યોજનનો છે આ પ્રમાણે જંબૂદ્વીપના પદાર્થોનું કથન કરીને હવે સૂત્રકાર ધાતકીખંડ દ્વીપ અને પુષ્કરવર દ્વીપના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધના પદાર્થોનું ચાર સ્થાનને અનુલક્ષીને કથન કરે છે. "एवं धायइसंडदीवपुरत्थिमद्धे वि" ઇત્યાદિ—

આ સૂત્રપાઠ દ્વારા સૂત્રકાર એવું સૂચન કરે છે કે કાળથી લઇને મન્દર ચૂલિકા પર્યન્તનું જેવું કથન જંબૂદ્વીપના વિષયમાં કરવામાં આવ્યું છે, એવું જ કથન ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધવિષે પણ સમજી લેવું. એટલે કે— "धायइसंडदीवपुरत्थिमद्धे भरहेरवएसु वासेसु तीयाए उस्सप्पिणीए सुसमसुसमाए समाए" અહીંથી શરૂ કરીને "मंदरचूलियाणं उवरिं चत्तारि जोय-

णाइं विक्खंभेणं पण्णत्ता " આ સૂત્રપાઠ પર્યન્તનું કથન ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધ વિષે પણ સમજવું, એવું જ કથન ધાતકીખંડ દ્વીપના પશ્ચિમાર્ધ, પુષ્કરવરદ્વીપના પૂર્વાર્ધ અને પુષ્કરવર દ્વીપના અપરાર્ધ વિષે પણ સમજી લેવું. એટલે કે ત્યાંના ભરતક્ષેત્ર, અને ઐરવતક્ષેત્રમાં અતીત (ભૂતકાળની) ઉત્સર્પિણીનો સુષમસુષમા આરો ૪ કોટાકોટિ સાગરોપમકાળનો હતો, ઈત્યાદિ સંપૂર્ણ સૂત્રપાઠ અહીં પણ ગ્રહણ થવો જોઈએ. "મંદર ચૂલિકાનો સૌથી ઉપરનો ભાગ ચાર યોજનના વિસ્તારનો છે" આ સૂત્રપાઠ પર્યન્તનું કથન અહીં પણ સમજી લેવું. આ કથનનું તાત્પર્ય એટલું જ છે કે જંબૂદ્વીપના ભરત અને ઐરવતના જેવી જ વ્યવસ્થા ધાતકીખંડ અને પુષ્કરાર્ધ દ્વીપમાં પણ હોય છે. એ જ વાતનું સમર્થન કરવા માટે "जंबुद्दीवग" ઈત્યાદિ ગાથા આપવામાં આવેલ છે. તે ગાથામાં એ વાતને પ્રતિપાદન કરવામાં આવી છે કે જંબૂદ્વીપાવશ્યક (જંબૂદ્વીપમાં જેનું કથન કરાયું છે તે) સમસ્ત વસ્તુજાતનો એટલે કે સુષમ સુષમાકાળથી લઈને મન્દર ચૂલિકા પર્યન્તના ઉપર્યુક્ત કથનમાં જેનો જેનો નિર્દેશ થયો છે તે વસ્તુઓનો–ધાતકીખંડના પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધમાં, તથા પુષ્કરવર દ્વીપાર્ધના પૂર્વાર્ધ અને પશ્ચિમ ર્ધમાં પણ સદ્ભાવ છે, એમ સમજવું ॥ સૂ. ૬૦ ॥

જંબૂદ્વીપમાં કૂટયુક્ત ક્ષેત્રોનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર જંબૂદ્વીપના દ્વારોની પ્રરૂપણા કરે છે—" जंबुद्दीवस्स णं दीवस्स चत्तारि दारा पण्णत्ता " ઈત્યાદિ—

## જમ્બૂદ્વીપકે દ્વારોં કા નિરૂપણ

જંબૂ નામના દ્વીપને ચાર દ્વાર કહ્યાં છે, તેમનાં નામ આ પ્રમાણે છે. (૧) વિજય, (૨) વૈજયન્ત, (૩) જયન્ત અને (૪) અપરાજિત. તે દ્વારોનો વિષ્કંભ (પહોળાઈ) ચાર યોજનપ્રમાણ છે અને પ્રવેશની અપેક્ષાએ પણ તેમને ચાર યોજનપ્રમાણ જ કહ્યાં છે. તેમાં મહર્દ્ધિક આદિ વિશેષણવાળા ચાર દેવ રહે છે, તેમની એક પલ્યોપમની સ્થિતિ કહી છે. દ્વારની બન્ને તરફની દીવાલોના અન્તરાલનો વિષ્કંભ (વિસ્તાર) ચાર યોજનનો છે. તથા દીવાલોની સ્થૂલતા રૂપ જે પ્રવેશ છે તે પણ ચાર યોજનપ્રમાણ છે. કહ્યું પણ છે કે–" चउजोयणवित्थिन्ना " ઈત્યાદિ. ચાર યોજનના વિસ્તારવાળા તે દ્વારો આઠ યોજન પર્યંત ઊંચા છે. " महर्द्धिका यावत् पल्योपमस्थितिकाः " આ સૂત્રપાઠમાં જે " यावत् " પદ છે, તેના દ્વારા મહાદ્યુતિ સંપન્ન, મહાબલ સંપન્ન, મહાયશ સંપન્ન અને મહાસુખ

સંપન્ન આ ચાર વિશેષણો ગ્રહણ કરવા જોઇએ. તે ચાર દ્વાર પર જે ચાર દેવો રહે છે તેમનાં નામ પણ દ્વારોનાં નામાનુસાર છે. એટલે કે વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત છે. કહ્યું પણ છે કે "पलिओवमट्ठिइया" ઇત્યાદિ. એક પલ્યોપમની સ્થિતિ છે. તે દેવો સદા સુરગણો અને દેવીઓના પરિવારથી પરિવૃત્ત રહે છે. ॥ સૂ. ૬૩ ॥

## જમ્બૂદ્વીપસ્થ અન્તરદ્વીપોકા નિરૂપણ

આ રીતે જંબૂદ્વીપના દ્વારોનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર જંબૂદ્વીપસ્થ અન્તરદ્વીપોનું નિરૂપણ કરે છે—

"जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स" ઈત્યાદિ—

જંબૂદ્વીપ નામના દ્વીપમાં સુમેરુ (મન્દર) પર્વતની દક્ષિણ દિશામાં ક્ષુદ્રહિમવાન્ નામનો વર્ષધર પર્વત છે. તેની ચારે દિશાઓમાં લવણ સમુદ્રને ૩૦૦-૩૦૦ યોજન પાર કરવાથી ચાર અન્તરદ્વીપ આવે છે. તેમનાં નામ આ પ્રમાણે છે—(૧) એકોરુક દ્વીપ, (૨) આભાષિક દ્વીપ, (૩) વૈષાણિક દ્વીપ અને (૪) લાંગૂલિક દ્વીપ. તે દ્વીપોમાં ચાર પ્રકારના મનુષ્યો રહે છે. જેમ કે....એક ઉરુવાળા એકોરુક, આભાષિક, વૈષાણિક અને લાંગલિક તે દ્વીપોની ચારે વિદિશાઓમાં લવણ સમુદ્રને ચારસો- ચારસો યોજન અવગાહિત (પાર) કરવાથી બીજા ચાર અન્તરદ્વીપો આવે છે. તેમનાં નામ આ પ્રમાણે છે— (૧) હયકર્ણ દ્વીપ, (૨) ગજકર્ણ દ્વીપ, (૩) ગોકર્ણ દ્વીપ અને (૪) શષ્કુલિ-કર્ણ દ્વીપ. તે દ્વીપોમાં ચાર પ્રકારના મનુષ્યો રહે છે—(૧) હયકર્ણ, (૨) ગજકર્ણ, (૩) ગોકર્ણ અને (૪) શષ્કુલીકર્ણ. તે દ્વીપોની ચારે વિદિશાઓમાં, લવણ સમુદ્રને ૫૦૦-૫૦૦ યોજન અવગાહિત કરવાથી બીજા ચાર દ્વીપો આવે છે. તેમનાં નામ આ પ્રમાણે છે—(૧) આદર્શમુખ દ્વીપ, (૨) મેઢ્રમુખ દ્વીપ, (૩) અયોમુખ દ્વીપ અને (૪) ગોમુખ દ્વીપ. તેમાં ચાર પ્રકારના મનુષ્યો રહે છે—(૧) આદર્શમુખ, (૨) મેઢ્રમુખ, (૩) અયસમુખ અને (૪) ગોમુખ.

તે દ્વીપોની ચારે વિદિશાઓમાં લવણ સમુદ્રને ૬૦૦-૬૦૦ યોજન અવગાહિત કરવાથી બીજા ચાર અન્તરદ્વીપો આવે છે, તેમનાં નામ આ આ પ્રમાણે છે—(૧) અશ્વમુખ, (૨) હસ્તિમુખ, (૩) સિંહમુખ અને (૪)

વ્યાઘ્રમુખ દ્વીપ તે પ્રત્યેક દ્વીપમાં તેમનાં નામ પ્રમાણે ગુણવાળા મનુષ્યો રહે છે. તે ચારે દ્વીપોની વિદિશાઓમાં, લવણ સમુદ્રને ૭૦૦-૭૦૦ યોજન અવગાહિત કરવાથી બીજા ચાર અન્તરદ્વીપો આવે છે તેમનાં નામ આ પ્રમાણે છે—(૧) અશ્વકર્ણ, (૨) હસ્તિકર્ણ, (૩) અકર્ણ અને (૪) કર્ણ પ્રવરણ દ્વીપ. તે ચારે દ્વીપોમાં પણ તે દ્વીપના નામ પ્રમાણે ગુણવાળા મનુષ્યો રહે છે. તે ચારે દ્વીપોની વિદિશાઓમાં, લવણ સમુદ્રને ૮૦૦-૮૦૦ યોજન અવગાહિત કરવાથી બીજા ચાર અન્તરદ્વીપો આવે છે—(૧) ઉલ્કામુખ દ્વીપ, (૨) મેઘમુખ દ્વીપ, (૩) વિદ્યુન્મુખ દ્વીપ અને (૪) વિદ્યુતદન્ત દ્વીપ તેમાં પણ મનુષ્યોનું ઉપર મુજબજ કથન સમજવું. તે ચારે અન્તરદ્વીપોની ચાર વિદિશાઓમાં, લવણ સમુદ્રને ૯૦૦-૯૦૦ યોજન અવગાહિત કરવાથી બીજા ચાર અન્તરદ્વીપ આવે છે તેમનાં નામ આ પ્રમાણે છે—(૧) ઘનદન્ત દ્વીપ, (૨) લષ્ટદન્ત દ્વીપ, (૪) ગૂઢદન્ત દ્વીપ અને (૪) શુદ્ધદન્ત દ્વીપ તે દ્વીપોમાં ક્રમશઃ ચાર પ્રકારના મનુષ્યો વસે છે—(૧) ઘનદન્ત, (૨) લષ્ટદન્ત, (૩) ગૂઢદન્ત, અને (૪) શુદ્ધદન્ત.

જંબૂદ્વીપ નામના દ્વીપના મન્દર પર્વતની ઉત્તર દિશામાં જે શિખરિ વર્ષધર પર્વત આવેલો છે, તેની ચારે વિદિશાઓમાં લવણ સમુદ્રને ૩૦૦-૩૦૦ યોજન પાર કરવાથી ચાર અન્તરદ્વીપો આવે છે. તેમનાં નામ આ પ્રમાણે છે—(૧) એકોરુક દ્વીપ, આદિ. બાકીનું સમસ્ત કથન એટલે કે શુદ્ધદન્ત પર્યન્તનું કથન ઉપર મુજબ જ સમજવું.

વિશેષાર્થ—મહાહિમવાન્ કરતાં નાનો હોવાને કારણે ક્ષુદ્રહિમવાનને ક્ષુદ્ર વિશેષણ લગાડયું છે. તે ક્ષુદ્રહિમવાન્ પર્વત ભરતક્ષેત્રની સીમાપર છે, તેના બન્ને છેડા પૂર્વ-પશ્ચિમ લવણ સમુદ્ર સુધી વિસ્તરેલા છે. એ જ પ્રમાણે ઐરવત ક્ષેત્ર સીમાપર આવેલા શિખરી પર્વતના બન્ને છેડા પણ લવણ સમુદ્ર સુધી વિસ્તરેલા છે. પ્રત્યેક છેડા બબ્બે ભાગોમાં વિભકત થયેલો હોવાથી બંને પર્વતોના મળીને કુલ આઠ ભાગો (છેડાઓ) લવણ સમુદ્ર સુધી વ્યાપેલા છે. એ જ વાત અહીં સૂત્રપાઠ દ્વારા વ્યક્ત થઈ છે. "पूर्वभाग-पश्चिम भागयोः प्रत्येकं शाखाद्वयं विद्यते इतिवृद्धाः" પૂર્વ ભાગ અને પશ્ચિમ ભાગમાં દરેકમાં બબ્બે શાખાઓ છે

"चउसु विदिसासु" ઇત્યાદિ—લવણ સમુદ્રમાં ૩૦૦-૩૦૦ યોજન પ્રમાણ અંતર ઓળંગવાથી, ઈશાન આદિ ચારે વિદિશાઓમાં જે શાખાવિભાગ રૂપ છેડા છે, તે શાખાવિભાગ રૂપ છેડા પર ચાર અંતરદ્વીપો છે. (સમુદ્રની મધ્યમાં હોય એવા દ્વીપોને અંતરદ્વીપો કહે છે, અથવા પરસ્પરમાં વિભાગ પ્રધાન દ્વીપને અંતરદ્વીપ કહે છે.) ઈશાન કોણમાં ૩૦૦ યોજન પ્રમાણ લંબાઇ પહોળાઇવાળો એકોરુક નામનો અંતરદ્વીપ છે. એ જ પ્રમાણે અગ્નિ, નૈઋત્ય અને વાયવ્યકોણમાં અનુક્રમે આભાષિક, વૈષાણિક અને લાંગલિક

નામના બીજા ત્રણ અંતરદ્વીપો છે. એવાં તે ચાર અંતરદ્વીપો હિમવાન્ પર્વતની ચાર વિદિશાઓમાં (ઈશાનાદિ ખૂણાઓમાં) છે. તે અંતરદ્વીપોમાં ચાર પ્રકારના મનુષ્યો વસે છે. "चतुर्विधाः" આ બહુવચનનું પદ પ્રત્યેક દ્વીપગત મનુષ્યોની અપેક્ષાએ વપરાયું નથી, પણ ચારે દ્વીપોના સમુદાયના મનુષ્યો માટે વપરાયું છે. ત્યાં જે નામના દ્વીપો કહ્યા છે, એ જ નામથી ઓળખાતા મનુષ્યો રહે છે તેમનો દેખાવ મનોહર હોય છે, તેઓ મનોહર રૂપસંપન્ન અને અંગોપાંગની સુંદરતાવાળા હોય છે.

એકોરુક આદિ ચાર અંતરદ્વીપોની વિદિશાઓમાં ઈશાન, અગ્નિ, નૈઋત્ય અને વાયવ્યમાં, લવણ સમુદ્રને ૪૦૦-૪૦૦ યોજન પાર કરીને આગળ જવાથી ૪૦૦-૪૦૦ યોજનની લંબાઈ પહોળાઈવાળા હયકર્ણ આદિ ચાર અંતરદ્વીપો આવે છે. તે અંતરદ્વીપોમાં તેમના જેવા જ નામવાળા મનુષ્યો રહે છે. આ રીતે બીજા નંબરના ચાર અંતરદ્વીપોનું આ વર્ણન થયું છે. આ કથનનું તાત્પર્ય આ પ્રમાણે છે—પહેલાં એમ કહેવામાં આવ્યું છે કે હિમવાન્ અને શિખરી પર્વતના આઠે છેડા લવણ સમુદ્રમાં વિસ્તરેલા છે. તે પ્રત્યેક છેડાપર સાત સાત અંતરદ્વીપ છે. આ રીતે કુલ ૫૬ અંતરદ્વીપ છે. તેમાંથી પહેલા અને બીજા નંબરના ચાર ચાર અંતરદ્વીપોનું વર્ણન તો ઉપર મુજબ સમજવું જોઈએ. જે દ્વીપોનું જેટલું અંતર છે, એટલો જ તેમનો આયામ અને વિષ્કંભ છે, આ વાત આગળ પણ પ્રકટ કરવામાં આવેલ છે. આ રીતે સાતમાં નંબરના જે ચાર અંતરદ્વીપો છે, તેમનું છઠ્ઠા નંબરના દ્વીપોથી ૯૦૦-૯૦૦ યોજનનું અંતર છે અને તેમની લંબાઈ-પહોળાઈ પણ ૯૦૦-૯૦૦ યોજનપ્રમાણ જ છે. ક્ષુલ્લહિમવાન્ની વિદિશાઓમાં કુલ ૨૮ અંતરદ્વીપો છે, ત્યાં યુગલિકો વસે છે. તેમના શરીરની ઊંચાઈ ૮૦૦ યોજનપ્રમાણ હોય છે, અને તેમનું આયુષ્ય પલ્યોપમના અસંખ્યાતમાં ભાગપ્રમાણ છે. તથા ઐરવતક્ષેત્રના વિભાગો કરનારા શિખરી પર્વતની વિદિશાઓમાં પણ એ જ ક્રમે અને એ જ નામવાળા ૨૮ અંતરદ્વીપો આવેલા છે. અંતરદ્વીપોની સ્પષ્ટતા કરનારી સંગ્રહગાથા આ પ્રમાણે છે-"चुल्लहिमवंत" ઈત્યાદિ. ॥ સૂ. ૬૪ ॥

આ પ્રમાણે અંતરદ્વીપોનું અને અંતરદ્વીપસ્થ મનુષ્યોનું કથન પૂરું થયું. હવે સૂત્રકાર એ વાત પ્રકટ કરે છે કે જંબૂદ્વીપની બાહ્યવેદિકાથી શરૂ કરીને લવણ સમુદ્રને કયાં સુધી ઓળંગવાથી પાતાળકળશ આવે છે તથા પાતાળકળસ્થ દેવોનું, લવણ સમુદ્રને પ્રભાસિત કરનારા ચન્દ્રોનું, અને તેમાં તપતા

સૂત્રોનું, લવણ સમુદ્રનાં દ્વારોનું અને દ્વારસ્થ દેવોનું પણ હવે સૂત્રકાર નિરૂપણ કરે છે—" जंबुद्दीवस्स णं दीवस्स बाहिरिल्लाओ " ઇત્યાદિ—

જંબૂદ્વીપ નામના દ્વીપની બાહ્યવેદિકાના અન્ત ભાગથી ચારે દિશાઓમાં લવણ સમુદ્રને ૯૫–૯૫ હજાર યોજનપ્રમાણ ઉલ્લંઘિત (પાર) કરવાથી જે સ્થાન આવે છે. તે સ્થાનપર ચાર ખૂબ જ વિશાળ પાતાળકળશ છે. તેમનો આકાર વિસ્તૃત ઘડાના આકાર જેવો છે. તેમનાં નામ આ પ્રમાણે છે—(૧) વડવામુખ, (૨) કેતુક, (૩) યૂપક અને (૪) ઈશ્વર. તે ચાર કળશ અનુક્રમે પૂર્વાદિ ચાર દિશાઓમાં છે. તેમના મુખ અને મૂળભાગનો વિસ્તાર દશ હજાર યોજનનો છે, અને મધ્યભાગનો વિસ્તાર એક લાખ યોજનનો છે. તેમના મૂળભાગમાં માત્ર વાયુ જ છે. તેમાં કાલપ્રભૃતિ વાયુકુમાર દેવોનો નિવાસ છે. કહ્યું પણ છે કે " पणनउइ सहस्साइं " ઇત્યાદિ—

આ ગાથાઓનો અર્થ આ પ્રમાણે છે—જંબૂદ્વીપના બાહ્યવેદિકાન્તથી ચારે દિશા તરફ લવણ સમુદ્રમાં ૯૫–૯૫ હજાર યોજનનું અંતર કાપવાથી લવણ સમુદ્રની વચ્ચે ઘડાના જેવા આકારના ચાર પાતાળકળશ આવે છે. તેમનાં નામ—વલયમુખ, કેતુક, યૂપક અને ઈશ્વર છે. તેઓ ક્રમશઃ પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તરમાં છે. તેઓ વજ્રનિર્મિત છે. તેમની દિવાલો એક હજાર યોજનપ્રમાણ ઊંચી છે. તે પાતાળકળશોના મૂળભાગ ( તળિયું ) અને મુખભાગનો વિસ્તાર ૧૦–૧૦ હજાર યોજનનો છે અને મધ્યભાગનો વિસ્તાર એક લાખ યોજનનો છે, અને અવગાહના પણ એક એક લાખ યોજનની છે તે કળશોના અધિપતિ દેવોનાં નામ કાળ, મહાકાળ, વેલમ્બ અને પ્રભંજન છે. તેમની સ્થિતિ એક પલ્યોપમની છે. આ પાતાળ કળશો ખૂબ જ વિસ્તાર-વાળા છે. ત્યાં આ ચાર મહાકળશો ઉપરાંત બીજાં પણ ૭૮૦૦ નાના મોટા પાતાળકળશો છે. તેમના મૂળ ભાગ અને મુખભાગનો વિસ્તાર ૧૦૦૦ યોજ-નનો છે. તેમની અવગાહના પણ ૧૦૦૦ યોજનની છે, અને તેમની દીવાલ ૧૦ યોજન પ્રમાણ ઊંચી છે. બધાં પાતાળકળશોના ત્રણ–ત્રણ વિભાગ પડે છે. નીચેના ભાગમાં વાયુ રહે છે, વચ્ચેના ભાગમાં વાયુ અને પાણી રહે છે. નીચેના અને મધ્યના ભાગમાં રહેલો ક્ષુબ્ધ વાયુ પાણીને ઉછાળે છે, આ રીતે પાણી ઉછળવાથી ક્ષુબ્ધ થયેલા સાગરના પાણીની વૃદ્ધિ થાય છે, અને જ્યારે વાયુ ક્ષુબ્ધાવસ્થાનો પરિત્યાગ કરીને પોતાની પૂર્વસ્થિતિમાં આવી જાય છે,

ત્યારે પાણી પણ પોતાની પૂર્વસ્થિતિમાં આવી જાય છે. તે કારણે સમુદ્રમાં આવેલી ભરતી શમી જાય છે. ॥ સૂ. ૧ થી ૯ ।

" एत्थणं चउण्हं " ઇત્યાદિ—

લવણ સમુદ્રની અંદર અને બહાર નીકળતી એવી વેલાને ( અગ્રશિખાને ) જેઓ ધારણ કરે છે, તેમને વેલન્ધર કહે છે. આ વ્યુત્પત્તિ અનુસાર " વેલાન્ધર " પદ બનવું જોઇએ, પણ એવું ન થતાં જે 'વેલન્ધર' પદ બન્યું છે, તેનું કારણ એ છે કે તેમનું નામ જ વેલન્ધર છે.

તે વેલન્ધર નાગરાજ છે. એવાં તે વેલન્ધર નાગકુમારોના નિવાસસ્થાન રૂપ આવાસ પર્વતો ચાર કહ્યા છે. તેમનાં નામ આ પ્રમાણે છે—(૧) ગોસ્તૂપ, (૨) ઉદકભાસ, (૩) શંખ અને (૪) ઉદકસીમા. તે ચારે આવાસ પર્વતો અનુક્રમે પૂર્વાદિ દિશાઓમાં છે. તે આવાસપર્વતો પર અનુક્રમે ગોસ્તૂપ, શિવક, શંખ અને મનઃશિલક નામના ચાર મહર્દ્ધિક આદિ વિશેષણોવાળા અને એક પલ્યોપમની સ્થિતિવાળા દેવો રહે છે.

" जंबुद्दीवस्स णं " ઇત્યાદિ—જંબૂદ્વીપની બાહ્યવેદિકાના અન્તભાગથી ચારે વિદિશાઓમાં ૪૨-૪૨ હજાર યોજનપ્રમાણ અંતર લવણ સમુદ્રમાં ઉલ્લંઘવાથી જે સ્થાન આવે છે ત્યાં ચાર અનુવેલન્ધર નાગરાજોના (૧) કર્કોટક, (૨) વિદ્યુત્પ્રભ, (૩) કૈલાસ અને (૪) અરુણપ્રભ નામના ચાર આવાસ પર્વતો છે. તેમાં એક પલ્યોપમની સ્થિતિવાળા અને મહર્દ્ધિક આદિ કર્કોટક, કર્દમક, કૈલાસ અને અરુણપ્રભ નામના ચાર દેવો નિવાસ કરે છે. અનુનાયક હોવાને કારણે જ અનુવેલન્ધર નાગરાજો વેલન્ધર નાગરાજોની પાછળ રહે છે.

વેલન્ધરવું પ્રતિપાદન કરતી ગાથાઓ આ પ્રમાણે છે—" दस जोयण सहस्सा " ઇત્યાદિ. તેમનો અર્થ આ પ્રમાણે છે—લવણ સમુદ્રની અગ્રભાગ મંડલાકારે દસ હજાર યોજનની છે, ૧૬ હજાર યોજન ઊંચી છે, તથા સમતલથી હજાર યોજનની અવગાહનાવાળી છે જલશિખા પર ( સપાટી પર ) દિવસે અને રાત્રે અર્ધયોજન કરતાં કંઈક ન્યૂન પ્રમાણમાં પાણીની સપાટીમાં વૃદ્ધિ અને હાનિ થતી રહે છે.

લવણ સમુદ્રની આભ્યન્તર વેલાને ( પાણીની વૃદ્ધિને ) ૪૨ હજાર નાગકુમારો અને બાહ્યવેલાને ૭૨ હજાર નાગકુમારો ધારણ કરે છે, અને ૬૦ હજાર નાગકુમારો લવણસમુદ્ર શિખાના ( વેલાને ) અગ્રભાગને ધારણ કરે

છે. આ લવણ સમુદ્રની ચારે દિશાઓમાં પૂર્વાદિ ક્રમથી ચાર વેલન્ધરાવાસ આવેલા છે. તેમનાં નામ આ પ્રમાણે છે—(૧) ગોસ્તૂપ, (૨) દકભાસ, (૩) શંખ અને (૪) દકસીમ. તેમાં અનુક્રમે ગોસ્તૂપ, શિવક, શંખ અને મનઃશિલ નામના વેલન્ધરરાજ નિવાસ કરે છે. અનુવેલન્ધર નાગરાજની વક્તવ્યતાનું નિરૂપણ કરતી ગાથાઓ-" अणुवेलंधरवासा " ઇત્યાદિ—આ ગાથાઓનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—

લવણ સમુદ્રમાં ઇશાન આદિ વિદિશાઓમાં અનુક્રમે કર્કોટક, વિદ્યુત્પ્રભ, કૈલાસ અને અરુણપ્રભ નામના નાગરાજ રહે છે. તે આવાસ પર્વતો લવણ સમુદ્રમાં ૪૨ હજાર યોજન દૂર જવાથી આવે છે. તેઓ ૪૦૦ યોજન અને ૩૦ કોસ જેટલી ભૂમિને ઘેરીને ઊભા છે. તેમની ઊંચાઇ ૧૭૨૧ યોજન છે.

લવણસમુદ્રમાં ચાર ચન્દ્રમા છે. તેઓ ભૂતકાળમાં તેને પ્રકાશ દેતા હતા, વર્તમાનમાં પણ દે છે અને ભવિષ્યમાં પણ દેશે. ત્યાં ચાર સૂર્ય તપતાં હતાં, તપે છે અને તપશે. ચન્દ્ર શીતલ કિરણોવાળો અને સૂર્ય ઉષ્ણ કિરણોવાળો હોય છે. તેથી અહીં એવું કહ્યું છે કે ચન્દ્રો પ્રકાશ આપે છે અને સૂર્યો પ્રચંડ કિરણોને કારણે તાપ આપે છે. ચાર ચન્દ્રના પરિવાર રૂપ નક્ષત્રાદિ પણ ત્યાં ચાર ચાર રૂપ છે. એજ વાત સૂત્રકારે " चत्तारि कत्तियाओ " ઇત્યાદિ સૂત્ર દ્વારા પ્રકટ કરી છે. ત્યાં જે ચતુષ્ટયતા છે તે નક્ષત્રોની અપેક્ષાએ છે, તારકોની અપેક્ષાએ નથી. જેમકે ત્યાં ચાર કૃતિકાઓ છે, એજ પ્રમાણે રોહિણીથી લઇને ભરણી પર્યન્તનાં નક્ષત્રોમાં પણ ચતુષ્ટયતા સમજવી. અહીં યાવત્ (પર્યન્ત) પદથી રોહિણીથી લઇને ભરણી સુધીના ૨૮ નક્ષત્રો ગ્રહણ કરવામાં આવ્યાં છે.

" चत्तारि अग्गी " ઇત્યાદિ—કૃત્તિકાથી શરૂ કરીને ભરણી સુધીના ૨૮ નક્ષત્રો છે, અનુક્રમે અગ્નિથી લઇને યમ પર્યન્તના તેમના ૨૮ દેવતાઓ છે. તેમાંના પ્રત્યેકનો દેવતા ચતુઃસ્થાનકના અનુરોધથી ચાર પ્રકારનો છે, એમ સમજવું. હવે સૂત્રકાર લવણ સમુદ્રના અવકાશમાં જે જે ગ્રહો રહેલા છે, તે પ્રત્યેક ગ્રહમાં ચતુષ્ટયતાનું પ્રતિપાદન કરવા નિમિત્તે " चत्तारि अंगारा " ઇત્યાદિ સૂત્ર કહે છે—અંગારક (મંગળ) પહેલો ગ્રહ છે, અને ભાવકેતુ ૮૮ મો ગ્રહ છે. નક્ષત્ર, દેવતા અને ગ્રહોનાં નામ દ્વિતીય સ્થાનકના ૩૪ માં સૂત્રમાં આપ્યાં છે, તો ત્યાંથી વાંચી લેવા.

" लवणस्स णं समुद्दस्स " ઇત્યાદિ—

લવણ સમુદ્રના ચાર દ્વાર છે—(૧) વિજય, (૨) વૈજયન્ત, (૩) જયન્ત અને (૪) અપરાજિત. દ્વાર વિષેનું બાકીનું સમસ્ત કથન જંબૂદ્વીપના દ્વારોના કથન અનુસાર સમજવું. ॥ સૂ. ૬૫ ॥

દ્વીપ પ્રકરણના સંબંધને અનુલક્ષીને હવે સૂત્રકાર ધાતકીખંડ દ્વીપના વલયપ્રમાણ આદિનું નિરૂપણ કરે છે. " धायइसंडे दीवे चत्तारि " ઇત્યાદિ—

## ધાતકીખંડ દ્વીપકે વલયપ્રમાણ આદિકા નિરૂપણ

ધાતકીખંડ દ્વીપનો ચક્રવાલ વિષ્કંભ ( પરિધ–પરિમિત ) ચાર લાખ યોજનનો કહ્યો છે. તે જંબૂદ્વીપથી બહારના પ્રદેશમાં આવેલો છે. એટલે કે સૌથી પહેલો જંબૂદ્વીપ છે. તેની ચારે તરફ વીંટળાઈને રહેલો લવણ સમુદ્ર છે. જંબૂદ્વીપ કરતાં લવણ સમુદ્રનો વિસ્તાર બમણો છે, અને લવણસમુદ્ર કરતાં ધાતકીખંડદ્વીપનો વિસ્તાર બમણો છે. તેની ચારે બાજુ પણ સમુદ્ર આવેલો છે. ત્યારબાદ પુષ્કરવરદ્વીપ આવે છે. જંબૂદ્વીપમાં ભરત, ઐરવત આદિ ક્ષેત્ર એક એક છે, પણ ધાતકી ખંડમાં ભરત, ઐરવત આદિ ક્ષેત્રો બબ્બે છે. એ જ પ્રમાણે પુષ્કરાર્ધમાં પણ ભરત આદિ ક્ષેત્રો બબ્બે છે. બીજા સ્થાનકના ત્રીજા ઉદ્દેશામાં ભરત, ઐરવત આદિ ક્ષેત્રોનું મન્દર ચૂલિકા પર્યન્તનું જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ કથન ચતુઃસ્થાન રૂપે અહીં પણ થવું જોઈએ. એ જ વાત " जाव चत्तारि मंदरा ઇત્યાદિ સૂત્રપાઠ દ્વારા વ્યક્ત થઈ છે. આ સૂત્ર સુગમ હોવાથી વિશેષાર્થ આપ્યો નથી. સૂ ૬૬ ॥

## નન્દીશ્વરદ્વીપ કા વર્ણન

આ રીતે મનુષ્ય ક્ષેત્રગત વસ્તુઓમાં ચતુઃસ્થાનકતાનું કથન કરીને હવે સૂત્રકાર ક્ષેત્રસાધર્મ્યની અપેક્ષાએ આઠમાં નંદીશ્વર દ્વીપની વસ્તુઓનું ચતુઃસ્થાનકતાની અપેક્ષાએ નિરૂપણ કરે છે—

" णंदीसरवरस्स णं दीवस्स चक्कवालविक्खंभस्स " ઇત્યાદિ—

ચક્રવાલ વિષ્કંભવાળા નંદીશ્વર દ્વીપમાં ચાર દિશામાં ચાર અંજનગિરિ આવેલા છે. તેમનાં નામ આ પ્રમાણે છે—પૂર્વનો અંજનક પર્વત, દક્ષિણનો અંજનક પર્વત, પશ્ચિમનો અંજનક પર્વત અને ઉત્તરનો અંજનક પર્વત. તે પ્રત્યેકની ઊંચાઈ ૮૪–૮૪ હજાર યોજનની છે અને તેમનો ઉદ્વેધ (ઉંડાઈ) એક હજાર યોજનનો છે. મૂળ ભાગમાં તેમનો વિસ્તાર દસ હજાર યોજનનો છે, અને જેમ ઊંચે જઈએ તેમ તે વિસ્તાર ઘટતો ઘટતો એક હજાર યોજન થઇ જાય છે.

દ્વીપ સમુદ્રોનો ક્રમઃ " जंबुद्दीवे लवणे " ઇત્યાદિ—બધાં દ્વીપ સમુદ્રોની વચ્ચે જંબૂદ્રીપ આવેલો છે. તે લવણસમુદ્રથી વીંટળાયેલો છે. । ૧ । ત્યાર બાદ ધાતકીખંડ દ્વીપ છે. તે કાલોદ સમુદ્રથી ઘેરાયેલો છે. ।૨। ત્યારબાદ પુષ્કરદ્વીપ છે, તે પુષ્કર સમુદ્રથી ઘેરાયેલો છે. । ૩ । ત્યારબાદ વરુણદ્વીપ અને વરુણ

સમુદ્ર છે. । ૪ । ત્યારબાદ ક્ષીર દ્વીપ અને ક્ષીર સમુદ્ર છે. । ૫ । ત્યારબાદ ઘૃતદ્વીપ અને ઘૃતસમુદ્ર । ૬ । ક્ષોદ દ્વીપ અને ઈક્ષુ સમુદ્ર । ૭ । નંદીશ્વર દ્વીપ અને નંદીશ્વર સમુદ્ર । ૮ । અરુણવર દ્વીપ અને અરુણવર સમુદ્ર । ૯ । કુંડલ દ્વીપ અને કુંડલ સમુદ્ર । ૧૦ । રુચક દ્વીપ અને રુચક સમુદ્ર છે ।૧૧। ઈત્યાદિ રૂપે દ્વીપ અને દ્વીપને વીંટળાયેલા સમુદ્ર છે, છેવટે સ્વયંભૂરમણ દ્વીપ અને સ્વયંભૂરમણ સમુદ્ર છે.

સૂત્રકારે અહીં ગાથામાં લવણ સમુદ્ર અને કાલોદ સમુદ્ર આ બે સમુદ્રોનાં નામ જ પ્રકટ કર્યાં છે તેનું કારણ એ છે કે અઢી દ્વીપમાં એ બે જ સમુદ્ર છે. મધ્ય જંબૂદ્વીપથી નન્દીશ્વર દ્વીપ આઠમો દ્વીપ છે. તેને જે “ વર ” વિશેષણ લગાડયું છે તેનું કારણ એ છે કે અન્ય દ્વીપો કરતાં આ દ્વીપ ઘણોજ રમણીય છે, ઉત્સવાદિ કારણોને લીધે ત્યાં દેવોનું આગમન થતું રહે છે. તેનો ચક્રવાલ વિષ્કંભ ( પરિધ ) ૧૬૩૮૪૦૦૦૦ ( એક અબજ, તેસઠ કરોડ અને ૮૪ લાખ ) યોજનનો છે. કહ્યું પણ છે કે “ तेसट्ठं कोडिसयं ” ઈત્યાદિ.

તે નન્દીશ્વર દ્વીપના બરાબર મધ્ય ભાગમાં, ચારે દિશાઓમાં એક એક અંજનક પર્વત છે. તે ચારે અંજનક પર્વતો આંજણ ( અંજન ) ના જેવાં કાળા વર્ણના હોવાથી તેમને અંજનક પર્વતો કહે છે. તે પ્રત્યેક અંજનક પર્વતની ૮૪ હજાર યોજનની ઊંચાઈ છે. તે પ્રત્યેકનો ઉદ્વેધ ( જમીનની અંદરનો વિસ્તાર ) એક હજાર યોજનનો છે અને મૂળ ભાગનો વિસ્તાર દસ હજાર યોજનનો અને ટોચનો વિસ્તાર એક હજાર યોજનનો છે તે પ્રત્યેક અંજનક પર્વતના મૂળ ભાગનો પરિધ ૩૧૬૨૩ યોજન પ્રમાણ અને ઉપરના ભાગનો પરિધ ૩૧૬૬ યોજન પ્રમાણ કહ્યો છે. આ રીતે આ પર્વતો મૂળ ભાગમાં વિસ્તીર્ણ, મધ્ય ભાગે સંક્ષિપ્ત અને ટોચ પાસે તનુક ( અતિ સંક્ષિપ્ત ) છે. તે કારણે તેઓનો આકાર ગાયના પૂંછડા જેવો લાગે છે. જેમ ગાયનું પૂંછડું મૂળ ભાગમાં જાડું, છેડે પાતળું અને મધ્યમાં સમવર્તુળ સંક્ષિપ્ત હોય છે, એવો જ આ પર્વતોનો આકાર સમજવો.

એ જ વાત સૂત્રકારે “ गोपुच्छाऽऽकारबद्धाऽवस्थिताः ” આ સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરી છે. આ ચારે પર્વતો કૃષ્ણરત્ન (કાલાર છે) વિશેષ સમાન અંજનમય છે. કહ્યું પણ છે કે—“ भिंगंगरुइलकज्जल ઇત્યાદિ. તે પર્વતોનો વર્ણ ભૃગાંગ સમાન ( ભમરાઓનાં અંગો સમાન ) રુચિર, કાજળ સમાન, અને અંજનપુંજ ધાતુ સમાન શ્યામ હોવા છતાં પણ તેઓ રમણીય લાગે છે. તેઓ ઊંચાઈની અપેક્ષાએ ગગનચુમ્બી લાગે છે, “ अच्छाः ” આકાશ સમાન સ્વચ્છ

" श्लक्ष्णाः " घुटित वस्त्र समान पालीसदार अने चळकतां छे, कठणमां कठण शाण ( सराण ) वडे घसेली शीला समान छे, " मृष्टाः " कोमल सराणथी परिशोधित ( संमार्जित ) शिलासमान छे. अथवा सावरणी वडे वाळीझूडीने साफ करेली जग्या जेवा निर्मळ छे, " नीरजसः " धूळथी रहित छे, कठोर मळ रहित वस्त्र समान स्वच्छ छे, अने आर्द्र मळनो अभाव होवाथी कादव रहित छे–अथवा कलंक रहित छे, " निष्कङ्कटच्छायाः " आवरण रहित शोभावाळां छे, " सप्रभाः " देवोने आनंदजनक प्रभासंपन्न छे. अथवा तेओ स्वप्रकाशित छे, परप्रकाशित नथी. " समरीचिकाः " तेओ किरणोथी युक्त छे, " सोद्द्योताः " अने ते कारणे अन्यने प्रकाशित करनारा छे, " प्रासादीयाः " दर्शनीय छे, दर्शकोना चित्तमां प्रमोदजनक छे, " अभिरूवा " मनोज्ञ आकृतिवाळा छे, " प्रतिरूवाः " अपूर्व चमत्कारी अने स्वाभाविक रमणीय–अनुपम रूपसंपन्न छे, " तेसिणं " आ विशेषणोवाळा ते अंजनक पर्वतो उपर बहुसमरमणीय भूमिभागो आवेला छे. ते भागो खाडा टेकराथी रहित अने अतिशय सुंदर होवाथी तेमने " बहुसमरमणीय " कह्या छे. ते बहु समरमणीयभूमिभागोना मध्य भागमां चार सिद्धायतन ( देव विशेषोनां स्थान ) आवेलां छे. हेमकोशमां " सिद्ध " शब्दने देवविशेषनो वाचक कह्यो छे. जेमके..." सिद्धो व्यासादिके देव–योनौ निष्पन्नमुक्तयोः । नित्ये प्रसिद्धे०— अथवा —" सिद्धानि नित्यानि च–शाश्वतानि, तान्यायतनानि " आ विग्रह अनुसार तो नित्य–आयतनने ज सिद्धायतन कहेवामां आवेल छे. ते सिद्धायतननी लंबाई १०० योजननी, पहोळाई ५० योजननी अने ऊंचाई ७२ योजननी कही छे. ते सिद्धायतनोनी चारे दिशाओमां चार चार द्वार छे. ते द्वारोनां नाम आ प्रमाणे छे—(१) देवद्वार, (२) असुरद्वार, (३) नागद्वार अने सुपर्णद्वार. आ चारे नामो सार्थक छे. प्रथम द्वारमां देवो, बीजामां असुरो, त्रीजामां नागकुमारो अने चोथामां सुपर्णकुमारो रहे छे ते द्वारोनी सामे आगळना भागमां चार मुखमंडप छे, ते मंडपोनी आगळ चार प्रेक्षागृह मंडप छे. तेमां बेसीने देवो त्यांनी वस्तुओने निहाळे छे. ते प्रेक्षागृहोना बहुमध्यप्रदेश भागमां चार मणिपीठिकाओ छे, तेमना उपर चार सिंहासन छे, तेमना उपर चार विजयदूष्य ( आच्छादित वस्त्र ) छे. तेमना बहु मध्यदेश भागमां चार अंकुश लटकाववाने माटे वज्रमय खीलीओ छे, तेमां कुंभिक मोतीओनी चार माळाओ लटके छे. कुंभिक मोतीओनो एक

પ્રકાર પરિણામ વિશેષરૂપ હોય છે. તે પરિણામ વિશેષવાળી જે મુક્તાઓ હોય છે તેમને કુંભિક મુક્તાઓ કહે છે. તે પ્રત્યેક કુંભિક મુક્તાદામ ચારે દિશાઓમાં બીજા ચાર ચાર કુંભિક મુક્તાદામોથી સુંદર રીતે પરિવેષ્ટિત છે. તે પ્રેક્ષાગૃહ મંડપોની આગળ ચાર મણિમય વેદિકાઓ છે. તેમના ઉપર ચાર ચાર ચૈત્યસ્તૂપ છે, તે પ્રત્યેક ચૈત્યસ્તૂપની ચારે દિશામાં ચાર ચાર મણિપીઠિકાઓ છે, તે મણિપીઠિકાઓ ઉપર ચાર જિનપ્રતિમાઓ (વિજયશીલ દેવોની પ્રતિમાઓ) છે. અહીં "જિન" પદ દ્વારા "जिनो जित्वरे त्रिषु" મેદિનીકોષ અનુસાર વિજયશીલ દેવ ગૃહીત થયેલ છે–જિનેન્દ્ર દેવ ગૃહીત થયા નથી. એટલે કે વિજયશીલ દેવોની તે પ્રતિમાઓ છે. તે જિનપ્રતિમાઓ સંપૂર્ણતઃ રત્નમય છે, પદ્માસન યુક્ત છે અને તેમનાં મુખ ચૈત્યસ્તૂપ તરફ છે. તે પ્રતિમાઓનાં નામ (૧) ઋષભ, (૨) વર્ધમાન, (૩) ચન્દ્રાનન અને (૪) વારિષેણ છે. તે ચૈત્યસ્તૂપો પાસે ચાર મણિપીઠીકાઓ છે અને તે મણિપીઠિકાઓ ઉપર ચાર ચૈત્યવૃક્ષ છે તેમની આગળ ચાર મણિપીઠિકાઓ છે, તેમની ઉપર ચાર મહેન્દ્રધ્વજ છે. તેમની આગળ ચાર નન્દા નામની પુષ્કરણીઓ (વાવ) છે. તે પ્રત્યેક પુષ્કરણીની ચારે દિશામા ચાર વનખંડ છે. પૂર્વ દિશામાં અશોકવન, દક્ષિણમાં સપ્તપર્ણવન, (સપ્તપર્ણ વૃક્ષને સાત પાન હોય છે), પશ્ચિમમાં ચંપકવન અને ઉત્તરમાં આમ્રવન છે. ॥ સૂ. ૬૭ ॥

## અંજનક પર્વતકા વર્ણન

અંજન પર્વતોનું વર્ણન—

"तत्थणं जे से पुरत्थिमिल्ले" ઇત્યાદિ—

ટીકાર્થ–આ ચાર અંજન પર્વતોમાંનો જે પૂર્વ દિશામાં આવેલો અંજન પર્વત છે તેનું વિશેષ વર્ણન—તેની ચારે દિશાઓમાં (૧) નન્દોત્તરા, (૨) નન્દા, (૩) આનન્દા અને (૪) નન્દિવર્ધના નામની ચાર નન્દા પુષ્કરિણીઓ છે. તેમની લંબાઈ એક લાખ યોજન, પહોળાઈ એક પચાસ હજાર યોજન અને ઊંડાઇ એક હજાર યોજન કહી છે. પ્રત્યેક પુષ્કરિણીની ચારે દિશાઓમાં ત્રણ

ત્રણ સોપાન પંક્તિઓ છે. આ સોપાનોની મદદથી દેવગણ ત્યાં અવર જવર કરે છે. તે સોપાનોને 'પ્રતિરૂપક' વિશેષણ યોજવાનું કારણ એ છે કે તેઓ ચમત્કારી શિલ્પકલાથી યુક્ત હોવાને લીધે અદ્વિતીય છે. આ ત્રણ સોપાન પ્રતિરૂપકોની સામે પૂર્વાદિ દિશામાં ચાર તોરણ છે અને પ્રત્યેકની ચારે દિશામાં એક એક વનખંડ છે. તેમનાં નામ આ પ્રમાણે છે—(૧) અશોકવન (૨) સપ્તપર્ણવન, (૩) ચંપકવન અને (૪) આમ્રવન. એ જ વાત "पुव्वेण असोगवणं" ઇત્યાદિ ગાથા દ્વારા પ્રકટ કરવામાં આવી છે.

તે પુષ્કરિણીઓના બહુ મધ્યદેશ ભાગમાં ચાર દધિમુખ પર્વત છે. તેમનાં શિખરો દહીં સમાન શ્વેત છે, તેથી તેમને દધિમુખ કહ્યાં છે. તેઓ રત્નમય છે. કહ્યું પણ છે કે–"संखदगविमलनिम्मल" ઇત્યાદિ. શંખ અને પાણી જેવા નિર્મલ તે દધિમુખ પર્વતોની ઊંચાઇ ૬૦ હજાર યોજનની, ઉદ્વેધ (ઊંડાઇ) એક હજાર યોજનની, ૧૦ હજાર યોજનનો વિષ્કંભ, એક સરખી પહોળાઇ અને પલ્યંકના જેવો આકાર છે તેમની પરિધિ ૩૧૬૨૩ યોજનની છે. તે પર્વતો સમસ્ત રૂપે રત્નમય છે, અચ્છ, શ્લક્ષ્ણ, ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિષ્પંક, નિષ્કંકટચ્છાય, સપ્રભ, સમરીચિક, સોદ્યોત, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ છે. આ પદોનો અર્થ ૬૫ માં સૂત્રમાં આપ્યો છે. દધિમુખ પર્વતોપર બહુસમ રમણીય ભાગ છે. બાકીનું કથન અંજન પર્વતોના સિદ્ધાયતનોથી લઇને આમ્રવન પર્યન્તના કથન પ્રમાણે સમજવું. ॥ સૂ. ૬૮ ॥

ટીકાર્થ–"तत्थणं जे से पच्चत्थिमिल्ले अंजणपव्वए" ઇત્યાદિ—

નન્દીશ્વર દ્વીપના બહુમધ્યદેશ ભાગમાં પશ્ચિમ દિશા તરફ જે અંજન પર્વત છે તેની ચારે દિશાઓમાં નન્દિષેણા, અમોઘા, ગોસ્તૂપા અને સુદર્શના નામની ચાર નન્દા પુષ્કરિણીઓ (વાવ) છે. "सेसं तं चेव" બાકીનું સમસ્ત કથન ઉપર મુજબ સમજવું એટલે કે દધિમુખ પર્વતોનું કથન અને સિદ્ધાયતનથી લઇને આમ્રવન પર્યન્તનું સમસ્ત કથન અહીં પણ ગ્રહણ કરવું જોઇએ. ॥સૂ. ૬૯॥

"तत्थ णं जे से उत्तरिल्ले अंजणगपव्वए" ઇત્યાદિ—

ટીકાર્થ–નન્દીશ્વર દ્વીપના બહુમધ્યદેશ ભાગની ઉત્તરે જે અંજન પર્વત છે તેની ચારે દિશાઓમાં વિજયા, વૈજયન્તી, જયન્તી અને અપરાજિતા નામની ચાર પુષ્કરિણીઓ (વાવડીઓ) છે. તેમનો આયામ (લંબાઇ) એક લાખ યોજનનો છે, ઇત્યાદિ પૂર્વોક્ત કથન, દધિમુખ પર્વતોનું કથન અને સિદ્ધાયતનોથી લઇને વનખંડ પર્યન્તનું કથન અહીં પણ પૂર્વોક્ત કથન અનુસાર સમજી લેવું.

" णंदीसरवरस्स णं दीवस्स चक्कवालविक्खंभस्स " ઈત્યાદિ—

ટીકાર્થ—ચક્રવાલ વિષ્કંભવાળા વલયાકારના નન્દીશ્વર દ્વીપના બહુમધ્યદેશ ભાગમાં ચાર રતિકર પર્વતો કહ્યા છે, તે પર્વતો દેવોના ક્રીડાસ્થાન છે. ઇશાન, અગ્નિ, નૈઋત્ય અને વાયવ્ય કોણમાં એક એક રતિકર પર્વત છે, તે પર્વતો એક હજાર યોજન ઊંચા છે, તેમનો ઉદ્વેધ પણ એક હજાર યોજન છે. તેઓ ઝાલરના જેવા આકારનાં છે, ઝાલર એક વાદ્યવિશેષ છે. તેમનો વિષ્કંભ ૧૦ હજાર યોજનનો અને પરિધિ ૩૧૬૨૩ યોજનની છે. તેઓ સ્વચ્છ આકાશ અને સ્ફટિકમણિ સમાન નિર્મળ છે, તેઓ શ્લક્ષ્ણ, ઘૃષ્ટ, મૃષ્ટ ઇત્યાદિ પ્રતિરૂપ પર્યન્તનાં વિશેષણોથી યુક્ત છે. ૬૫ માં સૂત્રોમાં તે વિશેષણો અર્થસહિત આપવામાં આવ્યાં છે.

ઇશાન કોણમાં જે રતિકર પર્વત આવેલો છે તેની ચારે દિશાઓમાં દેવેન્દ્ર દેવરાજ ઇશાનની કૃષ્ણાદિક ચાર અગ્રમહિષીઓની ચાર રાજધાનીઓ આવેલી છે, તેઓ જંબૂદ્વીપની બરાબર છે તે રાજધાનીઓનાં નામ આ પ્રમાણે છે– નન્દોત્તરા, નન્દા, ઉત્તરકુરુ અને દેવકુરુ. ચાર અગ્રમહિષીઓનાં નામ આ પ્રમાણે છે—કૃષ્ણા, કૃષ્ણરાત્રિ, રામા અને રામરક્ષિતા. અગ્નિકોણમાં જે રતિકર પર્વત છે, તેની ચારે દિશાઓમાં દેવેન્દ્ર દેવરાજ શક્રની પદ્મા, શિવા, સતી અને અંજૂ નામની અગ્રમહિષીઓની ચાર રાજધાનીઓ આવેલી છે. તે રાજધાનીઓ જંબૂદ્વીપ પ્રમાણે છે અને તેમનાં નામ શ્રમણા, સૌમનસા, અર્ચિમાલિની અને મનોરમા છે. નૈઋત્ય કોણમાં જે રતિકર પર્વત છે, તેની ચારે દિશાઓમાં દેવેન્દ્ર દેવરાજ શક્રની અમલા, અપ્સરા, અપ્સરોનામિકા નામની અગ્રમહિષીઓની ચાર રાજધાનીઓ આવેલી છે. તે રાજધાનીઓ જંબૂદ્વીપ જેટલાં જ પ્રમાણુવાળી છે. તેમનાં નામ આ પ્રમાણે છે–ભૂતા, ભૂતાવતંસા, ગોસ્તૂપા અને સુદર્શના છે. વાયવ્ય કોણમાં જે રતિકર પર્વત છે, તેની ચારે દિશાઓમાં દેવેન્દ્ર દેવરાજ ઈશાનની વસુ, વસુગુપ્તા, વસુમિત્રા અને વસુંધરા નામની ચાર અગ્રમહિષીઓની ચાર રાજધાનીઓ આવેલી છે તેમનાં નામ આ પ્રમાણે છે—રત્ના, રત્નોચ્ચયા, સર્વરત્ના અને રત્નસંચયા. તે રાજધાનીઓ પણ જંબૂદ્વીપ જેટલા જ વિસ્તારવાળી છે. ॥ સૂ. ૭૧ ॥

આ સમસ્ત કથન જિનોક્ત હોવાથી સત્ય છે. આ સંબંધને અનુલક્ષીને હવે સૂત્રકાર સત્યનું નિરૂપણ કરે છે—" चउव्विहे सच्चे पण्णत्ते " ઇત્યાદિ—

ટીકાર્થ–સત્ય ચાર પ્રકારનું કહ્યું છે—(૧) નામ સત્ય, (૨) સ્થાપના સત્ય, (૩) દ્રવ્ય સત્ય, અને (૪) ભાવ સત્ય. આ પદોની વ્યાખ્યા સુગમ છે. છતાં તેનું સ્વરૂપ સમજવા માટે અનુયોગદ્વારની અનુયોગચન્દ્રિકા ટીકા વાંચી લેવી. ॥ સૂ. ૭૨ ॥

સત્ય ચારિત્ર વિશેષરૂપ હોય છે તેથી હવે સૂત્રકાર આ ઉદ્દેશકની સમાપ્તિ થાય ત્યાં સુધીનાં સૂત્રોમાં ચારિત્ર વિશેષોનું નિરૂપણ કરે છે—

" आजीवियाणं चउव्विहे तवे पण्णत्ते " ઇત્યાદિ—

સૂત્રાર્થ–આજીવિકોના ચાર પ્રકારનાં તપ અહીં પ્રકટ કરવામાં આવે છે—(૧) ઉગ્ર તપ, (૨) ઘોર તપ, (૩) રસનિર્યૂહણુતા અને (૪) જિહ્વેન્દ્રિય પ્રતિસંલીનતા.

ટીકાર્થ-ગોશાલકના અનુયાયીઓને આજીવિકો કહે છે. તેઓ ઉગ્રતપ આદિ ચાર પ્રકારની તપસ્યાઓમાં માને છે. તે પ્રત્યેકનું સ્વરૂપ હવે સ્પષ્ટ કરવામાં આવે છે—અઠમ આદિ તપસ્યાને ઉગ્રતપ અથવા ઉત્કૃષ્ટ તપ કહે છે જેમાં આત્મા (જીવ) ની અપેક્ષા રાખ્યા વિના શરીર જાય તો ભલે જાય પણ કાર્ય સિદ્ધ કરીશ આ પ્રકારનો ઘોર સંકલ્પ હોય છે, તે તપને ઘોરતપ કહે છે જે તપમાં ઘી આદિ રસનો પરિત્યાગ કરવામાં આવે છે, તે તપને રસનિર્યૂહણુતા કહે છે. જે તપમાં રસનેન્દ્રિય ( સ્વાદ ) પર કાબૂ રાખવામાં આવે છે, તે તપને " રસનેન્દ્રિય પ્રતિસંલીનતા તપ " કહે છે. તેમાં તપસ્વી મનોજ્ઞ અને અમનોજ્ઞ વિષયક રાગદ્વેષનો ત્યાગ કરી નાખે છે. આજીવિકો આ ચાર તપને જ માને છે, પરન્તુ જૈન સિદ્ધાન્તમાં તો ૧૨ તપ કહ્યાં છે. ॥ સૂ. ૭૩ ॥

## સંયમકે સ્વરૂપકા નિરૂપણ

"ચઉવ્વિહે સંજમે પણ્ણત્તે" ઈત્યાદિ—

સૂત્રાર્થ—સંયમના ચાર પ્રકાર છે—(૧) મનઃસંયમ, (૨) વાક્સંયમ, (૩) કાય સંયમ અને (૪) ઉપકરણ સંયમ.

ટીકાર્થ—સાવદ્ય વ્યાપાર (પ્રવૃત્તિ) થી વિરતિનું નામ જ સંયમ છે. અશુભ ભાવોના ચિન્તનથી મનને દૂર રાખવું અને ધર્મધ્યાન આદિમાં તેને લીન કરવું તેનું નામ મનઃસંયમ છે. સાવદ્ય વ્યાપારમાંથી વચનને દૂર રાખીને શુભ વ્યાપારમાં પ્રવૃત્ત કરવા તેનું નામ વાક્સંયમ છે. અતિચાર આદિ સાવદ્ય વ્યાપારથી શરીરને દૂર રાખવું અને નિરતિચાર વ્યાપારમાં પ્રવૃત્ત કરવું તેનું નામ કાયસંયમ છે. બહુમૂલ્ય વસ્ત્રાદિકને ધારણ કરવાનો પરિત્યાગ કરવો તેનું નામ ઉપકરણ સંયમ છે. ॥ સૂ. ૭૪ ॥

## અકિંચનકે સ્વરૂપકા નિરૂપણ

ત્યાગનિરૂપણ—

"ચઉવ્વિહે ચિયાએ પણ્ણત્તે" ઈત્યાદિ—

સૂત્રાર્થ—ત્યાગના ચાર પ્રકાર છે—(૧) મનસ્ત્યાગ, (૨) વચનત્યાગ, (૩) કાયત્યાગ અને ૪ ઉપકરણ ત્યાગ.

ટીકાર્થ— સામ્ભોગિક સાધુઓને વસ્ત્રાદિક દેવા તેનું નામ ત્યાગ છે. ત્યાગ શબ્દથી અહીં દાનનું ગ્રહણ થયું છે. સાંભોગિક સાધુઓને મનથી વસ્ત્રાદિક અર્પણ કરવા તેનું નામ મનસ્ત્યાગ છે. એ જ પ્રમાણે વાક્ત્યાગ આદિ વિષે પણ સમજવું જોઈએ. ॥ સૂ. ૭૫ ॥

---

"ચઉવ્વિહા અકિંચણયા પણ્ણત્તા" ઈત્યાદિ—

સૂત્રાર્થ—અકિંચનતાના ચાર પ્રકાર છે—(૧) મનઃ અકિંચનતા, (૨) વાગકિંચનતા (૩) કાયાકિંચનતા અને (૪) ઉપકરણાકિંચનતા.

ટીકાર્થ—ધર્મોપકરણ સિવાયની બીજી કોઈ પણ વસ્તુઓ જેમની પાસે નથી તેઓ અકિંચન છે—નિષ્પરિગ્રહી છે. અકિંચનપણાને જ અકિંચનતા કહે છે. મનની અપેક્ષાએ જ અકિંચનતા છે તેને મનઃ અકિંચનતા કહે છે. એ જ પ્રમાણે વાગાદિની અકિંચનતા વિષે પણ સમજવું. ॥ સૂ. ૭૬ ॥

શ્રી જૈનાચાર્ય જૈનધર્મ દિવાકર પૂજ્ય શ્રી ઘાસીલાલજી મહારાજ કૃત
"સ્થાનાંગસૂત્ર" ની સુધાટીકાના ચોથા
સ્થાનનો બીજો ઉદ્દેશક સમાપ્ત